BAOU
Education
for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ (BLIS)

(BLIS-110)

# સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ અને પદ્ધતિઓ



## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

# સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ અને પધ્ધતિઓ

## (Public Library Services & Methods)

## <u>પ્રસ્તાવના :</u>

સાર્વજનિક ગ્રંથાલય એ એક એવી સંસ્થા છે કે લોકો માટે, લોકો દ્વારા અને લોકો વડે ચાલતી સંસ્થા છે. જેના દ્વારા સમાજના દરેક વર્ગને ઉંમર, જાતિ, લિંગ, રંગ અને માન્યતાઓના ભેદભાવ વગર આવકારે છે. જે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વિદ્યાર્થીઓના વ્યવસાયિક જીવનમાં હાર્દરૂપ અભ્યાસક્રમ તરીકે મહત્વનો છે. જ્યાં શિક્ષણ, સંસ્કૃતિ અને માહિતીનો સુભગ સમન્વય થાય છે. જે સમાજને આજીવન સ્વયં શિક્ષિત થવા માટેની તકો પૂરી પાડે છે. સાર્વજનિક ગ્રંથાલય એ દેશના ઉત્થાન માટે સાંસ્કૃતિક વારસાની સાચવણી અને જનસમુદાયને રુચિ મુજબ તે વારસાને પહોંચાડવાનું એક અગત્યનું સ્થાન છે. જેમાં રાષ્ટ્ર કલ્યાણની ભાવના રહેલી છે. આ અભ્યાસથી સાર્વજનિક ગ્રંથાલયની માહિતી મેળવવા ઈચ્છતા અથવા રસ ધરાવતા વ્યક્તિને સાર્વજનિક ગ્રંથાલયનો ખ્યાલ મેળવી, સાર્વજનિક ગ્રંથાલય પધ્ધતિ અને સેવાઓથી પરિચિત થઇ જરૂરી માહિતી મેળવવા સક્ષમ બનશે. અંતરિયાળ વિસ્તારમાં વસતા લોકોને સાર્વજનિક ગ્રંથાલયની સેવાઓથી પરિચિત થશે. રાજયભરમાં અને સવિશેષ ગ્રામ્ય વિસ્તારમાં સાર્વજનિક ગ્રંથાલય સુવ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવી શકશે. BLIS માં BLIS-110 Elective paper નું શિર્ષક સાર્વજનિક ગ્રંથાલય છે. જે વૈકલ્પિક અભ્યાસક્રમ પૈકીનો એક છે.

વિષયવસ્તુ ચાર વિભાગોમાં ફેલાયેલ છે. જે 18 એકમોને આવરી લે છે.

વિભાગ-1 માં “સાર્વજનિક ગ્રંથાલય: ઉદ્દભવ અને વિકાસ” જેમાં પ્રાચીન સમયથી શરુ કરીને અત્યાર સુધીનો તેનો વિકાસ દર્શાવ્યો છે. તેમજ સાર્વજનિક ગ્રંથાલયના પ્રકારો, વિભાવના અને સાર્વજનિક ગ્રંથાલયમાં સામાજિક ભૂમિકા અને ગ્રંથાલય અધિનિયમને વિસ્તારથી રજૂ કરેલ છે.

વિભાગ-2 માં “સાર્વજનિક ગ્રંથાલય પધ્ધતિ અને માનવ સંસાધન”. જેમાં સાર્વજનિક વ્યવસ્થાપન, નાણાંકીય વ્યવસ્થાપન, સાર્વજનિક ગ્રંથાલયના સંશાધનો તેમજ વિકાસ યોજનાઓનો ખ્યાલ રજૂ કરેલ છે.

વિભાગ-3 “સાર્વજનિક ગ્રંથાલયની પદ્ધતિઓનું વ્યવસ્થાપન અને સેવાઓ” વિભાગમાં સાર્વજનિક ગ્રંથાલયમાં અપાતી વિવિધ સેવાઓ, સાર્વજનિક ગ્રંથાલય જ્ઞાન કેન્દ્ર તરીકે તેમજ સાર્વજનિક ગ્રંથાલયની સ્થિતિ – વિવિધ દેશોમાં વિસ્તારપૂર્વક વિષયવસ્તુ પૂરી પાડી છે.

વિભાગ-4 “સાર્વજનિક ગ્રંથાલય નેટવર્ક અને ઓટોમેશન” – શિર્ષક હેઠળ સાર્વજનિક ગ્રંથાલય સેવામાં માહિતી ટેકનોલોજીનો ઉપયોગ, જાહેર ગ્રંથાલયોનું નેટવર્કિંગ અને વિવિધ સંસ્થાઓનું પ્રદાન સમજૂતી આપેલ છે.

**<u>નિદર્શન :</u>**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**<u>સંપાદન :</u>**

| | |
|---|---|
| ડૉ. પ્રિયાંકી વ્યાસ | પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| ડૉ. નિશા જોષી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| ડૉ. ચેતના શાહ | પૂર્વ ગ્રંથપાલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**<u>વિષય સમિતિ:</u>**

**(2020-2022)**

| | |
|---|---|
| ડૉ. પ્રિયાંકી વ્યાસ | પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. પ્રયત્કર કાનડીયા | પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ. |
| ડૉ. અતુલ ભટ્ટ | એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**(2017-2019)**

| | |
|---|---|
| ડૉ. વૈશાલી ભાવસાર | ગ્રંથપાલ, આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ. |
| ડૉ. વૈદેહી પંડ્યા | ગ્રંથપાલ, હિંમતનગર લો કૉલેજ, હિંમતનગર. |
| ડૉ. યોગેશ પારેખ | ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**<u>લેખન:</u>**

| | |
|---|---|
| શ્રી છગન ભૈયા | પૂર્વ ગ્રંથપાલ ,એમ.જે.લાયબ્રેરી અમદાવાદ . |
| ડૉ. પ્રિયાંકી વ્યાસ | પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. મયંક ત્રિવેદી | **ગ્રંથપાલ,હંસા મહેતા ગ્રંથાલય,એમ.એસ.યુનિવર્સિટી,વડોદરા.** |
| ડૉ.ચેતના શાહ | પૂર્વ ગ્રંથપાલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.વૈશાલી ભાવસાર | **ગ્રંથપાલ,આણંદ એજ્યુકેશન કોલેજ,આણંદ** |
| ડૉ.વૈદેહી પંડ્યા | **ગ્રંથપાલ, હિંમતનગર લો કોલેજ, હિમતનગર** |
| ડૉ. **નિશા જોષી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **રોહિત પરમાર** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| શ્રીમતી લતા પંડ્યા | **ઈ/ચા.આસિ.ગ્રંથપાલ,એમ.જે.લાયબ્રેરી,અમદાવાદ.** |
| શિવમ મોરડિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**<u>વિષય પરામર્શન:</u>**

| | |
|---|---|
| ડૉ. પ્રિયાંકી વ્યાસ | પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| ડૉ.મયંક ત્રિવેદી | **ગ્રંથપાલ,એમ.એસ.યુનિવર્સિટી,વડોદરા.** |
| શ્રી છગન ભૈયા | પૂર્વ ગ્રંથપાલ, એમ.જે.લાયબ્રેરી, અમદાવાદ . |
| ડૉ.ચેતના શાહ | **પૂર્વ ગ્રંથપાલ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.** |
| શ્રીમતી લતા પંડ્યા | **ઈ/ચા.આસિ.ગ્રંથપાલ,એમ.જે.લાયબ્રેરી,અમદાવાદ.** |
| ડૉ.વૈદેહી પંડ્યા | **ગ્રંથપાલ, હિંમતનગર લો કોલેજ,હિંમતનગર** |

**<u>ભાષા પરામર્શન:</u>**

| | |
|---|---|
| પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા |
| ડૉ. દીપક ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી ભાષા અને સાહિત્ય કેન્દ્ર, ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગર. |

**પ્રકાશક**: કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ISBN :** 978-93-5598-589-7

**પ્રકાશિત વર્ષ : 2023**

## <u>સર્વાધિકાર સુરક્ષિત</u>

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# BLIS -110

# સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ અને પધ્ધતિઓ

## (Public Library Services & Methods)

## ગ્રંથાલય એક સામાજિક સંસ્થા (Library as a Social Institute)

---

**એકમ-1: ગ્રંથાલયના સામાજિક અને ઐતિહાસિક પાયાઓ સાર્વજનિક ગ્રંથાલય**

---

**એકમ-2:** સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ (વ્યાખ્યા, વિભાવના, પ્રકાર)

---

**એકમ-3: સાર્વજનિક ગ્રંથાલયની સામાજિક ભૂમિકા**

---

**એકમ-4 : ગ્રંથાલય અધિનિયમ**

---

**એકમ-5: ગ્રંથાલય વ્યવસ્થાપન**

---

**એકમ-6: નાણાંકીય વ્યવસ્થાપન**

---

**એકમ-7: સાર્વજનિક ગ્રંથાલયના સંસાધનો : ભૌતિક અને પ્રલેખીય**

---

**એકમ-8: સાર્વજનિક વિકાસ યોજનાઓ અને સંશાધન**

---

**એકમ-9:** સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ

---

**એકમ-10: સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના કેન્દ્રબિંદુ (જ્ઞાનકેન્દ્રો)**

---

**એકમ-11: સાર્વજનિક ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી**

---

**એકમ-12: તુલનાત્મક સાર્વજનિક ગ્રંથાલય**

---

**એકમ-13: સાર્વજનિક ગ્રંથાલયની સ્થિતિ : ભારત,UK, USA અને કેનેડાના પરિપ્રેક્ષ્યમાં**

---

**એકમ-14:** સાર્વજનિક ગ્રંથાલય સેવામાં માહિતી ટેકનોલોજીનો ઉપયોગ

---

**એકમ-15: ભારતમાં જાહેર ગ્રંથાલયોનું નેટવર્કિંગ**

---

**એકમ-16: સાર્વજનિક ગ્રંથાલયનું ગુજરાતમાં યોગદાન**

---

**એકમ-17: સંસ્થાનું પ્રદાન**

---

# યુનિટ-1 સાર્વજનિક ગ્રંથાલય

:: રૂપરેખા ::

1.0 પ્રાસ્તાવિક
1.1 ગ્રંથાલયની પરિભાષા
1.2 ગ્રંથાલય: પ્રાચીન અને અર્વાચીન સંદર્ભ
1.3 ગ્રંથાલયનાં પ્રકાર
1.4 સાર્વજનિક ગ્રંથાલય
1.4.1 પરિભાષા
1.4.2 ઉદ્દેશ્ય
1.4.3 કાર્ય
1.4.4 ગ્રંથાલયવિજ્ઞાનના પાંચ સૂત્રો અને સાર્વજનિક ગ્રંથાલય
1.4.5 ઉદ્ભવ અને વિકાસ
1.4.6 ગ્રંથાલય અને સમાજ
1.5 તમારી પ્રગતિ ચકાસો
1.6 તમારી પ્રગતિ ચકાસો (ઉત્તર સહિત )
1.7 સારાંશ (Summary)
1.8 બહુ વિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)
1.9 ચાવીરૂપ શબ્દો
1.10 સંદર્ભ અને વિશેષ વાંચન

## 1.0 પ્રાસ્તાવિક

કેળવણીના આધારસ્તંભો તે શાળા અને ગ્રંથાલય છે. શાળામાં શિક્ષણનો પ્રારંભ થાય છે, તો ગ્રંથાલય મેળવેલા શિક્ષણનું સંમાર્જન કરે છે. એક અક્ષરજ્ઞાન બક્ષે છે, જયારે બીજું અક્ષરજ્ઞાન પામેલાને વિદ્વતા બક્ષવાનું પરમ કર્તવ્ય બજાવે છે. પણ આ વાત થઇ ઔપચારિક શિક્ષણની.

ગ્રંથાલય તે ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ બંને પ્રકાર માટે પ્રેરણા સ્ત્રોત છે. પોષક ઘટક છે. ગ્રંથાલય પદ સામાન્ય દ્રષ્ટિએ

જોતા માત્ર ચાર અક્ષરોથી બનેલો છે. પરંતુ તેનો અર્થવિસ્તાર, ભાવવિસ્તાર અને સેવાવિસ્તાર અત્યંત વ્યાપક છે. આખું જ્ઞાનવિશ્વ તેમાં સમાયું છે, સમગ્ર વાચકવિશ્વ તેના પાલવે જ્ઞાનતૃષા સંતોષે છે. માનવ મસ્તિષ્કમાં ઉદ્દભવતા કોઇપણ પ્રશ્નનું સમાધાન કરાવતું તે કલ્પવૃક્ષ છે. માનવ સમાજના ઉત્કર્ષનું ભૂત, વર્તમાન અને ભવિષ્યનું તે સાક્ષી અને પથદર્શક છે.

ગ્રંથાલય એ સમાસિત પદ છે. જે ગ્રંથ + આલય પદોના સંયોજનથી બનેલો છે. 'ગ્રંથ' શબ્દનો ઉદભવ અને મૂળ સંસ્કૃતમાં જોવા મળે છે. 'ગ્રંથ' શબ્દ મૂળ 'ગ્રંથિ' શબ્દ પરથી બન્યો છે. 'ગ્રંથિ' નો અર્થ થાય છે 'ગાંઠ કે દોરીથી બંધાયેલ વસ્તુ કે કાગળ.' અર્થાત્ દોરી વડે બંધાયેલ કાગળોનો જથ્થો.' 'આલય' નો અર્થ થાય છે ઘર, જગા કે સ્થાન . અર્થાત્ ગ્રંથાલય એટલે ગ્રંથો જ્યાં મુકવામાં આવ્યા હોય તે સ્થાન. વળી, 'આ + લય' પદમાં 'ઉપયોગ' નો ભાવાર્થ પણ અભિપ્રેત છે. આમ,સમગ્ર રીતે જોતાં ગ્રંથાલયની સામાન્ય સમજ એ રીતે આપી શકાય કે, 'ઉપયોગ માટે ગ્રંથોનો જે સ્થાને સંગ્રહ કરવામાં આવ્યો હોય તે સ્થાન'.

ભાવાત્મક દ્રષ્ટીએ ગ્રંથાલય પદની સંધિ ગ્રંથ + આ + લય રીતે પણ છુટી પાડી શકાય. જેનો ભાવાર્થ છે, 'ગ્રંથોમાં લય બની જવાય તે સ્થાન.' ભારતીય ગ્રંથાલયશાસ્ત્રી ડૉ.રંગનાથને ગ્રંથાલયને ત્રિમૂર્તિ સ્વરૂપ કહ્યું છે. વાચક, વાચનસામગ્રી અને ગ્રંથપાલ. જ્યાં આ ત્રણેનું સુપેરે મિલન સર્જાય તે સ્થાન.

સમયના વહેણની સાથે 'ગ્રંથ' શબ્દનો અર્થ પણ અત્યંત વ્યાપક સ્વરૂપ ધારણ કરતો રહ્યો છે.જ્ઞાનપ્રાપ્તિના કોઇપણ માધ્યમોનો હવે ગ્રંથ શબ્દમાં સમાવેશ કરવામાં આવે છે.ગ્રંથ પદમાં ગ્રંથ સહિત અગ્રંથ(Non-book) સામગ્રીનો પણ સમાસ થાય છે. ગ્રંથમાં મુદ્રિત માધ્યમો જેવાં કે પુસ્તક,પુસ્તિકા,સામયિક વગેરેનો સમાવેશ થાય છે.જયારે અગ્રંથ સામગ્રીમાં હસ્તપ્રત , સંગીત, સાઉન્ડરેકોર્ડિંગ, ચલચિત્ર, વિડીયોરેકોર્ડિંગ , ગ્રાફિક મટીરીયલ્સ , મશીન રીડેબલ ફાઈલ ,કમ્પ્યુટર ફાઈલ , માઈક્રોફોર્મસ વગેરેનો સમાવેશ થાય છે.

## 1.1 ગ્રંથાલયની પરિભાષા

'ગ્રંથાલય' પદનો અંગ્રેજી પર્યાય છે. 'Library'. Library પદ ફ્રેંચ ભાષાના 'Librairie' અને લેટીન ભાષાના 'Liber' પદ પરથી ઉતરી આવેલ છે. જેનો સામાન્ય અર્થ થાય છે, 'કોઈ ચોક્કસ સમાજ માટે સંદર્ભ કે વિધિવત રીતે બહાર લઇ જવાની સુવિધા ધરાવતા ગ્રંથો કે માહિતીસ્રોતોનો વ્યવસ્થિત સંગ્રહ.

ધ લાઇબ્રેરીય- સ ગ્લોસરી અનુસાર ગ્રંથાલયની પરિભાષાની સમજ આ મુજબ આપવામાં આવી છે.

- એવું ભવન કે ખંડ કે ખંડો જ્યાં ગ્રંથ અને અગ્રંથ સામગ્રી કે તે પૈકીની કોઈ એક જ પ્રકારની સામગ્રી વિવેકપુર:સર પસંદ કરીને મુક્વામાં આવી હોય.,
- તેનું વ્યવસ્થાપન વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવ્યું હોય જેથી તેની પુનઃ પ્રાપ્તિ સહજ રીતે અને ત્વરિત થઇ શકે.,
- તેના ઉપયોગકર્તાઓ તેનો સરળતાથી તેમજ સુવિધાજનક રીતે ઉપયોગ કરી શકે તેવી આંતરિક અને બાહ્ય ભૌતિક સુવિધા હોય .,
- ઉપયોગકર્તાઓ ઈચ્છે તો ત્યાંજ બેસીને તે વાચનસામગ્રીનો અધ્યયન કે સલાહમસલત માટે ઉપયોગ કરી શકે કે વિધિવત રીતે તેને બહાર લઇ જઈ શકે તેવી વ્યવસ્થા હોય, તેમજ
- તેની યોગ્ય જાળવણી અને સાચવણી માટે પુરતું ધ્યાન આપવામાં આવતું હોય.

## 1.2 ગ્રંથાલય: પ્રાચીન અને અર્વાચીન સંદર્ભ

19મી સદી સુધી ગ્રંથાલય ત્રિમૂર્તિની એક મૂર્તિ. ઉપયોગકર્તા પરત્વે ઝાઝું ધ્યાન આપવામાં આવ્યું ન હતું. ઉપયોગના બદલે તેની જાળવણી અને સાચવણીને વિશેષ મહત્ત્વ આપવામાં આવતું હતું. વળી, તેનો સંગ્રહ પણ માત્ર હસ્તલિખિત કે મુદ્રિત સામગ્રી પુરતો મર્યાદિત હતો. ઉપયોગના બદલે ગ્રંથોની સંખ્યાને આધારે તેનું મૂલ્ય આંકવામાં આવતું હતું.

21મી સદીની પૂર્વસંધ્યાથી ગ્રંથાલયની પરિભાષામાં ક્રમશઃ પરિવર્તન આવતું રહ્યું. તેના સંગ્રહમાં ગ્રંથની સાથે અગ્રંથ સામગ્રીનું પણ ઉમેરણ થવા લાગ્યું. વિજાણું ટેકનોલોજીનાં વિકાસ સાથે વિજાણું માધ્યમો, વિશેષ કરીને કમ્પ્યુટર ટેકનોલોજી આવતાં ગ્રંથાલયો માહિતી

વિસ્તરણ અને વિતરણ ક્ષેત્રે વધુ સક્ષમ બન્યા. આજે ઈ.વાચનસામગ્રી(e-Reading material) ગ્રંથાલયોની એક અનિવાર્ય લાક્ષણિકતા બનતી જાય છે. જે કોઇપણ ગ્રંથાલયને વૈશ્વિક ગ્રંથાલયનો દરજ્જો આપે છે.

અર્વાચીનયુગ લોકશાહી શાસક પ્રથાનો છે. પ્રજા જેટલી કેળવાયેલી અને જેટલી સંસ્કારી તેટલું તેનું લોક્સાશન ઉચ્ચતમ કક્ષાનું હોય છે. લોકશાહી જીવનપધ્ધતિની સાથે નિરક્ષરતા અને અજ્ઞાનતા સુસંગત નથી,તેવું વિશ્વની અનેક ઘટનાઓએ સ્પષ્ટ કરી આપ્યું છે. કોઇપણ રાષ્ટ્રનો વિકાસ અને આબાદી તેના નાગરિકોની સામાજિક ,રાજકીય અને સાંસ્કૃતિક ફરજો પ્રત્યેની સભાનતા, પ્રમાણિકતા અને સ્વાર્પણની અનેરી ભાવના પર આધારીત છે. પ્રજાની પ્રગતિ અને આબાદી તેના ઉપર્યુક્ત સંસ્કારોથી મપાય છે. એ સંસ્કારોનું પ્રતિબિંબ પ્રજાના સાહિત્ય  વાઙ્મયમાં ઝિલાય છે. એ પ્રતિબિંબને પુસ્તકો સંગ્રહે છે. એવા પુસ્તકોનો સંગ્રહ આપણા સંસ્કારનો સંગ્રહ બની જાય છે. ગ્રંથાલય એટલે પ્રજાસંસ્કારનો ભંડાર. વિશ્વ સમગ્રમાં શાંતિ ,આબાદી અને વિકાસ બક્ષવાની અજોડ શક્તિ એટલેજ ગ્રંથાલય. આજે ગ્રંથાલયની ઓળખ શક્તિ પ્રતિષ્ઠાન અને માહિતી કેન્દ્ર(Knowledge centre) તરીકે પ્રસ્થાપિત થઇ છે.

## 1.3 ગ્રંથાલયનાં પ્રકાર

ગ્રંથવિશ્વની વિવિધતા અને વિશેષતાઓ વાચક વિશ્વ અને તેની અભિરુચિઓ તથા ગ્રંથાલયસેવાની સઘનતા તેમજ ગ્રંથાલયસેવા વિસ્તારના સંદર્ભમાં ગ્રંથાલય વિશ્વમાં વિવિધ ગ્રંથાલયોની ઓળખ ભિન્ન ભિન્ન પ્રકારે કરવામાં આવે છે. જેમ કે: સાર્વજનિક ગ્રંથાલય, શૈક્ષણિક ગ્રંથાલય, વિશિષ્ટ ગ્રંથાલય અને સંશોધન ગ્રંથાલય. અલબત્ત, તમામ પ્રકારના ગ્રંથાલયોનું મૂળ સાર્વજનિક ગ્રંથાલયમાં જોવા મળે છે.

## 1.4 સાર્વજનિક ગ્રંથાલય

સાર્વજનિકનો અર્થ થાય છે સૌના માટેનું. સૌ એટલે સમાજની વ્યક્તિમાત્ર. સાર્વજનિક ગ્રંથાલયનો સામાન્ય અર્થ થાય છે સમાજના બધા જ સ્તર અને કક્ષાના લોકો માટેનું ગ્રંથાલય. અર્વાચીન યુગના પ્રારંભ સુધી સામાજિક કલ્યાણનો વિચાર સમાજના અમુક વર્ગ પૂરતો મર્યાદિત હતો. અર્થાત્ સમાજના ગણ્યા ગાંઠ્યા લોકો જ નાગરિક તરીકે

ઓળખાતા હતા. આ અર્થમાં જે તે સમયે કેટલાંક ગ્રંથાલયો સાર્વજનિક ગ્રંથાલયો તરીકે ઓળખાતા. વળી, કેટલાંક ગ્રંથાલયો તેનાં ઉપયોગકર્તા પાસેથી લવાજમ પણ વસુલ કરતા હતા. જે સાર્વજનિક ગ્રંથાલયોના પૂર્વજન્મ સમાન હતા. આજે સાર્વજનિક ગ્રંથાલયો વાસ્તવમાં સાર્વજનિક બન્યાં છે. સૌ લોકોના બન્યાં છે. બધાજ નાગરિકો માટેના બન્યાં છે.

**1.4.1 પરિભાષા**

જુદાં જુદાં ગ્રંથાલયશાસ્ત્રીઓ અને ભિન્ન ભિન્ન સંસ્થાઓએ સાર્વજનિક ગ્રંથાલયને પરિભાષિત કરવાનો પ્રયત્ન કર્યો છે. જે પૈકીની કેટલીક પરિભાષા આ મુજબ છે.

<u>વિલિયમ ઈવાર્ટ(Willim Ewart)</u> નાં મતાનુસાર , 'સાર્વજનિક ગ્રંથાલય એટલે એ ગ્રંથાલય જે લોકો ધ્વારા સમર્પિત , લોકોના મનોરંજન માટે, નિશ્ચિત નિયમ ધ્વારા સ્થાપિત, લોકોના નાણા દ્વારા સંચાલિત હોય.'

<u>બી. એસ. રસેલ(B.S.Russel)</u> અનુસાર, 'સાર્વજનિક ગ્રંથાલય વાસ્તવમાં લોકો માટે અને લોકો દ્વારા સંચાલિત સંસ્થા છે.'

<u>મેક્કોલ્વિન(R.L.Maccolvin)</u> મુજબ, 'સાર્વજનિક ગ્રંથાલય એ ગ્રંથાલય છે જેના દ્વારા ગ્રંથાલય વિસ્તારમાં રહેતી તમામ વ્યક્તિઓને નિ : શુલ્ક સેવા ઉપલબ્ધ કરાવતું હોય તથા જેની પાસે વ્યક્તિઓ અને જનસમુદાયના વિભિન્ન અને વ્યાપક હિતોને પરિપૂર્ણ કરવા માટે વિપુલ અને વૈવિધ્યભર્યો ગ્રંથસંગ્રહ હોય, જેને તે પ્રત્યેક વ્યક્તિને ધાર્મિક , રાજનૈતિક અને અન્ય ભેદભાવ વગર નિ :શુલ્ક ઉપલબ્ધ કરાવતું હોય.'

<u>એ. એલ. એ. ગ્લોસરી</u> અનુસાર, ' એ ગ્રંથાલય જે એક સમુદાય, જિલ્લા ,નગર કે ગામના સમસ્ત રહેવાસીઓની નિ :શુલ્ક સેવા કરે અને જે સાર્વજનિક ધન દ્વારા પૂર્ણત: કે આંશિક આર્થિક સહાય પ્રાપ્ત કરે છે તે સાર્વજનિક ગ્રંથાલય છે.

ભારત સરકાર દ્વારા નિયુક્ત ગ્રંથાલય સલાહકાર સમિતિ (1959) તેના અહેવાલમાં સાર્વજનિક ગ્રંથાલયની સમજ આ મુજબ આપી છે.

1. જેની સંપૂર્ણત: કે મોટાભાગની નાણાંકીય જવાબદારી લોકોની હોય.,
2. તેના ઉપયોગ માટે ઉપયોગકર્તાઓ પાસેથી કોઇપણ પ્રકારની ફી કે લવાજમ લેવામાં આવતું ન હોય.,
3. જાતિ,ધર્મ કે લિંગના ભેદભાવરહિત સમાજની કોઇપણ વ્યક્તિ માટે તેના દ્વાર ખુલ્લા હોય.,

4. તે કેળવણીનું પુરક અંગ બની,સ્વશિક્ષણ માટેના માધ્યમના આદર્શોને વરેલું હોય , તેમજ
5. વાચકોની વાચનભૂખને સંતોષવા તેમજ તેમને માહિતી અને સત્યોથી વાકેફ રાખવા કોઇપણ જાતના ભેદભાવ અને પૂર્વગ્રહરહિત વિસ્તૃત અને સર્વવિષયક વાચનસામગ્રી ધરાવતું હોય.

યુનેસ્કો(UNESCO) એ સાર્વજનિક ગ્રંથાલયની એક સર્વસ્વીકૃત પરિભાષા આપી છે. આ પરિભાષા 1949 માં આપવામાં આવી હતી. જે 1972 અને 1994 માં સંશોધિત કરવામાં આવી હતી. આ પરિભાષા ‘ યુનેસ્કો સાર્વજનિક ગ્રંથાલય ઢંઢેરો (UNESCO Public Library Menifesto) તરીકે ઓળખાય છે.

- સાર્વજનિક ગ્રંથાલય જ્ઞાન વિશ્વનું સ્થાનિક પ્રવેશદ્વાર છે. અને આજીવન જ્ઞાનપ્રાપ્તિ માટે, સ્વતંત્ર નિર્ણયશક્તિનાં વિકાસ માટે તેમજ સાંસ્કૃતિક વિકાસ માટે વ્યક્તિઓને તથા સામાજિક સમુદાયોને અનુકુળ વાતાવરણ પૂરૂં પડે છે.,
- તે શિક્ષણ, સાંસ્કૃતિક અને માહિતી માટે જીવંત પ્રોત્સાહન બળ છે., અને મહિલા – પુરુષોના માનસમાં શાંતિ અને અધ્યાત્મિક કલ્યાણની ભાવનાનો વિકાસ કરે છે.
- તે માહિતીનું સ્થાનિક કેન્દ્ર છે,જે તેના ઉપભોક્તાઓ માટે તમામ પ્રકારના જ્ઞાન અને માહિતીને ત્વરિત રીતે તથા વગર અવરોધે ઉપલબ્ધ બનાવે છે.,
- તે વય, જાતિ,લિંગ, સંબંધ ,રાષ્ટ્રીયતા, ભાષા કે સામાજિક મોભાના કોઇપણ ભેદભાવ વગર બધાને માટે સમાન અભિગમ્ય છે,તથા
- છેવટે તે એવા ગ્રંથાલયો છે કે જેમના પ્રલેખ સંગ્રહમાં સમાજની સામાયિક પ્રવૃત્તિઓ તથા તેના વિકાસને લગતી સામગ્રીની સાથે માનવજાતિના પ્રયત્નો ,ઉદ્યમો તથા કલ્પનાશક્તિઓનું સ્મરણ કરાવનારી સામગ્રીને પણ સંચયિત કરે છે .

આમ, સાર્વજનિક ગ્રંથાલય એટલે સમાજને વિનામૂલ્યે તટસ્થ ભાવે માહિતી , મનોરંજન અને પ્રેરણા પૂરી પાડવા માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા કે સરકાર દ્વારા પ્રસ્થાપિત ગ્રંથાલય કે જેનો સમગ્ર કે મોટાભાગનો ખર્ચ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા કે સરકારના શિરે હોય , તેનો વિસ્તારમાં રહેતા સૌ કોઈ માટે તેના દ્વાર ખુલ્લાં હોય, તેનો

ગ્રંથસંગ્રહ વ્યક્તિ અને સમાજને અનુલક્ષીને હોય તેમજ તે ધર્મ , રાજનીતિ અને વૈયક્તિક વલણોથી પર હોય.

લોકશાહીના સંદર્ભમાં એમ કહી સ્કાય કે ' સાર્વજનિક ગ્રંથાલય તે લોકોનું લોકો વડે અને લોકો માટેનું ગ્રંથાલય' છે. સુનાગરિકત્વ ભાવનાના પાઠો શીખવાડતી લોકશાહીની તે પ્રયોગશાળા છે. શિક્ષણ પૂરું કરનારાઓ માટે તે આજીવન સથવારો છે. માટે જ તે 'જનસમુદાયનું વિશ્વવિદ્યાલય' છે. જ્યાં પ્રવેશ માટે કોઈ બંધનો નથી. કોઈ મર્યાદા નથી.

સંક્ષેપમાં એમ કહી શકાય કે: સાર્વજનિક ગ્રંથાલય તે:

1. નિઃશુલ્ક સેવા આપતું ગ્રંથાલય છે.,
2. તેની નાણાંકીય વ્યવસ્થા સાર્વજનિક ભંડોળ દ્વારા કરવામાં આવે છે.
3. તે સહાયકારી શિક્ષણ સંસ્થા છે,તેમજ
4. તે વિધિવત આદેશિત સંસ્થા છે.

**1.4.2 ઉદ્દેશ**

સાર્વજનિક ગ્રંથાલયનો સીધો સંબંધ સમાજ સાથે છે. લોકો સાથે છે. માટે તેના ઉદ્દેશ્યો સમાજને કેન્દ્રમાં રાખીને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. અનેક વિદ્વાનો તેમજ વિદ્વત સંસ્થાઓએ તેના ઉદ્દેશ્યો સ્પષ્ટ કર્યા છે. કેટલાંક મત આ મુજબ છે.

રોબટેસ(Roberts) દ્વારા સાર્વજનિક ગ્રંથાલયનાં ઉદ્દેશ્યો આ મુજબ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

1. પ્રબુદ્ધ નાગરિકો તથા જનજીવનની ઉન્નતિ હેતુ વાચનસામગ્રીનો સંગ્રહ કરવો, સંચાલન કરવું, સંરક્ષણ કરવું તેમજ આવશ્યક સહાયતા પૂરી પાડવી .,
2. જનસમુદાયની સેવા કરવી., અને
3. બાળકો ,યુવાઓ અને પ્રૌઢોમાં સ્વશિક્ષણની ભાવના જાગૃત કરવી અને પોષવી .

અમેરીકન લાઇબ્રેરી એસોસીએશન અનુસાર ,

1. સમાજની વ્યક્તિમાત્રને સ્વશિક્ષણમાં સહાયક બનવું .,
2. ઔપચારિક કેળવણીમાં સહાયક થવું.,
3. બહુશ્રુત માંગને સંતોષવી .,
4. શૈક્ષણિક ,સાંસ્કૃતિક અને નાગરિક પ્રવૃત્તિમાં સહાયક બનવું ., અને

5. નવરાસની પળોમાં સમાજને મનોરંજક અને પ્રેરણાત્મક સાહિત્ય પીરસવું .

ડૉ. એસ. આર. રંગનાથન સાર્વજનિક ગ્રંથાલયનાં ઉદ્દેશ્યો સ્પષ્ટ કરતા જણાવે છે કે :

1. સમાજની વ્યક્તિમાત્રને જીવનપર્યંત સ્વશિક્ષણ માટે સહાયક બનવું.,
2. સમાજની વ્યક્તિમાત્રને બધા જ વિષયોની માહિતી અને સત્યોથી વાકેફ રાખવા.,
3. સમાજની વ્યક્તિમાત્રને તટસ્થ અને સમતોલ વાચન આહાર પૂરો પાડવો .,
4. સ્થાનિક ,રાષ્ટ્રીય અને વિશ્વકક્ષાએ વ્યક્તિ કેળવાય તેવી સેવા પૂરી પાડવી .,
5. રાષ્ટ્રની આબાદી અને ઉત્થાન માટે દેશના સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવી .,
6. આયોજકો , સંશોધનકારો અને વૈજ્ઞાનિકોને સુસંગત માહિતી પૂરી પાડવી .રાષ્ટ્રીય વિકાસમાં સહાયકી થવું અને
7. સમાજની વ્યક્તિમાત્રનાં નવરાસના સમયને રચનાત્મક પ્રવૃત્તિ તરફ વાળવો.

'સાર્વજનિક ગ્રંથાલય ઢંઢેરો'માં યુનેસ્કોએ પ્રથમવાર સાર્વજનિક ગ્રંથાલયનાં ઉદ્દેશ્યો સ્પષ્ટ કર્યા છે.

1. પુસ્તકો, પુસ્તિકાઓ, સમાચારપત્રો, સામયિકો, નકશા અને નકશાપોથીઓ,સંગીત ,ફોનોરેકોર્ડસ,વગેરે વાચનસામગ્રીનો માંગ અનુસાર સંગ્રહ કરવો તથા તેના ઉપયોગની સુવિધા પ્રદાન કરવી.
2. જ્ઞાનના પ્રત્યેક ક્ષેત્રમાં થનાર આવિષ્કાર ,અન્વેષણ ,શોધ તથા વિકાસ સંબંધિત તમામ ઉપયોગી અને અદ્યતન માહિતીનું સંકલન કરવું તેમજ સમાજના ભાવિ ઉત્કર્ષ માટે તે ઉપલબ્ધ બનાવવું .,
3. બાળક, યુવા, પ્રૌઢ, સ્ત્રી –પુરુષ બધાને નિરંતર અને સ્વશિક્ષણ પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરવા તેમજ તે માટે સુવિધા પ્રદાન કરવી .
4. વૈયક્તિક માહિતી, મનોરંજન અને પ્રેરણા માટે નવરાસના સમયનો સદ્‌ઉપયોગ કરવાનો અવસર પ્રદાન કરવો.,
5. જ્ઞાનના વિકાસ અને શોધકાર્યમાં વ્યસ્ત વાચકોને સતત સેવા તથા સહયોગ આપવો.,

6. વ્યક્તિમાત્રને પોતાના દૈનિક કાર્યમાં અધિકતમ દક્ષતા અને નિપુણતાનું પ્રમાણ આપવું.,
7. સર્જનાત્મક શક્તિના વિકાસમાં મદદ કરી શકાય તથા દેશવાસીઓના મનમાં પોતાની સભ્યતા, સંસ્કૃતિ, કલા અને સાહિત્ય પ્રતિ પ્રેમ ઉત્પન્ન કરવો.,
8. પોતાના રાષ્ટ્ર તથા વિશ્વ માટે સુયોગ્ય નાગરિક બનાવવા વ્યક્તિમાત્રને વ્યક્તિગત સેવા આપવી અને
9. પ્રત્યેક સાર્વજનિક સમસ્યા પ્રતિ વિચારવિમર્શ તથા ક્રિયાશીલ આલોચનાત્મક દ્રષ્ટિકોણ અપનાવવા માટે યોગ્ય વાતાવરણનું નિર્માણ કરવું.

વળી, ડૉ. રંગનાથન પુનઃ સાર્વજનિક ગ્રંથાલયના ઉદ્દેશ્યોને વધુ સ્પષ્ટ કરતાં જણાવે છે કે સાર્વજનિક ગ્રંથાલય તે પાવરહાઉસ – વીજળીઘર છે. તેનો મુખ્ય સામાજિક ઉદ્દેશ્ય સમાજના વ્યક્તિમાત્રને જે તે માહિતીસ્ત્રોતો દ્વારા જીવનભર સ્વશિક્ષણની સુવિધા પુરી પાડવાનો છે. આ પ્રમાણે સાર્વજનિક ગ્રંથાલય તે વીજળીઘર છે જે માહિતીસ્ત્રોતોમાં સંગ્રહિત વિચારોને વ્યક્તિમાત્રમાં સંચારિત કરવાનું કાર્ય કરે છે.

**1.4.3 કાર્ય**

સાર્વજનિક ગ્રંથાલય તે સામાજિક સંસ્થા છે. તેનું કાર્ય જનતા કે સમુદાયના પ્રત્યેક જાતિ, વર્ગ, સ્તર અને ભાષાથી સંબંધિત સદસ્યો સાથેનું છે. પરિણામે તેના કાર્યો અધિક વ્યાપક પ્રકૃતિનાં રહ્યાં છે.

ડૉ. રંગનાથને સાર્વજનિક ગ્રંથાલય કાર્યોની પ્રકૃતિને અભિવ્યક્ત કરતાં જણાવ્યું છે કે, 'સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો શૈક્ષણિક, રાજનૈતિક, આર્થિક, પ્રૌદ્યોગિક, સાંસ્કૃતિક, રચનાત્મક તથા પુરાવિદ છે.'

વાસ્તવમાં સાર્વજનિક ગ્રંથાલય પોતાના શૈક્ષણિક કાર્યો દ્વારા લોકોની શૈક્ષણિક અભિરુચિ વિકસાવે છે, તેમની બૌદ્ધિક જિજ્ઞાસાની તુષ્ટિ પોતાના માહિતીક કાર્યો દ્વારા કરે છે. રાજનૈતિક કાર્યો દ્વારા તે સ્વસ્થ અને તટસ્થ જનમતનું નિર્માણ કરે છે. આર્થિક કાર્યોની અંતર્ગત તે લોકોને વિકસિત ટેક્નોલોજી તથા નવા ઉત્પાદનની નવી રીતોની જાણકારી આપે છે. આમ, તે અનેક કાર્યો દ્વારા લોકોને પોતાની અને વિશ્વની સંસ્કૃતિ, સંસ્કાર, કલા અને સાહિત્યથી પરિચિત કરાવે છે. માટે જ યુનેસ્કોએ કહ્યું છે કે, 'સાર્વજનિક ગ્રંથાલય લોકશિક્ષા માટેની જાગૃત શક્તિ છે. આજે નિર્વિવાદ સ્વરૂપે એ માની લેવામાં આવ્યું છે કે

સાર્વજનિક ગ્રંથાલય લોકશિક્ષણ અને લોકચેતનાના પ્રસાર અને પ્રચાર માટેનું પ્રમુખ અને ક્રિયાશીલ માધ્યમ છે. આજે તે માત્ર ગ્રંથ લેવડ-દેવડનું કાર્ય કરતું નથી. પરંતુ લોકોની અધિકાધિક જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉત્કૃષ્ટ અભિલાષાને પણ જાગૃત કરે છે.

અમેરિકન લાયબ્રેરી એસોસિએસન અનુસાર સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો આ મુજબ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

1. સમાજની તમામ વ્યક્તિઓને અનૌપચારિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવી.,
2. બધી જ વ્યક્તિઓની માહિતી સંબંધી આવશ્યકતાઓ જાણવી તથા તેની પૂર્તિ કરવી.,
3. વિભિન્ન સંગઠનો અને સમુહોને તેમની શૈક્ષણિક, સામાજિક તેમ જ સાંસ્કૃતિક ગતિવિધિઓના સંચાલનમાં સહાય પુરી પાડવી અને
4. સમાજની બધી વ્યક્તિઓને પોતાના સમયનો અધિકતમ રચનાત્મક અને સર્જનાત્મક કાર્યમાં વ્યતિત કરવા પ્રોત્સાહિત કરવા.

સાર્વજનિક ગ્રંથાલય સમિતિ (USA) અનુસાર:

1. સુનાગરિક્ત્વની કેળવણી તેમ જ અંગત જીવનના ઉત્કર્ષ માટે તમામ માહિતીસ્ત્રોતો એકઠા કરવા.,
2. સમાજને માહિતી અને સત્યોથી વાકેફ કરવા અને
3. સમાજના તમામ વર્ગ અને સ્તરના લોકોને સ્વશિક્ષણની સુવિધા પૂરી પાડવી.

યુનેસ્કો સાર્વજનિક ખતપત્રમાં સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો આ મુજબ સ્પષ્ટ કરવામાં આવ્યા છે.

1. બાળકો તેમજ યુવાવાચકોને પોતાના જ્ઞાનને સમયાનુસાર અદ્યતન બનાવી રાખવા તથા નવીનતમ જ્ઞાનની પ્રાપ્તિ માટેની સુવિધા પૂરી પાડવી.,
2. વિજ્ઞાન તથા કલાના ક્ષેત્રમાં વાચકોના જ્ઞાનને અદ્યતન બનાવી રાખવાની સુવિધા ઉપલબ્ધ બનાવવી.,
3. વાચકોમાં સજીવ પ્રદર્શન દ્વારા જ્ઞાન તથા સંસ્કૃતિનું મૂલ્યાંકન તથા તેના પરિવર્તનોને જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરવી. આ વિધિ દ્વારા પોતાના વિચારોમાં રચનાત્મક, આલોચનાત્મક, પ્રસંશાત્મક ક્ષમતા ઉપલબ્ધ કરવાની સુવિધા ઉપલબ્ધ બનાવવી અને
4. માહિતી અને વિચારોનું પ્રત્યાયન કરવું.

ડૉ. રંગનાથનના મત અનુસાર સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો

1. શૈક્ષણિક 2. માહિતી 3. રાજનૈતિક 4. આર્થિક

5. પ્રાદ્યોગિક 6. સાંસ્કૃતિક અને 7. પુરાવિદ છે.

સંક્ષેપમાં સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો આ મુજબ ગણાવી શકાય:

1. યોગ્ય વાચકને, યોગ્ય માહિતી, યોગ્ય સમયમાં ઉપલબ્ધ બનાવવા માહિતી-વાંચનસામગ્રીનો સંગ્રહ કરવો તેમજ તેની સહજ, સરળ અને ત્વરિત પુનઃપ્રાપ્તિ અર્થે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી તેમજ આવનારા સમાજ માટે તેની સાચવણી કરવી.,
2. લોકશિક્ષણના માધ્યમ તરીકે તથા લોકવિશ્વવિદ્યાલય સ્વરૂપે કાર્ય કરવું.,
3. સામુદાયિક જ્ઞાનકેન્દ્રના સ્વરૂપમાં કાર્ય કરવું.,
4. રાષ્ટ્રીય એકતા તથા સાંસ્કૃતિક, રચનાત્મક અને સર્જનાત્મક ગતિવિધિઓ-પ્રવૃતિઓનું સંચાલન કરવું તેમજ સહાયતા પ્રદાન કરવી.,
5. શિક્ષણ અને સંસોધનમાં સહાયતા પૂરી પાડવી.,
6. લોકશાહી સમાજ રચનાને સતત જીવંત અને કાર્યશીલ બનાવી રાખવા સ્વસ્થ લોકમત અને લોકોને જાગૃત રાખવા પ્રેરક બનવું અને
7. ગ્રંથાલયસેવાની ઉપલબ્ધિ સહજ બનાવવા માટેના વિવિધ વ્યવસ્થાકીય કાર્યો કરવા.

### 1.4.4 ગ્રંથાલયવિજ્ઞાનના પાંચ સૂત્રો અને સાર્વજનિક ગ્રંથાલય

ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિના પિતામહ અને વૈશ્વિક ગ્રંથાલયવિજ્ઞાન અને ગ્રંથાલયસેવા ક્ષેત્રે યુગપ્રવર્તક બની રહેલ ડૉ. એસ. આર. રંગનાથન દ્વારા 1931માં ‘ગ્રંથાલયવિજ્ઞાનના પાંચ સૂત્ર’ (The Five Laws of Library Science)નામક પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું.

આ પંચસુત્રોના પ્રાગટ્ય સાથે જ વૈશ્વિક ગ્રંથાલયવિજ્ઞાન અને ગ્રંથાલયસેવા ક્ષેત્રે આમૂલ ક્રાંતિના પગરણ મંડાયા. ધ્રુવતારક સમા આ પંચસુત્રો થકી માત્ર ગ્રંથાલયવિજ્ઞાનની વિધિવિદ્યાઓ જ નહીં પરંતુ ગ્રંથાલયસેવા પણ નવીન દ્રષ્ટિકોણ, નવીન દ્રષ્ટિ અને નવીન આકાર પામ્યાં. આ પંચસૂત્રો થકી ગ્રંથાલયવિજ્ઞાનની સૂક્ષ્મતમ સૂક્ષ્મ વિધિવિદ્યાઓ અને સેવાઓને માર્ગદર્શન મળ્યું, મળે છે અને મળતું

રહેશે. માત્ર એટલું જ નહીં તેને મૂલવવા માટેના, માર્ગદર્શન માટેના સિદ્ધાંતો પણ મળ્યાં.

ગ્રંથાલયવિજ્ઞાનના પંચસૂત્રો આ મુજબ છે

1. ગ્રંથો / માહિતી ઉપયોગ માટે છે.
2. દરેક વાચકને તેનો ગ્રંથ / તેની માહિતી મળે.
3. દરેક ગ્રંથને / માહિતીને તેનો વાચક મળે.
4. વાચકનો સમય બચાવો.
5. ગ્રંથાલયએ ચીરવર્ધમાન અવયવી છે.

સાર્વજનિક ગ્રંથાલયના સંદર્ભે પાંચ સૂત્રોનું વિષ્લેષણ આ મુજબ છે.

**પ્રથમ સૂત્ર: ગ્રંથો / માહિતી ઉપયોગ માટે છે.**

વાચક્તે સરળ ભાસતાં આ સૂત્રનો ગર્ભિતાર્થ એ છે કે ગ્રંથાલયની સ્થાપના સાથે જ ગ્રંથોનો વધુમાં વધુ ઉપયોગ થાય, ગ્રંથોના ઉપયોગમાં કોઈપણ પ્રકારના અવરોધ ઉભા ન થાય તે માટે કેટલાક સૂચન કરે છે. આ સૂચનો છે:

1. ગ્રંથાલયનું સ્થળ અને ભવન

ગ્રંથાલયનો ઉપયોગ કરવાને ઈચ્છુક વ્યક્તિ ઓછામાં ઓછા સમયમાં અને સુગમતાપૂર્વક ગ્રંથાલયમાં આવી શકે તેવે સ્થળે તે હોવું જોઈએ. સાથે જ ગ્રંથાલય ભવન આવકારશીલ, આકર્ષક અને અધ્યયનપ્રિય હોવું જોઈએ.

2. ગ્રંથાલય ખુલ્લું રાખવાનો સમય

વાચકને વાંચનની ઈચ્છા થાય ત્યારે તે ગ્રંથાલયમાં આવીને પોતાની વાંચનતૃષા સંતોષી શકે તે માટે ગ્રંથાલય વધુમાં વધુ સમય માટે ખુલ્લું રહેવું જોઈએ.

3. રાચરચીલું

વાચન-અધ્યયનની સુવિધા માટે ગ્રંથાલયનું રાચરચીલું અને સાધનસામગ્રી સસ્તી અને સરળ હોવાની સાથે સુંદર, મજબુત, ટકાઉ, આરામદાયક અને સર્વોપયોગી હોવી જોઈએ.

4. કર્મચારીગણ

ગ્રંથાલયના કર્મચારીગણ વાચક માત્રના મિત્ર, પથદર્શક અને સહાયક બની રહેવા જોઈએ. તેમનામાં વ્યવસાય પ્રતિ નિષ્ઠા અને પ્રેમ છલકતો હોવો જોઈએ.

5. <u>પુસ્તકપસંદગી</u>

પુસ્તકોની પસંદગી, વિપુલ અને વૈવિધ્યભર્યા ગ્રંથસંગ્રહની રચના તેના ઉપયોગ માટે વાચકને પ્રેરક બની રહે છે.

**<u>દ્વિતીય સૂત્ર: દરેક વાચકને તેનો ગ્રંથ / માહિતી મળે.</u>**

જ્યાં વાચકની સતત ચહલ-પહલ થતી હોય તે જીવંત ગ્રંથાલય છે. પ્રથમ સૂત્રમાં ગ્રંથનું- તેના ઉપયોગનું- મહત્ત્વ સ્પષ્ટ કરવામાં આવ્યું છે તો દ્વિતીય સૂત્ર વાચક-ઉપયોગકર્તા ઉપર કેન્દ્રિત છે, અર્થાત્, વ્યક્તિમાત્રને તેનું મનવાંચ્છિત ગ્રંથ-માહિતી મેળવવાનો જન્મસિદ્ધ અધિકાર છે. તે લોકોકિતને સાર્થક કરતું ગ્રંથાલય સાચા અર્થમાં ગ્રંથાલય છે. સાથે એ પણ સ્વીકારવું રહ્યું કે ‘ગ્રંથાલય એ અનેક મર્યાદાઓ, બંધનો વચ્ચે આકાર પામતી પુષ્પવાટિકા છે. આ બંધનોને આંબવા કેટલાંક પગલાં લેવા આવશ્યક છે.

1. <u>પુસ્તકપસંદગી</u>

પુસ્તક પસંદ કરતી વખતે તેમાં સમાવિષ્ટ માહિતી, શૈલી, ભાષા, રજુઆત વગેરે બાબતો વાચકની દ્રષ્ટીએ મૂલવવી જોઈએ.

2. <u>આંતર ગ્રંથાલય લેવડ-દેવડ</u>

અનેક મર્યાદાઓ વચ્ચે કોઈપણ ગ્રંથાલય ક્યારેય પણ સંપૂર્ણ હોઈ શકે નહીં. વાચકને ઈચ્છિત માહિતી જો પોતાના ગ્રંથાલયમાં ઉપલબ્ધ ન હોય તો અન્ય ગ્રંથાલયમાંથી મંગાવી આપવી જોઈએ.

3. <u>વ્યવહારૂ એકમ</u>

વાચકની વૈવિધ્યભરી માહિતી માંગને સંતોષવા તમામ ગ્રંથાલયોને સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ અન્વયે સાંકળી લેવાથી, નાનામાં નાનું ગ્રંથાલય પણ સક્ષમ બની રહે છે.

4. <u>ગ્રંથાલયસૂચી</u>

વિશેષ કરીને પૃથ્થકરણીય સંલેખો માહિતીસ્ત્રોતમાં છુપાયેલ મહત્ત્વની માહિતીને વાચક સમક્ષ ખુલ્લી કરવાનું કામ કરે છે, વાચકની માંગને પરિતૃપ્ત કરે છે.

5. <u>મુક્ત પ્રવેશ</u>

વાંચ્છિત માહિતીની શોધ માટે વાચકમાત્ર સક્ષમ બની રહે તે માટે તેને ગ્રંથાલયમાં વિહરવાની છૂટ આપવી જોઈએ.

**<u>તૃતીય સૂત્ર: દરેક ગ્રંથો / માહિતીને તેનો વાચક મળે.</u>**

ગ્રંથની નિયતી તેના વાચકો / ઉપયોગકર્તાના કરકમલનો સ્પર્શ છે. આ સુંવાળા સ્પર્શને આકાર આપવા ગ્રંથાલયમાં કેટલીક વિધિવિદ્યાઓ અપનાવવી આવશ્યક છે. આ વિધિવિદ્યાઓ છે:

1. <u>વર્ગીકરણ</u>
2. <u>સૂચીકરણ</u>
3. <u>મુક્તપ્રવેશ</u>
4. <u>સંદર્ભસેવા</u>
5. <u>પ્રચાર</u>
6. <u>વિસ્તરસેવા</u>
7. <u>પુસ્તકપસંદગી અને</u>
8. <u>લોકપ્રિય વિભાગોની રચના</u>

**<u>ચતુર્થ સૂત્ર: વાચકનો સમય બચાવો.</u>**

ત્વરિત માહિતી પ્રાપ્ત ગ્રંથાલયની લોકપ્રિયતા માટેનું એક કારણ બને છે. સામાજિક અને આર્થિક સંઘર્ષ સાથે વ્યક્તિ પાસે સમયનો અભાવ હોવો એ આજે સામાન્ય છે. ઓછામાં ઓછા સમયમાં વાચક તેની માહિતી મેળવવા ઝંખતો હોય છે. વાચકના સમયનો બચાવ થાય તે માટે ગ્રંથાલય પક્ષે કેટલીક વિધિવિદ્યાઓ અને સુવિધા ઉભી કરવી જોઈએ. જે આ મુજબ છે:

1. <u>મુક્તપ્રવેશ</u>
2. <u>ગ્રંથોની વર્ગીકૃત ગોઠવણી</u>
3. <u>ગ્રંથાલયસૂચી</u>
4. <u>કેન્દ્રીયકૃત પ્રસ્તુતિકરણ</u>
5. <u>વાઙ્માસૂચીનું નિર્માણ</u>
6. <u>સંદર્ભસેવા</u>
7. <u>ગ્રંથાલય માર્ગદર્શિકા</u>
8. <u>પ્રલેખન અને મહીતીસેવા</u>
9. <u>અદ્યતન ગ્રંથ આપ-લે પદ્ધતિ</u>
10. <u>માન્ય ધોરણોને સ્વીકૃતિ</u>
11. <u>ગ્રંથાલયનું સ્થળ</u>
12. <u>યાંત્રિકીકરણ</u>

**<u>પંચમ્ સૂત્ર: ગ્રંથાલય ચિરવર્ધમાન અવયવી છે.</u>**

પાંચમું સૂત્ર ગ્રંથાલયના આયોજનને સ્પર્શે છે. ગ્રંથાલયના પ્રારંભ સાથે જ તેની વિસ્તરતી ભાવિ સેવાઓ, ગ્રંથસંગ્રહનો વિકાસ, વાચકો અને કર્મચારીઓમાં થનાર વૃદ્ધિ તથા ભવન વિસ્તરણની શકયતાઓ પરત્વે ધ્યાન આપવું જોઈએ.

સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના, નિભાવ અને વિકાસ માટે તેના પારંભથી જ ડૉ. રંગનાથન પ્રણિત ગ્રંથાલયવિજ્ઞાનના આ પાંચ સૂત્રોને લક્ષમાં રાખવામાં આવે તો તેનો વિકાસ સતત ઊર્ધ્વગામી બની રહી તે માત્ર કેળવણીનું જ નહીં, સમગ્ર સમાજજીવનનું અવિભાજ્ય અંગ બની રહી, સમાજ અને રાષ્ટ્રીય ઉત્થાનમાં અનન્ય ફાળો આપવા સમર્થ બની રહે છે.

**1.4.5 ઉદ્દભવ અને વિકાસ**

સૌ પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય ક્યાં અને કેવા સ્વરૂપમાં અસ્તિત્વમાં આવ્યું હશે તે માટેના કોઈ પ્રમાણભૂત આધારો ઉપલબ્ધ નથી, ખનન દ્વારા મળેલાં કેટલાક પ્રાચીન અવશેષો આધારે ગ્રંથાલયના ઉદ્દ્ભાવના અંદાજ માત્ર મેળવી શકાય છે.

અલબત્ત, પ્રારંભિક લિખિત નોંધો સાથેની માટીની તકતીઓ મેસોપોટેમીયાના સુમેરીયામાં હોવાના પ્રમાણો મળે છે. જે ઈ.સ. પૂર્વે 3000 વર્ષ જૂની માનવામાં આવે છે.

અંગત ગ્રંથાલયો (રાજા, મહારાજા અને ઉમરાવો) અને લવાજમી ગ્રંથાલયોને સાર્વજનિક ગ્રંથાલયનું પૂર્વસ્વરૂપ માનવામાં આવે તો સાર્વજનિક ગ્રંથાલયનો ઈતિહાસ 5000 વર્ષ પુરાણો છે એમ સ્વીકારવું રહ્યું.

જયારે સાર્વજનિક ગ્રંથાલયની પ્રમાણિત વ્યાખ્યાને આધારે જોઈએ તો વિશ્વનું પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય તે અમેરિકામાં આવેલ 'બોસ્ટન પબ્લિક લાયબ્રેરી' છે. જેની સ્થાપના 1848માં ગ્રંથાલય અધિનિયમ અન્વયે કરવામાં આવી હતી.

1850માં ગ્રેટ બ્રિટનમાં વિશ્વનો પ્રથમ ગ્રંથાલયધારો પસાર થતાં સૌ પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય નોર્વિક શહેરમાં 1850માં અસ્તિત્વમાં આવ્યું.

1835માં કલકત્તામાં 'કલકત્તા પબ્લિક લાયબ્રેરી'ની સ્થાપના કરવામાં આવી, જે ભારતનું પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય ગણાય.

1948માં મદ્રાસ રાજ્યમાં 'સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમન' પસાર થતાં આજે ભારતીય સંઘ રાજ્યો પૈકી 19 રાજ્યોમાં 'સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ' પસાર થયાં છે.

ગ્રંથાલયધારો, અંગત ગ્રંથાલયો અને લાવાજમી ગ્રંથાલયોનું સ્વરૂપ બદલાતા આજે ભારતમાં અંદાજે 30,000થી વધુ સાર્વજનિક ગ્રંથાલયો સેવારત છે.

વૈશ્વિક કક્ષાએ જોતાં આજે એવું એક પણ રાજ્ય નથી કે જ્યાં સાર્વજનિક ગ્રંથાલય ન હોય. અલબત્ત, તે પૈકીના કેટલા સાર્વજનિક ગ્રંથાલયો જીવંત છે તે સર્વેક્ષણનો, વિચારણાનો પ્રશ્ન છે.

20મી સદીના છેલ્લા દાયકાઓથી સાર્વજનિક ગ્રંથાલયોમાં વાચકોનો દુકાળ વર્તાવા લાગ્યો છે. કમનસીબી તો એ પણ છે કે હવે તો કેટલેક અંશે ગ્રંથપાલો(કર્મચારીગણ)નો દુકાળ પણ વર્તાતો જાય છે. આ જ ઘણી ગંભીર બાબત છે.

કેળવણીનું અવિભાજ્ય અંગ ગણાતાં અને સ્વશિક્ષણ માટેના આધાર સ્વરૂપ ગ્રંથાલયો પ્રત્યે સમાજ અને સરકાર દુર્લક્ષ્ય સેવતી હોય તેવું લાગે છે. કારણોની ચર્ચામાં ન પડીએ તો પણ સમાજ અને સરકારે તથા સાથે જ કાર્યરત ગ્રંથપાલોએ સાર્વજનિક ગ્રંથાલય પ્રત્યે જાગૃતિ કેળવવી જ રહી.

### 1.4.6 ગ્રંથાલય અને સમાજ

ડૉ. રંગનાથન પ્રણિત પંચસૂત્રો પૈકી સૂત્ર બીજું, 'દરેક વાચકને તેનું પુસ્તક મળો'નો ગર્ભિતાર્થ વિચારીએ તો ગ્રંથાલયસેવાનું ફલક અત્યંત વિસ્તૃત અને વિવિધરંગી બની રહે છે. થોડાક સમય પૂર્વે એવો ખ્યાલ પ્રવર્તતો હતો કે ગ્રંથાલયની ગ્રંથાલયસેવા માત્ર તેના સેવિત સમાજ પુરતી જ માર્યાદિત છે. ભણેલી વ્યક્તિ જ તેનો ઉપયોગ કરી શકે છે. જયારે ગ્રંથાલયસેવાની અર્વાચીન સમજ એમ બની છે કે તેને વિસ્તારના બંધનો ન હોઈ શકે. વ્યક્તિના અવકાશના સમયમાં, મુસાફરીના સમયમાં પણ ગ્રંથાલયસેવા ઉપલબ્ધ બની રહેવી જોઈએ. ગ્રંથાલયસેવા સૌના માટે છે તેનો અર્થ એ થયો કે ભણેલા કે અભણ, ડોક્ટર કે દર્દી, ગરીબ કે તવંગર, માલિક કે મજૂર, સશક્ત કે અશક્ત સ્ત્રી કે પુરુષ, બાળક કે પ્રૌઢ, સૌને માટે જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવથી પર રહી ગ્રંથાલયસેવા મળવી જોઈએ.

સાર્વજનિક ગ્રંથાલયની સમાજ પ્રત્યેની આ ભૂમિકાને લક્ષ્યમાં રાખતાં સમાજમાં વિભિન્ન વિશિષ્ટ ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં છે. જેવાં કે: બાળગ્રંથાલય, મહિલા ગ્રંથાલય, બ્રેલ ગ્રંથાલય, જેલ ગ્રંથાલય, રુગ્ણાલય ગ્રંથાલય, ફરતાં ગ્રંથાલય, સેવાકેન્દ્ર વગેરે. આમ, સાર્વજનિક ગ્રંથાલયની ગ્રંથાલયસેવાના વિશાળ પરિઘમાં સૌનો સમાવેશ કરવામાં આવે છે.

સાર્વજનિક ગ્રંથાલય તે સામાજિક સંસ્થા હોઈ સતત સમાજ કલ્યાણમાં રત બની રહી, સૌને જ્ઞાન અને માહિતીનું વિતરણ કરે છે. આજીવન શિક્ષણ પ્રદાન કરે છે. સમાજની ગતિવિધિઓનું એક પણ ક્ષેત્ર નથી જે ગ્રંથાલયસેવાની સુવાસથી અલિપ્ત હોય. પછી તે શિક્ષણનું કે વ્યવસાયનું કે ઉદ્યોગ કે વ્યાપારનું, સંશોધન કે આધ્યાત્મિકતાનું, સાંસ્કૃતિક કે મનોરંજનનું ક્ષેત્ર હોય.

ટૂંકમાં માનવજીવનના તમામ તાણાવાણા સાથે સાર્વજનિક ગ્રંથાલયની ગ્રંથાલયસેવાઓ સંકળાયેલી છે. સર્વવ્યાપી છે.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો

1) સાર્વજનિક ગ્રંથાલયની પરિભાષા ટુંકમાં જણાવો.
2) ‘સાર્વજનિક ગ્રંથાલય ખતપત્ર’માં સાર્વજનિક ગ્રંથાલયના સ્પષ્ટ કરવામાં આવેલ ઉદ્દેશ્યો જણાવો.
3) ગ્રંથાલયવિજ્ઞાનનું ચોથું સૂત્ર ‘વાચકનો સમય બચાવો’ માટે ગ્રંથાલય દ્વારા અપનાવવા આવતી વિભિન્ન વિધિઓની યાદી બનાવો.
4) અનૌપચારિક શિક્ષણમાં સાર્વજનિક ગ્રંથાલયના યોગદાન વિષે ચાર વાક્યો લખો.

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1) ગ્રંથાલય વિજ્ઞાનની અનેક વિદ્ત સસ્થાઓ અને ગ્રંથાલયશાસ્ત્રીઓએ સાર્વજનિક ગ્રંથાલયને પરિભાષિત કરેલ છે. સંક્ષિપ્તમાં કહી શકાય કે :

- સાર્વજનિક ગ્રંથાલય તે સામાજિક સેવાકીય સંસ્થા છે.
- તેની ગ્રંથાલય સેવા નિઃ શુલ્ક હોય છે.

- તે સહાયકારી શિક્ષણ સંસ્થા છે.
- તે વિધિવત્ સ્થાપિત ગ્રંથાલય છે અને
- તેની નાણાંકીય વ્યવસ્થા સાર્વજનિક ભંડોળ દ્વારા કરવામાં આવે છે.

2) 'સાર્વજનિક ગ્રંથાલય ખતપત્ર' યુનેસ્કો દ્વારા ૧૯૪૯, સંશોધિત ,૧૯૭૨ અને પુનઃ સંશોધિત ૧૯૯૪ માં પ્રકાશિત કરવામાં આવ્યો. જેમાં જણાવેલ ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

- સાર્વજનિક ગ્રંથાલય તે વ્યક્તિમાત્રને આજીવન જ્ઞાનપ્રાપ્તિ માટે, સ્વતંત્ર નિર્ણયશક્તિ અને સાંસ્કૃતિક વિકાસ માટેનું સુયોગ્ય વાતાવરણ પૂરું પાડવું.
- તે શિક્ષણ ,સંસ્કૃતિ અને માહિતી માટેનું જીવંત પ્રોત્સાહક બળ છે.
- તે માહિતી પ્રાપ્તિ માટેનું સ્થાનિક કેન્દ્ર છે.
- તે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સૌને સેવા આપે છે.
- રાષ્ટ્રીય ઉત્થાનમાં ફાળો આપે છે.

3) ગ્રંથાલય વિજ્ઞાનના ચોથા સૂત્ર 'વાચકોનો સમય બચાવો.' માટે ગ્રંથાલય નીચેની વિધિ અપનાવી શકે.

| | |
|---|---|
| ગ્રંથોની વર્ગીકૃત ગોઠવણી | - મુક્ત પ્રવેશ |
| ગ્રંથાલય સૂચી | - વાઙ્મય સૂચી |
| કેન્દ્રિત પ્રસ્તુતિકરણ | - સંદર્ભ સેવા |
| ગ્રંથ આપ –લે પ્રણાલી | - ગ્રંથાલય માર્ગદર્શિકા |
| ગ્રંથાલયનું સ્થળ | - પ્રલેખન અને માહિતી સેવા |
| માન્ય ધોરણો | - યાંત્રિકીકરણ |

4) સાર્વજનિક ગ્રંથાલયના દ્વાર સૌને માટે ખુલ્લાં હોય છે. અનૌપચારિક કેળવણી માટેની તે મુક્ત શાળા છે. તેમાં પ્રવેશ માટે કોઈ ઉપાધિની આવશ્યકતા નથી. તે લોક વિશ્વવિદ્યાલય છે.

## 1.7 સારાંશ (Summary)

અર્વાચીનયુગની ઓળખ માહિતી અને પ્રત્યાયનયુગ તરીકે કરવામાં આવે છે. સમાજ સમગ્રને વાચક બનાવવાની , માહિતિક સમાજ બનાવવાની અદમ્ય ફરજ સાર્વજનિક ગ્રંથાલયોની છે. સાર્વજનિક ગ્રંથાલય જ એક એવી સેવાકીય સામાજિક સંસ્થા છે. જ્યાં પ્રવેશ મેળવવા માટે ધર્મ, જાતિ, લિંગ વય એવા કોઈ અવરોધો નથી.

સૌના માટે જેના દ્વાર હંમેશા ખુલ્લા હોય એ જ તો સાર્વજનિક ગ્રંથાલય છે.

ડો.રંગનાથન પ્રણિત ગ્રંથાલયવિજ્ઞાનના પાંચ સુત્રો સાર્વજનિક ગ્રંથાલયની તમામ ગ્રંથાલય સેવા માટે ચાલક બળ બની રહે છે. સાથે જ ગ્રંથાલયસેવાના નવીન પરિવર્તન માટે તે માર્ગદર્શક પણ બની રહે છે.

ઔપચારિક શિક્ષણમાં ગ્રંથાલય સહાયકની ભૂમિકા નિભાવે છે. જયારે અનૌપચારિક શિક્ષણમાં સાર્વજનિક ગ્રંથાલય એક માત્ર આધાર બની રહે છે.

સમાજના વિભિન્ન અને વિશિષ્ટ વર્ગો જેવાં કે બાળકો, મહિલાઓ,પૌઢો ચક્ષુવિહીનો, શારીરિક કે માનસિક ક્ષતિ ધરાવતા લોકો , દર્દીઓ ગુનેગારો સાથે વિદ્યાર્થીઓ,શિક્ષકો ,સાહિત્યકારો, સંશોધકો માટે સાર્વજનિક ગ્રંથાલય જ્ઞાનાશ્રયની ભૂમિકા ભજવે છે.

## 1.8 બહુ વિકલ્પીય પ્રશ્નો

(1)'ગ્રંથ' પદ કઈ ભાષાના પદ ઉપરથી ઉતરી આવેલ છે. ?

(A) ગુજરાતી (B) સંસ્કૃત

(C) હિન્દી (D) બંગાળી

(2)ગ્રંથાલયના પ્રકાર કેટલા છે. ?

(A) 4 (B) 5 (C) 3 (D) 6

(3) 'સાર્વજનિક ગ્રંથાલય ખતપત્ર' કોના દ્વારા રજુ કરવામાં આવેલ છે.?

(A) એએલએ (B) ફીડ (C) ઇફ્લા (D) યુનેસ્કો

(4) 'સાર્વજનિક ગ્રંથાલયના કર્યો શૈક્ષણિક,રાજનૈતિક,આર્થિક, પ્રૌદ્યોગિક,સાંસ્કૃતિક, રચનાત્મક અને પુરાવિદ છે.' સાર્વજનિક ગ્રંથાલયના કાર્યોની આ સમજ કોના દ્વારા આપવામાં આવી છે.?

(A) બી.એસ.રસેલ (B) ડૉ.રંગનાથન

(C) આર.એલ.મેક્કોલ્વીન (D) ઉપરમાંથી એક પણ નહી.

(5) ' The Five Laws of Library Science' ક્યા વર્ષમાં પ્રકાશિત થયું.?

(A) 1925 (B) 1928 (C) 1933 (D) 1931

(6) 'કલકત્તા પબ્લીક લાયબ્રેરી' ની સ્થાપના ક્યા વર્ષમાં કરવામાં આવી.?

(A) 1835 (B) 1831 (C) 1834 (D) 1836

(7) વિશ્વનો પ્રથમ ગ્રંથાલયધારો ક્યા દેશમાં અસ્તિત્વમાં આવ્યો.?

(A) ફ્રાન્સ (B) ગ્રેટ બ્રિટન (C) ભારત (D) અમેરિકા

<u>ઉત્તરો :</u>

(1) [B]
(2) [A]
(3) [D]
(4) [B]
(5) [D]
(6) [A]
(7) [B]

## 1.9 ચાવીરૂપ શબ્દો

- **અગ્રંથ સામગ્રી (Non-book material)**:ગ્રંથ સિવાયની સામગ્રી જેવી કે હસ્તપ્રત,સંગીત,સાઉન્ડ રેકોર્ડીંગ,ચલચિત્ર, વિડીયો રેકોર્ડિંગ ,ગ્રાફિક મટીરીયલ્સ,મશીન રીડેબલ ડેટા, ફાઈલ,નકશા, નકશાપોથી વગેરે.
- **અનૌપચારિક શિક્ષણ** :શિક્ષણની એ પ્રણાલી જેમાં વિદ્યાર્થીઓએ જાતે અભ્યાસ અને જાતે માર્ગદર્શનના માધ્યમ દ્વારા જ્ઞાન ઉપાર્જન કરવું પડે છે.

## 1.10 સંદર્ભ અને વિશેષ વાંચન


- ભૈયા , છગન. ગ્રંથાલય અને સમાજ .આ જ અમદાવાદ : ગુર્જર , 1993
- ભૈયા,છગન.ગ્રંથાલય સેવા :પાંચ સુત્રોની અટારીએથી.અમદાવાદ : ગુર્જર ,1993
- ભૈયા,છગન. વાંચે ગુજરાત અભિયાન : સાર્વજનિક ગ્રંથાલયની ભૂમિકા.અમદાવાદ : પાર્શ્વ ,2010
- ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગ્રંથાલય અને સમાજ : પુસ્તિકા 1:ગ્રંથાલયોનો વિકાસ અને સમાજમાં તેની ભૂમિકા.
- Khanna, J.K.Library and Society. Kurukshetra : Research Publications, 1987.
- Ranganathan ,S.R.Five Laws of Library Science .Delhi : UBS,1998

# યુનિટ-2 સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ

:: રૂપરેખા ::

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રાસ્તાવિક**

**2.2 વ્યાખ્યા**

**2.2.1 સાર્વજનિક ગ્રંથાલયના ધોરણો**

**2.2.2 સાર્વજનિક ગ્રંથાલયના માનાંકો**

**2.2.3 સાર્વજનિક ગ્રંથાલયની માર્ગદર્શિકાઓ**

**2.3 આંતરરાષ્ટ્રીય**

**2.3.1 સાર્વજનિક ગ્રંથાલયના આંતરરાષ્ટ્રીય માનાંકો/ધોરણો**

**2.3.2 સાર્વજનિક ગ્રંથાલયના આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાઓ**

**2.4 રાષ્ટ્રીય**

**2.4.1 સાર્વજનિક ગ્રંથાલયના ભારતીય માનાંકો/ધોરણો**

**2.4.2 સાર્વજનિક ગ્રંથાલયના ભારતીય માર્ગદર્શિકા**

**2.5 તમારી પ્રગતિ ચકાસો**

**2.6 સારાંશ**

**2.7 બહુ વિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)**

**2.8 તમારી પ્રગતિ ચકાસો (ઉત્તર સહિત)**

**2.9 ચાવીરૂપ શબ્દો**

**2.10 સંદર્ભ અને વિશેષ વાંચન**

---

## 2.0 ઉદ્દેશો

- સાર્વજનિક ગ્રંથાલયના ધોરણો , માનાંકો અને માર્ગદર્શિકા વચ્ચેનો ભેદ સમજવા .
- સાર્વજનિક ગ્રંથાલયના ઇફ્લાના અને ભારતના માનાંકો ,ધોરણો જાણવા.

- ભારતમાં ઉપયોગ માટે બહાર પડાયેલ માર્ગદર્શિકા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઇફ્લા દ્વારા પ્રકાશિત કરાયેલ માર્ગદર્શિકાની ચર્ચા કરવાનો.

## 2.1 પ્રસ્તાવના

ડૉ.રંગનાથનના ગ્રંથાલયશાસ્ત્રના પાંચમાં સુત્ર અનુસાર ગ્રંથાલય ચીરવર્ધમાન સંસ્થા છે. આયોજન દ્વારા કોઈ પણ સંસ્થા પ્રાપ્ત કરવાની સિદ્ધિઓ પ્રસ્થાપિત કરે છે. સાર્વજનિક ગ્રંથાલય પણ તેમાં બાકાત રહી શકે નહિ. સાર્વજનિક ગ્રંથાલયના આયોજનમાં પ્રથમ સિદ્ધિઓ નક્કી કરી તે સિદ્ધિઓ કેવી રીતે પ્રાપ્ત કરવી તે માટે માર્ગદર્શિકાઓ આપવામાં આવેલ હોય છે.આમ , હેતુઓ અને સિદ્ધિની પૂર્તિ માટે સેવાઓનું મૂલ્યાંકન કરવા ધોરણો / માનાંકો અને માર્ગદર્શિકાઓની રચના કરવામાં આવે છે. નવા ગ્રંથાલયનું નિર્માણ કરવા સાંપ્રત ગ્રંથાલયનું વિસ્તરણ કરવા અથવા માન્યતા આપવા એમ દરેક વખતે ધોરણો / માનાંકો  અનુસરવામાં આવે છે. વધુ સારું કેવી રીતે કરી શકાય  તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.આમ , જયારે ગ્રંથાલયનું આયોજન અથવા ગ્રંથાલય ચલાવતા હોઈએ ત્યારે ધોરણો , માનાંકો અને માર્ગદર્શિકાઓ ધ્યાનમાં રાખવા જોઈએ .

## 2.2 વ્યાખ્યા

### 2.2.1 સાર્વજનિક ગ્રંથાલયના ધોરણો : (Public Library Norms)

સાર્વજનિક ગ્રંથાલય ધોરણોથી તૈયાર કરેલ હોય છે. અથવા કામગીરી પર આધારિત હોય છે. ધોરણો અને માનાંકો એક સરભર બાબત રજુ કરતા હોય છે. ધોરણ એક માનાંક, એક રીતભાત , એક નમુનો ,એક પ્રકાર છે. કામગીરીના માપન માટે માનાંકોની જેમ ધોરણોનો ઉપયોગ કરવામાં આવે છે.

### 2.2.2 ગ્રંથાલયના માનાંકો : (PublicLibrary Standard)

અધિકૃત સિદ્ધાંતો અથવા નિયમોને માનાંકો કહેવાય છે. જે જથ્થો , શ્રેષ્ઠતા , સત્યતા વગેરેની અન્ય વસ્તુ સાથે તુલના માટે નમુનો અથવા રીતભાત પૂરા પાડે છે. ગ્રંથાલય માનાંક એક માપદંડ છે.તે વ્યાવસાયિક ગ્રંથાલયો દ્વારા તેમની જાતે ગોઠવેલ હેતુઓની

પ્રાપ્તિ અને નિભાવ માટે નક્કી કરવામાં આવે છે. તે ભવિષ્યના વિકાસ માટે ઉદ્દીપકનું  કાર્ય કરે છે. કાર્યમાં એકસૂત્રતા જળવાય છે.નવા ગ્રંથાલયની સ્થાપના કરવા અને ચાલુ ગ્રંથાલયની સુધારણા માટે આવશ્યક છે. ગ્રંથાલય માનાંકો સેવાનું પરીક્ષણ કરવા,અવરોધ દૂર કરવા અને ભવિષ્યનું આયોજન કરવા ઉપયોગમાં લેવાય છે.ગ્રંથાલય માનાંકોને મહત્તમ માનાંક તરીકે નહીં પણ લઘુત્તમ માનાંક તરીકે સ્વીકારવામાં આવ્યા છે. કોઈ પણ માનાંક કાયમી હોતા નથી.બદલાતી સામાજિક , આર્થિક અને શૈક્ષણિક પરીસ્થિતિ અને IT ના યુગને લીધે તેમાં સુધારા થવા જોઈએ.

### 2.2.3 સાર્વજનિક ગ્રંથાલયની માર્ગદર્શિકાઓ (Public Library Guidelines)

ભવિષ્યના કાર્ય માટેના માર્ગદર્શક અથવા નિર્દેશિકાઓને માર્ગદર્શિકાઓ કહેવાય છે. આ માર્ગદર્શિકા વિકાસ માટેના આયોજન અથવા સિદ્ધિઓ તરફ માર્ગદર્શન આપે છે.ઉદાહરણ જોઇએ તો, યુનેસ્કોનો ઘોષણાપત્ર 1994 (સાર્વજનિક ગ્રંથાલયના હેતુઓની સાર્વજનિક જાહેરાત) આ ઘોષણાપત્રને આધારે ઉપભોક્તાની જરૂરીયાતો પહોંચી વળવા ઇફ્લા .માર્ગદર્શિકા -2000 ઊંડાણપૂર્વક ચર્ચા કરે છે.માર્ગદર્શિકા અનુસાર ઉપભોકતાની ઓળખ, જરૂરિયાતનું પૃથકકરણ, સેવાઓ, કાળજી, પ્રશિક્ષણ, સંસાધનોની ભાગીદારી વગેરે તેના દ્વારા કરવામાં આવે છે.માર્ગદર્શિકા સિદ્ધાંતો અને હેતુઓની પૂર્તિ માટેનું માર્ગદર્શન આપે છે. માર્ગદર્શિકા સિદ્ધાંતની પ્રાપ્તિ થઇ શકે કે તેનું પરીક્ષણ કરતી નથી. આ બાબતે માનાંકો કાર્ય કરે છે.

## 2.3 આંતરરાષ્ટ્રીય

### 2.3.1 સાર્વજનિક ગ્રંથાલયના આંતરરાષ્ટ્રીય માનાંક : (International Public Library Standards )

International Federation of Library Association (IFLA) દ્વારા 1973 માં સાર્વજનિક ગ્રંથાલય માટેના માનાંકો પ્રકાશિત થયા. સુધારા સાથે 1977 માં તેનું પુનઃ પ્રકાશન થયું.1986માં Guidelines for Public Library સાર્વજનિક ગ્રંથાલયો માટેની માર્ગદર્શિકાના રૂપમાં બદલવામાં આવ્યા.

1973 ની આવૃતિમાં ગ્રંથસંગ્રહનું કદ ,વહીવટી એકમનું કદ, ખુલ્લા રાખવાના કલાકો,કર્મચારીઓના સ્તર, ગ્રંથાલય ભવનના માનાંકો આપવામાં આવ્યા છે.તે સાર્વત્રિક રીતે ઉપયોગ માટે જાહેર કરવામાં આવ્યા છે. IFLA માર્ગદર્શિકા જુદા જુદા દેશો માટે જુદા જુદા માનાંકો સ્વીકારતા નથી.કારણ દરેક દેશોના હેતુઓ એક સરખા જ હોય છે.વિકાસને અનુરૂપ સુધારણાત્મક પરિબળો ધ્યાનમાં લેવા જોઈએ.

1986 ની માર્ગદર્શિકામાં કોઇપણ સંખ્યાત્મક ભલામણોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. કારણ ગ્રંથાલય વિકાસની સાંપ્રત સ્થિતિમાં તેમની જરૂરિયાતો અને સ્રોતો જુદા પડે છે. તેથી વિશાળ ફલકમાં સામાન્ય માનાંકો જુદા ન હોઈ શકે. ઇફ્લા 2000 નું સંસ્કરણ પણ કોઇપણ પ્રકારના માનાંકો અથવા સંખ્યાત્મક ભલામણો પૂરી પાડતું નથી.આંતરરાષ્ટ્રીય કક્ષાએ યુનેસ્કો, ઇફ્લા જેવી સંસ્થા દ્વારા પ્રકાશિત કરેલા માનાંકો વ્યવહારમાં નથી. IFLA 1973 -77 નાં માનાંકોને અગત્યના પ્રલેખ તરીકે હજુ પણ ઉપયોગી થાય છે.

ઇફ્લાના સાર્વજનિક ગ્રંથાલયો માટેના માનાંકો 1973 /1977 / : પસંદ કરેલ - 1

(IFLA Sandards for Public Library 1973 /1977 /: Selected Items)

- સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ

| | |
|---|---|
| લઘુત્તમ વસ્તી પંદ કરો | 1,50,000 |
| સામાન્ય રીતે દ્રશ્યમાન સંબંધિત લઘુત્તમ વસ્તી | 50,000 |

- વહિવટી એક્મ

| | |
|---|---|
| કોઈ પણ સંજોગોમાં લઘુત્તમ વસ્તી | 3,000 |
| સેવા બિંદુઓ : ખુલ્લા રેહવાનો સમય | |
| શહેરી વસ્તી વિસ્તાર મુખ્ય ગ્રંથાલયો | અઠવાડિક 60 કલાક |
| શાખા ગ્રંથાલયો | અઠવાડિક 18 -60 કલાક |

પુસ્તક સંગ્રહ

- વિશિષ્ટ સંગ્રહ સિવાય શિક્ષિત વ્યક્તિઓના સંબંધમાં ગણતરી કરેલ તમામ વિભાગો માટે લઘુત્તમ કાર્યશીલ સંગ્રહ

  સૌથી નાના વહીવટી એકમમાં પ્રતિ રેહવાસી 3 ગ્રંથો. સામાન્ય સંજોગોમાં પ્રતિ રેહવાસી 2 ગ્રંથો (જયારે બાળકો 14 વર્ષ સુધીના

હોય ત્યારે કુલ વસ્તીના 25.30 ટકા રચના કરો, કુલ સંગ્રહના એક તૃતીયાંશ બાળકો માટેના પુસ્તકો હોવા જોઈએ.)

- સંદર્ભ પુસ્તકો (ઉપરમાં સમાવિષ્ટ)

સૌથી નાના વહીવટી એકમમાં 100 ગ્રંથો

સામાન્ય સંજોગોમાં કુલ સંગ્રહના 10 ટકા સુધી

- દસ હજારની વસ્તીએ વાર્ષિક વધારો

સામાન્ય સંજોગોમાં 250 વાર્ષિક

સૌથી નાના એકમમાં 300 વાર્ષિક

( તે જ વસ્તીમાં કુલ સંગ્રહમાં બાળકોના પુસ્તકો ઉપર જુઓ

સંદર્ભ પુસ્તકો 50,000 કરતા વધુ વસ્તીને સેવા 10 ટકા ઉમેરાતાપૂરી પડતા ગ્રંથાલયોમાં

- સમાચારપત્રો સહિત સામયિકો

50 હજારની સુધીની વસ્તીવાળા એકમો 50

50,000-1,00,000 વસ્તીવાળા એકમમાં દર 1000 એ 10

(આ આંકડા વધુ નકલો, પરદેશી ભાષામાં પ્રકાશિત થતા સામયિકો અને બાળકો માટેના સામયિકોનો સમાવેશ કરે છે.)

- કર્મચારીઓ

કુલ ચોથા વર્ગના કર્મચારીઓ(Non-manual) સિવાય (કારકુન , વ્યાવસાયિક ,વહીવટી)

સૌથી નાનો એકમ 1 કારકુન સહિત 1 પૂર્ણ સમયના લાયકાત ધરાવનાર ગ્રંથપાલ

વિકસિત ગ્રંથાલયસેવા સાથેના મોટા વહીવટી એકમોમાં દર 2000ની વસ્તીએ એક

વધુ મોટા વહીવટી એકમ વિકસિત ગ્રંથાલયસેવા વાળા એકમોમાં દર 2500ની વસ્તીએ એક

- લાયકાત ધરાવનાર ગ્રંથપાલો શહેરી સઘન એકમો

વિકસિત ગ્રંથાલયોમાં કુલ સ્ટાફના 33 ટકા

ઘણાં શાખાગ્રંથાલયો અને નાના સેવા એકમોવાળી કુલ સ્ટાફના 40 ટકા ગ્રંથાલય પદ્ધતિમાં

(મોટી ગ્રંથાલય પદ્ધતિમાં વ્યાવસાયિક ગ્રંથાલયોના એક તૃતીયાંશ બાળકોના કાર્યમાં નિષ્ણાંત હોવા જોઈએ.)

- ભવન

શહેરી વિસ્તારમાં ફેલાયેલ 1.5 કિ.મી.સુધીના રેહવાસીઓ માટે 1 શાખા ગ્રંથાલય પ્રમાણમાં મોટું ગ્રંથાલય 3 થી 4 કિ.મી.સુધીના રહેવાસીઓ માટે વિભાગોના વિસ્તાર માટે વગેરે.

પુખ્ત વયના માટે આપ-લે અને સંદર્ભ સુવિધા : જુઓ નીચે મુજબ

| પુખ્ત વયના માટે આપ –લે | | | | પુખ્ત વયના માટે સંદર્ભ સુવિધા | | | |
|---|---|---|---|---|---|---|---|
| મુક્ત પ્રવેશ પદ્ધતિ | | જરૂરી ભોયતળિયું | | મુક્ત પ્રવેશ પદ્ધતિ | | બેઠક વિસ્તાર | |
| સેવા મેળવતી વસ્તી | દર 1000ની વસ્તીએ ગ્રંથ | જરૂરી કલાકોની સંખ્યા | દર 1000 ગ્રંથોએ 15 ચો.ના દરે લઘુત્તમ 100 | ગ્રંથોની સંખ્યા | દર 1000 ગ્રંથોએ 10ચો.મી.પ્રમાણે જરૂરી વિસ્તાર | દર 100ની 1.5 બેઠકોની સંખ્યા પ્રમાણે | પ્રતિ બેઠક 2.5 ચો.મી. પ્રમાણે ભોયતળિયું |
| 3000 | 1333 | 4000 | 100ચો.મી | 100 | 1 ચો.મી | 5 | 13 ચો.મી |
| 1000 | 600 | 6000 | 100ચો.મી. | 900 | 9 ચો.મી | 15 | 38ચો.મી |
| 20000 | 600 | 12000 | 180ચો.મી | 3000 | 30ચો.મી | 30 | 75ચો.મી |
| 60000 | 600 | 36000 | 540ચો.મી. | 12000 | 120ચો.મી | 75 | 100ચો.મી |
| 1,00000 | 500 | 5000 | 750ચો.મી | 2000 | 200ચો.મી | 150 | 100ચો.મી |

1,00,000 કરતા વધુ વસ્તીને સેવા આપતા ગ્રંથાલયોમાં આ સ્તર ઘટાડી શકાય છે.

### 2.3.2 સાર્વજનિક ગ્રંથાલયની આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકા (International Public Library Guideline)

Infromation Technology માં થયેલ વિકાસને પરિણામે 1986 માં IFLA 'S Guideline for Public Library જે પ્રકાશિત થઇ તેની અવગણના થઈ છે. IFLA ના સાર્વજનિક ગ્રંથાલયના કાર્યકારી જૂથો દ્વારા નવું સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું. જેની ચર્ચા Aug -2000 ની જેરુ સાલેમની IFLA

ની પરિસંવાદમાં ચર્ચા કરવામાં આવી અને ગ્રંથાલય વ્યવહારોના કેટલાક વધુ ઉદાહરણો દાખલ કરી સ્વીકારવાનું નક્કી થયું.

IFLA Public Library Guidline -2000 ને સાર્વજનિક ગ્રંથાલય માટેની માર્ગદર્શિકા તરીકે સ્વીકારવામાં આવી છે. IFLA દ્વારા મોટા પ્રમાણમાં માનાંકો માર્ગદર્શિકામાં સ્વીકારતા નથી. માનાંકો સ્થાનિક સંજોગો અનુસાર જુદા જુદા હોય તેથી વ્યક્તિગત દેશો/પ્રદેશોને આધારે અલગ અલગ રીતે તૈયાર થવા જોઈએ.તેથી માર્ગદર્શિકાને ગુણાત્મક સ્વરૂપમાં તૈયાર કરેલ છે. તેથી તે માનાંક નહીં પણ માર્ગદર્શિકા કહેવાય.

**A. સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા અને હેતુ (Role and Purpose of Public Library)**

1. સાર્વજનિક ગ્રંથાલયના હેતુઓ માહિતી, મનોરંજન અને આરામ સહિત વ્યક્તિગત વિકાસ માટેની જરૂરિયાત પૂરી પાડવા સ્રોત અને સેવાઓ પૂરી પાડવાનો છે,
2. જન સમુદાયના તમામ સમુહોને જરૂરિયાતો પહોંચી વળવું તેની વિશિષ્ટ ફરજ છે.,
3. બાળકો , યુવાન લોકોની જરૂરીયાત પૂરી કરવી.,
4. વ્યક્તિગત અને સામાજિક વિકાસ કરવા અને જનસમુદાયને બદલવા પ્રતિનિધિ તરીકે કાર્ય કરવું, અને
5. સંસ્કૃતિના સંગ્રહ, જાળવણી અને જનસમુદાયને માહિતીસેવાઓ માટેના સ્થાનિક જનસમુદાયના પ્રતિનિધિ તરીકે કાર્ય કરવું.

**B. કાયદાકીય અને નાણાંકીય માળખું**

સાર્વજનિક ગ્રંથાલયોને સરકારના સ્તરેથી કાયદાકીય અને ટકાઉ નાણાંકીય સહાય મળવી જોઈએ. તથા સાર્વજનિક ગ્રંથાલયધારામાં દર્શાવવું જોઈએ. સરકારનું કયું સ્તર તેની જોગવાઈઓ અને નાણાં પૂરા પાડવા માટે જવાબદાર છે.સ્થાનિક, પ્રાદેશિક કે કેન્દ્ર સ્તરનું કરવેરા અને સહાય એ નાણાંકીય પ્રાથમિક સ્રોત છે.વાણિજય પ્રવૃત્તિઓ દ્વારા થતી આવક, ઉપભોક્તાની ફી ની આવકનો પણ તેમાં સમાવેશ થાય છે. સાર્વજનિક ગ્રંથાલયના પ્રશાસન માટે સ્થાનિક પ્રતિનિધિ સભા અથવા ગ્રંથાલય બોર્ડમાં ચુંટાયેલા પ્રતિનિધિઓ સહીત સ્થાનિક

જનસમુદાયના પ્રતિનિધિઓની સભા દ્વારા થવું જોઈએ.ગ્રંથાલય કમિટી અને બોર્ડની કાર્યવાહીના નિયમો હોવાં જોઈએ.

**C. ઉપભોક્તાની જરૂરીયાતને પહોંચી વળવું.**

સાર્વજનિક ગ્રંથાલયો જે જનસમુદાયને સેવા આપે છે. તેમને ઉપભોક્તાની જરૂરીયાતને પહોંચી વળવા નીચેની મુજબ કાર્ય કરવા પડે છે. :

1. ઉપભોક્તાની જરૂરીયાતને ઓળખી માહિતી એકત્રિત કરી તેનું પૃથક્કરણ કરવું.,
2. તમામ વર્ગના ઉપભોકતાને કોઈ પણ જાતના ભેદભાવ વિના ઉપભોક્તાને સેવાઓ પૂરી પાડવી.,
3. ઉપભોક્તાની ફરિયાદો અને સૂચનોનું પૃથક્કરણ કરીને ગ્રાહકોની કાળજી લેવી.,
4. ગ્રંથાલયો એ અન્ય સંસ્થાઓ ગ્રંથાલયો સાથે સહકાર અને સ્રોત ભાગીદારી કરી સંયુક્ત રીતે સેવાઓ સુધારવા માટે જોડાણ કરવું.,
5. આંતરરાષ્ટ્રીય ,રાષ્ટ્રીય, સ્થાનિક સ્તરો નેટવર્કનું કરી નેટવર્કના સર્જન , નિભાવ અને ભાગીદારી દ્વારા સેવા પૂરી પાડી શકાય.,
6. ગ્રંથાલય એવા સ્થળે હોવું જોઈએ કે જે જનસમુદાયના સેવાઓની પ્રાપ્તિ મહત્તમ રીતે પૂરી પાડી શકાય.,અને
7. ગ્રંથાલય ભવનની ડીઝાઇન અથવા નિર્માણ કરતી વખતે તેના કાર્યો, કદ, ડિઝાઈન, જગ્યા, ફલકો,માર્ગદર્શક બોર્ડ, પરિસર, ઉષ્ણતામાન, સલામતીની, વિદ્યુત અને દ્રશ્ય - શ્રાવ્ય સાધનો, સલામતી, પાર્કિંગ, ખુલ્લા ફલકો, પાટિયા સંબંધી માર્ગદર્શિકા વગેરેને ઉપભોક્તાની અનુકુળતાને ધ્યાને લઇ કરવા જોઈએ.

**D. ગ્રંથ સંગ્રહ વિકાસ :-**

સાર્વજનિક ગ્રંથાલય તેના ઉપભોક્તાઓની શિક્ષણ ,માહિતી ,આરામ અને વ્યક્તિગત વિકાસ માટેની જરૂરીયાતને પહોંચી વળવા માટે સ્રોત પૂરા પાડવા ગ્રંથાલયે તેના સમાજના વારસાની પ્રાપ્તિ અને સાંસ્કૃતિક સ્રોત અને અનુભવોના વિકાસ માટે સતત વાર્તાલાપ અને સલાહ, મસલત મદદ કરશે. દરેક સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિને લેખિત ગ્રંથસંગ્રહ સંચાલન નીતિ જેના ઉપર ગ્રંથાલયસેવાના વ્યવસ્થાપક

મંડળની સહી હોય તે જરૂરી છે. તે મુજબ સંચાલન કરવાનું રહેશે.ગ્રંથસંગ્રહ માટેના માનાંકો માર્ગદર્શિકામાં નિયત કર્યા નથી.ગ્રંથસંગ્રહ વ્યક્તિદીઠ 1.5 થી 2.5ની વચ્ચે હોવો જોઈએ.સૌથી નાના સેવા બિંદુ માટે લઘુત્તમસંગ્રહ સ્તર 2500 થી ઓછું ન હોવું જોઈએ.નાના સંગ્રહમાં બાળકો અને પુખ્તવય માટે નવલકથા અને બિનનવલકથા સંગ્રહ સરખા હોવા જોઈએ. આ ગુણોત્તર સ્થાનિક જનસમુદાયની જરૂરિયાત અને સાર્વજનિક ગ્રંથાલયની ભૂમિકા પ્રમાણે જુદો પડી શકે.

વિજાણું માહિતી સુવિધાના માનાંકોનો વિકાસ હજુ પ્રાથમિક તબક્કામાં છે. કેનેડામાં 5000 ની વસ્તીએ 1 કમ્પ્યૂટર પ્રાપ્તિ સ્થળનાં માનાંકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડમાં અદ્યતન માનાંકની ભલામણ કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયામાં 50,000 થી વધુ વસ્તી સુધી દર 5000 ની વસ્તીએ 1 અંગત કમ્પ્યૂટર અને વધારાની 10,000 ની વસ્તીએ 1 અંગત કમ્પ્યૂટર ઓછામાં ઓછા અડધા લોકો માટેના કમ્પ્યૂટર ઉપર ઈંટરનેટ અને પ્રિન્ટર હોવાં જોઈએ.ગ્રંથસંગ્રહ માર્ગદર્શિકામાં વિકાસના ત્રણ તબક્કા બતાવ્યા છે. અને દરેક તબક્કામાં સંદર્ભમાં ભલામણો કરેલ છે.

- **પ્રથમ તબક્કામાં**

સ્થાપનાનાં ગાળામાં સામાન્ય જરૂરીયાતને પહોંચી વળવા વધુ વિસ્તારને બદલે સ્રોતની વિશાળ શ્રેણી ખરીદવાનો હેતુ હોવો જોઈએ.ગ્રંથ વિકાસ સહાયક તરીકે આંતર ગ્રંથાલય સ્રોત પદ્ધતિનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.નવાં ગ્રંથાલયે પ્રતિ વ્યક્તિ /પુસ્તક લઘુત્તમ સ્ટોકમાં હોય તે રીતે સ્થાપવું જોઈએ.વિજાણું માહિતી સ્રોતની પ્રાપ્તિનો સમાવેશ આ તબક્કામાં થવો જોઈએ.

- **બીજા તબક્કામાં**

ગ્રંથ સંગ્રહના જથ્થાનું કદ અને ઊંડાણ પ્રાપ્ત કરવાનો હેતુ હોય છે. વસ્તીની સંખ્યાને વિશિષ્ટ શરત તરીકે ધ્યાનમાં લેવામાં આવે છે.વસ્તીની જરૂરિયાતોને પહોચી વળવા ગ્રંથાલય સુધી પૂરી પાડવા ગ્રંથ સંગ્રહ વિકસાવવામાં આવે છે. ત્રણ વર્ષનાં ગાળા દરમ્યાન પ્રતિવ્યક્તિ બે પુસ્તકનું સામાન્ય લક્ષ હોય છે.

- **ત્રીજા તબક્કામાં**

જનસમુદાયની ઊંડાણપૂર્વકની અને સંખ્યાત્મક જરૂરીયાતને પહોંચી વળવા માટે સંગ્રહ વિકસાવવામાં આવે છે.સંગ્રહની ગુણવત્તા જાળવવા માટે પુસ્તકના બંધબેસતા પ્રાપ્તિ દરને અવગણવામાં આવે છે. વાચન સામગ્રીના નવાં સ્વરૂપોને સંગ્રહમાં સમાવવામાં આવે છે.

❖ **પુસ્તક પ્રાપ્તિ દર-2**

માર્ગદર્શિકાએ સામાન્ય ગ્રંથાલય માટે, નાના ગ્રંથાલય માટે, ફરતા ગ્રંથાલય અને વિશિષ્ટ સંગ્રહ માટે માનાંકો પ્રસ્થાપિત કર્યા છે.

સામાન્ય ગ્રંથાલયો : પ્રસ્થાપિત થયેલ ગ્રંથાલયસેવાઓમાં સામાન્ય પુસ્તકોની પ્રાપ્તિ માટે નીચેના દર પ્રયોજી શકાય.

| વસ્તી | વાર્ષિક પ્રતિવ્યક્તિ પુસ્તક | દર 1000 ની વસ્તીએ પુસ્તક |
|---|---|---|
| 25,000થી ઓછી | 0.25 | 250 |
| 25,000થી 50,000 | 0.225 | 225 |
| 50,000 + 0.2 | 0.2 | |

નીચેના ઉદાહરણો જુદા જુદા જનસમુદાય માટે ગ્રંથસંગ્રહનું કદ સૂચવે છે.

| પ્રસ્થાપિત | પરિસ્થિતિ -1 | પરિસ્થિતિ -1=2 | પરિસ્થિતિ -3 |
|---|---|---|---|
| ગ્રંથાલયસેવા (વસ્તી માટે) | 1,00,000 વસ્તી | 50,000(લગભગ) વસ્તી | 20,000(લગભગ) વસ્તી |
| મધ્યસ્થ સંગ્રહ | 200,000 ગ્રંથ | 100,000 ગ્રંથ | 40,000 ગ્રંથ |
| વાર્ષિક પુસ્તક પ્રાપ્તિ દર | 20,000 ગ્રંથ | 11,250 ગ્રંથ | 5000 ગ્રંથ |

**▪ નાના ગ્રંથાલયો અને ફરતા ગ્રંથાલયો**

આ બાબતોમાં સેવા મેળવતી વસ્તીના બદલે પુસ્તક પ્રાપ્તિ દર, રીન્યુ કરવામાં આવતો પુસ્તકોનો દર,આપ -લે દરનો આધાર ગ્રંથસંગ્રહના કદ માટે હોવો જોઈએ.અને વાર્ષિક 100 ટકા કે તેથી વધુ હોઈ શકે. આવી પરિસ્થિતિઓમાં આંતર ગ્રંથાલય લોન પદ્ધતિ આવશ્યક છે.

**E. માનવ સંસાધનો**

જનસમુદાયને ઉત્તમ સેવાઓ પૂરી પાડવા માટે સારી તાલીમ અને ગ્રંથાલયના સ્રોતનો અસરકારક ઉપયોગ કરાવવામાં પ્રેરણા પૂરી પાડે તેવા કર્મચારી નિભાવવા આવશ્યક છે.

- **કર્મચારીઓની કક્ષાઓ :**

સાર્વજનિક ગ્રંથાલયોમાં કર્મચારીઓની નીચેની કક્ષાએ જોવા મળે છે. લાયકાત ધરાવનાર ગ્રંથપાલ, મદદનીશ ગ્રંથપાલ,કમ્પ્યૂટર,નાણાંકીય (હિસાબી),માર્કેટિંગ ,તાલીમ વગેરે માટે નિષ્ણાંત કર્મચારીઓ અને સહાયક કર્મચારીઓ, કર્મચારીઓની તાલીમ માટે ભલામણ કરવામાં આવી છે કે ગ્રંથાલયના કુલ બજેટના **0.5 -1.0** ટકા અલગ તારવવા જોઈએ.

- **કર્મચારીનો સ્તર :**

2500 ની વસ્તી માટે 1પૂર્ણ સમય સમકક્ષ કર્મચારી સભ્ય. કર્મચારીઓ (સહાયક કર્મચારી સિવાય)નાં એક તૃતીયાંશ લાયકાત ધરાવનાર ગ્રંથપાલ હોવા જોઈએ.જ્યાં વસ્તીના વિશ્વસનીય આંકડા ઉપલબ્ધ ન હોય, કર્મચારીઓના સ્તર, ગ્રંથાલયોના કદ,કાર્યોની શ્રેણી અને ઉપભોકતાઓની સંખ્યા સંબંધિત હોઈ શકે છે.માર્ગદર્શિકાએ અન્ય બાબતો જેવી કે કર્મચારી સાથેના કરાર, કારકિર્દી,વિકાસ,કામની શરતો,આરોગ્ય અને સલામતી, ગ્રંથાલયમાં અસામાજિક તત્વો સાથે કામ પાર પાડવું વગેરે અંગે ભલામણોનું સુચન કરેલ છે.

**F. સાર્વજનિક ગ્રંથાલયોનું સંચાલન અને માર્કેટિંગ :**

સાર્વજનિક ગ્રંથાલયને અનુભવી, વ્યવહારુ અને સારી તાલીમ પામેલ સંચાલકો અને કર્મચારીઓ હોવા જોઈએ.

- **નાણાંકીય સંચાલન :**

ગ્રંથાલય કાર્યક્ષમ રીતે (મહત્તમ કામગીરી), કરકસરયુક્ત (લઘુત્તમ ખર્ચે) અને અસરકારક રીતે (મહત્તમ લાભ) ચલાવવા ગ્રંથાલય સંચાલકે નાણાંનું સ્તર વધારવા, લાંબાગાળાના આયોજન ઉપર 3-5 યોજનાઓ તૈયાર કરવા અને અન્ય રીતો માટે શોધ કરવી જોઈએ.

- **સંચાલનનાં સાધનો :**

સંચાલનના સાધનો તરીકે માર્ગદર્શિકા જનસમુદાયની જરૂરિયાતનું પૃથક્કરણ,નિયંત્રણ અને મૂલ્યાંકન અને કામગીરીના માપની ભલામણ કરેલ છે.જનસમુદાયની જરૂરિયાતના પૃથક્કરણ દ્વારા ગ્રંથાલય સ્થાનિક જનસમુદાયની અને તેની ગ્રંથાલય અને માહિતીસેવાઓ જરૂરિયાત અંગેની વિસ્તૃત માહિતી એકત્રિત કરે છે.ગ્રંથાલયના હેતુઓની પ્રાપ્તિના મૂલ્યાંકન અને નિયંત્રણના હેતુસર કામગીરીના માપ અથવા કામગીરીના નિર્દેશો નક્કી કરાય છે.

- **માર્કેટિંગ અને પ્રોત્સાહન**

ગ્રંથાલય સંચાલક માર્કેટિંગની યુક્તિઓનો ઉપયોગ તેના ઉપભોક્તાઓને સમજવા તથા તેમની જરૂરિયાતોના આયોજન માટે શક્ય બનાવે તે માટે અને સાર્વજનિક ગ્રંથાલયના મહત્ત્વની જનસમુદાય અને નાણાં પૂરા પાડતી સંસ્થાને ખાત્રી કરાવવા કરી શકે છે. ચોક્કસ હેતુઓને સુરક્ષિત કરવા નિર્ણયકર્તાઓ સાથે પ્રચાર કરવો.ગ્રંથપાલે ગ્રંથાલયના હિતમાં તેની મુખ્ય પ્રવૃત્તિઓમાં ગ્રંથાલયના નિયામક મંડળનો સમાવેશ કરવા શક્ય હોય તેટલી તકો શોધવા પ્રયત્ન કરવો જોઈએ.રેડિયો ઉપર પુસ્તક સમીક્ષા ,સાહિત્ય અને સાંસ્કૃતિક જૂથો સાથે કામ કરવા, સાક્ષરતા સંસ્થા સાથે કામ કરવા અને કાર્યક્રમ કરવા વગેરે છે.ગ્રંથાલયનો લેખિત સંદેશાવ્યવહાર ,માર્કેટિંગ અને પ્રોત્સાહિત માટેની નીતિ(મૂલ્યાંકન સહિત) હોવી જોઈએ જે નાગરિકોમાં ગ્રંથાલયસેવાઓના પ્રોત્સાહન માટે આયોજન કરવાનું શક્ય બનાવે.

## 2.4 રાષ્ટ્રીય

### 2.4.1 સાર્વજનિક ગ્રંથાલયનાં ભારતીય માનાંકો/ધોરણો (Indian Public Library Standrads/Noms)

ભારતમાં Advisory Committe for Libreries by K.P.Sinha 1958 થી શરૂ કરી National Policy on Library and Information System (NAPLIS)-1986 સુધીના અદ્યતન અહેવાલોએ સાર્વજનિક ગ્રંથાલય માટે વિવિધ ધોરણો/ માનાંકો , સિદ્ધિઓ અને માર્ગદર્શિકા નક્કી કર્યા છે.આ વિષય ઉપર રાજા રામમોહન રાય ફાઉન્ડેશન (RRRLF) એ 1991 માં Guideline for Public Library Sysetm and Services ટાઈટલ થી એક પ્રલેખ પ્રકાશિત કરેલ.રાજા રામમોહન રાય ફાઉન્ડેશન એ ભારત સરકારની સાર્વજનિક ગ્રંથાલયની ચળવળના વિકાસ સાથે જોડાયેલ છે.આ માર્ગદર્શિકાનો આધાર યુનેસ્કોનાં સાર્વજનિક ગ્રંથાલયનો ઘોષણાપત્ર અને ઇફ્લાના સાર્વજનિક ગ્રંથાલયનાં માનાંકો પર અને ભારતીય પરિસ્થિતિને અનુરૂપ હોય તેવા નવાં લક્ષણો પર ધ્યાને લેવામાં આવ્યા છે. આ પ્રલેખમાં સાર્વજનિક ગ્રંથાલયનાં અલગ માનાંકો આપતો નથી. પરંતુ યોગ્ય જગ્યાએ તે guide કરે છે.

**1. નાણાં :- (Financial)**

શિક્ષણ અને સંસ્કૃતિ ઉપર થયેલ ખર્ચનાં 1 ટકાનો ખર્ચ અથવા 1992-97 (આઠમી યોજના)દરમ્યાન રાજ્યો પ્રતિવ્યક્તિ 70 પૈસાનો (રાષ્ટ્રીય સરાસરી)કરતાં ઓછો ખર્ચ કરે ત્યાંથી શરૂ કરી 1 રૂ.ખર્ચ સુધી ખર્ચ કરવો અથવા જે લોકો 1 રૂ. ખર્ચ કરે તેમને પ્રતિ વ્યક્તિ રૂ.2.50નાં ખર્ચના સ્તર સુધી પહોચવાના પ્રયત્નો કરવા કરની જોગવાઈ અનુસાર રૂ.10 ચાર્જ હોવો જોઈએ.પરંતુ જે કુટુંબ 3 સભ્યો વ્યક્તિગત ધોરણે પુસ્તકો લઇ જતા હોય તેમને રૂ.337 (રૂ.20 )રાહત આપે છે.

**2. ગ્રંથાલય કર્મચારી :- (Library Personal)**

રાજ્ય/વિભાગીય/જીલ્લા શહેર મધ્યમ ગ્રંથાલયના સ્તરે દર શિક્ષિત 2000 ની વસ્તી 1 જગ્યા આપવી.સાર્વજનિક ગ્રંથાલયના પ્રકારોમાં 2500 શિક્ષિત વ્યક્તિમાં એક જગ્યા હોવી જોઈએ.મધ્યસ્થ ગ્રંથાલયોની બાબતમાં વ્યાવસાયિક કર્મચારીઓની સંખ્યા કુલ કર્મચારીઓના કુલ 40 ટકા અને અન્ય સાર્વજનિક ગ્રંથાલયોમાં 33 ટકા હોવી જોઈએ.

**3. ભવન :- (Building)**

ભવન માટે આંતરરાષ્ટ્રીય માનાંક તમામ સાર્વજનિક ગ્રંથાલય માટે ઉપયોગમાં લેવા જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય ભવનમાં સામુદાયિક કાર્ય કરવાની સુવિધા પૂરી પાડવા અને જ્યાં સ્વતંત્ર શાળા ગ્રંથાલય ન હોય ત્યાં બાળકોને સેવા પૂરી પાડવા લઘુત્તમ 1000 ચો.ફૂટ હોવું જોઈએ.

મધ્યસ્થ ગ્રંથાલય ભવન

| | | |
|---|---|---|
| વર્ગ-1 | 20 લાખ કરતાં વધુ વસ્તી | ક્ષેત્રફળ 50,000 ચો.ફૂટ |
| વર્ગ-2. | 25000 અને 20 લાખની વચ્ચે | ક્ષેત્રફળ 25,000 ચો.ફૂટ |

બંનેમાં સ્થળમાં 1000 વિસ્તરણ થઇ શકે તેવું વિશાળ હોવું જોઈએ. એક લાખ ચો.ફૂટ કરતાં કોઇપણ ભવનનું ક્ષેત્રફળ વધુ નહીં હોય માર્ગદર્શિકામાં કયા સ્તરના ગ્રંથાલયો કયો વર્ગ ધરાવે છે. તેની વિશિષ્ટ યાદી આપેલ છે.

**4. સ્થળ :- (Site)**

ગ્રંથાલય ભવન કેન્દ્રીય સ્થળ,શૈક્ષણિક સંસ્થાઓ અથવા વાણિજ્ય વિસ્તારના સાનિધ્યમાં હોવું જોઈએ. સ્થળનું ભોયતળિયું,તાપમાન લઘુત્તમ, સ્તંભાકાર વિસ્તરણ માટે પાયા મજબૂત હોવા જોઈએ .

**5. ડીઝાઇન :- (Disaign)**

ગ્રંથાલય ભવનની ડિઝાઈન ફેરફાર થઇ શકે તેવી હોવી જોઈએ. બે સ્થંભ વચ્ચે 21 ફૂટથી ઓછી અને 30 ફૂટથી વધુ ન હોવી જોઈએ તેટલી કે જેને ત્રણ વડે નિ:શેષ ભાગી શકાય તેટલી જગ્યા હોવી જોઈએ.તેટલી આકાર લંબચોરસ હોવી ઈચ્છનીય છે.બિનવાતાનુકુલિત ભવનમાં 9 ફૂટ 6 ઇંચ કરતાં ઓછી ઊંચાઈએ છત ન હોવું જોઈએ.એક કરતાં વધારે માળ હોય તો લીફ્ટની જોગવાઈ હોવી જોઈએ.તમામ માળની ભારવહન ક્ષમતા પ્રતિ ચો.ફૂટ 50 કિ.ગ્રા.હોવી જોઈએ.જુદાં જુદાં વિભાગોની મજલાઓ ઉપર એવી રીતે પસંદગી કરવી જોઈએ કે જેથી અવરજવર લઘુત્તમ કરી શકાય.4 ફૂટ લંબાઈવાળી ટ્યુબલાઈટ (પ્લાસ્ટિક આવરણ સિવાય) સાથે દરેક સફેદ પ્રકાશ (Forescent)નો ઉપયોગ કરવો જોઈએ. અલગ અભ્યાસ કેબીનોને બદલે 90 x 120 સે.મી.નાં માપવાળા ટેબલ પુરા પાડવા જોઈએ.ભોંયતળીયાના

વિસ્તારની પૂરક ક્ષમતા દર 11 ચો.ફૂટે 120 ગ્રંથોના દરે ગણતરી કરવી જોઈએ.દરેક વાચકને 25 ચો.ફૂટ જગ્યા હોવી જોઈએ.દરેક વહીવટી સ્ટાફને 54 ચો.ફૂટ અને સૂચીકરણ કાર્ય કરનારને 97 ચો.ફૂટ જગ્યા ફાળવવી જોઈએ.

**6. ફર્નિચર :- (Furniture)**

સ્ટીલના ઘોડાને પસંદ કરવા.રેમીન્ગટન અને ગોદરેજની ડીઝાઇન આંતરરાષ્ટ્રીય માનાંક તરીકે સ્વીકારેલ છે.ભારતીય ગ્રંથાલયોને ફર્નિચર ભવન,ફલકો,કેબીનેટ ,પ્રકાશ,બાઈન્ડીંગ ,સુરક્ષા વગેરે માટે (Bureau ઓફ Indian Standards) દ્વારા નક્કી કરેલા માપોને અનુસરવા સલાહ આપવામાં આવે છે.કેટલાંક નમુના નીચે આપવામાં આવ્યા છે.

**Indian Library Standards -3**

1. Specifications for Wooden Shelving cabinets (adjustable type) IS : 4116 (reafrimed-1998)
2. Specifications for Steel Shelving cabinets IS: 3312(reafrimed-1990)
3. Design of Library building –recommendations relating to its primary elements IS : 1533(revised-1989)
4. Specifications for library furniture and fittings part Timber IS:1829(part-1) 1978(reafrimed-1991) Part II(Steeel IS1829(part –ii) 1997(afrimed-1998)
5. Code of practice in library lighting IS 2672 1966(reafrimed-1990)
6. Specifications for mobile library van IS 2661-1975(reafrimed-1999)
7. Guide for preparation of abstract(1strev) IS795-1976(reafrimed-1992)
8. Guide for data elements and record formet for computer based databased forbibliographic description of diffrent kids of documents IS11370-1985(reafrimed-1998)

**2..4.2 સાર્વજનિક ગ્રંથાલયની ભારતીય માર્ગદર્શિકાઓ (Indian Public Library Guidelines)**

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઇફ્લા (International Federation of Library Associations and Institutions) જેવી સંસ્થાએ સાર્વજનિક ગ્રંથાલયો માટે માર્ગદર્શિકાઓ બહાર પાડેલ છે. ઇફ્લાએ ગ્રંથાલયોને સંલગ્ન ક્ષેત્રો જેવા કે બહેરા લોકો માટેના ગ્રંથાલયો , ફરતા ગ્રંથાલયો ,હોસ્પિટલ અને અપંગ લોકો ,બ્રેઇલ અને બોલતા પુસ્તકો, દ્રશ્ય શ્રાવ્ય સેવાઓ વગેરે માટે પણ માર્ગદર્શિકાઓ બહાર પાડેલ છે.

### 2.4.2.1. સાર્વજનિક ગ્રંથાલયોની ભારતીય માર્ગદર્શિકાઓ

**(Indian Public Library Guidelines)**

સાર્વજનિક ગ્રંથાલયના ભારતીય માનાંક માટે ભારતમાં કોઈએ ક્યારેક સાર્વજનિક ગ્રંથાલય માટે સંપૂર્ણ રીતે માર્ગદર્શિકાઓ પ્રકાશિત કરી નથી. રાજા રામમોહન રાય ફાઉન્ડેશન દ્વારા 1991 માં તૈયાર કરેલ Guidelines for Public Library Systems and Services ફક્ત એક જ પ્રલેખ છે.આ માર્ગદર્શિકાના નોંધપાત્ર લક્ષણો નીચે આપેલ છે.

#### 2.4.2.1.1. સ્રોત (Resource)

ગ્રંથસંગ્રહ સ્થાનિક ભાષામાં તમામ વિષયોને આવરી લે તો વિસ્તૃત હોવો જોઈએ .સતત સમીક્ષા થવી જોઈએ. અદ્યતન અને આકર્ષક રાખવો જોઈએ.

#### 2.4.2.1.2. સેવાઓનું સંયોજન (Organization of Services)

સાર્વજનિક ગ્રંથાલયનું મકાન મધ્યકેન્દ્ર ઉપર હોવું જોઈએ. અપંગ વ્યક્તિઓ પહોચી શકે તેમજ ઉપભોક્તાને અનુકુળ હોય તેવે સમયે ખુલ્લું રહેવું જોઈએ. ફર્નિચર આકર્ષક, અનૌપચારિક અને આવકારદાયક હોવું જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય તેની સામાન્ય દ્રષ્ટિમાં સક્રિય અને હકારાત્મક હોવું જોઈએ.તેના વાચકોને સંદર્ભસેવા અને ઘેર વાચન માટે પુસ્તકો આપવા માટે પ્રોત્સાહિત કરતું હોવું જોઈએ. પુરતી સંખ્યામાં તાલીમ પામેલ અને કાર્યક્ષમ કર્મચારી પસંદ કરવા અને સ્રોતનું સંયોજન કરવું અને ઉપભોક્તાઓને મદદ કરવી.

#### 2.4.2.1.3. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ (Public Library System)

એકમોનું એવું સંયોજન જેના નીચે દરેક એકમને તેના સંકલિત ભાગ તરીકે પૂર્વનિર્ણિત ભૂમિકા /કાર્ય સોપેલ હોય અને નાનો એકમ વહીવટી, ટેકનીકલ,નાણાંકીય અને વ્યક્તિગત સહાય કેન્દ્રીય એકમોમાંથી પ્રાપ્ત કરે.

#### 2.4.2.1.4. ગ્રંથાલયના કાર્યો

રાજ્ય સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના શિખર (અગ્રીમ એકમ) તરીકે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયે રાજ્યના તમામ પ્રકાશનોના સંગ્રહ કરવો. આ તમામ પ્રકાશનોની રાજ્યની વાડ્મયયસૂચી બહાર

પાડવાની,સામાન્ય ટેકનીકલ સેવાઓ જેવી કે કેન્દ્રીય પસંદગી અને પ્રક્રિયા કરવી વગરેમાં અગત્યની ભૂમિકા ભજવવાની હોય છે.

**2.4.2.1.5. સ્વેચ્છિક સંસ્થાઓ (Volunatary Organization)**

સ્વેચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા ગ્રંથાલયો સોસાયટી નોંધણી ધારા નીચે નોંધાયેલા હોવા જોઈએ.

**2.4.2.1.6. ગ્રંથાલયધારો (Library Legislation)**

રાજ્યમાં સંકલિત સાર્વજનિક ગ્રંથાલયસેવાઓના વિકાસ કરવા માટે ગ્રંથાલયધારો આવશ્યક હોવાનું સ્વીકારવામાં આવે છે.

**2.4.2.1.7. વહીવટી તંત્ર (Administrative Machinery)**

માર્ગદર્શિકા (અ) ગ્રંથાલય અને માહિતી સેવાનું રાષ્ટ્રીય નિગમ (બ) કેન્દ્ર કક્ષાએ ગ્રંથાલય અને માહિતી સેવાઓના કાર્યાલયની જરૂરિયાત માટે ભલામણ કરેલ છે. તેણે રાજ્ય કક્ષાએ ગ્રંથાલયોના નિયામક અને ગ્રંથાલય કમિટીની સ્થાપના કરવા સૂચવેલ છે.

**2.4.2.1.8. ગ્રંથાલય વિત્ત વ્યવસ્થા (Library Finance)**

માર્ગદર્શિકાએ (NAPLIS (National Policy of Library and information Service) ના અહેવાલની ભલામણો ગ્રંથાલય વિત્ત વ્યવસ્થાના સંદર્ભમાં પુનઃ સ્થાપિત કરી છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારે ગ્રંથાલયો માટે તેમના શિક્ષણના બજેટના 6-10 ટકા ખર્ચ પૂરો પડવો. ગ્રંથાલય ઉપક્રમ માટે કોઈ ચોક્કસ ભલામણ કરી નથી. ૪ મી યોજનાના ગ્રંથાલયો અને સુચના વિજ્ઞાનના કાર્યજૂથે દેશમાં તમામ ગ્રંથાલયો દ્વારા વાર્ષિક રૂ.1 થી રૂ.10 ના ઉપકરની ભલામણ કરી હતી.

**2.4.2.1.9. ગ્રંથાલયસેવાઓ (Library service)**

સાર્વજનિક ગ્રંથાલયે શિક્ષણ ,માહિતી, મનોરંજન,સંસ્કૃતિ (સૌન્દર્યલક્ષક દર) અને સંશોધન માટે સેવાઓ પૂરી પાડવી.

**2.4.2.1.10. ગ્રંથાલય કર્મચારીઓ (Library Personal)**

સામાન્ય સંદર્ભમાં દર બે હજારની શિક્ષિત વસ્તીએ રાજ્ય/વિભાગીય/જિલ્લા/શહેર કક્ષાના ગ્રંથાલયોમાં 1 જગ્યા પૂરી પાડવી જોઈએ.મધ્યસ્થ ગ્રંથાલયમાં કુલ સંખ્યાના 40% અને અન્ય સાર્વજનિક ગ્રંથાલયોમાં કર્મચારીઓની સંખ્યા 33 ટકા હોવી જોઈએ. મધ્યસ્થ ગ્રંથાલયોમાં (અ) વહીવટી સેવાઓ વિભાગ (બ) ટેકનીકલ

સેવાઓ (ગ) વાચક સેવા વિભાગ માટે પૂરતા કર્મચારીઓ પૂરા પાડવા જોઈએ.

**2.4.2.1.11. ગ્રંથાલય ભવન (Library Building)**

સામાન્ય રીતે 25000 ની વસ્તી માટે ક્ષેત્રફળ 21,520 ચો.ફૂટ અર્થાત્ પ્રતિ વ્યક્તિ 0.86 ચો.ફૂટ પૂરૂં પાડવું જોઈએ જે આંતરરાષ્ટ્રીય માનાંક છે. પરંતુ ,મધ્યસ્થ ગ્રંથાલય જેને સમગ્ર રાષ્ટ્ર, રાજ્ય કે પ્રદેશને સેવા પૂરી પડવાની છે તેની બાબતમાં લાગુ પાડી ન શકાય. આ બાબતોમાં વાસ્તવિક જરૂરિયાતના આધારે ક્ષેત્રફળની ગણતરી કરવી જોઈએ.

**2.4.2.1.12. અન્ય ભૌતિક સુવિધાઓ (Other Physical Facilities)**

તમામ ફ્લોરે એક સરખો પ્રકાશ હોવો જોઈએ. કોઇપણ ફ્લોર ઉપર અલગ અભ્યાસ કેબીન પૂરા ન પાડવા જોઈએ. ગ્રંથાલય ફર્નિચર અને ફીટીંગ અંગેના માનાંકોની માર્ગદર્શિકામાં સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

**2.4.2.1.13. સામગ્રી સંયોજન (Organisation of Material)**

મધ્યસ્થ પ્રક્રિયા એકમનું કાર્ય નિષ્ણાત વર્ગીકરણકાર અને સૂચીકરણકાર દ્વારા થવું જોઈએ. તે દરેક ગ્રંથાલયમાં તે જ પુસ્તકોની પ્રક્રિયા કરવામાં વ્યય થતા સમય અને પ્રયત્નો (સમય,શક્તિ અને નાણા) ના નાણાની બચત કરશે. નાના કસ્બા અને ગ્રામ ગ્રંથાલયોની બાબતમાં વર્ગીકરણ અને સૂચીકરણ સરળ કરવું જોઈએ.

**2.4.2.1.14. ગ્રંથાલયના રેકોર્ડ અને આંકડાઓ (Library Records and Statistics)**

તમામ ગ્રંથાલયો પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તેમની પાસેના સંગ્રહ અને સેવાઓના નિયમિત આંકડાઓ નિભાવે. ગ્રંથાલયોએ વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઈએ.

**2.4.2.1.15. માહિતી પ્રૌદ્યોગિકીની પ્રયોજીતા (Aplication of Information Technology)**

પ્રથમ માનવ નિર્મિત સૂચીકરણ (Manual Cataloguing) જેમાં (વર્ગીકરણ,વિષય શીર્ષકો આપવા વગેરેનો સમાવેશ થાય છે.) જે આગળ કમ્પ્યુટરી સૂચીકરણ માટે લઇ જાય છે તેને સુધારવું જોઈએ.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

(1) ઇફ્લાના સાર્વજનિક ગ્રંથાલયો માટેના માનાંકો 1973/1977 મુજબ સાર્વજનિક ગ્રંથાલયનાં કર્મચારીનું બંધારણીય માળખું શું છે.?

---

---

---

---

(2) સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિઓ અને સેવાઓ માટેની માર્ગદર્શિકા દ્વારા વર્ણવેલ ગ્રંથાલય ભવનની ડીઝાઇનનાં માનાંકો વર્ણવો.

---

---

---

---

---

(3) ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય માટે નિયત કરેલ નાણાંકીય માનાંકો ક્યાં છે.?

---

---

---

---

---

## 2.6. સારાંશ

આ એકમ ત્રણ ભાગમાં વહેંચવામાં આવેલ છે. તે આ પ્રમાણે છે: વ્યાખ્યાઓ,ધોરણો/માનાંકો અને માર્ગદર્શિકાઓ.વ્યાખ્યા વિભાગ સાર્વજનિક ગ્રંથાલયના ધોરણો , માનાંકો,માર્ગદર્શિકાઓ ઘોષણાપત્રની ચર્ચા કરે છે.

સાર્વજનિક ગ્રંથાલયના માનાંકો અથવા ધોરણો એ માપદંડ છે.જેના દ્વારા ગ્રંથાલયની સેવાઓ માપવામાં અને પરીક્ષણ કરવામાં

આવે છે. જ્યારે માર્ગદર્શિકાની બાબતમાં સાર્વજનિક ગ્રંથાલયના માનાંકો રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે નક્કી કરવામાં આવ્યા છે. તે આ એકમમાં આપેલ છે. ગ્રંથાલયના ભારતીય માનાંકો સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિઓ અને સેવાઓમાં યોગ્ય જગ્યાએ આપવામાં આવ્યા છે. અને આ એકમમાં યાદી આપવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઇફ્લા માર્ગદર્શિકાએ સાર્વજનિક ગ્રંથાલયના કોઈ વિશિષ્ટ માનાંક આપ્યા નથી. કારણ કે તેઓ માને છે કે સાર્વજનિક ગ્રંથાલયોની સાંપ્રત વિકાસની સ્થિતિ જુદી જુદી હોય છે.તેથી સાર્વત્રિક રીતે સેવાઓને પ્રયોજી શકાય તેવા સામાન્ય માનાંકો હોઈ ન શકે. આ હકીકત છતાં આંતરરાષ્ટ્રીય સંગઠનો જેવા કે ઇફ્લા , યુનેસ્કો દ્વારા આજે કોઈ પ્રકાશિત કરેલ માનાંક નથી. આ એકમમાં IFLA standards for Public Libraries 1973/1977 સારાંશ સ્વરૂપે રજુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અભ્યાસુઓ પાસે અપેક્ષા છે કે તેઓ ઇફ્લા માર્ગદર્શિકામાં આપેલ નિયમો/સલાહ (સંખ્યાત્મક બાબત ઉપર) નો અભ્યાસ કરશે.

## 2.7 બહુ વિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

(1) ઇફ્લાના સાર્વજનિક ગ્રંથાલયના આંતરરાષ્ટ્રીય માનાંકો 1973/1977 અનુસાર શાખા ગ્રંથાલયો અઠવાડિક ખુલ્લા રાખવાના કલાકો કેટલાં છે.?

(A) 18-૬0 કલાક (B) 15-60 કલાક

(C) 12-40 કલાક (D) 20-60 કલાક

(2) સાર્વજનિક ગ્રંથાલયોની આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકા તરીકે કોને સ્વીકારવામાં આવી.?

(A) IFLA Public Library Guideline 2000

(B) રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશન માર્ગદર્શક

(C) National Police on Library and Information System

(D) ઉપરમાંથી એક પણ નહીં.

(3) ભારતમાં Advisory Committe for Libraries by K.P.Sinha 1958 થી શરૂ કરી National Policy on Library and Information System (NAPLIS) 1986 સુધીના અદ્યતન અહેવાલોને કયા

પ્રકારના ગ્રંથાલય માટે વિવિધ પ્રકારના માનાંકો/ધોરણો અને માર્ગદર્શિકા રજુ કર્યા છે.?

(A) સાર્વજનિક ગ્રંથાલય (B) સંશોધન ગ્રંથાલય

(C) શૈક્ષણિક ગ્રંથાલય (D) યુનિવર્સિટી ગ્રંથાલય

(4) સાર્વજનિક ગ્રંથાલયોમાં સ્ટીલના ઘોડાને પસંદ કરવા કઈ કંપનીની ડીઝાઇન આંતરરાષ્ટ્રીય માનાંકો તરીકે સ્વીકારેલ છે.?

(A) રેમીન્ગટન અને ગોદરેજ (B) જલારામ

(C) બજાજ અને ગોદરેજ (D) ઉપરમાંથી એક પણ નહીં

(5) સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિઓ અને સેવાઓ માટેની માર્ગદર્શિકા દ્વારા વર્ણવેલ ગ્રંથાલય ભવનની ડીઝાઇનના માનાંકો મુજબ બે સ્તંભો વચ્ચેની જગ્યા કેટલી હોવી જોઈએ.?

(A) 25 ફૂટથી વધુ અને 30 ફૂટથી ઓછી હોવી જોઈએ.

(B) 21 ફૂટથી ઓછી અને 30 ફૂટથી વધુ ન હોવી જોઈએ.

(C) 15 ફૂટથી ઓછી અને 20 ફૂટથી વધુ ન હોવી જોઈએ.

(D) 10 ફૂટથી ઓછી અને 20 ફૂટથી વધુ હોવી જોઈએ.

(1 - A) , (2 - A), (3 - A), (4 - A), (5 - B)

## 2.8. તમારી પ્રગતિ ચકાસો (ઉત્તર સહિત)

➢ ઇફ્લાના સાર્વજનિક ગ્રંથાલયો માટેના માનાંકો 1973/1977 મુજબ સાર્વજનિક ગ્રંથાલયનાં કર્મચારીનું બંધારણીય માળખું શું છે.?

ઇફ્લા સાર્વજનિક ગ્રંથાલયો માનાંકો 1973/1977-કર્મચારી બંધારણ –રચના માટે નીચે મુજબ સુચન કરેલ છે.

- કુલ ચોથા વર્ગના કર્મચારી સિવાય (Non-Manual) વ્યવસાયિક,કારકુન ,વહીવટી, સૌથી નાનો વહીવટી એકમ -1 કારકુન સહિત 1 પૂર્ણ સમયના લાયકાત ધરાવતાં ગ્રંથપાલ
- વિકસિત સેવા માટેના દર 2000 ની વસ્તીએ એક વહીવટી એકમોમાં
- વધુ મોટા વહીવટી એકમો- વિસ્કસિત સેવાઓ દર 2500 ની વસ્તીએ એક

- લાયકાત ધરાવનાર ગ્રંથપાલોવાળા એકમ શહેરી , સઘન એકમો- વિકસિત ગ્રંથાલયોમાં    કુલ સ્ટાફના 33 %
- ઘણી શાખા ગ્રંથાલયો અને નાના સેવા એકમોવાળી    કુલ સ્ટાફના40 %
- ગ્રંથાલય પદ્ધતિઓ (મોટી ગ્રંથાલય પદ્ધતિમાં વ્યવસાયિક ગ્રંથપાલોના એક તૃતીયાંશ બાળકોના કાર્યમાં નિષ્ણાંત હોવા જોઈએ.)

સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિઓ અને સેવાઓ માટેની માર્ગદર્શિકા દ્વારા વર્ણવેલ ગ્રંથાલય ભવનની ડીઝાઇનનાં માનાંકો વર્ણવો.

ગ્રંથાલય ભવનની ડીઝાઇન એકમોવાળી (Modular) હોવી જોઈએ. એટલે કે બે સ્થંભો વચ્ચેની જગ્યા એકસરખી હોવી જોઈએ.બે સ્થંભો વચ્ચેની જગ્યા 21 ફૂટથી ઓછી અને 30 ફૂટથી વધુ ન હોવી જોઈએ. એ 3 વડે નિ : શેષ ભાગી શકાય તેવી હોવી જોઈએ ,ભવનનો આકાર લંબચોરસ હોય તે ઈચ્છનીય છે.કારણકે પુસ્તકોના ઘોડા અને ટેબલનો આકાર પણ તેવો જ હોય છે.બે માળ વચ્ચેની છાજલી માળિયાની ભલામણ કરવામાં આવેલ નથી.બિનવાતાનુકુલિત ભવનમાં 16 ફૂટ કરતાં વધુ અને વાતાનુકુલિત ભવનમાં 9 ફૂટ 6 ઇંચ કરતાં ઓછી ઊંચાઈએ છત હોવું ન જોઈએ.(છત પર પંખા લટકાવવા)દરેક ભોયતળિયે પુસ્તક લઇ જવાની ટ્રોલીને લાવવા લઇ જવાની સુવિધા માટે સપાટ હોવા જોઈએ.જો ભવન એક કરતાં વધુ મજલા ધરાવતું હોય તો પુસ્તકો માટે લિફ્ટની જોગવાઈ પૂરી પાડવી જોઈએ. ભોયતળિયાના મધ્યભાગમાં આંતરિક સીડીઓ હોવી ન જોઈએ.નીચેની જમીન ઊંડી ન હોય તો ભોયરું આપવું ન જોઈએ.તમામ મજલાઓની ભારવહન ક્ષમતા પ્રતિ ચો.ફૂટ 50 કિ.ગ્રામ હોવી જોઈએ.

- ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય માટે નિયત કરેલ નાણાંકીય માનાંકો ક્યાં છે.?

સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ અને સેવાઓની માર્ગદર્શિકાની આઠમી યોજના (1992 -1997) દરમ્યાન રાજ્યો પ્રતિ વ્યક્તિ 70 પૈસાનો (રાષ્ટ્રીય સરાસરી) કરતાં ઓછો ખર્ચ કરે છે. ત્યાંથી શરૂ કરીને પ્રતિ વ્યક્તિ રૂ.1 નાં ખર્ચે અથવા શિક્ષણ અને સંસ્કૃતિ ઉપર થયેલ ખર્ચનાં 1 ટકાનો ખર્ચ કરવા પ્રયત્ન કરવો અને જે રાજ્યો પ્રતિ વ્યક્તિ

રૂ.1નો ખર્ચ કરે છે. તેમણે પ્રતિ વ્યક્તિ રૂ.2.50 નાં ખર્ચ સુધીના ખર્ચના સ્તર ઉપર પહોચવા પ્રયત્ન કરવો.માર્ગદર્શીકાએ સાર્વજનિક ગ્રંથાલયસેવા કર લેવાની ભલામણ કરેલ છે તેને ઉપયોગી બનાવવા રૂ.10 ચાર્જ હોવો જોઈએ. પરંતુ જે કુટુંબનાં 3 સભ્યો વ્યક્તિગત ધોરણે પુસ્તકો લઇ જતાં હોય તેમને 33 ટકા (રૂ.20) રાહત આપવી.

## 2.9. શબ્દાવલી

- પ્રાપ્યતા (Accessibility): પ્રલેખોનો ઉપયોગ કરવાની તક અને અનુમતિ.
- વાડ્મય સંબંધી સોફ્ટવેર (Bibligraphic Software) : એવું સોફ્ટવેર જે વાડ્મય સંબંધી ડેટાબેઝની રચના કરે, અને વાડ્મય સંબંધી માહિતીની ઓળખ અને સ્થાન દર્શાવે.
- ગ્રંથાલય માનાંકો (Library Standards) : ગ્રંથપાલને વ્યાવહારિક કાર્યક્ષમતા માટે પસંદ કરવા માટેની સાચી ડીઝાઇનવાળું સ્વીકૃત વ્યવહાર અથવા માર્ગદર્શન.
- ગ્રંથાલય આકંડાશાસ્ત્ર (Library Statistics) : ગ્રંથાલયની કામગીરીના માપ અને જુદા જુદા વિભાગોના સંખ્યાત્મક આંકડા.
- વીજાણું સ્રોત (Electronic Resources) : વિશાળ ફલક પર પ્રાપ્તિ સાથેનું વિજાણું સ્વરૂપ જેમાં માહિતી સ્ત્રોત હોય.

## 2.10. સંદર્ભ અને વિશેષ વાંચન


- IFLA (1996) Gauidline for Public Libraries prepared by IFLA Section of Public Libraries.
- Munchen : K.S.Gaur IFLA (2000) Gauideline for Public Libraries prepared by IFLA Section of Public Libraries.
- Library Association Information Service Group (1999) Gauidlines for Reference and Information Service in Public Libraries. London : Library Association Information Group
- Whiters F.N.(1974) Standards for Library Services : An Introductional Survey. Unesco

# યુનિટ-3 સાર્વજનિક ગ્રંથાલયની સામાજિક ભૂમિકા

-: રૂપરેખા :-


**3.0** ઉદ્દેશો ( **OBJECTIV)**

**3.1** પ્રસ્તાવના **(INTRODUCTION)**

**3.2** સાર્વજનિક ગ્રંથાલયનો અર્થ અને ધ્યેય

**3.3** સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ

- **3.3.1** ઔદ્યોગિક ક્રાંતિની અસર
- **3.3.2** મુદ્રણકળાની શોધ
- **3.3.3** સાવર્ત્રિક શિક્ષણનો ફેલાવો
- **3.3.4** સાક્ષરતા
- **3.3.5** સંસ્થાઓ અને પરોપકારી વ્યક્તિઓ
- **3.3.6** માહિતી અને જ્ઞાન
- **3.3.7** સમયનો ઉપયોગ અને મનોરંજન

**3.4** સાર્વજનિક ગ્રંથાલયની લાક્ષણિકતાઓ

- **3.4.1** સામાજિક - આર્થિક લાક્ષણિકતાઓ
- **3.4.2** રાજનૈતિક - ઐતિહાસિક લાક્ષણિકતાઓ
- **3.4.3** શૈક્ષણિક લાક્ષણિકતાઓ
- **3.4.4** મનોવૈજ્ઞાનિક લાક્ષણિકતાઓ
- **3.4.5** સમાનતા
- **3.4.6** વિના મૂલ્યે સેવા

**3.5** સાર્વજનિક ગ્રંથાલયની સામાજિક ભૂમિકા

- **3.5.1** સ્વશિક્ષણનું કેન્દ્ર તરીકે
- **3.5.2** માહિતી કેન્દ્ર તરીકે
- **3.5.3** સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે

**3.5.4 સમયના ઉપયોગ તરીકે**

**3.5.6 બાળકોમાં વાંચન ટેવ અને સર્જનાત્મક વિકાસ તરીકે**

**3.5.7 નિષ્પક્ષ સંસ્થા તરીકે**

**3.5.8 સંગ્રહ વિકાસ તરીકે**

**3.5.9 સ્થાનિક સંસ્કૃતિ અને ઈતિહાસનો પ્રચાર અને સંરક્ષણ**

**3.5.10 લોકશાહી મૂલ્યોનો પ્રચારઃ**

**3.5.11 મહિલા સશક્તિકરણમાં મદદઃ**

**3.5.12 સ્થાનિક પ્રતિભા અને કલાકારોને પ્રોત્સાહન**

**3.6 સાર્વજનિક ગ્રંથાલયની સેવાઓ**

**3.7 સારાંશ**

**3.8 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)**

**3.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**3.10 સંદર્ભો અને વિશેષ વાંચન**

---

## 3.0 ઉદ્દેશો – ( OBJECTIV)

---

વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ આપ,

- સાર્વજનિક ગ્રંથાલયનો અર્થ સમજી શકશો.
- સાર્વજનિક ગ્રંથાલયની ભૂમિકા જાણી શકશો.
- સાર્વજનિક ગ્રંથાલયની લાક્ષણિકતાઓ વિષે સમજી શકશો.
- સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો વિશે જાણી શકશો.
- સાર્વજનિક ગ્રંથાલયની વૃદ્ધિ વિશે જાણી શકશો.

---

## 3.1 પ્રસ્તાવના (INTRODUCTION)

---

વ્યક્તિના વિકાસ તેમજ સામાજિક વિકાસ માટે માહિતી મહત્ત્વનું પરિબળ છે. સાર્વજનિક ગ્રંથાલય સામાજિક સંસ્થા છે, કે જેના પર સમુદાય વિકાસનું મૂલ્ય આધારિત છે. સમાજની પ્રગતી માટે આ સંસ્થાનું નિર્માણ કરવામાં આવે છે. તે વ્યક્તિગત જીવન અને સામજિક સમૃદ્ધિ માટે અગત્યની ભૂમિકા ભજવે છે. આ ગ્રંથાલયો નાગરિકો માટે માહિતી એક્સપોઝર,માહિતી સંપાદન, સંગ્રહ અને તેનો પ્રસારનું કાર્ય

કરે છે. સાર્વજનિક પુસ્તકાલયો નાગરિકોને તેમની ઉંમર, જાતિ અને સંપ્રદાયનાના ભેદભાવ વિનામાહિતી પૂરી પડે  છે.

યુનેસ્કો પબ્લિક લાયબ્રેરી મેનિફેસ્ટો કહે છે કે, "સાર્વજનિક પુસ્તકાલયની સેવાઓ બધાને અનુલક્ષીને ઍક્સેસની ગુણવત્તાના આધારે પ્રદાન કરવામાં આવે છે ઉંમર, જાતિ, લિંગ, ધર્મ, રાષ્ટ્રીયતા, ભાષા અથવા સામાજિક દરજ્જો. બધા વય જૂથો શોધવા જ જોઈએ તેમની જરૂરિયાતોને અનુરૂપ સામગ્રીએ વર્તમાન પ્રવાહો અને ઉત્ક્રાંતિને સમાજ તેમજમાનવીય પ્રયત્નો અને કલ્પનાની સ્મૃતિ. પ્રતિબિંબિત કરવી જોઈએ."

સાર્વજનિક ગ્રંથાલય તે સમાજમાંનાગરિકને શિક્ષિત કરી વ્યક્તિગત, અને વિચારશીલ સમુદાયોને પ્રોત્સાહન આપી સમાજમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે  છે. તે સમુદાય વિકાસ માટે સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડાયેલા સાક્ષરતા કાર્યક્રમને સમર્થન આપે છે. જાહેર ગ્રંથાલયો વ્યક્તિગત અને સામાજિક વિકાસ માટે માહિતીના સ્થાનિક પ્રવેશદ્વાર  છે. જાહેર ગ્રંથાલયો સામાન્ય પ્લેટફોર્મ પૂરું પાડી સમાજમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે, તે સ્થાનિક સમુદાયોમાં શૈક્ષણિક અને મનોરંજન વિકાસ અને લોકોમાં મૂલ્યો વધારી લોકશાહીને વધારે છે જ્યાં વ્યક્તિઓ અન્વેષણ કરવા, વાર્તાલાપ કરવા અને કલ્પના કરવા ભેગા થાય  છે.

**એડવર્ડ્સ, રૌસ્કો અને ઉંગર (૨૦૧૩)**

જાહેર ગ્રંથાલય સેવાઓને પાંચ વ્યાપક શ્રેણીઓમાં વર્ગીકૃત કરે છે.

(૧) ગ્રંથાલયોના સમુદાયો

(૨) વિવિધ વસ્તી માટે સમુદાય કેન્દ્રો તરીકે ગ્રંથાલયો

(૩) કળા માટેના કેન્દ્રો તરીકે ગ્રંથાલયો

(૪) યુનિવર્સિટી તરીકે ગ્રંથાલયો

(૫) યુવાનોના ચેમ્પિયન તરીકે ગ્રંથાલયો

આધુનિક યુગને માહિતી યુગ કહેવામાં આવે છે જ્યાં માહિતીને પાંચમા અને અગ્રણી પરિબળ તરીકે માહિતીમાં સમાજનું સ્વરૂપ બદલાયું છે. સમાજ વધુ અદ્યતન અને ઉત્પાદક સમાજ  છે. લોકોમાં માહિતી, સાર્વજનિક પુસ્તકાલયો કેન્દ્રમાં છે. આધુનિક સમાજમાં વિવિધ

પ્રકારના ગ્રંથાલયોનો વિકાસ થયો તેમાં સાર્વજનિક ગ્રંથાલયની વૃદ્ધિ, કાર્યોની ચર્ચા કરવામાં આવી છે.

## 3.2 સાર્વજનિક ગ્રંથાલયનો અર્થ અને ધ્યેય

સાર્વજનિક ગ્રંથાલય એ વ્યક્તિગત જુથને આજીવન શિક્ષણ, સ્વતંત્ર નિર્ણય શક્તિ અને સંસ્કૃતિક વિકાસની પ્રાથમિક ભૂમિકા પૂરી પાડનાર જ્ઞાનનું પ્રવેશ દ્વાર છે. વિવિધ વિદ્વાનો દ્વારા સાર્વજનિક ગ્રંથાલયના હેતુ અને મહત્ત્વને આધરે તેને વ્યાખ્યાયિત કર્યું છે. શૈક્ષણિક પાસા સંદર્ભે લોકો માટેનું વિશ્વવિદ્યાલય, સર્જનાત્મક પાસા સંદર્ભે સંસ્કૃતિક કેન્દ્ર તેમજ વિવિધ પાસા સંદર્ભે અધિકૃત માહિતી પ્રાપ્ત કરવાનું કેન્દ્ર માનવામાં આવે છે.

### ❖ વ્યાખ્યા (DEFINATION)

In The Librarian's Book of Lists (Chicago: ALA, 2010), George Eberhart offers this definition:

(1) હાર્ટસિલ યંગ, ગ્લોસરી ઓફ લાઇબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ (ALA, 1983)

(2) રોબર્ટ એસ.માર્ટિન, "લાઇબ્રેરી અને લર્નર્સ ઇન ધ ટ્વેન્ટી-ફર્સ્ટ સેન્ચ્યુરી," કોરા પોલ બોમર લેક્ચર, ગ્રીન્સબોરો ખાતે યુનિવર્સિટી ઓફનોર્થ કેરોલિના, ૫ એપ્રિલ, ૨૦૦૩.

(3) ડીના બી.માર્કમ, "ડિજીટલ યુગ લાઇબ્રેરી માટે સંશોધન પ્રશ્નો," લાઇબ્રેરી ટ્રેન્ડ્સ ૫૧ (સ્પ્રિંગ ૨૦૦૩ ): ૬૩૬-૬૫૧.માંથી સંકલિત કરેલ વ્યાખ્યા સંકલિત કર્યા મુજબ,"પુસ્તકાલય એ વિવિધ ફોર્મેટમાં સંસાધનોનો સંગ્રહ છે જે માહિતી વ્યાવસાયિકો અથવા અન્ય નિષ્ણાતો દ્વારા આયોજિત કરવામાં આવે છે જેઓ અનુકૂળ ભૌતિક, ડિજિટલ, ગ્રંથસૂચિ, અથવા બૌદ્ધિક એક્સેસ પ્રદાન કરે છે અને લક્ષાંકિત સેવાઓ અને કાર્યક્રમો પ્રદાન કરે છે વિવિધ પ્રેક્ષકોને શિક્ષિત કરવા, માહિતી આપવા અથવા મનોરંજન કરવાના મિશન સાથે અને વ્યક્તિગત શિક્ષણને ઉત્તેજીત કરવાના અને સમગ્ર સમાજને આગળ વધારવાના ધ્યેય સાથે."

**વિલિયમ ઈવાટ (Viliam Eavat)**

સાર્વજનિક ગ્રંથાલય એટલે એવું ગ્રંથાલય જે લોકો દ્વારા, લોકોના મનોરંજન માટે, ચોક્કસ નિયમો દ્વારા સ્થાપિત, જાહેર ફંડમાંથી ચાલતું હોય.

**યુનેસ્કો**

યુનેસ્કોએ ૧૯૪૯ સાર્વજનિક ગ્રંથાલયની એક સર્વસ્વીકૃત પરિભાષા આપી છે. ઇ.સ. ૧૯૭૨માં અને ૧૯૯૪માં સંશોધિત કરવામાં આવી. આ પરિભાષા "યુનેસ્કો સાર્વજનિક ગ્રંથાલય ઢંઢેરો તરીકે ઓળખાય છે. તેને અનુસાર નીચેની વિગતે,

- સાર્વજનિક ગ્રંથાલય એ આજીવન જ્ઞાનપ્રાપ્તિ, સ્વતંત્ર નિર્ણયશક્તિનું કેન્દ્ર છે.
- સાંસ્કૃતિક વિકાસ માટે સામાજિક સમુદાયોને વ્યક્તિઓને અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડતું; જ્ઞાજગતનું સ્થાનિક પ્રવેશ દ્વાર છે.
- વય, જાતિ, લિંગ, સંબંધ, રાષ્ટ્રીયતા, ભાષા કે સામાજિક મોભાના કોઈપણ ભેદભાવ વગર બધાંને માટે સમાન રૂપથી સેવા આપે છે.
- તે વ્યક્તિઓને મનમાં શાંતિ, આધ્યાત્મિક કલ્યાણની ભાવનાનો વિકાસ, શિક્ષણ, સાંસ્કૃતિનો વિકાસ કરે છે. માહિતી માટે જીવંત પ્રોત્સાહન બળ પૂરું પાડે છે.
- તે ઉપભોક્તાઓ માટે તમામ પ્રકારના જ્ઞાન અને માહિતીને કોઇપણ અવરોધ વિના ઉપલબ્ધ કરતું માહિતીનું સ્થાનિક કેન્દ્ર છે,
- તે એવાં ગ્રંથાલયો છે કે જેમના પ્રલેખસંગ્રહમાં સમાજની સામાજિક પ્રવૃત્તિઓ, તેમના વિકાસને લગતી સામગ્રીની,માનવજાતિના પ્રયત્નો, ઉદ્યમો કલ્પનાશક્તિનું સ્મરણ કરાવનારી સામગ્રીનો સંગ્રહ કરવામાં આવે છે.

❖ **સાર્વજનિક ગ્રંથાલયના ધ્યેયો**

સાર્વજનિક ગ્રંથાલયોનાં ધ્યેયોની "પબ્લિક લાઈબ્રેરી મેનિફેસ્ટો'માં યુનેસ્કોએ પ્રથમવાર સાર્વજનિક ચર્ચા કરી છે, કે જે

સાર્વજનિક ગ્રંથાલય સેવાના આધાર સ્વયંભૂ હોવો જોઈએ તથા માહિતી, શિક્ષણ, સંસ્કૃતિ અને સાક્ષરતા, સાથે જોડાયેલા છે. આ લક્ષણો નીચે મુજબ છેઃ

- વ્યક્તિગત અને સ્વયંસંચાલિત એમ બંને પ્રકારના શિક્ષણને સહાયરૂપ થવું;
- બાળકોમાં નાની વયથી જ વાચનટેવ વિકસાવી
- સાંસ્કૃતિક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવું;
- વ્યક્તિગત સર્જનાત્મક વિકાસ માટેની તકો પૂરી પાડવી;
- સાંસ્કૃતિક વિવિધતાને સમર્થન આપવું;
- નાગરિકોને માહિતીની ઉપલબ્ધિ કરાવવી.
- માહિતી અને કોમ્પ્યૂટર સાક્ષરતાનાં કૌશલ્યોના સ્વયં ઉપયોગ માટે લોકોને સક્ષમ બનાવવા.

## ❖ તમારી પ્રગતિ ચકાસો.

**(1) પબ્લિક લાઈબ્રેરી મેનિફેસ્ટો'માં યુનેસ્કોએ પ્રથમવાર સાર્વજનિક ગ્રંથાલયના ધ્યેયોની ચર્ચા કરેલ ધ્યેયો જણાવો**

નોધ : - (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(ii) એકમને અંતે આપેલ ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 3.3 સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ

સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ માટે સદીઓ જેટલો સમય લાગ્યો તેના વિકાસ માટે અસરકારક પરીબળો જોતા નીચેના પરિબળોનો સમાવેશ થાય છે.

3.3.1 મુદ્રણ કળાની શોધ
3.3.2 ઔદ્યોગિક ક્રાંતિની અસર
3.3.3. સાક્ષરતા
3.3.4. સાવર્ત્રિક શિક્ષણનો ફેલાવો
3.3.5 સંસ્થાઓ અને પરોપકારી વ્યક્તિઓ
3.3.6 માહિતી અને જ્ઞાન માટેની ઈચ્છા
3.3.7 સમયનો ઉપયોગ અને મનોરંજન

### 3.3.1 મુદ્રણ કળાની શોધ

શાહી, કાગળ તથા મુદ્રણકલાની શોધ પહેલાં વ્યક્તિઓ અથવા સમૂહો વચ્ચે માહિતી પ્રત્યાયન ખૂબ ધીમી ગતિએ થતું હતું. ચીનમાં તેની શોધ થઈ, અરબમાં તેનામાં સુધારો થયો અને યરોપમાં તેને પરિષ્કૃત કરવામાં આવી શાહી અને કાગળની શોધને લીધે ૧૬ મી સદીમાં મુદ્રણની શોધ થઈ. જેણે પ્રકાશનમાં ઘણી નકલોની પ્રાપ્તિ થઈ, જેને સાર્વજનિક ગ્રંથાલયના વિકાસનો માર્ગ ખોલ્યો અને લોકોના ઉપયોગ માટે છાપેલી નકલો ઉપલબ્ધ બની.

### 3.3.2 ઔદ્યોગિક ક્રાંતિની અસર

મુદ્રણકલાના આવિષ્કાર પહેલાંમાહિતી પ્રત્યાયન વ્યક્તિઓ અથવા સમૂહો વચ્ચે ધીમી ગતિએ થતું હતું. મુદ્રણકલાની શોધ થયા બાદ ઓછી કિંમતે વધારે સંખ્યામાં સારી ગુણવત્તા ધરાવતાં ટકાઉ પુસ્તકો તૈયાર થવા લાગ્યાં. પ્રત્યાયન પ્રૌદ્યોગિકીના વિકાસને લીધે રેકોર્ડઝ, આલેખો, રેખાંકનો, ફિલ્મો, સ્લાઈડ્ઝ વગેરે જેવી દૃશ્ય-શ્રાવ્ય સામગ્રીના આવિર્ભાવને પરિણામે સાક્ષરો, નિરક્ષરો અથવા નવા સાક્ષરો જ્ઞાન પ્રાપ્તિમાં ખૂબજ ઉપયોગી પુરવાર થયા. વર્તમાન સમયમાં સમૂહ-માધ્યમો અને ઈલેક્ટ્રોનિક સંચાર માધ્યમોના ઉપયોગના કારણે ભૌગોલિક, રાજકીય અને અન્ય માહિતી જનસમૂહોને ત્વરિત રીતે

માહિતી પૂરા પાડવાનું શક્ય બન્યું. ઔદ્યોગિક ક્રાંતિએ સરંજામશાહીના મૃત્યુને ઘૂંટણીએ પાડી અને મૂડીવાદની ચડતીની પરિસ્થિતિનું નિર્માણ કરી.લોકાને સરંજામશાહીમાંથી મુક્ત કરી શિક્ષણની જરૂરિયાત સમજાવી. શિક્ષણના ફેલાવાએ વાચનની પ્રેરણા થકી સાર્વજનિક અને અન્ય ગ્રંથાલયોના આવિષ્કાર માટે દોરવણી આપી.

**3.3.3 સાક્ષરતા**

માણસને સાક્ષરતા પ્રાપ્ત કરવામાં શાળાઓએ ખુબજ અગત્યનો ભાગ ભજવ્યો,માણસે પુસ્તકો અને સ્ત્રોતમાં ઉપલબ્ધ જ્ઞાનને પોતાની જાત માટે ઉપયોગી બનાવવા માટે વાચન, લેખન અને ગણિતમાં કુશળતા પ્રાપ્ત કરવી પડી, તે માટે તે સાર્વજનિક ગ્રંથાલયો જેવી સંસ્થાઓ પર ઘણો નિંભર રહ્યો. ભારત સરકારની મદદથી દેશના મોટા ભાગના જિલ્લાઓમાં સાક્ષરતા અભિયાન શરૂ કરી ભવિષ્યમાં સંપૂર્ણ રાષ્ટ્ર સાક્ષરતા પ્રાપ્ત કરે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા. આખી દુનિયામાં ફેલાયેલા પ્રૌઢ શિક્ષણની પ્રવૃત્તિઓ જુદા જુદા દેશોમાં સાર્વજનિક ગ્રંથાલયના વિકાસના નિર્માણની પ્રેરણા પૂરી પાડે છે. અનુસાક્ષરતાના તબક્કે સાર્વજનિક ગ્રંથાલયનો સામાજિક સંસ્થા તરીકે સ્વીકાર થાય છે. જે નવું અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરનારને યાદ રાખવામાં અને ફેલાવો કરવામાં મદદરૂપ બને છે.

### 3.3.4. સાવર્ત્રિક શિક્ષણનો ફેલાવો

કોઈ પણ વ્યક્તિ માટે સ્રોતોમાંથી મળતા મર્યાદિત જ્ઞાનને મેળવવું પૂરતું નથી હોતું. તેમની પ્રગતિ સામૂહિક પ્રયત્નો પર નિંભર હોય છે. લોકો વ્યક્તિગત પ્રગતિ સાધી શકે અને રાષ્ટ્રની પ્રગતિમાં પણ સામૂહિક રીતે પોતાનું પ્રદાન આપી શકે એટલા માટે જ દરેક નાગરિક માટે શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે. આ પ્રકારનું જન-શિક્ષણ સતત ચાલતું રહેવું જોઈએ, કે જે સાર્વજનિક ગ્રંથાલયો દ્વારા જ સંભવિત છે. આજીવન સ્વયંશિક્ષણ માટે ગ્રંથાલયો જ મદદરૂપ થઈ શકે.

### 3.3.5 સંસ્થાઓ અને પરોપકારી વ્યક્તિઓ

જેમની પાસે આજીવન સ્વયંશિક્ષણનું કોઈ સાધન નથી. તેવા લોકો ગ્રંથાલયના માધ્યમથી તેને પ્રાપ્ત કરી શકે તે માટે કેટલાક સંસ્કાર સંપન્ન પરોપકારી વ્યક્તિઓ અને સંસ્થાઓએ સાર્વજનિક ગ્રંથાલયના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. તે માટે વિભિન્ન ક્ષેત્રોના અગ્રણી, સફળ ઉદ્યોગપતિએ, સંસદસભ્યો, શિક્ષણશાસ્ત્રીઓ, રાજકીય આગેવાનો અને અન્ય વ્યક્તિઓ કે જેમણે ખુબ જ સંઘર્ષબાદ જ્ઞાન કે જરૂરી માહિતી મળી હોય તેમણે સામાન્ય જનતા માટે ગ્રંથાલયોની સ્થાપના તથા વિકાસના હેતુથી પહેલ કરીને નાણાં, ભવનો, પુસ્તકો વગેરે પૂરાં પાડી, સાર્વજનિક ગ્રંથાલયની વૃદ્ધિમાં નાણાંકીય સહાય પૂરી પાડી છે આ બાબતે યુ.કે.માં એન્ડ્રુ કાર્નેગી અને ભારતમાં વડોદરાના મહારાજા સયાજીરાવે મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. આ કારણથી પશ્ચિમમાં સાર્વજનિક ગ્રંથાલયોનો ઝડપી વિકાસ થયો.

### 3.3.6 માહિતી અને જ્ઞાન માટેની ઈચ્છા

સામાજિક ઈતિહાસશાસ્ત્રીઓ મુજબ માણસમાં ઝંખના છૂપાયેલી છે. માનવની વ્યક્તિગત સ્વતંત્રતા, વિચાર અને અભિવ્યક્તિનો અધિકાર, પ્રત્યાયનનો અધિકાર વગેરેને લીધે જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર ઈચ્છાએ વગેરે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીની મદદથી પોતાની આસપાસના પરિબળો પર નિયંત્રણ મેળવવું. જીવનમાં આર્થિક અને સામાજિક ક્ષેત્રે પ્રતિસ્પર્ધાત્મક સંજોગોમાં સફળતા મેળવવી તેને પરિણામ સ્વરૂપ માનવીમાં સાંસ્કૃતિક વિકાસની ઉપલબ્ધિ માટે જ્ઞાન પિપાસા પ્રબળ બનતી ગઈ. જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર ઈચ્છા એ માણસને કોઈ પણ સંભવિત સ્ત્રોત દ્વારા જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રેરણા મળી. આ પરિબળોનો ફળ સ્વરૂપે માણસ વ્યક્તિગત તથા સામૂહિક રીતે જ્ઞાનપ્રાપ્તિને આત્મસાત કરવા માટે તથા પોતાની પ્રજ્ઞા અને વિવેકબુદ્ધિથી તેનો ઉપયોગ કરવા માટે સદીઓથી પ્રયત્નશીલ છે. શિક્ષણના ફેલાવા સાથે, પુરુષ અને મહિલામાં જ્ઞાન અને માહિતીની પ્રેરણા વિકાસ માટે સામાન્ય લોકો વ્યક્તિગત અને સમાજના સામાજીક આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ માટે. જ્ઞાન અને માહિતીની પ્રેરણા

મેળવવા ગ્રંથાલયમાં જઈને તેના સંસાધનો અને સેવાઓનો ઉપયોગ કરે છે.

### 3.3.7 સમયનો ઉપયોગ અને મનોરંજન

માનવશક્તિ દ્વારા કરવામાં આવતાં રોજબરોજનાં કાર્યો માટે યંત્રોના ઉપયોગને લીધે માણસ ઓછા સમયમાં વધુ ગુણવત્તા ધરાવતી વધુ વસ્તુઓનું ઉત્પાદન કરતો થયો, જેના વેચાણને કારણે તેને વધુ સંપત્તિ પ્રાપ્ત થતી ગઈ. તે સંપત્તિનો ઉપયોગ તે શિક્ષણની પ્રાપ્તિ માટે તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રોત્સાહન માટે કરતો થયો. ધીરે ધીરે વ્યક્તિ પોતે શિક્ષણની પ્રાપ્તિ માટે તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રોત્સાહન માટે બચેલ સમયનો ઉપયોગ કરતો થયો. શિક્ષણના ફેલાવાની જુદા જુદા દેશોમાં સાર્વજનિક ગ્રંથાલયની વૃદ્ધ ઉપર સીધી અસર થઈ  છે. સમયનાં સદઉપયોગ માટે પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો વગેરેની માંગ વધતા સાર્વજનિક ગ્રંથાલયની સંસ્થાઓનો પણ વિકાસ થતા સાર્વજનિક ગ્રંથાલય દ્વારા આયોજિત જુદી જુદી સાહિત્યિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ વધી. સાર્વજનિક ગ્રંથાલયના વિકાસને લીધે માનવી ફુરસદના સમયનો ઉપયોગ ગ્રંથાલય માટે કરતો થયો. સામાજિક સંસ્થાઓમાં પ્રાપ્ત કરેલું શિક્ષણ યાદ રાખવા અને ફેલાવો કરવા ગ્રંથાલય મહત્ત્વની સામાજિક સંસ્થા તરીકે સ્વીકાર થયો.

## ❖ તમારી પ્રગતિ ચકાસો

**(2) સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસના મુદ્દાઓ જણાવો?**

**નોધ** :- (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

(ii) એકમને અંતે આપેલ ઉતરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

## 3.4 સાર્વજનિક ગ્રંથાલયની લાક્ષણિકતાઓ

સાર્વજનિક ગ્રંથાલયનો ઉદ્દભવ સમાજની શૈક્ષણિક, સાંસ્કૃતિક અને મનોરંજનાત્મક અને માહિતીની જરૂરિયાતને પહોંચી વળવા માટે થયો હતો. સાર્વજનિક ગ્રંથાલયનું કાર્યક્ષેત્ર અને ખાસીયતો યુનેસ્કો સાર્વજનિક ગ્રંથાલય ઘોષણા પત્ર પ્રથમ પ્રકાશન ૧૯૪૯ જે બાદ સુધારીને ૧૯૭૨ અને ૧૯૯૪ જે પારદર્શક સ્પષ્ટીકરણ મુજબ સાર્વજનિક ગ્રંથાલય સામાજીક સંસ્થા  છે. સાર્વજનિક ગ્રંથાલયની લાક્ષણિકતા જોઈએ તો સામાજિક આર્થિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક, રાજનૈતિક, ઐતિહાસિક અને શૈક્ષણિક લાક્ષણિકતાઓ  છે.

### 3.4.1 સામાજિક - આર્થિક લાક્ષણિકતાઓ

ભારતની વસ્તીના ૭૦% થી પણ વધારે લોકોનગરો, ગામો અને કસબાઓમાં રહે  છે. ભારત કૃષિપ્રધાન દેશ  છે. તેની માથાદીઠ આવક ઘણી ઓછી છે, ૪૦% લોકો ગરીબી રેખાની નીચે જીવન જીવે છે. ભારતના લોકોમાં આર્થિક વિષમતા વધારે જોવા મળે  છે. ઔદ્યોગિક વિકાસને પરિણામ સ્વરૂપ ગ્રામીણ લોકો શહેર તરફ સ્થળાંતર કરી રહ્યા  છે. ભારત દેશ વિવિધ ભાષાનો દેશ છે. સ્થળાંતર કરતા લોકોના એક ભાષા અથવા દ્વિભાષી લોકોના મોટી સંખ્યામાં વિભિન્ન ભાષા-ભાષી જૂથો વસે છે. દરેક રાજ્યમાં તેમની વસ્તીનો એક વિશાળ સમૂહ એ રાજ્યની ભાષા સિવાયની અન્ય ભાષાઓમાં પ્રત્યાયન કરે છે. વસ્તીને વિવિધ ધર્મો અને જાતિઓ, રીતિરિવાજો, વર્તન વ્યવહારો, પોશાક, કૌટુંબિક નિયમોને આધરે વર્ગીકૃત કરી શકાય.

### 3.4.2 રાજનૈતિક - એતિહાસિક લાક્ષણિકતાઓ

ભારત એક લોકશાહી દેશ હોવા છતાં લોકશાહી પરંપરાઓ નથી. આપણે ત્યાં રાજકુમારો, રાજાઓ અને મહારાજાઓનું શાસનને પરિણામે આર્થ, સમિટિક, રોમન અને દ્રવિડિયન પ્રજાતિઓના મિશ્રિત પ્રભાવથી યુક્ત મહાન સભ્યતા અને સંસ્કૃતિ આપણને વારસામાં મળી  છે. આમ

રાજનૈતિક રીતે ભારત ઉપર વિવિધ વિચારધારાઓ ધરાવતા રાજકીય પક્ષોનું શાસન રહ્યું છે.

### 3.4.3 શૈક્ષણિક લાક્ષણિકતાઓ

સાક્ષરતાની દ્રષ્ટિએ જોઈએ તો, વસતીનો લગભગ ૬૦% ભાગ અશિક્ષિત છે. પ્રાથમિક શિક્ષણ દરમ્યાન શાળા છોડી દેવાનું પ્રમાણ વધુ છે. આપણા બંધારણમાં છ થી ચૌદ વર્ષની વયનાં તમામ બાળકો માટે પ્રાથમિક શિક્ષણની જોગવાઈ ફરજિયાતનો વિચાર હોવા છતાં. આ લક્ષ્યાંક હજી પૂરો કરી શક્યા નથી. જો કે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે શિક્ષિત તથા અશિક્ષિત વ્યક્તિઓ વચ્ચેની વિષમતાઓ વધતી જાય છે. ગ્રામીણ ક્ષેત્રોમાં વસતા લોકોમાં આરોગ્ય, સ્વચ્છતા અને વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિકી વિકાસની જાગૃતિના અભાવે તેની શોધનો વ્યવહારિક ઉપયોગ ઓછો થાય છે.

### 3.4.3 સામજિક મનોવૈજ્ઞાનિક લાક્ષણિકતાઓ

ધર્મ અને ભાષા એ રાષ્ટ્રની એકતા અને પ્રગતિશીલ માનસિકતાના વિકાસમાં અવરોધરૂપ બની રહ્યાં છે. સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે. પોતાની મદદ પોતે જ કરવી અથવા સ્વતંત્ર ચિંતનના ગુણ લોકોમાં જોવા મળતા નથી. આશા અને આત્મવિશ્વાસની જગ્યાએ ડર અને સંશયથી લોકો વધુ દોરવાય છે. નવી વસ્તુ કે પ્રયોગના પરીક્ષણ માટે તે ડરે છે. માહિતીનો પ્રસારને બદલે સંગ્રહ થાય છે.

### 3.4.5 સમાનતા

કોઈ પણ જાતના ભેદભાવ વિના સમાનતાના ધોરણે દરેકને સમાન રીતે સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ પૂરી પાડે છે. તે તમામ વર્ગ માટે ખુલ્લું છે.

### 3.4.6 નિઃશુલ્ક સેવાઓ –

સાર્વજનિક ગ્રંથાલય દરેક વ્યક્તિને વિના મુલ્યે સેવા પૂરી પાડે છે. તેની જવાબદારી સ્થાનિક કે સત્તામંડળની છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**(3) સામાજિક ગ્રંથાલયની રાજનૈતિક - એતિહાસિક અને શૈક્ષણિક લાક્ષણિકતાઓ જણાવો ?**

નોધ : - (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

(ii) એકમને અંતે આપેલ ઉતરો સાથે તમારો ઉત્તર સરખાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

## 3.5 સાર્વજનિક ગ્રંથાલયની સામાજિક ભૂમિકા

સાર્વજનિક ગ્રંથાલય વ્યક્તિગત અને સામાજિક જૂથને જીવનપર્યન્ત શિક્ષણ, સ્વતંત્ર નિંણય શક્તિ અને સાંસ્કૃતિક વિકાસની પ્રાથમિક ભૂમિકા પૂરી પાડતું જ્ઞાનનું સ્થાનિક પ્રવેશ દ્વાર અને માહિતી કેન્દ્ર છે. તે શિક્ષણ સાંસ્કૃતિક અને માહિતી માટેનું જીવંત બળ છે. લોકોમાં આધ્યાત્મિક કલ્યાણની ભાવના વિકસાવી શાંતિને ઉત્તેજન આપનાર છે. સાર્વજનિક ગ્રંથાલયની ભૂમિકા નીચે મુજબ છે.

### 3.5.1 સ્વશિક્ષણનું કેન્દ્ર તરીકે

સાર્વજનિક ગ્રંથાલયનું અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય સ્વયં-શિક્ષણ કેન્દ્ર તરીકેનું છે. કોઈ વ્યક્તિને કોઈ ચોક્કસ સમયાવધિમાં કોઈ વિષય-વિશેષમાં અત્યંત ઔપચારિક શિક્ષણ શાળાઓ, મહાવિદ્યાલયો તથા વિશ્વવિદ્યાલયો જેવી ઔપચારિક અધ્યયનની સંસ્થાઓ પૂરું પાડે છે.

કોઈ વ્યક્તિને વિવિધ ક્ષેત્રોમાં એકાધિક વિષયોમાં રસ ધરાવતો હોય છે જેને લગતું જ્ઞાન પોતાની સાનુકૂળ પરિસ્થિતિઓમાં જીવનપર્યંત અનૌપચારિક રીતે મેળવવાનું તેને ગમે છે. વ્યક્તિના જીવનને સમૃદ્ધ બનાવતું વ્યક્તિનાં રસ-રુચિને અનુરૂપ સ્વયંશિક્ષણ સાર્વજનિક ગ્રંથાલય જીવનપર્યંત પૂરું પાડે છે. આ પ્રકારનું સ્વયંશિક્ષણ વ્યક્તિના જીવનને સમૃદ્ધ બનાવે છે અને તેના રોજ-બ-રોજના સમસ્યાનું સમાધાન કરે છે વ્યક્તિઓને ઔપચારિક શિક્ષણ હોવું જોઈએ, તેની કક્ષાનું કોઈપણ શિક્ષણ હોય, તેને વિસ્તારી શકાય, સુધારો કરી શકાય તે માટે સાર્વજનિક ગ્રંથાલયના સંસાધનો ફ્રી પ્રવેશ જોઈએ., વ્યક્તિ પાસે ઔપચારિક શિક્ષણન હોય તે પણ સ્વ-શિક્ષણ માટે સાર્વજનિક ગ્રંથાલયનો ઉપયોગ કરી શકે. સાર્વજનિક ગ્રંથાલયની વ્યક્તિગત,સ્વશિક્ષણ અને ઔપચારિક શિક્ષણમાં તમામ તબક્કે સેવાઓ આપી સર્જનાત્મક વિકાસ માટે પણ તક પૂરી પાડે છે. કોઇપણ વ્યક્તિએ ઔપચારિક શિક્ષણમાં માળખાગત રીતે અભ્યાસ સાથે, વિશિષ્ટ જ્ઞાન ક્ષેત્રમાં અભ્યાસક્રમ,મૂલ્યાંકન અને શિક્ષણ પદ્ધતિ મુજબ શિક્ષણ મેળવું પડે છે. જ્યારે સાર્વજનિક ગ્રંથાલય કોઈપણ પ્રકારની ઔપચારિકતા સિવાય, કોઈપણ જાતના બંધન સિવાય અનૌપચારિક રીતે કોઈપણ પ્રકારની ઔપચારિકતા સિવાય, સ્વ-શિક્ષણ પૂરું પાડે છે. ઔપચારિક શિક્ષણ કોઈ પણ સમયે પૂરું થઇ થી જાય છે, જ્યારે સાર્વજનિક ગ્રથાલય દ્વારા સ્વ-શિક્ષણ જીવનપર્યંત ચાલે છે.

જયારે વ્યક્તિ કોઈ કલાને પોતાની રીતે આત્મસાત કરવાની તે વ્યક્તિની ઈચ્છા હોય તો તે વ્યક્તિ પોતાના શોખનું પાયાનું જ્ઞાન મેળવી લે ત્યારે તેના શોખને જાળવી રાખવા માટે ગ્રંથાલય તેને વધારાની સામગ્રી પૂરી પાડે. આ રીતે, તેના ફુરસદનાના કલાકોનો સદ્‌ઉપયોગ કરવા ગ્રંથાલય તેને મદદરૂપ થઈ શકે. આવા પ્રયત્નોથી નાગરિકોના જીવન પ્રત્યેના દૃષ્ટિકોણને સમૃદ્ધ બનાવી શકાય છે. આવા કામ માટે વપરાયેલા સમય, શ્રમ તથા ધનથી કેવળ સંબંધિત વ્યક્તિને જ નહીં, પણ તેની આજુબાજુના લોકોને પણ લાભ થાય.

### 3.5.2. માહિતી કેન્દ્ર તરીકે

સાર્વજનિક ગ્રંથાલય એકમાત્ર સમુદાયિક સાધન છે કે જે નાગરિકોને તેની બધી જ જરૂરી માહિતી સાથે સંબંધિત છે. અને સમુદાય સાથે જોડાયેલ છે. સમાજને માહિતી સેવાઓ જરૂરીયાતો જોઈએ તો વ્યક્તિગત માહિતીની જરૂરિયાતમાં ખોરાક, કપડાં, તંદુરસ્તી, મકાન, શિક્ષણ, બચત, રોકાણ, સુખસગવડ, સમસ્યા, કાનૂની હક્ક, રોજગારી, મુસાફરી, વાતાવરણ, ધંધો વગેરે અને સામાજિક, આર્થિક અને રાજકીય જવાબદારીઓ અને ફરજો, સ્થાનિક સરકારની કાર્યરીતિ, પર્યાવરણ નિયંત્રણ અને યોજના વિકાસ વગેરેને લગતી માહિતીનો સમાવેશ થાય છે. સાર્વજનિક ગ્રથાલયનું સામાજિક કાર્ય બધા જ વિષયો અને એકમોની અદ્યતન હકીકતો અને માહિતી કોઈ એકને અને બધાને પૂરી પાડવી છે. સમાજને જરૂરી માહિતી, તેમની માહિતી જરૂરિયાતોને સુસંગત, તેમના ઘરઆંગણે તથા તેમને સમજી શકાય તેવી ભાષાનાં આપણે વ્યક્તિગત રીતે કે જૂથોમાં પૂરી પાડવાની જરૂર છે. તે માટે નીચે મુજબ,

1) વધારે વસ્તી ધરાવતા ગ્રામીણ ક્ષેત્રોમાં વધારે સાર્વજનિક ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રોની સ્થાપના કરવી
2) માહિતી કેન્દ્રોમાં અગ્રંથ સામગ્રી,મૌખિક ઉપયોગવાળી, સંચાર માધ્યમો દ્વારા પ્રત્યાયન થતી માહિતી વધુ પ્રમાણમાં રાખવી
3) માહિતી કેન્દ્રોમાં મુખ્યત્વે કૃષિ પ્રધાન માહિતી રાખવી
4) સાર્વજનિક ગ્રથાંલય દ્વારા માહિતી સેવાઓ સંગઠિત કરવા નીચેની બાબતો, ધ્યાનમાં લેવી જોઈએ.

(A) ગ્રામીણ જનતાને સરકારની એવા પ્રકારની નીતિઓ તથા કાર્યક્રમો અંગે જાણકારી આપવી જોઈએ કે ઉપભોક્તાઓ તેનો ઉપયોગ રોજગારની શોધ, કૌશલ્યોના વિકાસ

અથવા

સ્વ-રોજગારની તકોના નિર્માણમાં કરી શકે. કૃષિ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરતું વાતાવરણ સર્જાય તે માટે કૃષિ ઉદ્યોગોને સંબંધિત સરકારી નીતિઓને ગ્રામીણ ક્ષેત્રો અને કસબાઓમાં પ્રચલિત કરવી

જોઈએ, કે જેથી માહિતીના અભાવે ખેડૂતોનું શોષણ અને લાંબા ગાળે ગ્રામજનતાનું સ્થળાંતર થતું અટકે.

(B) ગ્રામીણ જનતાની આર્થિક સ્થિતિ સુધારવામાં મદદરૂપ બને તેવી વિકાસલક્ષી પ્રવૃત્તિઓને લગતી માહિતીનો પ્રસાર કરવો. સમાજમાં વ્યાપેલ અસામાજિક પ્રવૃત્તિઓ અંગેની માહિતીનો પ્રચાર - પ્રસારથી તેનો નીડરતાથી સામનો કરવો માટે સમાજને તૈયાર કરે છે. માહિતીસ્ત્રોતો નિઃશુલ્કપણે આપવમાં આવે તે જરૂરી છે આ માટે સાર્વજનિક ગ્રંથાલયો આ કાર્ય હાથ ધરી શકે તેવી સૌથી વધુ સુસંગત સંસ્થા છે.

(C) સમાજની દરેક વ્યક્તિઓ માટે આરોગ્ય અને સ્વચ્છતા, બાળસંભાળ; બાળકોના રોગો વગેરે પરની માહિતીનો સાર્વજનિક ગ્રંથાલયો દ્વારા કરાતો પ્રસાર અત્યંત લાભદાયી બની રહે. વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિકી માહિતીના પ્રકાશનની માહિતી, રોજીદા જીવનમાં ઉપયોગી બની શકે તેવી માહિતીને વ્યાખ્યાનો, નિદર્શનો તથા વિજ્ઞાન પ્રદર્શનો દ્વારા લોકોમાં જાણીતી બનાવી શકાય.

(D) ભારત દેશમાં અનેક ભાષાઓના લોકો વસે છે. આથી ગ્રંથાલયોએ માહિતીનું પ્રત્યાયન પ્રાદેશિક રીતે ઉપયોગમાં લેવાતી ભાષાઓમાં કરવું જોઈએ. ગ્રંથપાલોએ જુદી જુદી ભાષાઓમાં જુદા જુદા વિષયોના પ્રકાશિત સાહિત્યને લગતી માહિતી સક્ષમ સર્જકો તથા સાહિત્ય સર્જનમાં સંકળાયેલી અન્ય વ્યક્તિઓ સુધી પહોંચાડવા પદ્ધતિસરની વાઙ્મયસૂચિઓ બનાવવી જોઈએ.

(E) ધર્મની સમાનતા, ઉદ્દેશો, માન્યતાઓ અને પ્રણાલીઓનો પરિચય આપતું સાહિત્ય લોકોમાં એકતા અને માનવીય મૂલ્યો પ્રત્યે આદરની ભાવનાઓના વિકાસ માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ.દરેક નાગરિકને બંધારણમાં અપાયેલા મૂળભૂત અધિકારો અને ફરજોથી વાકેફ હોવો જોઈએ.ગ્રંથાલયોએ જનતામાં લોકશાહી પરંપરાઓ અને મૂલ્યો માટે આદરભાવ જગાડવો જોઈએ.

(F) સ્થાનિક સંસ્કૃતિ અને ઈતિહાસનો પ્રચાર અને સંરક્ષણઃ જાહેર પુસ્તકાલયો સાચવે છે. ઐતિહાસિક કલાકૃતિઓ,મૌખિક ઇતિહાસ અને સ્થાનિક સમુદાય સાથે સંબંધિત મોનોગ્રાફ્સ. જાહેર સંગઠિત આર્કાઇવ તરીકે પુસ્તકાલય; એક એવી જગ્યા છે જ્યાં લોકો વંશાવળીનું સંશોધન કરી શકે છે. જાહેર પુસ્તકાલયો દ્વારા નકશા અને પેઇન્ટિંગ્સને સાચવી અને પુનઃસ્થાપિત કરી, મહત્ત્વપૂર્ણ રેકોર્ડને ડિજિટલાઇઝ કરી અને રેકોર્ડ્સ બનાવી રાખવાથી ઇમિગ્રેશન ઇતિહાસ, પર્યાવરણીય સંશોધન સ્થાનિક સંસ્કૃતિના પ્રચારમાં પણ મદદ કરે છે.

(G) સાર્વજનિક ગ્રંથાલયે યાંત્રિકરણના અમલ કરવો જોઈએ.

**3.5.3 સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે**

સાર્વજનિક ગ્રંથાલયમાં સ્થાનિક કે પ્રાદેશિક સંસ્કૃતિને લગતી સામગ્રી પુષ્કળમાત્રામાં હોવી જોઈએ. કારણકે સાર્વજનિક ગ્રંથાલયનું કાર્ય સ્થાનિક જનતાનીમાહિતી જરૂરિયાતો પૂરી કરવાનું છે, આમ સાર્વજનિક ગ્રંથાલયો સ્વ-શિક્ષણ તેમજ માહિતીના કેન્દ્ર તરીકે તો ખરા જ, પણ સાથે સાથે સ્થાનિક અથવા પ્રાદેશિક સાંસ્કૃતિક પ્રોત્સાહન માટેના કેન્દ્ર તરીકે પણ કાર્ય કરવું જોઈએ. સાર્વજનિક ગ્રંથાલયનું એક કાર્ય સ્થાનિક જનતાની વ્યક્તિ માહિતી જરૂરિયાતો પૂરી કરવાનું પણ છે, આથી સ્થાનિક કે પ્રાદેશિક સંસ્કૃતિને લગતી સામગ્રી વધારે પ્રમાણમાં હોવી જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય સાર્વજનિક ભંડોળમાંથી સ્થાનિક જનતાને નિષ્પક્ષ સેવા આપતું એક અનિવાર્યતઃ નિઃશુલ્ક ગ્રંથાલય છે; તે પ્રજાતાંત્રિક સંસ્થાન છે,જે દરેક વ્યક્તિને તેની જરૂરિયાતો મુજબ માહિતી, શિક્ષણ તથા સાંસ્કૃતિક વાતાવરણ ઉપલબ્ધ કરાવી સાંસ્કૃતિક વાતાવરણ પૂરું પાડે છેઃ સાર્વજનિક ગ્રંથાલય સમાજની સ્વીકારેલી જવાબદારી પૂરી કરવા, સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે કાર્ય કરે. સાર્વજનિક ગ્રંથાલયમાં માનવજાતના જુદા જુદા સાંસ્કૃતિક ક્ષેત્રોના બધા જ પ્રલેખો સંગ્રહ કરે છે. સામાજીક જૂથનો પ્રાથમિક સ્તરે સાંસ્કૃતિક વિકાસની જોગવાઈ કરે છે. સમાજના આંતર સાંસ્કૃતિક સંવાદ અને સાંસ્કૃતિક વિવિધતાને સંમતિ આપી ઉત્તેજન પૂરું પાડવું તે સાર્વજનિક ગ્રંથાલય સેવાનું એક જીવન ધ્યેય છે. સાર્વજનિક ગ્રંથાલય

ઉપભોક્તાને માટે જુદા જુદા પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરે છે.

### 3.5.4 સમયના ઉપયોગ

મનોરંજનાત્મક વાચન, આધ્યાત્મિક વિકાસ અને પ્રેરણા માટે વાચન પુરુ પાડીને સાર્વજનિક ગ્રંથાલય તમામનેનવરાશનો ફૂરસદનો ઉપયોગ પૂરો પાડે છે. સાર્વજનિક ગ્રંથાલય ઉપભોક્તાને આકર્ષવા માટે જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરે છે. જુદા જુદા સાહિત્ય.જીવનચરિત્રો,આત્મચરિત્રો, પ્રવાસ પુસ્તકો, રમતગમત ઉપર કૃતિઓ, આધ્યાત્મિક વિકાસ અને સામયિકો વગેરે સાર્વજનિક ગ્રંથાલય સારો સંગ્રહ કરે છે.

### 3.5.6 બાળકોમાં વાંચન ટેવ અને સર્જનાત્મક વિકાસ તરીકે

સાર્વજનિક ગ્રંથાલય બાળકોનો વિભાગ સંગઠીત રીતે ચલાવે છે અને તેની ખાસ કાળજી લે છે સાર્વજનિક ગ્રંથાલય.બાળકની જરૂરિયાતોનું ખાસ ધ્યાન રાખે છે

બાળકો અને યુવાન લોકોમાં કલ્પના શક્તિ અને સર્જનાત્મકતાના ઉત્તેજન મળે અને બાળકોમાં શરૂઆતની ઉંમરે જ સર્જનાત્મકતા અને વાચનટેવ નિર્માણ થાય તે માટે સેવા પૂરી પાડે છે. પુસ્તકપ્રેમ અને વાચન ટેવના વિકાસ દ્વારા સાર્વજનિક ગ્રંથાલય ભાવિ માહિતીપ્રદ શિક્ષિત નાગરીકોનું નિર્માણ કરે છે.

### 3.5.7 નિષ્પક્ષ સંસ્થા તરીકે

સાર્વજનિક ગ્રંથાલય એ લોકશાહી સંસ્થા છે. તેનું મહત્ત્વનું મિશન સમાજની પ્રગતિ છે. તમામ લોકો ગ્રંથાલયનાં માહિતીસ્રોતો, સેવાઓ અને સંસાધનોનો ઉપયોગ સંપૂર્ણ રીતે સમાનપણે વય, સામાજિક સ્તર, આવક, ભાષા, ધર્મ, લિંગ, સાક્ષરતા,સંસ્કૃતિ વિગેરે કોઈપણ જાતના ભેદભાવ વિના, પ્રત્યેક વ્યક્તિ તેનો ઉપયોગ સંપૂર્ણ રીતે સમાનપણે કરી શકે છે. આમ રીતે સાર્વજનિક ગ્રંથાલય માનવજાતિ દ્વારા સ્થાપિત લોકશાહી સંસ્થાઓમાં સૌથી વધુ નિષ્પક્ષ સંસ્થા છે. તે લોકશાહીના પ્રાણ અને સાંસ્કૃતિકતાની સમજ અને મજબૂતીના વિકાસમાં મદદરૂપ બને છે. તે અજ્ઞાન અને અંધશ્રદ્ધાને

પણ દૂર કરવામાં મદદરૂપ થઇ તે વૈચારિકશક્તિને ઉત્તેજન આપે છે. અજ્ઞાન અને અંધશ્રદ્ધાને પણ દૂર કરવામાં મદદરૂપ બને છે.

### 3.5.8 સંગ્રહ વિકાસ તરીકે

સાર્વજનિક ગ્રંથાલય એવી સંસ્થા છે કે જેનું નિર્માણ નિભાવ અને સંચાલન સમાજ કરે છે સાર્વજનિક ગ્રંથાલયનો સંગ્રહ અને સેવાઓ કોઈ પણ પ્રકારની વિચારસરણી, રાજકીય અથવા ધાર્મિક નિયંત્રણ કે સંસથકીય દબાણોને આધીનન હોવા જોઈએ. તેનો સંગ્રહ વિકાસ અને સેવાઓ તમામ ઉમરના જૂથો, બાળકથી ઘરડા લોકો, તેમની જરૂરિયાતોને સંબંધિત સામગ્રીકે જે સમાજની જુદી જુદી જરૂરિયાતોને પહોંચી શકે, મેળવી શકે. તમામ પ્રકારના યોગ્યમાધ્યમ, આધુનિક પ્રોદ્યોગિકી તેમજ પરંપરાગત સામગ્રીનો સમાવેશ સંગ્રહ અને સેવાઓમાં થવો જોઈએ. ઉચ્ચ ગુણવત્તાયુક્ત સ્થાનિક જરૂરિયાતને અનુરૂપ ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને પ્રાથમિક સંગ્રહ, વિકાસ અને સેવાઓ હોવી જોઈએ. સાધનોમાં સમાજના પ્રવર્તમાન વલણોના વિચારો અને પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન એ ઉપરાંત માનવની કોઈકની પાછળની યાદદાસ્ત અને કલ્પના શક્તિ પણ ચોક્કસ પ્રતિબિંબિત થતી હોવી જોઈએ.ગ્રામ અને શહેરી વિસ્તારની વિવિધ જરૂરિયાતો સંગ્રહ અને સેવામાં સ્વીકારેલી હોવી જોઈએ.

### 3.5.9 સ્થાનિક સંસ્કૃતિ અને ઈતિહાસનો પ્રચાર અને સંરક્ષણઃ

ઐતિહાસિક કલાકૃતિઓ,મૌખિક ઇતિહાસ અને સ્થાનિક સમુદાય સાથે સંબંધિતમોનોગ્રાફ્સ. જાહેર સંગઠિત આર્કાઇવ કરી સંરક્ષણ કરે છે. ગ્રંથાલય એક એવી જગ્યા છે જ્યાં લોકો વંશાવળીનું સંશોધન કરી શકે છે અને ઇમિગ્રેશન ઇતિહાસ, પર્યાવરણીય સંશોધન કરો.

સાર્વજનિક ગ્રંથાલયો પણનકશા અને પેઇન્ટિંગ્સને સાચવી અને પુનઃસ્થાપિત કરી, મહત્ત્વપૂર્ણ રેકોર્ડને ડિજિટલાઇઝ કરી અને રેકોર્ડ્સ બનાવવાનો પ્રયાસ કરે છે. મૌખિક ઇતિહાસ તે તેના વિવિધ પ્રમોશનલ દ્વારાસ્થાનિક સંસ્કૃતિના પ્રચારમાં પણ મદદ કરે છે.

### 3.5.10 લોકશાહી મૂલ્યોનો પ્રચારઃ

સાર્વજનિક ગ્રંથાલયો એવી જગ્યાઓ છે જ્યાં લોકો સમાજ તેમની સામાજિક સ્થિતિ, ધાર્મિક દરજ્જો અને દરજ્જો ધ્યાનમાં લીધા વિના સમાન રીતે વર્તે છે. કોઈપણ માણસ શાહી પરિવારમાંથી હોય, નોકરિયાત સમાજનો સામાન્ય માણસ હોય, સમાજના દરેક સભ્યનું મૂલ્ય સમાન છે. સમાજના સભ્ય, લોકશાહી મૂલ્યોના સભ્યો વચ્ચે ભેદ હોતો નથી. સાર્વજનિક ગ્રંથાલય લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન રાજકીય જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. લોકોને સમુદાયના સભ્યોને એકત્રિત અને પ્રોત્સાહિત કરી તેઓ સ્વતંત્રતા, ન્યાય અને લોકશાહીના મુલ્યો વિશે વાત કરે છે.

### 3.5.11 મહિલા સશક્તિકરણમાં મદદઃ

સાર્વજનિક ગ્રંથાલયો તમામ જાતિઓને સમાન તકો પૂરી પાડે છે. મહિલાઓ ભલે તે કરિયર વુમન હોય કે ગૃહિણીઓને પ્રવચન માટે જગ્યા મળે છે શૈક્ષણિક, સામાજિક પ્રવૃત્તિ બાળઉછેર અથવા એક્સપોઝર હોઈ શકે તેવી તકોની શોધ કરો બાકીનું વિશ્વ ગૃહિણીઓ માટે વધુ મહત્ત્વપૂર્ણ છે. સાર્વજનિક ગ્રંથાલયો તેમના જ્ઞાન અને મનોરંજનની જરૂરિયાતોનું અન્વેષણ કરવું જોઈએ.

### 3.5.12 સ્થાનિક પ્રતિભા અને કલાકારોને પ્રોત્સાહન

સાર્વજનિક પુસ્તકાલયો સંગ્રહ અને સેવાઓ પ્રદાન કરે છે. વિવિધ પ્રકૃતિ અને આમ કરવા માટે સ્થાનિક કલાકાર સાથે નજીકથી કામ કરો. સ્થાનિક સમુદાયમાં લેખક ઇન્ટરનેટ પર તેની નવી રચનાને પ્રમોટ કરવા અને બનાવવા માટે જાહેર પુસ્તકાલયની સેવાઓ મેળવી શકે છે, સાર્વજનિક ગ્રંથાલય એક આર્ટ પ્રોગ્રામ રેન્જનું આયોજન કરી શકે છે જેમાં સરળથી શ્રેષ્ઠ લલિત કલા હોય છે

બાળકોથી લઈને પુખ્ત વયના લોકો સુધી ઉપયોગી, તે સ્થાનિક ઇતિહાસ, સર્જનાત્મક લેખન વર્કશોપ અને પેઇન્ટિંગ વર્ગો વગેરે; સ્થાનિક પ્રતિભાને અન્વેષણ કરવા માટે પુસ્તકાલયોની તકોના કેટલાક ઉદાહરણો છે તેનો પ્રચાર કરો.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**(4) સાર્વજનિક ગ્રંથાલયનું સંસ્કૃતિક કેન્દ્ર તરીકે કાર્ય કરે છે સમજાવો ?**

**નોધ : -** (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

(ii) એકમને અંતે આપેલ ઉતરો સાથે તમારો ઉત્તર સરખાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.6 સાર્વજનિક ગ્રંથાલયની સેવાઓ

- બાળ ગ્રંથાલય સેવા
- બુક ઇસ્યુ-રીટર્ન
- સંદર્ભસેવા
- માહિતી સેવા
- ઇન્ટર લાયબ્રેરી લોન
- અદ્યતન અવબોધાન સેવા
- સારકરણ સેવા
- ઝેરોક્ષ સેવા
- સાહિત્ય શોધ સેવા
- તાલીમ અનેમાર્ગદર્શન સેવા
- રોજગારલક્ષી માહિતી સેવાઓ

## 3.7 સારાંશ

આ એકમમાં તમે સાર્વજનિક ગ્રંથાલયના ક્રમિક વિકાસ તથા તેનાં કારક પરિબળોથી પરિચિત થયા. યુનેસ્કોની સાર્વજનિક ગ્રંથાલયોની પરિભાષામાં મુજબ તે નિઃશુલ્ક, સહાયકારી સંસ્થા,

માહિતીકેન્દ્ર,સાંસ્કૃતિક કેન્દ્ર, સ્વયંશિક્ષણનું કેન્દ્ર તરીકે ચર્ચા કરવામાં આવી છે. સાર્વજનિક ગ્રંથાલયનાં કાર્યોના ત્રણ મુખ્ય કાર્યક્ષેત્રો- માહિતી, શિક્ષણ અને સંસ્કૃતિ અંતર્ગત ચર્ચા કરવામાં આવી છે. આમ છતાં, આપણા સમાજની વિશિષ્ટ લાક્ષણિક્તાઓને કારણે ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયો દ્વારા અપાતી સેવાઓ અને માહિતી પ્રત્યાયનનાં માધ્યમો ભિન્ન હોઈ શકે છે. માહિતી સંપ્રજ્ઞ, સમાજના વિકાસમાં પ્રદાનકારી નાગરિકોના ઘડતરમાં સાર્વજનિક ગ્રંથલાયોની ભૂમિકા પ્રજાતાંત્રિક રીતે નિભાવવાની કોશિશ કરી રહ્યાં છે. સામાજિક સંસ્થા તરીકેના વિકાસમાટેના વિવિધ પરિબળો સમજાવે છે. સામાજિક સંસ્થા હોવાના કારણે સમાજ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા અને અપેક્ષાઓના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવેલ છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના ઉતરો

**(1) પબ્લિક લાઈબ્રેરી મેનિફેસ્ટો'માં યુનેસ્કોએ પ્રથમવાર સાર્વજનિક ગ્રંથાલયના ધ્યેયોની ચર્ચા કરેલ ધ્યેયો જણાવો.**

સાર્વજનિક ગ્રંથાલયોનાં ધ્યેયોની "પબ્લિક લાઈબ્રેરી મેનિફેસ્ટો'માં યુનેસ્કોએ પ્રથમવાર સાર્વજનિક ચર્ચા કરી છે, કે જે સાર્વજનિક ગ્રંથાલય સેવાના આધાર સ્વયંભૂ હોવો જોઈએ તથા માહિતી, શિક્ષણ, સંસ્કૃતિ અને સાક્ષરતા, સાથે જોડાયેલાં છે. આ લક્ષ્યોનીચે મુજબ છે :

- વ્યક્તિગત અને સ્વયં-સંચાલિત એમ બંને પ્રકારના શિક્ષણને સહાયરૂપ થવું;
- બાળકોમાંનાની વયથી જ વાચનટેવ વિકસાવી
- સાંસ્કૃતિક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવું;
- વ્યક્તિગત સર્જનાત્મક વિકાસમાટેની તકો પૂરી પાડવી;
- સાંસ્કૃતિક વિવિધતાને સમર્થન આપવું;
- નાગરિકોને માહિતીની ઉપલબ્ધિ કરાવવી.

- માહિતી અને કમ્પ્યૂટર સાક્ષરતાનાં કૌશલ્યોના સ્વયં ઉપયોગ માટે લોકોને સક્ષમ બનાવવા,

**(2) સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસના મુદ્દાઓ જણાવો ?**

સામાજિક સંસ્થા તરીકે સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ માટે સદીઓ જેટલો સમય લાગ્યો તેના વિકાસ માટે અસરકારક પરીબળો જોતાનીચેના પરિબળોનો સમાવેશ થાય છે.

- મુદ્રણકળાની શોધ
- ઔદ્યોગિક ક્રાંતિની અસર
- સાક્ષરતા
- સાવર્ત્રિક શિક્ષણનો ફેલાવો
- સંસ્થાઓ અને પરોપકારી વ્યક્તિઓ
- માહિતી અને જ્ઞાનમાટેની ઈચ્છા
- સમયનો ઉપયોગ અને મનોરંજન

**(3) સામાજિક ગ્રંથાલયની રાજનૈતિક – ઐતિહાસિક અને શૈક્ષણિક લાક્ષણિકતાઓ જણાવો ?**

સામાજિક ગ્રંથાલયની રાજનૈતિક - એતિહાસિક અને શૈક્ષણિક લાક્ષણિકતાઓનીચેની વિગતે છે.

**રાજનૈતિક - એતિહાસિક લાક્ષણિકતાઓ**

ભારત એક લોકશાહી દેશ હોવા છતાં લોકશાહી પરંપરાઓ નથી. આપણે ત્યાં રાજકુમારો, રાજાઓ અને મહારાજાઓનું શાસનને પરિણામે આર્થ, સમિટિક, રોમન અને દ્રવિડિયન પ્રજાતિઓના મિશ્રિત પ્રભાવથી યુક્ત મહાન સભ્યતા અને સંસ્કૃતિ આપણને વારસામાં મળી છે. આમ રાજનૈતિક રીતે ભારત ઉપર વિવિધ વિચારધારાઓ ધરાવતા રાજકીય પક્ષોનું શાસન રહ્યું છે.

**શૈક્ષણિક લાક્ષણિકતાઓ**

સાક્ષરતાની દ્રષ્ટિએ જોઈએ તો, વસતીનો લગભગ ૬૦% ભાગ અશિક્ષિત છે. પ્રાથમિક શિક્ષણ દરમ્યાન શાળા છોડી દેવાનું પ્રમાણ

વધુ  છે. આપણા બંધારણમાં છ થી ચૌદ વર્ષની વયનાં તમામ બાળકો માટે પ્રાથમિક શિક્ષણની જોગવાઈ  ફરજિયાતનો વિચાર હોવા છતાં. આ લક્ષ્યાંક હજી પૂરો કરી શક્યાનથી. જો  કે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે શિક્ષિત તથા અશિક્ષિત વ્યક્તિઓ વચ્ચેની વિષમતાઓ વધતી જાય છે ગ્રામીણ ક્ષેત્રોમાં વસતા લોકોમાં આરોગ્ય, સ્વચ્છતા અને વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિકી વિકાસની જાગૃતિના અભાવે તેની શોધનો વ્યવહારિક ઉપયોગ ઓછો થાય  છે.

**(4) સાર્વજનિક ગ્રંથાલયનું સંસ્કૃતિક કેન્દ્ર તરીકે કાર્ય કરે છે સમજાવો ?**

સાર્વજનિક ગ્રંથાલયમાં સ્થાનિક કે પ્રાદેશિક સંસ્કૃતિને લગતી સામગ્રી પુષ્કળમાત્રામાં હોવી જોઈએ. કારણકે સાર્વજનિક ગ્રંથાલયનું કાર્ય સ્થાનિક જનતાની માહિતી જરૂરિયાતો પૂરી કરવાનું છે, આમ સાર્વજનિક ગ્રંથાલયો સ્વ-શિક્ષણ તેમજમાહિતીના કેન્દ્ર તરીકે તો ખરા જ, પણ સાથે સાથે સ્થાનિક અથવા પ્રાદેશિક સાંસ્કૃતિક પ્રોત્સાહન માટેના કેન્દ્ર તરીકે પણ કાર્ય કરવું જોઈએ. સાર્વજનિક ગ્રંથાલયનું એક કાર્ય સ્થાનિક જનતાની વ્યક્તિ માહિતી જરૂરિયાતો પૂરી કરવાનું પણ છે, આથી સ્થાનિક કે પ્રાદેશિક સંસ્કૃતિને લગતી સામગ્રી વધારે પ્રમાણમાં હોવી જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય સાર્વજનિક ભંડોળમાંથી સ્થાનિક જનતાને નિષ્પક્ષ સેવા આપતું એક અનિવાર્યતઃ નિઃશુલ્ક ગ્રંથાલય છે; તે પ્રજાતાંત્રિક સંસ્થાન છે,જે દરેક વ્યક્તિને તેની જરૂરિયાતો મુજબ માહિતી, શિક્ષણ તથા સાંસ્કૃતિક વાતાવરણ ઉપલબ્ધ કરાવી સાંસ્કૃતિક વાતાવરણ પૂરૂં પાડે છેઃ સાર્વજનિક ગ્રંથાલય સમાજની સ્વીકારેલી જવાબદારી પૂરી કરવા, સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે કાર્ય કરે. સાર્વજનિક ગ્રંથાલયમાં માનવજાતના જુદા જુદા સાંસ્કૃતિક ક્ષેત્રોના બધા જ પ્રલેખો સંગ્રહ કરે  છે. સામાજીક જૂથનો પ્રાથમિક સ્તરે સાંસ્કૃતિક વિકાસની જોગવાઈ કરે છે. સમાજના આંતર સાંસ્કૃતિક સંવાદ અને સાંસ્કૃતિક વિવિધતાને સંમતિ આપી ઉત્તેજન પૂરૂં પાડવું તે સાર્વજનિક ગ્રંથાલય સેવાનું એક જીવન ધ્યેય  છે. સાર્વજનિક ગ્રંથાલય ઉપભોક્તાને માટે જુદા જુદા પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરે  છે.

## 3.9 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

| | |
|---|---|
| **AUDIO –VISUAL** (દ્રશ્ય-શ્રાવ્ય ) | જોઈ શકાય અને સાંભળી શકાય તેવી સામગ્રી |
| **MASS MEDIA** (સમૂહમાધ્યમો ) | માહિતીનું પ્રત્યાયન વિશાળ જનસમૂહ સુધી કરનાર ફિલ્મ, રેડિયો, ટેલિવિઝન જેવા માધ્યમો. |
| **SELF EDUCATION** (સ્વ- શિક્ષણ) | જાતે અંગત અધ્યનથી શિક્ષણ મેળવું |
| **SERVICES** – (સેવાઓ) | કોઈપણ વિષયના અદ્યતન સંદર્ભો પુરા પાડવા. |

## 3.10 સંદર્ભો અને વિશેષ વાંચન (Reference Sources)


1. International Federation of Library Association and Institutions (IFLA), UNESCO Public Library Manifesto. Available at: unesdoc.unesco.org/images/0010/001030- 103075Mb.pdf
2. સૈની ઓમ પ્રકાશ(૧૯૯૯).ગ્રંથાલય ઔર સમાજ,વાઈ.કે.પબ્લિકેશન્સ, આગરા
3. American Library Association. Social Role of the Library Matter Available at: http:/www.ala.org/research/libraries matter/taxonomy/term/143
4. Roba, Patnam (2003). Bater Tog[a]her: Restoring the American Community, Simon and Schuster, New York.
5. કાનડિયા પ્રયતકર કે. અને મહેશ જી. પરમાર (૨૦૧૫) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનો પાયો,અમદાવાદ, ભારતી બુક ટ્રેડર્સ.
6. હેમાબેન રાવલ (અનુ) ગ્રંથાલય અને સમાજ (બ્લીસ-૦૧/ block-૦૨ )વિભિન્ન પ્રકારના ગ્રંથાલયો અને તેના કાર્યો.
7. Library waves volume 2, no. 2 (2016) issn 2455-2291 role of public libraries in the development of sociay *dr. R.j. Maurya *assistant librarian, u.p. Rajarshi tandon open university, allahabad
8. Library waves volume 2, no. 2 (2016) issn 2455-2291 role of public libraries in the development of sociay *dr. R.j. Maurya *assistant librarian, u.p. Rajarshi tandon open university, allahabad (up); email: rjmauryauprtou@gmail.com
9. References 1. International federation of library association and institutions (ifla), unesco public library manifesto. Available at: unesdoc.unesco.org/images/0010/001030-103075mb.pdf. (accessed on : 04/07/2016)

10. Edward, julie biando; rauseo, melissa s. And unger, killey rae (2013). Community centered:23 reasons why you library is the most important place in town, public libraries online, sept-oct.2011. Available at: http://publiclibrariesonline.org/2013/04/community-centers-23-reasons-why-yourlibrary-is-the-most-important-place-in-town/ accessed on: 17/06/2016
11. American library association. Social role of the library matter available at: http:/www.ala.org/research/libraries matter/taxonomy/term/143 (accessed on: 29 june 2016).
12. Roba, patnam (2003). Bater togaher: restoring the american community, simon and schuster, new york.
13. American Library Association (1967). Minimum Standards for Public Library Systems, 1966, prepared by the Standards Committe and Sub-committees of the Public Library Association and American Library Association. Chicago: ALA
14. Deuarajan, Ged. (1999). 50 Years of Indian Librarianship. New Delhi: ESS ESS Publications
15. Iyenger, Sreenidhi.ed. (1996). Library Standards. New Delhi: Anmol Publications. Penna,
16. Carlos Victor (1976). Planning Library Services. Paris : UNESCO
17. Ranganathan, S.R. (1950). Library Development Plan : Thirty-Year Programme for India with draft library bills for the Union and the constituent states, Delhi:
18. University of Delhi. Roberts, Stephan (1985). A Cost Management for Library and Information Services, London: Butter Worth.
19. Library in India | List of Public & National Libraries in India. (2020, August 16). LibraryScience.in - India's Best Platform for Library and Information Science. https://www.libraryscience.in/2020/08/library-in-india.html

યુનિટ-4

# ગ્રંથાલય અધિનિયમ

:: રૂપરેખા ::

**4.0 ઉદ્દેશો (Objectives)**

**4.1 પ્રસ્તાવના (Introduction)**

**4.2 અર્થ**

**4.3 આવશ્યકતા**

**4.3.1 ગ્રંથાલયની સ્થાપનાનો હેતુ**

**4.3.2 ગ્રંથાલય વિકાસનો હેતુ**

**4.3.3 ગ્રંથાલયની મરામતનો હેતુ**

**4.3.4 ગ્રંથાલય નેટવર્કની સ્થાપનાનો હેતુ**

**4.3.5 ઉત્તરોત્તર વિકાસનો હેતુ**

**4.4 જોગવાઈઓ**

**4.4.1 ઉચ્ચ સંચાલનની જોગવાઈઓ**

**4.4.2 વ્યવસ્થાકીય માળખાની જોગવાઈઓ**

**4.4.3 આર્થિક બાબતોને લગતી જોગવાઈઓ**

**4.4.4 સત્તાની જોગવાઈ**

**4.5 ભારત : ગ્રંથાલય અધિનિયમો**

**4.5.1 મદ્રાસ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ**

**4.5.2 આંધ્રપ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ**

**4.5.3 કર્ણાટક રાજ્ય ગ્રંથાલય અધિનિયમ**

**4.5.4 મહારાષ્ટ્ર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ**

**4.5.5 પશ્ચિમ બંગાલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ**

**4.5.6 મણીપુર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ**

**4.5.7 કેરલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ**

**4.5.8 હરિયાણા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ**

4.5.9 મિઝોરમ  રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.10 ગોવા  રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.11 ઓરિસ્સા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.12 ગુજરાત રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.13 ઉત્તરાંચલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.14 રાજસ્થાન રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.15 ઉત્તરપ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.16 લક્ષ્યદ્વીપ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.17 બિહાર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.18 છત્તીસગઢ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

4.5.19 અરુણાચલ પ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

**4.6 તમારી પ્રગતિ ચકાસો**

**4.7 સારાંશ (Summary)**

**4.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**4.9 ચાવીરૂપ શબ્દો (Key Words)**

**4.10 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)**

**4.11 સંદર્ભો અને વિશેષ વાંચન (References)**

---

## 4.0 ઉદ્દેશો (Objectives)

---

આ એકમ ગ્રંથાલય અધિનિયમના અર્થ, આવશ્યકતા,જોગવાઈની ઝાંખી પૂરી પડે છે.

આનો અભ્યાસ કર્યા પછી તમે:

- ગ્રંથાલય અધિનિયમનો અર્થ અને તેની આવશ્યકતા અંગે જાણકારી પ્રાપ્ત કરી શકશો.
- ગ્રંથાલય અધિનિયમની જોગવાઈ અંગે માહિતી મેળવી શકશો તથા
- ભારતમાં ગ્રંથાલય અધિનિયમની શરૂઆત જુદા જુદા રાજ્યોમાં ક્યારે અને કેવી પરિસ્થિતિમાં થયેલ તે અંગેથી વિગતવાર પરિચિત થશો.

## 4.1 પ્રસ્તાવના (Introduction)

વૈશ્વિક સ્તરે જ્ઞાન પ્રસાર,માનવકલ્યાણ અને રાષ્ટ્ર નિર્માણનો હેતુ સિદ્ધ કરવા ગ્રંથાલય સેવાની સ્થાપના અને વિકાસ માટે એક અસરકારક અને અનિવાર્ય સાધન તરીકે ગ્રંથાલય અધિનિયમની જરૂરિયાત ઉભી થઇ.જ્ઞાનોપાર્જનની સુવિધા સમાજનો મૂળભૂત હક છે.ત્યારે સાર્વજનિક ગ્રંથાલય માટે એકધારી નાણાકીય જોગવાઈ,યોગ્ય સલાહ અને વ્યવસ્થાકીય માળખા માટે ગ્રંથાલય અધિનિયમ અનિવાર્ય છે.ગ્રંથાલયો સ્થાપવા સંચાલન અને નિભાવની સાથે વિકાસ અંગેની જવાબદારી સરકાર સ્વીકારે અને તે માટે કાયદો ઘડવામાં આવે તેને ગ્રંથાલય અધિનિયમ કહેવામ આવે છે.ગ્રંથાલયના સુવ્યવસ્થિત સંચાલન અને વિકાસ માટે નાણાંનો પ્રવાહ અવિરત વહેતો હોય તે અત્યંત આવશ્યક છે.તે માટેનો એકમાત્ર ઈલાજ ગ્રંથાલય અધિનિયમ છે.ગ્રંથાલય અધિનિયમથી ગ્રંથાલય સેવાનું નાનામાં નાનું એકમ સહકાર અને સંગઠનને કારણે વિશાળ બને છે.આ અધિનિયમ અંતર્ગત નાણાકીય જવાબદારી સ્પષ્ટ થયેલી હોવાથી સ્થાનિક,વિભાગીય કે કેન્દ્રિય કક્ષાએ વિસ્તૃત આયોજન કરી શકાય છે.

## 4.2 અર્થ (MEANING )

ગ્રંથાલય એક સામાજિક સંસ્થા છે.જેનો ઉદ્દેશ સમાજના પ્રત્યેક વ્યક્તિને ગ્રંથાલય સેવા પૂરી પાડવાનો છે.ડૉ રંગનાથનજીએ ભારતમાં ગ્રંથાલય અધિનિયમની જરૂરિયાત અનુભવી તેથી ગ્રંથાલયોની સ્થાપના અને દરેક રાજ્યમાં નિયમાનુસાર વ્યવસ્થિત સંચાલન માટે સરકારને રજૂઆત કરી.ગ્રંથાલયોના વિકાસ માટે નાણાકીય વ્યવસ્થાની જરૂરિયાત હોય છે.જેના દ્વારા પ્રચાર અને પ્રસાર શક્ય બને છે.ગ્રંથાલય અધિનિયમને વ્યાખ્યાન્વિત કરવામાં આવે તો કહી શકાય કે, ગ્રંથાલયનું અધિનિયમ એટલે કે ગ્રંથાલયની સ્થાપના, વિકાસ, મરામત.જે કરવાનું કોઈ પણ દેશના બંધારણમાં નક્કી કરેલ હોય છે.

## 4.3 આવશ્યકતા : (NECESSITY )

ગ્રંથાલય અધિનિયમ ગ્રંથાલય માટે વિકાસમાં ઉપયોગી નીવડે છે.ગ્રંથાલયના વ્યવસ્થાપન અને સુચારૂ સંચાલનમાં સ્થિરતા રાખી આર્થિક સહાયતા કરવાનું કાર્ય કરે છે.સમાજનો પ્રત્યેક વ્યક્તિ પોતાની યોગ્યતા અને આવશ્યકતા અનુસાર શૈક્ષણિક,વૈજ્ઞાનિક,સાંસ્કૃતિક વગેરે સર્વે પ્રકારના નાણાંકીય સ્રોતનો લાભ ઉઠાવી શકે છે.

### 4.3.1 ગ્રંથાલયોની સ્થાપનાનો હેતુ

ગ્રંથાલય અધિનિયમ અનુસાર સરકાર સમાજના લોકો પાસેથી ગ્રંથાલય કરની રકમ વસુલ કરી શકે છે. જેથી સરકારનું એ કર્તવ્ય બને છે કે સરકાર પોતાના ભૌગોલિક ક્ષેત્રના પ્રત્યેક વિભાગમાં ગ્રંથાલય સેવા પૂરી પાડવા માટે ગ્રંથાલયોની સ્થાપના કરે.આ કાર્યની સફળતા માટે ગ્રંથાલયોની સ્થાપનાના હેતુને પૂર્ણ કરવા ગ્રંથાલય અધિનિયમ લાગુ કરવો આવશ્યક હોય છે.

### 4.3.2 ગ્રંથાલય વિકાસનો હેતુ

જે ગ્રંથાલયોની પહેલેથી સ્થાપના કરેલ છે તેના વિકાસ અને સંચાલન માટે સતત પ્રયત્ન કરવો જરૂરી હોય છે.જે ગ્રંથાલય અધિનિયમ દ્વારા જ શક્ય બની શકે છે.

### 4.3.3 ગ્રંથાલયની મરામતનો હેતુ

પ્રાચીન કે નવા સ્થપાયેલ ગ્રંથાલયની સતત ઉત્તમ રીતે મરામત અને સંરક્ષણ કરવું જરૂરી હોય છે.ગ્રંથાલયોની કાયમી ધોરણે મરામત થતી રહે તે માટે ગ્રંથાલય અધિનિયમ આવશ્યક છે.

### 4.3.4 ગ્રંથાલય નેટવર્કની સ્થાપનાનો હેતુ

ગ્રંથાલય અધિનિયમના માધ્યમથી કોઈ પણ રાજ્ય કે સમગ્ર દેશમાં ગ્રંથાલયોની એક નેટવર્ક પદ્ધતિની સ્થાપના કરી શકાય છે.નેટવર્ક સ્થાપનાના હેતુ દ્વારા કોઈ પણ રાજ્યનું એક કેન્દ્રિય ગ્રંથાલય શરુ કરી શકાય અથવા જીલ્લા ગ્રંથાલય,નગર ગ્રંથાલય,શહેર ગ્રંથાલય અથવા ગ્રામ્ય ગ્રંથાલયની સ્થાપના થઇ શકે છે.

#### 4.3.5 ઉત્તરોત્તર વિકાસનો હેતુ

ગ્રંથાલય અધિનિયમ દ્વારા કોઈપણ દેશ અથવા રાજ્યમાં ગ્રંથાલયના એક નેટવર્કની સ્થાપના કરી શકાય છે.જેના દ્વારા ગ્રંથાલયોનો ઉત્તરોત્તર વિકાસ શક્ય બને છે.જે ક્ષેત્રમાં ગ્રંથાલય ના હોય ત્યાં નેટવર્ક પદ્ધતિના આધારે ગ્રંથાલયની સ્થાપના કરી શકાય છે.

## 4.4 જોગવાઈઓ

ગ્રંથાલય અધિનિયમમાં કેટલીક જોગવાઈઓ આપેલી છે.જે આવશ્યક તત્વોને આધારે નક્કી થયેલ છે.જેમાં પ્રાથમિક માળખું,રાજ્ય અને સ્થાનિક સત્તાઓની જવાબદારી, આવકના સાધનો અને ખર્ચ વિષયક સત્તાઓ અને કાર્યો માટે નીચેની જોગવાઈઓનો અમલ કરાય છે.

#### 4.4.1 ઉચ્ચ સંચાલનની જોગવાઈ

રાજ્ય ગ્રંથાલય સત્તા તેમજ સ્થાનિક ગ્રંથાલય સત્તા તેમના કાર્યો અને ફરજો સ્પષ્ટ બને છે.ઉચ્ચ કક્ષાએ સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાને બદલે કેન્દ્રીકરણ અપનાવવું એટલે કે સર્વોચ્ચ સત્તાએ સમિતિની નિમણુંક કરવાના બદલે યોગ્ય વ્યક્તિને નીમવી જોઈએ. તેની સાથે સલાહકાર સમિતિ નીમવી જરૂરી છે.આ સમિતિમાં વિદ્વાનો અને ગ્રંથાલયશાસ્ત્રના નિષ્ણાતોને સ્થાન આપવું જોઈએ.

#### 4.4.2 વ્યવસ્થાકીય માળખાની જોગવાઈ

- ગ્રંથાલય સેવા માટે અલગ ખાતું હોવું જોઈએ અને તે માટે અલગ સચિવ નીમવા જોઈએ.
- ગ્રંથાલય ખાતાના વડાશ્રી પૂર્ણ વ્યવસાયિક તાલીમ અને શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- રાજ્ય મધ્યવર્તી ગ્રંથાલયની સ્થાપના,તેનો હેતુ અને કાર્યની સ્પષ્ટતા જરૂરી છે.
- ગ્રંથાલય સેવાનું ધોરણ સતત જળવાય તે માટે તેની કામગીરી પર દેખરેખ રાખવાની જોગવાઈ આવશ્યક છે.
- કર્મચારીઓની લાયકાતનું ધોરણ તેમના કાર્યો ફરજો તેમજ અન્ય નીતિ-નિયમોની સ્પષ્ટતા હોવી જરૂરી છે.

#### 4.4.3 આર્થિક બાબતોને લગતી જોગવાઈ

ગ્રંથાલય અધિનિયમમાં આર્થિક જોગવાઈ અંગે ખાસ ઉલ્લેખ અને સ્પષ્ટતા જરૂરી છે.

- ગ્રંથાલય વેરો વસુલ કરવા માટે સ્થાનિક ગ્રંથાલય સત્તાને મહત્ત્વ આપવું જોઈએ.
- ગ્રંથાલાયવેરો તે મિલકતવેરા ઉપરનાં સરચાર્જ સ્વરૂપે હોવો જોઈએ.દા.ત.૧ રૂપિયા પર ૫ પૈસા કે જે નક્કી કરવામાં આવે તે મુજબ.
- રાજ્ય સરકાર તરફથી અનુદાન મળવું જોઈએ.અમુક રકમ રોકડ સ્વરૂપમાં અને અમુક રકમ મકાન, ફર્નીચર અને પુસ્તક સંગ્રહ માટે ફાળવવી જોઈએ.

#### 4.4.4 સત્તાની જોગવાઈ

સ્થાનિક અંકુશ ધરાવતી ગ્રંથાલય સત્તાને મુખ્ય સત્તાના નિરીક્ષણના અધિકારને આધીન રહીને ગ્રંથાલયના સંચાલન માટે નિયમો ઘડવાની સત્તા હોવી જોઈએ.જેમાં ગ્રંથાલય સેવાનો નિશ્ચિત સમય, કર્મચારીઓની નિમણુંક તેમજ ગ્રંથાલયના નિયમો ઘડવાની સત્તા ગ્રંથાલય સલાહકાર મંડળને હોવી જોઈએ.

## 4.5 ભારત : ગ્રંથાલય અધિનિયમો

ભારતમાં ગ્રંથાલય અધિનિયમ જોગવાઈ આ મુજબ થયેલ છે.

(1) મદ્રાસ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૧૯૪૮)
(2) આંધ્રપ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૧૯૬૦)
(3) કર્ણાટક રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૬૫)
(4) મહારાષ્ટ્ર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૬૭)
(5) પશ્ચિમ બંગાળ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૭૯)
(6) મણીપુર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૮૮)
(7) કેરલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૮૯)
(8) હરિયાણા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૮૯)
(9) મિઝોરમ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૯૩)
(10) ગોવા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૯૩)
(11) ઓરિસ્સા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૧)

(12) ગુજરાત રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૧)
(13) ઉત્તરાંચલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૫)
(14) રાજસ્થાન રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૬)
(15) ઉત્તરપ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૬)
(16) લક્ષદ્વીપ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૭)
(17) બિહાર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૮)
(18) છત્તીસગઢ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૯)
(19) અરુણાચલ પ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૨૦૦૯)

**4.5.1 મદ્રાસ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૧૯૪૮)**

મદ્રાસ રાજ્યમાં ૧૯૪૮માં ગ્રંથાલય અધિનિયમ શરૂ થયો જેને પ્રથમ રાજ્ય તરીકેનું મહત્ત્વ પ્રાપ્ત થયું.ડૉ એસ આર રંગનાથનનાં અથાગ પ્રયત્નની ફલશ્રુતિરૂપી જાન્યુઆરી1948 વિજયવાડામાં આયોજિત સંમેલનમાં નક્કી કરવામાં આવેલ અધિનિયમ ૨૯ જુન ૧૯૪૯ માં વિધાનસભામાં પ્રસ્તુત કરાયો.જેની એપ્રિલ ૧૯૫૦માં શરૂઆત જનતા દ્વારા ગ્રંથાલય કર રૂપે જેટલી રકમ મળે તેટલી જ બીજી રકમ મદ્રાસ સરકાર જમા કરાવે છે.મદ્રાસ રાજ્ય કેન્દ્રિય ગ્રંથાલય કોનોમારા સાર્વજનિક ગ્રંથાલય છે.અત્યારે મદ્રાસ ગ્રંથાલય અધિનિયમનું નામકરણ તમિલનાડુ ગ્રંથાલય અધિનિયમ તરીકે પ્રચલિત છે.

**4.5.2 આંધ્રપ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૧૯૬૦)**

સ્વતંત્રતા પ્રાપ્તિ પર વર્તમાન આંધ્રપ્રદેશના ભૂમિભાગ મદ્રાસ અને હૈદરાબાદ રાજ્યમાં ફેલાયો હતો.જેથી આંધ્રપ્રદેશમાં બે અધિનિયમ લાગુ પડતા અમુક ભાગમાં મદ્રાસ અધિનિયમ (૧૯૪૮) અને અમુક ભાગમાં હૈદરાબાદ અધિનિયમ (૧૯૫૫).૧૯૫૬માં રાજ્યોના એકત્રીકરણ થવાથી આંધ્રપ્રદેશ રાજ્ય માટે ૧૯૫૯ માં એક ગ્રંથાલય અધિનિયમ રજુ કરાયો જે ૧૯૬૦માં શરૂ કરવામાં આવ્યો.આ અધિનિયમમાં મદ્રાસ ગ્રંથાલય અધિનિયમમાં ખૂટતી બાબત દૂર કરવાનો પ્રયત્ન કરાયો.આ અધિનિયમમાં ગ્રંથાલયોની વ્યવસ્થા અને સંચાલન માટે ગ્રંથાલય સંબંધિત સૂચનો કરવા ૨૪ સભ્યોની રાજ્ય ગ્રંથાલય સમિતિ નિયુક્ત કરવામાં આવેલી.ગ્રંથાલય કરમાંથી પ્રાપ્ત થયેલ રકમ જેટલી જ રકમ સરકાર પ્રતિવર્ષ આપે છે.આંધ્રપ્રદેશ રાજ્યનું કેન્દ્રિય ગ્રંથાલય હૈદ્રાબાદમાં છે.

**4.5.3 કર્ણાટક રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૧૯૬૫)**

કર્ણાટક જેને પહેલા મૈસુર કહેતા તેમાં ૨૨ એપ્રીલ ૧૯૬૫નાં રોજ ગ્રંથાલય અધિનિયમની શરૂઆત થયેલી.પ્રાદેશિક સ્તર પર એક સમિતિની રચના કરેલ જેમાં રાજ્યનાં શિક્ષણમંત્રી અને રાજ્ય ગ્રંથપાલ સમિતિના અધ્યક્ષ સ્થાને હોય અને બીજા ૧૪ સભ્યો સમિતિમાં સામેલ હોય.અધિનિયમમાં સ્પષ્ટ કહેવાયું છે કે બધા માટે ગ્રંથાલય સેવા ઉપલબ્ધ કરાવવાની જવાબદારી ગ્રંથાલય અધિકારીની રહેશે.ગ્રંથાલય કર જેટલો જ સરકાર પોતાનો હિસ્સો આપી  નાણાકીય મદદ કરે છે.

**4.5.4 મહારાષ્ટ્ર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૧૯૬૭)**

મહારાષ્ટ્ર ગ્રંથાલય અધિનિયમને ૧૭ નવેમ્બર ૧૯૬૭ માં ઘોષિત કરવામાં આવ્યું.જે 1 એપ્રીલ ૧૯૬૭ થી શરૂ કરાયું.આ અધિનિયમ અંતર્ગત શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં રાજ્ય ગ્રંથાલય સમિતિ આયોજન છે. આ રાજ્ય અધિનિયમમાં ગ્રંથાલય કર લગાવવાની વ્યવસ્થા નથી.પરંતુ રાજ્ય સરકાર પ્રતિવર્ષ ઓછામાં ઓછા ૨૫ લાખ રૂપિયા ગ્રંથાલયોના વિકાસ માટે ખર્ચ કરશે.આમ અધિનિયમથી ગ્રંથાલયોનો વિકાસ શક્ય બન્યો છે.

**4.5.5 પશ્ચિમ બંગાળ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૧૯૭૯)**

ભારતમાં ગ્રંથાલય અધિનિયમ શરુ કરનાર આ પાંચમું રાજ્ય છે.પશ્ચિમ બંગાળ ગ્રંથાલય સંઘ હંમેશા ગ્રંથાલયનાં વિકાસ માટે પ્રયત્નશીલ રહ્યું છે.આ અધિનિયમનાં અધ્યક્ષ સ્થાને શિક્ષણમંત્રીની નિયુક્તિ કરેલ હોઈ, સમયાનુસાર ગ્રંથાલયના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સુચન આપવાનું કાર્ય કરે છે.

**4.5.6 મણીપુર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (૧૯૮૮)**

મણીપુર ગ્રંથાલય સંઘની સ્થાપના 1987માં થઇ હતી.ગ્રંથાલય સંઘે તે જ વર્ષે ગ્રંથાલય અધિનિયમ અંગેનું કાર્ય શરુ કરી દીધેલું જે ૧ ઓકટોબર ૧૯૮૮ થી ગ્રંથાલય અધિનિયમ અમલી બનાવ્યો.આ અધિનિયમમાં રાજ્ય ગ્રંથાલય સંઘના ૯ સભ્યો હોય છે.દરેક જીલ્લામાં જીલ્લા અધિકારીની નિયુક્તિ કરવામાં આવે છે.આ અધિનિયમમાં ગ્રંથાલય કરની કોઈ વ્યવસ્થા કરેલ નથી.પરંતુ જીલ્લા ગ્રંથાલય અધિકારી ગ્રંથાલાય્ ફંડ નક્કી કરે છે.જેના અંતર્ગત સ્વેચ્છાએ પ્રાપ્ત

થયેલ દાન, રાજ્ય સરકારનું અનુદાન અને વિવિધ નિયમો અંતર્ગત પ્રાપ્ત રકમ દ્વારા ગ્રંથાલયોનો વિકાસ કરી શકાય છે.

**4.5.7 કેરળ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૧૯૮૯)**

કેરલ રાજ્યમાં ગ્રંથાલય અધિનિયમનો પ્રયાસ ૧૯૫૯થી શરુ થયો પરંતુ સમયાંતરે બદલાતી જતી સરકારને કારણે ખુબ સમય લાગેલ.1988માં એક નવી ગ્રંથાલય અધિનિયમ વિધાનસભામાં પુન: રજુ કરવામાં આવ્યો.જે ફેબ્રુઆરી 1989માં અમલી બન્યો. આ અધિનિયમ અંતર્ગત ગ્રંથાલય પરિષદનું બંધારણ કરવાનું આયોજન છે.જેમાં ચૂંટણી કરીને કાર્યકારી સમિતિના અધ્યક્ષ,ઉપાધ્યક્ષ,સચિવ અને ઉપસચિવની નિમણુંક કરાય છે.જે સમિતિનો કાર્ય સમય ૩ વર્ષનો હોય છે.દરેક જીલ્લામાં ગ્રંથાલય સમિતિ હોય છે.જે ગ્રંથાલયના વિકાસ અને વ્યવસ્થાપન કરે છે.આ અધિનિયમ અંતર્ગત ગ્રંથાલય ફંડ ઉભું કરાય છે.જેમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રાપ્ત અનુદાન તથા અન્ય માધ્યમો દ્વારા મળતી રકમને એકત્રિત કરવામાં આવે છે.આ અધિનિયમમાં ગ્રંથાલય કર લેવાની વ્યવસ્થા છે.જેને કારણે ગ્રંથાલયોનો મહત્તમ વિકાસ થયો છે.આથી આ રાજ્યમાં શિક્ષણનું સ્તર વધુ ઊંચું છે.

**4.5.8 હરિયાણા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ (1989)**

હરિયાણા ગ્રંથાલય સંઘની સ્થાપના 1937માં કરવામાં આવેલ ગ્રંથાલય સંઘ દ્વારા અધિનિયમ માટે ઉચ્ચશિક્ષણ નિર્દેશાલયમાં પ્રસ્તાવ મુકવામાં આવ્યો અને ત્યારબાદ 1967માં થાપર ઇન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી દ્વારા પણ પ્રયત્ન થયો.1982માં કુરુક્ષેત્રમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ પર એક સેમીનાર યોજાયેલ જેમાં ફરીથી અધિનિયમ માટે પ્રસ્તાવ મુકાયો.હરિયાણા ગ્રંથાલય સંઘ દ્વારા 1989માં ગ્રંથાલય અધિનિયમ વિષય પર હરિયાણામાં સેમીનારનું આયોજન થયું.જેમાં સરકાર આગળ પુન: પ્રસ્તાવ મુકાયો.ત્યારના શિક્ષણમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ દ્રરા સપ્ટેમ્બર 1989માં વિધાનસભામાં ગ્રંથાલય અધિનિયમનો જે પ્રસ્તાવ મુકાયો તેને સમર્થન મળ્યું.આ અધિનિયમમાં હરિયાણા સરકારના શિક્ષણમંત્રી અધ્યક્ષ તરીકે,ગ્રંથાલય નિર્દેશક સચિવ તરીકે તથા 11 સભ્યો કે જેમાંથી 8 સભ્યો અધ્યક્ષ દ્વારા નિયુક્ત કરશે તેવું નક્કી કરવામાં આવ્યું.આ

અધિનિયમમાં રાજ્ય કેન્દ્રિય ગ્રંથાલય, જિલ્લા ગ્રંથાલય, નગર ગ્રંથાલય,ગ્રામ્ય ગ્રંથાલય અને જરૂરિયાત મુજબ ગ્રંથ સંગ્રહ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.આ અધિનિયમમાં મકાન સંપત્તિ પર ગ્રંથાલય કર લગાવવાની વ્યવસ્થા કરવામાં આવી.જેમાં રાજ્ય,જીલ્લા અને નગર સ્તરે ગ્રંથાલય ફંડની શરૂઆત કરવામાં આવી.કેન્દ્ર,રાજ્ય અને અન્ય સ્ત્રોતોમાંથી પ્રાપ્ત રકમનો ગ્રંથાલય વિકાસ હેતુ ઉપયોગ કરવાનું નક્કી કરાયું.

**4.5.9 ગોવા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(1993)**

નવી શિક્ષણનીતિ અંતર્ગત જ્યાં શિક્ષણનું સ્તર ઊંચું કરવાનો પ્રયાસ થાય છે.ત્યાં ગ્રંથાલય અને માહિતી પદ્ધતિ પર ધ્યાન અપાય છે.વિવિધ સ્તર પર સમાજને શિક્ષીત કરવા માટે શિક્ષણ સંસ્થાઓની સાથે સાર્વજનિક ગ્રંથાલયોનું પણ વિશિષ્ટ મહત્ત્વ હોય છે.ગોવા રાજ્ય ગ્રંથાલય અધિનિયમનો પ્રસ્તાવ તૈયાર કરી ૧૯૯૩માં અમલ શરુ થયો.૧૧સભ્યોની એક સલાહ સમિતિ જેમાં ૮સભ્ય નિયામક દ્વારા નક્કી કરેલા હોય. આ સમિતિ રાજ્યના ગ્રંથાલયોના વિકાસ પ્રત્યે ધ્યાન આપે છે. જિલ્લા તથા તાલુકા ગ્રંથાલય અંતર્ગત પ્રત્યેક ગામમાં ગ્રંથાલયની સ્થાપના કરવાનું આ અધિનિયમમાં નક્કી થયું જેમાં રાજ્ય સરકાર પોતાના બજેટના આધારે ગ્રંથાલયોના વિકાસની રકમ નક્કી કરી સમગ્ર રાજ્યને ગ્રંથાલય સેવા પૂરી પાડશે.

**4.5.10 મિઝોરમ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(1993)**

મિઝોરમ રાજ્યમાં ૧૯૯૩માં ગ્રંથાલય અધિનિયમ તૈયાર થયો.જેનો હેતુ મિઝોરમ રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની સ્થાપના દ્વારા પ્રત્યેક વ્યક્તિને ગ્રંથાલય સેવા પૂરી પાડવાનો હતો.આ અધિનિયમમાં 18 સભ્યોની સમિતિ બનાવવી જેનો કાર્યકાળ ૩ વર્ષનો છે.આ સમિતિનું મુખ્ય કાર્ય ગ્રંથાલય સંબંધિત વિવિધ સુજાવ રાજ્ય સરકારને પ્રસ્તુત કરવાનો છે.રાજ્ય ગ્રંથાલય રાજ્યની રાજધાનીમાં સ્થાપવું,જીલ્લા ગ્રંથાલય,વિભાગીય ગ્રંથાલય અને 10,000ની વસ્તી ધરાવતા પ્રત્યેક ગામમાં ગ્રંથાલયની સ્થાપના કરવી .બધા જ પ્રકારના ગ્રંથાલયોનું સંચાલન અને વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.અધિનિયમમાં રાજ્ય સરકાર બધા જ ગ્રંથાલયને અનુદાન આપશે તેમ જણાવેલ છે.

### 4.5.11 ઓરિસ્સા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(2001)

1897 કેન્દ્રપારામાં કાયમનું જ્યુબીલી ગ્રંથાલયની સ્થાપના કરવામાં આવી અને 1898માં બરીપાડામાં સાર્વજનિક ગ્રંથાલયની સાથે સાથે રાજ્યમાં અન્ય ગ્રંથાલયોનો વિકાસ અને સ્થાપના કરવામાં આવી.1975માંસાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ઓરિસ્સા રાજ્ય દ્વારા શૈક્ષણિક વિભાગ પાસેથી સાર્વજનિક ગ્રંથાલયનો સંપૂર્ણ હવાલો લઇ લેવામાં આવ્યો.ઓરિસ્સા રાજ્યમાં ગ્રંથાલય અધિનિયમનો અમલ 2001થી શરુ થયો.ઓરિસ્સા રાજ્ય 1 રાજ્ય ગ્રંથાલય,13 જીલ્લા ગ્રંથાલય,૪ વિભાગીય ગ્રંથાલય,૬ તાલુકા ગ્રંથાલય અને 4મેમોરીઅલ હોલ ગ્રંથાલયના વિકાસ થઇ રહ્યો છે.

### 4.5.12 ગુજરાત રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૨૦૦૧)

ગુજરાત રાજ્ય ગ્રંથાલય અધિનિયમનો અમલ ૨૦૦૧થી થયો.ગુજરાત રાજ્ય સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ પસાર કરવાનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યનાં સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના અને વિકાસ કરવાના આશયથી રાજ્ય ગ્રંથાલય વિકાસ મંડળની રચના કરવામાં આવી જેના કાયદાના અગત્યના મુદ્દાઓ નીચે મુજબ છે.

(1) રાજ્ય ગ્રંથાલય મંડળની રચનામાં રાજ્યના પ્રધાનમંત્રી જોડાયેલ હોય તથા ગ્રંથાલય (ઇન્ચાર્જ) ચેરમેનની નિમણુંક કરાય.
(2) સાર્વજનિક ગ્રંથાલયમાં નિયામકની નિયુક્તિ
(3) જિલ્લા અને તાલુકા ગ્રંથાલયની સ્થાપના મુખ્ય મથકે કરવી
(4) જિલ્લા અને તાલુકા ગ્રંથાલયમાં સલાહકાર સમિતિની સ્થાપના કરવી
(5) રાજ્ય ગ્રંથાલય વિકાસ ફંડની રચનાં કરવી
(6) ગ્રંથાલયો સ્વૈચ્છિક સંસ્થા ચલાવવા માંગતી હોય તેને માન્યતા આપવી

ગુજરાત રાજ્યમાં ૨ રાજ્ય ગ્રંથાલય,18 જિલ્લા ગ્રંથાલય,૪૫ તાલુકા ગ્રંથાલય,૧૨૯ મહિલા ગ્રંથાલય જે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલે છે અને ૩૦૦ થી વધુ પુસ્તક સેવાકેન્દ્ર અને મોબાઈલ ગ્રંથાલય સેવા કાર્યરત છે.

**4.5.13 ઉત્તરાંચલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(2005)**

ભારતમાં ૯/૪/૨૦૦૦નાં રોજ ઉત્તરપ્રદેશ રાજ્યમાંથી છુટું પડીને ૨૭માં રાજ્ય તરીકે ઉત્તરાંચલ રાજ્યની સ્થાપના થઇ. ઉત્તરાંચલ રાજ્યમાં ૧૦ જિલ્લા સમાવવામાં આવ્યા.આ રાજ્યના સાક્ષરતા દર ૭૨.૨૮ % છે.૨૦૦૫માં ઉત્તરાંચલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ પસાર કરવમાં આવ્યો.જેનો હેતુ સાર્વજનિક ગ્રંથાલય દ્વારા સમાજ ઉત્કર્ષનો હતો.ઉત્તરપ્રદેશનાં વિકાસશીલ ગ્રંથાલયો જે ઉત્તરાંચલની અલગ સ્થાપના થવાથી તેમાં સમાઈ ગયો.

**4.5.14 રાજસ્થાન રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૨૦૦૬)**

૧૪મી સદીમાં રાજસ્થાનમાં ગ્રંથાલયોની સ્થાપના થઇ જે સંગ્રહને 'પોથીખાના' કહેવાતો જેમાં જૂની હસ્તપ્રતો અને પૌરાણિક વારસો જુદા જુદા ક્ષેત્રનો સમાયેલો છે.૧૯૪૮માં રાણાકુંભાએ સરસ્વતી ગ્રંથાલય ભંડારની સ્થાપના કરેલ.૧૫૯૨માં રાજા માનસિંહે દુર્લભ હસ્તપ્રતો સાચવવા માટે ગ્રંથાલયની સ્થાપના કરી.૧૯૫૬માં રાજ્યમાં ૫ વિભાગીય ગ્રંથાલયો ૨૪ જીલ્લા ગ્રંથાલય,૮ તાલુકા ગ્રંથાલય અને ૬૦૦ પુસ્તક ભંડાર સ્થપાયા.મોબાઈલ વાન ગ્રંથાલય સેવાઓ માટે શરુ કરવામાં આવી.રજસ્થાન રાજ્ય ગ્રંથાલય અધિનિયમ ૨૦૦૬થી અમલી બન્યો છે.

**4.5.15 ઉત્તરપ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૨૦૦૬)**

ઉત્તરપ્રદેશ રાજ્યમાં ૧૭૫૦માં રામપુરમાં રાજા ગ્રંથાલય ૧૭૬૩મા અલ્હાબાદમાં અલ્હાબાદ સાર્વજનિક ગ્રંથાલય,૧૮૭૭માં અલીગઢમાં મૌલાના આઝાદ ગ્રંથાલય.૧૮૮૯માંઅલ્હાબાદમાં ભારતીભવન ગ્રંથાલય અને ૧૮૯૯માં અલીગઢમાં લોયેલા ગ્રંથાલય અસ્તિત્વમાં આવેલા.૨૦૦૦માં ઉત્તરાંચલ રાજ્ય નવું સ્થપાતા ઉત્તરપ્રદેશનો કેટલોક ભાગ અલગ થયો.રાજ્યનું કેન્દ્રિય ગ્રંથાલય અલ્હાબાદમાં ૬૯ જીલ્લા ગ્રંથાલય,૬૨ સ્વૈચ્છિક સંસ્થા આધારિત ગ્રંથાલયો કાર્યરત છે.ઉત્તરપ્રદેશ રાજ્યમાં ગ્રંથાલય અધિનિયમ ૨૦૦૬માં લાગુ કરેલ છે.

**4.5.16 લક્ષદ્વીપ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૨૦૦૭)**

આઝાદી પહેલા યુનિયન ટેરીટરીમાં કોઈ જ ગ્રંથાલય સેવા અસ્તિત્વમાં નહોતી.૧૯૫૧માં ઠરાવતીમાં સૌપ્રથમ સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના થઇ.૧૯૫૮માં  આઈસલેન્ડ દ્વારા એપેકસ ગ્રંથાલય યુનિયન ટેરીટરીમાં સ્થપવામાં આવ્યું જે સ્વાતંત્ર્યસેનાની કેન્દ્રિય ગ્રંથાલય તરીકે ઓળખાતી.ત્યારપછી તેને લક્ષ્યદ્વીપ કેન્દ્રિય ગ્રંથાલયનું નામ આપવામાં આવ્યું.ગ્રંથાલય વિકાસ અધિકારી દ્વારા ગ્રંથાલયોનું સંચાલન થાય છે.આ ગ્રંથાલયનો વિકાસ,મરામત,વહીવટ માટે રાજ્યસ્તરીય સમિતિની ૧૯૯૪માં રચના કરવામાં આવી જેનું નામ લક્ષ્યદ્વીપ રાજ્ય ગ્રંથાલય સમિતિ રાખવામાં આવ્યું જેમાં ૧૦ સભ્યોની સમિતિ હોય છે.લક્ષ્યદ્વીપ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ ૨૦૦૭ થી અમલી બનેલ છે.

**4.5.17 બિહાર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૨૦૦૮)**

૧૫ ઓક્ટોબર ૧૯૩૬માં ખુબ જ પૌરાણિક, શૈક્ષણિક તથા સંસ્કૃતિક કેન્દ્રો જેવાં કે નાલંદા,વિક્રમશાળા, પાટલીપુત્ર અને તક્ષશિલા જેવી સંસ્થાઓને બિહાર ગ્રંથાલય મંડળ દ્વારા સ્થાપિત કરવામાં આવી.૧૯૩૭માં મંડળોએ ગ્રંથાલયો પ્રખ્યાત થાય અને તેનો વિકાસ થાય તે અંગેની યોજના બનાવી.અત્યારે એક કેન્દ્રિય રાજ્ય ગ્રંથાલય, ૬ વિભાગીય ગ્રંથાલય, ૭ વિશિષ્ટ ગ્રંથાલયો,૧૭ જીલ્લા ગ્રંથાલયો,૨ રાજ્ય ગ્રંથાલય,૧૧ પેટા  વીભાગીય ગ્રંથાલયો, ૩૨૮ જૂથ ગ્રંથાલયો અને ૪૪૨૨ ગ્રામ્ય ગ્રંથાલયો  કાર્યરત છે.ગ્રંથાલયો સરકાર હસ્તક શિક્ષણ વિભાગના કમિશ્નર અંતર્ગત ચાલે છે.બિહાર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ ૨૦૦૮થી શરૂ કરેલ છે.

**4.5.18 છત્તીસગઢ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૨૦૦૯)**

છત્તીસગઢ રાજ્ય નવેમ્બર ૨૦૦૦માં મધ્યપ્રદેશથી અલગ રાજ્ય તરીકે સ્થપાયું.તેઓએ અલગ રાજ્ય તરીકે ૧૯૬૪થી માંગણી કરેલ.છત્તીસગઢનો મોટો ભાગ પછાત છે.જેનો વધુ વિકાસ જરૂરી છે.તેમાં ૧૬ જીલ્લા સમાયેલાછે.મધ્યપ્રદેશના વહીવટ દ્વારા જીલ્લા ગ્રંથાલયોની સ્થાપના કરવામાં આવેલ.છત્તીસગઢ રાજ્ય ગ્રંથાલય ૨૦૦૮માં પસાર કરવામાં આવ્યો.

#### 4.5.19 અરુણાચલ પ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ(૨૦૦૯)

અરુણાચલ પ્રદેશ અગાઉ નોર્થ ઈસ્ટ ફ્રન્ટીયર એજન્સી તરીકે ઓળખાતો હતો.જેમાં ૧૯૫૦માં ગ્રંથાલય સેવાઓ શરૂ થઇ. સાતમી પંચવર્ષીય યોજનામાં રાજ્ય સરકાર દ્વારા ગ્રંથાલય વિકાસ અને રાજ્યોમાં જૂથ સ્તરે અને જુદા જુદા સ્તરે મોટા પ્રમાણમાં ગ્રંથાલયોની સ્થાપના કરવામાં આવી.રાજ્યના મુખ્ય મથકે મોબાઈલ ગ્રંથાલય સેવા શરૂ કરવામાં આવી.રાજ્યમાં એક રાજ્ય ગ્રંથાલય,૨ વિભાગીય ગ્રંથાલય,૧૩ જિલ્લા ગ્રંથાલય, ૨ પેટા વિભાગીય ગ્રંથાલય ,૨૦ જૂથ ગ્રંથાલય અને ૪૫ સર્કલ ગ્રંથાલય છે.અરુણાચલ રાજ્ય માટે ગ્રંથાલય અધિનિયમની શરૂઆત ૨૦૦૯થી થયેલ છે.

## 4.6 તમારી પ્રગતિ ચકાસો

નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

(1) ગ્રંથાલય અધિનિયમની આવશ્યકતા જણાવો.

(2) ભારતમાં ગ્રંથાલય અધિનિયમ કેટલા રાજ્યોમાં સ્થાપિત છે? તેના નામ જણાવો.

(3) ગુજરાત રાજ્ય અને કેરલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ વિશે માહિતી આપો.

## 4.7 સારાંશ

ગ્રંથાલયના વ્યવસ્થાપન,આર્થિક બાબતો અને સુચારૂ સંચાલન માટે ગ્રંથાલય અધિનિયમ આવશ્યક છે. ભારત દેશમાં ગ્રંથાલય અધિનિયમની શરૂઆત જુદા જુદા રાજ્યોમાં સમયાંતરે થયેલ છે.ગ્રંથાલય અધિનિયમ શરૂ કરતા પહેલા તેની સંદર્ભિત જોગવાઈઓનું ધ્યાન રખાય છે.પ્રત્યેક રાજ્યમાં ગ્રંથાલયના વિકાસ , મરામત અને વહીવટ માટે રાજ્ય સ્તરીય સમિતિની રચના કરવામાં આવે છે.સાર્વજનિક ગ્રંથાલયો સમાજના હિત માટે કાર્યરત હોય છે.ગ્રંથાલય અધિનિયમના કારણે સાર્વજનિક ગ્રંથાલયોનું વહીવટી માળખું સુવ્યવસ્થિત ગોઠવાય છે.જે સમાજની સેવાકીય પ્રવૃત્તિમાં લાભકારક નીવડે છે.

## 4.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર (ANSWERS TO SELF CHECK EXERCISE)

(1) ગ્રંથાલય અધિનિયમ ગ્રંથાલયના વ્યવસ્થાપન અને સુચારૂ સંચાલનમાં સ્થિરતા રાખી આર્થિક સહાયતા કરવાનું કાર્ય કરે છે.અધિનિયમની આવશ્યકતા માટે તેના હેતુઓ નીચે મુજબ છે.

- ગ્રંથાલયની સ્થાપનાનો હેતુ: રાજયનાં ભૌગોલિક ક્ષેત્રના પ્રત્યેક વિભાગમાં ગ્રંથાલય સેવા પૂરી પાડવા.ગ્રંથાલયની સ્થાપનાના હેતુને પૂર્ણ કરવા ગ્રંથાલય અધિનિયમ આવશ્યક છે.
- ગ્રંથાલય વિકાસનો હેતુ : સ્થાપના કરેલ ગ્રંથાલયનો વિકાસ કરવો હોય તો ગ્રંથાલય અધિનિયમ દ્વારા જ શક્ય છે.
- ગ્રંથાલય મરામતનો હેતુ : ગ્રંથાલયોનું કાયમી ધોરણે મરામત થતું રહે તે માટે ગ્રંથાલય અધિનિયમ આવશ્યક છે.
- ગ્રંથાલય નેટવર્કની સ્થાપનાનો હેતુ : ગ્રંથાલય અધિનિયમનાં મધ્યમથી દેશમાં ગ્રંથાલયોની એક નેટવર્ક પદ્ધાતિની સ્થાપના કરી શકાય છે.જેમાં રાજ્યનું કેન્દ્રિય, જિલ્લા, તાલુકા,શહેર અને ગ્રામ્ય ગ્રંથાલયોની સ્થાપના થઇ શકે છે.

( ૨ ) ભારતમાં ગ્રંથાલય અધિનિયમ હાલમાં ૧૯ રાજ્યોમાં સ્થાપિત છે જે નીચે મુજબ છે.

i. મદ્રાસ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
ii. આંધ્રપ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
iii. કર્ણાટક રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
iv. મહારાષ્ટ્ર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
v. પશ્ચિમ બંગાળ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
vi. મણીપુર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
vii. કેરલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
viii. હરિયાણા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
ix. મિઝોરમ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
x. ગોવા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

xi. ઓરિસ્સા રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
xii. ગુજરાત રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
xiii. ઉત્તરાંચલ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
xiv. રાજસ્થાન રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
xv. ઉત્તરપ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
xvi. લક્ષદ્વીપ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
xvii. બિહાર રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
xviii. છત્તીસગઢ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ
xix. અરુણાચલ પ્રદેશ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ

(3) ગુજરાત રાજય અધિનિયમની શરૂઆત ઈ.સ..૨૦૦૧ માં થઇ.ગુજરાત રાજ્યના સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના અને વિકાસનાં આશયથી વિકાસ મંડળની રચના કરવામાં આવી.જેમાં રાજ્યના પ્રધાનમંત્રી અને ગ્રંથાલય ઇન્ચાર્જની નિમણુંક કરાય છે.જીલ્લા અને તાલુકા ગ્રંથાલયની સ્થાપના મુખ્ય મથકે કરી તેમાં સલાહકાર સમિતિની સ્થાપના કરાય છે.રાજ્ય ગ્રંથાલય વિકાસ ફંડની રચના કરાય છે.ગુજરાત રાજ્યમાં ૨ રાજ્ય ગ્રંથાલય, ૧૮ જિલ્લા ગ્રંથાલય, ૪૫ તાલુકા ગ્રંથાલય, ૧૨૯ મહિલા ગ્રંથાલય અને ૩૦૦ થી વધુ પુસ્તક સેવાઓ અને મોબાઈલ ગ્રંથાલય કાર્યરત છે.

જયારે કેરલ રાજ્યમાં અધિનિયમની શરૂઆત ઈ.સ. ૧૯૮૯થી થયેલ છે.કેરલ રાજ્યમાં ચૂંટણી કરીને કાર્યકારી સમિતિના અધ્યક્ષ,ઉપાધ્યક્ષ,સચિવ અને ઉપ્સચીવશ્રીની નિમણુંક કરાય છે.આ સમિતિનો કાર્ય સમય ૩ વર્ષનો હોય છે.દરેક જીલ્લામાં ગ્રંથાલય સમિતિ હોય છે.અહી ગ્રંથાલય કર લેવાની વ્યવસ્થા છે.તે ઉપરાંત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રાપ્ત અનુદાન તથા અન્ય માધ્યમો દ્વારા મળતી રકમ દ્વારા ગ્રંથાલયોનો મહત્તમ વિકાસ થયો છે.

## 4.9 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

- ગ્રંથાલય અધિનિયમ (Library Legislation): સાર્વજનિક ગ્રંથાલયના નીતિનિયમો અંગેની સમિતિ
- ગ્રંથાલય સમિતિ (Library Committee) : ગ્રંથાલય અંગેનો નિર્ણય લેવાનું કાર્ય કરે છે.

❖ રાજ્ય પુસ્તકાલય નિયામક (State Library Director) : રાજ્ય પુસ્તકાલયના વડા

❖ ગ્રંથાલય કર (Library Tax): સમાજ ઉપયોગી પ્રવૃત્તિ માટે આ કરનો ઉપયોગ થાય છે.

❖ રાજ્ય (State) : ભારતના જુદા જુદા રાજ્ય અંગે

## 4.10 બહુવીકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

(૧) ભારતમાં ગ્રંથાલય અધિનિયમ હાલમાં કેટલા રાજ્યોમાં સ્થાપિત છે?

(A) ૧૫ (B)૧૯ (C) ૧૮ (D) ૨૧

(૨) ગુજરાત રાજ્યમાં ગ્રંથાલય અધિનિયમ કયા વર્ષમાં શરુ થયો?

(A) ૨૦૦૧ (B) ૧૯૯૮ (C) ૧૯૯૩ (D)૨૦૦૯

(3) મદ્રાસ રાજ્ય ગ્રંથાલય અધીનીયમનુ નવું નામ જણાવો.

(A) આંધ્ર ગ્રંથાલય અધિનિયમ (B) મિઝોરમ ગ્રંથાલય અધિનિયમ (C)તમિલનાડુ ગ્રંથાલય અધિનિયમ (D) બિહાર ગ્રંથાલય અધિનિયમ

(૪) છત્તીસગઢ રાજ્ય પહેલા કયા રાજ્યમાં સમાવિષ્ટ હતું?

(A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ (C) લક્ષ્યદ્વીપ (D) ઓરિસ્સા

(૫) નાલંદા,તક્ષશિલા જેવાં પ્રાચીન ગ્રંથાલયો કયા રાજ્યમાં આવેલાં હતા?

(A) બિહાર (B) ગુજરાત (C) કર્ણાટક (D) હરિયાણા

(1-B),(2-A),(3-C),(4-B),(5-A)

## 4.11 સંદર્ભ અને વિશેષ વાંચન (Reference And Further Reading )


- Sharma,Prahlad (2002) Pustakalay aur samaj; University Publications.Jaipur.
- Sud ASP (2004) Pralekhan aivam Suchana viganan trutia,punahmudrit sanskaran,Jaipur.Rajasthan.
- Kumar Psg (2004) Information Sources and Services: theory and practice.Kumar’s Curriculam series in Library and information science,B.R. Publishing Corporation,Delhi.
- www.RRLF.in.org

# યુનિટ-5 ગ્રંથાલય વ્યવસ્થાપન

:: રૂપરેખા ::

5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 ગ્રંથાલય સંગ્રહ

5.2.1 માહિતી સ્રોતોનું વર્ગીકરણ

5.2.1.1 ભૌતિક વિશેષતાઓના આધારે

5.2.1.2 માહિતીની લાક્ષણિકતાના આધારે

5.2.1.3 સાહિત્યના સ્વરૂપના આધારે

5.2.2 સાર્વજનિક ગ્રંથાલયોનો સંગ્રહ

5.3 સંગ્રહ વિકાસ

5.3.1 હેતુઓ

5.3.2 સંગ્રહ વિકાસ માટેનું ધોરણ

5.3.3 સંગ્રહ વિકાસ નીતિ

5.4 પુસ્તક પસંદગી

5.4.1 પુસ્તકપસંદગી નીતિ તેમજ માનક

5.4.2 પુસ્તકપસંદગી સમિતિ

5.4.3 પુસ્તકપસંદગીના સિદ્ધાંતો

5.4.3.1 ડ્રુરીના સિદ્ધાંતો

5.4.3.2 ડ્યૂઈનો સિદ્ધાંત

5.4.3.3 મેકકોલ્વિનનો સિદ્ધાંત

5.4.3.4 રંગનાથનના સિદ્ધાંતો

5.4.4 પુસ્તકપસંદગીના સાધનો

5.5 પુસ્તક/ પ્રલેખ પ્રાપ્તિ પ્રક્રિયા

5.5.1 આયોજન

**5.5.2 આદેશ**

**5.6 પ્રસ્તુતિકરણ**

**5.6.1 પરિગ્રહણ**

**5.6.2 વર્ગીકરણ**

**5.6.3 સૂચિકરણ**

**5.6.4 ગ્રંથસંસ્કાર**

**5.6.5 ગ્રંથગોઠવણી**

**5.6.6 ગ્રંથ જાળવણી**

**5.6.7 ગ્રંથ સુરક્ષા**

**5.6.8 બંધામણી**

**5.6.9 મેળવણી**

**5.7 માનવ સંસાધન વિકાસ**

**5.7.1 પસંદગી/નિમણૂક**

**5.7.2 તાલીમ/કૌશલ્યો**

**5.8 તમારી પ્રગતિ ચકાસો**

**5.9 સારાંશ**

**5.10 બહુ વિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)**

**5.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**5.12 ચાવીરૂપ શબ્દો**

**5.13 સંદર્ભ અને વિશેષ વાંચન**

## 5.0 ઉદ્દેશો

સાર્વજનિક ગ્રંથાલયોનો ઉદ્દેશ લોકવિશ્વવિદ્યાલયના રૂપમાં દેશમાં રહેલ નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવવા, સાક્ષરોના જ્ઞાનમાં સતત વૃદ્ધિ કરવી, સ્ત્રીઓમાં રહેલ શક્તિઓને જાગૃત કરવી, પ્રૌઢ શિક્ષણના કેન્દ્ર તરીકે સતત કાર્યરત રહેવું, બાળકોમાં રહેલ વાચનવૃત્તિને જાગૃત

કરવી, સંશોધનના કાર્યોમાં સહાયતા પૂરી પાડવી, સ્વશિક્ષણની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું તથા નિરંતર આજીવન શિક્ષણ માટે પ્રેરકબળ બનવું, દેશના મૂલ્યવાન સાહિત્યના સંરક્ષક બનવું, માનવ વ્યક્તિત્વના સર્વાંગી વિકાસમાં  સહયોગ પૂરો પાડવો તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહયોગ માટે મદદરૂપ થવાનો છે. આ ઉદ્દેશોની પરિપૂર્તિ માટે ગ્રંથાલય વ્યવસ્થાપનમાં સામાન્ય રીતે સાત કાર્યોનો સમાવેશ થાય છે. : (૧) આયોજન,(૨) સંગઠન, (૩)કર્મચારીગણ, (૪)નિર્દેશન, (૫) સમન્વય, (૬) અહેવાલ,(૭) અંદાજપત્ર.

આ એકમના અધ્યયન બાદ તમે આ બાબતથી સક્ષમ બનશો :

- ગ્રંથાલયમાં માહિતીના વિવિધ સ્રોતો અને વિશેષતાઓના આધારે તેનું વિભાજન.,
- ગ્રંથાલયમાં સંગ્રહ વિકાસના હેતુઓ અને સંગ્રહ વિકાસ માટેની નીતિઓ તેમજ માનકો.,
- પુસ્તક પસંદગી માટેના મહત્ત્વના સિદ્ધાંતો ,
- ગ્રંથાલયમાં વિવિધ માહિતી સ્રોતોની પ્રાપ્તિની પ્રક્રિયા.,
- ગ્રંથાલય વર્ગીકરણ અને સુચિકરણની પ્રક્રિયા.,
- ગ્રંથભંડાર અને ગ્રંથ ગોઠવણીની પ્રક્રિયા.,
- ગ્રંથ સુરક્ષા,ગ્રંથ ગોઠવણીની પ્રક્રિયા.,
- ગ્રંથ સુરક્ષા, ગ્રંથ બંધામણીની પ્રક્રિયા.,
- ગ્રંથ મેળવણીની પ્રક્રિયા અને
- ગ્રંથાલય કર્મચારીગણ વ્યવસ્થાપન.

## 5.1 પ્રસ્તાવના (INTRODUCTION)

સાર્વજનિક ગ્રંથાલયોએ સમાજોત્કર્ષ અને સંસ્કૃતિને ઉજાગર કરતી સામાજિક સંસ્થા છે. આજના માહિતીયુગમાં વાચકોની વૈવિધ્યપૂર્ણ માંગ અને વાચનસાહિત્યની વિવિધતાને પરિણામે ગ્રંથાલય વ્યવસ્થાપનની પ્રક્રિયા જટિલ બનેલ છે. ગ્રંથાલય વ્યવસ્થાપન એ ગ્રંથાલય વિજ્ઞાનની વાચનસાહિત્યની પસંદગી,પ્રાપ્તિ,સંગ્રહ, સાચવણી અને તેનો મહત્તમ ઉપયોગ એ સાર્વજનિક ગ્રંથાલયોના પ્રાથમિક કાર્યો છે. ગ્રંથાલય વ્યવસ્થાપન માટે ચોક્કસ સુદ્રઢ યોજના અને નીતિ-નિયમો આવશ્યક છે. સાર્વજનિક ગ્રંથાલયોનો ઉદ્દેશ વાચનસામગ્રીનો સંગ્રહ, વ્યવસ્થા,સાચવણી અને પુનઃપ્રાપ્તિ તેમજ તેનો વધુમાં વધુ

ઉપયોગ થાય તે છે. આ માટે સુયોજિત ગ્રંથાલય વ્યવસ્થાપન જરૂરી છે. આ એકમમાં આપણે વાચનસાહિત્ય અને કર્મચારીગણના વ્યવસ્થાપન વિશે અભ્યાસ કરીશું.

## 5.2 ગ્રંથાલય સંગ્રહ (LIBRARY COLLECTION)

સાર્વજનિક ગ્રંથાલયોનું મહત્ત્વનું કાર્ય તેની સમૃદ્ધ વાચનસામગ્રી થકી સમાજને જ્ઞાન સભર બનાવવાનું છે. સાર્વજનિક ગ્રંથાલયોમાં તેની કક્ષા અનુસાર વાચન સાહિત્યનો જથ્થો ઉપલબ્ધ હોય છે. જેમ કે , ગ્રામ ગ્રંથાલય કરતાં શહેર કે જિલ્લા ગ્રંથાલયોમાં વાચન સાહિત્યનો વિપુલ જથ્થો ઉપલબ્ધ હોય છે. ગ્રંથસંગ્રહ એ ગ્રંથાલયની વાચનસામગ્રીનો સરવાળો છે. જેમાં પુસ્તકો,હસ્તપ્રતો,સામયિકો,અહેવાલો, માઈક્રોફિલ્મ, ઈલેક્ટ્રોનિક સ્રોતો, ઓનલાઈન સ્રોતો વગેરેનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે, સાર્વજનિક ગ્રંથાલય જે વિસ્તારમાં આવેલ છે તે વિસ્તારના વાચકોની માંગ અને ગ્રંથાલયની નાણાંકીય ક્ષમતાને આધારે વાચનસંગ્રહ વિકસાવવામાં આવે છે.

### 5.2.1માહિતી સ્રોતોનું વર્ગીકરણ (CLASSIFICATION OF INFORMATION SOURCES)

માનવ દ્વારા પોતાના જ્ઞાનને સુરક્ષિત રાખી, તેને પોતાની ભાવી પેઢીના ઉપયોગ માટે તથા જ્ઞાનના પ્રસારણની ઈચ્છાના કારણે વિવિધ માહિતી સ્રોતોનો જન્મ થયો છે. સાર્વજનિક ગ્રંથાલયોના વાચન સાહિત્યના ભંડારમાં વિભિન્ન પ્રકારના માહિતી સ્રોતોનો સંગ્રહ હોય છે. કોઇપણ સ્વરૂપમાં રહેલ પ્રલેખ તે માહિતીનો સ્રોત હોઈ શકે છે. તે મુદ્રિત કે અમુદ્રિત સ્વરૂપમાં પણ હોઈ શકે. સામાન્ય રીતે મુદ્રિત સ્વરૂપમાં રહેલ પ્રલેખ તે ખૂબ જ ઉપયોગી અને વિશ્વાસુ માહિતી સ્રોત માનવામાં આવે છે. વૈવિધ્યપૂર્ણ માહિતી ધરાવતાં આ પ્રલેખોને વિવિધ વિદ્વાનોએ તેની વિશેષતાઓના આધારે વિભાજીત કરેલ છે.

#### 5.2.1.1 ભૌતિક વિશેષતાઓના આધારે (By Physical Characteristics)

ડૉ. એસ.આર.રંગનાથને પ્રલેખોના વર્ગીકરણ માટે તેની ભૌતિક વિશેષતાઓ અને ઉપયોગને ધ્યાનમાં રાખી તેને ચાર પ્રકારમાં વિભાજીત કરેલ છે.

પ્રલેખ

| પરંપરાગત (Conventional) | નવપરંપરાગત (Neo- Conventional) | અપરંપરાગત (Non- Conventional) | અનુ-પ્રલેખ (Meta-Document) |
|---|---|---|---|
| - પુસ્તકો | - માનકો (Standratds | - શ્રાવ્ય સાધનો | - માનવ મસ્તકની મધ્યસ્થી વિનાનો પ્રત્યક્ષ લેખ.જેમાં યંત્ર,ટેકનોલોજી, ફોટોગ્રાફી,રડાર જેવાં સાધનો દ્વારા કુદરતી કે સામાજિક દ્રશ્ય ઘટનાઓના અહેવાલોનો સમાવેશ થાય છે. |
| - સામયિકો | - એકાધિકાર(Patents) | - દ્રશ્ય સાધનો | |
| - નકશાઓ | - માપદંડો(Specifications) | - દ્રશ્ય-શ્રાવ્ય સાધનો | |
| - એટલાસ | - આધારસામગ્રી(Data) | - સુક્ષ્મ સ્વરૂપો (microforms) | |

### 5.2.1.2 માહિતીની લાક્ષણિકતાના આધારે (By Information Characteristics)

હેન્સન અને ગ્રોગને પ્રલેખોનું વર્ગીકરણ તેમાં રહેલ માહિતીની લાક્ષણિકતાના આધારે કરેલ છે. હેન્સને સ્રોતોને બે વિભાગમાં વિભાજીત કરેલ છે. :

(૧)પ્રાથમિક સ્રોત ,(૨) દ્વિતીય સ્રોત

જયારે ગ્રોગને સ્રોતોને ત્રણ કક્ષામાં વિભાજીત કરેલ છે. :

(૧) પ્રાથમિક સ્રોત ,(૨) દ્વિતીય સ્રોત,(૩) તૃતીય સ્રોત

| પ્રાથમિક સ્રોત | દ્વિતીય સ્રોત | તૃતીય સ્રોત |
|---|---|---|
| -સામયિકો | - સંદર્ભ ગ્રંથો | - નિર્દેશિકાઓ |
| -પેટન્ટ | ૧.વિશ્વકોશો | - વાર્ષિકી |
| -સરકારી પ્રકાશનો | ૨.શબ્દકોશો | - સાહિત્યિક |
| -સંમેલન અહેવાલો | ૩. હેન્ડબુક | માર્ગદર્શિકાઓ |
| -સંશોધન/ટેકનીકલ અહેવાલો | ૪.સૂત્રાત્મક રજુઆતો | - ચાલુ સંશોધનના |
| | - સમીક્ષાઓ અને સ્ટેટ | પ્રગતિ અહેવાલો |
| - માનકો | ઓફ રીપોર્ટ | - વાઙ્મયસૂચિઓની |
| - વ્યાપારી સાહિત્ય | ૧.પ્રગતિ અહેવાલો | વાઙ્મયસુચિ |
| - મહાનિબંધો/ લઘુશોધ નિબંધો | ૨.અભ્યાસ લેખો | - સંસ્થાઓ અને |
| | ૩.વિષય વિકાસની | માહિતી સ્રોતો |
| - પ્રયોગશાળાની નોંધપોથીઓ | વિગતો | દર્શાવતી |
| - રોજનીશીઓ | - વાઙ્મયસૂચિઓ | માર્ગદર્શિકા |
| - જાહેરનામું | - સારકરણ અને નિર્દેશીકરણ સામયિકો | |
| - આંતરિક સંશોધન અહેવાલો | - પાઠ્ય પુસ્તકો / વિષયપુસ્તકો | |
| - પત્રવ્યવહાર તથા અંગત લખાણ | | |

નવીન માહિતી ધરાવતાં સ્રોતને પ્રાથમિક સ્રોત કહેવામાં આવે છે. મૂળ લેખક કે સશોધક દ્વારા કરવામાં આવેલ રજૂઆતનું સીધું જ પ્રકાશન પ્રાથમિક સ્રોતો ધરાવે છે. આ સ્રોતમાં પ્રકાશિત માહિતી અન્ય કોઈ જગ્યાએ જોવા મળતી નથી. જયારે દ્વિતીય સ્રોતમાં પ્રાથમિક કક્ષાના સ્રોતમાંથી પ્રાપ્ત થયેલ માહિતીને યોગ્ય રીતે યોજનાબદ્ધ રીતે રજુ કરવામાં આવેલ હોય છે. આ સ્રોતમાં રહેલ માહિતી સંક્ષિપ્ત અને સંગઠિત હોય છે.પ્રાથમિક સ્રોતમાંથી પ્રત્યક્ષ રીતે માહિતી મેળવવી સરળ હોતી નથી. દ્વિતીય કક્ષાના સ્રોત દ્વારા પ્રાથમિક સ્રોતના ઉપયોગ માટેનું માર્ગદર્શન મળે છે. આમ, આવા સ્રોતો કોઈ નવીન વિચાર કે માહિતી દર્શાવતાં નથી. પ્રાથમિક અને દ્વિતીય કક્ષાના માહિતી સ્રોતોના ઉપયોગ કરવામાં વાચકોને સહાયક બનતાં સ્રોતોને તૃતીય કક્ષાના

સ્રોતો કહેવામાં આવે છે. આ સ્રોતોને દ્વિતીય કક્ષાના સ્રોતોની યાદી પણ કહેવામાં આવે છે.આ સ્રોતોનું મુખ્ય કાર્ય પ્રાથમિક તથા દ્વિતીય કક્ષાના સ્રોતોના ઉપયોગ માટે કે તેમાંથી માહિતી શોધવામાં સહાયતા કરવાનું છે.

**5.2.1.3 સાહિત્યના સ્વરૂપના આધારે**

વાચન સાહિત્યના સ્વરૂપને આધારે તેને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે. :

(૧) મુદ્રિત સાહિત્ય, (૨) અમુદ્રિત સાહિત્ય .

મુદ્રિત સાહિત્યમાં પુસ્તકો, પાઠ્યપુસ્તકો,સામયિકો, સંદર્ભગ્રંથો, ક્રમિક પ્રકાશનો, માનકો, પેટન્ટ,વાડ્મયસુચિ પ્રકાશનો વગેરેનો સમાવેશ થાય છે. જયારે અમુદ્રિત સાહિત્યમાં માઈક્રોફીસ, માઈક્રોફિલ્મ  વગેરે જેવા સુક્ષ્મ સ્વરૂપો ; સ્લાઈડ, ગ્રામોફોન,રેકોર્ડ,ટેપ, કેસેટ, સિનેમા ફિલ્મ, ફોટોગ્રાફની સ્લાઈડસ વગેરે જેવાં દ્રશ્ય-શ્રાવ્ય સાધનસામગ્રીઓ તેમજ મેગ્નેટિક ટેપ, મેગ્નેટિક ડિસ્ક,ફ્લોપી ,CD,DVD જેવાં વિજાણું સાધનો તેમજ મશીન દ્વારા વાંચી શકાય તેવા સાહિત્યનો સમાવેશ થાય છે. આ પ્રકારના સ્રોતમાં ઈ-ડોક્યુમેન્ટ ,ઈ-ડેટાબેઝ,ઈ-બુક, ઈ-જર્નલ વગેરેનો પણ સમાવેશ થાય છે.

**5.2.2 સાર્વજનિક ગ્રંથાલયોનો સંગ્રહ (Collection of Public Libraries)**

સાર્વજનિક ગ્રંથાલયો સમાજમાં વિવિધ માહિતીની માંગ ધરાવતાં નાગરિકોની માંગને ઝડપથી સંતોષી શકાય તે માટે વિવિધ સ્વરૂપમાં રહેલ અદ્યતનમાં અદ્યતન માહિતી સ્રોતોને મેળવી, તેનો સંગ્રહ કરી અને વાચકને માંગ અનુસાર ખૂબ જ ઝડપથી,તેને જોઈએ તે સ્વરૂપમાં પૂરી પાડે છે. આ માટે સાર્વજનિક ગ્રંથાલયોમાં વિવિધ સ્વરૂપમાં વાચનસામગ્રી પ્રાપ્ત કરી તેને સંગ્રહિત કરવામાં આવે છે.સામાન્ય રીતે સાર્વજનિક ગ્રંથાલયોમાં નીચે મુજબની વાચનસામગ્રી ઉપલબ્ધ હોય છે.

(1) પુસ્તકો, પાઠ્યપુસ્તકો (મુદ્રિત અને અમુદ્રિત સ્વરૂપમાં)

(2)નવલકથાઓ, લઘુકથાઓ,નાટકો,કવિતાઓ

વૃદ્ધો,જુવાનો,બાળકો,મહિલાઓ માટે)

(3) સંદર્ભ પુસ્તકો (મુદ્રિત તેમજ અમુદ્રિત સ્વરૂપમાં)

(4) પત્રિકાઓ ,ચોપાનિયા

(5) સામયિકો

(6) સ્થાનિક ,રાજ્ય તેમજ રાષ્ટ્રીય સમાચાર પત્રો તથા સમાચારપત્રોના લેખોની ક્લીપીંગ ફાઈલો

(7) સરકારી તેમજ સ્થાનિક વહીવટી કર્તાની માહિતી ધરાવતાં અહેવાલો.

(8) ઓનલાઈન ડેટાબેઝ

(9) સીડી-રોમ ડેટાબેઝ

(10) માઈક્રો ફોર્મ – માઈક્રોફિલ્મ ,માઈક્રોફીશ

(11) ભૌગોલિક સ્રોતો-એટલાસ,નકશા,ચાર્ટ વગેરે

(12) ટેપ તથા કોમ્પેક્ટ ડિસ્ક (CDs)

(13) ડીજીટલ વર્સેટાઈલ ડિસ્ક (Digital Versatile Discs (DVDs))

(14) ઓડિયો –વિડીયો કેસેટો

(15) લેસર ડિસ્ક

(16) બ્રેઇલ મટીરીયલ્સ

(17) પોસ્ટર્સ

(18) ગેઝેટર્સ

(19) વ્યાપાર સાહિત્ય

(20) સ્થાનિક ઈતિહાસ ધરાવતાં સ્રોતો

(21) સ્થાનિક ભાષામાં સ્રોતો

(22) અન્ય ભાષામાં સ્રોતો

(23) વિવિધ ફોટાઓ,આકૃતિઓ,ચિત્રો

(24) ફિલ્મો તથા તેની સ્લાઇડો

## 5.3 સંગ્રહ વિકાસ (Collection Development)

સંગ્રહ વિકાસ એ ગ્રંથાલયોની સૌથી મહત્તવની પ્રક્રિયા છે જે વાચક અભિગમના સંતોષ માટે ગ્રંથાલયોના વાચનસાહિત્યમાં વધારો કરે છે.

દરેક પ્રકારના ગ્રંથાલયોમાં વિવિધ સ્વરૂપમાં વાચનસામગ્રીઓ સંગ્રહાયેલ હોય છે. સંગ્રહ વિકાસમાં આ દરેક સ્વરૂપમાં રહેલ સામગ્રીને સમાનતા મળવી જોઈએ. ઇલેક્ટ્રોનિક યુગમાં કોઇપણ ગ્રંથાલયમાં વિશાળ જથ્થામાં સાહિત્ય સંગ્રહ તે તેની સમૃદ્ધિ ગણી શકાય નહીં.

ગ્રંથાલયના વાચકોની  માંગ અને આવશ્યકતાને આધારિત સંગ્રહ તે તેના સંગ્રહના જથ્થા કરતાં વધારે મહત્તવનું છે.

**5.3.1 હેતુઓ (Objectives)**

'પુસ્તકો ઉપયોગ માટે છે.' આ સિદ્ધાંત સિદ્ધ કરે છે કે ગ્રંથાલયમાં એવાં જ પુસ્તકો કે વાચનસાહિત્યની પસંદગી કરવી જોઈએ જેનો વધુમાં વધુ ઉપયોગ વાચકો દ્વારા થાય અને તે જ ગ્રંથાલય સંગ્રહ વિકાસનો મુખ્ય ઉદ્દેશ છે. સંગ્રહ વિકાસના હેતુઓ નીચે મુજબ છે. :

(1) વાચકો માટે ઉત્તમ અને ઉપયોગી પ્રલેખોની પસંદગી.,

(2) વાચકોના અભિગમને આધારે ઉત્તમ અને નવીન માહિતીઓ પૂરી પાડવી.,

(3) સંગ્રહમાંથી સમયાંતરે સમીક્ષા કરીને બિનઉપયોગી અને જુના પ્રલેખોને દુર કરવા અને

(4) વ્યવસ્થિત આયોજનથી ઉપયોગી વાચનસામગ્રી પાછળ જ નાણાંનો ખર્ચ કરવો.

**5.3.2 સંગ્રહ માટેનું ધોરણ  (Criteria For Collections)**

ગ્રંથાલય સંગ્રહ વિકાસ એ એક અવિરત પ્રક્રિયા છે. જેમાં ગ્રંથાલય કર્મચારીઓ,વિષય વિશેષજ્ઞ અને વાચકોનો સહયોગ જરૂરી છે.ગ્રંથાલયમાં સંગ્રહ વિકાસ માટે નીચેનાં પગલાં લેવા આવશ્યક છે.

(1) વાચકોની માંગનું વિશ્લેષણ કરવું.,

(2) ગ્રંથાલયના ઉદ્દેશો અનુસાર પુસ્તક પસંદગીની સ્પષ્ટનીતિ નક્કી કરવી.,

(3) વાચનસામગ્રીની પ્રાપ્તિ પ્રક્રિયાનું યોગ્ય આયોજન કરવું.,

(4) નવીન શીર્ષકો (Tittle) નો ઉમેરો કરવો.,

(5) નવીન પુસ્તકોનો ઉમેરો કરવો.,

(6) અગ્રંથ સામગ્રી માટે યોગ્ય જોગવાઈ.,

(7) જૂના, ફાટી ગયેલ તથા બિન ઉપયોગી પુસ્તકોને સતત દૂર કરતાં રહેવું.,

(8) ગ્રંથ સંગ્રહનું સમયાંતરે મૂલ્યાંકન કરવું અને

(9) અન્ય સંસ્થાઓ, માહિતી કેન્દ્રો,ઈલેક્ટ્રોનિક ડેટાબેઝો,સરકારી વિભાગો સાથે સંકલન કરી બાહ્ય સ્ત્રોતો પ્રાપ્ત કરવાનું યોગ્ય આયોજન કરવું.

### 5.3.3 સંગ્રહ વિકાસ નીતિ (Collection Development Policy)

સંગ્રહ વિકાસ નીતિ એ ગ્રંથાલય અને તેના ઉપભોક્તા વચ્ચેનો કેટલાંક પ્રકારનો કરાર છે. સંગ્રહ વિકાસ નીતિએ ગ્રંથાલયમાં પુસ્તક પસંદગી, જાળવણી તેમજ વિણામણ માટે માર્ગદર્શન આપે છે. તેમાં ધ્યેય અને હેતુઓ ,ક્ષેત્ર અને કદ , સામગ્રીનો પ્રકાર અને સ્તરો, પસંદગી માટેના ધોરણો અને અગ્રતા તેમજ વિણામણ વગેરેનો સમાવેશ થાય છે.

સાર્વજનિક ગ્રંથાલયોમાં સંગ્રહ વિકાસ માટે ચોક્કસ નીતિ નક્કી કરવી જરૂરી છે. સંગ્રહ વિકાસ નીતિ નક્કી કરવા માટે ખાસ કોઈ માળખું નક્કી થયેલ નથી. આ નીતિ નિશ્ચિત કરવા ઘણી બધી માર્ગદર્શિકાઓ પ્રકાશિત થયેલ છે તેમજ ઘણાં ગ્રંથાલયો તેમજ સંસ્થાઓએ પોતે નિશ્ચિત કરેલ સંગ્રહ વિકાસ નીતિનું માળખું પ્રકાશિત કરેલ છે. આ પ્રકાશિત માળખું ઘણાં ગ્રંથાલયોને પોતાના ગ્રંથાલય માટે સંગ્રહ વિકાસ નીતિ નક્કી કરવા માર્ગદર્શક બને છે. સંગ્રહ વિકાસ નીતિમાં ખાસ એ નક્કી કરવું આવશ્યક છે કે –(૧) પુસ્તક સંગ્રહ વિકાસની જવાબદારી કોની રહેશે.?,(૨)આ સંદર્ભમાં કોનો નિર્ણય આખરી ગણાશે ?,(૩)કેવા પ્રકારની વાચનસામગ્રીને મહત્ત્વ આપવું?,(૪) આ પુસ્તક પસંદગીના કાર્યમાં કયા કયા સભ્યો સહયોગ આપશે ?.

સાર્વજનિક ગ્રંથાલયોમાં સંગ્રહ વિકાસમાં બે મહત્ત્વની કામગીરી પર ભાર મુકવામાં આવે છે.:

(૧) પુસ્તકપસંદગી ,(૨) પુસ્તક છટણી /વિણામણ.

## 5.4 પુસ્તક પસંદગી (BOOK SELECTION)

વાચનસાહિત્યની પસંદગી એ એક કળા અને વિજ્ઞાન છે. ગ્રંથાલય સેવાઓની સફળતા તેની વાચનસાહિત્યની પસંદગી પર નિર્ભર રહે છે. પુસ્તક પસંદગીની પ્રક્રિયા ગ્રંથાલયના પ્રકાર પર આધાર રાખે છે. સાર્વજનિક ગ્રંથાલયોમાં વિવિધ વર્ગના વિવિધ માંગ ધરાવતાં વાચકો વાચનસાહિત્યના ઉપયોગ માટે આવે છે તેથી ગ્રંથાલયોમાં પુસ્તક પસંદગીની પ્રક્રિયા જટિલ બને છે. દરેક કક્ષાના ઉપભોક્તાઓ અને તેમની વૈવિધ્યપૂર્ણ માંગને ધ્યાનમાં રાખીને પુસ્તક પસંદગીની કામગીરી કરવી પડે છે. આ કાર્ય માટે પુસ્તક પસંદગીના વ્યવહારુ નીતિ-નિયમો, પ્રાયોગિક સાધનો, માંગ અને જરૂરિયાત સંતોષાય તે

માટેની નીતિ, સિદ્ધાંતની સમજ તેમજ બુદ્ધિપૂર્વકની તટસ્થ નિર્ણય શક્તિ આવશ્યક બને છે.

### 5.4.1 પુસ્તક પસંદગી નીતિ અને માનક

પુસ્તક પસંદગીમાં મુખ્યત્વે ત્રણ તત્વોનો સમાવેશ થાય છે. : (૧) વાચકો,(૨) વાચનસામગ્રી,(૩) નાણાં. સાર્વજનિક ગ્રંથાલયોમાં જુદી જુદી ઉંમર ,ધર્મ,જાતિ, લિંગ, વર્ણ ,વિચારધારા અને શૈક્ષણિક સ્તરના વાચકો આવે છે. પરિણામે તેમની અભિરુચિ અને આવશ્યકતા પણ ભિન્ન હોય છે. પરિણામે પુસ્તક પસંદગી કરતી વખતે વાચક સમુદાયના પ્રકાર, માનસિક સ્તર, સેવા ક્ષેત્ર, અભિરુચિ ,આવશ્યકતા તેમજ તેમના વ્યવસાયિક અને સામાજિક વિકાસના સ્તર વિશેની માહિતી આવશ્યક છે. વાચનસાહિત્યની પસંદગીની નીતિ નક્કી કરતાં સમયે ચોક્કસ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. :

(૧) સંગ્રહની અધિકતમ સીમા નક્કી કરવી.,

(૨) પુસ્તકો, સામયિકો,અગ્રંથ સાહિત્ય તથા અન્ય વાચન સામગ્રી માટે યોગ્ય બજેટ/ફંડની વ્યવસ્થા કરવી.,

(૩) વાચકોની જરૂરિયાત મુજબ બજેટ વિવરણ કરવું .,

(૪) વાચનસામગ્રીના પુનરાવર્તનને અટકાવવા માટે નિર્દેશ કરવો. અને

(૫) વિવિધ પ્રકારની વાચનસામગ્રી ખરીદવા માટે ચોક્કસ ખરીદ પ્રક્રિયા નકકી કરવી.

યોગ્ય સંગ્રહ વિકાસ માટે પુસ્તક પસંદગીની નીતિ નક્કી કરી તેની લેખિત નકલ પુસ્તક પસંદગીના તમામ સભ્યોને આપવી જોઈએ.

### 5.4.2 પુસ્તક પસંદગી સમિતિ (Book Selection Committee)

ગ્રંથાલયોમાં પુસ્તકો, સામયિકો તેમજ અન્ય વાચનસામગ્રીની પસંદગી માટે પુસ્તક પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે જે સામાન્ય રીતે ગ્રંથાલય સમિતિની પેટાસમિતિ તરીકે કાર્યરત રહે છે. આ સમિતિમાં ગ્રંથપાલ, ગ્રંથાલયના કર્મચારીઓ,વિવિધ વિષયોના તજ્જ્ઞો, શિક્ષણવિદો વગેરે સભ્ય તરીકે હોય છે. પુસ્તકપસંદગી કરતી વખતે સમિતિ સમક્ષ વાચકોની માંગ તેમજ અભિપ્રાયોને રજુ કરવામાં આવે છે.ગ્રંથાલયમાં ખરીદાયેલ વાચનસામગ્રી માટે ગ્રંથાલયની પુસ્તકપસંદગી સમિતિ જવાબદાર ગણાય છે. આ સમિતિનું મુખ્ય કાર્ય વાચકોની માંગનું મૂલ્યાંકન, ગ્રંથાલયના ગ્રંથસંગ્રહનું મૂલ્યાંકન,ભાવી

જરૂરિયાતોનું મૂલ્યાંકન તથા ગ્રંથાલયના ગ્રંથપાલને સંગ્રહ વિકાસ નીતિ મુજબ પસંદગીની કામગીરી સમયસર થાય તેની જવાબદારી સોપવામાં આવેલ હોય છે.

**5.4.3 પુસ્તક પસંદગીના સિદ્ધાંતો (Principles of book Selection)**

પુસ્તકપસંદગી માટે વિભિન્ન વિદ્વાનો દ્વારા સિદ્ધાંતો આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે :

**5.4.3.1 ડ્રુરીના સિદ્ધાંતો (Drury's Principles)**

શ્રી ડ્રુરીના દ્વારા 1930 માં પુસ્તક પસંદગીના સિદ્ધાંતો આપવામાં આવેલ. તેમના મતે, 'યોગ્ય વાચકને,યોગ્ય સમયે,યોગ્ય પુસ્તક પૂરું પાડવું' તે જ પુસ્તક પસંદગીનો મુખ્ય સિદ્ધાંત છે. તેમણે આપેલ પુસ્તક પસંદગીના સિદ્ધાંતો નીચે મુજબ છે. :

(1) વાચક સમુદાયની માંગનો અભ્યાસ કરવો.તેમની પુસ્તક સંબંધી આવશ્યકતાઓને પરિપૂર્ણ કરવી તે જ ગ્રંથાલયનું કાર્ય છે.

(2) ગ્રંથાલયના હાલના વાચકો તેમજ ભવિષ્યના નવીન વાચકોની જરૂરિયાતો પૂરી કરવી તથા ભાવિ વાચકો તરફથી કેવી જરૂરિયાતો ઉભી થઇ શકે તેની સંભાવના પણ ધ્યાનમાં રાખવી.

(3) પુસ્તકોના યોગ્ય મૂલ્યાંકન માટે ચોક્કસ ધોરણો નક્કી કરવા જોઈએ.

(4) કોઈ ચોક્કસ માપદંડના આધારે પુસ્તક તેમજ તેમાં રહેલ વિગતોનું મૂલ્યાંકન કરવું.,

(5) વિભિન્ન સમુદાયો, વ્યવસાયિકો, વિશેષજ્ઞ તેમજ વર્ગોને ધ્યાનમાં રાખીને એવાં પુસ્તકો ખરીદવા જેનાથી તેમને મનોરંજન મળી શકે.

(6) કોઇપણ વિષયમાં સર્વ શ્રેષ્ઠ વાચનસામગ્રી જ ખરીદવી પરંતુ વધુ સંખ્યામાં વાચકોની માંગ અન્ય કોઈ ઉતરતી કક્ષાની વાચનસામગ્રી માટે માંગ હોય તો તે પણ વસાવવી.

(7) વિશેષજ્ઞા તથા સમુદાયના આગેવાનો દ્વારા મંગાવાયેલ પુસ્તકો અવશ્ય ખરીદવા જોઈએ.

(8) એવાં પુસ્તકો ખાસ ખરીદવા જોઈએ કે માનવનો સર્વોત્તમ એટલે કે મસ્તક, શારીરિક તેમજ ચારીત્ર્યનો વિકાસ કરે.

(9) બહુ ઉપયોગીના જણાતી કોઈક શ્રેણી,ગ્રંથમાળા કે પુસ્તકનો પૂરો સેટ ખરીદવાનો આગ્રહ ના રાખવો જોઈએ.

(10) બિન જરૂરી અડચણ ઉભી કરતા કે આક્રમક સ્વભાવવાળા વાચકોનો સામનો કરવો તથા સરળ વાચકોના વિચારોને હંમેશા સંભાળવા તથા તેમની આવશ્યકતા અનુસાર પુસ્તકો ખરીદવા જોઈએ.

(11) શ્રેષ્ઠ સાંસ્કૃતિક મુલ્યો ધરાવતાં તેમજ ઉત્કૃષ્ટ કૃતિઓની આકર્ષક આવૃતિઓ ખરીદવી. વાચકોની માંગના હોય તો પણ આવાં પુસ્તકો ગ્રંથાલયમાં હોવાં જરૂરી છે.

(12) નવીન પુસ્તકો ખરીદવાના બદલે ઉત્તમ પુસ્તકો કે જેની માંગ વધુ હોય તેની વધારે નકલો ખરીદવી.

(13) પુસ્તક પસંદગી કરતી વખતે સકારાત્મક વિચારો રાખવા કારણ કે પુસ્તકોનો વધુમાં વધુ ઉપયોગ એ જ ગ્રંથાલય સેવાનો ઉદ્દેશ્ય છે.

(14) સ્થાનિક ઐતિહાસિક માહિતી ધરાવતાં પુસ્તકો વસાવવા કારણ કે આ પ્રકારના વાચન સાહિત્યની માંગ સમય –સમય પર વાચકો દ્વારા થાય છે.

(15) આપણા દ્રષ્ટિકોણને વધુ વ્યાપક બનાવવો જોઈએ. પુસ્તક પસંદગી વખતે મનમાં કોઇપણ પ્રકારનો ભેદભાવ ન રાખવો જોઈએ. પુસ્તકોની ખરીદી પૂર્વગ્રહોથી રહિત ,સ્વસ્થ રીતે,પક્ષપાત વિના અને અરસ પરસના સહકારથી થવી જોઈએ.

(16) એવાં જ પુસ્તકો ખરીદો જેનાથી ગ્રંથાલયના ઉદ્દેશો સિદ્ધ થઇ શકે તથા જે પુસ્તકોનું ભૌતિક સ્વરૂપ,મુદ્રણ ,ટકાઉ પાના તથા બંધની વગેરે પણ આકર્ષક હોય.

(17) વિવિધ પ્રકાશનોના પ્રકાશકોની વિશેષતાની સંપૂર્ણ જાણકારી મેળવવી જોઈએ. તથા તેમના પુસ્તકો વિષે પણ જાણકારી મેળવવી જોઈએ.

(18) સ્થાનિક, પ્રાદેશિક તથા રાષ્ટ્રીય સ્તર પર પુસ્તક પસંદગીના સ્ત્રોતોમાં વધારો કરવો તથા અરસપરસના સહયોગથી પુસ્તકો ખરીદવા.

(19) એવાં પુસ્તકોનું સર્વેક્ષણ કરવું જેની હાલમાં કે ભવિષ્યમાં પણ કોઈ માંગ રહેવાની ના હોય અને આવા અનાવશ્યક પુસ્તકોની નકલોને દુર કરવી જોઈએ.

(20) ગ્રંથાલય બજેટની સીમનું ધ્યાન રાખવું જોઈએ તથા પુસ્તક બજેટને વળગી રહેવું જોઈએ.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખવામાં આવે તો ગ્રંથાલયોમાં સર્વોત્તમ વાચન સાહિત્ય જે વાચકોની જરૂરિયાત છે તે મુજબ ખરીદી શકાય.

**5.4.3.2 ડ્યૂઇનો સિદ્ધાંત (Dewey's Principles)**

શ્રી મેલ્વીલ ડ્યૂઈનો પુસ્તક પસંદગીનો સિદ્ધાંત – 'ઓછી કિંમતે , સર્વોત્તમ પુસ્તકો , સર્વાધિક લોકોને' (The best reading for the largest number at the least cost) ઉપલબ્ધ કરાવવાનો છે.

ઉપરોક્ત સિદ્ધાંતમાં ત્રણ તત્વો સમાયેલ છે .:

(1) સર્વોત્તમ પુસ્તક (Best Reading)

(2) સર્વાધિક લોકો (Largest Number of People)

(3) ઓછી કિંમતે (Least Cost)

શ્રી મેલ્વીલ ડ્યૂઈ સૌ પ્રથમ હતા જેમણે પુસ્તક ઉપયોગ માટે છે. (Books are for use) તેમ જણાવ્યું. તેમના ,માટે ગ્રંથાલયમાં કેટલા પુસ્તકો કે વાચનસામગ્રી છે તે મહત્ત્વનું નથી પરંતુ મહત્ત્વનું છે કે પુસ્તકો કેટલા ઉપયોગી છે અને કયા વાચક દ્વારા તેનો યોગ્ય ઉપયોગ થયેલ છે. પુસ્તકો કે વાચનસામગ્રી દ્વારા જનસમુદાયનાં જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે જ ગ્રંથાલયનો મુખ્ય ઉદ્દેશ છે. તેમના મતે – ગ્રંથાલયો માત્ર ગ્રંથો કે વાચનસામગ્રીનાં સંગ્રહાલયો નથી. પરંતુ તે જ્ઞાનનો ફેલાવો કરે છે.

**5.4.3.3 મેકકોલ્વિનનો સિદ્ધાંત (Mc Clovin's Principles)**

ઈ.સ.1925 માં એલ.આર. મેક કોલ્વિને માંગ અને પૂર્તિનો સિદ્ધાંત રજુ કર્યો. તેમના મતે, પુસ્તકો માત્ર સફેદ કાગળ સિવાય કશું જ નથી. જ્યાં સુધી તે પુસ્તકની વાચકોમાં માંગ નથી. પૂર્તિનો અર્થ છે, પુસ્તકોને ઉપયોગ માટે ઉપલબ્ધ બનાવવા. જયારે માંગનો અર્થ વાચકોની માહિતી સંબંધી આવશ્યકતાઓ છે. આથી જ ગ્રંથાલયોમાં વાચન સંગ્રહ વાચકોની માંગ અને જરૂરિયાત અનુસાર હોવો જોઈએ. સાથે સાથે જે વાચનસાહિત્ય ભવિષ્યમાં ઉપયોગી થવાની સંભાવના રહેલી છે તેને પણ પસંદગી આપવી જોઈએ .

**5.4.3.4 રંગનાથનના સિદ્ધાંતો (Ranganathan's Principles)**

ડૉ.એસ.આર.રંગનાથને તેમના પુસ્તક 'Five Laws of Library Science' માં રજુ કરેલ ગ્રંથાલય વિજ્ઞાનના પાંચ સૂત્રોમાં પ્રથમ ત્રણ

સૂત્રો પુસ્તક પસંદગી અને પ્રાપ્તિની પ્રક્રિયામાં માર્ગદર્શક નીવડે છે. પ્રથમ સૂત્ર ' પુસ્તકો ઉપયોગ માટે છે'- તેનો અર્થ થાય છે કે માત્ર તેવા જ પુસ્તકો/વાચન સાહિત્યની પસંદગી કરવી જે વાચકોને ઉપયોગી છે. વાચન સાહિત્યની પસંગી કરતી વખતે વાચકોની વર્તમાન તથા ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

બીજું સૂત્ર – ' દરેક વાચકને તેનું પુસ્તક મળે' દર્શાવે છે કે વાચકોની રૂચિ તેમજ તેમની આવશ્યક્તાઓનું ધ્યાન રાખવું જોઈએ. પુસ્તકની ભાષા અને તેની રજૂઆતની શૈલી વાચકોના સ્તરને ધ્યાનમાં રાખી થયેલ હોવી જોઈએ. અને આ ત્યારે જ શકય બને કે જયારે પુસ્તક પસંદગીકર્તા વાચકોની માંગ અને જરૂરિયાતને સારી રીતે ઓળખી શકે. તૃતીય સૂત્ર – ' દરેક પુસ્તકને તેનો વાચક મળે.' સૂચવે છે કે ગ્રંથાલય દ્વારા સંભવિત તમામ પ્રયાસો થવા જોઈએ કે પસંદ કરાયેલ પુસ્તક યોગ્ય વાચકના હાથમાં જાય. ગ્રંથાલય દ્વારા તે પણ અભ્યાસ થવો જોઈએ કે કયા કયા પુસ્તકોનો ઉપયોગ થતો નથી અને તે માટેનાં કારણો કયા છે.?

### 5.4.4 પુસ્તક પસંદગીના સાધનો (Book Selectioન Tools)

ઉત્તમ તેમજ આદર્શ વાચનસામગ્રીનાં સંગ્રહના નિર્માણ માટે વિવિધ પ્રકારના પુસ્તક પસંદગીના સાધનોની આવશ્યકતા રહે છે. વાચનસામગ્રી પસંદગી કરનાર વ્યક્તિએ પસંદગીના સાધનો ઉપર આધાર રાખવો પડે છે અને તેથી તેને આ વિવિધ સાધનોનું જ્ઞાન હોવું જરૂરી છે. ગ્રંથપાલને પણ તે જ્ઞાન હોવું જરૂરી છે કે કયા આદર્શ પુસ્તક સંગ્રહનો વિકાસ એ બાબત પર આધારિત છે કે વિવિધ પ્રકારના પસાંદ્ગીના સ્રોતોનો આપણે કેવી રીતે વધુમાં વધુ લાભ ઉઠાવી શકીએ. સામાન્ય રીતે પુસ્તક પસંદગી માટે નીચે દર્શાવેલ સાધનો ગણાવી શકાય.

(૧) વાચકો તરફથી આવતાં સૂચનો.

(૨) દૈનિક પત્રો અને સામયિકોમાં આવતી સમીક્ષાઓ

(૩) પ્રકાશકોના સૂચિપત્રો

(૪) વાડ્મયસૂચિઓ

(અ) સામાન્ય વાડ્મયસૂચિઓ

(બ) વિષય વાડ્મયસૂચિઓ

(ક) રાષ્ટ્રીય વાડ્મયસૂચિઓ

(ड) પસંદગીનાં પુસ્તકોની વાઙ્મયસૂચિઓ

ભારતમાં પ્રકાશિત થતાં પુસ્તકો માટેનાં પસંદગીનાં સાધનો પ્રમાણમાં ઓછા છે. રાષ્ટ્રીય ગ્રંથસૂચિ તેમજ વિક્રેતાઓની સૂચિઓ પુસ્તક પસંદગીમાં ઉપયોગી નીવડે છે.

## 5.5 પુસ્તક પ્રાપ્તિ પ્રક્રિયા (Book/Document Procurement System)

ગ્રંથાલયમાં પ્રલેખ પસંદગીનું કાર્ય પૂર્ણ થયા બાદ પ્રલેખ પ્રાપ્તિની પ્રક્રિયા કરવી પડે તે પ્રક્રિયા આયોજન અને આદેશ દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.

### 5.5.1 આયોજન

પુસ્તક પ્રાપ્તિની પ્રક્રિયા માટેનું આયોજન ,તેની સાથે સંકળાયેલ પરિબળો.જેવા કે પ્રલેખ પ્રાપ્તિના સાધનો, ગ્રંથ આદેશની વ્યવસ્થા,ગ્રંથ ખરીદી માટે વિતરકની પસંદગી,ગ્રંથ પુરા પાડવા માટેની શરતો,આદેશના વિવિધ પ્રકારો પર આધારિત હોય છે.

#### 5.5.1.1 પ્રાપ્તિ માટેના સાધનો

ભેટ સ્વરૂપે, વિનિમય દ્વારા ખરીદી દ્વારા સંપાદકીય સભ્ય દ્વારા અને અનામત તરીકે પુસ્તકો પ્રાપ્ત કરી શકાય.

**(1) ભેટ સ્વરૂપે** :-

કેટલીક વ્યક્તિઓ કે સંસ્થાઓ પોતાનો સંગ્રહ શરતી કે બીનશરતી રીતે સાર્વજનિક ગ્રંથાલયોને ભેટ સ્વરૂપે આપતાં હોય છે. તેનો સ્વીકાર કરવો કે અસ્વીકાર કરવો તે માટે નિશ્ચિત નિયમાવલીની રચના સાર્વજનિક ગ્રંથાલયે કરવી આવશ્યક છે. કારણ કે ભેટ આવતાં પુસ્તકોના વ્યવસ્થાપનમાં લગતા ખર્ચને ધ્યાનમાં લેવો જોઈએ.

**(2) વિનિમય દ્વારા** :-

ગ્રંથાલય પોતાનું સાહિત્ય કે જે તેના પ્રકાશનો કે પેતૃક સંસ્થાના પ્રકાશનો, હોય છે જે વિનિમય દ્વારા સાર્વજનિક ગ્રંથાલયો મેળવી શકે છે અથવા  એક ગ્રંથાલય બીજા ગ્રંથાલયને આદાન-પ્રદાન દ્વારા પણ મેળવી શકે છે.

**(3) ખરીદી દ્વારા** :-

સાર્વજનિક ગ્રંથાલયમાં ખરીદી દ્વારા પણ પુસ્તક પ્રાપ્તિ કરવામાં આવે છે. જેમાં

**1. ભાવપત્રક પદ્ધતિ :-**

આ પદ્ધતિમાં પસંદગી થયેલ પુસ્તકોની યાદી જુદાં જુદાં વિક્રેતાને મોકલી લઘુત્તમ કિંમત જેની હોય છે તેની પાસેથી પ્રાપ્ત કરવામાં આવે છે.

**2. નિવેદિત મુલ્ય પદ્ધતિ :-**

પ્રત્યેક પુસ્તકની ઓછામાં ઓછી કિંમત આપતાં વિક્રેતાને પસંદ કરવામાં આવે છે.GOC ગુડ ઓફીસ કમિટી દ્વારા સમયસર રીતે,રૂપાંતર માટે નાણાંકીય દરો મુજબ પરદેશી પ્રકાશનો રૂપાંતરિત દરો મુજબ ચુકવણું કરવામાં આવે છે.

**3. પ્રકાશકને આદેશ :-**

સીધા પ્રકાશકોને આદેશ અથવા તેમના સ્થાનિક પ્રતિનિધિ દ્વારા સીધો આદેશ આપી પુસ્તક પ્રાપ્તિ કરી શકાય.

**4. સ્થાયી વિક્રેતા :-**

સ્થાયી વિક્રેતાની પસંદગી તેમની કાર્યક્ષમતાઓ તથા ઓછામાં ઓછા ભાવના આધારે કરી સ્થાયી વિક્રેતા પાસેથી ચોક્કસ શરતોને આધીન એક કે બે વર્ષ માટે નિમણુંક કરી પ્રલેખો પ્રાપ્તિ કરવામાં આવે છે.

**5. ગ્રંથાલય વિતરક યોજના :-**

સાર્વજનિક ગ્રંથાલયમાં તથા પ્રકાશક અથવા પ્રકાશકોના સમૂહ સાથે એવો કરાર કરવામાં આવે છે કે પુસ્તકો પ્રકાશિત થાય કે તુરત જ ગ્રંથાલયમાં પસંદગી અર્થે મોકલી આપવામાં આવે છે.

**6. સ્થાયી આદેશ:-**

કેટલાંક પુસ્તકો નિયમિત રીતે પ્રકાશિત થતા ન હોય તે ઝડપથી પ્રાપ્તિ માટે સ્થાયી આદેશ દ્વારા પ્રાપ્તિ કરવામાં આવે છે.

**7. જાંગડ પ્રથા :-**

પ્રકાશકો/વિક્રેતાઓ સાર્વજનિક ગ્રંથાલયના પસંદગી તથા આદેશ માટે પુસ્તકો જાંગડ સ્વરૂપે મોકલતા હોય છે. જે પુસ્તકો પસંદગી સમિતિ આગળ રજુ કરી પસંદગી થશે.આદેશ આપી પ્રાપ્તિ કરવામાં આવે છે.

**8. મુક્ત ખરીદી :-**

સાર્વજનિક ગ્રંથાલય પુસ્તક વિતરક અંગેના નિયમો અને શરતો નિર્ધારિત કરી નિશ્ચિત વ્યવસાયિક વળતર અને વિદેશી નાણાના રૂપાંતર દરો (GOC) પરથી નિશ્ચિત કરી કોઇપણ વિક્રેતા પાસેથી ખરીદે છે.

**9. સંસ્થાકીય સભ્યપદ :-**

સાર્વજનિક ગ્રંથાલય કોઈ સંસ્થાના સભ્યપદના લવાજમ દ્વારા પ્રલેખો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થતાં હોય છે.

**10. અનામત પદ્ધતિ :-**

રાજ્ય કક્ષાના અધિકૃત ગ્રંથાલયોમાં કોપી રાઈટ એકટ અથવા ડીલેવરી ઓફ બુક્સ એન્ડ ન્યુઝ પેપર એકટ 1956 અન્વયે ભારતભરમાં પ્રકાશનોની નિઃશુલ્ક નકલ મેળવવાની જોગવાઈ હેઠળ સાર્વજનિક ગ્રંથાલયો પુસ્તક પ્રાપ્તિ કરી શકે છે.

### 5.5.2 આદેશ

પુસ્તકો પ્રાપ્તિ માટેનો આદેશ એક સમાન હોતા નથી.સાર્વજનિક ગ્રંથાલયોમાં વિશિષ્ટ પુસ્તકો માટે મોટે ભાગે વિશાળ જથ્થામાં આદેશ આપવામાં આઅવે છે. કેટલીક વાર સર્વાંગી પુસ્તકોના આદેશ આપવા પડે છે. સ્થાયી આદેશ એ કોઈ પસંદ કરેલ પ્રકાશકની કોઈ શહરેની અલગ રીતે મેળવવા કે પછી બહુસંપુટ ગ્રંથો ન ધરાવતા પુસ્તકોના સંપૂર્ણ ભાગો મેળવવા માટે આપવામાં આવે છે. કેટલાંક પુસ્તકો કિંમત ચૂકવી મંગાવવામાં આવે છે.

આદેશની પ્રક્રિયા ત્રણ સ્તરમાં પૂર્ણ કરવામાં આવે છે. :

(1) આદેશ પહેલાનું કાર્ય

(2) આદેશ મુકવાનું કાર્ય

(3) પુસ્તકોની પૂર્તિ પ્રાપ્ત કરવાનું કાર્ય

## 5.6 પ્રસ્તુતિકરણ

### 5.6.1 પરિગ્રહણ

ગ્રંથાલયમાં આવતાં તમામ પુસ્તકો અને પ્રલેખોને ગ્રંથસંગ્રહમાં મૂકતા પહેલાં એક પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવે છે. જે પરિગ્રહણ પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. પરિગ્રહણ પત્રક એ આધારભૂત

નોંધણી પત્રક છે. સાર્વજનિક ગ્રંથાલયોમાં અપનાવવામાં આવેલ પદ્ધતિ પ્રમાણે ગ્રંથાલયમાં આવતા તમામ પુસ્તકો/અગ્રંથ સામગ્રી તે પછી ખરીદેલ હોય, ભેટ મળે કે વિનિમય દ્વારા પ્રાપ્ત થયેલ હોય તે તમામ નોંધણી છે. પરિગ્રહણ પત્રકમાં કરવામાં આવે છે. માન્ય ધોરણ પ્રમાણે 16" X 13" નું હોય છે.

**5.6.2 વર્ગીકરણ**

વર્ગીકરણની પદ્ધતિ એ ગ્રંથાલયને વિષયોને ગોઠવણી કરવા અને તે જ અસરકારક રીતે સેવા પૂરી પાડવાનું સાધન છે.સાર્વજનિક ગ્રંથાલય માટે વર્ગીકરણ પદ્ધતિની પસંદગી કરતી વખતે તકેદારી રાખવી જરૂરી છે.ગ્રંથાલયના ઉપભોક્તાઓને તથા તેની આવશ્યકતાઓને ધ્યાનમાં લઈને વર્ગીકરણ પદ્ધતિની પસંદગી કરવી જોઈએ.હાલમાં ઘણી જ ઉત્તમ પદ્ધતિઓ ઉપલબ્ધ છે. તેમાં ડ્યુઈ ડેસીમલ કલાસિફિકેશન (DDC) ,યુનિવર્સલ ડેસીમલ કલાસિફિકેશન(UDC) તથા કોલન કલાસિફિકેશન (CC)નો સમાવેશ થાય છે. સાર્વજનિક ગ્રંથાલયોમાં વર્ગીકરણ પદ્ધતિથી પસંદગી ગ્રંથસંગ્રહ,ઉપભોક્તાનો પ્રકાર, વિષયો કે સહાયક ગ્રંથાલયમાં ઉપયોગમાં લેવાતી પદ્ધતિને ધ્યાનમાં લઇ પસંદગી કરવી જોઈએ.

**5.6.3 સૂચિકરણ**

વર્ગીકરણ જેમ સૂચીકરણ પણ ગ્રંથાલયના ઉપયોગ માટે જરૂરી છે. સૂચિનો હેતુ વાચકોને ગ્રંથાલયમાં ઉપલબ્ધ પ્રલેખ અંગેની તમામ માહિતી પૂરી પાડવાનો છે. આ સૂચિ દ્વારા વાચક પ્રલેખ મેળવવા માટે જેટલાં અભિગમો અપનાવી શકે તે પ્રમાણે તેમાં રજૂઆત કરવામાં આવે છે.વાચકને જોઈતો પ્રલેખ લેખક ,ગ્રંથનામ,ગ્રંથમાળા કે સહાયક કર્તા પરથી શોધ કરે તો મળી રહે છે. આ વૈવિધ્ય સભર અભિગમને પહોંચી વળવા સુચિકારે પુસ્તકની શોધ માટે શક્ય તેટલાં વધુ શોધ મથાળા અથવા શીર્ષકો હેઠળ નોંધ કરીને વર્ણન કરવું જોઈએ. આ માટે જુદાં જુદાં પ્રકારની સુચિ નિયમાવલી ઉપલબ્ધ હોય છે.સાર્વજનિક ગ્રંથાલયમાં સુચિ નિયમાવલીની પસંદગી વિવિધ અસરકર્તા પરિબળો પર આધારિત છે. જેમાં પસંદ કરેલ સૂચિનું આંતરિક સ્વરૂપ જેમ કે વર્ગીકૃત અથવા શબ્દકોશ સ્વરૂપ, વાડ્મયાત્મક માહિતી દર્શાવવાની આવશ્યકતા કે તેની મર્યાદા, સહભાગી ગ્રંથાલયોના ઉપયોગમાં લેવાતાં

સંકેતો વગેરેનો સમાવેશ થાય છે. કોઈ પણ નિયમાવલી અપનાવી શકાય.પરંતુ તેનું નિશ્ચિત ધોરણે અપનાવવું જરૂરી હોય છે. AACR –II, CCC જેવી પદ્ધતિઓથી કોઈ પદ્ધતિ અપનાવી શકાય છે. પ્રલેખની ટેકનીકલ પ્રક્રિયાને સંપૂર્ણ રીતે પૂરી કરવા માટે સૂચિકરણ આવશ્યક છે.

**5.6.4 ગ્રંથસંસ્કાર**

ગ્રંથાલય કર્મચારી દ્વારા ગ્રંથોને સંસ્કારી આપી ફલક પર મુકવામાં આવે છે.તેનાથી ગ્રંથની સુરક્ષા અને વાચકોને સેવા આપી શકાય છે. આ સંસ્કાર સાત પ્રકારના હોય છે.:

**(1) ઉદઘાટન** :-

ગ્રંથ પીઠ પર લગાવેલ ગુંદર કે લહીના કારણે ગ્રંથના સાંધણની પીઠ ખૂબ જ કડક થઇ ગયેલી હોય છે. આથી ગ્રંથને ધીરે ધીરે હળવે હાથે ખોલવામાં આવે છે. જે ગ્રંથ સુરક્ષાની દ્રષ્ટીએ આવશ્યક છે. ગ્રંથનું અંગૂઠાથી શિથિલીકરણ કરવું જોઈએ કે જેથી વાચક ગ્રંથને સરળતાથી ખોલી શકે.

**(2) કર્તન** :-

પ્રેસમાં અણકપાયેલ પાનાં જો ગ્રંથમાં રહી ગયા હોય તો વાચક કઠંગી રીતે તેને કાપવાનો પ્રયાસ કરતો હોય છે. વણકપાયેલાં પાનાં પદ્ધતિથી છરી કે કાતરથી કાપવાં જોઈએ.

**(3) સિક્કાકરણ**:-

સાર્વજનિક ગ્રંથાલયમાં આવતાં પુસ્તકોમાં ગ્રંથની માહિતી દર્શાવવા પુસ્તકના અમુક પાના પર સિક્કાકરણ કરવામાં આવે છે. આ સિક્કા મુખ્ય પૃષ્ઠની પાઈપ, ગ્રંથાલયના ગુપ્ત પૃષ્ઠ પર લગાડવામાં આવે છે.

**(4) પગપટ્ટી – માથાપટ્ટી** :-

ગ્રંથભંડારમાં ગ્રંથને વર્ગીકૃત કરવામાં ,ગોઠવવામાં સુગમતા પડે તે માટે ગ્રંથની પીઠ પર નીચેના ભાગમાં પગપટ્ટી અને નીચેના ભાગમાં માથાપટ્ટી લગાવવામાં આવે છે.

**(5) તારીખપત્ર** :-

સામાન્યતઃ ગ્રંથના અંતિમ જાડા પૂઠાંની આગળના પાનની પાછળના ભાગે ઉપરની બાજુએથી એનો કેવળ અગ્રભાગ ચોટાડવામાં આવે છે. તેમાં ગ્રંથ પરત કરવાની તારીખ લખાય છે. જો તે તારીખ સુધીમાં ગ્રંથ પરત ન કરાય તો મોડાઈ દંડ નક્કી કરવામાં આવેલ હોય તે વસુલ લેવામાં આવે છે.

**(6) આવક ક્રમાંક :-**

ગ્રંથાલયમાં નવા ઉમેરાતાં પુસ્તકો પરિગ્રહણ પત્રકમાં નોંધવામાં આવે છે. આ નોંધણી નંબર આવક ક્રમાંક અથવા પરિગ્રહણાક નંબર ગણીને પુસ્તકોમાં નોંધવામાં આવે છે.જે નંબરના આધારે પુસ્તકોની તમામ વિગત પરિગ્રહણાક રજીસ્ટરમાંથી પ્રાપ્ત થઇ શકે છે.

**(7) આખરી સંસ્કાર :-**

વર્ગીકરણ અને સૂચિકરણ આ છેલ્લી પ્રક્રિયા છે. ગ્રંથાલયો સ્વીકારેલ વર્ગીકરણ પદ્ધતિ મુજબ પ્રલેખનું વર્ગીકરણ અને સૂચિકરણ કરીને તકનિકી વિભાગમાં આપીને ગ્રંથનું સ્થાન નક્કી કરવામાં આવે છે.

આમ,ઉપરોક્ત ગ્રંથ સંસ્કારની પ્રક્રિયા કર્યા બાદ ગ્રંથ ભંડારમાંથી આવેલ પુસ્તક/પ્રલેખ ગ્રંથાલયના ભંડારમાં જાય છે. જે ગ્રંથ વાચક યોગ્ય બને છે.

### 5.6.5 ગ્રંથ ગોઠવણી

ગ્રંથ સંસ્કાર આપેલ પુસ્તકો જે તે ગ્રંથાલયે અપનાવેલ ગોઠવણીની પ્રક્રિયા મુજબ એટલે કે વિષય મુજબ કે પરિગ્રહણ નંબર મુજબ પુસ્તકોની ગોઠવણી કરવામાં આવે છે .મોટે ભાગે સાર્વજનિક ગ્રંથાલયોમાં પુસ્તકો વિષય પ્રમાણે છુટા પાડી તેમાં વર્ગાંક, સ્થાનાંક અને લેખકને ધ્યાનમાં રાખીને ગોઠવણી કરવામાં આવે છે કે જેથી વિષય પ્રમાણે અને લેખક પ્રમાણે તમામ પુસ્તકો સાથે મળી રહે. ગોઠવણી માટે જુદાં જુદાં સિદ્ધાંતો અને પદ્ધતિઓમાંથી કોઈ પદ્ધતિ અપનાવી ગ્રંથગોઠવણી કરી શકાય.

### 5.6.6 ગ્રંથ જાળવણી

ગ્રંથાલયમાં બધા કાર્યોમાં એક મહત્ત્વનું કાર્ય ગ્રંથ જાળવણી થાય છે. ગ્રંથાલયના અન્ય કાર્યો વર્ગીકરણ અને સૂચિકરણના વગેરેમાં જાળવણી કાર્યોનો ખૂબ મહત્ત્વનો ફાળો છે. જ્યાં સુધી પુસ્તકો યોગ્ય રીતે ગોઠવાયેલા ન હોય, તેની યોગ્ય જાળવણી થયેલ ન હોય કે જેને કારણે ઉપભોક્તાને યોગ્ય રીતે સેવા આપી શકાય નહીં. ગમે તેટલો સારો સંગ્રહ હોય,સૂચિકરણ ,વર્ગીકરણ થયેલ હોય.પરંતુ મુખ્ય જાળવણી સારી રીતે થયેલ ન હોય તો સારી રીતે સેવા આપી શકાતી નથી. આ માટે ગ્રંથભંડાર નિયમિત સાફ થવા જોઈએ. પુસ્તકોને ધૂળ,

ગંદકી,જીવજંતુથી બચાવવા જોઈએ. વાતાનુકુલિત ગ્રંથભંડાર હોવો જોઈએ. જેથી પુસ્તકને ધૂળ,ભેજ અને ગરમીથી બચાવી શકાય. વાચન સામગ્રી વસાવવા જેટલું મહત્ત્વનું છે તેના કરતાં વધારે મહત્ત્વનું તેનું જતન કરવું જોઈએ.આ માટે પુસ્તકાલયમાં પ્રદ્યુમન પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

### 5.6.7 ગ્રંથ સુરક્ષા

ગ્રંથાલય સેવા એટલે ગ્રંથોની સાચવણી, સંગ્રહ અને ઉપયોગ. પુસ્તકોના મહત્તમ ઉપયોગની સાથે તેની રક્ષા કરવી તેને નુકશાનથી બચાવવું તે પણ ખુબ જ જરૂરી છે. પુસ્તકોનું પ્રારંભિક જીવન પ્રેમાળ, માવજત ભર્યું અને સદભાવના પૂર્ણ હશે તો તેમાંનો જ્ઞાનદિપક ઘણાં લાંબા સમય સુધી પ્રજ્વલ્લિત બની રહેશે. ગ્રંથપાલે સંભવિત શત્રુઓથી ગ્રંથનું રક્ષણ કરવું જોઈએ કે જેથી કરીને ગ્રંથનું આયુષ્ય વધશે. અને વધારે સમય સુધી સમાજ સાથે રહીને સમાજના વિકાસમાં સહભાગી બની શકશે. ગ્રંથોના બધા જ સંભવિત શત્રુઓ જેવાં કે પ્રકૃતિ,જીવજંતુ,ઉધઈ,ઉંદર,પુસ્તક-કીટાણું વગેરેથી રક્ષણ કરવું જોઈએ. સાર્વજનિક ગ્રંથાલયના પુસ્તકો રાષ્ટ્રની સંપત્તિ છે.તેનું જતન કરવાની વ્યક્તિ માત્રની ફરજ છે. તે માટે વિશેષ ધ્યાન આપવું જોઈએ અને લોક જાગૃતિ પણ કેળવવી જોઈએ.

### 5.6.8 બંધામણી

સાર્વજનિક ગ્રંથાલયોમાં પુસ્તકો અને બીજાં દસ્તાવેજોનો ઘસારો સામાન્ય લક્ષણ છે. ફાટેલાં પુસ્તકોની બાંધણી અને મરામત તથા લાંબા સમય સુધી સાચવણી એ ગ્રંથાલયમાં ખૂબ જ જરૂરી કાર્ય છે. બાંધણીના હેતુઓ અને કાર્યો અલગ અલગ હોય છે. બાંધણીનો મુખ્ય હેતુ પુસ્તકની તાકાત વધારવાનો છે.હસ્તલિખિત મુદ્રિત અથવા અર્ધમુદ્રિત સામગ્રીની બાંધણી થઇ શકે છે. ગ્રંથાલયમાં ગ્રંથ અને અગ્રંથ સામગ્રીની બાંધણીની નીતિ અલગ અલગ હોય છે. જેમાં બાંધણી કર્તાની પસંદગી, બાંધણી પ્રક્રિયા,બાંધણીના પ્રકાર, સામગ્રી અગત્યનો ભાગ ભજવે છે. બાંધણી સમગ્ર ગ્રંથાલય સાથે સંકળાયેલ છે નહીં કે કોઈ વિભાગ સાથે બાંધણીનું કાર્ય એ કોઈ સંસ્થાકીય ધારાધોરણ મુજબનું નક્કી હોવું જોઈએ. ગ્રંથાલયના બીજા તત્વ જેટલું જ મહત્ત્વ મળે છે. એટલે બાંધણીને મહત્ત્વ મળતું નથી.તેને મળવું જોઈએ.

### 5.6.9 મેળવણી

મેળવણી એટલે જે તે નોંધાયેલ વસ્તુ,સાધન કે સામગ્રીની તેના નોંધપત્રક સાથેની ચકાસણી,મેળવણી. ગ્રંથાલયમાં પણ ગ્રંથ મેળવાની આવશ્યક છે. નોંધાયેલ પુસ્તક ગ્રંથાલયના હયાત ગ્રંથ સંગ્રહમાં ઉપલબ્ધ છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવે છે. મેળવણી કરવામાં આવે છે. ગ્રંથ મેળવણીનું કાર્ય સમય સમય પર કરવાનું અનિવાર્ય લેખવામાં આવે છે.પાશ્ચાત્ય દેશોમાં મેળવણી બે-પાંચ વર્ષ કે કરવામાં આવતું જ નથી. ગ્રંથ સંગ્રહ વિરાટ સ્વરૂપ ધારણ કરતાં મેળવણીનું કાર્ય પણ જટિલ,ખર્ચાળ અને સમય માંગી લે તેવું હોય છે. ગ્રંથમેળવણી માટે જુદી જુદી પદ્ધતિઓ અપનાવવી જોઈએ કે જેવી કે,

(1) પરિગ્રહણ પત્રકમાં આધારિત સંગ્રહ મેળવણી

(2) આંકડાકીય ગણતરી પદ્ધતિ

(3) ફલક પરના પુસ્તકોની યાદી દ્વારા સંગ્રહ મેળવણી

આમાંથી કોઈ પણ પદ્ધતિ અપનાવી અથવા અન્ય કોઈ પદ્ધતિ સાર્વજનિક ગ્રંથાલયોમાં ગ્રંથ મેળવવાનું કાર્ય કરતા હોય છે.

---

## 5.7 માનવ સંસાધન વિકાસ

---

5.7.1 નિમણુંક

5.7.2 તાલીમ

માનવ સંસાધન કોઇપણ સંસ્થાના સંસાધનોમાંનું સૌથી મહત્ત્વપૂર્ણ સંસાધન છે .જો આ સંસાધનના સંચાલનના નિયંત્રણ પર ધ્યાન આપવામાં આવે તો સંસ્થાના ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તા વધુમાં વધુ સારી બનાવી શકાય.સંસ્થાના સંસાધનોમાં સૌથી મૂલ્યવાન અને ગુણવત્તા ધરાવતું સંસાધન માનવીય સ્ત્રોત છે. જે સંસ્થાને ભાવિ વૃદ્ધિ વિકાસ માટે યોગ્ય દિશા સૂચન કરે છે.

માનવ સંસાધન વિકાસ કોઇપણ સંસ્થાના કર્મચારીઓમાં એમની આવડતો તથા એમનામાં પ્રતિસ્પર્ધાની ભાવનાની સતત વૃદ્ધિ માટે સહાય કરતી પ્રક્રિયા છે. માનવ સંસાધનનું મહત્ત્વ ખાસ કરીને ગ્રંથાલયમાં છે. કારણ કે તેઓ મજૂર કેન્દ્રિત સંસ્થાઓ છે. મોટા ભાગના ગ્રંથાલયોમાં તેવો અંદાજ છે કે ગ્રંથાલય અંદાજપત્રના 60% ખર્ચ

પગાર પાછળ ખર્ચવામાં આવે છે. કામના યોગ્ય સ્તર સાથે યોગ્ય પ્રકારના કર્મચારીનું નિમણુંક કરવી તે છે.

### 5.7.1 પસંદગી/નિમણુંક

અરજદાર /કર્મચારીની લાયકાત પ્રતિષ્ઠા/કામગીરીની જરૂરિયાત વચ્ચે સારો મેળ બેસાડવાનું કાર્ય પસંદગીનું છે. સાર્વજનિક ગ્રંથાલય પાસે યોગ્ય આકારની પસંદગી પ્રક્રિયા હોવી જોઈએ. જેમાં અરજીપત્રક ,અરજદાર પરીક્ષણ,વ્યક્તિગત મુલાકાત,ભૂતકાળના દેખાવનું અને પાર્શ્વભૂમિની ચોકસાઈ અને અંતે પસંદગીનો સમાવેશ તેમાં થતો હોય છે.

સાર્વજનિક ગ્રંથાલયોના કર્મચારીઓની નોકરી માટે ઉમેદવારની લેખિત માહિતી મેળવવા માટે અરજી પત્રક, તે અરજીપત્રકનું કાળજીપૂર્વક ચકાસણી બાદ વચનબદ્ધતા સાથે સ્વીકારી તે અરજીની ટૂંકી યાદી કરવામાં આવે છે. અધિકારની રૂ એ વ્યક્તિગત મુલાકાત માટે જણાવવામાં આવે છે. કેટલીક કામગીરી માટે લેખિત કસોટીઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે.મુલાકાત પહેલાં કે પછી ઉમેદવારે પૂરી પ-પાડવામાં આવેલી માહિતી નોકરી રાખનાર જરૂરી છે કે કેમ તે ચકાસણી કરે છે. માહિતીની ચકાસણી કરી ચકાસણીને પૃષ્ટિ આપી તજજ્ઞ અને પૂર્વ નોકરીએ રાખનારનો સંપર્ક કરવામાં આવે છે.

### 5.7.2 તાલીમ/કૌશલ્યો

સાર્વજનિક ગ્રંથાલય કર્મચારીને ગ્રંથાલય સંચાલન અને સેવાઓની નવી તકનીકોની→તાલીમ આપવી જરૂરી હોય છે. તાલીમમાં કર્મચારીને સરળ કામ →પહેલાં શીખવું → સોંપેલ કામને વિશિષ્ટ ઘટકોમાં વહેચવું → સાચા પરિણામની દિશાનો કાર્યક્રમ રાખવો શીખવા માટે વધારે અભ્યાસ કરવો.→ પુનરાવર્તનથી કૌશલ્યનો વિકાસ કરવો તાલીમાર્થીને પ્રોત્સાહિત કરવા વગેરે તાલીમ સતત ચાલતી રહેવી જોઈએ. ગ્રંથાલયને કર્મચારી તાલીમ લઈને આવે ત્યારે ગ્રંથાલયોની તાલીમ માટેની અને શિક્ષણની જવાબદારીઓનો અંત આવતો નથી.સારી શૈક્ષણિક ઉપાધી અને વ્યવસાયિક યોગ્યતા પ્રાપ્ત કરી જોડાયેલ કર્મચારીઓને પણ સતત અભિનયતા જરૂરી છે. કારણ ગ્રંથાલયમાં પરિવર્તન ઝડપથી સ્થાન લે છે. કર્મચારીનો વિકાસ અને સતત શિક્ષણમાં ફરજ પાડતો મહત્ત્વનો

ભાગ છે. સાર્વજનિક ગ્રંથાલયના કર્મચારીઓની જરૂરિયાત, ક્ષેત્ર, કૌશલ્ય,ખાસિયત હશે, સાથે આંતર વૈયક્તિક કૌશલ્ય ,સામાજિક જાગૃતિ સાથે રહીને કરેલી મેહનત અને નેતૃત્ત્વ અને સંસ્થામાં યોગ્ય આચરણ અને પ્રક્રિયા હોવી જોઈએ. સાર્વજનિક ગ્રંથાલયના કર્મચારીને આપતી જરૂરિયાત યોગ્યતા અને કૌશલ્યો જોઈએ તો ,

- લોકો સાથે પ્રત્યાયન કરવાનું સામર્થ્ય
- ઉપભોક્તાની જરૂરિયાત સમજવાનું સામર્થ્ય
- જૂથો સાથે સહકાર કેળવવાનું સામર્થ્ય
- સાંસ્કૃતિક વૈવિધ્યનું જ્ઞાન અને સમજણ
- ગ્રંથાલય સંગ્રહની રચનાની સામગ્રી અને તેની પ્રાપ્તિનું મહત્ત્વ
- સાર્વજનિક સેવાની સમજ અને સિદ્ધાંતોની સાથે મહાનુભાવ
- પરિવર્તન મેળવવા અને અમલીકરણ કૌશલ્ય
- કામ કરવાથી પરિવર્તન પામેલ પદ્ધતિથી નવી પરીસ્થિતિને પહોચી વળવું
- માહિતી અને પ્રૌદ્યોગીકી અંગેનું જ્ઞાન
- દૂરદર્શિતા અને મુક્તતા

સાર્વજનિક ગ્રંથાલયમાં કામગીરીના સંબંધમાં કર્મચારીની પસંદગી, કર્મચારીની સંખ્યા ઉપર નીતિ માર્ગદર્શિકા,સ્તરો અને કામગીરી અપેક્ષિત રીતે યોગ્યતા અને સાથે તેમના સંસ્થા સાથેના સંબંધો બંધાય તથા સંચાલનના ભાગરૂપે કામગીરીનું મૂલ્યાંકન થાય છે. કર્મચારીનો દેખાવ અને કર્મચારીને તાલીમ આપવી તે મહત્ત્વનું છે. આ માટે સાર્વજનિક ગ્રંથાલયના કર્મચારીઓને સેમીનાર, કોન્ફરન્સ,વર્કશોપ અથવા ટ્રેનીંગ પ્રોગ્રામ દ્વારા તાલીમ આપવી જોઈએ.

---

## 5.8 તમારી પ્રગતિ ચકાસો

---

**(1) માહિતીની લાક્ષણિકતાના આધારે પ્રલેખોનું વર્ગીકરણ દર્શાવો.**

નોંધ : (i) નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.

(ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

___

___

___

___

**(2)** ગ્રંથાલયોમાં ગ્રંથસંગ્રહ વિકાસનીતિ શા માટે આવશ્યક છે.?

**(3)** ડ્રુરી,ડ્યૂઈ તેમજ મેક કોલ્વિન દ્વારા આપાયેલ પુસ્તક પસંદગીનાં સિદ્ધાંતોમાં ફલિત થતાં સિદ્ધાંતો વર્ણવો.

**(4)** શ્રી રંગનાથન દ્વારા અપાયેલ ગ્રંથાલય વિજ્ઞાનના પ્રથમ ત્રણ સૂત્રો પુસ્તક પસંદગી માટે મદદરૂપ નીવડે છે. તે વિશે ટૂંકમાં લખો.

(5) સાર્વજનિક ગ્રંથાલયોમાં પુસ્તક પ્રાપ્તિ માટેના સાધનો ટૂંકમાં જણાવો.

(6) આદેશ પ્રક્રિયા કેટલા સ્તરમાં પૂર્ણ કરવામાં આવે છે ? કયા કયા ?

## 5.9 સારાંશ

સાર્વજનિક ગ્રંથાલય માટે વિવિધ પ્રકારના પ્રલેખોને વાસ્તવિક રીતે પ્રાપ્ત કરવા માટેના પ્રાયોગિક કાર્યો વિશે જોઈએ તો, પ્રલેખોનો સંગ્રહ તૈયાર કરવાનું કાર્ય, એ પ્રાપ્તિ વિભાગનું છે .તે ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ તથા તેની વિવિધ પ્રવૃતિના સામાન્ય પાસાઓ સાથે સંલગ્ન રહી,ગ્રંથાલયના હેતુઓ અને ઉદ્દેશોના આધારે કાર્ય કરે છે. પુસ્તક પ્રાપ્તિની પ્રક્રિયામાં શ્રેણીબદ્ધ કાર્યોનો સમાવેશ થાય છે. તથા તેને દૈનિક કાર્યોની સાથે સમન્વિત કરી યોગ્ય આયોજન કરવામાં આવે છે.

પ્રલેખ પ્રાપ્તિની પ્રક્રિયામાં મુખ્ય ત્રણ અલગ-અલગ કાર્યોનો સમાવેશ થાય છે જેમ કે : પસંદગી, પ્રાપ્તિ અને પરિગ્રહણ પ્રક્રિયા.

આ કાર્યને પાર પાડવા માટે, અસંખ્ય નોંધો, પત્રકો,તથા ફાઈલો વગેરે તૈયાર કરી, ગોઠવણી કરી આયોજન દ્વારા તેને નિયમિત જાળવવી પડે છે. આ તમામ પરિબળોને તેની સાથે સંકળાયેલા કાર્યોના સંદર્ભમાં સમજાવવામાં આવ્યા છે. કમ્પ્યુટર આધારિત પદ્ધતિથી પણ આ કાર્યો કરી શકાય છે.

કર્મચારીની યોગ્યતાઓ અને ક્ષમતાઓમાં વૃદ્ધિના સકારાત્મક ઉપાય તરીકે માનવ સંસાધન વિકાસ સાથે સંબંધિત છે. માનવ સંસાધન વિચારધારા વધુ ઉત્પાદકતા તથા ઉત્પાદનો યોગદાન આપનાર તરીકે દરેક મનુષ્યને સન્માન તથા મૂલ્ય પ્રદાન કરે છે. માનવ સંસાધન વિકાસ (HRD) પ્રક્રિયા વિભિન્ન તકનિકો તથા

વ્યૂહરચનાઓને વ્યવહારમાં કાર્યાન્વિત કરવાની યોજના તથા સાધનોને મૂર્તરૂપ આપે છે.

## 5.10 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

(1) _________દ્વારા પ્રલેખોના વર્ગીકરણ માટે તેની ભૌતિક વિશેષતાઓને ધ્યાનમાં રાખેલ છે.

(A) મેલ્વિલ ડ્યૂઈ (B) એસ.આર.રંગનાથન

(C) મેક કોલ્વિન (D) જ્યોર્જ ટેરી

(2) શ્રી ગ્રોગને પ્રલેખના સ્રોતોને _________ કક્ષામાં વિભાજીત કરેલ છે.

(A) બે (B) ત્રણ (C) ચાર (D) તૃતીય

(3) વાઙ્મયસૂચિઓની વાઙ્મયસૂચી _________ કક્ષાનો સ્રોત ગણવામાં આવે છે.

(A) પ્રાથમિક (B) દ્વિતીય

(C) તૃતીય (D) ચતુર્થ

(4) _________કક્ષાના સ્રોતમાં નવીન માહિતી કે વિચાર રજુ થયેલ હોય છે.

(A) પ્રાથમિક (B) દ્વિતીય

(C) તૃતીય (D) ચતુર્થ

(5) ગ્રંથાલયમાં ગ્રંથ સંગ્રહ વિકાસમાં કઈ મહત્ત્વની કામગીરી પર ભાર મૂકવામાં આવે છે.?

(A) પુસ્તક પ્રાપ્તિ અને ટેકનીકલ

(B) પુસ્તક પ્રાપ્તિ અને વિતરણ.

(C) પુસ્તક વિતરણ અને જાળવણી

(D) પુસ્તક પસંદગી અને વિણામણ

(6) ઓછી કીમતે , સર્વોત્તમ પુસ્તકો, સર્વાધિક લોકોને' એ પુસ્તક પસંદગીનો સિદ્ધાંત કોણ રજુ કરેલ ?

(A) એસ.આર.રંગનાથન (B) શ્રી ડ્રરી

(C) મેલ્વિલ ડ્યૂઈ (D) મેક કોલ્વિન

(7) ગ્રંથાલયને વિષયોને ગોઠવણી કરવા અને અસરકારક રીતે સેવા પૂરી પાડવા કઈ પદ્ધતિ વપરાય છે. ?

(A) વર્ગીકરણ (B) ગ્રંથ સંસ્કાર, (C) સૂચિકરણ, (D) પગપટ્ટી

(8) ગ્રંથ પીઠ પર લગાવેલ ગુંદર કે લહીના કારણે ગ્રંથના સંધની પીઠ ખૂબ જ કડક થઇ ગયેલી હોય છે. આથી ગ્રંથને ધીરે ધીરે હળવે હાથે ખોલવામાં આવે તે પ્રક્રિયાને શું કહેવામાં આવે છે.?

(A) ઉદઘાટન (B) સિક્કાકરણ (C) કર્તન (D) પગપટ્ટી -માથાપટ્ટી

(9) જે તે નોંધાયેલ વસ્તુ,સાધન કે સામગ્રીની તેના નોંધપત્રક સાથેની ચકાસણી એટલે શું?

(A) મેળવણી (B) ગ્રંથ સુરક્ષા (C) બંધામણી (D)ગ્રંથ જાળવણી

(10) મોટા ભાગના ગ્રંથાલયોમાં તેવો અંદાજ છે કે ગ્રંથાલય અંદાજપત્રના _____ ખર્ચ પગાર પાછળ ખર્ચવામાં આવે છે.

(A) 60 % (B) 50 % (C) 30% (D) 20%

---

(1 - B), (2 -B), (3 - C),(4-A),(5 –D),(6-C),(7 - A),(8- A),(9- A) , (10- A)

---

## 5.11 તમારી પ્રગતિ ચકાસો (ઉત્તર સહિત)

- હેન્સન અને ગ્રોગને માહિતીની લાક્ષણિકતાના આધારે પ્રલેખોનું વર્ગીકરણ કરેલ છે.જેમાં હેન્સને સ્રોતોને પ્રાથમિક અને દ્વિતીય સ્રોતમાં વિભાજીત કરેલ છે. જયારે ગ્રોગને સ્રોતોને ત્રણ કક્ષાઓ – પ્રાથમિક ,દ્વિતીય તેમજ તૃતીય સ્રોત વર્ણવેલ છે. પ્રાથમિક સ્રોત નવીન માહિતી ધરાવતાં સ્રોત છે. જેમાં પ્રકાશિત માહિતી અન્ય કોઈ જગ્યાએ જોવા મળતી નથી. સામયિકો, પેટન્ટ, સંશોધન

અહેવાલો , માનકો, મહા નિબંધો, જાહેરનામું વગેરે પ્રાથમિક કક્ષાના સ્રોત ગણવામાં આવે છે. જયારે દ્વિતીય કક્ષાના સ્રોત એ પ્રાથમિક કક્ષાના સ્રોતના ઉપયોગ માટે માર્ગદર્શન પૂરું પાડે છે. આ સ્રોત કોઈ નવીન માહિતી કે વિચાર દર્શાવતાં નથી. આ સ્રોતમાં રહેલ માહિતી સંક્ષિપ્ત અને સંગઠિત હોય છે. વિવિધ પ્રકારના સંદર્ભ ગ્રંથો, વાઙ્મયસૂચિઓ, પાઠ્ય પુસ્તકો, સારકરણ અને નિર્દેશીકરણ સામયિકો વગેરે આ પ્રકારના સ્રોત ગણી શકાય. તૃતીય કક્ષાના સ્રોતોને દ્વિતીય કક્ષાના સ્રોતોની યાદી ગણી શકાય. જે પ્રાથમિક તેમજ દ્વિતીય કક્ષાના સ્રોતોના ઉપયોગ માટે સહાયક બને છે. નિર્દેશીકાઓ , વાર્ષિકીઓ, સંશોધનનાં પ્રગતિ અહેવાલો, વાઙ્મયસૂચિઓની વાઙ્મયસૂચિ વગેરે તૃતીય કક્ષાના સ્રોત ગણી શકાય.

- ગ્રંથાલયમાં ગ્રંથસંગ્રહ વિકાસ અવિરત પ્રક્રિયા છે. ગ્રંથાલયમાં એવાં વાચન સાહિત્યની પસંદગી થવી જોઈએ કે જેનો વાચકો દ્વારા વધુમાં વધુ ઉપયોગ થાય. આજના યુગમાં ગ્રંથાલયોમાં વાચકોની માંગ અને આવશ્યકતાને આધારિત સંગ્રહ તે તેના સંગ્રહના જથ્થા કરતાં વધારે મહત્ત્વનું છે. આદર્શ તેમજ ઉપયોગી ગ્રંથસંગ્રહના વિકાસ માટે ચોક્કસ ધોરણો નક્કી કરેલ હોય તે જરૂરી છે. ગ્રંથ સંગ્રહ વિકાસ નીતિએ ગ્રંથાલયમાં પુસ્તક પસંદગી,જાળવણી તેમજ વિણામણ માટે માર્ગદર્શન આપે છે. તેમાં ગ્રંથાલયના ધ્યેય, હેતુઓ ,ક્ષેત્ર તેમજ કદ, સામગ્રીનો પ્રકાર અને સ્તરો, પસંદગી માટેનાં ધોરણો અને અગ્રતા તેમજ વિણામણ નીતિઓ સમાવેશ થાય છે. ગ્રંથ સંગ્રહ વિકાસ નીતિના પરિણામે કેવા પ્રકારની વાચનસામગ્રીને મહત્ત્વ આપવું તેમજ પુસ્તક સંગ્રહ વિકાસની જવાબદારી કોની તે નિશ્ચિત થાય છે.
- ડ્રુરી,ડયૂઈ તથા મેક કોલ્વિન દ્વરા આપવામાં આવેલ સિદ્ધાંતોમાં ઉપભોક્તાની જરૂરિયાત અનુસાર પુસ્તક પસંદગીને પ્રાધાન્ય આપવાનું ફલિત થાય છે. શ્રી ડ્રુરીએ ‘યોગ્ય વાચકને , યોગ્ય સમયે, યોગ્ય પુસ્તક પૂરું પાડવું’ એ સિદ્ધાંત પર ભાર મુકેલ છે. જયારે શ્રી ડયૂઈએ ‘ ઓછી કિંમતે સર્વોત્તમ પુસ્તકો, સર્વાધિક લોકોને’ પૂરા પાડવા પર ભાર મુકેલ છે. જેમાં મુખ્ય ત્રણ તત્વો સમાયેલ છે.૧) સર્વોત્તમ પુસ્તક ,૨) સર્વાધિક લોકો અને ,૩) ઓછી

કિંમતે.જયારે શ્રીમેક કોલ્વિન દ્વારા માંગ અને પૂર્તિનો સિદ્ધાંત રજૂ કરવામાં આવેલ છે.જેમાં ગ્રંથાલયોમાં વાચન સંગ્રહ વાચકોની માંગ અને જરૂરિયાત અનુસાર હોવો જોઈએ કે તે સિદ્ધાંત પર ભાર મૂકવામાં આવેલ છે.

- શ્રી રંગનાથન દ્વારા આપાયેલ ગ્રંથાલય વિજ્ઞાનના પંચ સૂત્રો પૈકી પ્રથમ ત્રણ સૂત્રો પુસ્તક પસંદગી માટે માર્ગદર્શક નીવડે છે. જેમાં પ્રથમ સૂત્ર – 'પુસ્તક ઉપયોગ માટે છે.' જે સૂચવે છે કે ગ્રંથાલયમાં માત્ર એવી જ વાચનસામગ્રીની પસંદગી કરવી કે જે વાચકોને ઉપયોગી છે.બીજું સૂત્ર 'દરેક વાચકને તેનું પુસ્તક મળે.' એ વાચકોની માંગ અને આવશ્યકતાને ધ્યાનમાં રાખી પુસ્તક પસંદગી કરવા પર ભાર મુકે છે. જયારે ત્રીજું સૂત્ર – 'દરેક પુસ્તકને તેનો વાચક મળે.' એ ગ્રંથાલયોને એવા તમામ પ્રયાસો કરવાનું સૂચવે છે કે જેથી ગ્રંથાલયમાં ઉપલબ્ધ સર્વે વાચનસામગ્રીને તેનો યોગ્ય વાચક મળી રહે. પુસ્તકો બિનઉપયોગી ગ્રંથાલયમાં પડી ના રહે. ગ્રંથાલયના ગ્રંથસંગ્રહનો સંપૂર્ણ ઉપયોગ થાય તેવા તમામ પ્રયાસો કરવા જોઈએ.
- ભેટ સ્વરૂપે, વિનિમય દ્વારા, ખરીદી  દ્વારા ,સ્થાયી વિક્રેતા ,ગ્રંથાલય વિતરક યોજના, સ્થાયી આદેશ, જાંગડ પ્રથા, મુક્ત   , સંસ્થાકીય સભ્યપદ ,અનામત પદ્ધતિ.
- આદેશ પ્રક્રિયા ત્રણ સ્તરમાં વહેચાયેલ છે :

  (૧) આદેશ પહેલાંનું કાર્ય

  (૨) આદેશ મુકવાનું કાર્ય

  (૩) પુસ્તકોની પૂર્તિ પ્રાપ્ત કરવાનું કાર્ય

## 5.12 ચાવીરૂપ શબ્દો

**માનવ સંસાધન વિકાસ** : કોઈ સંસ્થામાં કર્મચારીઓને નિરંતરતાને (Human Resources Development) આધારે નવા કૌશલ્યો તથા ક્ષમતાઓ મેળવવામાં મદદરૂપ થતી પ્રક્રિયા.

**કર્મચારી આયોજન (Personnel Appraisal)**:એવી પ્રક્રિયા જે સંગઠનને યોગ્ય સંખ્યામાં     ગુણવત્તાપૂર્ણ કર્મચારીઓ પૂરા પાડવામાં સહાય કરે છે.

**પસંદગી (Selection)**: યોગ્ય પદ્ધતિ દ્વારા નોકરી માટે ઉમેદવારોને ભેગા કરવા તથા એમાંથી પસંદગી કરેલ વ્યક્તિઓની યાદી બનાવવી.

**ભરતી (Recruitment)**: પોતાની જરૂરિયાત અનુસાર વ્યક્તિઓનેબહાલી આપવાની ઔપચારિક પ્રક્રિયા.

## 5.13 સંદર્ભ અને વિશેષ વાંચન


- ❖ બરોડિયા,નવીનચંદ્ર હ.(૧૯૭૯).પુસ્તક પસંદગ.અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠ
- ❖ ભૈયા ,છગન.(૨૦૦૯).પુસ્તકાલય વ્યવસ્થાપન.અમદાવાદ : પાર્શ્વ પબ્લીકેશન.
- ❖ आहूजा , जी.एम.(1990).पुस्तकालय व्यवस्था : सिद्धान्त एवं व्यवहार.रोहतक : म,मंथन प्रकाशन.
- ❖ अंसारी,एम.एस.(2001).पुस्तकालय संगठन एवं प्रबन्ध.वाराणसी : कला प्रकाशन.
- ❖ श्रीवास्तव,श्यामनाथ ; वर्मा सुभाषचंद्र (1967).पुस्तकालय संगठन एवं संचालन.जयपुर : करंट बुक कम्पनी.
- ❖ व्यास.एस.डी.(2004).पुस्तकालय संगठन एवं प्रबंध ,दितीय संस्करण .जयपुर : पंचशील प्रकाशन.
- ❖ Ashwini Kumar.(2006) .Library Management .New Delhi :SBS.
- ❖ Sivadas, K.K.(2010).Library Management : New Delhi ; A.P.H.publishing Corporation.
- ❖ Chakraborti A.K.(1983).A Treatise on Book Selection.Delhi : D.K.Publication.
- ❖ Mittal R.L (1984) Library Administration : Theory and Practice .Delhi Metropolitan Book Co.
- ❖ Ranganathan S.R.(1960) Library Administration .Bombay : Asia Publishing House.
- ❖ Ranganathan S.R.(1988) Library Manual .Bangalore : Sarada Rangnanathan Endowment for Library Science.
- ❖ IGNOU 1994). School of Social Sciences .MLIS -05 Unit 9 & 10.Personnel Management.
- ❖ Stueart,Rober D.and Moran Barbara ,B (1987).LIbrary Management.3rd ed.Littleton , Col.: Libraries Unlimited
- ❖ Thomas,George F.(1988).Textbook of Human Resources Management.London : Institute of Personnel Management.

# યુનિટ-6 નાણાંકીય વ્યવસ્થાપન

: : રૂપરેખા : :


**6.0** ઉદ્દેશો

**6.1** પ્રાસ્તાવિક

**6.2** નાણાંકીય આવશ્યકતાઓ

**6.2.1** સાર્વજનિક ગ્રંથાલય સતત ખર્ચ કરતી સંસ્થા છે

**6.2.2** ગ્રંથાલય વિજ્ઞાનના પાંચસુત્રોનો નાણાંકીય સંદર્ભ

**6.2.3** નાણાની નિરંતર આવશ્યકતા

**6.2.4** સાર્વત્રિક અને પ્રમાણભૂત ગ્રંથાલય સેવા

**6.2.5** મફત ગ્રંથાલયસેવાનો આદર્શ

**6.3** સાર્વજનિક ગ્રંથાલયના નાણાંકીય સ્ત્રોતો (બાહ્ય સ્ત્રોતો,આંતરિક સ્ત્રોતો,અન્ય)

**6.3.1** ગ્રંથાલયકર

**6.3.2** કેન્દ્ર/રાજ્ય સરકારના અનુદાન

**6.3.3** આંતરરાષ્ટ્રીય ,રાષ્ટ્રીય,સ્થાનિક સંસ્થાઓનું અનુદાન ગ્રંથાલયની પરિભાષા

**6.3.3.1** યુનેસ્કો

**6.3.3.2** રાજારામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન

**6.3.3.3** અન્ય સંસ્થાઓ

**6.3.4** ભેટ/દાન

**6.3.5** સભ્ય પદ અનામત/ફી/લવાજમ

**6.3.6** મોડાઈ

**6.3.7** ઈતર આવક

**6.4** સાર્વજનિક ગ્રંથાલય: ખર્ચ બાજુ

**6.4.1** આવર્તક ખર્ચ

**6.4.1.1** વાચનસામગ્રી ખર્ચ

**6.4.1.2** વેતન ખર્ચ

**6.4.1.3** ઈતર ખર્ચ

**6.4.1.4** બિનઆવર્તક ખર્ચ

**6.5** સાર્વજનિક ગ્રંથાલયના નાણાંકીય અંદાજનું અનુમાન

**6.5.1** પ્રતિ વ્યક્તિ દર વિધિ

**6.5.2** પ્રમાણસર વિધિ

**6.5.3** વિગતવાર વિધિ

**6.6** અંદાજપત્ર

**6.7** અંદાજપત્ર તૈયાર કરવાની વિધિઓ

**6.7.1** રૈખિક વસ્તુ આધારિત

**6.7.2** લંપ સમ

**6.7.3** સૂત્ર આધારિત અંદાજપત્ર

**6.7.4** કાર્ય /કામગીરી આધારિત અંદાજપત્ર

**6.7.5** કાર્યક્રમ આધારિત અંદાજપત્ર

**6.7.6** યોજના કાર્યક્રમ

**6.7.7** શૂન્ય આધારિત અંદાજપત્ર

**6.7.8** નમુના રૂપે આધારિત અંદાજપત્ર

**6.8** તમારી પ્રગતિ ચકાસો

**6.9** સારાંશ

**6.10** બહુ વિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

**6.11** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**6.12** ચાવીરૂપ શબ્દો

**6.13** સંદર્ભ અને વિશેષ વાંચન

## 6.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમના અભ્યાસ પછી આ સાથે જણાવેલ બાબતોથી માહિતગાર બની શકશે.

- સાર્વજનિક ગ્રંથાલયના સંચાલન માટે નાણાંકીય આવશ્યકતાઓ
- સાર્વજનિક ગ્રંથાલય માટે નાણાંકીય સ્રોતો (આવકના સાધનો) કયા કયા છે.?
- સાર્વજનિક ગ્રંથાલયની ખર્ચ બાજુ કઈ કઈ છે.?
- સાર્વજનિક ગ્રંથાલયના નાણાંકીય અંદાજનું અનુમાન : અંદાજ બનાવવા માટેની વિવિધ રીતો
- અંદાજપત્ર અને અંદાજપત્ર તૈયાર કરવાની વિધિઓ
- નમૂનારૂપ અંદાજપત્ર દ્વારા વાસ્તવમાં સાર્વજનિક ગ્રંથાલયનું અંદાજપત્ર બનાવવા માટેનું માર્ગદર્શન

## 6.1 પ્રાસ્તાવિક

કોઇપણ સંસ્થાના સંચાલન માટે નાણાંનો પ્રવાહ સતત વહેતો રહે એ અત્યંત આવશ્યક છે. નાણાં એ સંસ્થા માત્રના સુવ્યવસ્થિત સંચાલન માટેનું ચાલક બળ છે, શક્તિ છે, પ્રાણવાયું છે, નાણાં એટલું તો અસરકારક પરિબળ હોય છે કે કોઇપણ કારણવશાત.તેનો વહેતો પ્રવાહ પાતળો બનતા  કે શુષ્ક બનતાં સંસ્થા ગુંગળામણ અનુભવી અંતે મૃતપ્રાય બની જાય છે. શૂન્યમાં પરિણમી જાય છે. એલ.ડી.વ્હાઈટ (L.D.White)નો કથન અનુસાર,'વ્યવસ્થા અને નાણાને એકબીજાથી અલગ નથી કરી શકાતાં .પ્રત્યેક વ્યવસ્થાકીય કાર્યની આર્થિક બાજુ હોય છે, જે એવી અપૃથક્કરણીય હોય છે જેમ માનવી અને તેનો પડછાયો.'

સાર્વજનિક ગ્રંથાલય પણ એક સંસ્થા છે.સેવાકીય સંસ્થા.જેના માટે પૂર્ણત: નાણાંકીય સુવિધા હોવી અનિવાર્ય છે. પર્યાપ્ત નાણાંકીય સુવિધા સાથે જ ગ્રંથાલય પ્રભાવશાળી અને સંતોષકારક સેવા પ્રદાન કરી શકે છે. સમાજની બૌદ્ધિક આવશ્યકતાઓની પૂર્તિ માટે સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ થાય, સતત થતો રહે તે અત્યંત આવશ્યક છે. જે માટે નાણાંનો પ્રવાહ અસ્ખલિત વહેતો રહે તે જરૂરી છે.

## 6.2 નાણાંકીય આવશ્યકતાઓ

સંસ્થા માત્રનો વહીવટ, તેની ઉપજ અને સેવાઓ નાણાકીય સુવિધાઓ પર આધારિત હોય છે. પુરતી નાણાંકીય સુવિધાના અભાવમાં સંસ્થા કાર્ય-સેવા શૂન્ય બનતી રહી , બંધ થાય છે. અર્થાત કોઇપણ સંસ્થાનો પ્રારંભ કરતાં પૂર્વે તેના નિભાવ અને વિકાસ માટે આવશ્યક નાણાનો પ્રબંધ કરવાનું આવશ્યક છે.

### 6.2.1 સાર્વજનિક ગ્રંથાલય સતત ખર્ચ કરતી સંસ્થા છે

સાર્વજનિક ગ્રંથાલય સેવાકીય સંસ્થા છે. સેવાકીય સંસ્થાઓ માત્રને માત્ર ખર્ચ કરતી સંસ્થા હોય છે. તેમાં આવકનું પ્રમાણ નહિવત હોય છે, કે હોતું જ નથી.ગ્રંથાલયમાં પણ આવક-ખર્ચનું સમતુલન સ્વાયત્ત રીતે જાળવવાનું શક્ય નથી બનતું. સમાજ અને રાષ્ટ્રીય ઘડતરનું કામ કરતી પાયાની આ સંસ્થામાં આવકના સાધનો માર્યાદિત કે નહિવત હોય છે. સ્વાયત્ત રીતે આવકના સાધનો ઉભા કરવામાં ગ્રંથાલયનું સ્વ હોમાઈ જવાની સંભવિતતા નકારી શકાય નહીં.આ રીતના પ્રયત્નોમાં ચિંતિત ગ્રંથાલયો સમય જતાં ઉપભોક્તા વિહોણાં માત્ર સંગ્રહસ્થાનો બની જાય છે.

અર્વાચીનયુગમાં માર્કેટિંગના ખ્યાલો ગ્રંથાલય ક્ષેત્રે પ્રવેશ પામતાં થોડીક આવક ઉભી થવાની શક્યતા સંભવિત બની છે. પણ તેનું પ્રમાણ નહીવત છે. જો કે માહિતી (Information) ને વસ્તુ (Commodity) ગણી, તેના વેચાણ દ્વારા આવક ઊભી કરવાની વાત સાર્વજનિક ગ્રંથાલયની લાક્ષણીકતાઓ જોતાં યોજનો દુર છે.

### 6.2.2 ગ્રંથાલયવિજ્ઞાનના પંચસુત્રોનો નાણાંકીય સંદર્ભ

ડૉ. રંગનાથન પ્રણિત પંચસુત્રો ગર્ભિતાર્થ રીતે નાણાંકીય સુવિધા પ્રત્યે ધ્યાન ખેંચે છે. પંચસુત્રો પૈકીનું પ્રથમ સૂત્ર છે, 'ગ્રંથો ઉપયોગ માટે છે.'

વાસ્તવમાં ગ્રંથોનો ઉપયોગ થાય તે માટે ગ્રંથો ઉપર કેટલીક વિધિ કરવાનું આવશ્યક છે. જે પૈકીની 'ગ્રંથસંસ્કાર' એક મહત્ત્વની વિધિ છે. જે સતત ખર્ચાળ વિધિ છે. સાથે જ ગ્રંથોના ઉપયોગ સંદર્ભે કેટલીક વિશેષ ભૌતિક બાબતો જેવી કે ગ્રંથાલયનું સ્થળ, ભવન અને તેની

સારસંભાળ,રાચરચીલું અને તેનું દુરસ્તી વગેરે માટે ખર્ચ કરવાનો રહે છે .જે પૈકી કેટલોક આવર્તક અને કેટલોક ખર્ચ બિનઆવર્તક હોય છે.

બીજું સૂત્ર છે, 'દરેક વાચકને તેનો ગ્રંથ મળે.' સમાજની વ્યક્તિમાત્ર ગ્રંથાલયનું સભ્યપદ મેળવી, ગ્રંથાલયમાં આવતો થાય, તેની વાચનતૃષા સંતોષે તે તરફ લક્ષ્ય આપવાનું સૂચવે છે. વિસ્તૃત સાંદર્ભિક પુસ્તકપસંદગી, ગ્રંથાલયસૂચિની રચના, મુક્તપ્રવેશ સંદર્ભે ગ્રંથાલય ભવન-વિશેષ કરીને ગ્રંથભંડાર-સુધારણા.ઈ-સુવિધા વગેરે માટે સતત ખર્ચ કરવાનો રહે છે.

ત્રીજું સૂત્ર છે, ' દરેક ગ્રંથને તેનો વાચક મળો.' ગ્રંથ-ખરીદી માટે કરવામાં આવેલ ખર્ચ એળે ન જાય તે માટે ગ્રંથ માત્રમાં સમાવિષ્ટ વિષય-વસ્તુ (Content) સ્પષ્ટ કરવી આવશ્યક છે. જે માટે વર્ગીકરણ,સૂચીકરણ,ગ્રંથ ગોઠવણી વગેરે વિધિ કરવાની રહે છે. જે ખર્ચાળ વિધિ છે.વળી, આ વિધિ સતત ચાલ્યા જ કરે છે. સાથે જ ગ્રંથાલયસેવાનો પ્રચાર કરવો, વિસ્તરણ પ્રવૃત્તિઓ યોજવી, લોકપ્રિય વિભાગો સતત માહિતીસભર બનાવી રાખવા, સંદર્ભસેવા પૂરી પાડવી વગેરે માટે નાણાંની પુરતી જોગવાઈ સતત કરતા રહેવાનું આવશ્યક છે.

ચતુર્થ સૂત્ર છે, 'વાચકનો સમય બચાવો.' આ સૂત્રનો ગર્ભિતાર્થ છે વાચક માત્રને તેની ઈચ્છિત માહિતી સરળતાથી અને ત્વરિત મળી રહે તે માટેની આધુનિક વ્યવસ્થા ગોઠવવી. સરળ આપ-લે પદ્ધતિ, ગ્રંથાલય પ્રશિક્ષણ, સંદર્ભ સેવા વગેરે તેના ઉપાયો છે. અર્વાચીનયુગ કમ્પ્યુટરનો છે. ગ્રંથાલયમાં ગ્રંથાલયસેવાઓને ઝડપી અને ચોક્કસ બનાવવા કમ્પ્યુટરાઈઝેશન આવશ્યક છે. આ બધી જ ખર્ચ માંગી લેતી વિધિઓ છે. જે માટે નાણાની સતત આવશ્યકતા રહે છે.

પાંચમું સૂત્ર છે, 'ગ્રંથાલય એ ચીરવર્ધમાન અવયવી છે.' આ સૂત્ર ગ્રંથાલયના ભાવિ વિકાસને લક્ષમાં રાખવાનું સૂચવે છે. અર્થાત એક વખત ગ્રંથાલયની સ્થાપના કરવામાં આવતાં સમય જતાં તેનો ત્રિયાખીયો વિકાસ થતો રહેવાનો.એટલે કે ગ્રંથાલય ત્રિમૂર્તિની ત્રણ મૂર્તિઓ વાચનસામગ્રી ,વાચકવૃંદ અને કર્મચારીગણમાં સતત વધારો થતો જ રહેવાનો.ગ્રંથાલય માત્રની આ લાક્ષણિકતા છે.

માહિતીના સર્જાતા જતા ખડકલાની સાથે વાચકોની વૈવિધ્યભરી, સુક્ષ્મ અને ગહન બનતી જતી માહિતી માંગના સંદર્ભમાં ગ્રંથાલય અને માહિતીસેવાઓને વિકસિત અને અદ્યતન બનાવી રાખવા ત્રિમૂર્તિનો વિકાસ કરવો એ પ્રાથમિક શરત છે. જે માટે પુરતી નાણાંકીય જોગવાઈ કરવાનું અને અવિરત કરતા રહેવાનું આવશ્યક છે.

### 6.2.3 નાણાની નિરંતર આવશ્યકતા

સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના સાથે જ તેને અદ્યતન માહિતી,મનોરંજન,પ્રેરણા,શિક્ષણ અને સંસ્કૃતિ સંબંધિત વાચનસામગ્રી સાથે સતત જીવંત બનાવી રાખવા અસ્ખલિત નાણાનો પ્રવાહ વહેતો રહે છે તે આવશ્યક છે. અર્થાત્ બિનઆવર્તક (Recurring) ખર્ચની, અને તે પણ વધતી જતી ટકાવારીએ આવશ્યક છે. જયારે સમયના વહેણ સાથે આવર્તક (Capital) ખર્ચ પણ ભવન, સાધનસામગ્રી વગેરે માટે કરવાનો રહે છે.

વાચનસામગ્રીના વધતા જતા ભાવો, કર્મચારીગણના પગાર ખર્ચનો વધારો વગેરે માટે પણ નાણાની સતત જરૂરિયાત રહે છે. ગ્રંથાલય સેવાની પૂર્તિ અને અદ્યતનતા સતત મળતા નાણાના પ્રવાહ પર અવલંબે છે.

### 6.2.4 સાર્વત્રિક અને પ્રમાણભૂત ગ્રંથાલય સેવા

સાર્વજનિક ગ્રંથાલય માટે સમાજની વ્યક્તિમાત્રને ગ્રંથાલયસેવામાં આવરી લેવાનું આવશ્યક છે. એ યાદ રહે કે કોઇપણ સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિનો આંક તેના ગ્રંથાલયો અને ગ્રંથાલયસેવાઓ થકી જ ઉન્નત બનાવી શકાય છે. સેવાકીય દ્રષ્ટીએ સક્ષમ બનવા, ગ્રંથાલયસેવાને સતત કાર્યાન્વિત બનાવી રાખવા તેમજ પ્રમાણભૂત સેવાની પૂર્તિ માટે ગ્રંથાલયને નાણાંની સતત આવશ્યકતા રહે છે.

### 6.2.5 મફત ગ્રંથાલય સેવાનો આદર્શ

'રોટી ,કપડા અને મકાન' એ માનવમાત્રની ભૌતિક પ્રાથમિક જરૂરિયાત છે.જયારે સમાજના બૌદ્ધિક અને અધ્યાત્મિક વિકાસ માટે વ્યક્તિમાત્રને વાચન-અધ્યયન દ્વારા જ્ઞાનપ્રાપ્તિની સુવિધા તે આધ્યાત્મિક પ્રાથમિક જરૂરિયાત છે.

લોકશાહી સમાજરચનામાં સમાજની જ્ઞાનપ્રાપ્તિની ઝંખના મફત પૂરી પાડવાની જવાબદારી રાજ્યના શિરે છે.

કવચિત, નાનો સરીખો નાણાંકીય અવરોધ પણ લોકોને વાચનવિમુખ બનાવવા કારણભૂત બને છે. વળી, જીવનની આવશ્યક જરૂરિયાતો પોષવાનું મુશ્કેલ હોય ત્યાં વાચન માટે લોકો ખર્ચ કરે તે પણ શક્ય નથી.માત્ર એટલું જ નહીં જો લોકો પાસેથી ગ્રંથાલય અને ગ્રંથાલયસેવાના ઉપયોગ બદલ લાવજમ કે ફી સ્વરૂપે રકમ માંગવામાં આવશે તો મોટા ભાગના લોકો ગ્રંથાલયોથી દુર દુર ચાલ્યા જશે.મફત ગ્રંથાલયસેવા એ સાર્વજનિક ગ્રંથાલયનો આદર્શ છે. ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિના પિતામહ ડૉ.એસ.આર.રંગનાથને મફત ગ્રંથાલયસેવાના આદર્શની હિમાયત કરી છે.

આમ, સમગ્ર રીતે જોતાં સાર્વજનિક ગ્રંથાલય અને ગ્રંથાલયસેવા માત્રને માત્ર ખર્ચ કરતી સેવાકીય સામાજિક સંસ્થા છે. જ્યાં સ્વયંમાં આવક ઊભી કરવાને બદલે માત્ર બાહ્ય સ્ત્રોતો પર જ આધાર રાખવાનો રહે છે. અલબત્ત, ગ્રંથાલય પાસે કેટલાંક સ્રોત એવાં છે કે જે થકી આવક ઊભી કરી શકાય ,પણ તે સ્ત્રોતો થકી થનાર આવક નહીવત હોય છે .નગણ્ય હોય છે.

## 6.3 સાર્વજનિક ગ્રંથાલયનાં નાણાંકીય સ્ત્રોતો

એવું સ્પષ્ટપણે માનવું છે કે નાણાંકીય અર્થાત્ આવકના સ્ત્રોતોનો વિચાર કરતાં પૂર્વે થનાર સંભવિત ખર્ચના અંદાજ અંગે વિચાર કરવો જોઈએ અને ત્યારબાદ સંભવિત ખર્ચના અંદાજને લક્ષમાં રાખવું જોઈએ કે આવકના સ્રોત મર્યાદિત હોય છે, નિશ્ચિત હોય છે. વધ-ઘટ તેની અનિવાર્યત : લાક્ષણિકતા હોય છે. જયારે ખર્ચના અંદાજને મર્યાદામાં બાંધવાનું ક્યારેક મુશ્કેલ બની રહે છે. વળી, માત્રને માત્ર તેમાં વધ હોય છે, ઘટ નહીં.

સામાન્ય વ્યવહારમાં પ્રથમ આવકના સ્ત્રોતો અને આવકનો અંદાજ મેળવી, પછી ખર્ચની વાત કરવામાં આવે છે.જયારે સેવાકીય સંસ્થાઓમાં જે તે સેવા માટે થનાર ખર્ચનો અંદાજ મેળવી, પછી આવકના સાધનોનો વિચાર કરવામાં આવે છે. આવકની રકમ પ્રાપ્ત

થયા બાદ જે તે સેવાનો પ્રારંભ કરવામાં આવે છે. ખર્ચ કરવામાં આવે છે.

સાર્વજનિક ગ્રંથાલય એ સેવાકીય સંસ્થા છે.વળી, વર્ધમાનશીલા તેની લાક્ષણિકતા છે. જ્યાં પ્રતિ વર્ષ ખર્ચમાં વધારો થવાનો જ છે. એ હકીકતની સ્વીકૃતિ સાથે જ આવકના સ્ત્રોતોનો વિચાર કરવો જોઈએ.

સાર્વજનિક ગ્રંથાલયોના આવકના સ્ત્રોતોને મુખ્યત્વે બે વિભાગમાં વિભાજીત કરી શકાય.

1. બાહ્ય સ્ત્રોતો : એવા સ્ત્રોતો જે વૈયક્તિક ગ્રંથાલય પોતે ઊભા નથી કરતુ. બાહ્ય સ્ત્રોતો આ મુજબ છે. :

(૧) ગ્રંથાલયકર

(૨) કેન્દ્ર / રાજ્ય સરકારના અનુદાન

(૩) આંતરરાષ્ટ્રીય,રાષ્ટ્રીય ,સ્થાનિક સંસ્થાઓનું અનુદાન

- યુનેસ્કો
- રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશન
- અન્ય સંસ્થાઓ

(૪) દાન /ભેટ

(૫) અન્ય સંસ્થાઓ

2. આંતરિક સ્ત્રોતો : વૈયક્તિક ગ્રંથાલય દ્વારા મેળવવામાં આવતાં નાણા.

(૧) સભ્યપદ અનામત /ફી/અનામત

(૨) મોડાઈ

(૩) ગ્રંથ/ સાધનસામગ્રી નુકશાની

(૪) પસ્તી/ ભંગાર વેચાણ

(૫) સભ્યપદ ફોર્મ ફી

(૬) વિશિષ્ટ સેવાના વળતર પેટે વસુલ કરવામાં આવતી રકમ

3 . અન્ય

(૧) બેંક ડીપોઝીટના વ્યાજની આવક

(૨) ભાડાની આવક

(૩) ઈતર આવક

જેની વિગતે માહિતી આ મુજબ છે.

**6.3.1 ગ્રંથાલયકર**

સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ દ્વારા સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના, નિભાવ અને વિકાસ માટે અસ્તિત્વમાં રહેલા વેરાઓ ઉપર સરચાર્જ કે ઉપકર સ્વરૂપે લોકો પાસેથી વસુલ કરવામાં આવતી રકમ.

અત્રે એ સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે વિશ્વના કોઇપણ સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમમાં લોકો ઉપર સીધેસીધો જ ગ્રંથાલય કર નાંખવાની જોગવાઈ નથી. પરંતુ ગ્રંથાલય કર તે ગ્રંથાલય ઉપકર સ્વરૂપે તે ભિન્ન ભિન્ન વેરાઓ ઉપર સરચાર્જ સ્વરૂપે વસુલવામાં આવતો કર છે. જેમ કે મિલકતવેરા ,ઓકટ્રોય વગેરે ઉપર સરચાર્જ સ્વરૂપે નાખવામાં આવતો કર.

ભારતમાં ગ્રંથાલય એ રાજ્ય સરકારની બાબત છે. ઉદાહરણ તરીકે 'કર્ણાટક સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ'(1965) અનુસાર જમીન અને મકાનો ઉપરના વેરા, ઓકટ્રોય,વાહનવેરો ,વ્યવસાયકર ઉપર રૂપિયે 0.3 થી 0.6 પૈસા સરચાર્જ સ્વરૂપે ગ્રંથાલય કર નાંખવાની જોગવાઈ છે.

ગ્રંથાલય ઉપકર દ્વારા વસુલવામાં આવતાં નાણા 'રાજ્ય ગ્રંથાલય ભંડોળ' માં જમા લેવામાં આવે છે , તથા સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના,નિભાવ અને વિકાસ માટે પ્રમાણસર રીતે રાજ્યની જે તે સાર્વજનિક ગ્રંથાલય સત્તાઓને ફાળવવામાં આવે છે.
આમ, ગ્રંથાલય કર તે સાર્વજનિક ગ્રંથાલયો માટેનું મુખ્ય નાણાંકીય સ્રોત છે.

ભારતના અંદાજે 17 રાજ્યોમાં 'સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ'ને વૈધાનિક મંજુરી મળી છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જૂદી જ છે. કેટલાંક રાજ્યોમાં આ અધિનિયમને વૈધાનિક મંજુરી મળ્યાં બાદ પણ તેનું અમલીકરણ કરવામાં આવ્યું નથી. જેમ કે ગુજરાતમાં 2001 માં આ અધિનિયમને મંજુરી મળી હોવા છતાં તેનું અમલીકરણ આજદિન સુધી કરવામાં આવ્યું નથી.

બીજી વાત , સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમમાં ગ્રંથાલયકરની જોગવાઈ રહે જ તેવું કેટલાંક રાજ્યોના સાર્વજનિક ગ્રંથાલય

અધિનિયમમાં મુનાસિબ માનવામાં આવ્યું નથી. ઉદાહરણ તરીકે 'ગુજરાત સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ (2001).

વળી, જે રાજ્યોમાં આ અધિનિયમમાં ગ્રંથાલયકરની જોગવાઈ છે ત્યાં પણ કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. ઉદાહરણ તરીકે મિલકતવેરા સબંધી કોટેકેરા ઊભો થાય ત્યારે તે ઉપર લેવાતો ગ્રંથાલય કર અટકી જાય છે.

તેમ છતાં ગ્રંથાલયકર સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના , નિભાવ અને વિકાસ માટે એક સક્ષમ આધાર છે. તે સ્વીકારવું જ રહ્યું.

**6.3.2 કેન્દ્ર / રાજ્ય સરકારના અનુદાન**

સાર્વજનિક ગ્રંથાલયો માટે આવકનું એક મહત્ત્વનું સ્રોત તે કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા મળતું અનુદાન છે. કેટલાંક રાજ્યના સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમમાં ગ્રંથાલય કરને બદલે અનુદાનની જોગવાઈ કરવામાં આવી છે. જેમ કે : મહારાષ્ટ્ર . જયારે કેટલાંક રાજ્યોમાં આ અધિનિયમ હોય કે ન હોય છતાં પણ સાર્વજનિક ગ્રંથાલયો માટે અનુદાન ફાળવવાની જોગવાઈ છે. જેમ કે : ગુજરાતમાં, તેની સ્થાપનાથી આજદિન સુધી.

ગુજરાતમાં સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ગથલ/૨૦૧૧/૧૩૮૦/ફ તા.૩૧ -૦૧ -૨૦૧૩ અનુસાર જે તે સાર્વજનિક ગ્રંથાલયોને આ મુજબ અનુદાન આપવામાં આવે છે. :

| ક્રમ | ગ્રંથાલયની કક્ષા | સંખ્યા | અનુદાન |
|---|---|---|---|
| 1. | શહેર ગ્રંથાલયો | 52 | રૂ.1,00,000 |
| 2. | અંધજન ગ્રંથાલયો | 09 | રૂ.1,00,000 |
| 3. | શહેર શાખા ગ્રંથાલયો | 87 | રૂ.50,000 |
| 4. | નગર કક્ષા -૧ | 109 | રૂ.35,000 |
| 5. | નગર કક્ષા -૨ | 265 | રૂ.30,000 |
| 6. | મહિલા ગ્રંથાલયો | 113 | રૂ.20,000 |
| 7. | બાળ ગ્રંથાલયો | 98 | રૂ.20,000 |
| 8. | ગ્રામ ગ્રંથાલયો | 3445 | રૂ.10,000 |
| 9. | ગ્રંથાલય મંડળો | 02 | રૂ.50,000 |

આમ, કુલ 4180 માન્યતા પ્રાપ્ત સાર્વજનિક ગ્રંથાલયો (ગ્રંથાલય મંડળો સહીત) ને પ્રતિ વર્ષ રૂ. 4,15,000/- નું અનુદાન ફાળવવામાં આવે છે. તેમજ ભવન સુધારણા વગેરે માટે પણ વિશેષ અનુદાનની જોગવાઈ છે. મહાનગરપાલિકા,નગરપાલિકા તથા ગ્રામપંચાયતો દ્વારા પણ કેટલાંક સાર્વજનિક ગ્રંથાલયો અનુદાનની માતબર રકમ મેળવે છે.

ભારત સરકાર દ્વારા પણ પંચવર્ષીય યોજનાઓ અન્વયે સાર્વજનિક ગ્રંથાલયોના ઉત્કર્ષ માટે માતબર રકમ ફાળવવામાં આવે છે. પ્રથમ પંચવર્ષીય યોજના દરમિયાન શૈક્ષણિક વિકાસ અન્વયે ભારત સરકારે ગ્રંથાલય સેવા સુધારણાનું આયોજન હાથ પર ધર્યું હતું. જે અનુસાર સાર્વજનિક ગ્રંથાલયોની ગૂંથણી,રાજ્ય મધ્યવર્તી ગ્રંથાલય અને જીલ્લા મધ્યવર્તી ગ્રંથાલયો વચ્ચે સંકલન, ગ્રામગ્રંથાલયોના ઉત્કર્ષ માટે કમ્યુનીટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજદિન સુધી ભારત સરકાર દ્વારા સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના અને વિકાસ માટે વિશેષ યોજનાઓ થકી અનુદાનની સારી એવી રકમ ફાળવવામાં આવે છે.

'સાર્વજનિક ગ્રંથાલય ખતપત્ર (Public Library) ,યુનેસ્કો દ્વારા કુલ શિક્ષણખર્ચના 6 ¼ ટકા રકમ સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે ફાળવવા સુચન કરવામાં આવેલ છે. જેને સર્વસ્વીકૃતિ પણ મળી છે.

### 6.3.3 આંતરરાષ્ટ્રીય,રાષ્ટ્રીય ,સ્થાનિક સંસ્થાઓનું અનુદાન

લોક્શાહી વિભાવના સંદર્ભે સાર્વજનિક ગ્રંથાલયની પરિભાષા આ રીતે પણ આપી શકાય કે , ' સાર્વજનિક ગ્રંથાલય તે લોકોનું, લોકો વડે અને લોકો માટેનું ગ્રંથાલય છે.' આ ઉક્તિને સાર્થક કરતી કેટલીક વિશિષ્ટ સંસ્થાઓ સાર્વજનિક ગ્રંથાલયના ઉત્કર્ષ માટે સતત ચિંતા સેવતી જોવા મળે છે.

જેમાં સૌપ્રથમનું સ્થાન યુનેસ્કોનું રહ્યું છે. યુનેસ્કોએ તેના સાર્વજનિક ગ્રંથાલય ખતપત્ર (૧૯૪૯,પુનઃ સંશોધિત ૧૯૯૪)દ્વારા સાર્વજનિક ગ્રંથાલયની પરિભાષા સ્પષ્ટ કરી.સાથે જ તેના પાયલોટ પ્રોજેક્ટ અન્વયે 1951માં દિલ્હી પબ્લિક લાયબ્રેરીની સ્થાપના કરવામાં

આવી. જે ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિએ એક આદર્શ અને અનુકરણીય ગ્રંથાલય બની રહેલ છે.

**6.3.3.1 યુનેસ્કો**

યુનેસ્કોની સાથે ઇફ્લા , ફીડ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા સાર્વજનિક ગ્રંથાલય અને ગ્રંથાલય સેવાને કેન્દ્રમાં રાખી અનેક પરિષદો, વ્યાખ્યાઓ,ચર્ચાઓ યોજવામાં આવી છે. અલબત્ત, આ સંસ્થાઓ સાર્વજનિક ગ્રંથાલયોએ સીધેસીધું જ અનુદાન નથી આપતી પણ દાનવીરોને દાન આપવા ચોકકસ પ્રોત્સાહિત કરે છે. તેમજ પરિસંવાદો વગેરે માટે ખર્ચ ભોગવે છે.

**6.3.3.2 રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશન**

ભારતીય સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિએ રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશન એક ઉદાહરણીય પુરસ્કર્તા છે. આ લાયબ્રેરી ફાઉન્ડેશનની રચના રાજા રામમોહન રોયના દ્વિજન્મ શતાબ્દીની સ્મૃતિ સ્વરૂપે 20 મેં 1972 ના રોજ કરવામાં આવી  છે. તે ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ ખાતા દ્વારા પુરસ્કૃત છે.સ્વાયત્ત સંસ્થા છે. જેનો આશય પૂર્ણ ગ્રંથાલયસેવાઓ અને સમાજમાં વાચકરસ કેળવવા રાજ્ય સરકારોના સહયોગમાં રહી ગ્રંથાલય પ્રવૃત્તિને ઉત્તેજન આપવાનો છે.

ફાઉન્ડેશન દ્વારા વિવિધ યોજનાઓ અન્વયે મેચીગ અને નોન-મેચિંગ સહાય આપવામાં આવે છે. વળી, ગ્રંથ (ગ્રંથ અને અગ્રંથ) સહાય કાર્યક્રમ અન્વયે ફાઉન્ડેશનની બે યોજનાઓ પણ કાર્યરત છે.  :

(1) ગ્રંથસંગ્રહ વિકાસ અને દ્રશ્ય-શ્રાવ્ય સાધનો માટેની સહાય

(2) 'ગ્રામ ગ્રંથ અનામત કેન્દ્ર' (Village Book Deposite Centre) તથા ફરતાં ગ્રંથાલયોના વિકાસ માટેની સહાય.

આ ઉપરાંત અન્ય યોજનાઓ જેવી કે પરિષદ, કાર્યશિબિર, તાલીમ કાર્યક્રમ, ગ્રંથાલય શતાબ્દી વર્ષ ઉજવણી વગેરે માટે પણ નાણાંકીય સહાય આપવામાં આવે છે.

વળી, મેચિંગ સહાય જેટલી જ રકમ રાજ્ય સરકાર તરફથી પણ ઉમેરવામાં આવે છે. તે નોંધપાત્ર છે.

**6.3.3.3 અન્ય સંસ્થાઓ**

કેટલીક નાની નાની સંસ્થાઓ , મંડળો ,ટ્રસ્ટો દ્વારા પણ સાર્વજનિક ગ્રંથાલયોને અવાર-નવાર નાણાંકીય સહાય મળતી રહે છે.

વિશેષ કરીને ગ્રામગ્રંથાલયોને વાર- તહેવાર કે સામાજિક- સાંસ્કૃતિક પ્રસંગોના ઉપલક્ષ્યમાં નાની એવી રકમ મળતી રહે છે. જે ગ્રામગ્રંથાલય માટે મોટી ગણાય.

**6.3.4 ભેટ /દાન**

ભારતીય સંસ્કૃતિમાં દાન/ભેટનું અનેરું મહત્ત્વ આકવામાં આવે છે. ધાર્મિક પ્રસંગોએ કે કોઈ વિશેષ ઘટનાએ દાન/ભેટ આપવાની એક પ્રણાલિકા ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી જોવા મળે છે. ગ્રંથાલયો પણ વિશેષ કરીને સાર્વજનિક ગ્રંથાલયો આવું દાન મેળવવા અગ્રેસર રહ્યા છે.

માનનીય વ્યક્તિવિશેષની સ્મૃતિ સમાજમાં કાયમી જળવાઈ રહે તે માટે તેના કુટુંબીજનો દ્વારા ગ્રંથાલય ભવન રચના માટેનું ડગ આપવાની પ્રણાલિકા સામાન્ય છે. અલબત્ત, દાન સાથે ગ્રંથાલય ભવનનું નામકરણ હોય એ સ્વાભાવિક છે. આ પ્રકારના દાન સાથે ગ્રંથાલયની બિનઆવર્તક આવક (Capital Income) ના પ્રશ્નો હાલ થયા છે. તે નોંધનીય બાબત છે.

ગુજરાતની પ્રથમ નેટીવ લાયબ્રેરી (1850) ના ભવન માટેનો પ્રશ્ન ઉપસ્થિત થતાં નગરશેઠ પ્રેમચંદ દ્વારા રૂ.૭૦૦૦/- દાન મળતા તેનું નવું ભવન અસ્તિત્વમાં આવ્યું, તેમજ તે ‘હિમાભાઈ ઇન્સ્ટીટયુટ : લાયબ્રેરી અને વાચનાલય’નામાભિધાન પામી .(1850).

આ પ્રમાણે આપરવ ભોળાનાથ પુસ્તકાલય (1867), ડાહીલક્ષ્મી લાયબ્રેરી (1898), માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય(1938) વગેરે અનેક ઉદાહરણો છે.

સૌરાષ્ટ્રના કાર્નેગીનું બિરુદ પામેલ સ્વ.મેઘજી પેથાજી ગ્રંથાલયોની સ્થાપના માટે રૂ.4 લાખનું માતબર દાન કર્યું હતું. આ ભંડોળમાંથી ૪00 ગ્રામગ્રંથાલયો સ્થાપવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે દરેલ ગ્રામગ્રંથાલયને કબાટ અને પાયાનો ગ્રંથસંગ્રહ પૂરો પાડવામાં આવ્યા.

**આવકના આંતરિક સ્ત્રોતો**

આવકના આંતરિક સ્ત્રોતો વૈયક્તિક સાર્વજનિક ગ્રંથાલયને સ્પર્શતી બાબત છે. સાર્વજનિક ગ્રંથાલયોમાં કેટલાંક સામાન્ય નિયમોને બાદ કરતાં , કેટલાંક નિયમો જેવાં કે મોડાઈ, સભ્યપદ વગેરે માટેના નિયમો ભિન્ન ભિન્ન હોય શકે છે. સરળ શબ્દોમાં એમ કહી શકાય કે

ગ્રંથાલયના નિયમો અન્વયે થતી આવક.અલબત્ત, નિયમો અનુસાર થતી આવક નહીવત હોય છે .છતાં તે આવક છે. જે ગણતરીમાં લેવી જ રહી.

**6.3.5 સભ્યપદ અનામત/ફી/ લવાજમ**

યુનેસ્કો અનુસાર સાર્વજનિક ગ્રંથાલયસેવા નિઃ શુલ્ક હોવી જોઈએ. ડૉ.રંગનાથને પણ મફત ગ્રંથાલયસેવાની હિમાયત કરી ચેહ. પરંતુ મફત સેવાનું કોઈ સામાજિક મુલ્ય હોતું નથી તેવા ખ્યાલ પ્રવર્તતા તથા સ્વનિર્ભરતા ખ્યાલો સાથે હવે સાર્વજનિક ગ્રંથાલયોમાં સભ્યપદ માટે નાણા વસુલવાનું કે લવાજમ મેળવવાનું સામાન્ય બનતું જાય છે. ગુજરાત સરકારે તો લાવાજમને ફરજિયાત બનાવ્યું છે.સાથે જ વાર્ષિક કે આજીવન સભ્યપદ ફી પણ કેટલાંક સાર્વજનિક ગ્રંથાલયો મેળવે છે.  જે નોન-રીફંડેબલ હોય છે. તો કેટલાક ગ્રંથાલયો સભ્યપદ માટે અનામત પણ લે છે. ક્યારેક આ રીતે થતી આવક ગણનાપાત્ર પણ હોય છે.

**6.3.6 મોડાઈ**

વાચક ઇસ્યુ થયેલ ગ્રંથ સમયસર પરત ન આપી જાય તો જેટલાં દિવસ તે મોડું કરે છે તેટલા દિવસ માટે ગ્રંથ દીઠ દંડ સ્વરૂપ વસુલ કરવામાં આવતલ રકમ તે મોદી છે. સામાન્યતઃ ગ્રંથ દીઠ મોડાઈ રૂ.1/- થી 10/- સુધી વસુલવામાં આવે છે.

**6.3.7 ઈતર આવક**

(૧) ગ્રંથ/સાધનસામગ્રી નુકશાની

જો વાચક દ્વારા કોઈ ગ્રંથને કે સાધનસામગ્રીને નુકસાન પહોચાડવામાં આવે તો સામે વસુલ કરવામાં આવતો નુકશાની ખર્ચ.

(૨) <u>પસ્તી/ભંગારના વેચાણ</u> પેટે થતી આવક

(૩) <u>સભ્યપદ ફોર્મના વેચાણ</u> થાકી થતી આવક

માહિતીને વસ્તુ ગણવાનો (Information is a Commodity) વિચાર અસ્તિત્વમાં આવતાં, કેટલાક વિશિષ્ટ ગ્રંથાલયો માહિતીનું વેચાણ કરી સારાં એવાં નાણા મેળવે છે. પરંતુ આ ખ્યાલ હજુ સાર્વજનિક ગ્રંથાલયો સુધી પ્રવેશ્યો નથી.પરંતુ આવકના એક સાધન તરીકે તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

(૪) વ્યાજની આવક

ગ્રંથાલય પાસે સભ્યપદ ફી/લાવાજમ/ડિપોઝીટ સ્વરૂપ જમા નાણા,અનુદાનની કેટલીક રકમ, બચતની રકમ વગેરે બેંકમાં મૂકતા તેની વ્યાજની આવક. કેટલાંક સાર્વજનિક ગ્રંથાલયોમાં વ્યાજની રકમ ગણનાપાત્ર હોય છે .

(૫) ભાડાની આવક

કેટલાંક ગ્રામગ્રંથાલયો , તાલુકા ગ્રંથાલયો ગ્રંથાલય ભવનના કેટલાંક ભાગો કાયમી ધોરણે ભાડે આપી ભાડાની સારી એવી રકમ મેળવે છે. કેટલાંક મોટા ગ્રંથાલયો તેમના વ્યાખ્યાન ખંડ કે બહારની ફાજલ જગા કામચલાઉ ધોરણે ભાડે આપી ભાડાની રકમ મેળવે છે.

જો કે આવકના આંતરીક સ્રોતો દ્વારા વૈયક્તિક ગ્રંથાલયને થતી આવકનું પ્રમાણ નહિવત હોય છે તે લક્ષમાં રાખવું આવશ્યક છે.

## 6.4 સાર્વજનિક ગ્રંથાલય : ખર્ચ બાજુ

ગ્રંથાલય માત્રના ખર્ચ બાજુના મુખ્યત્વે બે મથાળાં હોય છે.

1. આવર્તક ખર્ચ (Recurring expenditure) : જે ખર્ચ ગ્રંથાલયના રોજબરોજના વ્યવહારો માટે પ્રતિવર્ષ કરવાનો રહે છે.

2. અનાવર્તક ખર્ચ (Non-recurring /Capital expenditure) : જે ખર્ચ ગ્રંથાલયના પ્રારંભમાં કે ત્યારબાદ આવશ્યકતા અનુસાર દર પાંચ-દશ વર્ષે કરવાનો રહે છે.

જેની વિગતે ચર્ચા આ મુજબ છે.

### 6.4.1 આવર્તક ખર્ચ

સામાન્યતઃ આવર્તક ખર્ચમાં નીચે જણાવેલ ખર્ચાઓનો સમાવેશ કરવામ આવે છે. વળી, આ ખર્ચાઓની લાક્ષણિકતા એ છે કે દર વર્ષે 5 થી 10 ટકાના દરે તેમાં વધારો થતો રહે છે.

1. વાચનસામગ્રી ખર્ચ
2. વેતન ખર્ચ
3. ઈતર ખર્ચાઓ

જેની વિગતે માહિતી આ મુજબ છે.

7.4.1.1 વાચનસામગ્રી ખર્ચ

ગ્રંથાલયની આકાર લેતી ત્રિમૂર્તિમાં ગ્રંથ એક મહત્ત્વનું આધારબિંદુ છે. કોઇપણ ગ્રંથાલય કેટલું સક્ષમ છે, જીવંત છે તેનો આંક તે ગ્રંથખરીદી પર કેટલી રકમ ફાળવે છે તેની ઉપરથી મેળવી શકાય છે.

સાર્વજનિક ગ્રંથાલયમાં ગ્રંથખરીદી કે સંગ્રહ વિકાસ માટે કુલ ખર્ચના કેટલા ટકા રકમની ફાળવણી કરવી જોઈએ એ માટે ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે.

સંગ્રહ વિકાસ ખર્ચમાં ગ્રંથખરીદી, સામયિક લવાજમ અને ગ્રંથબંધામણી ખર્ચનો સમાવેશ કરવામાં આવે છે.

ALA અનુસાર વાચનસામગ્રી માટે કુલ ખર્ચા 18 ટકા ખર્ચ કરવાનું ઉચિત માનવામાં આવ્યું છે. જયારે ALD અનુસાર તે ખર્ચની ટકાવારી 15.7 રાખવાની હિમાયત કરવામાં આવી છે. જયારે મોટાભાગના ગ્રંથાલયશાસ્ત્રીઓ તે ટકાવારી 30 ટકા રાખવાની હિમાયત કરે છે.

સાર્વજનિક ગ્રંથાલયોમાં સામાન્યતઃ વાચનસામગ્રી માટે કુલ ખર્ચના 30 ટકા રકમ ફાળવવાની સર્વસ્વીકૃતિ જોવા મળે છે. જેનું વિવરણ આ મુજબ છે.

| | |
|---|---|
| 1. ગ્રંથખરીદી | 20 ટકા (70 ટકા) |
| 2. સામાયિક લવાજમ | 07 ટકા (20 ટકા) |
| 2. ગ્રંથબંધામણી વિલિયમ | 03 ટકા (10 ટકા) |

**6.4.1.2 વેતન ખર્ચ**

સાર્વજનિક ગ્રંથાલયોમાં વેતન ખર્ચ માટે કેટલી રકમ ફાળવવી જોઈએ તે માટે ગ્રંથાલયશાસ્ત્રીઓમાં મતમતાંતર જોવા મળે છે. અમેરિકામાં સાર્વજનિક ગ્રંથાલયોમાં કુલ ખર્ચના ૭૦ ટકા વેતન ખર્ચ ફાળવવાની હિમાયત કરવામાં આવી છે. જયારે ગુજરાત સરકારે આ માટે 55 ટકા રકમ ફાળવવા સૂચવ્યું છે. જો કે વેતન ખર્ચ માટે 50 ટકા રકમ ફાળવણીને સર્વસ્વીકૃતિ મળી છે.

**6.4.1.3 ઈતર ખર્ચાઓ**

ઈતર ખર્ચાઓમાં વીજળી,સ્ટેશનરી,મેન્ટેનન્સ,પ્રિન્ટીંગ,વિસ્તરણ પ્રવૃત્તિ વગેરે મદોનો સમાવેશ કરવામાં આવે છે. જે માટે કુલ ખર્ચના 20 ટકા ખર્ચ ઉચિત માનવામાં આવે છે.

#### 6.4.2 બિન આવર્તક ખર્ચ

સામાન્યત : 5-10 વર્ષે એક વખત કરવામાં આવતું ખર્ચ. જેમાં ભવનનિર્માણ ,ભવન પુનઃરુદ્ધાર, સાધનસામગ્રી શરુ થતી નવીન સેવા સંબંધિત પ્રાથમિક/ પાયાનો ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.

## 6.5 સાર્વજનિક ગ્રંથાલયના નાણાંકીય અંદાજનું અનુમાન

ગ્રંથાલય માટે વર્ષ દરમિયાન કેટલી રકમ ફાળવવાની રહેશે તે માટે કેટલાંક અનુમાનોનો આધાર લેવાનું આવશ્યક છે. આ અનુમાનો તે સાર્વજનિક ગ્રંથાલયની કક્ષા,વાચક સંખ્યા, સેવા વિસ્તાર,સંગ્રહ વિકાસ વગેરે છે.

ગ્રંથાલયના નાણાંકીય અંદાજ માટે સામાન્યતઃ ઉપયોગમાં લેવામાં આવતી રીતો ત્રણ છે.

### 6.5.1 પ્રતિ વ્યક્તિ દર વિધિ (Per Capita Method)

આ વિધિમાં ગ્રંથાલયસેવા વિસ્તારની વસ્તીને ગણનામાં લઇ પ્રતિ વ્યક્તિ કેટલો ખર્ચ કરવાનો રહેશે તેનું અનુમાન કરવામાં આવે છે. સામાન્યતઃ વ્યક્તિ દીઠ રૂ.5/- થી રૂ.10/- ફાળવવાનું ઉચિત માનવામાં આવે છે.

### 6.5.2 પ્રમાણસર વિધિ (Proportional Method)

આ વિધિમાં કોઇપણ સંસ્થા કે સરકાર પોતાના અંદાજપત્રના કોઈ એક મદ સામે ગ્રંથાલયના ખર્ચની ટકાવારી નક્કી કરવામાં આવે છે.

યુનેસ્કોએ કુલ શિક્ષણખર્ચના 6.25 ટકા રકમ ગ્રંથાલય માટે ફાળવવાની ભલામણ કરી છે.

### 6.5.3 વિગતવાર વિધિ (Proportional Method)

આ વિધિ અનુસાર ગ્રંથાલય તેના વિભિન્ન અંદાજપત્રીય મદ માટે જે તે ટકાવારીનું અનુમાન લગાવી ખર્ચના જે તે પદોમાં નાણાની ફાળવણી કરવામાં આવે છે.

## 6.6 અંદાજપત્ર

અંદાજપત્ર એ ગ્રંથાલયના અગામી વર્ષ માટેની આવક અને ખર્ચનું વિગતવાર વર્ણન છે. ગ્રંથાલય આગામી વર્ષ દરમિયાન કઈ કઈ

ગ્રંથાલયસેવા પૂરી પાડવા ઈચ્છા રાખે છે ,તેમજ તે આનુષંગિક કેટલો ખર્ચ થવાની સંભાવના છે. તથા તે ખર્ચને સરભર કરવા આવકના ક્યા કયા સ્રોત હશે તેનું તાદર્શ પ્રતિબિંબ એટલે ગ્રંથાલયનું અંદાજપત્ર.અંદાજપત્ર પદ સ્વયં અંદાજ દર્શાવે છે. આવક અને ખર્ચનો. ગ્રંથાલયનું અંદાજપત્ર ગ્રંથાલયના વર્ષ દરમિયાનના વિભિન્ન કાર્ય અને ગતિવિધિઓનું ખર્ચ કરવા માટેની નિર્દેશિકા હે. તે નિયંત્રણ, પ્રત્યાયન , સમન્વય,મૂલ્યાંકન અને કાર્ય પ્રેરણા માટેનું એક મહત્ત્વનું સાધન છે. સાથે જ તે ભાવી આયોજન માટે દિશાસુચન પણ કરે છે.

## 6.7 અંદાજપત્ર તૈયાર કરવાની વિધિઓ આ મુજબ છે

### 6.7.1 રૈખિક વસ્તુ આધારિત (Line item)

અંદાજપત્ર બનાવવા માટેની આ સામાન્ય કે પરંપરાગત પદ્ધતિ છે .જેમાં વેતન,વાચનસામગ્રી, સાધનસામગ્રી,સ્ટેશનરી વગેરે પદોમાં-ઉપપદોમાં વિભાજીત રહી અંદાજપત્ર બનાવવામાં આવે છે.

### 6.7.2 લંપ સમ (Lump sum)

આ પદ્ધતિના અંદાજપત્રમાં ગ્રંથાલયની એક નિશ્ચિત આવક માની લઇ.તેની જુદા જુદા મદોમાં ફાળવણી કરવામાં આવે છે.

### 6.7.3 સૂત્ર આધારિત અંદાજપત્ર (Formula budget)

ગત વર્ષના થયેલ ખર્ચના તથા કાર્યન્વયને આધારીત અંદાજપત્ર છે. જેમાં ગત વર્ષની ઉપલબ્ધિઓ અને ત્રુટીઓને ધ્યાનમાં લેવામાં આવે છે.

### 6.7.4 કાર્ય /કામગીરી આધારિત અંદાજપત્ર (Performance budjet)

આ પદ્ધતિમાં કાર્ય કે કામગીરીને મહત્ત્વ આપવામાં આવે છે. તેમાં કરવામાં આવેલ પ્રવૃત્તિઓ ઉપર ખર્ચનો આધાર હોય છે. તેમાં સંક્રિયાત્મક કુશળતાને મહત્ત્વ આપવામાં આવે છે. એક સમયાવધિમાં તમામ કાર્યનું વિસ્તૃત વિવરણ સાવધાનીપૂર્વક કરવું એ આ વિધિમાં અપેક્ષિત છે.

### 6.7.5 કાર્યક્રમ આધારિત અંદાજપત્ર (Programme budjete)

અંદાજપત્રની આ પદ્ધતિમાં ગ્રંથાલયના કાર્યક્રમોને ધ્યાનમાં રાખી અંદાજપત્ર બનાવવામાં આવે છે. આ પદ્ધતિ ગ્રંથાલયની પ્રવૃત્તિ અને યોજના અંતર્ગત જે કાર્યક્રમો અને સેવાઓ પૂરી પડવાના છે. તેના માટે નાણા નિર્ધારિત કરવા પર કેન્દ્રિત છે. આ પદ્ધતિ રૈખિક વસ્તુ આધારિત અંદાજપત્ર રીતનું વિસ્તૃત સ્વરૂપ છે.

### 6.7.6 યોજના કાર્યક્રમ અંદાજપત્ર પદ્ધતિ (Planning Programming Budgeting System) (PPBS)

અંદાજપત્ર બનાવવા માટેની આ આધુનિક પદ્ધતિ છે. જે USDOD દ્વારા 1961 માં પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ પદ્ધતિમાં Programme Budjet અને પરંતુ Performance Budjet બંનેની સારી બાજુઓનો સમાસ કરવામાં આવ્યો છે. જેમાં ૧. ગ્રંથાલયનો ઉદ્દેશ જણાવવો , ૨.પ્રત્યેક મદ માટે અંક વિકલ્પ અંદાજપત્રનું નિર્માણ કરવું તથા ૩. પ્રત્યેક કાર્યક્રમના કાર્યનો પરિચય આપવાનો સમાસ કરવામાં આવે છે.

### 6.7.7 શૂન્ય આધારિત અંદાજપત્ર (Zero –Base Budjeting) (ZBB)

આ પ્રકારના અંદાજપત્રમાં અગાઉના વર્ષમાં શું થયું છે ? તેના પર ધ્યાન આપવામાં આવતું નથી. જે તે મદ માટે નાણાની માંગણી પ્રત્યેક વર્ષે નવેસરથી કરવામાં આવે છે.

### 6.7.8 નમૂનાનું અંદાજપત્ર

વાર્ષિક રૂ.10,00,000/-ની આવક ખર્ચ ધરાવતા સાર્વજનિક ગ્રંથાલય માટે

............................. સાર્વજનિક ગ્રંથાલય

સને .................. - ................ ના વર્ષનું અંદાજપત્ર

| | આવક બાજુ | | | ખર્ચ બાજુ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | મદ | રૂ. | ક્રમ | મદ | રૂ. |
| 1. | અનુદાન | 4,00,000 | | વાચનસામગ્રી | 2,10,000 |
| 2. | વિશેષ અનુદાન | 1,50,000 | | સામાયિક લવાજમ | 60,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3. | વ્યાજ | 1,00,000 | | ગ્રંથબંધામણી | 30,000 |
| 4. | સભ્યપદ લવાજમ | 1,00,000 | | પરચૂરણ | 2,00,000 |
| 5. | મોડાઈ | 50,000 | | વેતન | 5,00,000 |
| 6. | પરચૂરણ | 2,00,000 | | | |
| | | | | | |
| | | 10,00,000 | | | 10,00,000 |

## 6.8 તમારી પ્રગતિ ચકાસો

1. ગ્રંથાલયવિજ્ઞાનના પંચસુત્રોના સંદર્ભમાં સાર્વજનિક ગ્રંથાલયની નાણાંકીય આવશ્યકતા જણાવો.
2. સાર્વજનિક ગ્રંથાલયના આવકના સ્ત્રોતોની યાદી બનાવો.
3. સાર્વજનિક ગ્રંથાલયના ખર્ચના વિભિન્ન પદો જણાવો.
4. ગ્રંથાલય અંદાજપત્ર તૈયાર કરવાની વિવિધ રીતો જણાવો.

## 6.9 સારાંશ

પ્રસ્તુતના એકમ સાર્વજનિક ગ્રંથાલયના નાણાંકીય વ્યવસ્થાપન સંબંધિત છે. 'સાર્વજનિક ગ્રંથાલય તે લોકોનું ,લોકો માટેનું અને લોકો વડે સંચાલિત ગ્રંથાલય છે.' તેનો સેવા વિસ્તાર અત્યંત વ્યાપક છે. સાથે જ તેના નાણાંકીય સ્ત્રોતો અત્યંત મર્યાદિત,અલ્પ અને અનિશ્ચિત છે.

સામાન્યતઃ જે રાજ્યોમાં ગ્રંથાલય અધિનિયમ અમલમાં છે, તથા તેમાં ગ્રંથાલયકરની જોગવાઈ કરવામાં આવી છે. ત્યાં સાર્વજનિક ગ્રંથાલય માટે મુખ્ય  નાણાંકીય સ્રોત ગ્રંથાલયકર છે. અન્યથા રાજ્યસરકાર દ્વારા મળતું અનુદાન મુખ્ય સ્રોત રહે છે. UNESCO, RRRLF જેવી સંસ્થાઓ દ્વારા પણ કેટલુંક અનુદાન મળે છે. ગ્રંથાલયના નિયમો અનુસાર જેવાં કે મોડાઈ વગેરે દ્વારા પણ આવક થતી હોય છે. પણ તે પ્રમાણમાં નહીવત હોય છે.

સાર્વજનિક ગ્રંથાલય પોતાના નાણાંનો ખર્ચ વાચનસામગ્રી, ગ્રંથાલયસેવાઓ તથા કર્મચારીઓના વેતન માટે કરે છે. લગભગ 50 ટકા જેટલી આવક વેતન પાછળ ખર્ચાય છે.

આ સાથે જ નાણાંકીય અંદાજ માટેની અનુમાન વિધિ કઈ કઈ છે. તેની ચર્ચા કરવામાં આવી છે .સાથે સાર્વજનિક ગ્રંથાલયનું અંદાજપત્ર કેવી રીતે બનાવવું તે માટેની વિસ્તૃત સમજ પણ આપવામાં આવી છે.

છેલ્લે નમૂનાનું અંદાજપત્ર આપવામાં આવેલ છે જે પ્રત્યક્ષ રીતે સાર્વજનિક ગ્રંથાલયનું અંદાજપત્ર બનાવવા માર્ગદર્શક બની રહેશે.

## 6.10 બહુવિકલ્પીય પ્રશ્નો

1. 'વ્યવસ્થા અને નાણાને એકબીજાથી અલગ નથી કરી શકતા.' આ કથન કોનું છે. ?

   (A) આર. એલ.મેકકોલ્વિન (B) એલ.ડી.વ્હાઈટ

   (C) એસ.આર.રંગનાથન (D) પી.એન.કૌલા

2. બિનઆવર્તક (Recurring) ખર્ચ એટલે ?

   (A)પ્રતિવર્ષ ખર્ચ (B) સ્થાપના સમયનો ખર્ચ

   (C) દર બે વર્ષે થતો ખર્ચ (D) આમાંથી એક પણ નહીં.

3. ભવન રચના માટે કરવામાં આવતો ખર્ચ તે _________

   (A) બિનઆવર્તક ખર્ચ છે. (B) આવર્તક ખર્ચ છે.

   (C) પરચુરણ ખર્ચ છે. (D) સેવાકીય ખર્ચ છે.

4. સાર્વજનિક ગ્રંથાલયસેવાનો આદર્શ શું છે. ?

   (A) આંશિક મફત સેવા (B) લવાજમી સેવા

   (C) મફત સેવા (D) ફી આધારિત સેવા

5. ભારતના કેટલાં રાજ્યોમાં ગ્રંથાલય અધિનિયમ માટે મંજુરી મળી છે.?

   (A) 12 (B) 15 (C) 16 (D) 17

6. ગુજરાતના ગ્રંથાલય અધિનિયમને કયા વર્ષમાં મંજુરી મળી છે. ?

   (A) 2007 (B) 2001 (C) 2010 (D) 2011

7. ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલયોને અનુદાન આપવાના નિયમો છેલ્લે કયા વર્ષમાં પ્પરિત થયા. ?

(A) 2013 (B) 2001 (C) 2011 (D) 2007

8. યુનેસ્કો દ્વારા 'સાર્વજનિક ગ્રંથાલય ખતપત્ર'ની પુનઃ સશોધિત આવૃત્તિ કયા વર્ષમાં પ્રકાશિત થઇ?

(A) 1984 (B) 1974 (C) 2004 (D) 1994

9. દિલ્હી પબ્લિક લાયબ્રેરીની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી.?

(A) 1953 (B) 1950 (C) 1955 (D) 1951

10. રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન 1972 માં કોના દ્વારા કરવામાં આવી.?

(A) ભારત સરકાર (B) પશ્ચિમ બંગાળ સરકાર

(C) પશ્ચિમ બંગાળ ગ્રંથાલય સંઘ (D) ભારતીય ગ્રંથાલય સંઘ

11. ગુજરાત સરકારે સાર્વજનિક ગ્રંથાલયમાં કુલ ખર્ચની કેટલા ટકા રકમ વેતન ખર્ચ માટે ફાળવવા ઠરાવ કર્યો છે.?

(A) 45 ટકા (B) 55 ટકા

(C) 65 ટકા (D) 50 ટકા

12. યુનેસ્કોએ કુલ શિક્ષણ ખર્ચના કેટલા ટકા રકમ ગ્રંથાલય માટે ફાળવવા સૂચન કર્યું છે.?

(A) 7 ટકા (B) 10 ટકા

(C) 6 ¼ ટકા (D) 5 ટકા

(1-B), (2-A), (3-B), (4-C), (5-D), (6-B), (7-A), (8-D) (9-D), (10- A), (11-B) ,(12- C)

## 6.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. ગ્રંથાલય વિજ્ઞાનના પંચસુત્રો ગ્રંથાલયની વ્યવસ્થાકીય અને સેવાકીય બાબતોને સ્પર્શે છે. આ બંને માટે નાણાની આવશ્યકતા રહે છે. જે આવર્તક અને બિન આવર્તક બંને પ્રકારના ખર્ચ માટે છે.

પુરતી નાણાંકીય જોગવાઈ કરવામાં ન આવે તો પંચસુત્રોના ભાવાર્થને આકાર આપવાનું મુશ્કેલ બની રહે છે.

2. સાર્વજનિક ગ્રંથાલયના આવકના સ્ત્રોતો આ મુજબ છે. :
   (૧) ગ્રંથાલય કર (૨) અનુદાન (૩) ભેટ/દાન (૪) ગ્રંથાલયના નિયમો અનુસારની આવક
3. સાર્વજનિક ગ્રંથાલયના ખર્ચના વિવિધ પદ
   (૧) વાચનસામગ્રી ખર્ચ (૨) વેતન ખર્ચ (૩) સેવાકીય ખર્ચ (૪) પરચુરણ ખર્ચ
4. અંદાજપત્ર તૈયાર કરવાની વિવિધ રીતો
   (૧) રૈખિક વસ્તુ આધારિત
   (૨) લંપ સમ
   (૩) સૂત્ર આધારિત
   (૪) કાર્ય/ કામગીરી આધારિત
   (૫) કાર્યક્રમ આધારિત
   (૬) યોજના કાર્યક્રમ આધારિત
   (૭) શૂન્ય આધારિત

## 6.12 ચાવીરૂપ શબ્દો

- **અનાવર્તક ખર્ચ (Non-recurring expenditure)** : એવો ખર્ચ જે પ્રતિવર્ષ કરવામાં આવતો નથી.
- **અંદાજપત્ર (Budjet)** : નિશ્ચિત ઉદ્દેશની પ્રાપ્તિ માટે નિશ્ચિત સમયાવધિથી માટે તૈયાર કરવામાં આવેલ આવક અને ખર્ચનું અનુમાનિત વિવરણ.
- **આવર્તક ખર્ચ (Recurring expenditure)** :એવો ખર્ચ જે પ્રતિ વર્ષ કરવામાં આવતો હોય.
- **ગ્રંથાલય કર (Library cess):** સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ અન્વયે રાજ્ય સરકાર દ્વારા વિભિન્ન વેરાઓ ઉપર સરચાર્જ તરીકે વસુલવામાં આવતો કર.
- **નાણાંકીય વ્યવસ્થાપન (Financial management):** વ્યવસ્થાનું એક ઘટક જે નાણાની પ્રાપ્તિ, વિતરણ અને ઉપયોગ સાથે સંબંધ રાખે છે.

## 6.13 સંદર્ભ અને વિશેષ વાંચન

- ભૈયા , છગન. ગ્રંથાલય અને સમાજ .આ જ અમદાવાદ : ગુર્જર ,1993
- ભૈયા,છગન.પુસ્તકાલય વ્યવસ્થાપન ,અમદાવાદ : પાર્શ્વ ,2009
- બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી ગ્રંથાલય અને સમાજ : પુસ્તિકા 5. ગ્રંથાલય મંડળો ,પ્રોત્સાહક સંસ્થાઓ અને પદ્ધતિઓ
- ---- . ગ્રંથાલય સંચાલન .પુસ્તિકા ૫. ગ્રંથાલય નાણા અને અંદાજપત્ર.
- अन्सारी ,एम.एम.पुस्तकालय संगठन एवं प्रबन्ध .वाराणसी : कला प्रकाशन ,२००१
- व्यास.एस .डी.पुस्तकालय प्रबन्ध .जयपुर : पंचशील ,२००२
- Mittal ,R.L.Library administration .Ed 5. Delhi : Metropolitan,1989
- Ranganathan ,S.R.Library administration.Ed.2, Delhi : UBSPD ,1959

...

# યુનિટ-7

# સાર્વજનિક ગ્રંથાલયના સંસાધનો :- ભૌતિક અને પ્રલેખીય સંસાધનો

::રૂપરેખા::


**7.0 ઉદ્દેશો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 સ્થળ પસંદગી**

**7.3 ભૌતિક સંસાધનો**

**7.3.1 ભવનના કાર્યો :-**

**7.3.1.1 ગ્રંથાલય મકાન સંયોજનમાં પાયાની વિચારણા**

**7.3.1.2 ગ્રંથાલયના અન્ય વિભાગો**

**7.4.2 ગ્રંથાલય ભવનનું વાતાવરણ અને હવા ઉજાશ**

**7.3.3 ફર્નિચર,સાધનો અને સુવિધાઓ**

**7.4 પ્રલેખીય સંસાધનો**

**7.4.1 મુદ્રિત સામગ્રી**

**7.4.2 દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રી**

**7.4.3 વિશિષ્ટ સંગ્રહ**

**7.5 સારાંશ**

**7.6 તમારી પ્રગતિ ચકાસો**

**7.7 ચાવીરૂપ શબ્દો**

**7.8 સંદર્ભ અને વિશેષ વાંચન**

## 7.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમના અધ્યયન બાદ તમે નીચેની બાબતોથી સક્ષમ બનશો.

- સાર્વજનિક ગ્રંથાલયના ભૌતિક સંસાધનોથી  અવગત થશો.
- સાર્વજનિક ગ્રંથાલયના ભૌતિક સંસાધનોનું મહત્ત્વ સમજાશે
- જુદા-જુદા ઉપભોક્તાને ઉપયોગી પ્રલેખીય સંસાધનો જાણશો

## 7.1 પ્રસ્તાવના

કોઇપણ સંસ્થા માટે ભૌતિક સંસાધન તેની કાયમી મિલકત છે. સાર્વજનિક ગ્રંથાલય માટે તેના ઉપયોગકર્તાને ઉપયોગી તેમજ અનુકૂળ ભૌતિક સંસાધનો અને યોગ્ય વાતાવરણની જરૂર હોય છે. આ સિવાય અન્ય સગવડોની પણ જરૂરિયાત હોય છે. વિવિધ પ્રકારના ઉપયોગકર્તા શિક્ષણ અને અન્ય માહિતી ની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અલગ અલગ પ્રકારના પ્રલેખીય સ્ત્રોતોની જરૂરિયાત હોય છે. સાર્વજનિક પુસ્તકાલય વિવિધ સમુદાય માટેના અલગ અલગ ક્રિયા કાર્યક્રમો માટેનું કેન્દ્ર સ્થાન છે. જ્યા વિવિધ સમુદાય માટે માહિતી, પ્રેરણા તેમજ મનોરંજન માટે અનેક પ્રકારના કાર્ય કરે છે. સાર્વજનિક પુસ્તકાલય ભવન તૈયાર કરતાં પહેલાં ઉપરોક્ત ઉદ્દેશોને ધ્યાનમાં રાખવાના હોય છે.

સાર્વજનિક ગ્રંથાલયની યોજનાબધ્ધ સેવાઓ માટે તેમજ ઉદ્દેશોની પ્રાપ્તિ માટે  નીચેની વ્યવસ્થાઓ આવશ્યક છે.

- ઓછા ખર્ચે વધુ વાચકોને ઉપયોગી અભ્યાસ સામગ્રીની પસંદગી કરવી.
- સંગ્રહિત વાંચન સામગ્રીનો વૈજ્ઞાનિક પદ્ધતિથી વર્ગીકરણ તેમજ સૂચીકરણ
- વિકસિત સંદર્ભસેવાની વ્યવસ્થા
- આદાન-પ્રદાનની સુંદર તેમજ વૈજ્ઞાનિક વ્યવસ્થા જેમાં સમયની બચત હોય.

ગ્રંથાલય ભવનની યોજના તૈયાર કરતાં સમયે નીચેની બાબતો પર ધ્યાન આપવું અનિવાર્ય છે.

- ઉપયોગકર્તાઓની સુવિધા
- ભવનની ઉપયોગીતા અને સંરક્ષણ ખર્ચમાં મીતાવ્યતા  જેમાં ઓછા કર્મચારીઓથી પુસ્તકાલય સંપતિની દેખભાળ રાખી શકાય.
- ભવિષ્યમાં આવનારી આવશ્યકતાને પહોંચી વડવા માટે ભવનમાં પરિવર્તન અથવા વિસ્તાર વધારવા માટે યોગ્ય હોવું જોઈએ
- ભાવનાના અંદર અને બાહ્ય ભાગ આરામદાયક, સુંદર, આકર્ષક તેમજ સાદગીભર્યો હોવો જોઈએ.
- ભવનની બનાવટ મોડ્યુલર હોવી જોઈએ.
- વર્તમાન અને ભવિષ્યની આવશ્યકતા અનુસાર પ્રત્યેક વિભાગ માટે પર્યાપ્ત જગ્યા હોવી જોઈએ.

સારા સાર્વજનિક પુસ્તકાલય ભવનની યોજના ભવિષ્યની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી કરવી જોઈએ.

## 7.2 સ્થળ પસંદગી

સાર્વજનિક ગ્રંથાલયની ઉપયોગિતાની દ્રષ્ટીએથી સ્થળ પસંદગી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ગ્રંથાલય ભાવનાની સ્થાપના ઉપયોગકર્તા સરળતાથી પહોંચી શકે તેવી જગ્યાએ થવી જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય એવા સ્થાન પર હોવું જોઈએ કે જ્યાં નિત્ય અવાર-જવર હોય એટલે કે બજારની મધ્યમાં હોવી જોઈએ. ભવનની સ્થળ પસંદગી કરતી વખતે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે ભવિષ્યમાં ભવન વિસ્તાર માટે માટે પર્યાપ્ત ખુલી જગ્યા હોય.  ભવનની પૂર્વ-પશ્ચિમ દિશા લાંબી હોય તેમજ વધુ પડતી બારીઓ દક્ષિણ-ઉત્તર તરફ હોવી જોઈએ જેથી સૂર્યના સીધા કિરણો અને ધૂળથી બચી શકાય. એન્જિનિયર્સને સાથે રાખી ભવિષ્યની આવશ્યકતાનું પણ વર્ણન કર્યા બાદ જ નકશો તૈયાર કરવો જોઈએ જેથી ભવિષ્યમાં વિસ્તાર વધારવામાં સરળતા રહે.

## 7.3 ભૌતિક સંસાધનો (Phycical Resources)

ગ્રંથાલયના મકાનનો આકાર અને આયોજન વિશિષ્ટ હોય છે. જેમાં વાંચન, સંદર્ભસેવા મનોરંજન તેમજ શૈક્ષણિક કાર્યો સાથે સંકળાયેલું હોય છે. ગ્રંથાલય સેટઅપ માટે પેહલા અંગ્રેજીના સુવિખ્યાત કવિના જણાવ્યા અનુસાર "પુસ્તકો માણસનું ઉચ્ચ વ્યક્તિત્વ છે"

અગાઉના સમયમાં એક ઓરડામાં ગ્રંથાલયની વ્યવસ્થા કરવામાં આવતી. હાલનાં સમયમાં સાર્વજનિક ગ્રંથાલય માટે વિવિધ સુવિધાઓથી સભર અને વાચકો માટે સુવિધાજનક હોય છે. હાલ વાચકોને આકર્ષવા માટે સુશોભિતાને મહત્ત્વ આપવામાં આવે છે. પહેલાના સમય કરતાં અત્યાધુનિકતા સભર ફર્નિચર અને સવલતો ભરેલું મકાન રાખવામાં આવે છે.

**7.3.1 ભવનના કાર્યો**

કોઈપણ ભવનનું પ્રથમ કાર્ય ભવનમાં રહેલ લોકો કે વસ્તુને નુકશાનથી રક્ષણ કરવાનું છે. જેમ કે, હવા, વરસાદ, પ્રકાશ, ઉપયોગકર્તા, કર્મચારી તેમજ ભવનમાં રહેલા સાધન-સામગ્રીનું રક્ષણ કરવાનું છે.

- સમાજ વિરોધી તત્વોથી ભવનને રક્ષણ કરવું
- ગ્રંથાલયનો હેતુ ઉપયોગકર્તાને જરૂરી માહિતી પૂરી પાડવાનો છે. તેની ઉપયોગીતા ચોક્કસ હોવી જોઈએ.
- ભવન એ દ્રષ્ટિનું પ્રતિક છે અને સમુદાયના કેન્દ્ર તરીકે સેવા આપે છે.
- જુદી-જુદી શ્રેણીના ઉપયોગકર્તાને ધ્યાને લઇ ભવન કાર્ય કરે છે.

બીજા ભવનોની સરખામણીમાં ગ્રંથાલય ભવનની વિશેષતા નીચે મુજબ છે.

- ગ્રંથાલય ભાવ કાયમી સ્થિર અને સતત ઉપયોગી છે.
- ગ્રંથાલય ભવન દરરોજ ખુલ્લા રહે છે.
- સમાજના દરેક સમુદાયના સભ્યો આ ભવનનો ઉપયોગ કરે છે.
- ગ્રંથાલય ભવન સમુદાય માટે સતત કાર્યરત રહે છે.
- ગ્રંથાલય ભવન સંશોધનનો મુખ્ય આશ્રય છે.
- ગ્રંથાલય પદ્ધતિમાં પાંચ "B" નું ચાવી તત્વ છે. જેમાં Books, Building, Borrowers, Brainsનો સમાવેશ થાય છે.

**7.3.1.1. ગ્રંથાલય મકાન સંયોજનમાં પાયાની વિચારણા**

ગ્રંથાલય ભવન આયોજનનો આરંભ સમિતિની રચનાથી કરવો જોઈએ. જેમાં પ્રમુખ, ગ્રંથપાલ, સત્તામંડળ, આર્કીટેક્ચર અને ઈજનેરનો સમાવેશ કરવો જોઈએ.

- ભવનમાં સ્મારક અને સુશોભિતાને બદલે ઉપયોગિતાના કાર્યક્ષમ અભિગમ ઉપર વધારે મહત્ત્વ આપવામાં આવે છે.
- રચના કાર્યોને અનુસરતી વિચારણા હોવી જોઈએ.
- આયોજનને યોગ્ય ઓપ આપવા માટે ગ્રંથાલય મકાનની જગ્યા મધ્યમાં નિશ્ચિત કરવી જોઈએ.
- ઇફ્લા દ્વારા કરવામાં આવેલ ભલામણો તેને અનુસરવું જોઈએ.
- સ્થળ પસંદગી વખતે તેની વિશાળ જગ્યા પસંદ કરવી જોઈએ.
- ભવનનું સ્થળ યોગ્ય પસંદ કરવું જોઈએ જે વિવિધ ઘોંઘાટોથી મુક્ત હોવું જોઈએ.
- ભવિષ્યમાં ભવનનો વિસ્તાર વધારી શકાય માટે T,E,F,W, I કે H આકારમાં હોવો જોઈએ.

**7.3.1.2 ગ્રંથાલયના અન્ય વિભાગો**

ગ્રંથાલયનાં આયોજન સમયે નીચેના મુદ્દાઓ ધ્યામાં લેવા જરૂરી છે.

- ગ્રંથાલય દ્વારા અપાતી સેવાઓ
- ગ્રંથાલયના વિવિધ વિભાગોના કાર્યો
- અરસપરસના સંબંધો
- એકબીજા વિભાગ વચ્ચે સાનિધ્ય
- વિભાગોના કર્મચારીઓ
- વિભાગમાં આપવામાં આવેલ ફર્નિચર અને સાધનો

ગ્રંથાલયનાં વિવિધ વિભાગો અને તેના કાર્યો વિશેની માહિતી હવે પછી જોઈશું.

**1) પ્રવેશ સ્થળ (Entrance)**

સાર્વજનિક ગ્રંથાલનું પ્રવેશ સ્થળ આકર્ષક અને મનોરંજક હોવું જોઈએ.પ્રવેશદ્વારની આજુ-બાજુની જગ્યા સ્વચ્છ અને સુંદર હોવી જોઈએ. તેમજ વૃક્ષો અને ફૂલછોડથી આજુ-બાજુ સુંદર બગીચા બનેલા હોવા જોઈએ

**2) સામગ્રી – પટલ (Property Counter)**

પ્રવેશદ્વારની બાજુમાં વાચકોની બીજી સામગ્રી સુરક્ષિત રીતે રાખી શકાય તે માટે પ્રોપરી કાઉન્ટરની વ્યવસ્થા હોવી જોઈએ.

**3) સૂચીપત્ર ખંડ (Catalouge Cabinet Room)**

પ્રવેશદ્વારની સામે સૂચીપત્રોની પેટીમાં રાખવાની વ્યવસ્થા હોવી જોઈએ. Automation કરેલ સાર્વજનિક ગ્રંથાલયોમાં OPAC દ્વારા સૂચી જોઈ શકાય તે માટેની વ્યવસ્થાઓ પણ હોવી જોઈએ.

**4) સાર્વજનિક વાંચન ખંડ ( Public Reading Room)**

આ વિભાગ મુખ્ય દ્વારની પાસે હોવો જોઈએ. જે સુઆયોજિત, આકર્ષક અને આરામદાયક હોવો જોઈએ. જેથી કરીને વધુમાં વધુ વાચકો અધ્યયન, અધ્યાપન માટે રોકાઈ શકે. કોઈ નવા વાંચનાલય માટે વ્યવસ્થા બનાવતા હોઈએ ત્યારે અત્યારની સંખ્યાનો દસ ગણો મોટો વાંચનાલય ખંડ બનાવવો જોઈએ. દરેક વાચક માટે 25 વર્ગફૂટની જગ્યાની આવશ્યકતા હોય છે. ભારતીય માનક અનુસાર વાંચન કક્ષની પહોળાઈ 10 મીટર અર્થાત 32 ફૂટ થી મોતી ન હોવી જોઈએ. 33 ફૂટથી જો પહોળાઈ વધી જાય તો અધ્યયન માટેની જગ્યા પર પ્રકાશ યોગ્ય રીતે પહોંચી શકતો નથી. આમ લંબાઈ વધુ હોઈ શકે પરંતુ પહોળાઈ ઓછી હોવી જોઈએ.

**5) ક્રમિક પ્રકાશન ખંડ ( Serial Control Room)**

ક્રમિક પ્રકાશન સતત આવતા અને અદ્યતન માહિતીથી સભર હોય છે. તે સતત સમયાંતરે આવતા હોવાથી અલગ વ્યવસ્થાથી ગોઠવાયેલ હોવા જોઈએ. વળી તે તે ઇસ્યુ થતા ન હોવાથી તેના પર નજર રાખી શકાય તે સ્થળ પર વ્યવસ્થિત હોવા જોઈએ. ક્રમમાં નવા આવતા સામાયિકની સાથે નવા રહી શકે તે રીતે વ્યવસ્થામાં ગોઠવાઈ શકાય તે જોવું જોઈએ.

**6) સંમેલન ખંડ( Conferance Room)**

સાર્વજનિક ગ્રંથાલયમાં સંમેલન ખંડ હોવો જોઈએ. જેમાં સમયાંતરે પુસ્તકો, પ્રદર્શનો અને સંગોષ્ટીની વ્યવસ્થા ગોઠવી શકાય. દ્રશ્ય-શ્રાવ્ય માટેની પુરતી વ્યવસ્થા પણ હોવી આવશ્યક છે.

**7) બાળ-વિભાગ ખંડ (Childrens Room)**

પ્રત્યેક સાર્વજનિક પુસ્તકાલય સાથે બાળ વિભાગનો એક સ્વતંત્ર ખંડ હોય છે. આ વિભાગમાં બાળોપયોગી પુસ્તકો અને પત્ર-પત્રિકાઓનો સંગ્રહ કરેલો હોવો જોઈએ. સંગ્રહ હંમેશા અદ્યતન રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. બાળ વિભાગમાં ઉપયોગકર્તા તરીકે આવતા બાળકોની નોંધણી, આપ-લે વગેરે અંગે સુચિત નિયમો હોવા જોઈએ. બાળ

વિભાગમાં ટેબલ 22 ઇંચ થી 25 ઇંચ સુધીનાં ઊંચા હોવા જોઈએ. અને ખુરશીની ઊંચાઈ 14 થી 16 ઇંચ હોવી જોઈએ. તેમજ કબાટની ઊંચાઈ 5 ફુટ સુધીની હોવી જોઈએ. આ સિવાય સાર્વજનિક ગ્રંથાલયમાં,

- સંદર્ભ વિભાગ
- ભંડાર કક્ષ
- દુર્લભ્ય પુસ્તક ખંડ
- પ્રદર્શીય ખંડ
- ડીજીટલ વિભાગ હોવો જોઈએ.

### 7.4.2 ભવનનું વાતાવરણ અને હવા ઉજાસ

ગ્રંથાલયની સ્થાપનામાં પ્રકાશ એ ઘણી અગત્યની સ્વીકારેલી બાબત છે. પ્રકાશ માટે પહેલાથી જ સતર્કતાપૂર્વક વિચારણા કરવી આવશ્યક છે. કેમ કે ભવિષ્યમાં કોઈ પ્રકારની મુશ્કેલીઓ ના આવે. સાર્વજનિક પુસ્તકાલયોનો મુખ્ય ઉદ્દેશ ગ્રંથાલયની સામગ્રીનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટેનો છે. ભવન નિર્માણ સમયે જ એ વાતને ધ્યાનમાં લેવી જોઈએ કે ભરપૂર પ્રાકૃતિક પ્રકાશ મળે અને વીજળીથી આવશ્યક રોશની પ્રાપ્ત થઇ રહે. વાંચન ખંડમાં પ્રકાશ એ રીતે આવે કે પોતાનો પડછાયો ટેબલ પર પડે નહીં. તેમજ સૂર્યપ્રકાશના સીધા કિરણો ગ્રંથાલયના પ્રલેખા ખંડમાં પ્રવેશે નહિ તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ. ઓછા તરંગોવાળી ભરપુર ટ્યુબનો ઉપયોગ કરવો જોઈએ.

આધુનિક યુગમાં સમૃદ્ધ પુસ્તકાલય ભવનમાં રહેલા દુર્લભ પુસ્તકો, વાંચન સામગ્રી , લીપીઓ સુરક્ષિત રાખવા માટે યોગ્ય હવા ઉજાશ હોવા જોઈએ. વધુ પડતો ભેજ કે તડકાના કારણે પુસ્તકોનું નુકશાન થાય છે. તેમજ વાંચન ખંડ માટે વાતાકુલિત વ્યવસ્થા હોવી જોઈએ.

### 7.3.3 ફર્નિચર અને સાધનો

1) **કબાટ** :- પુસ્તકાલયમાં સૌથી વધુ આવશ્યકતા કબાટની રહેલી છે. તેમાં આર્થિક ખર્ચ વધુ થાય છે. તેમજ સૌથી વધુ અવધી માટે ઉપયોગ થાય છે. લાકડા કરતાં સ્ટીલના કબાટ વધુ અવધી માટે સેફ હોય છે. વિવિધ કંપની દ્વારા આવા કબાટ બનાવવામાં આવે છે. ત્રણ સ્વીકૃતિનો જન્મ થાય છે.

હેતુલક્ષી

ટકાઉ

સુંદર

જેની ઊંચાઈ 7 ફૂટ 6 ઇં, પહોળાઈ 3 ફુટ અને ઊંડાઈ 9 ઇંચ હોવી જોઈએ. દૈનિક સમાચાર પત્રો રાખવા માટે 18 ઇંચ થી 22 ઇંચ સુધીની ઊંડાઈ હોવી જોઈએ.

૨) **ખુરશી** :- પુસ્તકાલયની ખુરશી આરામદાયક અને સુંદર હોવી જોઈએ. ખુરશી હટાવતા અવાજ ન આવે તે રીતે પાયામાં રબર હોવા જોઈએ. ભારતીય માનક અનુસાર ખુરશીની ઊંચાઈ જમીનથી 45 સેમી, બેઠક 43 સેમી હોવી જોઈએ. બંને બાજુ હાથ રાખવાના હાથા બેઠક કરતાં 200 મી.મી. ઊંચા હોવા જોઈએ. પાછળનો ભાગ થોડો જુકાવવાળો હોવો જોઈએ.

3) **ટેબલ** :- વાંચનાલયના ટેબલ 3 થી 8 ફુટ જેટલા હોવા જોઈએ. ટેબલની બંને બાજુ બેસવા માટે 3 ફૂટની જગ્યા હોવી જોઈએ. ટેબલની ઊંચાઈ 29 ઈંચથી 32 ઈંચ જેટલી હોવી જોઈએ. ભારતીય માનકો અનુસાર સંસ્થાના ટેબલનો આકાર 6 ફુટ- ઇંચ × 3 ફુટ-3 ઇંચ હોવો જોઈએ.

આ ઉપરાંત કેટલોગ કાર્ય કેબિનેટ, મેગેઝીન ડિસ્પ્લે રેક, રીક્વિઝીશન ફોર્મ બુક ટ્રોલી વગેરે પણ હોવું જોઈએ.

**૪) કેટલોગ કાર્ડ કેબીનેટ** :

પુસ્તકાલયમાં સૂચી પત્રકો રાખવા માટેની સગવડ માટે પેહલા કાર્ડ કેબીનેટ મુકવામાં આવતા હતા પરંતુ આધુનિક સમયમાં ગ્રંથાલયમાં ઓનલાઈન ડેટા હોવાથી આવનાર વાચક ગ્રંથાલયમાં રહેલા સામગ્રીના મેટાડેટા જોઈ શકાય તે માટે કિયોસ્ક અને કોમ્પુટર મુકવામાં આવે છે.

**૫) જર્નલ/મેગેઝીન રેક** :

આધુનિક સમયમાં સમય સાથે અપડેટ રેહવા માટે જર્નલ અને મેગેઝીન અત્યંત આવશ્યક છે. જર્નલ અને મેગેઝીન માટેના રેક વિશેષ પ્રકારના હોવા જોઈએ. જેમાં જુના અંક રાખી શકાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ . માન્ય ધોરણો મુજબ જર્નલ્સ અને મેગેઝીનના રેકની

ઉચાઇ ૫ ફૂટ અને છ ઇંચ તેમજ પહોળાઈ ૪ ફૂટ ૧૦ ઇંચ જેટલી હોવી જોઈએ.

**6 ) નોટીસ બોર્ડ** :

પુસ્તાકાલયોમાં સમયે સમયે આપવાની થતી સૂચનાઓ અને જાહેરાતો માટે પ્રવેશ દ્વાર પાસે તેમજ ભવનના મુખ્ય સ્થળો પર નોટીસ બોર્ડ હોવા જોઈએ.

**૭) પોસ્ટર હોલ્ડર** :

દરેક વિભાગનો નિર્દેશ કરતા પોસ્ટરો બનાવીને લગાવવા માટે હોલ્ડર હોવા જોઈએ.

**૮) ડિસ્પ્લે રેક** :

નવા આવેલા પુસ્તકોના પ્રદર્શન માટે બે પ્રકારના ડિસ્પ્લે રેક હોવા જોઈએ જેમાં એક લાકડા અને લોખંડની તિજોરીઓ હોય છે અને અન્ય પ્રકારમાં એક બુલેટીન બોર્ડ હોય છે. જેમાં પિનથી નવા સામેલ પુસ્તકનું આવરણ લગાવવામાં આવે છે.

**૯ ) પુસ્તક ટ્રોલી** :

પુસ્તકોને એક વિભાગમાંથી બીજા વિભાગમાં કે રેક સુધી લઇ જવા માટે પુસ્તક ટ્રોલીની આવશ્યકતાઓ હોય છે. જેનાથી કર્મચારીના સમય અને શ્રમ ની બચત થાય છે.

**૧૦ ) પુસ્તક સપોર્ટર** :

રેકના છેલ્લે રહેલ પુસ્તકોના ટેકા માટે પુસ્તકને સપોર્ટ આપવો જરૂરી છે જેથી કરીને અવ્યવસ્થા થઈને તૂટી ના જાય જેથી ગોઠવાયેલ પુસ્તકો સુંદર દેખાય છે.

**૧૧) પ્રિન્ટર અને ઝેરોક્ષ મશીન** :

ગ્રંથાલય માં રીપ્રોગ્રાફી સેવા માટે પ્રિન્ટર અને ઝેરોક્ષ મશીન હોવા જોઈએ.

આ ઉપરાંત ફૂલ-છોડ , ગુલદસ્તા, પડદા વગેરેની આવાશ્યાકતા રહેલી છે.

## 7.4 પ્રલેખીય સંસાધનો (Documenrary Resources)

સાર્વજનિક ગ્રંથાલય એ લોકોથી લોકો વડે લોકો માટે કામ કરતી સંસ્થા છે જેમાં અધ્યાયન સામગ્રી પૂરી પાડવામાં આવે છે.

### 7.4.1 મુદ્રિત સામગ્રી (Print Material) :-

પુસ્તકો, સામયિકો , જર્નલ્સ અને રેફરન્સ પુસ્તકો :- સાર્વજનિક પુસ્તકાલયના ઉપયોગકર્તા ઉંમર, પ્રોફેશન અને રસના વિષયો અલગ અલગ હોય છે. રસના વિષય પર ઊંડાણ પૂર્વક જ્ઞાન મેળવવા માટે વધુમાં વધુ ઊંડાણ પૂર્વક વાંચન માટે જરૂરિયાત મુજબના પુસ્તકો અલગ અલગ હોવા જોઈએ.

સામાન્ય અને વિશિષ્ટ રસના વિષયો જુદા જુદા સ્તર પર અલગ અલગ કૃતિઓ, હળવું વાંચન, તેમજ નવલિકાઓ અને નવલકથાઓ સાર્વજનિક ગ્રંથાલયમાં હોય છે.

સાર્વજનિક ગ્રંથાલયોનાં પુસ્તકો સર્વ સામાન્ય લોકોના રસ, ઉંમર અને લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને વસાવવા જોઈએ. જરૂરિયાત જણાતા વાણિજ્ય તકનીકી ખેતીના વિષયને આવરી લેતું સાહિત્ય પણ રાખવું જોઈએ.

બાળકોને ધ્યાનમાં રાખી સરળ વાર્તાઓ, કલ્પનાશક્તિ વિકસાવતા સાહિત્ય વસાવવું જોઈએ. વિભિન્ન સ્તરના બાળકોને ધ્યાનમાં લઇ વાંચન તરફ આકર્ષણ મેળવે અને ઉત્તેજન મળે તેવા સાહિત્યની પસંદગી કરવી જોઈએ.

### 7.4.2 દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રી

સાર્વજનિક ગ્રંથાલય મનોરંજન અને સાંસ્કૃતિક વારસો જાળવી રાખતી સંસ્થા છે. ગ્રંથાલયમાં મુખ્યત્વે ડિસ્ક અને કેસેટ, સ્લાઈડ, ટેપ જુદા જુદા કાર્યક્રમોના રેકોર્ડિંગનો સમાવેશ કરી શકાય છે.

આજના સમયમાં વાંચન કરતાં લોકો દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમોને વધુ પસંદ કરે છે. આ વધતા મહત્ત્વને ધ્યાનમાં રાખી ગ્રંથાલયમાં આવી સામગ્રી વસાવવી જોઈએ.

દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ માટે વિશિષ્ટ સાધનોની જરૂરિયાત રહે છે. વિજળી અને ઈન્ટરનેટ કનેક્શનની ઉપલબ્ધતા હોવી આવશ્યક છે. આમ દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રી માટે જરૂરી તમામ સાધનો ઉપલબ્ધ હોવા

જોઈએ. ગ્રંથાલય વ્યક્તિગત ઉપયોગના શ્રાવ્ય સાધનોમાં હેડફોન, અથવા સાઉન્ડપ્રૂફ હોવા જોઈએ.

### 7.4.3 વિશિષ્ટ સંગ્રહો

સાર્વજનિક ગ્રંથાલય જે વિસ્તારમાં હોય તે વિસ્તારની સમસ્યાઓ, સંસ્કૃતિ, વારસો અને વાચક વર્ગના રસને ધ્યાનમાં રાખી વિશિષ્ટ સંગ્રહ સામગ્રી વિકસાવી જોઈએ. જેમકે રેર પુસ્તકો, મેન્યુસ્ક્રીપ્ટ તેમજ  સ્થાનિક ઇતિહાસના સ્ત્રોત સામગ્રી વિશિષ્ટ જગ્યાના ઈતિહાસ સંબંધિત સામગ્રી ભેગી કરી અને સાચવવી જોઈએ. સમુદાયના ઉચ્ચ ભાગ સાથેના ચોક્કસ જૂથોના ગ્રંથાલયોને ધ્યાને લઇ સંગ્રહ અને સેવાઓનું વિભાજન કરવું અને આવા ડેટા સ્ત્રોતો પુરા પાડવા જોઈએ.

## 7.5 સારાંશ

આ એકમમાં જુદા જુદા સંસાધનો જેવા કે સાર્વજનિક ગ્રંથાલયનાં મકાન, ફર્નિચર, સાધનો, પ્રકાશ તેમજ માહિતી સ્ત્રોતનો ખ્યાલ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. આમ જનતામાં વાંચન રસ જળવાઈ રહે તે અર્થે પ્રેરણા સ્વરૂપ વાંચન તેમજ દ્રશ્ય-શ્રાવ્ય સાધનો પુરા પાડવાનું કામ કરે છે. આમ સમગ્ર રીતે ભૌતિક અને પ્રલેખીય સ્ત્રોતો સારી સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ નિર્માણ કરવાની જરૂર છે.

## 7.6 તમારી પ્રગતિ ચકાસો

1. સાર્વજનિક ગ્રંથાલય માટે જ્યારે મકાનની તૈયારી થતી હોય ત્યારે કઈ કઈ વ્યવસ્થા આવશ્યક છે ?
2. ગ્રંથાલય ભવન તૈયાર કરવા માટે કયા કયા મુદ્દા ધ્યાનમાં લેવાના હોય છે.  ?
3. ગ્રંથાલયના આંતરિક આયોજનમાં સગવડ કરવા કયા કયા ખંડ હોવા જોઈએ ?
4. ગ્રંથાલય સ્થાપત્યમાં પ્રકાશનું મહત્ત્વ જણાવો.
5. સાર્વજનિક ગ્રંથાલયના વાચકો માટે જુદા જુદા પ્રકારના ઉપયોગી પ્રલેખીય સ્રોતો જણાવો.

**તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો** :

**ઉત્તર-1** સાર્વજનિક ગ્રંથાલયની યોજનાબધ્ધ સેવાઓ માટે તેમજ ઉદ્દેશોની પ્રાપ્તિ માટે નીચેની વ્યવસ્થાઓ આવશ્યક છે.

- ઓછા ખર્ચે વધુ વાચકોને ઉપયોગી અભ્યાસ સામગ્રીની પસંદગી કરવી.
- સંગ્રહિત વાંચન સામગ્રીનો વૈજ્ઞાનિક પદ્ધતિથી વર્ગીકરણ તેમજ સૂચીકરણ
- વિકસિત સંદર્ભસેવાની વ્યવસ્થા
- આદાન-પ્રદાનની સુંદર તેમજ વૈજ્ઞાનિક વ્યવસ્થા જેમાં સમયની બચત હોય.

**ઉત્તર-2** ગ્રંથાલયનાં આયોજન સમયે નીચેના મુદ્દાઓ ધ્યામાં લેવા જરૂરી છે.

- ગ્રંથાલય દ્વારા અપાતી સેવાઓ
- ગ્રંથાલયના વિવિધ વિભાગોના કાર્યો
- અરસપરસના સંબંધો
- એકબીજા વિભાગ વચ્ચે સાનિધ્ય
- વિભાગોના કર્મચારીઓ
- વિભાગમાં આપવામાં આવેલ ફર્નિચર અને સાધનો

**ઉત્તર-3** ગ્રંથાલયનાં આંતરિક આયોજનમાં સગવડતા માટે કયા કયા ખંડ જરૂરી છે ?

ગ્રંથાલયનાં આંતરિક આયોજનમાં સગવડતા માટે નીચેના ખંડ જરૂરી છે.

(એ) પ્રવેશ ખંડ, (બી) વાચનખંડ, (સી) પરિસંવાદ થતા પ્રદર્શન ખંડ (ડી) બાળકોનું ગ્રંથાલય (ઈ) વહિવટીય, પ્રાપ્તિ અને તકનિકી વિભાગો વગેરે.

**ઉત્તર-4** ગ્રંથાલય સ્થાપત્યમાં પ્રકાશ એ ઘણી અગત્યની સ્વીકારેલી બાબત છે. દિવસનો પ્રકાશ અથવા કુદરતી પ્રકાશનો લાભ એ છે કે તે ઘણી બધી સપાટીમાંથી પરાવર્તિત થાય છે. તેથી દિવસનો પ્રકાશ દિવસના સમય દરમ્યાન શ્રેષ્ઠ છે. તે જરૂરી છે કે વિજળી પ્રકાશનો કુદરતી પ્રકાશના ગુણના વિરુદ્ધ ન્યાય કરવો જોઈએ વિજળી પ્રકાશના

જૂથમાં જ્યોત કે જવાળા વિનાનો અને ઓછી તરંગ લંબાઈવાળા કિલોને આત્મસાત કરીને વધારે તરંગ લંબાઈવાળા પ્રકાશના કિરણોને બહાર ફેંકવાની ગુણ શક્તિવાળો એક શ્રેષ્ઠ છે.

**ઉત્તર-5** સાર્વજનિક ગ્રંથાલયના વાચકો માટે જુદા જુદા પ્રકારના ઉપયોગી પ્રલેખીય સ્રોતો છે. (i) મુદ્રિત સામગ્રી (પુસ્તકો, સામયિકો અને સમાચારપત્રો (ii) શ્રાવ્ય દૃશ્યો શ્રાવ્ય રેકોર્ડીંગ, સ્લાઈડ અને ફિલ્મ, વિડીયો રેકોર્ડીંગ, ફોટોગ્રાફ્સ, પોસ્ટર અને (iii) વિશિષ્ટ સંગ્રહ (સ્થાનિક ઈતિહાસ, બ્રેઈલ, બાળકોનું સંદર્ભ સાહિત્ય)

## 7.7 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**શ્રમદેક્ષતા શાસ્ત્ર (Ergonomics)** : લોકો અને તેમના કાર્યના વાતાવરણ વચ્ચેના સંબંધો કે જે કાર્યક્ષમતા, સલામતી અને સરળ પગલાને અસર કરે છે. તેની સાથે આ ક્ષેત્ર સંબંધ ધરાવે છે. વિશિષ્ટ ટેબલ (Carrel Table) : ટેબલ એક વાચક માટે આરક્ષિત હોય.

**સ્મૃતિઓ (Reminisences)** : વ્યક્તિઓની સંગ્રહિત યાદગીરી અથવા અનુભવો સાહિત્ય સ્વરૂપમાં મૂકે છે.

## 7.8 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCES AND FURTHER READING)


- American Library Association (1967), Minimum Standards for Public Library Systems, Chicage: ALA

- IFLA(1986). Guidelines for Public Libraries. New York: K.G Saur. IFLA(2000).IFLA Guidelines for Public Libraries (Revised). The Hague: 1FLA. RRRLF (1993). Two Decades of the Foundation. Guidelines for Public Library

- Systers and Services (Chapter-VIII-physical facilities). Calcutta: RRRLF Woodrum, Pat Ed. (1989), Managing Public Library in the 21 Century. New York: The Haworth Press.

# યુનિટ-8 સાર્વજનિક વિકાસ યોજનાઓ અને સંસાધન


**8.1. ઉદ્દેશો**

**8.2. પ્રસ્તાવના**

**8.3. વિકાસ યોજનાઓનો ખ્યાલ**

**8.3.1 યોજનાનાં કૌશલ્યો**

**8.3.2 યોજનાનાં તબક્કા**

**8.3.2 યોજના કરવાની પદ્ધતિઓ**

**8.4. સંસાધન ધ્યેય પ્રાપ્તિનો ખ્યાલ**

**8.5. સંસાધન એકત્રીકરણ –સ્ત્રોત**

**8.6. સંસાધન એકત્રીકરણની પ્રક્રિયા**

**8.7. સારાંશ**

**8.8 તમારી પ્રગતિ ચકાસો.**

**8.9. સંદર્ભ અને વિશેષ વાંચન**


## 8.1 ઉદ્દેશો

આ એકમના અધ્યયન પછી તમે આ બાબતોથી સક્ષમ બનશો.

- સાર્વજનિક ગ્રંથાલયના સંદર્ભમાં વિકાસ યોજનાનો ખ્યાલ જાણવા.
- સંસાધન ધ્યેય પ્રાપ્તિના ખ્યાલ જાણવા.
- સંસાધન ધ્યેય પ્રાપ્તિમાં સંસાધન એકત્રીકરણ સ્ત્રોતો જાણવા તેમજ પ્રકિયા જાણવી.

## 8.2 પ્રસ્તાવના

સાર્વજનિક ગ્રંથાલય એટલે "લોકોથી, લોકો વડે અને લોકો માટે ચાલતું ગ્રંથાલય" એટલે જ યુનેસ્કોનાં મત મુજબ "સાર્વજનિક

ગ્રંથાલયનોની સહાય સિવાય સાચી લોકશાહી તેમજ શરીર અને મનની સ્વતંત્રતા શક્ય નથી.

સાર્વજનિક ગ્રંથાલય એ લોકોની મિલકત છે. તેમજ લોક સમુદાયમાં જ્ઞાન સમૃદ્ધિમાં વધારો થાય તે માટે પ્રયત્ન કરતાં રહે છે. કોઇપણ દેશની સમૃદ્ધિ  તેના માનવ સમુદાયની ગુણવત્તા પર આધારિત છે કે જે દેશનું માન, પ્રતિષ્ઠા અને ભાવિ નક્કી કરે છે. અને આ માટે લોક સમૂહોને જરૂરી માહિતી પૂરી પાડવાનું અને સુવિધાઓ વધારવા માટે દેશે વિશિષ્ટ પ્રયત્નો કરવા જોઈએ.

## 8.3 વિકાસ યોજનાનો ખ્યાલ (Concept of Development Plan )

કોઈપણ દેશના આર્થિક, સામાજિક કે શૈક્ષણિક સ્તરના સમગ્રતાનાં વિકાસ માટે ગ્રંથાલય એ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.  જે સમાજની બદલાતી જરૂરિયાતોને પદ્ધતિસર કરતી સતત પ્રક્રિયા છે. ઉપયોગકર્તાને જરૂરિયાતનાં આધારે યોગ્ય સેવાઓ અને ઉદ્દેશોને આધારે જરૂરી સ્ત્રોતો પુરા પાડવા એ સાર્વજનિક ગ્રંથાલયનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

### 8.3.1 યોજનાનાં કૌશલ્યો (Training of Palming)

કોઇપણ પ્રકારના ગ્રંથાલય હોય તેના સ્ત્રોતો અને સેવાઓનું યોજના રાષ્ટ્રીય સામાજિક અને આર્થિક યોજનાનાં ભાગ તરીકે હોવું જોઈએ. યોજના એ કોઇપણ યોજના આયોજિત થઇ જાણ અને મંજૂરીમાં મુકાય ત્યારબાદ તેને વધુ કુશળતા પૂર્વક કરી  શકાય તેવી પ્રક્રિયા છે.

આ યોજના બનાવતી વખતે સમાજના વિવિધ સમુદાયોને ધ્યાનમાં લેવા જોઈએ. તેમજ યોજના અસરકારક બને તે અર્થે સિનીયર વ્યવસાયિકો, સામાન્ય નાગરિકો, અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ વગેરે કે જેઓ રાષ્ટ્રીય વિકાસ યોજનાનાં ઉદ્દેશોથી માહિતગાર હોય તે સર્વેનો સમાવેશ થવો જોઈએ.

### 8.3.2 યોજનાના તબક્કા (Stapes of Planning)

ગ્રંથાલય યોજનાનાં જુદા જુદા તબક્કાઓના આ મુખ્ય બે તબક્કો છે.

1) અધિકૃત સોપાન
2) કાર્યાન્વિત તબક્કો

1) **અધિકૃત તબક્કામાં** નીચેના મુખ્ય પગથીયા રહેલા છે.

- યોજના અંતર્ગત યોગ્ય સૈદ્ધાંતિક આધારનો વિકાસ કરવો .
- સાર્વજનિક ગ્રંથાલય યોજના માટેના હેતુઓ, ઉદ્દેશો અને ધ્યેયો નક્કી કરવા.
- દેશનાં આર્થિક અને સામાજિક વલણોનો અભ્યાસ કરવો તેમજ સંશોધન અને શિક્ષણ સ્તરનો અભ્યાસ કરવો.
- સંશોધન કાર્યક્રમો વિકસાવવા
- ઉપયોગકર્તાના સામાન્ય સિદ્ધાંતો ઓળખવા.

**2) કાર્યાન્વિત તબક્કો (Operational Phase)**

કોઇપણ યોજનાનાં ધ્યેય, ઉદ્દેશો અને હેતુઓ નક્કી થઇ ગયા બાદ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે આયોજકોએ નીચેની બાબતોને ધ્યાનમાં લેવાની હોય છે.

✓ સાર્વજનિક ગ્રંથાલયમાં અપાતી હાલની સેવાઓ અને તેની પરિસ્થિતિ
✓ માનવ સંસાધનો
✓ નાણાંકીય સ્ત્રોતો

આ ઉપરોક્ત બાબતો ગુણાત્મકની સાથે સંખ્યાત્મક રીતે જોવી અને વિચારવી જોઈએ.;

### 8.3.3 યોજના તૈયાર કરવાની પદ્ધતિઓ (Methodology of Preparing Plans) :-

યોજના પ્રલેખ તૈયાર કરવા માટે નીચેના મુદ્દાઓ જરૂરી છે.

❖ **પ્રસ્તાવના :-**

પ્રસ્તાવના એ રૂપરેખા અને અન્ય દેશ વિદેશના ગ્રંથાલયના વિકાસ સાથે સંક્ષિપ્ત સરખામણી સાથે આપે છે. કાયદા તેમજ વહીવટી બાબતોથી પ્રાશ્વભૂમિથી પ્રવર્તમાનતબક્કા સુધીની યોજના તૈયાર કરવા માટેની આ પદ્ધતિઓ છે.

❖ **ઉદ્દેશો, હેતુઓ અને વિકલ્પો :-**

ઉદ્દેશો, હેતુઓ અને વિકલ્પોની સ્પષ્ટ અને સંક્ષિપ્તમાં વ્યક્ત કરવા જોઈએ.

❖ **માળખું :-**

સાર્વજનિક ગ્રંથાલયમાં વહીવટી અને નાણાંકીય માળખું ધરાવતું હોવું જોઈએ. જેમાં સત્તામંડળનું માળખું તેમજ વહીવટી માળખું પણ વ્યાખ્યાયિત થવું જોઈએ. જેમાં દરેકનાં કેન્દ્ર સ્થાને સાર્વજનિક ગ્રંથાલયમાં અપાતી સેવાઓ અને ઉપયોગકર્તા હોવા જોઈએ.

❖ **અધિનિયમ** :-

ગ્રંથાલય સેવાઓને કાયદાકીય પીઠબળ હોવું જોઈએ. જે જરૂરી છે. જેમાં કર્મચારીઓની ભરતી, લાયકાતો, કાર્યપદ્ધતિ, નાણાંકીય સહાય વગેરે માટે ધોરણોને આવરી લેતો એક કાયદાકીય અધિનિયમનો સમાવેશ કરવો જોઈએ.

❖ **કર્મચારીઓ :-**

કોઇપણ સંસ્થા ચલાવવા માટે કર્મચરી એ પ્રથમ પ્રશ્ન છે. જેનો ઉકેલ લાવવો જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય યોજનામાં સેવાઓ પહેલા અને સેવાઓ દરમ્યાન તાલીમનાં સમાવેશની સગવડ હોવી જોઈએ. દા.ત. ગ્રંથાલય સોફ્ટવેર ના નવા વર્ઝન માં થયેલ સુધારા મુજબ કર્મચારીના માટે તાલીમ ગોઠવવી

❖ **ગ્રથાલય સેવાઓનું સંગઠન :-**

સાર્વજનિક ગ્રંથાલયનો મુખ્ય હેતુ લોકોને યોગ્ય સેવાઓનો લાભ થાય તે છે. યોજનાઓમાં અનિવાર્ય કાર્યો, સંબધિત જરૂરિયાતો વગેરેને દર્શાવવા જોઈએ. તેમજ અનિવાર્ય કર્યો સબવ્નીય જરૂરિયાતો સંગ્રહ વિકાસ આંતર વપરાશ અને કર્મચારી પગાર દર્શાવવા જોઈએ.

❖ **કિંમતો :-**

ગ્રંથાલય એક ચીર વર્ધમાન સંસ્થા છે. માટે દરેક સ્ત્રોતો અને સેવાઓ માટે કિંમતો ચુકવવાની હોય છે. જેથી કિંમતોનાં કોઠાઓ ટૂંકી મુદત અને લાંબી મુદત માટે દર્શાવવો જોઈએ. કેટલીક બાબતોની આંતરરાષ્ટ્રીય સંગઠનોઅને અન્ય સ્ત્રોતોની નાણાકીય સહાય દ્વારા આવરી લેવાતી હોઈ શકે. અન્ય ટેબલ માં પ્રવૃત્તિઓના પ્રકાર અને આપવામાં આવેલ સમયમર્યાદા

❖ **જાહેરાત :-**

એક વખત યોજના પૂર્ણ થયા છે. તેનો જુદા જુદા અસરકારક સાધનોથી વિસ્તૃત પણે જાહેરાત આપવી જોઈએ. અને પ્રચાર પ્રસાર કરવો જોઈએ. આ માટે ગ્રંથાલય સાથે સંકળાયેલા વિવિધ ક્ષેત્રો અને લોકોના અમાગ્રયતા અભિગમ નિશ્ચિત કરવો જોઈએ.

❖ **નાણાંકીય સહાય :-**

સાર્વજનિક ગ્રંથાલયમાં નાણાનો મુખ્ય સ્ત્રોત રાજ્ય અને રાષ્ટ્રીય અનુદાન પર રહેલો છે. તેમછતાં અન્ય સ્ત્રોતો જેવા કે અન્ય સ્વાયત સંસ્થાઓનો અનુદાન, સત્તામંડળનું દાન. ઉપભોગતા મદદના સ્વરૂપે હોઈ શકે છે કર એ જુદાજુદા રાજ્યના ગ્રંથાલય અધિનિયમ પ્રમાણે રહે છે જે આવકનો મુખ્ય સ્ત્રોત છે.

❖ **કિંમત આધારિત સેવાઓ :- (Paid base Services)**

સાર્વજનિક ગ્રંથાલય એ લોકો માટેની સંસ્થા છે. જેમાં મોટા ભાગની સેવાઓ વિનામૂલ્યની છે. પરંતુ નોંધણી માટે નજીવી ફી તેમજ અન્ય સેવાઓ દ્વારા ફીના ભાગરૂપે નાણાંકીય સ્રોત ઉત્પાદિત કરી શકાય છે.

## 8.4. સંસાધન એકત્રીકરણનો અર્થ(રિસોર્સ મોબીલાઈઝેશનનો અર્થ) :-

સંસાધન એકત્રીકરણ એ શોધવા માટેની પ્રક્રિયા છે. ગ્રંથાલય અને તેમાં અપાતી સેવાઓ માટે સંસાધનો કેવી રીતે પ્રાપ્ત કરવા, તેનું મૂલ્યાંકન કરવા, શુ જરૂરી છે ? અને હાલમાં કયા સંસાધનો ઉપલબ્ધ છે ? અને તેમાં સંસાધનોનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે. તેના પર અહી આગળનો અભ્યાસ હાથ ધરીશું.

મોબીલાઈઝેશન એ "The Process of Organization for the Pursuit of Collectione goales" સામૂહિક લક્ષોની પ્રાપ્તિ માટે સંગઠનની પ્રક્રિયા કહી શકાય.

સાર્વજનિક ગ્રંથાલયનાં સેવાના સંદર્ભમાં એમ કહી શકાય કે રિસોર્સ જનરેશન અને મોબીલાઈઝેશન એટલે સાર્વજનિક ગ્રંથાલયને મજબૂત કરવા માટે નાણાંકીય સંસાધનો એકત્રીકરણ કરવાની પ્રક્રિયા છે.

## 8.5 સંશોધન એકત્રીકરણ સ્રોત (Resource Mobilization Sources)

સાર્વજનિક ગ્રંથાલય એ શિક્ષણ અને બૌદ્ધિક કેન્દ્ર છે. જેમાં માત્ર ભૌતિક અને બૌદ્ધિક કે માનવ સંસાધનો માટે ટેકો જરૂરી નથી હોતો પરંતુ નાણાંકીય સંસાધનો મજબુત કરવા જરૂરી છે. ગુણવત્તાયુક્ત સેવાઓ આપવા માટે નાણાની સતત જરૂરીયાત રહેલી છે. હાલના સમયમાં સાર્વજનિક ગ્રંથાલય જગત આવશ્યકતાઓને પહોંચી વળવા માટે તેમજ સંસ્થાના હિત માટે નાણાકીય સ્રોતો એકત્ર કરવાની જરૂરીયાત ઉદ્દભવી છે.

❖ **પુસ્તકાલય સંસાધનો :-**

સાર્વજનિક ગ્રંથાલય માત્ર પર્યાપ્ત નાણાંકીય માનવ અને ભૌતિક સંસાધનોથી જ વિકાસ કરી શકાય છે. પુસ્તકાલય સંસાધનોમાં ભૌતિક, માનવીય, બૌદ્ધિક અને નાણાનો સમાવેશ થાય છે.

❖ **ભૌતિક સંસાધનો (Phusical Resources)**

કાયમી મિલકતો એ ભૌતિક સંસાધનોમાં સમાવેશ થાય છે. જેમ કે મકાન, ફર્નિચર, સાધનો, દરેક ગ્રંથાલયનાં પ્રકાર કદ અને જરૂરિયાત મુજબ અલગ અલગ ભૌતિક સંસાધનની જરૂરિયાત હોય છે. જેમ કે રાજ્યનાં મધ્યસ્થ ગ્રંથાલયને જે ભૌતિક સંસાધનોની જરૂરિયાત હોય તે કદાચ જિલ્લાના ગ્રંથાલયમાં જરૂરી ન પણ હોય. ભૌતિક સંસાધનનાં યોજના વખતે કેટલીક બાબતો ધ્યાનમાં લેતા હોય છે. જેમ કે,

1) ગ્રંથાલયના પ્રકાર
2) ઉપભોક્તાના પ્રકાર અને તેનું સ્તર, ઉંમર અને જાતિ
3) આપવામાં આવતી સેવાના પ્રકાર
4) ઉપભોક્તાની જરૂરિયાત

ભૌતિક સંસાધન વિકાસ માટે સાર્વજનિક ગ્રંથાલય એ સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિમાં રાષ્ટ્રીય સરકારનું સામેલ થવું પણ જરૂરી છે. બદલાતા સમય સાથે વિવિધ તકનીકીના ઘટકોથી પણ જરૂરિયાત રહેલી છે. તેમજ ગ્રંથાલયોને સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થામાં પણ રૂપાંતરિત કરવું જોઈએ. આમ, ભૌતિક સંસાધનોની બદલાતી રૂપરેખા કાર્યક્ષમ હોવી જોઈએ. ભવિષ્યમાં ગ્રંથાલયનો વધુ ઉપયોગ થાય તે માટે ઉદ્દેશો, હેતુ અને કાર્યોને આધારે ભૌતિક સંસાધનોનાં પ્રકારમાં ફેરફાર કરવા જોઈએ. જેથી ઉપયોગીતામાં વધારો કરી શકાય.

❖ **માનવ સંસાધન :**

માનવ સંસાધનમાં ગ્રંથાલયમાં પ્રોફેશનલ અને સેમી પ્રોફેશનલ કેટેગરીના કર્મચારીઓના સમાવેશ થાય છે કે જેઓ

પ્રવૃતિઓ પ્રોજેક્ટ ડીઝાઇન અમલીકરણ અને ફોલોઅપ તેમજ વિવિધ સેવાઓ આપવા માટે જરૂરિયાત રહેલી છે. માનવ સંસાધન વિકાસ એ મુખ્ય પ્રશ્ન છે જુદી જુદી કક્ષાના કર્મચારીઓને તાલીમ આપવાની સુવિધાની જોગવાઈ સારા કાર્ય વાતાવરણ અને કર્મચારીઓના વ્યવસાયિક વિકાસની ખાતરી આપવા જરૂરી છે. નવી તકનીકો બહાર લાવવા અને માહિતી પ્રૌદ્યોગિકીમાં સ્વહસ્તક તાલિમ જરૂરી છે. (on hand training) આ સંદર્ભમાં સતત શિક્ષણ કાર્યક્રમનો વિકાસ એ સૌથી અગત્યની બાબત છે.

માનવ સંસાધનોનો વિકાસ પણ મોટો પ્રશ્ન છે. જુદા જુદા સ્તરના કર્મચારીઓની તાલીમની સગવડો પૂરી પાડવાની વ્યવસ્થા, સારી કામગીરી માટે વાતાવરણ પૂરું પાડવું અને કર્મચારીઓનો યોગ્ય વ્યાવસાવિક વિકાસ કરવો એ પણ જરૂરી છે. નવી તકનિકીઓ ઉઘાડવા આઈટીમાં જરૂરી વ્યક્તિઓને તાલીમ આપવી. આ સંદર્ભમાં, સતત શિક્ષણ કાર્યક્રમનો વિકાસ મહત્ત્વનો છે. માનવ સંશાધનનો વિકાસ એ મુખ્ય પ્રશ્ન છે જુદી જુદી કક્ષાના કર્મચારીઓને તાલીમ આપવાની સુવિધાની જોગવાઈ સારા કાર્ય વાતાવરણ અને કર્મચારીઓના વિકાસની ખાતરી આપવા જરૂરી છે નવી તકનીકો બહાર લાવવા અને માહિતી પ્રોધોગિક સ્વહસ્તક તાલીમ જરૂરી છે. જુદા જુદા સ્તરના કર્મચારીઓનો યોગ્ય વ્યવશાયિક વિકાસ જરૂરી છે. નવા આઈટી ટૂલ અને સોફ્ટવેર વિષે જાણકારી આપવી જરૂરી છે.

- **બૌદ્ધિક સંશાધનો :**

બૌદ્ધિક સંશાધાનોમાં પુસ્તકો ,સામાયિક, લેખો પેટર્ન, ગ્રંથસુચીનો સમાવેશ કરી શકાય જેનાથી ગ્રંથાલય સંગ્રહની ગુણવત્તા અને ધોરણો વધારી શકે છે.

- **નાણાંકીય સંસાધનો :-**

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોનો વિકાસ સંપૂર્ણપણે સરકારી પુરસ્કૃત પ્રવૃત્તિ નથી. ભારતના બંધારણમાં સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ એ રાજ્યનો વિષય છે. રાજ્ય સરકાર તેમના પોતાના

અંદાજપત્રમાં સાર્વજનિક ગ્રંથાલયનાં વિકાસ માટે ફંડ આપે છે. જે દરેક રાજ્યમાં સરખું હોતું નથી. ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયમાં જુદી જુદી શ્રુંખલાબદ્ધ તબક્કા અને આ સંભવિત અલગ અલગ કાર્યો તેમના ગ્રાહકના સંદર્ભમાં દર્શાવવામાં આવેલા વિસ્તારમાં અમલ કરવામાં આવે છે. માટે નાણકીય માંગણી એ ગ્રંથાલય માટે પડકારરૂપ છે. વાચકોની જરૂરીયાત માહિતી પ્રાપ્તિના સાધન તરીકે ઇન્ટરનેટનાં વધુ ઉપયોગના કારણે ગ્રંથાલયમાં આવકની સ્થિતિમાં ઘટાડો થયો છે. નિરાકણ સ્વરૂપે ગ્રંથાલયે આવકનાં નવા સ્ત્રોતો વિશે યોજના કરવું જોઈએ.

- **નાણાંકીય સાર્વજનિક ગ્રંથાલય પરિસ્થિતિ ફંડઉભું કરવા માટેના સૂચનો :**

**1) સંસાધનોની વહેચણી દ્વારા સંસાધનો એકત્રીકરણ (Resource mobilization through resource shering)**

સાર્વજનિક ગ્રંથાલયમાં દુર્લભ સંસાધનો એકત્રિત કરી તેમજ રીમોટ સાઈટ્સની મદદથી ગ્રંથાલયોમાંથી તેમની પાસે ન હોય તેવા સંસાધનોને એક્સેસ કરીને અને તેનો ઉપયોગ કરીને ઉપલબ્ધ કરાવી શકે છે. જેમ કે CD-ROM કે સ્કોલરલી મટીરીયલ અને ડેટાબેઝને કુશળતાથી શેર કરી શકાય છે જેનાથી ખર્ચ બચાવવા કુશળતા વહેંચણી કરી શકાય છે.

ICTના અવિસ્કારની સાથે સાથે સંસાધન વહેંચણીનાં નવા ઉકેલો ઉપયોગી થયા છે. જેમ કે નેટવર્કીંગ એ પુસ્તકાલય અથવા માહિતી કેન્દ્રોના જૂથ વચ્ચે સંસાધનોની વહેંચણી સરળ થઇ ગયેલ છે. જેમ કે યુનિયન કેટલોગની વહેંચણી જે સૂચિબદ્ધ માહિતી વહેંચણી કરવાથી ગ્રંથાલય કર્મચારીના ભારને હળવો કરે છે અને કાર્યનું પુનરાવર્તન અટકાવે છે. સમયનો સદ્દઉપયોગ થાય છે. પરસ્પર હિતની ઓળખાયેલ વેબસાઈટની લીક અને સરનામાની આપ લે વધુ ઉપયોગી બનાવે છે. જે ખર્ચ ઘટાડવામાં મદદ કરશે. અને સેવા ગુણવત્તામાં વધારો કરશે.

❖ **પ્રશ્ન જવાબ સેવા (The Questions and Answer Services-QAS) :-**

સાર્વજનિક ગ્રંથાલયમાં આવા પ્રોજેક્ટ પર કામ કરી શકે કે જેમાં કૃષિ પ્રણાલી કે ગ્રામ્ય વિકાસ માટે માહિતી એક્સેસ કરી અને પ્રાદેશિક કેન્દ્રો પર જવાબના સ્પરૂપમાં તૈયાર કરી આપી શકાય. જેમ કે 2001માં કેન્યા, તાન્ઝાનિયા, ઇથોપિયા ખાતે આ પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવેલ હતો. જેનો હેતુ કૃષિને લગતા લેખોનું સંકલન કરવા માટેનો હતો. પુસ્તકાલય પર્યાવરણમાં સતત બદલવાના પ્રતિભાવ આપવા માટે આજે ગ્રંથાલયો સામે ઘણા પડકારો આવેલા છે. તેથી જ ગ્રંથાલય માટે સિસ્ટમ અને સર્વિસ મોડલ વિકસાવવા જરૂરી છે. ઔપચારિક, અનોપચારિકભાગીદારી વિકસાવાથી અને સંસાધનો વહેંચણી ગ્રંથાલયોને આગળ વધવામાં અને સેવાની વ્યાપક શ્રેણી પહોંચાડવામાં મદદ મળે છે.

2) **વ્યાવસાયિક જનસંપર્કના કાર્યક્રમો (Professional Public Relations Programs):**

સુવ્યવસ્થિત અને મજબુત જનસંપર્ક કાર્યક્રમો નાણાકીય સમસ્યાઓનું નિવારણ લાવી શકે છે. કોઇપણ સંગઠિત પ્રયત્નો સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો કરે છે. સંસ્થાઓએ ચાલુ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. અને તે લોકોને ગ્રંથાલય સેવાને સમજવામાં મદદ કરે છે. ટેલિવિઝન, સામયિકો, અખબારો વગેરેનો ઉપયોગ કરીને મીડિયા દ્વારા જનસંપર્ક હાથ ધરવામાં આવે છે. વેબપેજ દ્વારા પુસ્તકાલયો તેની સેવાઓ રાખવા માટે જરૂરી ભંડોળની જાગૃતિ વધારી રહ્યું છે. તેવી જ રીતે પુસ્તક પ્રદર્શન જેવી પ્રવુત્તિઓનો ઉપયોગ ગ્રંથાલયની સેવાઓને પ્રોત્સાહન આપવા અને સંભવિત દાતાઓને આકર્ષવા માટે થઇ શકે છે.

❖ **સ્થાનિક સમર્થન એકત્રીકરણ (Mobilizing Local Support) :**

હાલમાં એવું વલણ ચાલી રહ્યું છે કે જેનાથી ખાનગી જાહેરાત અને બિન સરકારી સંસ્થાઓ પાસેથી સમર્થન મેળવવું જોઈએ અને ગ્રંથાલયને વિકાસ માટે આગળ મળીને કામ કરવું જોઈએ. જેમ કે

સાર્વજનિક ગ્રંથાલય યુનિવર્સિટીના ગ્રંથાલય સાથે સમર્થન પ્રાપ્ત કરવામાં સક્ષમ થઇ શકે છે.

❖ **ફી આધારીત સેવાઓ (Fee based Services) :-**

સાર્વજનિક ગ્રંથાલયોમાં દરેક તબક્કે નાગરિકોને જરૂરી સેવાઓ આપવામાં આવે છે. ત્યારે આ પરંપરાગત ગ્રંથાલય સેવાઓમાં ફીની વસૂલાત ગ્રંથાલયનો ઉપયોગ કરતા લોકોને જેની પાસે સંસાધનો નથી તેને માટે પ્રતિબંધક રહે છે. ICT યુગમાં ટેકનોલોજી આધારિત સેવાઓમાં તે કેટલીકવાર જરૂરી છે. જ્યારે રાજ્ય કક્ષાએ અંદાજપત્ર માળખું તૈયાર થાય ત્યારે ઠરાવ કરવો જોઈએ કે માહિતી ઉત્પાદનના અને સેવાના વિસ્તૃત પાયા ઉપર સમુદાયની ચોક્કસ ટકાવારી જરૂરી છે.

દા.ત. ઉપભોક્તા અહેવાલ, અનુલય સેવા QAS વગેરે જેવી સેવાનો ઉમેરો કરી શકાય. તાલીમ કાર્યક્રમો, ઈન્ટરનેટ સર્ફિંગ જેવી સેવાઓ દ્વારા ફી રાખીને નાણા ભેગા કરી શકે છે.

❖ **માનક સેવા અને સમસ્યારૂપ સેવાઓ :-**

પ્રમાણભૂત ફીની શ્રેણીમાં સાર્વજનિક ગ્રંથાલયમાં ફોટોકોપી સેવાઓ, માઈક્રોફોર્મમાંથી પ્રિન્ટ, પુસ્તકો માટે દંડ, ક્ષતિગ્રસ્ત પુસ્તકો, પ્રિન્ટિંગ ચાર્જ કરી શકે છે.

પુસ્તકાલયનાં નિયમિત કલાકો સિવાય વર્કશોપ, સેમિનાર કે મીટીંગ રૂમના ઉપયોગ માટે ચાર્જ કરી શકે છે.

Information Papers on Users Fees (2000) મુજબ સમસ્યારૂપ સેવાઓની બીજી શ્રેણી, ઇન્ટર લાયબ્રેરી લોન્સ અને ઇન ડેફથ રેફરન્સ સર્વિસીસ દ્વારા કોન્ટ્રાક્ટના ધોરણે ટાઈપ કરવામાં આવે છે. જ્યાં તેમની પાસેથી ફીની વસુલાત કરવામાં આવે છે.

❖ **મૂલ્ય વર્ધિત સેવાઓ (Value Added Services) :-**

મૂલ્ય વર્ધિત સેવાઓની અંતિમ શ્રેણીમાં પુસ્તકાલયો મૂળભૂત અથવા રૂઢિગત હોય તેવી સેવાઓ માટે ફી વસૂલવાથી આગળ વધી શકે છે. જ્યાં ફીના નવા માળખા સાથે નવી સેવાઓ દાખલ કરી શકે છે.

અને ચાર્જ કરી શકે છે. લોકોની જરૂરિયાત સંતોષવા ખર્ચનો બોજ ઘટાડવા માટે થાય છે.

લાયબ્રેરીમાં આવતા યુઝર્સ પાસેથી SDI સેવા પણ વસૂલવામાં આવી શકે છે. જેમાં ઉપયોગકર્તાના રસના વિષયોની પુસ્તકાલયમાં નોંધણી કરાવી શકે છે. જેમાં ગ્રંથાલયમાં તેમના ઉપયોગી અને રસપ્રદ માહિતીની માહિતી મોકલવામાં આવશે.

❖ **ઇન્ટરનેટ અને ઈ-મેઈલ સેવાઓ :**

ઇન્ટરનેટ અને ઈ-મેઈલ સેવાઓ આપી ગ્રંથાલયમાં ભંડોળ ઊભું કરી શકાય છે. જ્યાં ગ્રંથાલય સેવાઓને ટકાવી રાખવા માટે ખર્ચ પુન: પ્રાપ્તિ ફી તરીકે તેનો ઉપયોગ કરી શકે છે. કારણ કે આ સેવાઓ જાળવવા માટે ખૂબ ખર્ચો થાય છે. અને આ સુવિધા માટેનો ખર્ચ અને ઇન્ટરનેટ કનેક્શન શુલ્ક ચૂકવીને સેવાઓને ટકાવી રાખવા માટે કરવામાં આવે છે.

## 8.6 સંસાધન એકત્રીકરણની પ્રક્રિયા -Process of Resource Mobilization

સંશાધન એકત્રીકરણમાં વ્યાપક પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. જેમાં ઉપયોગકર્તાઓનો કેન્દ્રમાં રાખવામાં આવે છે, અને તેના માટે વ્યુહાત્મક યોજના પ્રોગ્રામ ફંડિંગ નજીકના સંચાર અને દાતાઓ સાથે અસરકારક સંબંધ વિકસાવવાની અંદ કર્યો કરવાની જરૂર પડે છે. જેમાં સંસ્થાઓનું કુશળ યોજના અને વિશ્વસનીયતા સુધારવાનો સમાવેશ થાય છે. તેમજ તેની પ્રક્રિયામાં પુસ્તકાલયના ઉદેશ્યો અને કર્યો મહત્ત્વનો ભાગ ભજવે છે.

❖ **સંસાધન એકત્રીકરણ મૂળભૂત :**

સંસાધન એકત્રીકરણ એક એવી પ્રક્રિયા છે જે ફંડનો વિકાસ, ફંડનું ઉત્પાદન અને ફંડનું યોજના કરવા માટે મદદ કરે છે. જે ચોક્કસ વિકાસને સમર્થન આપવા માટે ભંડોળ માહિતી, માલસામાન, સેવાઓ, લોકો અને સંસ્થાઓના વિકાસ, ઉત્પાદન અને સંચાલનની પ્રક્રિયા છે. પુસ્તકાલયમાં સંસાધન એકત્રીકરણ

માટેની વ્યૂહરચનાના વિકાસ માટે યોગ્ય અને કાર્યક્ષમ સંસાધન ઉત્પાદન વ્યૂહરચના આવશ્યક છે. સંસાધન એકત્રીકરણ એ કાર્યોનો એક સંપૂર્ણપણે અલગ સમુદાય છે. જેમાં વિવિધ કૌશલ્યો અને ક્ષમતાઓનો જરૂરી સંગ્રહ છે.

❖ **રિસોર્સ મોબિલાઈઝેશન વ્યૂહરચના અને તેની રચના(Resource Mobilization Strategy and its formulation)**

રિસોર્સ મોબિલાઈઝેશન સ્ટ્રેટેજી ફોર્મ્યુલેશન મિશનની સ્પષ્ટતા મિશન અંતર્ગત પ્રાપ્ત કરવાના ઉદ્દેશો અને મિશનનાં મુખ્યત્વે ઉદ્દેશો કેવી રીતે સિદ્ધ થશે. તે સ્પષ્ટતા કરતી એક ક્રિયા યોજનાનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા એક મહત્ત્વનું કાર્ય છે. અને તે પુસ્તકાલય સેવાઓની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા વ્યવસાયિક અને કુશળ પ્રયત્નોની માંગ કરે છે. અને તે મિશન પ્રારંભ કરવા માટે જરૂરી છે. સંસાધન એકત્રીકરણમાં વર્તમાન સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વલણોથી પરિચિત થવું મહત્ત્વપૂર્ણ છે. સંસાધન એકત્રીકરણની અપનાવેલ પદ્ધતિઓનું વિશ્લેષણ શરૂ કરી દે છે. અને તે તેમની ઓપરેટીંગ પ્રક્રિયાના મૂલ્યાંકન પર આધાર રાખે છે.

- જરૂરી સંસાધનો
- ગ્રંથાલયમાં રહેલ સંસાધનો
- સંસાધન એકત્રીકરણ માટે ખર્ચ કરેલ નાણા અને સમય
- સહાય મેળવવાના વલણો
- ભંડોળ ઊભું કરવા માટે કર્મચારીનો અનુભવ અને કુશળતા
- કાયદાકીય વાતાવરણ - બિન નફાકારક સંસ્થાને અસર કરતા કાયદાઓ અને નિયમો

## 8.7 સારાંશ

આ એકમ યોજનાની વિભાવના અને તેની સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ , સાથે જોડાયેલ તકનીકો અને યોજનાના જુદા જુદા તબક્કો જેવાકે આદર્શમુલક અને ક્રિયાત્મક , યોજના પ્રલેખ તૈયાર કરવામાં સમાવેશ થતી પદ્ધતિઓ વગેરેનું યોજના કરવાની જરૂરિયાતની ચર્ચા

કરેલ છે. ઉપરાંત સંખ્યાત્મક સ્ત્રોતો ઓળખી બતાવ્યા છે. જે સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિને મજબુત બનાવે છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો. :-**

1) **સાર્વજનિક ગ્રંથાલયના ધ્યેય પ્રાપ્તિની જરૂરિયાત માટેનો વિવિધ સાધનો કયા છે?**

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## 8.8. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1. યોજના પ્રલેખની તૈયારીમાં સામેલ પધ્ધતિઓમાં જુદા જુદા તબક્કાઓ અથવા પદ્ધતિઓ આ પ્રમાણે છે, i) પ્રસ્તાવના, ii) ઉદ્દેશો અને હેતુઓ, iii) રૂપરેખા, iv) અધિનિયમ, (vi)કર્મચારીઓ
2. વિસ્તૃત રીતે ત્રણ પ્રકારના સ્રોતો છે, જે ધ્યેય પ્રાપ્તિ માટે જરૂરી છે, જેવાકે : ii) ભૌતિક સંસાધનો, ) નાણાંકીય સંસાધનો, iii) માનવ સંસાધનો,
3. જ્યારે અંદાજપત્ર અને સંસાધન ફાળવણી તૈયાર કરતા હોઈએ ત્યારે નીચેના માપદંડ અનુસરવા જરૂરી છે.
   A. પ્રવૃત્તિઓનું વર્ણન
   B. આવર્તક, મૂડી અને વિકાસ યોજના વચ્ચેનો તફાવત
   C. અગ્રતા અને સમયબંધન અને કાર્યક્રમો
   D. અંદાજપત્રની તૈયારી અને ખર્ચ અંગેની નોંધોની જાળવણીનું કૌશલ્ય ધરાવતા કર્મચારીઓ સાથે કુશળ મદદગાર કર્મચારીઓ.

## 8.9 સંદર્ભો અને વિશેષ વાચન (REFERENCES AND FUTURE READING)


1) American Library Association (1967). Minimum Standards for Public Library Systems, 1966, prepared by the Standards Committe and Sub-committees of the Public Library Association and American Library Association. Chicago: ALA
2) Deuarajan, Ged. (1999). 50 Years of Indian Librarianship. New Delhi: ESS ESS Publications
3) Iyenger, Sreenidhi.ed. (1996). Library Standards. New Delhi: Anmol Publications. Penna, Carlos Victor (1976). Planning Library Services. Paris : UNESCO
4) Ranganathan, S.R. (1950). Library Development Plan : Thirty-Year Programme for India with draft library bills for the Union and the constituent states, Delhi:
5) University of Delhi. Roberts, Stephan (1985). A Cost Management for Library and Information Services, London: Butter Worth.

# યુનિટ-9 સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ

:: રૂપરેખા ::

**9.0** ઉદ્દેશો **(Objectives)**
**9.1** પ્રસ્તાવના **(Introduction)**
- ધ્યેય

**9.2** સાર્વજનિક ગ્રંથાલયસેવાઓ
- **9.2.1** સામાન્ય સમજ
- **9.2.2** વાંચનસેવા
- **9.2.3** ગ્રંથ દેય-અદેય સેવા
- **9.2.4** પ્રલેખ રવાનગી સેવા
- **9.2.5** સંદર્ભસેવા
- **9.2.6** માહિતીસેવા
- **9.2.7** કમ્પ્યુટર – ટેકનોલોજી આધારિત સેવાઓ
- **9.2.8** ગ્રંથાલય વિસ્તરણપ્રવૃત્તિ – સેવા અને કાર્યો
  - વિસ્તરણ કાર્ય
- **9.2.9** પ્રચાર અને જાહેરાત

**9.3** તમારી પ્રગતિ ચકાસો
**9.4** સારાંશ **(Summary)**
**9.5** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
**9.6** ચાવીરૂપ શબ્દો **(Key Words)**
**9.7** બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)
**9.8** સંદર્ભો અને વિશેષ વાંચન **(References)**

## 9.0 ઉદ્દેશો (Objectives)

પ્રજાજીવનનાં સંસ્કારવારસાને યુગયુગાંતર સુધી પહોંચાડવાનું ઉત્તમ અને અનિવાર્ય આધારસ્થાન ગ્રંથાલય છે. ગ્રંથાલયના માધ્યમે જ્ઞાનવિતરણ સાથે જ્ઞાનવિશ્વની ક્ષિતિજોનું વિસ્તરણ થતું રહ્યું છે. માહિતીવિસ્ફોટના યુગમાં ઉપયોગકર્તાને ગ્રંથાલયસેવા દ્વારા

જ્ઞાનવિસ્તરણનો મહત્તમ લાભ આપી શકાય. સાર્વજનિક ગ્રંથાલયોમાં ઉપયોગકર્તાઓને આપવામાં આવતી ગ્રંથાલયસેવા જેવી કે,

- વાંચનસેવા
- ગ્રંથ દેય-અદેય સેવા
- પ્રલેખ રવાનગી સેવા
- સંદર્ભ સેવા
- માહિતીસેવા
- કમ્પ્યુટર અને ટેકનોલોજી આધારિત સેવા
- ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિ સેવા અને કાર્યોથી વિદ્યાર્થીને પરિચિત કરાવવાનો ઉદ્દેશ છે.

અર્વાચીન યુગમાં કોઇપણ વ્યવસાયિક ક્ષેત્રની સફળતાનો આધાર તેના product(ઉત્પાદન)નાં પ્રચાર અને વિજ્ઞાપન – જાહેરાત પર હોય છે. ગ્રંથાલય એક વિશેષ ક્ષેત્રમાં વ્યવસાયિક ક્ષેત્રો સાથે સમાનતા ધરાવે છે. વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર અને જાહેરાતની વિવિધતાના કારણે ગ્રંથાલયસેવાથી માહિતગાર થવાય છે.

## 9.1 પ્રસ્તાવના (Introduction)

જ્ઞાનના પ્રચાર અને પ્રસારને સહજ સ્વરૂપ આપવા માટે અધ્યયનનું એક અગત્યનું માધ્યમ એટલે સાર્વજનિક ગ્રંથાલય. જ્ઞાનનો પર્યાપ્ત સાર્વજનિક પ્રચાર તથા વિસ્તાર કરતા રહી માનવ વ્યક્તિત્વનો વિકાસ કરવાના શુભાશયથી સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપનાનો એક મહત્વપૂર્ણ અને પ્રભાવશાળી ઉપકરણ તરીકે સ્વીકાર થયો છે.

ઉત્તમ કેળવણી માટે સાર્વજનિક ગ્રંથાલયસેવા એક અનિવાર્ય શરત બની છે. ગ્રંથાલયના વિવિધ પ્રકારોમાં સાર્વજનિક ગ્રંથાલયની સર્વોપરિતા પણ સમાજમાં ક્રમશઃસ્વયંસિદ્ધ થતી જાય છે. સાર્વજનિક ગ્રંથાલયના હેતુની પૂર્તિ માટે અનેકવિધ નવીન ક્રિયા-પ્રક્રિયાઓ અને સંચાલનલક્ષી બાબતો આવિષ્કાર પામતી ગઈ. તેની સેવા-ક્ષિતિજ માત્ર ભણેલા લોકો પૂરતી જ મર્યાદિત ન રહેતાં, ઓછું ભણેલા અને અભણ લોકો સુધી પણ વિસ્તરવા લાગી.

સાર્વજનિક ગ્રંથાલય સમાજનાં વ્યક્તિમાત્રને નાત-જાત, ધર્મ કે જાતિના ભેદભાવ વિના, બાળક કે વયોવૃદ્ધને માહિતી પૂરી પાડે છે. વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક સ્તરમાંથી આવતા વાચકોની

અભિરુચિને પોષે છે, સંશોધનકારની વિશિષ્ટ માંગને સંતોષે છે. એટલે કે ભિન્ન-ભિન્ન સ્તર અને કક્ષાના ઉપયોગકર્તા થકી સાર્વજનિક ગ્રંથાલયની ગ્રંથાલયસેવા અત્યંત વ્યાપક અને સઘન બની રહી છે.

કમ્પ્યુટર ટેકનોલોજીના આવિષ્કારનાં કારણે ગ્રંથાલયની વિધિવિદ્યાઓ અને સેવામાં કમ્પ્યુટરના પ્રયોગ સાથે તેની પારંપારિક ગ્રંથાલયસેવાઓ નવીન રૂપ ધારણ કરવાની સાથે કેટલીક અદ્યતન સેવાઓનું પણ ઉમેરણ થયું. સાર્વજનિક ગ્રંથાલય પણ કમ્પ્યુટર ટેકનોલોજીના પ્રયોગમાં અગ્રેસર રહ્યાં છે પરિણામતઃ જ્ઞાન અને માહિતીકેન્દ્ર તરીકે તેમજ નેટવર્કિંગ ક્ષેત્રે સાર્વજનિક ગ્રંથાલયો સક્ષમ બન્યાં છે. ઇન્ફોરમેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનો યુગ આવતાં ગ્રંથાલયની સેવાઓ વધુને વધુ આધુનિક રીતે પહોચાડવાનું સરળ બન્યું છે.

આજે વાસ્તવિકતા એ છે કે સાર્વજનિક ગ્રંથાલયો તેની ગ્રંથાલયસેવા, પ્રલેખનસેવા અને માહિતીસેવા થકી સમાજને સુવાસિત બનાવે છે. માહિતી સમાજની રચનામાં અનન્ય ફાળો આપવાની સાથે રાષ્ટ્રીય ઉત્થાનમાં એક શક્તિપીઠ તરીકે કાર્ય કરે છે.

## ❖ ધ્યેય

સાર્વજનિક ગ્રંથાલયનો સીધો સંબંધ સમાજ સાથે છે માટે જ તેના ઉદ્દેશ્ય જનમતના આધારે નિશ્ચિત થાય છે. ડૉ. એસ. આર. રંગનાથન સાર્વજનિક ગ્રંથાલયનાં ઉદ્દેશ્યને સ્પષ્ટ કરતા જણાવે છે કે સાર્વજનિક ગ્રંથાલય તે વીજળીઘર છે, જે પ્રલેખોમાં સંગ્રહિત માહિતી-વિચારોને વ્યક્તિમાત્રમાં પ્રસારિત કરવાનું કાર્ય કરે છે.

- ઉપયોગકર્તાને સ્વશિક્ષણ માટે સહાયભૂત થઈ વિવિધ વિષયોની તટસ્થ અને સમતોલ માહિતી ઉપલબ્ધ કરાવવી.
- પ્રાચીન સંશોધનમાં સંશોધનકારો, વૈજ્ઞાનિકો અને આયોજકોને સુસંગત અદ્યતન માહિતી મેળવવામાં સહાયક બનવું.
- બાળકો, યુવાઓ અને પ્રૌઢોમાં સ્વશિક્ષણની ભાવના જાગૃત કરવી અને પોષવી.
- પુસ્તકો, પુસ્તિકાઓ, સમાચારપત્રો, સામયિકો, નકશા અને નકશાપોથીઓ, સંગીત વગેરે વાચનસામગ્રીઓ માંગ અનુસાર સંગ્રહ કરવો તથા તેના ઉપયોગની સુવિધા પ્રદાન કરવી.

- જ્ઞાનના પ્રત્યેક ક્ષેત્રમાં થનાર આવિષ્કાર, અન્વેષણ, શોધ તથા વિકાસ સંબંધિત તમામ ઉપયોગી અને અદ્યતન સામગ્રીનું સંકલન કરવું તેમજ ભાવિ ઉત્કર્ષ માટે તે ઉપલબ્ધ કરવું.
- અદ્યતન આધુનિક માહિતી ટેકનોલોજીથી વિવિધ માહિતી એકત્ર કરીને ઉપયોગકર્તાને સહાયરૂપ બનવું.
- ઉપયોગકર્તાને વિચાર-વિમર્શ તથા ક્રિયાશીલ દૃષ્ટિકોણ અપનાવવા માટે યોગ્ય વાતાવરણનું નિર્માણ કરવું.

પરિવર્તનશીલ વિશ્વમાં યુગે-યુગે સાર્વજનિક ગ્રંથાલયના ધ્યેયો-હેતુઓ પરિવર્તન પામતા રહ્યા છે. જેથી ગ્રંથાલયસેવાની ક્ષિતિજો વિસ્તરતી રહી છે.

## 9.2 સાર્વજનિક ગ્રંથાલયસેવાઓ (Public Library Services)

### 9.2.1 સામાન્ય સમજ

પરિવર્તન સમાજની એક અનિવાર્ય લાક્ષણિકતા છે. સતત પરિવર્તન થકી જ માનવી પથ્થરયુગથી કમ્પ્યુટર-અદ્યતન ટેકનોલોજી યુગ સુધી પહોંચ્યો છે. ગ્રંથાલય એ સામાજિક સંસ્થા હોઈ તે પરિવર્તનથી બાકી રહી શકે નહિ તે સ્વાભાવિક છે. ગ્રંથાલય તેના પ્રારંભિક સ્વરૂપમાં વાચનસામગ્રી સ્વરૂપ માત્ર ગ્રંથો જ ધરાવતો હોઈ, તે થકી આપવામાં આવતી સેવાઓ ગ્રંથાલય-સેવા તરીકે ઓળખાઈ. સમયના વહેણ સાથે, ગ્રંથો સાથે અનેક માહિતી માધ્યમો તેમા ઉમેરાતા રહ્યાં. આ વિવિધતાભર્યા સંગ્રહની ઓળખ માટે ગ્રંથ પદ નાનું લાગતા પ્રલેખ પદ પ્રયોજવામાં આવ્યું. સાથે જ ગ્રંથાલયસેવા પણ પ્રલેખસેવા તરીકે ઓળખાવા લાગી. પ્રલેખસેવા ગ્રંથાલયસેવાથી કંઈક અંશે સઘન અને વ્યાપક બની.

1950ના અરસામાં માનવીય પ્રવૃત્તિઓને કમ્પ્યુટર સ્પર્શ મળ્યો ત્યારબાદના વર્ષોમાં ગ્રંથાલયોમાં કમ્પ્યુટરનો પ્રયોગ શરૂ થયો. કમ્પ્યુટર-આધારિત ટેકનોલોજીના ઉપયોગના કારણે ગ્રંથાલયની તમામ વિધિવિદ્યાઓ અને સેવાઓમાં પણ પરિવર્તન સાથે નવીન અભિગમ અને ટેકનિક્સનું ઉમેરણ થતાં પ્રલેખને બદલે માહિતીસ્રોત તેમજ પ્રલેખ સેવાને બદલે માહિતીસેવા પદનો પ્રયોગ શરૂ થયો.

આજે મોટા ભાગના સાર્વજનિક ગ્રંથાલયો પૂર્ણતઃ ગ્રંથાલયસેવા સહીત પ્રલેખસેવા અને માહિતીસેવા આપી રહ્યાં છે.

સાર્વજનિક શબ્દમાં જ સર્વ-જનનો સમાવેશ થાય છે. સમાજની દરેક વ્યક્તિ સાર્વજનિક ગ્રંથાલયનો ઉપયોગકર્તા બની રહે છે. ભૌગોલિક, સાંસ્કૃતિક અને સામાજિક દ્રષ્ટિએ ઉપયોગકર્તામાં વિવિધતા જોવા મળે છે. જેમાં બાળક અને પ્રૌઢ, પુરુષો અને મહિલાઓ, વિશિષ્ટ વર્ગો તથા સમૂહ, સામાન્ય અને અસામાન્ય ઉપયોગકર્તાઓનો સમાવેશ થાય છે. વ્યક્તિ પછી તે ગમે તે સ્તર કે કક્ષાની હોય, ગરીબ કે તવંગર હોય, તીવ્ર બુદ્ધિ શક્તિ ધરાવતી હોય કે મંદબુદ્ધિવાળી હોય, સશક્ત કે શારીરિક ક્ષતિ ધરાવતી હોય, સાક્ષર કે નિરક્ષર હોય, સામાન્ય કે વિશિષ્ટ વર્ગની હોય, જીજ્ઞાસુ કે સંશોધક હોય તેવા દરેક ઉપયોગકર્તાને ગ્રંથાલયસેવા આપવામાં આવે છે.

ડૉ. એસ. આર. રંગનાથનના મતે વિવિધ ઉપયોગકર્તામાં લઘુતા-ગ્રંથિ ધરાવતાં, ગુરૂતા-ગ્રંથિ ધરાવતાં, ઉદાસીન, સ્વાર્થી અને સામાન્ય ઉપયોગકર્તાનો સમાવેશ થાય છે.

**9.2.2 વાંચનસેવા**

ગ્રંથાલયમાં આવતાં સામાન્ય વાચકો માટે વાચનાલય અને અધ્યયન વિભાગનો વિચાર કરવામાં આવે છે. જેમાં વાચક વાચનસામગ્રીનો ગ્રંથાલયમાં બેસીને જ ઉપયોગ કરી શકે છે.

**1. <u>વાચનાલય સેવા</u>**

આજે સાર્વજનિક ગ્રંથાલયોમાં વાચનાલય સુવિધા અનિવાર્યતઃ જોવા મળે છે. વળી, <u>વાચનાલયમાં પ્રવેશ મુક્ત હોઈ, ગ્રંથાલયનો તે લોકપ્રિય વિભાગ</u> ગણાય છે. વાચનાલયમાં વર્તમાનપત્રો, સામયિકોના વાંચન માટેની સુવિધા હોય છે. ઉપયોગકર્તા વર્ગને ધ્યાનમાં રાખી અલગ-અલગ ભાષાના તથા વિશિષ્ટ વિષયના વર્તમાન પત્રો અને સામાયિક ઉપલબ્ધ કરવામાં આવે છે. કેટલાંક નાના ગ્રંથાલયો ઉપયોગકર્તાને ગ્રંથાલયના ગ્રંથોને અધ્યયનાર્થે વાચનાલયમાં ઉપયોગ કરવાની સુવિધા આપે છે.

## 2. અધ્યયન સેવા

ગ્રંથાલયના ગંભીર ઉપયોગકર્તાઓ માટે અધ્યયન વિભાગ આવશ્યક છે. ત્યાં બેસીને તેઓ પોતાની વાંચનસામગ્રીનું અધ્યયન કરે છે. ગંભીર ઉપયોગકર્તાઓનાં પ્રકાર આ મુજબ છે:

### 2.1 સામાન્ય વાચક

કેટલાક વાચકો માત્ર સામાન્ય માહિતી મેળવવા અધ્યયન વિભાગનો ઉપયોગ કરે છે અને તે પણ થોડાંક જ સમય માટે.

### 2.2 વિશિષ્ટ વાચક

કેટલાક વિશિષ્ટ વાચકો જેવાં કે વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સાહિત્યકારો, વિશિષ્ટ વિષયના લેખકો તેમ જ શૈક્ષણિક કે વિશિષ્ટ ગ્રંથાલય સાથે સંલગ્ન ન હોય તેવા સંશોધકો અધ્યયન વિભાગનો ઘણી બધી માહિતી સામગ્રી સાથે લાંબા સમય માટે ઉપયોગ કરે છે.

### 2.3 વિદ્યાર્થી વાચક (વાચનકક્ષ)

વિદ્યાર્થીઓને વાંચન સુવિધા આપવી તે શૈક્ષણિક ગ્રંથાલયોની પ્રાથમિક ફરજ હોવા છતાં, શૈક્ષણિક ગ્રંથાલયો તેમાં ઉણા ઉતરે છે. આજે સાર્વજનિક ગ્રંથાલયોએ વિદ્યાર્થીઓને વાંચન-અધ્યયન સુવિધા આપવાનું સ્વેચ્છાએ સ્વીકાર્યું છે. સગવડતા ધરાવતા મોટા ગ્રંથાલયોમાં તો વિદ્યાર્થીઓ માટે વિશેષ વાચનખંડની સુવિધા ઉભી કરવામાં આવે છે.

- વાંચન માટે વાચક દીઠ 9 ચો. ફૂટ જગ્યા આવશ્યક છે. જયારે અધ્યયન માટે અંદાજે ઉપયોગકર્તા દીઠ 16 ચો. ફૂટ જગ્યા જરૂરી માનવામાં આવે છે. તે જોતાં સાર્વજનિક ગ્રંથાલય દ્વારા વાંચન-અધ્યયન માટે પૂરતી જગ્યા ફાળવવી આવશ્યક છે.

## 9.2.3 ગ્રંથ દેય-અદેય સેવા

પ્રાચીન સમયમાં ગ્રંથો(હસ્તપ્રતો)ની રચના કરવા માટે વિપુલ પ્રમાણમાં સમય, શક્તિ અને નાણાં ખર્ચવાના રહેતાં હોઈ તે અત્યંત મોંઘાં બની રહેતાં. આ સંજોગોમાં ગ્રંથો ઘરેણાં સ્વરૂપ બની રહેતાં. સમાજમાં ઉંચો દરજ્જો બતાવવાં પુરતો જ તેનો સંગ્રહ કરવામાં

આવતો, ઉપયોગ જ ન હતો. પરિણામે વાંચનસેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થયો ન હતો.

અનુપ્રાચીન કાળમાં વિશિષ્ટ વર્ગો માટે ઉપયોગ શરૂ થયો. પરંતુ ગ્રંથો સાંકળે બાંધીને એટલે કે બંધ કબાટમાં રાખવામાં આવતાં. વાંચન સુવિધા ગ્રંથભંડાર સાથે જ રાખવામાં આવતી, તે પણ સાંકળની લંબાઈ પૂરતી.

મુદ્રણકળાની શોધ સાથે પુસ્તકો સસ્તાં બન્યાં. તેની નકલો પણ સુલભ બની. સાંકળો તૂટી અને મોંઘી અમીરાત ગણાતાં પુસ્તકો સામાન્યજન માટે સુલભ બન્યાં, મુક્ત બન્યાં. પરિણામતઃ ગ્રંથાલયમાં જ બેસીને ગ્રંથોનો ઉપયોગ કરવાની સુવિધાનો ઉદ્દભવ થયો. તેમજ પુસ્તકો ગ્રંથાલયમાંથી બહાર ઉપયોગકર્તાઓને આપવાની સુવિધા ઉભી કરવામાં આવી અને અપ્રાપ્ય તથા વિશિષ્ટ પુસ્તકો(Reference Books) માટે અદેયસેવા ઉપલબ્ધ કરવામાં આવી.

**1. <u>ગ્રંથ પરિક્રમણ સેવા</u>**

ગ્રંથ પરિક્રમણ સેવાને સરળ ભાષામાં <u>ગ્રંથ આપ-લે સેવા</u> તરીકે ઓળખવામાં આવે છે. પરંપરાગત ગ્રંથાલયસેવામાં ગ્રંથ આપ-લે સેવાને પ્રાથમિક સેવા તરીકે મુલવવામાં આવે છે. ગ્રંથાલયનો ઉપભોકતા ઈચ્છિત ગ્રંથ વાંચન કે અધ્યયનાર્થે ચોક્કસ સમયમર્યાદા માટે વિધિવત્ ગ્રંથાલયની બહાર લઇ જઈ શકે તે સેવાકીય આદર્શ તમામ ગ્રંથાલયે સ્વીકાર્યો છે. ગ્રંથાલયોનો અને સાર્વજનિક ગ્રંથાલયોનો આદર્શ પણ એ જ છે કે ગ્રંથોનો વધુમાં વધુ ઉપયોગ થાય. અલબત્ત, ગ્રંથ આપ-લે સુવિધા માત્ર દેય વિભાગનાં ગ્રંથો પૂરતી જ મર્યાદિત હોય છે.

એકથી વધુ વાચકો કોઈ એક જ પુસ્તકને વાંચવાની ઈચ્છા ધરાવે ત્યારે અન્યાદેયીકરણ એટલે કે Claim Bookની સુવિધા પણ ઉપલબ્ધ બનાવવામાં આવે છે, જેમાં ઉપયોગકર્તાએ ચોક્કસ પત્રકમાં પોતાની અને પુસ્તકની આવશ્યક માહિતી ભરીને ગ્રંથ આપ-લે વિભાગમાં જમા કરાવવાની હોય છે. જેથી તેનો ક્રમ આવે ત્યારે તે ઉપયોગકર્તાને પુસ્તકનો લાભ મળી રહે.

કેટલાક સાર્વજનિક ગ્રંથાલયો અદેય વિભાગના ગ્રંથો પણ વિશિષ્ટ વાચકોને, વિશિષ્ટ સંજોગોમાં ઓવર-નાઈટ માટે ઇસ્યુ કરે છે. અંતે તો, 'પુસ્તકો ઉપયોગ માટે છે'. તે જ તો ગ્રંથાલયોનો આદર્શ છે.

**2. <u>આંતર ગ્રંથાલય ઉદ્ધરણ સેવા</u>**

'દરેક વાચકને તેનું પુસ્તક મળો' એ ભાવનાને સાર્થક કરવા ગ્રંથાલયે વાચકમાત્રની ઇચ્છિત વાચનસામગ્રી વસાવવી જ રહી. પરંતુ સમય, શક્તિ, નાણાં અને સ્થાનની મર્યાદાઓને કારણે વિપુલ પ્રમાણમાં પ્રકાશિત થતું બધું જ સાહિત્ય વસાવવું કોઈપણ ગ્રંથાલય માટે શક્ય નથી. તો બીજી બાજુ ગ્રંથાલયની મર્યાદાઓ આગળ ધરી વાચકને તેની ઈચ્છિત વાચનસામગ્રીથી વંચિત રાખવાનું ઉચિત ગણી શકાય નહીં.

આંતર ગ્રંથાલય ઉદ્ધરણ સેવા એટલે ગ્રંથાલયના વાચકને તેની ઇચ્છિત વાચનસામગ્રી જો પોતાના ગ્રંથાલયમાં ઉપલબ્ધ ન હોય તો તે બીજા ગ્રંથાલયમાંથી મંગાવી આપવી. આમ, આ સેવા થકી ગ્રંથાલયના ગ્રંથભંડાર અત્યંત વિશાળ બની રહે છે.

ગ્રંથાલયો એકબીજાને પોતાની વાચનસામગ્રીની આપ-લે કરે – આ વિચાર ઈ.સ. 1876માં સેમ્યુઅલ ગ્રીને અમેરિકામાં રજુ કર્યો હતો. જોકે તે માટેની નિયમાવલી 1940(સંશોધિત, 1952)માં કરવામાં આવી. જો કે ભારત-ગુજરાતમાં આ માટે પ્રમાણિત અને સર્વમાન્ય કોઈ નિયમાવલી નથી. માત્ર અંગત સંબંધો થકી જ આ સેવા ઉપલબ્ધ છે. ગ્રંથાલય સહકાર કે ગ્રંથાલય સંપતિમાં ભાગીદારી અન્વયે આંતર ગ્રંથાલય ઉદ્ધરણ સેવા નિયમાવલી રચવી આવશ્યક છે.

### 9.2.4 પ્રલેખ રવાનગી સેવા

ગ્રંથાલયોના સીમિત બજેટ, પ્રકાશનોની વધતી જતી કિંમત અને ઉપયોગકર્તાઓની માંગને લીધે કોઈ પણ ગ્રંથાલય પ્રલેખોની જરૂરીયાત અસરકારક રીતે પૂરી પાડવામાં અસમર્થ હોય છે. જેથી આંતર-ગ્રંથાલય અને સેવાઓની સહભાગીદારી અસ્તિત્વમાં આવેલ પરંતુ આંતર-ગ્રંથાલય સંસાધન સહભાગીદારી પદ્ધતિની પોતાની મર્યાદા પણ છે.

જેમાં અદ્યતન સંઘસૂચી, પુસ્તકની જવાબદારી તેમજ કેટલાક ગ્રંથાલયોનું આ સહભાગીદારીમાંથી અલગ થઇ જવું.

આ સમસ્યાને દૂર કરવા માટે પૂર્ણ પ્રલેખ રવાનગી સેવા માટે વિશ્વમાં અનેક રાષ્ટ્રીય પ્રલેખ રવાનગી કેન્દ્ર સ્થાપવામાં આવ્યા,

- બ્રિટીશ લાયબ્રેરી ડોક્યુમેન્ટ સપ્લાય સેન્ટર (British Library Document Supply Centre),
- નેશનલ લાયબ્રેરી ઓફ મેડીસીન (National Library of Medicine),
- ઇન્સ્ટીટયુટ ડેલ ઇન્ફોર્મેશન સાયન્ટીફીક યુ એટ ટેકનિક (Insititue DEL Information Scientific U Et Technique),
- ઇન્ડીયન નેશનલ સાયન્ટીફીક ડોક્યુમેન્ટેશન સેન્ટર (Indian National Scientific Documentation Centre(INSDOC))

આ કેન્દ્રો વિશાળ રૂપમાં કેન્દ્રીકૃત આયોજીત પ્રલેખ સંગ્રહની સાથે-સાથે વિકેન્દ્રિત બિન-આયોજીત પ્રલેખ સંગ્રહના માધ્યમથી પોતાની સેવાઓનું સંચાલન કરે છે.

ઇન્સડોક પ્રલેખ રવાનગી સેવા ભારતના વિભિન્ન ભાગોમાં સ્થિત વૈજ્ઞાનિક ગ્રંથાલયોના વિકેન્દ્રિત પ્રલેખ સંગ્રહ ઉપર આધારિત છે. ઇન્સડોક આ સેવા રાષ્ટ્રીય સ્તર ઉપર આપે છે. દિલ્હી ઉપરાંત ઇન્સડોકના બેંગલૂરૂ, કલકત્તા અને ચેન્નાઈમાં પ્રાદેશિક કાર્યાલયો આવેલા છે.

પ્રલેખ રવાનગી સેવાઓની કાર્યક્ષમતાને પ્રભાવિત કરતા તત્વોમાં પ્રલેખોની ઓળખ, તેની ઉપલબ્ધતાનું સ્થાન, ઉપલબ્ધતાનાં સ્રોત, પ્રલેખોની પ્રાપ્તિ અને ઉપયોગકર્તાને રવાનગી ગણાવી શકાય જયારે ગ્રંથાલયનું સીમિત અંદાજપત્ર, એકસ્વાધિકાર, પ્રકાશનોની અપ્રાપ્યતા, પ્રકાશનોની વધતી જતી કિંમત, વિજાણુ રીતે પ્રલેખોનો સંગ્રહ અને રવાનગી પર લગાવવામાં આવેલ પ્રતિબંધ વગેરે સમસ્યાઓનો પ્રલેખ રવાનગી સેવા પૂરી પાડનારને સામનો કરવો પડે છે. પ્રલેખ રવાનગી સેવા પણ કાયદા હેઠળ આવે છે.

### 9.2.5 સંદર્ભસેવા

'યોગ્ય વાચકને, યોગ્ય માહિતી, યોગ્ય સમયમાં મેળવી આપવી' એ ગ્રંથાલયસેવાનું હાર્દ છે. આ માટે ગ્રંથાલયમાં અનેક વિવિધ ક્રિયા-

પ્રક્રિયાઓ પ્રયોજવામાં આવે છે. જેમાં વર્ગીકરણ અને સૂચીકરણ આગવું મહત્વ ધરાવે છે. અલબત્ત, આ પ્રક્રિયાઓ કેટલાંક અંશે યાંત્રિક હોઈ, તેના ઉપયોગ માટે વાચકપક્ષે થોડીક જાણકારી આવશ્યક છે.

વાચક અને વાચનસામગ્રી વચ્ચે સુપેરે સુમેળ સંધાય તે ગ્રંથાલય – જીવંત ગ્રંથાલય. વાચનસામગ્રી નિશ્ચેતન, અબોલ, જડ વસ્તુ છે અને સ્વની લાક્ષણીકતા વ્યક્ત કરવા તે અસમર્થ છે. જયારે તેનો ઉપયોગકર્તા સજીવ છે. તેની પાસે વાચા, લાગણી, ભાવ છે અને તે જ્ઞાનપ્રાપ્તિની ઈચ્છા ધરાવે છે. ગ્રંથાલયની યાંત્રિક ક્રિયા-પ્રક્રિયાઓ સિવાય પણ કોઈ વિશેષ માધ્યમની આવશ્યકતા રહે છે, જેના થકી જડ અને ચેતન વચ્ચેનું સહજ મિલન શક્ય અને સુખદ બનાવી શકાય. આ વિશેષ માધ્યમ એટલે સંદર્ભસેવા.

સંદર્ભસેવાનો સામાન્ય અર્થ થાય છે, 'જ્ઞાનપ્રાપ્તિ કે માહિતીપ્રદ તથ્યોની શોધમાં વ્યસ્ત ઉપયોગકર્તાઓને ગ્રંથપાલ દ્વારા વ્યક્તિગત સ્વરૂપે તેમની સહાયતા કરવી. સંદર્ભસેવા તે સંવાદસહ મળતી ગ્રંથાલયસેવા છે.'

ગ્રંથાલયના ઉપયોગકર્તા દ્વારા માહિતી પ્રાપ્તિ માટે કરવામાં આવતી પૃચ્છા થકી સંદર્ભસેવાનો જન્મ થયો છે. સંદર્ભસેવાનું પ્રાથમિક સ્વરૂપ તે 'વાચક સહાયતા' છે. વાચક સહાયતાએ ત્યારબાદ 'સંદર્ભકાર્ય'નું સ્વરૂપ ધારણ કર્યું, અને કાર્યમાં સેવાભાવ ઉમેરતા તે 'સંદર્ભસેવા' તરીકે ઓળખાઈ.

- ડૉ. રંગનાથને સંદર્ભસેવાને સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે, 'સંદર્ભસેવા એક એવી માનવીય પ્રક્રિયા છે જે દ્વારા વાચક અને તેની વાચનસામગ્રી વચ્ચે સંબંધ સ્થાપિત થાય છે.'
- વિલ્ડેન(A. Wilden) સંદર્ભસેવાના ઉદ્દેશ્ય અને કાર્યો આ મુજબ જણાવે છે.
    1. જ્ઞાનપિપાસુઓને જ્ઞાનની શોધમાં સહાયતા પ્રદાન કરવી.,
    2. ગ્રંથાલયનો ઉપયોગ કરવાની વિધિઓથી તેના ઉપયોગકર્તાઓને માહિતગાર કરવા.,
    3. ભોગ્ય અને ભોક્તા વચ્ચે મધ્યસ્થી કરવી.,
    4. સંદર્ભસ્રોતોનો ઉપયોગ કરતા શીખવવું.

1875માં સંદર્ભસેવાના પગરણ અમેરિકામાં મૂકાયા બાદ આજે સાર્વજનિક ગ્રંથાલય સહીત તમામ ગ્રંથાલયોની ગ્રંથાલયસેવાની પ્રાથમિક શરત બની છે.

ડૉ. રંગનાથને સંદર્ભસેવાના ચાર પ્રકાર જણાવ્યા છે.

1. **પરિચયાત્મક સેવા**

ગ્રંથાલયમાં પ્રવેશતા નવઆગંતુકોને વૈયક્તિક રીતે કે સામૂહિક રીતે ગ્રંથાલયના વિભિન્ન વિભાગો, તે દ્વારા આપવામાં આવતી સેવાઓ, તે માટેના સામાન્ય નિયમો વગેરેનો પરિચય કરાવવો.

2. **સામાન્ય સંદર્ભસેવા**

ગ્રંથાલયના ઉપયોગકર્તાઓ દ્વારા પૂછવામાં આવતા સામાન્ય પ્રશ્નોનું સમાધાન કરવું.

3. **પ્રસ્તુત સંદર્ભસેવા**

ગ્રંથાલયના ઉપયોગકર્તાઓની માહિતી સંબંધી પૃચ્છાનું ત્વરિત સમાધાન કરાવવું. સામાન્યતઃ આ સેવા સંદર્ભસ્રોતો પર આધારિત હોય છે.

4. **વ્યાપ્ત સંદર્ભસેવા**

વાચકના સહયોગી બની રહી તત્કાલ તેની આવશ્યક માહિતી સંબંધિત પૃચ્છાનું સમાધાન કરવું તે પ્રસ્તુત સંદર્ભસેવા છે. ઉપયોગકર્તાઓની આવશ્યક શોધયાત્રાના વટેમાર્ગુ બની, વાચકની ઈચ્છિત માહિતીનો બોજ પોતાના ખભા પર મૂકી સહપ્રવાસી બની રહી તેને ઈચ્છિત માહિતીની મંજિલ સુધી પહોંચાડવા માટે સહાયતા કરવી. ઈચ્છિત માહિતી માટેનો પ્રવાસ પોતાના ગ્રંથાલયથી શરૂ કરી, અન્ય ગ્રંથાલયો સુધી તો ક્યારેક વિષય નિષ્ણાતો સુધી પણ વિસ્તરતો હોઈ શકે છે.

સંદર્ભસેવા તે માનવીય સેવા છે. ગ્રંથાલયમાં પ્રવેશતા વાચકને સસ્મિત આવકાર આપવો, તેનામાં આત્મિય ભાવ ઉત્પન્ન કરવો જેથી તે પોતાની માહિતી માંગ નિઃસંકોચપણે જણાવી શકે, સંવાદ થકી માહિતી માંગને સ્પષ્ટ બનાવી શકે તે ઉત્તમ સંદર્ભસેવાની પ્રાથમિક શરત છે.

સંદર્ભસેવા થકી જ ગ્રંથાલયની સુવાસ સમાજમાં પ્રસરતી હોય છે. સંદર્ભસેવા તે ગ્રંથાલયની લોકપ્રિયતા માટેની એક જ્યોત છે. ઉપયોગકર્તા દ્વારા જે પ્રશ્નોનો ઉત્તર વિનંતી કરીને પ્રાપ્ત કરવાને

પ્રત્યુતરાત્મક સેવા કહેવાય છે. જયારે માંગની અપેક્ષાને ધ્યાનમાં રાખી આપવામાં આવતી સેવાને અપેક્ષિત સેવા કહેવામાં આવે છે.

### 9.2.6 માહિતીસેવા

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનને સ્પર્શે છે ત્યાં સુધી પ્રલેખ સામગ્રીમાં નિરૂપિત વિષયવસ્તુને “માહિતી” તરીકે ઓળખાવી શકાય. વિવિધ પ્રકારનાં સૂચનાત્મક પ્રશ્નો, આંકડાકીય, પાઠ્ય કે ચિત્રો એવા કોઈપણ સ્વરૂપે થતી વૈજ્ઞાનિક અને ટેકનીકલ જ્ઞાનની વાતચીતના આદાન-પ્રદાન, કાગળ-મુદ્રણ, શુક્ષ્મ સ્વરૂપ કે યંત્ર વાંચી શકે તેવા સ્વરૂપમાં રજૂઆત વગેરેથી માહિતી બને છે. માહિતીની સાર્થકતા એના ત્વરિત પ્રત્યાયન અને ઉપયોગમાં રહેલી છે. માહિતીસેવાનો આદર્શ એ વિષયવસ્તુની પુન:પ્રાપ્તિ સરળતાથી મળી રહે તે છે.

- **નિર્દેશન સેવા** – કોઈપણ ગ્રંથાલય કે માહિતીકેન્દ્ર પોતાના માહિતીસ્રોતમાંથી માહિતી પૂરી પાડવા સક્ષમ ન હોય ત્યારે એ માહિતી ક્યાંથી મળી શકે તે અંગેનું નિર્દેશન કરે છે.
- **સાહિત્ય શોધ સેવા** – સાહિત્ય શોધને “દીર્ધકાલીન સંદર્ભસેવા” ની સમકક્ષ માનવામાં આવે છે. જેમાં શોધકાર્ય, ગહનતા અને વિસ્તૃતી અતિવ્યાપક હોય છે. આ સેવા માટે સંદર્ભસ્રોતોની વિસ્તૃત શ્રેણી અને પર્યાપ્ત સાહિત્ય શોધ માટે એકથી વધારે સ્રોતોનો ઉપયોગ કરવામાં આવે છે.
- **વાડ્મયસૂચિ સેવા** – વિશિષ્ટ વિષય અંગે વિવિધ સ્રોતોમાં બધી જ સંબંધિત માહિતીને વાડ્મયસૂચિ સ્વરૂપે એકત્રિત કરીને આપવામાં આવે અને તે માંગને આધારે કે સંભવિત માંગને ખ્યાલમાં રાખીને તૈયાર કરવામાં આવે છે.
- **નિર્દેશીકરણ સેવા** – પ્રલેખમાં રજૂ થયેલાં વિષય કે વિભાવના અથવા વિચારવસ્તુની રજૂઆત તથા પ્રલેખમાં તેનું સ્થાન વગેરે નિર્દેશીકરણ સેવા દ્વારા જાણી શકાય છે. આ માટે પદ્ધતિસરની માર્ગદર્શિકા એટલે કે નિર્દેશિકા તૈયાર કરવામાં આવે છે.
- **સારાંશીકરણ સેવા** – પ્રલેખનાં વિષયવસ્તુને સંક્ષિપ્તમાં રજૂ કરવાની પ્રક્રિયા તે સારાંશીકરણ છે. ઉપયોગકર્તાઓ આ સેવાના આધારે માહિતીની પસંદગી ઓછા સમયમાં કરે છે.

* **<u>અદ્યતન-અવબોધન સેવા</u>** – ઉપયોગકર્તાઓ તેમાં પણ સંશોધનકાર્ય અને વિશિષ્ટ વિષય સાથે સંકળાયેલ ઉપયોગકર્તાને તેમના ઉપયોગી ક્ષેત્રમાં થયેલાં નવાં સંશોધન, નવાં પ્રકાશન કે નવાં સમાચાર વિશેની અદ્યતન માહિતી સતત ઉપલબ્ધ કરવામાં આવે છે. આ પ્રકારની માહિતી સમયાંતરે પ્રસિદ્ધ કરવી જોઈએ.
* **<u>પસંદગીયુક્ત માહિતી સેવા</u>** – કોઈ એક ઉપયોગકર્તા કે ઉપયોગકર્તાનાં જૂથને તેમના રસનાં વિષયલક્ષી કે પસંદગીનાં વિષયલક્ષી માહિતી પૂરી પાડવામાં આવે છે. જેથી તેને જોઈતી ચોક્કસ માહિતી જ મળી રહે છે. આ માટે કોઈપણ ઉપભોક્તાની પ્રોફાઈલમાં ચાવીરૂપ શબ્દો ગોઠવવામાં આવે છે જે તેના રસનાં વિષયો દર્શાવે છે. ઉપભોક્તાની પ્રોફાઈલ તૈયાર કરવા માટેનું કાર્ય અઘરું હોવાથી કુશળતા અને ચોકસાઈ માંગી લે છે.
* **<u>અનુવાદ સેવા</u>** – જ્ઞાનવિશ્વમાં પ્રસિદ્ધ થતી માહિતી વિવિધ ભાષામાં હોય છે. ઉપયોગકર્તાઓ તમામ ભાષાના જાણકાર ન હોવાના કારણે તેમને જોઈતી માહિતી અનુવાદ સેવા દ્વારા આપવામાં આવે છે.

### 9.2.7 કમ્પ્યુટર – ટેકનોલોજી આધારિત સેવાઓ

પરિવર્તિત યુગમાં પહેલાંની માહિતી કરતાં આજની માહિતીના સ્વરૂપ અને સ્રોતો, સંગ્રહ પ્રણાલીમાં ઘણા પરિવર્તન થયા છે. માહિતીક્રાંતિનાં આ યુગમાં માહિતી ટેકનોલોજીનાં વધતા જતા પ્રભાવે ગ્રંથાલયોની પ્રણાલી અને તેની કાર્યપદ્ધતિમાં અમર્યાદિત પરિવર્તન આવેલ છે. આજે માહિતીની માંગમાં પણ પરીવર્તન જોવા મળે છે. માહિતી ટેકનોલોજીનાં ઉપયોગ દ્વારા આપ-લે સેવા, તકનીકી સેવા, સારકરણ સેવા, નેટવર્કિંગ, રિઝર્વેશન સેવા, ઓન-લાઈન બુક સેવા, ઈન્ટરનેટ સેવા, આંતર-ગ્રંથાલય લેવડ-દેવડ, સંઘસૂચી, અનુલય સેવા, રેપ્રોગ્રાફી સેવા, ઓન-લાઈન ડેટાબેઝ શોધ સેવા, બારકોડ જેવી ગ્રંથાલય સેવા ઉપલબ્ધ બનાવી શકાય છે.

મોબાઈલ ટેકનોલોજીની સહાયથી એસ.એમ.એસ. સેવા, ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ, ડેટાબ્રાઉઝીંગ, ટેક્ટ્સ સંદર્ભસેવા આપી શકાય છે. આજે whatsappનું ચલણ વધ્યું છે ત્યારે <u>whatsapp દ્વારા ઉપયોગકર્તાઓનાં વિષયલક્ષી ગ્રુપ</u> – જેવાં કે વિદ્યાર્થી, અધ્યાપકો, સંશોધનકારોનાં ગ્રુપ પાડીને ગ્રંથાલયમાં આવતાં નવાં પુસ્તકો,

સામયિકો, સમાચારપત્રો, પુસ્તક સમીક્ષાની માહિતી આપી શકાય છે. ગ્રંથાલય દ્વારા આયોજીત સેમીનાર અને કાર્યક્રમોની માહિતી સંબંધિત ગ્રુપને કે ઉપયોગકર્તાને આપી શકાય છે. આ ઉપરાંત ચોક્કસ વર્ગને પસંદગીયુક્ત માહિતીસેવા પૂરી પાડી શકાય.

બે કે તેથી વધારે કમ્પ્યુટર સીસ્ટમ જોડાણ માહિતી પ્રત્યાયન કરે તેને કમ્પ્યુટર નેટવર્ક કહેવામાં આવે છે. નેટવર્ક દ્વારા ઉપભોક્તાઓને સાંપ્રત ઘટનાઓથી માહિતગાર કરી શકાય છે. નેટવર્કિંગ સેવાને કારણે ઉપભોક્તાઓ તેમના ઈચ્છિત સ્થળે સ્વશિક્ષણ અને માહિતી મેળવી શકે છે.

### 9.2.8 ગ્રંથાલય વિસ્તરણપ્રવૃત્તિ – સેવા અને કાર્યો

પરંપરાગત સેવાઓમાંથી બહાર આવી વધુમાં વધુ લોકો ગ્રંથાલયનો ઉપયોગ કરતાં થાય તે માટે યોજવામાં આવતી યુક્તિ-પ્રયુક્તિ એટલે ગ્રંથાલય વિસ્તરણ કાર્ય-પ્રવૃત્તિ. વ્યક્તિ કે વ્યક્તિજૂથોને ગ્રંથાલય કે ગ્રંથાલયસેવા પ્રતિ આકર્ષિત કરવા માટે કરવામાં આવતી પ્રવૃત્તિ એટલે વિસ્તરણ સેવા. સમાજની તમામ વ્યક્તિ ગ્રંથાલયસેવાથી પરિચિત હોતી નથી તેમ જ ગ્રંથાલયમાં આવતાં ઉપયોગકર્તાને તમામ ગ્રંથાલયસેવાની જાણકારી હોય જ તેવું પણ કહી શકાય નહિ. વધુમાં વધુ લોકો ગ્રંથાલયમાં આવતાં થાય, વધુમાં વધુ ગ્રંથોનો ઉપયોગ થાય તે માટે તેઓને ગ્રંથાલયસેવાની પૂર્ણત: જાણકારી આપવી આવશ્યક છે. જે ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિ દ્વારા સહજ બનાવી શકાય.

ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિમાં ગ્રંથાલયની ભૂમિકાની સાથે-સાથે ઉપયોગકર્તાઓ પણ તેમાં સક્રિય ભાગ ભજવી અન્ય ઉપયોગકર્તાઓ માટે પ્રેરક અને પ્રોત્સાહક બની રહે છે. ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિ માત્ર ગ્રંથાલયભવનમાં કરી શકાય છે તેવું પણ નથી. ગ્રંથાલયની બહાર, સમાજ વચ્ચે, મેળા-ઉત્સવો વગેરે સ્થાને પણ વિસ્તરણ પ્રવૃત્તિ કરવામાં આવે છે. ગ્રંથાલયમાં ન આવતી વ્યક્તિ ગ્રંથાલયમાં આવતી થાય, ગ્રંથાલયસેવાથી માહિતગાર થાય માટે બાહ્ય વિસ્તરણ પ્રવુતિ વધુ અસરકારક બની રહે છે.

વિસ્તરણ પ્રવૃતિનો હેતુ ગ્રંથાલય વિસ્તારની વ્યક્તિમાત્રને વાચક બનાવવાનો છે. ગ્રંથાલયમાં નિયમિત આવતો કરવાનો છે. વ્યક્તિમાત્રને એ અહેસાસ કરાવવાનો છે કે ગ્રંથાલય અને તેની

ગ્રંથાલયસેવા તેની પ્રાથમિક જ્ઞાન / માહિતીની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટેનું એક આવશ્યક કેન્દ્ર છે. વિશ્વના તમામ ગ્રંથાલયશાસ્ત્રીઓ તથા યુનેસ્કોએ પણ વિસ્તરણ પ્રવૃતિની સરાહના કરી છે.

વિસ્તરણ પ્રવૃત્તિ ગ્રંથાલયને સતત ચેતનવંતુ બનાવે છે. સાર્વજનિક ગ્રંથાલયોમાં યોજાતી તેમ જ યોજી શકાય તેવી પ્રવૃતિઓની સંખ્યા વધુ છે જેને આ સાથે જણાવેલ મુખ્ય ૭ જેટલાં જૂથોમાં વિભાજિત કરી શકાય.

1. **ગ્રંથાલય વાચનસામગ્રી સંસ્પર્શી વિસ્તરણસેવા**

કાવ્યવાંચન, કાવ્યાસ્વાદ, ગ્રંથપરિચય, જીવનચરિત્રવાંચન, નાટ્યવાંચન, વાચનજૂથ, સાપ્તાહિક ગ્રંથસમીક્ષા, સાપ્તાહિક સમાચાર, સાહિત્યિક સમાચાર, ગ્રંથપ્રદર્શન, ફરતું ગ્રંથપ્રદર્શન, સામાન્ય ગ્રંથપ્રદર્શન વગેરે.

2. **વ્યક્તિવિશેષ સંસ્પર્શી વિસ્તરણસેવા**

લેખકમિલન, વાર્તાકથન, વિશિષ્ટ વ્યક્તિની મુલાકાત, વ્યાખ્યાન, સાહિત્યસર્જકની મુલાકાત વગેરે.

3. **સમૂહલક્ષી વિસ્તરણસેવા**

કૂટપ્રશ્નો, ચર્ચાજૂથ, પરિસંવાદ, પરિષદ, મોકકોર્ટ, લોકસાહિત્યની રસલાણ, વાચકમંડળ, વાચકસંસદ, સાહિત્ય વર્તુળ, સાહિત્યચોરો વગેરે.

4. **દ્રશ્ય-શ્રાવ્ય વિસ્તરણસેવા**

કેસેટ શ્રવણ, રેડિયો શ્રવણ, ફિલ્મ અને ફિલ્મ શો, ટી.વી. પ્રસારણો વગેરે.

5. **કલા સંસ્પર્શી વિસ્તરણસેવા**

કઠપૂતળી, કલાપ્રદર્શન, કલામેળો, કલામંડળ, કાગળકામ, નાટ્ય, મનભાવન પ્રવૃતિઓ, વેસ્ટમાંથી બેસ્ટ, સમૂહગાન, સંગીત વગેરે.

6. **વિશિષ્ટ વિસ્તરણસેવા**

આવો-ઓળખીએ, અભિનય, ચિત્રકામ, નકશાવાચન, નિબંધલેખન, વકતૃત્વ, સુલેખન, સુવાચન વગેરે.

7. **પ્રકાશનકીય વિસ્તરણસેવા**

ગ્રંથાલય પત્રિકા, હેન્ડ બીલ, પાટિયા કવિતા, ભીંત પત્રિકા, વાઙ્મયસૂચી, વાચનયાદી, મુદ્રિતસૂચી, વાર્ષિક અહેવાલ, વિશિષ્ટ પ્રકાશનો વગેરે.

**8. ઈતર સામાજિક પ્રવૃતિને સહાયક વિસ્તરણસેવા**

લેખન, પ્રકાશન, પ્રૌઢશિક્ષણ, જ્ઞાનસત્ર વગેરે.

**9. ગ્રામગ્રંથાલય માટેની વિસ્તરણસેવા**

ગ્રંથવાચન, ભીંતચિત્રો, પત્રો, નકશાઓ, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો, ખેતી વિષયક માહિતી ચર્ચા વગેરે.

## ❖ વિસ્તરણ કાર્ય

વિસ્તરણ પ્રવૃત્તિઓ અને વિસ્તરણ કાર્ય વચ્ચે તાત્વિક ભેદ છે. વિસ્તરણ પ્રવૃત્તિ ગ્રંથાલયસેવાને સ્પર્શે છે જયારે વિસ્તરણ કાર્ય ભૌતિક પ્રવૃતિઓ અર્થાત્ ગ્રંથાલયસેવાના ફલકને વિસ્તૃત બનાવવાની પ્રક્રિયાઓને સ્પર્શે છે. જેમાં શાખાગ્રંથાલયોની રચના તથા વિશિષ્ટ કેન્દ્રોની રચનાનો સમાવેશ થાય છે.

**1. શાખા ગ્રંથાલયો**

ડૉ. રંગનાથન પ્રથમ સૂત્ર 'પુસ્તકો ઉપયોગ માટે છે', તેના ભાવાર્થમાં જણાવે છે કે ગ્રંથાલયના પુસ્તકોનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે ગ્રંથાલયનું સ્થળ વાચકોની વચ્ચે હોવું જોઈએ. સાથે જ બીજા શબ્દોમાં તેઓ જણાવે છે કે ઘરના આંગણે ઉભા હોઈએ ત્યાંથી ગ્રંથાલય દેખાવું જોઈએ કે ઓછામાં ઓછા 1.5 કિ.મી.નાં અંતરે ગ્રંથાલય હોવું જોઈએ કે ઓછામાં ઓછી 10 મિનીટમાં ગ્રંથાલયમાં પહોંચી શકીએ તેટલા અંતરે ગ્રંથાલય હોવું જોઈએ.

કવચિત, ગ્રામગ્રંથાલય કે કસ્બા ગ્રંથાલય કે નાના નગર ગ્રંથાલયો માટે નજીકત્વનો આ આદર્શ પાળવો સહજ છે, પણ મોટા નગરો, શહેરો માટે આ આદર્શ પાળવાનું શક્ય નથી. નગરો અને શહેરોના વિકાસ સાથે રહેણાંક વસ્તીથી ગ્રંથાલયનું સ્થળ દૂરને દૂર થતું જાય છે. માત્ર દૂરત્વનાં કારણે લોકો ગ્રંથાલયનાં ઉપયોગથી વંચિત બની રહે તે પણ યોગ્ય નથી. નગર અને શહેરના સિમાડાના લોકોને પણ સરળતાથી ગ્રંથાલય અને ગ્રંથાલયસેવા મળી રહે તે માટેનો ઉત્તમ ઉપાય તે શાખાગ્રંથાલયો છે.

શાખા ગ્રંથાલય એટલે મુખ્ય ગ્રંથાલયના એક અંશ સ્વરૂપ નગર કે શહેરના દૂર દૂરના વિસ્તારમાં મુખ્ય ગ્રંથાલયની શાખા સ્વરૂપ

રચવામાં આવેલ ગ્રંથાલય. સામાન્યતઃ શાખાગ્રંથાલયની સમગ્ર સંચાલનકીય વ્યવસ્થા અને ગ્રંથાલય વિધિવિદ્યાઓ મુખ્ય ગ્રંથાલયને હસ્તક હોય છે, જયારે સામાન્ય ગ્રંથાલયસેવાની જવાબદારી શાખા હસ્તક હોય છે. ગ્રંથાલય પદ્ધતિ અન્વયે મુખ્ય ગ્રંથાલયના સક્રિય સભ્યો તેમજ શાખાગ્રંથાલયના સક્રિય સભ્યો અરસપરસ ગ્રંથાલયોનો ઉપયોગ કરી શકતા હોય છે.

**2. <u>ફરતાં ગ્રંથાલયો</u>**

દૂરત્વ અને જે તે વિસ્તારની વસ્તીનું પ્રમાણ ઓછું હોય ત્યાં શાખાગ્રંથાલય સ્થાપવું ઉચ્ચિત માનવામાં આવતું નથી. છેવાડાની અને યત્રતત્ર રહેણાંક ધરાવતી વસ્તીને ગ્રંથાલયસેવાથી લાભાન્વિત બનાવવા ફરતાં ગ્રંથાલયોની યોજના અમલમાં આવી છે. એ આંશિક અને નિયત સમય માટે જ નિશ્ચિત કરેલ જગ્યાએ ઉભું કરી, માત્ર ગ્રંથ આપ-લે સેવા આપે છે.

ફરતાં ગ્રંથાલયો માત્ર બાળકો માટે કે માત્ર મહિલાઓ માટેનાં હોઈ શકે છે. દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો સાથેના ફરતાં ગ્રંથાલયો હોઈ શકે છે. શાખાગ્રંથાલયની જેમ ફરતાં ગ્રંથાલયોની સંચાલનકીય વ્યવસ્થા મુખ્ય ગ્રંથાલયની હોય છે.

**3. <u>વિશિષ્ટ કેન્દ્રો</u>**

શાખા ગ્રંથાલયો અને ફરતાં ગ્રંથાલયો ઉપયોગકર્તાઓના વિસ્તારમાં જઈ તેઓને ગ્રંથાલયસેવા આપે છે. જયારે વિશિષ્ટ કેન્દ્રો ઉપયોગકર્તાને આંગણે જઈ, તેઓને ગ્રંથાલયસેવા આપે છે. જેમકે જેલ ગ્રંથાલય, રુગ્ણાલય ગ્રંથાલય વગેરે સામાન્યતઃ જેલમાં અને રુગ્ણાલયમાં અનુક્રમે કેદીઓ અને દર્દીઓ માટેના સ્વતંત્ર ગ્રંથાલયો હોતા નથી. કેદીઓ, દર્દીઓને ગ્રંથાલયસેવા પૂરી પાડવાની જવાબદારી સાર્વજનિક ગ્રંથાલયની છે.

સાથે જ કેટલાંક સેવાકેન્દ્રોની રચના સાર્વજનિક ગ્રંથાલય દ્વારા કરવામાં આવે છે. જ્યાં નિયત સમય માટે કેટલીક વાચનસામગ્રી ઉપયોગાર્થે મૂકવામાં આવે છે. સતત ફેરબદલી પણ થતી રહે છે. આ સેવાકેન્દ્રોનું સંચાલન સેવારત સંસ્થાઓને સોપવામાં આવે છે.

### 9.2.9 પ્રચાર અને જાહેરાત

ગ્રંથાલય એક સામાજિક સંસ્થા છે. ગ્રંથાલયમાં સંગ્રહિત વાંચન અને માહિતી સામગ્રી સમાજની વ્યક્તિને સાક્ષર, અભ્યાસુ-વિદ્વાન બનાવવા ઉપયોગી થઇ રહે છે. આ માટે પ્રચાર અને જાહેર સંપર્ક અગત્યના માધ્યમો છે. જાહેર સંપર્કથી માહિતીની વિશેષતા સમજાવી તેનાં ઉપયોગ માટેની જિજ્ઞાસાને જાગૃત કરી શકાય છે.

- **હેતુ અને જરૂરિયાત:-**
  1. પુસ્તકોની માંગ અલ્પજીવી હોય છે જો તેને યોગ્ય સમયમાં પરિપૂર્ણ ન કરવામાં આવે તો તે અદ્રશ્ય બની જાય છે. અધ્યયન અને અધ્યાપનની પ્રક્રિયા આજીવન ચાલતી રહે તે માટે ગ્રંથાલય પ્રચાર તથા જાહેરાત ઉપયોગી છે.
  2. વાચકોને ગ્રંથાલયની સેવાઓ તથા ઉપયોગિતાઓથી પરિચિત કરાવવા માટે ગ્રંથાલય પ્રચાર તથા જાહેરાત ઉપયોગી છે.
  3. પુસ્તકોને વાચનસામગ્રીની ઉપયોગિતા તથા મહત્વ પ્રદર્શિત કરવા માટે પ્રચાર કરવો જરૂરી છે.
  4. ઉપયોગકર્તાએ બાંધેલી મિથ્યા ધારણાઓને પ્રચાર માધ્યમથી દૂર કરી શકાય છે.

- જનસંપર્ક સ્થાપિત કરવા ગ્રંથાલયના સંબંધમાં કરવામાં આવતા પ્રચાર-કાર્યને આ મુજબ વિભાજીત કરી શકાય:
  1. સામાન્ય પ્રચાર
  2. આંતરિક વ્યક્તિગત પ્રચાર
  3. બાહ્ય વ્યક્તિગત પ્રચાર

**1. <u>સામાન્ય પ્રચાર</u>**

સામાન્ય પ્રચારકાર્ય, વર્તમાનપત્રો, પોસ્ટર્સ, પુસ્તકમેળાઓ, પ્રદર્શનો, રેડીઓ, ટેલીવીઝન, વાર્તાલાપો વગેરે દ્વારા કરી શકાય છે જેમાં ગ્રંથ અને ગ્રંથાલયની ઉપયોગિતા અને મહત્વથી લોકોને માહિતગાર કરવામાં આવે છે.

**2. આંતરિક વ્યક્તિગત પ્રચાર**

a) **નવીન ગ્રંથો**: ગ્રંથાલયમાં આવતા નવાં પુસ્તકોથી ઉપયોગકર્તાને માહિતગાર કરવા, ઉપયોગકર્તાઓ સહેલાઈથી જોઈ શકે અને આકર્ષિત થઇ શકે તે રીતે તે સ્થાને ગ્રંથો પ્રદર્શિત કરવા જોઈએ.

b) **ગ્રંથ પ્રદર્શન**: રાષ્ટ્રીય તથા સ્થાનિક મહત્વના પર્વો સમયે તેને સંબંધિત ગ્રંથોના પ્રદર્શન દ્વારા ગ્રંથોને અધ્યયન માટે લોકોને પ્રેરિત કરવા જોઈએ. આ પ્રકારના ગ્રંથ પ્રદર્શનની માહિતી વર્તમાનપત્રો અને પોસ્ટર્સ દ્વારા લોકો સુધી પહોચાડવી જોઈએ.

c) **લોકપ્રિય વિભાગોની રચના**: ઉપયોગકર્તાને ઉપયોગી અને લોકપ્રિય વિભાગો જેવા કે ત્વરિત સંદર્ભ વિભાગ, સ્થાનિક ઈતિહાસ વિભાગ, સામાયિક વિભાગ, લેખકલક્ષી સાહિત્ય વિભાગ વગેરેની રચના કરવી જોઈએ.

d) **વાર્તાલાપ**: સાર્વજનિક ગ્રંથાલયમાં વિવિધ પ્રકારના ઉપભોક્તાવર્ગ હોય છે જેમાં બાળકથી વયોવૃદ્ધ અને વિદ્યાર્થીઓ અને વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલ ઉપયોગકર્તા હોય છે. ઉપયોગકર્તાને લક્ષમાં રાખી કે ઉપયોગકર્તાના કોઈ વિશિષ્ટ વર્ગને ધ્યાનમાં રાખી કોઈ ચોક્કસ હેતુ કે મુદ્દા માટે વાર્તાલાપનું આયોજન કરી શકાય.

e) **વાંચનમંડળ**: ગ્રંથાલયમાં વાચકોનું વિશેષમંડળ રચી તેઓની અભિરુચિ, અપેક્ષાઓ જાણી તેઓમાં રહેલી શક્તિઓને પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ જેમ કે: સાહિત્ય વર્તુળ, ઈતિહાસ વર્તુળ, બાળ સભા.

**3. બાહ્ય વ્યક્તિગત પ્રચાર**

a) **સ્થાનિક સમાચારપત્ર**: સ્થાનિક સમાચારપત્ર પ્રચારકાર્ય માટે સરળ, સુલભ અને સસ્તું સાધન છે. ગ્રંથપાલે અવારનવાર નવીન ગ્રંથો, સૂચીઓ વગેરેની માહિતી તેમાં આપવી. ગ્રંથાલયસેવાની ઉપયોગીતા અને મહત્ત્વા દર્શાવતા લેખો પ્રકાશિત કરી લોકોને ગ્રંથાલય પ્રતિ આકર્ષિત કરવા જોઈએ.

b) <u>**સમાચાર-પત્રિકા**</u>: નવાં ગ્રંથોની સૂચના, નવીન સેવાઓ, પરિવર્તન વગેરે માહિતીની પત્રિકા મુદ્રિત કરાવી તેનું વિતરણ કરવું જોઈએ. કેટલાંક સમૃધ્ધ ગ્રંથાલયો મુદ્રિત સામાયિક(ગ્રંથાલય બુલેટિન) પ્રકાશિત કરી પ્રચારકાર્ય કરી શકે. આ સામયિકમાં ગ્રંથાલયની ક્રિયા-પ્રક્રિયાઓ સંબંધી લેખો પ્રકાશિત કરી લોકોને માહિતીસભર બનાવી શકાય.

c) <u>**પુસ્તકાલય પોસ્ટર**</u>: ગ્રંથાલયમાં ઓછામાં ઓછો એક આર્ટિસ્ટ હોવો જોઈએ. પ્રત્યેક અવસરે યથાયોગ્ય પોસ્ટર્સ બનાવી લોકોને સતત આકર્ષિત રાખે.

d) <u>**વ્યાખ્યાન અને ગ્રંથપ્રદર્શનો**</u>: સાંસ્કૃતિક કાર્યક્રમો, મેળાઓ, વિશેષ સમાંરભો યોજાતા હોય તેવા સ્થળોએ ગ્રંથાલયે વ્યાખ્યાન યોજી તથા ગ્રંથપ્રદર્શનો દ્વારા વ્યક્તિમાત્રને ગ્રંથાલયસેવાથી માહિતગાર કરવા જોઈએ.

e) <u>**પ્રતિગૃહ સર્વેક્ષણ**</u>: ડોર ટુ ડોર સર્વેક્ષણ એટલે કે ગ્રંથાલય વિસ્તારમાં રહેલી તમામ વ્યક્તિઓ ગ્રંથાલયના ઉપયોગકર્તા બને તે માટે ગ્રંથાલય દ્વારા પ્રત્યેક ઘરની મુલાકાત લઇ ગ્રંથાલયસેવાની ઉપયોગિતા સમજાવી લોકોને ગ્રંથાલયમાં આવતા કરવાં જોઈએ.

f) <u>**યાંત્રિક પ્રચાર**</u>: અર્વાચીન સમયમાં પ્રચાર માટે યાંત્રિક સાધનોનો ઉપયોગ ઉત્તમ અને સુલભ ગણી શકાય.

## 9.3 તમારી પ્રગતિ ચકાસો

1. **સાર્વજનિક ગ્રંથાલયને જન-સમાજનું વિશ્વવિદ્યાલય શા માટે કહેવામાં આવે છે?**
2. **સાર્વજનિક ગ્રંથાલય માળખાની સમજ આપી તેની શ્રૃંખલા જણાવો.**
3. **ડૉ. એસ. આર. રંગનાથને વાચકોના કયા-કયા પ્રકાર જણાવેલા છે?**
4. **ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિ અને વિસ્તરણ કાર્ય વચ્ચેનો ભેદ જણાવો.**

**નોંધ: -**

1. **નીચે આપેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.**
2. **આ એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારા ઉત્તર ચકાશો.**

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 9.4 સારાંશ (Summary)

સાર્વત્રિક કેળવણીના પ્રસાર અને પ્રચાર સાથે સમાજની જ્ઞાનપ્રાપ્તિ માટેની ઝંખના તીવ્ર બનવા લાગી. માહિતી અને જ્ઞાનની પૂર્તિ માટેનું સાર્વજનિક ગ્રંથાલય એક મહત્વનું કેન્દ્ર બન્યું. વિવિધ ઉપયોગકર્તાને અપાતી સેવાના કારણે સાર્વજનિક ગ્રંથાલયને "લોકોનું વિશ્વવિદ્યાલય"નું બિરુદ મળેલ છે. 1949માં યુનેસ્કો દ્વારા પ્રગટ થયેલાં "જાહેર ગ્રંથાલય ઢંઢેરાં" માં જાહેર ગ્રંથાલય અને ગ્રંથાલયસેવાની અગત્યતા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવેલો.

વાંચનસેવા, ગ્રંથ દેય-અદેય સેવા, પ્રલેખ રવાનગી સેવા, સંદર્ભ સેવા, કમ્પ્યુટર-ટેકનોલોજી આધારિત સેવા જેવી સેવાઓ દ્વારા ઉપયોગકર્તાઓની માહિતીની પૂર્તિ કરવામાં આવે છે. વાચક સહાયતાના દ્રષ્ટિકોણ સાથે સંદર્ભસેવા અસ્તિત્વમાં આવી જયારે ગ્રંથાલયોની મર્યાદાઓને કારણે પ્રલેખ રવાનગી સેવા અને પ્રલેખ રવાનગી કેન્દ્રો અસ્તિત્વમાં આવ્યા. માહિતીના સ્વરૂપ, સ્ત્રોતો, સંગ્રહ પ્રણાલીમાં પરિવર્તન આવતાં કમ્પ્યુટર-ટેકનોલોજી આધારિત સેવાઓનો ઉદ્ભવ થયો. વિવિધ સ્થાને રહેતાં સમાજના દરેક વર્ગને વિસ્તરણ પ્રવૃત્તિ અને વિસ્તરણસેવા થકી ગ્રંથાલયસેવામાં આવરી લેવામાં આવી. ગ્રંથાલયોમાં અપાતી સેવાઓથી સમાજ માહિતગાર થાય માટે જાહેરાત અને પ્રચાર જરૂરી બન્યાં.

ગ્રંથાલય એક સામાજિક સંસ્થા હોવાથી તેની સેવા ગમે તેટલી પરિપૂર્ણ બનાવવામાં આવે છતાં અધુરી જણાય છે. ગ્રંથાલયની વિભાવના વારંવાર બદલાતી રહેવાના કારણે ગ્રંથાલયસેવા પણ પરિવર્તિત બની રહી છે. ઉપયોગકર્તા પક્ષે, ગ્રંથાલય પક્ષે ઉભા થતાં પ્રશ્નોને કારણે ગ્રંથાલયસેવા અવનવાં વિચારો માંગી લે છે.

## 9.5 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. સાર્વજનિક ગ્રંથાલયનું ક્ષેત્ર વિવિધ પરિણામલક્ષી છે. બધા જ પ્રકારનાં વાચકોને બધા જ વિષયોને સ્પર્શતી વાંચનસામગ્રી પૂરી પાડવાનું તેનું ધ્યેય છે. વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક સ્તરમાંથી આવતાં બધા જ પ્રકારનાં ઉપયોગકર્તાને વાંચનસેવા પૂરી પાડે છે. નાત-જાત કે ઉંમરના ભેદભાવ વગર અક્ષરજ્ઞાન આપતી સંસ્થા છે. થોડું ભણીને ભણતર છોડી દેનાર માટે તે શિક્ષક છે. સાર્વજનિક ગ્રંથાલયમાં ઉપયોગકર્તાઓના ઉપયોગ માટે કોઈ બંધન કે મર્યાદાઓ નહિ હોવાથી તેને જન-સમાજના વિશ્વવિદ્યાલયનું બિરૂદ મળેલું છે.
2. ગ્રંથાલયનું માળખું એટલે ગ્રંથાલયોની એવી શ્રુંખલા કે નાનામાં નાનું ગ્રંથાલય પણ વ્યાપક અને ગહન ગ્રંથાલયસેવા માટે કાર્યદક્ષ બની રહે, આ માળખામાં રાષ્ટ્રીય ગ્રંથાલય સર્વોચ્ચ સ્થાને છે. સાર્વજનિક ગ્રંથાલયોની શ્રુંખલા નીચે પ્રમાણે છે:
   - રાષ્ટ્રીય ગ્રંથાલય
   - વિભાગીય ગ્રંથાલય
   - રાજ્ય-મધ્યવર્તી ગ્રંથાલય
   - જિલ્લા અને શહેર ગ્રંથાલય
   - તાલુકા અને નગર ગ્રંથાલય
   - ગ્રામ્ય ગ્રંથાલય
   - સેવાકેન્દ્રો
   - ફરતાં ગ્રંથાલયો

3. ડૉ. એસ. આર. રંગનાથને વાચકોના નીચે મુજબના પ્રકાર ગણાવ્યા છે:
   - વિનિત વાચક
   - ગુરુતાગ્રંથિ ધરાવતો વાચક
   - દુ:સાધ્ય વાચક
   - લઘુતાગ્રંથિ ધરાવતો વાચક
   - સ્વાર્થી વાચક
   - સામાન્ય વાચક

4. વિસ્તરણ પ્રવૃત્તિ અને વિસ્તરણકાર્ય વચ્ચે તાત્વિક ભેદ છે: વિસ્તરણ પ્રવૃત્તિ ગ્રંથાલય-સેવાને સ્પર્શે છે જયારે વિસ્તરણકાર્ય ભૌતિક પ્રવૃત્તિઓને એટલે કે ગ્રંથાલયસેવાના ફલકને વિસ્તૃત બનાવવાની પ્રક્રિયાઓને સ્પર્શે છે.

## 9.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **માહિતીનો વિસ્ફોટ - Explosion of Information:-**

  વ્યવસ્થાપન કરી શકાય તે હદથી પણ વધારે માહિતીનો વિકાસ.

- **માહિતીયુગ - Information Era :-**

  વિપુલ માહિતી જે યુગમાં એકઠી કરવામાં આવી છે તેવો યુગ.

- **નેટવર્ક - Network :-**

  કમ્યુનિકેશનની સુવિધાઓ ધરાવતાં તથા એકબીજા સાથે સંકળાયેલા કેન્દ્રો અને વ્યવસ્થાઓનું એક જૂથ.

- **અપેક્ષિત સેવાઓ – Anticipatory Services :-**

  આવશ્યકતાનાં સામાન્ય નક્કી કરેલા અનુમાન પર આધારિત માહિતીસેવા.

- **પ્રત્યુત્તરતમ સેવાઓ – Retrospective Services :-**

  ઉપયોગકર્તાઓને તેના આગ્રહનાં આધાર ઉપર આપવામાં આવતી નવી સંદર્ભ અને માહિતીસેવાઓ.

## 9.7 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

1. પ્રલેખ સામગ્રીમાં નિરૂપિત વિષયવસ્તુને કયા નામથી ઓળખવામાં આવે છે?

   (A) મુદ્રણ (B) ચિત્રો

   (C) <u>માહિતી</u> (D) ગ્રંથસમીક્ષા

2. કયા પ્રકારની સેવા માટે ઉપભોક્તાની પ્રોફાઈલમાં ચાવીરૂપ શબ્દો ગોઠવવામાં આવે છે?

(A) નિર્દેશન સેવા (B) નિર્દેશીકરણ સેવા
(C) અનુવાદ સેવા (D) <u>પસંદગીયુક્ત માહિતી સેવા</u>

3. ઇન્સડોકનું ક્યાં આવેલું છે. ?
(A) બ્રિટીશ (B) રશિયા
(C) ભારત (D) <u>અમેરિકા</u>

4. એક કે વધુ વાચકો કોઈ એક જ પુસ્તકને વાંચવાની ઈચ્છા ધરાવે ત્યારે ગ્રંથાલયમાં કયા પકારની સુવિધા હોવી જોઈએ?
(A) <u>અન્યોદેયીકરણ</u> (B) ગ્રંથપરિક્રમણ
(C) ગ્રંથપરિગ્રહણ (D) પ્રલેખરવાનગી

5. બે કે તેથી વધારે કમ્પ્યુટર સિસ્ટમ જોડાણથી માહિતી પ્રત્યાયન કરવાની પદ્ધતિને કયા નામથી ઓળખવામાં આવે છે?
(A) ગ્રંથાલય નેટવર્ક (B) ઈન્ટરનેટ
(C) ડેટા બ્રાઉઝીંગ (D) <u>કમ્પ્યુટર નેટવર્ક</u>

6. ઇન્સડોકનું પૂરું નામ જણાવો.
(A) ઇન્ડીયન નેશનલ સોસાયટી ડોક્યુમેન્ટ સેન્ટર (B) ઇન્ટર નેશનલ સોસાયટી ડોક્યુમેન્ટ સેન્ટર
(C) <u>ઇન્ડીયન નેશનલ સાયન્ટીફિક ડોક્યુમેન્ટ સેન્ટર</u> (D) ઇન્ટર નેશનલ સાયન્ટીફિક ડોક્યુમેન્ટ સેન્ટર

7. વ્યક્તિ કે વ્યક્તિજૂથોને ગ્રંથાલય કે ગ્રંથાલયસેવા પ્રતિ આકર્ષિત કરવામાં આવતી પ્રવૃત્તિને કયા પ્રકારની સેવા કહેવામાં આવે છે?
(A) વાંચન સેવા (B) સંદર્ભ સેવા
(C) માહિતી સેવા (D) <u>વિસ્તરણ સેવા</u>

8. નીચેનામાંથી કઈ સેવા કલા-સ્પર્શી વિસ્તરણસેવા છે?
(A) વ્યાખ્યાન (B) મોક-કોર્ટ
(C) રેડિયો-શ્રવણ (D) <u>વેસ્ટમાંથી બેસ્ટ</u>

9. અધ્યયન અને અધ્યાપનની પ્રક્રિયા આજીવન ચાલતી રહે તે માટે .......... ઉપયોગી છે?

(A) પ્રલેખરવાનગી સેવા

(B) ગ્રંથાલય પ્રચાર તથા જાહેરાત

(C) આંતર-ગ્રંથાલય લેવડ-દેવડ સેવા

(D) સાહિત્યસર્જકની મુલાકાત

10. રુગ્ણાલય-ગ્રંથાલયનો મહત્તમ ઉપયોગકર્તા વર્ગ કયો છે?

(A) ખેડૂતો (B) દવાખાનાનાં દર્દીઓ

## 9.8 સંદર્ભો અને વિશેષ વાંચન (References)


- कौशिक, पूर्णिमा. संदर्भसेवा एवं संदर्भस्रोत, जयपुर : राज पब्लिकेशन हाउस.
- ઠાકર, ઉર્મિલા. માહિતી પ્રત્યાયન અને અદ્યતન અવબોધન સેવાઓ, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
- ભૈયા, છગનલાલ (1938). પુસ્તકાલય વ્યવસ્થાપન, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
- ભૈયા, છગનલાલ (1938). ગ્રંથાલય અને સમાજ, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
- પંડ્યા, લતા (1959). ગ્રંથાલયનાં વિવિધ-સ્વરૂપો, અમદાવાદ: મીના પબ્લિકેશન્સ.


● ● ●

# યુનિટ-10 સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના કેન્દ્રબિંદુ

:: રૂપરેખા ::


**10.0** ઉદ્દેશો **(Objectives)**

**10.1** પ્રસ્તાવના **(Introduction)**

**10.2** સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનાં કેન્દ્રબિંદુઓ (જ્ઞાનકેન્દ્રો)

- **Centre Points of Public Library System's (Knowledge Centres)**

    **10.2.1** રાષ્ટ્રીય ગ્રંથાલય **(National Library)**

    **10.2.2** રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયો **(State Central Libraries)**

    **10.2.3** વિભાગીય / પ્રાદેશિક ગ્રંથાલયો **(Divisional / Regional Library)**

    **10.2.4** જિલ્લા અને શહેરી ગ્રંથાલયો **(District & City Libraries)**

    **10.2.5** તાલુકા અને શાખા ગ્રંથાલયો **(Taluka & Branch Libraries)**

    **10.2.6** ગ્રામ ગ્રંથાલયો અને જૂથ ગ્રંથાલયો **(Village & Group Libraries)**

    **10.2.7** ફરતાં ગ્રંથાલયો **(Mobile Libraries)**

    **10.2.8** સેવા કેન્દ્રો / **Metro City Library/ NGO Library**

**10.3** તમારી પ્રગતિ ચકાસો

**10.4** સારાંશ **(Summary)**

**10.5** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**10.6** ચાવીરૂપ શબ્દો **(Key Words)**

**10.7** બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

**10.8** સંદર્ભો અને વિશેષ વાંચન **(References)**

## 10.0 ઉદ્દેશો (Objectives)

- સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના સેવાકેન્દ્રોની જાણકારી પ્રાપ્ત કરવા.
- સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો કરવા.
- સાર્વજનિક ગ્રંથાલય સત્તામંડળોની જાણકારી પ્રાપ્ત કરવા.

## 10.1 પ્રસ્તાવના (Introduction)

સંબંધિત સેવા એકમોનું એક સંયોજિત માળખું એટલે સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ. જેની નીચે દરેક એકમને પદ્ધતિના અંતર્ગત એક ભાગ તરીકે પૂર્વનિર્ધારિત ભૂમિકા આપેલ હોય છે. પદ્ધતિનો સૌથી મોટો એકમ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયથી શરૂ કરીને નાના એકમ ગ્રામ ગ્રંથાલય મધ્યસ્થ એકમોમાંથી વહીવટીય, નાણાંકીય અને કર્મચારી સહાય મેળવે છે. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ વ્યક્તિગત ગ્રંથાલયોને સ્વતંત્ર રીતે કાર્ય કરવા અંતમાં મુકશે અને સારું માળખું ધરાવતી પદ્ધતિ ટોચના અધિકૃત ગ્રંથાલયો અને સંલગ્ન ગ્રંથાલયો સાથે જરૂરી કડીઓ સાથે સંકલિત થશે. સાર્વજનિક ગ્રંથાલયોને એવી રીતે ગોઠવવામાં આવે છે કે જે તેમના કાર્યનો ક્રમ અને પદ્ધતિનું પ્રતિબિંબ પાડે છે. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની બાબતમાં વાચકોના જુદા જુદા સમૂહો - પુરુષો અને સ્ત્રીઓ, બાળકો અને શિક્ષિત વૃદ્ધો, ભાષાકીય સમૂહો, વિશિષ્ટ નાગરીકો, વિદ્યાર્થીઓ, અંધ, મુંગાઓ માટે આવશ્યક પ્રવૃત્તિઓ વિકસાવવા માટે જુદા જુદા ભૌગોલિક વિસ્તાર જેવા કે શહેર, જિલ્લા, તાલુકા, કસબાઓ, ગામડાઓમાં સાર્વજનિક ગ્રંથાલયો સ્થાપવામાં આવે છે. ગ્રંથાલયના કાર્યો માટે સંગઠિત સાર્વજનિક ગ્રંથાલયોની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે વિવિધ પ્રકારના ગ્રંથાલયોના જોડાણનો સમાવેશ કરે છે.

દા.ત. જિલ્લા ગ્રંથાલયનું જોડાણ તાલુકા ગ્રંથાલય

તાલુકા ગ્રંથાલયનું જે તે તાલુકામાં ગ્રામ ગ્રંથાલય

આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને સાર્વજનિક ગ્રંથાલયના માળખાની રચના થઇ.

ભારત સરકાર દ્વારા ઈ.સ. 1957માં નીમવામાં આવેલ ગ્રંથાલય સલાહકાર સમિતિએ 25 વર્ષ માટે વિકાસ યોજનાની કરેલી ભલામણ અનુસાર

- રાષ્ટ્રીય ગ્રંથાલય,
- રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયો,
- જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયો અને
- તાલુકા ગ્રંથાલયો અને પંચાયત ગ્રંથાલયો

વગેરે ઉતરતા ક્રમમાં હોય. આ માળખું ઘણાં ઓછા રાજ્યો જેવા કે તમિલનાડુ અને આંધ્રપ્રદેશ જ્યાં ગ્રંથાલયધારો અમલમાં હતો ત્યાં અસ્તિત્વમાં આવ્યા. ત્યારબાદ બીજા કેટલાક રાજ્યોમાં ગ્રંથાલયધારો પસાર થયો. ભારત સરકારના આયોજનપંચે ગ્રંથાલયો માટે કાર્યજુથની રચના કરી જેમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ (Public Library System) મુજબ તેની ગોઠવણી(પ્રકાર) નીચે પ્રમાણે છે. જેને સાર્વજનિક ગ્રંથાલયોનું સંયોજનાત્મક માળખું પણ કહેવાય.

1 રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય
2 પ્રાદેશિક ગ્રંથાલયો
3 શહેર ગ્રંથાલયો
4 જિલ્લા ગ્રંથાલયો
5 વિભાગીય ગ્રંથાલયો
6 તાલુકા ગ્રંથાલયો
7 ગ્રામગ્રંથાલયો
8 ગ્રંથ/સંગ્રહ કેન્દ્ર
9 ફરતાં ગ્રંથાલયો

અર્વાચીનયુગમાં વિશ્વના અનેક દેશોએ સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ અપનાવી છે. જે અન્વયે નાનામાં નાનું ગ્રંથાલય પણ સેવા માટે સક્ષમ બની રહે તે માટે એક

નિશ્ચિત માળખા અને શ્રુંખલાની રચના કરવામાં આવી છે. જે મુજબ ગ્રંથાલયના મણકાં/ કેન્દ્રબિંદુઓ/ જ્ઞાનકેન્દ્રો નીચે મુજબ છે.

- રાષ્ટ્રીય ગ્રંથાલય
- રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયો
- વિભાગીય ગ્રંથાલયો
- જિલ્લા અને શહેર ગ્રંથાલયો
- તાલુકા અને શાખા ગ્રંથાલયો
- ગ્રામગ્રંથાલયો અને જૂથ ગ્રંથાલયો
- ફરતાં ગ્રંથાલયો
- સેવા કેન્દ્રો

## 10.2 સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિનાં કેન્દ્રબિંદુઓ (જ્ઞાનકેન્દ્રો)

- **Centre Points of Public Library Systems (Knowledge Centres)**

આદર્શ સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના પિરામીડ આકારની ગ્રંથાલય પદ્ધતિની માળખાગત ગોઠવણીનાં સેવાકેન્દ્રો નીચે પ્રમાણે છે:

10.2.1 રાષ્ટ્રીય ગ્રંથાલય
10.2.2 રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયો
10.2.3 વિભાગીય / પ્રાદેશિક ગ્રંથાલયો
10.2.4 જિલ્લા અને શહેરી ગ્રંથાલયો
10.2.5 તાલુકા અને શાખા ગ્રંથાલયો
10.2.6 ગ્રામ ગ્રંથાલયો અને જૂથ ગ્રંથાલયો
10.2.7 ફરતાં ગ્રંથાલયો
10.2.8 સેવા કેન્દ્રો / Metro City Library/ NGO Library

### 10.2.1 રાષ્ટ્રીય ગ્રંથાલય (National Library)

કોઈપણ દેશનો ઈતિહાસ, વૈભવ તથા માનવજાત દ્વારા સર્જિત જ્ઞાન અને તેની ઉપલબ્ધિઓને સુરક્ષિત રાખવાના હેતુસર દેશના કેન્દ્રમાં રાષ્ટ્રીય ગ્રંથાલયની ખુબ જ આવશ્યકતા હોય છે.

રાષ્ટ્રીય ગ્રંથાલયનો અર્થ કોઈપણ દેશની રાષ્ટ્રીય સરકાર દ્વારા પોતાના નાગરિકોને અધ્યનશીલ બનાવવાના હેતુથી રાષ્ટ્રીય સ્તર પર ગ્રંથાલય સ્થાપિત હોય છે. જે કોઈ પણ દેશનું અધિકૃત ગ્રંથાલય હોય છે. જેનું સંચાલન તે દેશની કેન્દ્રિય સરકાર કરે છે. જેમાં સમગ્ર દેશમાં પ્રકાશિત તમામ સામગ્રીને સંગ્રહિત કરવામાં આવે છે, તેની સેવા પ્રાપ્ત કરવાનો અધિકાર દેશના પ્રત્યેક નાગરિકને હોય છે. રાષ્ટ્રીય ગ્રંથાલય દરેક નાગરિક માટે ખુલ્લું હોય છે.

- **ઐતિહાસિક પરિપ્રેક્ષ:-**

જ્યારથી માનવજાતે ઘટનાઓ,પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓની નોંધ રાખવાનું શરૂ કર્યું ત્યારથી જ ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યા હતા. હાલના ગ્રંથાલય કરતા તેનું સ્વરૂપ ભિન્ન હતું તે સમયના ગ્રંથાલયમાં માટીની તકતીઓ, પેપીરસ, વેલમ / પાર્ચમેન્ટ, હાથ બનાવટના કાગળો, તાડપત્ર, ભૂર્જપત્ર, રેશમી કાપડ, તામ્રપત્ર, અસ્થિઓ અને કાગળોનો સંગ્રહ કરવામાં આવતો હતો. આમાં સમય અને નાણાંનો ખુબ જ વ્યય થતો હતો. આ પ્રકારના ગ્રંથાલયો માત્ર શાસનકર્તાઓ અને સમૃદ્ધિવાન ધાર્મિક સંસ્થાઓ દ્વારા સ્થપાતા હતા. યુરોપના રેનેસા અને સુધારાવાદી આંદોલનોના તબક્કાને લીધે જનજીવનમાં મોટું પરિવર્તન આવ્યું. માહિતી ધરાવતા પુસ્તકો વિપુલ પ્રમાણમાં લખાયા. ધીરે ધીરે શિક્ષણનો પ્રચાર થતો ગયો. આમ, વિદ્યાર્થીને ગ્રંથાલયની જરૂરિયાત જણાઈ. જેના પરિણામ સ્વરૂપે શૈક્ષણિક ગ્રંથાલયનો પ્રાદુર્ભાવ થયો. શિક્ષણનો વિકાસ, સૌને માટે શિક્ષણ, લોકશાહીની રાજનૈતિક વિચારધારા વગેરે પરિબળોને લીધે સામાન્યજન માટે સાર્વજનિક ગ્રંથાલયનો પ્રાદુર્ભાવ થયો. વૈજ્ઞાનિકો, તંત્રવિદો  અને અન્ય તજજ્ઞો માટે વિશિષ્ટ ગ્રંથાલયની સ્થાપના થઇ.

- **વ્યાખ્યા:- (Definitions)**
    - **"કોઈ રાષ્ટ્ર દ્વારા સંચાલિત ગ્રંથાલય."**

      **ALA Glossary of Library Terms**
    - **કોઈ દેશનું રાષ્ટ્રીય ગ્રંથાલય સંપૂર્ણ રાષ્ટ્રના ગ્રંથ ઉત્પાદનનાં સંગ્રહ અને સંરક્ષણના માટે ભાવિ પેઢીના ઉપયોગ માટે વારસો હોય છે. -UNESCO**

- **વિશેષતા:-**
    - કોઈ પણ દેશનું કેન્દ્રિય ગ્રંથાલય છે.
    - જેનું સંચાલન દેશની કેન્દ્ર સરકાર કેન્દ્રના નાણાંથી કરે છે.
    - સમગ્ર દેશમાં પ્રકાશિત પાઠ્યસામગ્રીનો સંગ્રહ કરવામાં આવે છે.
    - રાષ્ટ્રની મહત્વની સંસ્થા છે, જેમાં કોઈ પણ વ્યક્તિ વાચક થઇ શકે છે.
    - રાષ્ટ્રીય ગ્રંથાલય કોપીરાઇટ ગ્રંથાલય હોય છે.
    - પુસ્તકો માત્ર સંદર્ભ માટે આરક્ષિત રાખવામાં આવે છે.

- **કાર્યો:-**

  કોઈ પણ દેશનું રાષ્ટ્રીય ગ્રંથાલય કેન્દ્રિય ગ્રંથાલય હોય છે, કે જે તે દેશના નાગરિકના હિત માટે નીચે મુજબનાં કાર્યો કરે છે.

    - દેશમાં પ્રકાશિત બધા પુસ્તકોનો સંગ્રહ અને વિકાસ સંબંધિત કાર્યો.,
    - કોપીરાઇટ એક્ટ હેઠળ પ્રાપ્ત થતા પુસ્તકોનું રાષ્ટ્રીય સ્તરે સંગ્રહ ગ્રંથાલય તરીકે કાર્ય કરવું.,
    - રાષ્ટ્રના બીજા ગ્રંથાલયોમાં રહેલ દુર્લભ પુસ્તકોની એક પ્રતનો સંગ્રહ કરવો.,
    - કોઈ પણ જાતનાં ભેદભાવ વિના દેશના તમામ નાગરિકોને વાંચન સુવિધા પ્રદાન કરવી.,

- રાષ્ટ્રનાં અન્ય ગ્રંથાલયોને બધા પ્રકારની સહાય પૂરી પાડવી.,
- જુદા જુદા વિષયોની રાષ્ટ્રીય સ્તર પર રાષ્ટ્રીય ગ્રંથસુચિ તૈયાર કરવી.,
- વાચકસેવાઓ આપવી.,
- આંતરરાષ્ટ્રીય સ્તર પર રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરવું.,
- સંઘસૂચિ તૈયાર કરવી.
- રાષ્ટ્રની સાથે સાથે સ્થાનિક લોકોને પણ પુસ્તકો આપવાની સેવા પૂરી પાડવી.,
- વિદેશી ગ્રંથાલયો સાથે સમન્વય સાધવો.,
- ગ્રંથાલય અને ગ્રંથાલયસેવાની નવી ટેકનીકની દેશના બધા ગ્રંથાલયોને જાણકારી આપવી અથવા માહિતગાર કરવા.,
- દેશમાં ગ્રંથાલય નેટવર્કની સ્થાપના કરવી. અને
- રાષ્ટ્રીય ગ્રંથસુચિઓ તૈયાર કરવી.

### 10.2.2 રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયો (State Central Libraries)

રાજ્યનું મધ્યસ્થ ગ્રંથાલય રાજ્યની રાજધાનીમાં આવેલ હશે અને તે રાજ્યનું મુખ્ય ગ્રંથાલય હશે. તે પુસ્તકો અને વાચન સામગ્રીનો સંગ્રહ કરી સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની યોગ્ય કાર્ય પદ્ધતિ માટે કાર્ય કરશે તે તેનો મુખ્ય ઉદ્દેશ રહેશે.

- **કાર્યો**:-
  - ગ્રંથાલયની વિસ્તરણ પ્રવૃત્તિઓ અને કાર્યોના જુદા જુદા પાસાઓ પર સંશોધન કરી સર્વે કરવા અને તેને એકત્રિત કરી સંગઠન કરવું.
  - વિદ્વાનો અને સંશોધકો માટે સંદર્ભ સામગ્રીનો મુખ્ય સ્રોત બનવું.
  - સંશોધન ગ્રંથાલય તરીકે કાર્ય કરવું.,
  - ગ્રંથાલયનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો.,

- ગ્રંથાલય ક્ષેત્રની તમામ પ્રવૃતિઓ અને વિસ્તરણ કાર્યમાં નેતૃત્વ પૂરૂં પાડવું.,
- સંદર્ભ ગ્રંથાલય તરીકે કાર્ય કરવું.,
- રાજય સરકારના તમામ વિભાગોને માહિતીસેવાઓ અને પ્રલેખનસેવા પૂરી પાડવી.,
- રાજ્યનાં કોઈપણ ગ્રંથાલયમાંથી બિન-ઉપયોગી રદ કરેલ પુસ્તકોની એક નકલનો સંગ્રહ કરવો.,
- રદ કરેલ પુસ્તકોની Dormitory Library બનાવી તેનું સંચાલન કરવું અને તેનો નિભાવ કરવો.,
- ખાનગી સંગઠનો દ્વારા અને ગ્રંથાલય મંડળ દ્વારા ચલાવવામાં આવતા ગ્રંથાલય તાલીમ વર્ગનું નિરીક્ષણ કરવું.
- પ્રાચીન ગ્રંથો સંદર્ભે કોઈ સંશોધન કે વાડ્મયસૂચિ ક્ષેત્રે સંશોધન કરનાર કોઈપણ વ્યક્તિને ગ્રંથો પુરા પાડવા.,
- પ્રાદેશિક અને જિલ્લા ગ્રંથાલયોનું નિરીક્ષણ કરવું અને તેની કામગીરીની ચકાસણી કરવી.,
- કોઈ વિષયનાં સંદર્ભમાં મોટા પાયે પ્રદર્શન અને અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.અને
- ગ્રંથાલયો અને કર્મચારી સભ્યો માટે નોકરી દરમ્યાન તાલીમની જોગવાઈ કરવી.

- **રાજ્ય ગ્રંથાલય સત્તામંડળ (State Library Authority):-**

મોટા ભાગનાં સાર્વજનિક ગ્રંથાલયધારામાં રાજ્ય ગ્રંથાલય સત્તામંડળને રાજ્ય ગ્રંથાલય સભા (State Library Council – SLC) તરીકે નામ આપવામાં આવ્યું છે. આ મંડળ પ્રથમ કક્ષાનું સંચાલક મંડળ છે. રાજ્યમાં જેના વડે રાજ્ય સરકાર સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ સ્થાપવા, દેખરેખ રાખવાની અને નાણા પૂરા પાડવાની જવાબદારી સોપેલ છે. તે વર્ષમાં બે વખત મળશે. તેની રચના નીચે મુજબ છે:

- હોદ્દાની રૂએ આવતા સભ્યો

- ચેરમેન (શિક્ષણ ખાતાનાં પ્રધાન).,
- શિક્ષણ વિભાગના સચિવ.,
- શિક્ષણ નિયામક.,
- રાજ્ય ગ્રંથપાલ.,
- જિલ્લા ગ્રંથાલય સમિતિઓના ચેરમેનો પૈકી 25%
- રાજ્ય જનસમુદાય વિકાસ વિભાગના સચિવ અને
- રાજ્ય ગ્રંથાલય મંડળના ચેરમેન / પ્રમુખ

➢ ગ્રંથાલય વિકાસમાં રસ ધરાવતાં રાજ્ય વિધાનસભાના બે સભ્યો

➢ સાહિત્ય પરિષદ અને અન્ય સાંસ્કૃતિક સંગઠનોના બે પ્રતિનિધિ સભ્યો.,

➢ રાજ્ય ગ્રંથાલય વિભાગનાં નિયામક અને

➢ ગ્રંથાલયો વિષેનું વિશિષ્ટ જ્ઞાન હોય તેવા સભાના ચેરમેન દ્વારા નિમાયેલા ચાર કરતાં વધુ નહીં તેવા બિન-અધિકારીઓ

- **રાજ્ય ગ્રંથાલય સત્તામંડળનાં કાર્યો**:-

રાજય ગ્રંથાલય સત્તામંડળને સાર્વજનિક ગ્રંથાલયના સંદર્ભમાં કાર્યો અને કાયદાનો અમલ કરવાની ફરજ સાથે જવાબદારીની અંતિમ સત્તા સોપવામાં આવશે.

➢ ગ્રંથાલયસેવાના માનકો સ્પષ્ટ અને નક્કી કરી પ્રકાશિત કરશે.,

➢ નવાં ગ્રંથાલયો શરૂ કરવા અને ખાનગી ગ્રંથાલયો લેવાની મંજુરી આપશે.,

➢ ટૂંકા અને લાંબા ગાળાની યોજના બનાવશે.,

➢ કાયદા અન્વયે નિયમો બનાવશે.,

➢ માનકોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે કે નહીં તેનું અવલોકન કરી તેને અદ્યતન રાખવા વિવેચન અને પુન:વિચારણા કરશે.,

➢ સોંપેલ ફરજો અદા કરશે.,

- તેના નીચેની સ્થાનિક સભાઓને માર્ગદર્શન આપશે અને તેના યોગ્ય અમલીકરણ ઉપર નિરીક્ષણ કરશે. અને
- સમગ્ર રાજયનાં લોકોની ગ્રંથાલયોની મહત્વકાંક્ષાઓ અને માંગણીઓ વ્યક્ત કરશે, તે સલાહકાર તરીકેનો મોભો અદા કરશે અને તેની સલાહ ફરજીયાત નિર્ણયના સ્વરૂપની હશે.

- **રાજ્ય ગ્રંથપાલ:-**

રાજય સરકાર દ્વારા ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનની નિર્ધારીત કરેલ લાયકાત મુજબના પૂર્ણ સમયના અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવશે, જે રાજય મધ્યસ્થ ગ્રંથાલયનું સંચાલન અને સંગઠનની કાર્યવાહી કરશે.

- **રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના વિભાગો:-**
  - રાજય માટે તકનીક સેવા આપવા માટેનો વિભાગ,
  - રાજ્ય ગ્રંથાલય શિક્ષણ સંસ્થા.,
  - પ્રૌઢશિક્ષણ વિભાગ.,
  - ગ્રંથાલય સેવાઓ, સંદર્ભ અને સંશોધન વિભાગ.,
  - રાજ્ય આંતર ગ્રંથાલય લોન.,
  - અંધજનો માટેના રાજ્ય ગ્રંથાલયનો વિભાગ.,
  - કાયદાકીય સંગ્રહ વિભાગ અને
  - વહિવટી વિભાગ.

### 10.2.3 વિભાગીય / પ્રાદેશિક ગ્રંથાલયો (Divisional / Regional Library):-

રાજયમાં જુદા જુદા વિસ્તારોને આવરી લેતાં પ્રાદેશિક ગ્રંથાલયો હોવા જોઈએ, રાજ્ય સરકાર દ્વારા આ ગ્રંથાલયોને સંપૂર્ણ નાણાંકીય મદદ કરવામાં આવે છે.

મોટા કદનાં રાજ્યો માનવ વંશીય જૂથોને આધારે વહિવટી હેતુઓસર વિભાજન કરવામાં આવતું હોય છે. સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ ઉપરના ફૈજી કમિટીના અહેવાલ

1940માં તે સમયના મુંબઈ ઈલાકાની કાર્યક્ષેત્રમાં ગુજરાતી, મરાઠી અને કન્નડ એમ ત્રણ ભાષા આધારિત જૂથ માટે ત્રણ પ્રાદેશિક ગ્રંથાલયો વડોદરા, પુના અને ધારવાડમાં સ્થાપવા સુચન કર્યું હતું. આ અભિગમ પુન:ગઠિત કરી સાર્વજનિક ગ્રંથાલય ધારો 1917માં રાજ્યમાં જુદા જુદા વિભાગોની ગ્રંથાલય જરૂરિયાતો પૂરી પાડવા વિભાગીય ગ્રંથાલયોની જોગવાઈ નું અનુકરણ કરવામાં આવે છે.

- **કાર્યો:-**
  - પ્રાદેશિક સ્તરે સંશોધન અને સંદર્ભ ગ્રંથાલય તરીકે કાર્ય કરવું.,
  - આંતર ગ્રંથાલય સહકાર માટે આંતર ગ્રંથાલય લોનનું કાર્ય કરવું.,
  - પ્રૌઢશિક્ષણની પ્રવૃતિમાં ભાગ લેવો.,
  - ગ્રંથપરિભ્રમણ કેન્દ્ર (Book Deposit Centre) અને ફરતા ગ્રંથાલય સેવાઓ માટે /અનામત ધોરણો નક્કી કરવા.
  - જે તે પ્રદેશની સંઘસૂચિ તૈયાર કરવી.,
  - પ્રદેશ માટે વાડ્મયસૂચિ તૈયાર કરવી.,
  - રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય અને પ્રદેશમાં ગ્રંથાલય સત્તામંડળો વચ્ચે આવશ્યક કડી તરીકે સેવા પૂરી પાડવી.,
  - પ્રદેશમાં ગ્રંથાલય સેવાનું આયોજન કરી તબક્કાવાર અમલીકરણનું કાર્ય કરવું.
  - પ્રદેશના હવાલા કેન્દ્ર તરીકે કાર્ય કરવું.,
  - પ્રદેશ હસ્તપ્રતો એકત્રિત કરીને નિયામકો દ્વારા રાજય પૌવાત્ય હસ્તપ્રત ગ્રંથાલયમાં તબદિલ કરાવવી.,
  - ગ્રંથાલયનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો.,
  - સ્થાનિક સંગ્રહનો પદ્ધતિસર વિકાસ કરવો.,
  - સંશોધન માટે ઉચ્ચક્રમની સેવાઓ પૂરી પાડવી અને
  - અગત્યનાં પ્રલેખોની સંઘસૂચિ તૈયાર કરવી.

- **પ્રાદેશિક ગ્રંથપાલ:-**

  પ્રાદેશિક ગ્રંથપાલ તરીકે રાજ્ય સરકારે નક્કી કરેલ વ્યવસાયિક લાયકાત ધરાવતી વ્યક્તિને પૂર્ણ સમયના અધિકારી તરીકે નિયુક્તિ કરવામાં આવશે.

- **પ્રાદેશિક / વિભાગીય ગ્રંથાલય સત્તામંડળ (Regional / Divisional Library Authority):-**

  પ્રાદેશિક / વિભાગીય ગ્રંથાલય સત્તામંડળ એ રાજયનું મધ્યસ્થ ગ્રંથાલય સત્તામંડળ જ હોય છે.

**10.2.4 જિલ્લા અને શહેર ગ્રંથાલયો (District & City Libraries):-**

દરેક જિલ્લામાં જિલ્લા મથકે જિલ્લા સાર્વજનિક ગ્રંથાલય અને દરેક શહેરમાં શહેર સાર્વજનિક ગ્રંથાલયની રચના કરવામાં આવે છે. આ ગ્રંથાલયો સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ માટે પુસ્તકો અને વાચન સામગ્રીનો સંગ્રહ કરશે. જે લાગુ પડતા શહેર કે જિલ્લા ગ્રંથાલય સત્તામંડળના નિયંત્રણ નીચે કાર્ય કરશે. જરૂરિયાત ઊભી થતાં નિયમોને આધારે શક્ય હશે ત્યાં શાખા ગ્રંથાલયો શરૂ કરશે.

- **જિલ્લા અને શહેર ગ્રંથપાલ:-**

  રાજ્ય સરકાર દ્વારા શહેર કે જિલ્લા ગ્રંથાલય માટે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનની નિર્ધારીત કરેલ લાયકાત મુજબના પૂર્ણ સમયના ગ્રંથપાલો દ્વારા કરવામાં આવશે.

- **કાર્યો:-**

  - ગ્રંથાલયો જે સ્થળે આવેલા હોય તે શહેરના મ્યુનિસિપાલીટી, કસ્બા કે શહેર કોર્પોરેશનના સભ્યોને ગ્રંથાલયની વિશિષ્ટ સંદર્ભસેવા

- કેટલાક રાજ્યના સાર્વજનિક ગ્રંથાલયધારામાં જિલ્લા ગ્રંથાલયોને તેમના કાર્યક્ષેત્રમાં ગ્રંથાલયોના નેટવર્કની જવાબદારી સોંપવામાં આવેલ છે.
- અભ્યાસ વર્તુળો ,શૈક્ષણિક જૂથો અને વિદ્યાર્થી જૂથોને વિશિષ્ટ સેવા પ્રદાન કરવી.
- ગ્રંથાલયસેવા તાલુકા અને ગ્રામગ્રંથાલયો, ફરતાં ગ્રંથાલયો વગેરે એકમો દ્વારા સમગ્ર જિલ્લામાં વિસ્તારવી.
- પુસ્તકો અને વાચન સામગ્રી પૂરી પાડી વિભાગીય ગ્રંથાલયોને સમૃદ્ધ બનાવવા.,
- લવાજમ ગ્રંથાલયો સાથે સાર્વજનિક ગ્રંથાલયોના નિયામકશ્રીના કાર્યાલયની સુચના અનુસાર સહકાર કેળવી જરૂરી સહાય પૂરી પાડવી.,
- જિલ્લા કક્ષાએ વાઙ્મયસૂચિ સેવા પૂરી પાડવી.,
- ગ્રંથાલયથી અજ્ઞાત વ્યક્તિઓને ગ્રંથાલયસેવા / ભાવનાનો વિકાસ કરવા શૈક્ષણિક સંસ્થાઓ, જૂથો અને કાર્યકરો સાથે સહકાર સાધી ગ્રંથાલયની ભાવના વિકસાવવાનું કાર્ય કરવું.,
- જિલ્લા ગ્રંથાલયો અને ગ્રંથપાલો માટે કાર્યક્રમો, પરિસંવાદ, સેમિનાર, મેળાવડા વગેરેનું આયોજન કરવું અને
- જિલ્લા ગ્રંથાલય પદ્ધતિના કાર્યકરો માટે રિફ્રેશર કોર્સ પૂરા પાડવાનું આયોજન કરવું.

- **શહેર/જિલ્લા સાર્વજનિક ગ્રંથાલયના વિભાગો:-**
  - વહિવટી વિભાગ
  - સામાયિક અને સમાચારપત્રો વિભાગ
  - બાળકો અને સ્ત્રીઓ માટેનો વિભાગ
  - બુક પ્રોસેસ વિભાગ
  - પ્રૌઢ શિક્ષણ વિભાગ

- વિસ્તરણ અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ
- પાઠ્યપુસ્તક વિભાગ
- ન્યુઝ પેપર વિભાગ
- આપ-લે વિભાગ
- શહેર / જિલ્લા માહિતી એકમ અને સંદર્ભ વિભાગ

- **શહેર / જિલ્લા ગ્રંથાલય સત્તામંડળ (City / District Library Authorities):-**

રાજ્ય / સ્થાનિક સરકારનું એકમ જે સાર્વજનિક ગ્રંથાલય સેવાઓની જોગવાઈ કરવા જવાબદાર હોય તેને શહેરી / જિલ્લા ગ્રંથાલય સત્તામંડળ કહેવાય. શહેર ગ્રંથાલય સત્તામંડળ 5 લાખ થી 10 લાખ સુધીના વસ્તીવાળા મ્યુનિસિપલ કોર્પોરેશન વાળા ક્ષેત્ર માટે અને જિલ્લા ગ્રંથાલય સત્તામંડળ દરેક મહેસુલી જિલ્લાના ક્ષેત્ર માટે હોય છે.

શહેર અને જિલ્લા ગ્રંથાલયના સંગઠન અને વહીવટ માટે સત્તામંડળની રચના કરવામાં આવેલ છે. જેની રચના બંધારણથી કરવામાં આવે છે.

- **ગ્રંથાલય સત્તામંડળનું બંધારણ (Constitution of Library Authorities):-**

રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોના સંગઠન અને વહીવટ માટે દરેક જિલ્લામાં એક અને શહેરમાં એક ગ્રંથાલય સત્તામંડળની રચના કરવામાં આવશે.

- **ગ્રંથાલય સત્તામંડળના કાર્યો:-**
  - શહેર / જિલ્લા સત્તામંડળ નાણાંકીય ભંડોળને ધ્યાને લઇ તે શહેર કે જિલ્લામાં માહિતી પ્રાપ્તિ સાથે અન્ય સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના કરશે.,
  - દરેક જિલ્લામાં સાર્વજનિક ગ્રંથાલય સ્થાપવા.,

- 5000 થી 25,000 ની વસ્તી માટે ઓછામાં ઓછું એક અને મહેસુલી વિસ્તારમાં ફરતાં ગ્રંથાલયની સ્થાપના કરશે.,
- તેના જેવા બીજા ગ્રંથાલયોને, પુસ્તકો, સામાયિકો, નકશા, દ્રશ્ય-શ્રાવ્ય મટીરીયલ પૂરા પાડવા અને
- ગ્રંથાલયધારાઓમાં જિલ્લા ગ્રંથાલયોને તેમના કાર્યક્ષેત્રમાં ગ્રંથાલયોના નેટવર્કની સેવા પૂરી પાડવી.

### 10.2.5 તાલુકા અને શાખા ગ્રંથાલયો (Taluka & Branch Libraries):-:-

તાલુકા / શાખા ગ્રંથાલયો જિલ્લા મધ્યસ્થ ગ્રંથાલયના સીધા નિયંત્રણ અને નિરીક્ષણ નીચે સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. તે તેમના વિસ્તારમાં આવેલા ફરતાં ગ્રંથાલયો ગ્રંથ પરિભ્રમણ અને ગ્રામગ્રંથાલયોના કાર્યોનું નિરીક્ષણ તથા અનુદાન મેળવવા ગ્રંથાલયોના નિરીક્ષણનું કાર્ય કરે છે. દિવસ દરમ્યાન કાર્ય કરવાના કલાકો નિશ્ચિત કરેલા હોય છે. ગ્રંથાલયોની ગ્રામસેવાના સૌથી મોટા કેન્દ્રો છે. શાખાગ્રંથાલય સ્તરે વિકાસ કાર્યક્રમો કે સહાય કરવા સમિતિ હોય છે. શાખાગ્રંથાલયમાં મોટા ભાગે ખાનગી ક્ષેત્રોમાંથી ભેટ કે દાનની, ટીવીની મકાનની જોગવાઈ તથા પુસ્તક ખરીદી માટે સહાય એકત્રિત કરવાની હોય છે.

- **તાલુકા / ગ્રામ / પંચાયત ગ્રંથાલય સત્તામંડળો (Taluka / Village / Panchayat Library Authority):-**

તાલુકા અને શાળાગ્રંથાલયોએ રાજ્યની સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ કરતાં એકમો છે. જિલ્લા ગ્રંથાલયમાંથી તેઓ જ્યાં કાર્ય કરે છે ત્યાં કાર્યક્ષેત્ર સંબંધિત સત્તામંડળની રચના કરે છે. તેમના પ્રશાસનમાં તેમના સ્વરૂપ, કદ અને સેવાઓ માટેની કોઈ વિશિષ્ટ રીતભાતમાં ભિન્નતા જોવા મળતી નથી.

### 10.2.6 ગ્રામગ્રંથાલયો અને જૂથ ગ્રંથાલયો (Village & Group Libraries):-

ગ્રંથાલયસેવાના આદર્શોને પરિપૂર્ણ કરવા માટે પ્રથમ હરોળનાં ગ્રંથાલયો માટે જિલ્લા ગ્રંથાલયો, તાલુકા ગ્રંથાલયો અને ગ્રામ ગ્રંથાલયોનું મહત્વ વિશેષ છે. અને તેનું કાર્યક્ષેત્ર વિશાળ છે. ગ્રામગ્રંથાલયનું કાર્ય અને ગ્રંથાલયસેવા શહેરી ગ્રંથાલય સેવાથી અલગ છે. ગ્રામગ્રંથાલયના સંકુલમાં જિલ્લા ગ્રંથાલયનું વિશેષ મહત્વ છે. શહેર ગ્રંથાલયના નેજા હેઠળ તાલુકા ગ્રંથાલયો, ગ્રામગ્રંથાલયો, ફરતાં પુસ્તકાલયો, સેવાકેન્દ્રોને તે માર્ગદર્શક છે.

ગ્રામજીવનમાં ખેતી મુખ્ય વ્યવસાય છે. વર્ષના આઠથી નવ મહિનાનો સમય ખેતી અને તેની આનુષંગિક પ્રવૃતિમાં ગ્રામ લોકોનો જાય છે. બાકીના ત્રણથી ચાર મહિના એવા હોય છે કે જેમાં તેઓ માટે ફુરસદનો સમય હોય છે. આ સમયમાં તેઓ નિષ્ક્રિયતા તરફ ન વળે તે માટે સાર્વજનિક ગ્રંથાલયે ફરજ અદા કરવાની છે. તે ફરજ ગ્રામગ્રંથાલયો અને જૂથ ગ્રંથાલયો થકી પૂરી પાડવાની છે.

- **કાર્યો**:-
  - વિવિધ વાચન સામગ્રી વસાવવી.,
  - પ્રદર્શનો યોજવા.,
  - જે તે વિષયના નિષ્ણાંતના વ્યાખ્યાનનું આયોજન કરવું.,
  - ખેતી સાથે સંકળાયેલ ગ્રામજીવનને તેના ક્ષેત્રની સંપૂર્ણ અને અદ્યતન માહિતીથી વાકેફ રાખવા સતત પ્રયત્નો કરવા.,
  - રૂઢિચુસ્તતા કુરિવાજો અને વ્યવહારોની અંધશ્રદ્ધાને વિવેક પૂર્ણ રીતે દુર કરીને ગ્રામજનોને વિકાસલક્ષી અભિગમ તરફ વાળવા માટેનું સાહિત્ય વસાવવું જોઈએ.,
  - સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું.,

- લોકોમાં ગ્રંથાલય અને ગ્રંથાલયસેવા વિશે આત્મીયતા વધે તેવાં પ્રયત્નો કરવા જોઈએ.,
- પ્રોઢ શિક્ષણના કેન્દ્ર તરીકે કાર્યક્રમ કરવા.,
- ગ્રંથવાચન અને
- ગામ ચોરાનું પુસ્તકાલયના પ્રાંગણમાં રૂપાંતર કરવું.

- **ગ્રામ / પંચાયત ગ્રંથાલય સત્તામંડળ:-**

  તેઓ જ્યાં કાર્ય કરે છે ત્યાં તે કાર્યક્ષેત્રના સંબંધિત જિલ્લા ગ્રંથાલયમાંથી તેઓ સત્તામંડળ વિકસાવે છે. ગ્રામગ્રંથાલયોમાં પંચાયત જનસમુદાયનું કાર્ય કરે છે. તેના પ્રશાસનમાં અન્ય ગ્રંથાલયો અને સેવાનું જોડાણ મુખ્ય પરિબળ છે.

### 10.2.7 ફરતાં ગ્રંથાલયો (Mobile Libraries):-

Mobile Library એટલે એવું વાહન જે ગ્રંથાલય સેવા પૂરી પાડવા માટે રચના કરેલ હોય અને તેમાં સાધનો હોય. સાર્વજનિક ગ્રંથાલય વધતાં જતા જનસમુદાયને ગ્રંથાલયસેવાનો લાભ વિસ્તરણ સેવાઓની સાથે ફરતાં ગ્રંથાલયોના ઉપયોગ દ્વારા પૂરી પાડવામાં આવે છે. નવા આયોજન રહેઠાણવાળા વિસ્તારોને કારણે છુટ્ટા પડેલા વિસ્તારોને સાર્વજનિક ગ્રંથાલયસેવાના વ્યાપમાં લાવવા જરૂરી છે. આ વિસ્તારોમાં શાળાગ્રંથાલયો શરૂ કરવા. આર્થિક રીતે પોષાય તેમ નથી. ફરતાં ગ્રંથાલયો દ્વારા ઓછા ખર્ચે આ હેતુ પાર પાડી શકાય તે સ્પષ્ટ છે. ફરતાં ગ્રંથાલયો દ્વારા ઘટના સ્થળે વાચકોના ઘરે પુસ્તકો લઇ જવા સુચન કરેલ. જસ્ટીસ ગોપાલરાવ ઇક્બોલના મત પ્રમાણે ફરતાં પુસ્તકાલય એવા જે ઉપયોગમાં લેવાના વાહનની વ્યવહારુ રચના અને મજબુત બાંધકામ હોય અને વિવિધ આકર્ષક પુસ્તક સંગ્રહ હોય. કાર્યક્ષમ કર્મચારી ઉપલબ્ધ કરાવી નિરીક્ષણ કરવામાં આવે તે સફળ થઇ શકે.

ફરતા ગ્રંથાલય સેવા માટે પુસ્તકોની પસંદગીનું, વાહનના પ્રકાર અને રચના, કર્મચારીની નિમણુંક કરવા, નિષ્ણાંત સભ્યોની પેટા સમિતિની રચના માટે સાર્વજનિક ગ્રંથાલયધારામાં કોઈ આવશ્યક શરત પૂરી પાડી નથી.

"ફરતાં પુસ્તકાલયો" જનસમુદાયને સેવા આપે છે તેને ગ્રંથાલયની નજીક લાવે છે. મેટ્રોપોલીટીન શહેરોમાં વધુ ગીચ વસ્તીમાં શહેર મધ્યસ્થ ગ્રંથાલયો દ્વારા સંચાલિત ફરતાં પુસ્તકાલય સેવાઓ પૂરી પાડવી વધુ લાભદાયી છે. ફરતાં પુસ્તકાલયો માટે વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવેલ વાહન-ગાડી છે. જે પુસ્તકોના ફલાકોથી સજ્જ હોય છે. ઉપભોક્તા વિવિધ જરૂરિયાતો અને ખર્ચ ને પહોંચી વળવા માટે પસંદગી કરેલ સાહિત્ય સામગ્રી આ ગ્રંથાલયમાં રાખવામાં આવે છે. પૂર્વ આયોજન કાર્યક્રમો દ્વારા દરેક સ્થળે, નક્કી કરેલ સમયે લોકોને પુસ્તકો આપવાની સેવા પૂરી પાડે છે. ફરતાં પુસ્તકાલયના ગ્રંથપાલ / કર્મચારી દ્વારા ઉપભોક્તાના પ્રશ્નો અને માંગને શહેર મધ્યસ્થ ગ્રંથાલયમાં લઇ જાય છે. જેથી ફરી તે સ્થળે ફરતાં પુસ્તકાલયની મુલાકાત દરમ્યાન વાચકને જવાબ આપી શકાય. કોઈપણ જાતના બંધન વિના દરેક યુવાનો અને વૃદ્ધોને સેવા પુરી પાડવી જોઈએ. આ ગ્રંથાલયના ઊભા રહેવાનું સ્થળ યોગ્ય રીતે આવેલું હોવું જોઈએ અને નિયમિત કાર્યક્રમની પ્રસિદ્ધિ આપવી જોઈએ. શહેર પુસ્તકાલયના વિશાળ સંગ્રહથી ફરતાં પુસ્તકાલયના પુસ્તક સંગ્રહને વારંવાર બદલવાનું આવશ્યક બનશે.

### 10.2.8 સેવા કેન્દ્રો

સાર્વજનિક ગ્રંથાલયોએ વિશિષ્ટ સાર્વજનિક ગ્રંથાલયની સેવાઓ પુરી પાડી સેવા કેન્દ્રોનું કાર્ય કરવાનું છે. યુનેસ્કોના ઘોષણા પત્ર 1994માં બાળકો શારીરિક પડકારવાળા અને વિશાળ ક્ષેત્રમાં વિષયવાર વસ્તીને ગ્રંથાલયસેવાનો ભાર આપ્યો છે. આ ત્રણેય કક્ષાના લક્ષાંકિત જનસમુહોને વિશિષ્ટ સેવાઓની જરૂરિયાત હોય છે.

1. **બાળગ્રંથાલયો:-**

બાળકોના જીવન ઘડતરમાં બાળપુસ્તકાલયમાં મહત્વનું સ્થાન ધરાવે છે. બાળકોના પ્રારંભિક જીવનમાં કોમળ મન પર પુસ્તકોનો સ્વાદ કરાવી પ્રેરણા પુરી પાડવાનું કાર્ય બાળગ્રંથાલયનું છે. આ માટે સાર્વજનિક ગ્રંથાલયોની ખાસ ફરજ એ બને છે કે તેમને પુસ્તકો અને અન્ય સામગ્રીની પસંદગીની તકો પુરી પાડવી. તેમનો વિશિષ્ટ સંગ્રહ અને અલગ વિભાગ પૂરો પાડવો જેમાં વિવિધ પ્રકારની પ્રવૃતિઓ સંસ્કૃતિના પ્રેરણા સ્રોત બને ત્યારે જ બાળગ્રંથાલય જીવંત ઉત્તેજનાપૂર્ણ સ્થળ બની શકશે. દરેક જગ્યાએ બાળ વાચકોની સંખ્યા જોવા મળે છે. દરેક જગ્યાએ ગ્રંથપાલ આવશ્યક છે. આને લીધે બાળગ્રંથાલયો તમામ સાર્વજનિક ગ્રંથાલયો નાના કે મોટા શહેરી કે ગ્રામ વિસ્તારના ભાગ તરીકે અથવા સ્વતંત્ર એકમ તરીકે કાર્ય કરે છે. બાળગ્રંથાલયના મહત્વને જાણી રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશને બાળગ્રંથાલયો અથવા સાર્વજનિક ગ્રંથાલયના બાળ વિભાગને નાણાંકીય સહાય માટે બિનસહયોગી યોજના કરી છે. બાળ ગ્રંથાલયની વિશિષ્ટ સેવા અને મહત્વ જાણવા છતાં સાર્વજનિક ગ્રંથાલય ધારામાં તેના કાર્યો અને પ્રશાસન અંગે કાયદાકીય જોગવાઈ જોવા મળતી નથી. અગ્રીમ સત્તામંડળ ઉપર તેનું આયોજન છોડી દેવામાં આવે છે. આમ સાર્વજનિક ગ્રંથાલય દ્વારા બાળકોને વિશિષ્ટ સેવા પુરી પાડી સેવા કેન્દ્ર તરીકે કાર્ય કરવામાં આવે છે.

2. **શારીરિક ખોડખાંપણ માટે ગ્રંથાલયો (Libraries for Physically Handicap):-**

તમામ પ્રકારની શારીરિક અક્ષમતાના પ્રશ્નોને ધ્યાને લઇ સાર્વજનિક ગ્રંથાલયો યંત્રની મદદથી, સાધનો, મોટા કદમાં છપાયેલી પુસ્તકો, ટેપરેકોર્ડર, audio-video મટીરીયલ દ્વારા

જેમને સેવાની જરૂર છે તેને સેવા પુરી પાડવા પોતાની સેવા વિસ્તારી શકે છે.

ઇફ્લાની માર્ગદર્શિકાને આધારે

- ઘર બહાર જવા અસમર્થ વાચકો
- દવાખાનાઓ, ઘેર રહેનાર અને વાણિજ્ય સંસ્થાઓ
- અંધજનો અને વાંચવાની અક્ષમતા ધરાવતાં વ્યક્તિ

જે સાર્વજનિક ગ્રંથાલય આવા લોકોને સારી સેવા આપવા માંગતા હોય તેમને આ હેતુ માટે ખાસ વિભાગ સ્થાપવો જોઈએ. આ વિભાગે વાચકોને ઓળખી વિશિષ્ટ જરૂરિયાત મુજબ તેની સેવા પૂરી પાડવા સુધીનું કાર્ય કરવાનું રહેશે.

અંધજનો માટે બ્રેઇલ લીપીના પુસ્તકો, શ્રાવ્ય સાધનો દ્વારા સેવા પુરી પાડવી. જુદાં-જુદાં પ્રકારની સાક્ષરતા ધરાવતાં લોકોને સેવા પૂરી પાડવા વિશિષ્ટ ક્ષેત્રમાં સંપર્ક ધરાવતાં સરકારી વિભાગોએ વ્યવસાયિકોમાંથી પસંદ કરેલ વ્યક્તિઓમાંથી પેટા સમિતિની રચના કરવી જોઈએ આમ વિશિષ્ટ સેવા પૂરી પાડેલ સાર્વજનિક ગ્રંથાલયોમાં સેવા કેન્દ્રોનું કાર્ય કરવું.

**3. ફરતાં ગ્રંથાલયો:-**

મોબાઇલ ગ્રંથાલય દ્વારા દૂર સ્થળે રહેલા વાચકોને અંતરિયાળ વિસ્તારમાં રહેલ વાચકો કે જે સાર્વજનિક ગ્રંથાલયો સુધી આવવા અસમર્થ છે. સમય અને નાણાંનો અભાવ છે તેવા લોકો પાસે પહોંચી ગ્રંથાલયસેવા ફરતાં ગ્રંથાલયો દ્વારા તેમની પાસે પહોંચી સેવા કેન્દ્ર તરીકેનું કાર્ય સાર્વજનિક ગ્રંથાલયો કરે છે.

આ ઉપરાંત પ્રૌઢ શિક્ષણ વિભાગ, વાંચનાલય, ગ્રંથાલય, કારીકિર્દી માર્ગદર્શન, પ્રદર્શનો, સલાહ કેન્દ્રો અને ફુરસદના સમયનો ઉપયોગ શીખવીને માહિતી કેન્દ્રો તરીકે કાર્ય કરવું.

## 10.3 તમારી પ્રગતિ ચકાશો

5. **સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ એટલે શું?**
6. **સાર્વજનિક ગ્રંથાલયોના કેન્દ્રબિંદુ (જ્ઞાન્કેન્દ્રો) જણાવો.**
7. **રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય વિષે ટૂંકમાં માહિતી આપો.**
8. **સાર્વજનિક ગ્રંથાલયનું સંયોજનાત્મક માળખું એટલે શું?**

**નોંધ: -**

3. **નીચે આપેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.**
4. **આ એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારા ઉત્તર ચકાશો.**

## 10.4 સારાંશ (Summary)

આ એકમમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના સેવાકેન્દ્રોની અસરકારક કામગીરી, તેનો પાયો, સત્તા મંડળો અને તેના કાર્યો દર્શાવ્યા છે. ગ્રંથાલયો જુદાં જુદાં પ્રકારના હોવાને કારણે તેમના સત્તામંડળો પણ તેમના સ્વરૂપ અને રચનામાં જુદાં હોય છે. રાજ્ય મધ્યસ્થ સત્તામંડળ અને પદ્ધતિના અન્ય ગ્રંથાલયોના સાર્વજનિક ગ્રંથાલયોની રચના પાછળ તર્કસંગત, સિદ્ધાંત જોતા ગ્રંથાલય વિજ્ઞાનનું બીજું સૂત્ર અર્થાત્ દરેક વાચકને તેનું પુસ્તક મળે.તમામ વિષયો/ભાષામાં વાચકોની પસંદગી મુજબના માહિતી સ્રોત વિવિધ પ્રકારના ગ્રંથાલયો દ્વારા મળવા. સત્તામંડળોની રચના કાયદામાં સ્પષ્ટ છે. જ્યાં સત્તામંડળ નથી ત્યાં તેમનું પ્રશાસન પેટા સમિતિ દ્વારા થાય છે. બાળ ગ્રંથાલયો વિશિષ્ટ ગ્રંથાલય સેવાની કક્ષાના સેવા કેન્દ્રો છે.

## 10.5 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

5. દરેક વાચકને તેનું પુસ્તક મળો એ હેતુને સાર્થક કરવા સમાજની તમામ વ્યક્તિને ગ્રંથાલયસેવા પૂરી પાડવી આવશ્યક છે. વધારાની જતી વાચકોની સંખ્યા અને માહિતી વિસ્ફોટને જોતાં ગ્રંથાલયસેવા પૂરી પાડવા શક્તિ અને નાણાંની મર્યાદાઓ નડે છે. આ માટે ગ્રંથાલયોને અન્યોન્ય રીતે સાંકડી લેવા એટલે જે ગ્રંથાલય પદ્ધતિ કે જેને સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિ કહેવાય. આ માટે ગ્રંથાલયધારો હોવો એક આવશ્યક શરત છે.
6. સાર્વજનિક ગ્રંથાલયના કેન્દ્રબિંદુઓ:
    a. રાજય મધ્યસ્થ ગ્રંથાલય
    b. વિભાગીય / પ્રાદેશિક ગ્રંથાલય
    c. જિલ્લા / શહેર મધ્યસ્થ ગ્રંથાલય
    d. તાલુકા / શાળાગ્રંથાલયો
    e. ગ્રામગ્રંથાલયો
    f. ફરતાં ગ્રંથાલયો

g. સેવાકેન્દ્રો

7. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય

રાજ્યનું મધ્યસ્થ ગ્રંથાલય રાજ્યની રાજધાનીમાં આવેલ હશે અને તે રાજ્યનું મુખ્ય ગ્રંથાલય તરીકે હશે. તે પુસ્તકો અને વાચન સામગ્રીનો સંગ્રહ કરી સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિની યોગ્ય કાર્ય પદ્ધતિ માટે કાર્ય કરવું તે તેનો મુખ્ય ઉદ્દેશ રહેશે.

- **કાર્યો:-**
  - ગ્રંથાલયની વિસ્તરણ પ્રવૃત્તિઓ અને કાર્યોના જુદા જુદા પાસાઓ પર સંશોધન કરી સર્વે કરવા અને તેને એકત્રિત કરી સંગઠન કરવું.
  - વિદ્વાનો અને સંશોધકો માટે સંદર્ભ સામગ્રીનો મુખ્ય સ્રોત બનવું.
  - સંશોધન ગ્રંથાલય તરીકે કાર્ય કરવું.
  - ગ્રંથાલયનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો.
  - ગ્રંથાલય ક્ષેત્રની તમામ પ્રવૃતિઓ અને વિસ્તરણ કાર્યમાં નેતૃત્વ કરવું.
  - સંદર્ભ ગ્રંથાલય તરીકે કાર્ય કરવું.
  - રાજય સરકારના તમામ વિભાગોને માહિતીસેવાઓ અને પ્રલેખનસેવા પૂરી પાડવી.
  - રાજ્યનાં કોઈપણ ગ્રંથાલયમાંથી બિન-ઉપયોગી રદ કરેલ પુસ્તકોની એક નકલનો સંગ્રહ કરવો.
  - રદ કરેલ પુસ્તકોની Dormitory Library બનાવી તેનું સંચાલન કરવું અને તેનો નિભાવ કરવો.
  - ખાનગી સંગઠનો દ્વારા અને ગ્રંથાલય મંડળ દ્વારા ચલાવવામાં આવતા ગ્રંથાલય તાલીમ વર્ગનું નીરીક્ષણ કરવું.
  - પ્રાચીન ગ્રંથો સંદર્ભે કોઈ સંશોધન કે વાઙ્મયસૂચિ ક્ષેત્રે સંશોધન કરનાર કોઈપણ વ્યક્તિને ગ્રંથો પૂરા પાડવા.

- પ્રાદેશિક અને જિલ્લા ગ્રંથાલયોનું નિરીક્ષણ કરવું અને તેની કામગીરીની ચકાસણી કરવી.
- કોઈ વિષયનાં સંદર્ભમાં મોટા પાયે પ્રદર્શન અને અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- ગ્રંથાલયો અને કર્મચારી સભ્યો માટે નોકરી દરમ્યાન તાલીમની જોગવાઈ કરવી.

૮. સાર્વજનિક ગ્રંથાલયોનું સંયોજનાત્મક માળખું એટલે સાર્વજનિક ગ્રંથાલયોની જુદા જુદા વિસ્તારોમાં રાજ્યોથી શરૂ કરીને ગ્રામ સ્તર સુધી સ્થાપના કરવી. સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિમાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના અને જાળવણી માટે જુદી જુદી કક્ષાએ સાર્વજનિક ગ્રંથાલયોનું જોડાણ, વહિવટી સત્તામંડળ અને ગ્રંથાલય સંઘો સાર્વજનિક ગ્રંથાલય ચળવળને પ્રોત્સાહન સાર્વજનિક ગ્રંથાલયો માટે સ્વતંત્ર વિભાગ, વ્યાવસાયિક લાયકાત ધરાવતી પૂર્ણ સમયનાં નિયામક, રાજ્ય / જિલ્લા / શહેર અને સ્થાનિક સત્તામંડળ છે.

## 10.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **Library System – ગ્રંથાલય પદ્ધતિ :-**
  જેનો સંપુર્ણ અથવા અંશતઃ ખર્ચ સરકાર દ્વારા થવા હોય તેવા તો રાજ્યના તમામ ગ્રંથાલયોનું નેટવર્ક કે જે સૌથી ઉપરની તરફ જીવંત માળખું ધરાવતું જોડાણ

- **Library Authority – ગ્રંથાલય સત્તામંડળ :-**
  સાર્વજનિક સેવાઓની જોગવાઈ કરવા જવાબદાર હોય તેવું રાજ્ય કે સ્થાનિક સરકારનું એકમ

- **Mobile Library – ફરતું ગ્રંથાલય :-**
  ગ્રંથાલય સેવા પુરી પાડવા માટે સાધનો સહિતનું વાહન કે જે એક જગ્યાએથી બીજી જગ્યાએ જતું હોય

- **Ex-office Member – હોદ્દાગત સભ્ય** :-
  કમિટીમાં હોદ્દા પર હોવાના કારણે સભ્યો
- **Adhoc Committee – હંગામી સમિતિ** :-
  એવી સમિતિ જેની રચના ચોક્કસ / વિશિષ્ટ હેતુ માટે કરવામાં આવી હોય

## 10.7 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

**1.** રાજ્ય ગ્રંથાલય સત્તા મંડળના ચેરમેન કોણ હોય છે. ?
(A) શિક્ષણ ખાતાનાં પ્રધાન ,--(B) શિક્ષણ નિયામક ,
(C) શિક્ષણ વિભાગના સચિવ ,(D) રાજ્ય ગ્રંથપાલ

**2.** રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયનું સંચાલન કોણ કરે છે. ?
(A) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના ગ્રંથપાલ ,
(B) શિક્ષણ વિભાગીય સચિવ
(C) રાજ્ય ગ્રંથાલય શિક્ષણ સંસ્થા
(D) ઉપરમાંથી એક પણ નહીં

**3.** 1940માં તે સમયના મુંબઈ ઇલાકાના કાર્યક્ષેત્રમાં ગુજરાતી,મરાઠી અને કન્નડ એમ ત્રણ ભાષા આધારિત જૂથ માટે ત્રણ પ્રાદેશિક ગ્રંથાલયો વડોદરા, પુના અને ધારવાડમાં સ્થાપવા સૂચન કોણે કર્યું હતું. ?
(A) ફૈજી કમિટીનો રીપોર્ટ
(B) રાજ્ય સરકાર
(C) રાજા રામમોહન રાય ફાઉન્ડેશન
(D) ઉપરમાંથી એક પણ નહીં

**4.** ગ્રંથાલયો જે સ્થળે આવેલા હોય તે શહેરના મ્યુનિસિપાલીટીના,કસ્બા કે શહેર કોર્પોરેશનના સભ્યોને ગ્રંથાલયની વિશિષ્ટ સંદર્ભ સેવા કોણ પૂરી પાડશે.?

(A) જિલ્લા અને શહેર ગ્રંથાલયો (B) તાલુકા ગ્રંથાલય

(C) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય (D) ગ્રામ ગ્રંથાલય

5. કયા ગ્રંથાલયમાં મોટા ભાગે ખાનગી ક્ષેત્રોમાંથી ભેટ કે દાનની, ટીવીથી મકાનની જોગવાઈ તથા પુસ્તક ખરીદી માટે સહાય એકત્રિત કરવાની હોય છે.?

(A) ગ્રામ/શાખા ગ્રંથાલય (B) જીલ્લા ગ્રંથાલય

(C) તાલુકા ગ્રંથાલય (D) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય

---

**(1- A ),(2-A ),(3- A ),(4- A),(5- A)**

## 10.6 સંદર્ભો અને વિશેષ વાંચન (References)


- Barua B. P. (1992) National Policy in Library and Information System and Services for India: Perspective and Projections, Bombay Popular
- ભૈયા, છગનલાલ (1938), ગ્રંથાલય અને સમાજ, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
- ભૈયા, છગનલાલ (1938), વાંચે ગુજરાત અભિયાન સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન
- ભૈયા, છગનલાલ (1938), ગ્રંથાલય વિસ્તરણ પ્રવૃત્તિ, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય


• • •

**યુનિટ - 11**

# ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી

:: રૂપરેખા ::


**11.0** ઉદ્દેશો (Objectives)

**11.1** પ્રસ્તાવના (Introduction)

**11.2** ગ્રંથાલય સહકાર

**11.3** ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી : વિભાવના

- **11.3.1** ઉદ્દેશ
- **11.3.2** વ્યાખ્યા

**11.4** ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના સત્ર

- **11.2.1** આંતરરાષ્ટ્રીય સ્તર
- **11.2.2** રાષ્ટ્રીય સ્તર
- **11.2.3** વિભાગીય સ્તર
- **11.2.4** સ્થાનિક સ્તર
- **11.2.5** ગ્રંથાલયના પ્રકાર

**11.5** ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીમાં સંપત્તિ માટે કરાર

**11.6** ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના ક્ષેત્રો

- **11.6.1** ગ્રંથપ્રાપ્તિ
- **11.6.2** પ્રસ્તુતિકરણ
- **11.6.3** ગ્રંથભંડાર
- **11.6.4** ગ્રંથવિનિમય
- **11.6.5** વાચનસામગ્રીની દુરસ્તી અને સાચવણી
- **11.6.6** આંતર ગ્રંથાલય લેવડ-દેવડ
- **11.6.7** આંતર ગ્રંથાલય સભ્યપદ ચિટિકા
- **11.6.8** સંદર્ભ સેવા
- **11.6.9** પ્રલેખન અને માહિતી સેવા
- **11.6.10** પ્રચાર
- **11.6.11** વિસ્તરણ પ્રવૃત્તિ

**11.6.12 વૈયક્તિક સેવા**

**11.6.13 ગ્રંથાલય પ્રશિક્ષણ**

**11.6.14 ઉપયોગકર્તાઓને પ્રશિક્ષણ**

**11.7 ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી ક્ષેત્રે ભારતમાં થયેલ વિકાસ**

**11.7.1 કેલીબનેટ**

**11.7.2 ડેલનેટ**

**11.7.3 ઇન્ફ્લીબનેટ**

**11.7.4 અન્ય ગ્રંથાલય નેટવર્ક**

**11.8 સાર્વજનિક ગ્રંથાલય અને મુક્તવિશ્વવિદ્યાલય ગ્રંથાલય : સંપત્તિમાં ભાગીદારીની સંભાવના**

**11.9 તમારી પ્રગતિ ચકાસો**

**11.10 સારાંશ**

**11.11 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)**

**11.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**11.13 ચાવીરૂપ શબ્દો**

**11.14 સંદર્ભો અને વિશેષ વાંચન (References)**

## 11.0 ઉદ્દેશો (Objectives)

માનવ સંસ્કૃતિના આવિર્ભાવ સાથે જ સહકારની ભાવનાનો જન્મ થયો છે. અન્યથા માનવી પથ્થરયુગથી કમ્પ્યુટરયુગ સુધીની મંઝીલ કાપી શક્યો ન હોત ! યુગ પરિવર્તન સાથે સહકારની ભાવના સતત વિકસતી રહી છે. આજે સહકાર 'સંપત્તિમાં ભાગીદારી' કે ' સ્રોત સામગ્રીની હિસ્સેદારી' ના નામે ઓળખાય છે. જે ગ્રંથાલય ક્ષેત્રે 'ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી' કે 'ગ્રંથાલય સ્રોતસામગ્રીની હિસ્સેદારી' સ્વરૂપે પ્રચલિત છે.

પ્રસ્તુત એકમના અભ્યાસ પછી આ સાથે જણાવેલ બાબતોથી માહિતગાર બની શકશો.

- ગ્રંથાલય સંપત્તિની માહિતી સાથે ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના ખ્યાલોની સમજ કેળવી શકશો.
- તેની વિભાવના અને ઉદ્દેશો જાણી શકશો.

- ગ્રંથાલય ગૂંથણી અને તેના સ્તર વિશેની જાણકારી મેળવી શકશો.
- ગ્રંથાલયસેવાના કયા કયા ક્ષેત્રોમાં ભાગીદારી કરી શકાય તેની માહિતી મેળવી શકશો.
- સાર્વજનિક ગ્રંથાલય અને મુક્તવિશ્વવિદ્યાલય ગ્રંથાલય વચ્ચેની ગ્રંથાલય સંપત્તિની ભાગીદારીની સંભાવનાઓ વિશેની માહિતી મેળવી શકશો.

## 11.1 પ્રસ્તાવના (Introduction)

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની ગતિ સાથે વ્યક્તિ –સમાજ અન્યોન્ય આધારિત બનતાં રહ્યાં છે. અર્થાત્ ક્રમશ : સ્વનિર્ભરતા લુપ્ત થતી રહી છે. વ્યક્તિમાત્ર સતત પરાધીન બનતો રહ્યો છે. અન્યોન્યના સંબંધો પણ આધારિત બનતાં રહ્યાં છે. પરિણામતઃ સહકારની વિભાવના જન્મ પામી વિકસતી રહી છે. નિત નવીન આકાર ધારણ કરતી રહી છે.

સમગ્ર માનવજીવન પરસ્પર સાથ અને સહકાર સાથે જ વિકસ્યું છે, વિસ્તર્યું છે. સહકાર આજે જીવનશૈલીની એક અનિવાર્ય શરત બની ચુક્યું છે. ‘વિના સહકાર નહીં ઉધ્ધાર’ એ લોકોક્તિ વાસ્તવિકતા બની છે.

સહકારનો સામાન્ય અર્થ થાય છે, સમાન ધ્યેયની પ્રાપ્તિ માટે સામુહિક પ્રયત્ન સહકારની સામાન્ય વિભાવના એ છે કે પરસ્પર સમજ કેળવી એકબીજાની શક્તિ અને જરૂરીયાતને ઓળખવી અને વધુ સારા અને સમાન ધ્યેયો હાંસલ કરવા માટે ભેગા કાર્ય કરવું.

અર્વાચીન સમયમાં ગ્રંથાલય સહકારને વધુ વ્યાપક રીતે ‘સ્રોત સામગ્રીની હિસ્સેદારી ‘કે’ ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી’ તરીકે ઓળખવામાં આવે છે.

ગ્રંથાલય એ સામાજિક સંસ્થા હોઈ, સમાજની ગતિવિધિઓથી તે અલિપ્ત રહી શકે નહીં તે સ્વાભાવિક છે.

## 11.2 ગ્રંથાલય સહકાર : વિભાવના અને વ્યાખ્યા

આજના યુગમાં કોઇપણ સંસ્થા તેની પોતાની તમામ પ્રવૃત્તિઓ માટે બધી જ અને સંપૂર્ણ સંપત્તિ ધરાવતી હોય તેવો ખ્યાલ માત્ર સ્વપ્નવત છે.

ગ્રંથાલય અનેક મર્યાદાઓ વચ્ચે ઉછરતા બાળક જેવું છે. બંધનો વચ્ચે ઉછરતી સંસ્થા છે. સમય, શક્તિ,સ્થાન અને નાણા એ ગ્રંથાલયની મર્યાદાઓ છે. જેમાં નાણાંકીય મર્યાદા મુખ્ય છે. વાસ્તવિકતા તો એ છે કે સમાજમાં, રાજ્યમાં કે રાષ્ટ્રમાં જયારે પણ નાણાંકીય કાપની વાત આવે છે કે ત્યારે સૌ પ્રથમ ગ્રંથાલયની નાણાંકીય સુવિધા પર કાપ મુકવામાં આવે છે પણ જયારે નાણાંકીય ફાળવણી વાત કરવામાં આવે છે ત્યારે કેળવણીના અવિભાજ્ય અંગ ગણાતા ગ્રંથાલયનો વારો છેલ્લો આવે છે. પરિણામે સાર્વજનિક ગ્રંથાલયો તેના નાણાંકીય ટાંચા સાધનોને લઇ સતત ગુંગળામણ અનુભવતા રહે છે.

બીજી બાજુ સાર્વજનિક ગ્રંથાલય સમાજની એક વ્યક્તિ સહિત વિશાળ વાચકવર્ગ ધરાવે છે. આ વાચકોની વિપુલ અને વૈવિધ્યભરી માહિતી માંગને સંતોષવાનું મોટા સાર્વજનિક ગ્રંથાલયનું પણ ગજું ન હોઈ શકે ! નાના ગ્રંથાલયોનો તો વિચાર જ નહીં કરવાનો !

પાશ્ચાત્ય ગ્રંથાલયશાસ્ત્રી વિકરીએ આપેલું સૂત્ર , 'કોઇપણ ગ્રંથાલય ક્યારેય પણ પોતાનામાં સ્વનિર્ભર હોઈ શકે નહીં.તે સાર્વજનિક ગ્રંથાલયને સંગોપાંગ લાગુ પડે છે.

અમિતાભ ચેટરજી જણાવે છે કે , ' સહકાર એટલે સમાન ધ્યેયની પ્રાપ્તિ માટેનો સામુહિક પ્રયત્ન.ગ્રંથાલય સહકાર એટલે સાથી ગ્રંથાલયો વચ્ચે સામુહિક રીતે ગ્રંથાલયસેવા પૂરી પાડવા માટેની પરસ્પર સમજ.

આમ, ગ્રંથાલય સહકાર કોઈ એક ગ્રંથાલયના સ્થાનિક વાચકને વિશ્વવાચક બનાવવા ગ્રંથાલયની તમામ ક્રિયા-પ્રક્રિયાઓ પર વિશેષ ભાર મુકે છે.

## 11.3 ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી : વિભાવના

ગ્રંથાલય વિજ્ઞાન એ વિકસતું વિજ્ઞાન છે. માહિતી ટેકનોલોજીના વિકાસ સાથે ગ્રંથાલય વિધિવિદ્યાઓ અને ગ્રંથાલયસેવાઓમાં નિત નવીન ઉમેરણ થતું રહે છે. પૂર્વ પ્રસ્થાપિત થયેલ ગ્રંથાલયસેવાઓ પણ પરિવર્તન પામી તેની વ્યાપકતા અને ગહનતામાં વધારો કરતી રહે છે. તો કયારેક નવીન ઓપ પામેલ ગ્રંથાલયસેવાઓ નવીન નામકરણ પામે છે. 'ગ્રંથાલય સહકાર' પદ પણ નવીન નામકરણ પામે છે. 'ગ્રંથાલય સહકાર' પદ પણ નવીન નામકરણ 'ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી' (Library Resources Sharing) પામેલ છે. ગ્રંથાલય સહકારમાં આપણે બહુ ચોક્કસ રીતે સ્પષ્ટ કરી શકતા નથી કે કયા કયા વિશિષ્ટ વિસ્તારોમાં ગ્રંથાલય સહકાર કેળવી શકાય કે આવશ્યક છે. જયારે 'ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી' વધુ વ્યાપક અને ગહન પદ છે. તેમાં ગ્રંથાલયની તમામ સાધનસંપત્તિ ,ક્રિયા-પ્રક્રિયાઓ અને સેવાઓનો સમાવેશ થાય છે.

'ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી' શબ્દસમૂહના 'સંપત્તિ' પદનો અર્થ અત્યંત વ્યાપક સ્વરૂપે કરવામાં આવે છે. સંપત્તિ (Resources) પદ વસ્તુ (Things) , વ્યક્તિ (Persons) અને પ્રવૃત્તિ (Actions)ને આવરી લે છે. જયારે ભાગીદારી (Sharing) નો સુચિતાર્થ એ છે કે બીજાને લાભાર્થે વહેચણી કરવી, ફરજ અને અધિકારની રુએ પોતાનામાંથી ભાગ આપવો કે ફાળો આપવો.' 'સંપત્તિમાં ભાગીદાર' એ બંને સંયુક્ત પદોનો ભાવાર્થ એ છે કે ,'સમભાવે એવી ભાગીદારીની રચના કરવી કે જેમાં દરેક સભ્ય અન્ય સભ્યને કઈક  ફાળો આપવા

ઉપયોગી બની રહે તેમજ દરેક સભ્યની તેમ કરવા માટેની સ્વેચ્છા હોય તથા અન્ય સભ્યની જરુરિયાતની પૂર્તિ કરવા એ સક્ષમ હોય.

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીનો અર્થ છે, 'કોઈ એક ચોક્કસ વિસ્તારમાં સ્થિત કે કોઈ વિશિષ્ટ વિષય ક્ષેત્રે સમાનતા ધરાવતા કે કોઈ વિશિષ્ટ લાક્ષણિકતા ધરાવતા ગ્રંથાલયો સ્વેચ્છાએ ભેગા મળી પોતાની સંપત્તિ અને સેવાઓને પરસ્પર સાંકળી લઇ અન્યોન્યની વિધિવિધિઓ અને ગ્રંથાલયસેવાઓમાં એ રીતે સહાયક બને કે જેથી પૂર્ણ ગ્રંથાલયસેવાઓને સામુહિક રીતે આકાર આપી શકાય, કોઈ વિશિષ્ટ ગ્રંથાલયનો વાચક વિશ્વવાચક બની રહે.'

ગ્રંથાલય સહકાર કે ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીની વિભાવનાના પ્રારંભિક તબક્કામાં કોઈ એક જ પ્રકારના ગ્રંથાલયો વચ્ચે તેની શક્યતાઓની વિચારણા કરવામાં આવી હતી.આજે એવું નથી.ગ્રંથાલયોના પ્રકારની મર્યાદાવિહિન ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના ખ્યાલો વાસ્તવિક સ્વરૂપ ધારણ કરતા જાય છે.

પ્રકાશન અને માહિતીના વિરાટ બનતા જતા ખડકલા, ભાષા અને વિષય વૈવિધ્ય, પ્રકાશનની વધતી જતી કિમત ,પ્રસ્તુતિકરણ ખર્ચ, નાણાંકીય મર્યાદાઓ, માહિતી પ્રદુષણ તેમજ આધુનિક સેવાઓનું વધતું જતું મુલ્ય વગેરે કારણે પણ હવે ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી અનિવાર્ય બનતી રહી છે. અસરકારક અને સર્વાંગ સંપૂર્ણ ગ્રંથાલયસેવાની વિભાવનાને આકાર આપવા તે એક મહત્વનું ઉપકરણ છે.

**11.3.1 ઉદ્દેશ**

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીનો પાયાનો ઉદ્દેશ એ છે કે ગ્રંથાલય ગૂંથણીમાં સમાવિષ્ટ કે ભાગીદારીમાં સંકળાયેલ નાનામાં નાનું ગ્રંથાલય પણ સર્વમાહિતી સંપન્ન .સર્વ ગ્રંથાલયસેવા સંપન્ન અને સક્ષમ

બની રહે છે.સાથે જ વૈયક્તિક ગ્રંથાલય કોઈ એક વિષય કે પેટાવિષય ક્ષેત્રમાં અન્ય ગ્રંથાલયોને ઉપયોગી બનવા સમર્થ બની રહે.

અત્રે એ યાદ રાખવું ઘટે કે ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીનો ઉદ્દેશ એકમાર્ગી નહીં ,પરંતુ બહુમાંર્ગી છે. કોઈ એક ગ્રંથાલયના ઉપયોગકર્તાને તમામ ગ્રંથાલયોના ઉપયોગકર્તા બનાવવા, તમામ ગ્રંથાલય સેવા છેવાડાના ગ્રંથાલય સુધી વિસ્તારવી અને ગ્રંથાલય ક્ષેત્રે સૌનો સાથ સૌનો વિકાસની ભાવના રચવી એ ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીનો આદર્શ છે.

કેટલાંક અન્ય ઉદ્દેશો નીચે મુજબ ગણાવી શકાય.

- સામુહિક રીતે આવશ્યક એવું તમામ સાહિત્ય વસાવવું.
- સંપૂર્ણ ખર્ચમાં ઘટાડો કરવો.
- અવાંચ્છનીય માહિતીસ્રોતનું પુનરાવર્તન ટાળવું.
- માહિતીસ્રોતના જાળવણી ખર્ચમાં ઘટાડો કરવો.
- ઉપભોક્તાઓની બૃહદ શ્રેણી માટે માહિતીસ્રોતોના સંપર્કની વ્યવસ્થા કરવી.
- સંગ્રહ વિકાસમાં કોઈ એક વિષયને પ્રાધાન્ય આપી સંગ્રહ વિકાસ કરવો અને એ રીતે તમામ વિષયોમાં સંગ્રહવિકાસ કરવો.
- અન્ય ગ્રંથાલય સાથે સહકારની ભાવના કેળવવી તથા પરસ્પર મદદરૂપ થવા પ્રયત્નશીલ બનવું.

**11.3.2 વ્યાખ્યા**

એન્સાઈક્લોપીડિયા ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ (સંપા.એલન કેન્ટ અને બીજાઓ) માં ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીની વ્યાખ્યા આ મુજબ આપવામાં આવી છે.

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી એટલે કામ કરવાની એવી પદ્ધતિ જે થકી અનેક ગ્રંથાલયો સમાન કાર્યમાં વધારે સકારાત્મકરૂપમાં ભાગીદારી કરી શકે. સંપત્તિમાં ભાગીદારી પરસ્પરની આવશ્યકતા હોય

છે. આવી ભાગીદારી ઉપયોગમાં લેવામાં આવતાં દરેક ગ્રંથાલય અન્ય ગ્રંથાલયોને કોઈને કોઈ ઉપયોગી સહકાર ઉપલબ્ધ કરાવી શકે છે. સંપત્તિ કે સ્ત્રોત પદનો ઉપયોગ ગ્રંથાલયના બધા જ સાધનો, કાર્યો, સેવાઓ અને વ્યવસાયિક તેમજ બિનવ્યવસાયિક કર્મચારીઓ માટે કરવામાં આવે છે. આમ, સંપત્તિ કે સ્ત્રોતમાં દરેક વસ્તુ ,વ્યક્તિ અને કાર્યનો સમાવેશ થાય છે. જે જરૂરિયાતના સમયે મદદ નિમિત્તે અન્યોન્ય દ્વારા માંગવામાં આવે છે અને અન્યોન્ય પૂરી પાડવામાં આવે છે.

આમ, ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીમાં ‘ સહઉપયોગીતા’ ની ભાવના રહેલી છે. જેનો ભાવાર્થ છે પોતાની સંપત્તિને બીજાના લાભાર્થે ઉપલબ્ધ કરાવવી કે પરસ્પરના લાભ માટેની ભાગીદારી.

ગ્રંથાલય સહકાર કરતાં ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીનો વ્યાપ અત્યંત વિસ્તૃત છે. સાથે જ તે વૈયક્તિક ગ્રંથાલયનો અસ્તિત્વને જાળવી રાખી, તેના ઉપયોગકર્તાઓ માટે ભાગીદારીમાં જોડાયેલ તમામ ગ્રંથાલયના દ્વાર ખોલી આપે છે.

## 11.4 ગ્રંથાલય સંપત્તિની ભાગીદારીના સ્તર

ગ્રંથાલય સંપત્તિની ભાગીદારીની સફળતા માટે સ્તર અને કક્ષાને લક્ષમાં રાખવાનું આવશ્યક છે. અર્થાત્ ગ્રંથાલય ગૂંથણી આવશ્યક છે. માત્ર કોઈ હેતુની પૂર્તિ માટે બે-ચાર ગ્રંથાલયો ભેગા મળે અને હેતુની પૂર્તિ થતાં છુટા પડે તેને ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી તરીકે ઓળખાવી શકાય નહિ. ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી એ લાંબાગાળાની કે કાયમી વ્યવસ્થા છે.

સૌ પ્રથમ તો એ લક્ષમાં રાખવું જોઈએ કે વિશેષ કરીને સાર્વજનિક ગ્રંથાલયો ભૌગોલિક દ્રષ્ટિએ દુર દુર આવેલાં હોય છે. સહજ

ભૌગોલિક દૂરત્વ એ સમાન ભૂમિકાએ સેવા આપતા ગ્રંથાલયોની લાક્ષણીકતા છે.

ગ્રંથાલય ગૂંથણીના પ્રથમ તબક્કે ભૌગોલિક સ્તર નક્કી કરવાનું આવશ્યક છે. જે આ મુજબ છે.

**11.4.1. આંતરરાષ્ટ્રીય સ્તર**

પરાવલંબન એ અર્વાચીનયુગની લાક્ષણિકતા છે. વિશ્વના તમામ રાષ્ટ્રો એક યા બીજી જરૂરિયાતના સંદર્ભે એકબીજા પર આધારિત છે. ગ્રંથાલય જગત તેમાંથી બાકાત ન હોઈ શકે તે સ્વાભાવિક છે.

પરાવલંન એ અર્વાચીનયુગની લાક્ષણિકતા છે. વિશ્વના તમામ રાષ્ટ્રો એક યા બીજી જરૂરિયાતના સંદર્ભે એકબીજા પર આધારિત છે. ગ્રંથાલય જગત તેમાંથી બાકાત ન હોઈ શકે તે સ્વાભાવિક છે.

ગ્રંથાલયક્ષેત્રે સંપત્તિમાં ભાગીદારી આંતરરાષ્ટ્રીય સ્તરે આવકાર્ય અને પરિણામદાયી બની છે. AACR તેનું ઉત્તમ ઉદાહરણ છે.

ગ્રંથાલયસેવાઓ પ્રલેખનસેવા અને માહિતીસેવામાં પલોટાતા આંતરરાષ્ટ્રીય સ્તરે સંપત્તિમાં ભાગીદારી સહજ બનતી જાય છે. આ માટે યુનેસ્કો અને ઇફ્લાનું પ્રોત્સાહન પણ વિશેષ કારણભૂત બન્યાં છે.

AGRIS , AGRISNET , EARNET, ICSU, IFIP,INIS, NTC વગેરે તેના ઉદાહરણો છે.

**11.4.2 રાષ્ટ્રીય સ્તર**

વિશ્વના તમામ દેશોમાં આજે રાષ્ટ્રીય સ્તરની સંપત્તિમાં ભાગીદારી જોવા મળે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે આ વિભાવના વિશેષ જોવા મળે છે. ભારતમાં NISSAT ની રચના તેનું ઉદાહરણ છે.

### 11.4.3 <u>વિભાગીય સ્તર</u>

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે ભાગીદારી કરવામાં ક્યારેક ક્યારેક અવરોધો જેવાં કે વિસ્તાર, ભાષા વગેરે હોય છે. પરિમાણતઃ ગ્રેટ બ્રિટનમાં વિભાગીય સ્તરે સંપત્તિમાં ભાગીદારીનો 1850 માં વિચાર રજુ થયો. તેમજ ત્યારબાદ અનેક જગાએ વિભાગીય સ્તરની ભાગીદારી જોવા મળે છે.

### 11.4.4 <u>સ્થાનિક સ્તર</u>

સ્થાનિક સ્તરના ગ્રંથાલયો એક યા બીજા સ્વરૂપે અને જાણે – અજાણે સંપત્તિની ભાગીદારીમાં હિસ્સો લેતાં હોય છે. જો કે હવે તેને વ્યવસ્થિત સ્વરૂપ મળ્યું છે. DELNET,CALIBNET, ADINET વગેરે તેના ઉદાહરણો છે.

### 11.4.5 <u>ગ્રંથાલયના પ્રકાર</u>

સામાન્યતઃ ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીની વાત કરવામાં આવે છે કે ગ્રંથાલય ગૂંથણી સંદર્ભે ચર્ચા કરવામાં આવે છે ત્યારે કોઈ એક જ પ્રકારના ગ્રંથાલયોને કેન્દ્રમાં રાખવામાં આવે છે. જેમ કે માત્ર વિશ્વવિદ્યાલયના ગ્રંથાલયો કે માત્ર વિશિષ્ટ ગ્રંથાલયો કે માત્ર સાર્વજનિક ગ્રંથાલયો .

આજે ગ્રંથાલય અને માહિતી સેવા ક્ષેત્રે તથા સંગ્રહવિકાસની દ્રષ્ટિએ આ ગ્રંથાલયો એકબીજાના ક્ષેત્રમાં પ્રવેશતા જોવા મળે છે. અલબત્ત, કેટલીક સેવાઓ સામાન્ય પણ હોય છે. આ સંજોગોમાં ઉદાહરણ સ્વરૂપ સાર્વજનિક ગ્રંથાલયો અને શૈક્ષણિક ગ્રંથાલયો વચ્ચે પણ ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીની આવશ્યકતા બની છે, આવકાર્ય પણ બની છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી ગ્રંથાલય,

સાર્વજનિક ગ્રંથાલયો સાથે સંપત્તિમાં ભાગીદારી કરવા પહેલ કરવાનું વિચારી રહ્યું છે તે આવકાર્ય છે.

## 11.5 ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીમાં સંમતિ માટે કરાર

આજે કેટલાંક ગ્રંથાલયો ગ્રંથાલય સંપત્તિની ભાગીદારીમાં હિસ્સો લઇ રહ્યાં છે. પણ વાસ્તવમાં તે અંગત સંબંધો પર જ આધારિત છે. તેના માટે કોઈ નીતિનિયમ જોવા મળતાં નથી. કેટલાંક ગ્રંથાલયો પરસ્પર લવાજમ કે ફી લઇ સંસ્થાગત સભ્યપદ આપે છે. પરંતુ તે માત્ર આંતર ગ્રંથાલય લેવડ-દેવડ સેવા પુરતું જ ત્યાં પણ કોઈ નીતિનિયમ નથી.

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીને સફળ અને પરિણામદાયી બનાવવા માટે ગ્રંથાલયો વચ્ચે સંમતિ કરાર હોવો આવશ્યક છે. સંમતિ કરારમાં આ સાથે જણાવેલ કેટલાંક મુદ્દાઓનો સમાવેશ કરવાનું આવશ્યક છે. વળી, કરાર લેખિત સ્વરૂપમાં હોય તે પણ જરૂરી છે.

- સહઉપયોગીતા માટેના સંગ્રહનો પ્રકાર
- વૈયક્તિક અને સામુહિક રીતે કરાર અનુસાર સંગ્રહ વિકાસ કરવો.
- આંતર ગ્રંથાલય લેવડ-દેવડ માટેની નિયમાવલીનું ઘડતર.
- સહકારી વર્ગીકરણ અને સૂચીકરણ
- સંઘસૂચી
- ગ્રંથાલયસેવાના માનકો

## 11.6 ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના ક્ષેત્રો

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીનો એક મહત્વનો હેતુ રાષ્ટ્રના તમામ ગ્રંથાલયોની સંપત્તિમાં વૃદ્ધિ કરવાનો તથા વૈવિધ્યતા સાથે જ્ઞાનક્ષેત્રની તમામ વિદ્યાશાખાઓને સર્વાંગસંપૂર્ણ બનાવી,સમાજની વૈવિધ્યભરી માહિતી માંગને સુચારુ રૂપે સંતોષવાનો છે. અલબત્ત, સંપત્તિમાં ભાગીદારીની વિભાવના સાથે સ્વસંપત્તિનું માલિકીપણું અને મહત્વને વિશેષ સ્થાન નથી.

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીની વિભાવના એ સંકળાયેલ તમામ ગ્રંથાલયો સામુહિક સ્વરૂપે એક એકમ બને છે. તેમાં જોડાયેલ ગ્રંથાલય એક આગવું સ્વતંત્ર એકમ હોવાની સાથે વિભાજિત એકમનું એક અંગ પણ હોય છે. આ વિભાવનામાં એક એકલ ગ્રંથાલયનો વિકાસ દ્વિમુખી બની રહે છે.

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના મહત્વના ક્ષેત્રો આ મુજબ હોઈ શકે છે.

(1) ગ્રંથ પ્રાપ્તિ

(2) પ્રસ્તુતિકરણ
   - વર્ગીકરણ
   - સૂચીકરણ

(3) ગ્રંથભંડાર

(4) ગ્રંથવિનિમય

(5) વાચનસામગ્રીની દુરસ્તી અને સાચવણી

(6) આંતર ગ્રંથાલય લેવડ-દેવડ

(7) આંતર ગ્રંથાલય સભ્યપદ ચિટિકા

(8) સંદર્ભસેવા

(9) પ્રલેખન અને માહિતીસેવા

(10) પ્રચાર

(11) વિસ્તરણ પ્રવૃત્તિ

(12) વૈયક્તિક સેવા

(13) ગ્રંથાલય પ્રશિક્ષણ

(14) ઉપયોગકર્તાઓને પ્રશિક્ષણ

આ તમામ ક્ષેત્રોની માહિતી આ મુજબ છે.

**11.6.1. ગ્રંથપ્રાપ્તિ**

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી એ ગ્રંથપ્રાપ્તિનો સામાન્ય અર્થ છે કોઈ એક વિસ્તારના સમાન ભૂમિકા અદા કરવા ગ્રંથાલયોની ગ્રંથપ્રાપ્તિનું સુનિયોજિત આયોજન . જે અન્વયે વિભિન્ન વિષય વહેચણી સાથે જે તે ગ્રંથાલયો તદઅનુસાર આવશ્યક એવી તમામ વાચનસામગ્રી વસાવે. આમ કરવાથી સામુહિક રીતે તમામ ગ્રંથાલયો તમામ પ્રકાશન સાથે સમૃદ્ધ બની રહેશે.

અલબત્ત, આ યોજનાઓ આશય ‘ વિષય ગ્રંથાલયો’ રચવાનો નથી જ .દરેક ગ્રંથાલયે પોતાની સ્થાનિક જરૂરિયાતના સંદર્ભે આવશ્યક વાચનસામગ્રી તો વસાવવાની રહે જ છે. આ માટે દરેક ગ્રંથાલયે સામુહિક અંદાજપત્રને સમાંતરિત રહી વિશેષ જોગવાઈ પોતાના અંદાજપત્રમાં કરવાની રહે છે.

આ માટેના ઉદાહરણો તે ‘ફામિર્ગટન પ્લાન’, ‘પ્રોગ્રામ ઓફ ધ જર્મન રીસર્ચ એસોસિએશન’ , ‘ પબ્લિક લાયબ્રેરી લો -480 ‘વગેરે છે.

ભારતમાં ઇન્સડોક અને નિસાતના પ્રયત્ને કેટલીક યોજનાનું અમલીકરણ પણ થયું છે. જયારે સાર્વજનિક ગ્રંથાલય ક્ષેત્રે આવી કોઈ યોજના અમલમાં આવી નથી.

**11.6.2.** <u>પ્રસ્તુતિકરણ</u>

સામાન્યતઃ સાર્વજનિક ગ્રંથાલયોમાં 70 થી 80 ટકા વાચનસામગ્રી સમાન જ હોય છે. શૈક્ષણિક અને વિશિષ્ટ ગ્રંથાલયોમાં વાચનસામગ્રીની સમાનતાનું પ્રમાણ લગભગ 50 ટકા જેટલું જોવા મળે છે.

આ તમામ વાચનસામગ્રીનું અલગ અલગ જગાએ પ્રસ્તુતિકરણ અર્થાત્ વર્ગીકરણ અને સૂચીકરણ કાર્ય માટે સામુહિક રીતે વિચારતા સમય અને શક્તિનો માત્ર વ્યય જ થાય છે.

તમામ વાચનસામગ્રીનું વર્ગીકરણ અને સૂચીકરણ એક જ જગાએ કરવામાં આવે તો સમય અને શક્તિનો સારો એવો બચાવ તો થાય જ છે.સાથે તેમાં એકરૂપતા અને એકસુત્રતા પણ મેળવી શકાય છે.

આ માટેનો સરળ અને સસ્તો ઉપાય તે ‘પૂર્વ પ્રકાશન વર્ગીકરણ અને સૂચીકરણ ‘તથા પાશ્ચાત્ય દેશોમાં આ યોજનાઓ અમલમાં છે. ભારતમાં –ગુજરાતમાં કેટલાંક પ્રકાશકો આંશિક સ્વરૂપે આ યોજનાને અનુસરે છે.

વિશેષ કરીને ગ્રંથપરિક્રમણ પદ્ધતિમાં એકરૂપતા અપનાવવામાં આવે તો આંતર ગ્રંથાલય ચિટિકાની યોજના અમલમાં લાવવી સરળ બને છે.

**11.6.3.** ગ્રંથભંડાર

સામાન્યતઃ ગ્રંથાલયમાં વસાવવામાં આવતાં બધાં જ ગ્રંથોનો ઉપયોગ થશે તેવી ભાવના સાથે ગ્રંથસંગ્રહનો વિકાસ કરવામાં આવે છે. છતાં વસાવવામાં આવેલ બધાં જ ગ્રંથોનો ઉપયોગ થાય છે એવું જોવાં મળતું નથી. કેટલાંક ગ્રંથોનો સતત

ઉપયોગ થાય છે, કેટલાંક ગ્રંથોનો જૂજ. તો કેટલાંક ગ્રંથોનો કયારેક ઉપયોગ થતો નથી. તેવા ગ્રંથોનું પ્રમાણ લગભગ 10 ટકા જેટલું હોય છે. વળી, સમય જતાં કેટલાંક ગ્રંથો માહિતી મૂલ્યની દ્રષ્ટિએ શૂન્ય બની રહેતાં હોય છે.

આ ગ્રંથો માટે સામુહિક રીતે અલગ ગ્રંથભંડારની રચના કરી તેમાં થાપણ સ્વરૂપ મુકવામાં આવે તો જગાનો પ્રશ્ન હલ થશે. સાથે જ તે ઈચ્છિત ગ્રંથ મેળવવા માટે વાચકને અવરોધક પણ નહીં બને.

પાશ્ચાત્ય દેશોમાં આ રીતના ગ્રંથભંડારો હોવાં સામાન્ય છે.ગુજરાતના મહેસાણામાં આવેલ.

### 11.6.4. ગ્રંથવિનિમય

બેવડાતી વાચનસામગ્રી તે કોઇપણ ગ્રંથાલયની સામાન્ય સમસ્યા છે. વિશેષ કરીને સામયિક પ્રકાશનના અંકો. બેવડાતી આ વાચનસામગ્રી પરસ્પર સહમતિ કેળવી તેનો વિનિમય કરવામ આવે તો ગ્રંથાલયો જરૂરી ગ્રંથો- સામયિકના અંકોથી વંચિત નહીં રહે.

### 11.6.5.વાચનસામગ્રીની દુરસ્તીની અને સાચવણી

ગ્રંથાલયોમાં ગ્રંથો- સામયિકોની બાંધણી કરાવવાનું કામ સતત ચાલતું જ રહે છે. સહકારી ધોરણે બાઈન્ડીંગ કરવામાં આવે તો બાંધણીમાં એકરૂપતા અને ચોક્કસતા લાવી શકાય. અન્યોન્યના પ્રયોગોની આપ-લે કરી શકાય.

### 11.6.6. આંતર ગ્રંથાલય લેવડ-દેવડ

આંતર ગ્રંથાલય લેવડ-દેવડ એટલે ગ્રંથાલયના વાચકને તેની ઈચ્છિત વાચનસામગ્રી જો પોતાના ગ્રંથાલયમાં ઉપલબ્ધ ન હોય તો બીજા ગ્રંથાલયમાંથી મંગાવી આપી વાચકની

માહિતી માંગને સંતોષવાની સેવા. આ સેવા – પ્રક્રિયા દ્વારા ગ્રંથાલય માત્રનો ગ્રંથભંડાર અત્યંત વિશાળ બની રહે છે. સાથે જ વાચક પક્ષે બધા જ ગ્રંથાલયો માટે પોતીકો ભાવ જન્મે છે. અલબત્ત, આ સેવાથી વાચકોને લાભાન્વિત બનાવવા સંઘસૂચી આવશ્યક છે.

ગ્રંથાલયો એકબીજાને , પોતાના ગ્રંથાલયના વાચકની માહિતી માંગને સંદર્ભે, પોતાની વાચનસામગ્રી નિયત સમયમર્યાદા પૂરતી ઉપયોગ માટે આપે તેવો વિચાર ઈ.સ.1876 માં અમેરિકન ગ્રંથપાલ સેમ્યુઅલ ગ્રીને રજુ કર્યો હતો. જો કે તે માટેની નિયમાવલી 1940 (સંશોધિત 1952) અમલમાં આવી. ભારતમાં હજુ આ સેવાનો પુરતો વિકાસ થયો નથી.

### 11.6.7. આંતર ગ્રંથાલય સભ્યપદ ચિટિકા

કોઈ એક ગ્રંથાલયનું સભ્યપદ –સક્રિય સભ્યપદ મેળવી , સાથી ગ્રંથાલયોના અધિકૃત ઉપયોગકર્તા બનવાની સુવિધાને આંતર ગ્રંથાલય સભ્યપદ ચિટિકા સેવા તરીકે ઓળખવામાં આવે છે. વ્યવસાયિક દ્રષ્ટીએ આ સેવા થોડીક જટિલ છે. વ્યક્તિ કોઇપણ ગ્રંથાલયમાંથી સભ્યપદ મેળવી, બધા જ સાથી ગ્રંથાલયોનો ઉપયોગ કરી શકે છે. જે માટે મુખ્ય ગ્રંથાલયમાં ઉપયોગકર્તાની સંપૂર્ણ માહિતી રાખવાની રહે છે. જો તમામ સાથી ગ્રંથાલયો કમ્પ્યુટર ટેકનોલોજી સાથે જોડાયેલા હોય તો , આ સેવા અત્યંત સરળ બની રહે છે.

### 11.6.8. સંદર્ભ સેવા

ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી અન્વયે સંદર્ભ સેવા પણ શક્ય બનાવી શકાય છે. વાચકની કોઇપણ માહિતી પૃચ્છાનું સમાધાન સરળ રીતે કરી શકાય છે. આ માટે તમામ

ગ્રંથાલયોએ નિર્દેશી કેન્દ્ર (Centre) તરીકેની ભૂમિકા ભજવાની રહે છે.

**11.6.9. પ્રલેખન અને માહિતી સેવા**

ડૉ. રંગનાથનના મતાનુસાર પ્રલેખન અને માહિતી સેવામાં નિર્દેશીકરણ, સારાંશીકરણ, અનુવાદસેવા, પ્રતિનિર્માણસેવા વગેરેનો સમાવેશ થાય છે. અત્યંત ટાંચા સાધનો વડે આ સેવાઓની પૂર્તિ કરવાનું તમામ ગ્રંથાલયો માટે સજ્જ અને સરળ નથી. કવચિત, પ્રતિનિર્માણસેવા આપવાનું સરળ બનાવી શકાય. એ સિવાયની સેવાઓ પોતાના ગ્રંથાલયમાં ઊભી કરવાને બદલે જો તે સેવાઓ આપતા મોટાં ગ્રંથાલયો સાથે કે તે માટેના વિશિષ્ટ કેન્દ્રો સાથે સહકાર સાધી મેળવવામાં આવે તો તે સરળ બનવાની સાથે નહિવત , ખર્ચ સાથે આપી શકાય છે.

**11.6.10. પ્રચાર**

કોઇપણ વસ્તુ કે સેવાનું મહત્વ ,ઉપયોગીતા ને ઉત્તમ ઉત્પાદન માટે પ્રચાર આવશ્યક છે. પ્રચારને કારણે જ ગ્રંથાલય અને ગ્રંથાલય સેવા લોકિલ્લત ચર્ચામાં પ્રચલિત બની રહે છે. સમૂહ માધ્યમો સાથેનો સહકાર પ્રચારને વધુ અસરકારક અને વ્યાપક બનાવે છે.

સમૂહ માધ્યમો પૈકી વિશેષ કરીને વર્તમાનપત્રો ગ્રંથાલય પ્રચાર ક્ષેત્રે કંઇક અંશે ઉણા ઊતરે છે. તે હકીકત સાથે સમૂહ માધ્યમો સાથે અવારનવાર ચર્ચા , વાર્તાલાપ કેળવી, આ બાબતે જાગૃતિ લાવી શકાય.

### 11.6.11 વિસ્તરણ પ્રવૃત્તિ

વધુમાં વધુ લોકો, વધુમાં વધુ વાચનસામગ્રીનો , વધુમાં વધુ સમય માટે ઉપયોગ કરે તે માટે ગ્રંથ, ગ્રંથાલય અને ગ્રંથાલયસેવાને કેન્દ્રમાં રાખી કરવામાં આવતી પ્રોત્સાહક અને પ્રેરક પ્રવૃત્તિને વિસ્તરણ પ્રવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રવૃત્તિ ગ્રંથાલય ભવનમાં કે ગ્રંથાલય ભવનની બહાર પણ પ્રયોજી શકાય છે.

સામાન્યતઃ વિસ્તરણ પ્રવૃત્તિ અન્યના સાથ અને સહકાર સાથે જ પરિણામદાયી બનાવી શકાય છે. વળી, કેટલીક પ્રવૃત્તિઓ જુદા જુદા ગ્રંથાલયોમાં સામુહિક ધોરણે પ્રયોજવામાં આવે તો, તમામ ગ્રંથાલયો જ નહીં તેના વાચક સમુદાયો પણ પરસ્પર પરિચયમાં આવતાં દરેક ગ્રંથાલયની ગ્રંથાલયસેવાઓ વધુ સક્ષમ અને સફળ બની રહેશે.

### 11.6.12. વૈયક્તિક સેવા

જયારે પરસ્પર સંકળાયેલ સાથી ગ્રંથાલયને એવી પ્રતીતિ થાય કે કોઈ વિશેષ કાર્ય , પ્રવૃત્તિ કે સેવા માટે તેની પાસે યોગ્ય કે પૂરતા પ્રમાણમાં કર્મચારીઓ નથી ત્યારે તે અન્ય ગ્રંથાલયના કર્મચારીઓની સહાયતા મેળવે તે વૈયક્તિક સેવાઓમાં સહકારી વિનિમય કહેવાય.

વળી, સહકારની આ રીત જુદા જુદા ગ્રંથાલયોના કર્મચારીઓમાં વ્યાવસાયિક કૌટુંબિક ભાવ ઉત્પન્ન કરી પરસ્પરના પ્રશ્નોને સમજવાની ભૂમિકા પણ પૂરી પાડશે.

### 11.6.13 ગ્રંથાલય શિક્ષણ

વાચક માત્ર ગ્રંથાલય અને ગ્રંથાલયસેવાનો યોગ્ય ઉપયોગ કરે તે માટે વાચકોને પ્રશિક્ષણ આપવાની જેટલી

આવશ્યકતા છે તેટલી જ આવશ્યકતા ગ્રંથાલયના કર્મચારીઓને પણ છે.

વર્ગખંડમાં મેળવેલ શિક્ષણ અને વ્યાવસાયિક ક્ષેત્રે અનુભવાતા પ્રશ્નો અને તેના સમાધાન માટેના ઉપાયો વચ્ચે કયારેક સારું એવું અંતર હોય છે. વળી, શિક્ષણ અને પ્રત્યક્ષ કાર્ય વચ્ચેના સમયગાળા દરમિયાન ગ્રંથાલય સેવાની વિભાવનાઓમાં પરિવર્તન આવતું રહે છે. માહિતી ટેકનોલોજી સાથે નવી નવી ગ્રંથાલયસેવાઓ ઉમેરાતી રહે છે કે પરિવર્તન પામતી રહે છે. જે અંગેની માહિતી, અનુભવ કર્મચારીઓને મળતાં રહે તે આવશ્યક છે.

સામુહિક ધોરણે કર્મચારીઓને પ્રશિક્ષણ આપવાના પ્રયત્નો તમામ સેવાકીય વ્યવસાયોમાં આપવામાં આવે છે. ગ્રંથાલય તેમાંથી બાકાત નથી જ. પણ આ પ્રયત્નો વધુ વ્યાપક અને ગહન બનાવવાની આવશ્યકતા છે. જે સહકારી ધોરણે વધુ અસરકારક બની રહેશે.

### 11.6.14 ઉપયોગકર્તાઓને પ્રશિક્ષણ

ગ્રંથાલય સંપત્તિની ભાગીદારી અન્વયે કરવામાં આવતી પ્રક્રિયાઓ અને પ્રવૃત્તિનો એક આશય વાચક માત્રને વિશ્વ વાચક બનાવવાનો પણ છે. જો ગ્રંથાલયોના ઉપભોક્તાઓને સામુહિક ધોરણે પ્રશિક્ષિત કરવામાં આવે કે વૈયક્તિક ગ્રંથાલયમાં સાથી ગ્રંથાલયોની માહિતી પૂરી પાડવામાં આવે તો ગ્રંથાલયસેવાઓ વધુ ઉપયોગી બની રહેશે.

## 11.7 ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી ક્ષેત્રે ભારતમાં થયેલ વિકાસ

પાશ્ચાત્ય દેશોમાં છેલ્લા 7-8 દાયકા પૂર્વે ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીનું બિંદુ મુકાયું. આજે તે યુવાવસ્થા પ્રાપ્ત કરી ચુક્યું છે. તેમજ તેના ફળદાયી પરિણામો પણ જોવા મળ્યા છે.

ભારતમાં ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી અન્વયે ગૂંથણી (Networking) ની આવશ્યકતા 1980ના દાયકામાં જણાઈ. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન સંદર્ભે યોજના આયોગ દ્વારા ડૉ,એન .શેષાગીરીની અધ્યક્ષતામાં એક 'કાર્યદળ ' (Working Group) ની રચના કરવામાં આવી. તેની ભલામણ મુજબ સાતમી પંચવર્ષીય યોજના (1985 – 88)માં ગ્રંથાલય પદ્ધતિઓને પરસ્પર જોડવાની ભલામણ કરવામાં આવી.

1985 માં નિસાત (NISSAT) અને સીએસઆઈડી (CSID) ના સંયુક્ત ઉપક્રમે કલકત્તામાં સાયન્સ એન્ડ ટેકનોલોજી લાયબ્રેરી સ્થાપવા અને શહેરના ગ્રંથાલયોમાં ઓટોમેશનને પ્રોત્સાહન આપવાની ભલામણ કરવામાં આવી. નિસાત દ્વારા CMC Ltd.ને કલકત્તા ગ્રંથાલય નેટવર્ક (Culcutta Library Network) માટે અહેવાલ તૈયાર કરવા કાર્ય સોપવામાં આવ્યું. અહેવાલ 1989 માં પ્રકાશિત થયો અને (ALIBNET) અસ્તિત્વમાં આવ્યું.

### 11.7.1. CALIBNET –કેલીબનેટ

પ્રારંભિક તબક્કામાં કેલીબનેટને 40 ગ્રંથાલયનું નેટવર્ક બનાવવાનું તેમજ ઇન્ગ્રેસ (Ingress) 502 ઉપર આધારિત સોફ્ટવેર પેકેજ મૈત્રી (Maitree) ને વિકસાવવાનું હતું. તેમજ સીડીરોમ ડેટાબેઝ (CD-ROM Data Base) સંશોધન સગવડ આપી રહેલ છે.

### 11.7.2. DELNET –ડેલનેટ

નિસાતના સમર્થનથી ઇન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર , નવી દિલ્હી દ્વારા દિલ્હી ગ્રંથાલય નેટવર્ક –ડેલનેટ –ઉપર આ કેન્દ્રની એક યોજનાના રૂપમાં કામ કરવાનું શરુ કર્યું હતું. (1988). જે 1992 માં નોંધાયેલ સોસાયટીમાં બની. આ નેટવર્કની મુખ્ય વિશેષતાઓ :

- 67 સંસ્થાકીય ગ્રંથાલય
- ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીને પ્રોત્સાહન
- બેસિસ પ્લસ ઉપર આધારિત નેટવર્કિંગ સોફ્ટવેર
- ડેલસીસ (DELSIS) નો વિકાસ
- પોતાનું હોમ પેજ
- ભૌતિક વિજ્ઞાન , મેડીકલ સાયન્સીસ ,કૃષિવિજ્ઞાન ક્ષેત્રોમાં વિદેશી સામયિકોનું સંપાદન એકત્રીકરણ
- કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમ.

### 11.7.3. INFLIBNET –ઇન્ફ્લીબનેટ

વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના તત્કાલીન અધ્યક્ષ દ્વારા ઇન્ફ્લીબનેટનો ખ્યાલ રજુ કરવામાં આવ્યો. જેની સ્થાપના માર્ચ-1991 માં કરવામાં આવી છે. જેના ઉદ્દેશો છે :

- રાષ્ટ્રીય નેટવર્કની રચના કરવી.
- ગેટવેની રચના
- ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી
- ગ્રંથાલય સેવાનું કમ્પ્યુટીકરણ
- ઇલેક્ટ્રોનિક મેલ / બુલેટીન બોર્ડ
- સંઘસૂચી
- સહકારને પ્રોત્સાહન
- SOUL ની રચના

❖ **સેવાઓ**

- ગ્રંથ સૂચી આધારિત સેવા
- ડેટાબેઝ સેવા
- સંગ્રહ વિકાસ
- સંદેશા વ્યવહાર આધારિત સેવા

❖ **ઉપલબ્ધિ**

- ગ્રંથ સુચીનું સંકલન
- સંશોધન લેખોનો ડેટાબેઝ
- સામાયિકનો ડેટાબેઝ

### 11.7.4. અન્ય ગ્રંથાલય નેટવર્ક

ADINET , BONET , MALIBNET

## 11.8 સાર્વજનિક ગ્રંથાલયો અને મુક્તવિશ્વવિદ્યાલય ગ્રંથાલય : સંપત્તિમાં ભાગીદારીની સંભાવના

જ્ઞાનપ્રાપ્તિની ઝંખના , અભીપ્સા વ્યક્તિમાત્રમાં જન્મજાત હોય છે. ઈચ્છાપૂર્તિ માટે બાળકોને બાલમંદિર કે પહેલા ધોરણમાં પ્રવેશ આપવામાં આવે છે. સમજણો થતા તે વિશ્વવિદ્યાલય કક્ષાનું શિક્ષણ મેળવી જીવનમાં સ્થિર થવાની ખેવના સેવતો થાય છે. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે સામાજિક ,આર્થિક કે ભૌગોલિક દુરત્વના કારણે તે ઉચ્ચ શિક્ષણ મેળવી શકતો નથી. એક સર્વેક્ષણ અનુસાર શાળેય પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પૈકી માત્ર 8 થી 10 ટકા વિદ્યાથીઓ જ વિશ્વવિદ્યાલયના દ્વાર સુધી પહોંચી શકતા હોય છે. જયારે બાકીના વિદ્યાર્થીઓ કોઈને કોઈ કારણસર અધવચ્ચે શિક્ષણ છોડી દે છે અથવા તો તેમને છોડાવી દેવામાં આવે છે. જયારે કેટલાંક બાળકો તો પ્રારંભિક અવસ્થાથી શિક્ષણ મેળવવાથી વંચિત રહી જતા હોય છે.

શિક્ષણ કે અર્ધશિક્ષણથી વંચિત આ સમાજ સતત શિક્ષણ મેળવવા અદમ્ય ઈચ્છા ધરાવતો જ હોય છે. પણ સંજોગોવશાત તે નિયમિત અને વર્ગખંડમાં શિક્ષણ મેળવવા અસમર્થ હોય છે.

સમાજના આ મોટાવર્ગને શિક્ષણ સુવિધાઓ પૂરી પાડવા મુક્ત શિક્ષણપ્રથા એકમાત્ર સરળ અને સુવિધાપૂર્ણ ધોરીમાર્ગ સમું છે. મુક્ત શિક્ષણ વ્યવસ્થાને દૂરવર્તી શિક્ષણ કે પત્રાચાર અભ્યાસ કે ઓપન સ્કુલ કે મુક્ત વિશ્વવિદ્યાલય જેવા વિવિધ નામોથી ઓળખવામાં આવે છે.

શિક્ષણની આ વ્યવસ્થામાં વિદ્યાર્થી સ્વશિક્ષણ મેળવે છે. સ્વશિક્ષણના આધાર બે છે : (૧) ગ્રંથાલય અને (૨) વિષય પુસ્તિકાઓ .અલબત્ત , વિષય પુસ્તિકાઓના અભ્યાસ સાથે ઉદભવતા પ્રશ્નોના સમાધાન માટે આંશિક સમય માટે કાઉન્સેલિંગની વ્યવસ્થા હોય છે.

મુક્ત શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ સમય મર્યાદા તથા દૂરત્વના કારણે તેનો લાભ મેળવી શકતા નથી. જયારે ગ્રંથાલય તો મુક્ત શિક્ષણનો આત્મા છે. ધરી સમાન છે.

આ વાસ્તવિકતા વચ્ચે મુક્ત શિક્ષણ મેળવતા છેવાડાના વિદ્યાર્થી માટે વાચન – અધ્યયન સુવિધા આપવા સાર્વજનિક ગ્રંથાલયો સાથે સહકાર કેળવવામાં આવે તો તે વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે.

સામાન્યતઃ સાર્વજનિક ગ્રંથાલયો વાચકો- વિદ્યાર્થીઓના રહેણાંકથી નજીકમાં જ હોય છે. એટલે દૂરત્વનો પ્રશ્ન હલ થશે. વાચન- અધ્યયન માટેની સુવિધા સરળતાથી પ્રાપ્ત થશે. સાથે જ સમયમર્યાદા નડતરરૂપ નહીં બને. અલબત્ત, આ માટે કેટલીક વ્યવસ્થા ગોઠવવાની રહે. :

(૧) સાર્વજનિક ગ્રંથાલયો સાથે સહકાર કેળવવો. વિશેષત : મુક્ત વિશ્વવિદ્યાલયના કેન્દ્રોની નજીકમાં કે વિસ્તારમાં આવેલ ગ્રંથાલયો સાથે ,

(૨) કેન્દ્ર સાથે સંકળાયેલ સાર્વજનિક ગ્રંથાલયમાં અભ્યાસ વિષયક અને તે આનુષંગિક વાચનસામગ્રી મોકલવાની કે ઉભી કરવાની જવાબદારી મુક્ત વિશ્વવિદ્યાલયની રહેશે. ,

(૩) આ વાચનસામગ્રીનો ઉપયોગ માત્ર 'સંદર્ભ સામગ્રી' તરીકેનો રહેશે.,

(૪) સાર્વજનિક ગ્રંથાલયના ઉપયોગકર્તાઓ પણ આ વાચનસામગ્રીનો ઉપયોગ કરી શકશે.,

(૫)મુક્તવિશ્વવિદ્યાલય ગ્રંથાલયે મોક્લાવેલ વાચનસામગ્રીની માલિકી વિશ્વવિદ્યાલયની રહેશે.,

(૬) મુક્તવિશ્વવિદ્યાલયની વાચનસામગ્રી મુકવા માટે કબાટની વ્યવસ્થા પણ વિચારી શકાય તથા

(૭) સાર્વજનિક ગ્રંથાલયના ગ્રંથપાલને મહેનતાણા સ્વરૂપ પ્રોત્સાહન રકમ આપવાનું પણ વિચારી શકાય.

## 11.9 તમારી પ્રગતિ ચકાસો.

- ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીની વિભાવના પાંચ વાક્યોમાં સ્પષ્ટ કરો .
- ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના સ્તર જણાવો.
- ગ્રંથાલયો કયા કયા ક્ષેત્રોમાં ભાગીદારી કરી શકે ? તેની યાદી બનાવો.

* સાર્વજનિક ગ્રંથાલયો અને મુક્ત વિશ્વવિદ્યાલય ગ્રંથાલય વચ્ચે ભાગીદારી ઉપર ટૂંકનોંધ લખો.

## 11.10 સારાંશ

અર્વાચીન યુગ માહિતી ટેકનોલોજી અને પ્રત્યાયનનો યુગ છે. સાથે જ ડગલે અને પગલે પરાધીનતા અનુભવવી એ આ યુગની અનિવાર્ય લાક્ષણિકતા બની રહે છે. પરાધીનતાએ સ્વાધીનતા એ ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી એકમાત્ર સહજ ઉપાય છે.

પ્રસ્તુત એકમમાં ગ્રંથાલય સહકારની વિભાવના પરિવર્તન પામી 'ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી' કે 'ગ્રંથાલય સ્રોત સામગ્રીની હિસ્સેદારી'માં પલોટાઈ છે તેની વિશદ ચર્ચા કરવામાં આવી છે.

સાથે જ ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના સ્તર અને ક્ષેત્રોની ઉદાહરણો સહિત વિસ્તૃત સમજ આપવામાં આવી છે. ભારતમાં ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી બાલ્યવસ્થામાં હોવા છતાં આજે તે ઉત્તમ પરિણામદાયી બની ગ્રંથાલય અને માહિતી સેવા ક્ષેત્રે વિરાટ ડગ માંડી રહી છે.

શિક્ષણ ક્ષેત્રે મુક્ત શિક્ષણ અસ્તિત્વમાં આવતાં , વિદ્યાર્થી માત્રને ગ્રંથાલય અને માહિતીસેવા મળી રહે તે માટે સાર્વજનિક ગ્રંથાલયો સાથે ભાગીદારી કરવી અનિવાર્ય બની રહે છે. આશા છે ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય આ બાબતે પહેલ કરી, મુક્ત શિક્ષણ ક્ષેત્રે અનુકરણીય બની રહેશે.

## 11.11 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

1. 'કોઇપણ ગ્રંથાલય કયારેય પણ પોતાનામાં સ્વનિર્ભર હોઈ શકે નહીં.' આ કથન કોનું છે.?

   (A) ચેટરજી (B) રંગનાથન

   (C) નીલમેદાન (D) વીકરી

2. 'સહકાર એટલે સમાન ધ્યેયની પ્રાપ્તિ માટેનો સામુહિક પ્રયત્ન' ગ્રંથાલય સહકારની આ વ્યાખ્યા કોને આપી છે.?

   (A) અમિતાભ ચેટરજી (B) આર .એલ.મિત્તલ

   (C) વી,ભટ્ટાચાર્ય (D) ટી.કે.એસ.આયંગર

3. 'સંપત્તિ' પદમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે. ?

   (A) ગ્રંથ,અગ્રંથ,વ્યક્તિ

   (B) સામાયિક ,ગ્રંથ ,અગ્રંથ

   (C) વસ્તુ ,વ્યક્તિ ,પ્રવૃત્તિ

   (D) વસ્તુ, વાચક,વાચનસામગ્રી

4. ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી કેટલા માર્ગી છે. ?

   (A)બહુમાર્ગી (B) એકમાર્ગી

   (C) દ્વિમાર્ગી (D) ચતુર્થમાર્ગી

5. ગ્રંથાલય સંપત્તિની ભાગીદારીના સ્તર કેટલાં છે.?

   (A)ત્રણ (B) પાંચ (C) ચાર (D) બે

6. ગ્રંથાલય સંપત્તિના ક્ષેત્રો કેટલાં છે.?

   (A)16 (B) 14 (C) 13 (D) 12

7. ‘ફાર્મિંગટન પ્લાન’ ગ્રંથાલય સંપત્તિના કયા ક્ષેત્રનું ઉદાહરણ છે.?

(A)ગ્રંથભંડાર (B) ગ્રંથપ્રાપ્તિ

(C) સંદર્ભસેવા (D) માહિતીસેવા

8. ‘આંતર ગ્રંથાલય લેવડ-દેવડનો વિચાર સૌ પ્રથમ કોણે રજૂ કર્યો.?

(A) સેમ્યુઅલ ગ્રીન (B) વીકરી

(C) ડૉ.રંગનાથન (D) આર.એલ.મિત્તલ

---

(1- D), (2-A),(3 – C), (4 –A),(5 –C),(6 –B), (7- B), (8 –A)

## 11.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. પૂર્વે ‘ગ્રંથાલય સહકાર’ તરીકે ઓળખાતી વિભાવના આજે માહિતી ટેકનોલોજીના વિકાસ સાથે ‘ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી’ તરીકે ઓળખાય છે. વ્યક્તિ, વસ્તુ અને પ્રવૃત્તિ એ ગ્રંથાલય સંપત્તિ ગણાય છે. જયારે ભાગીદારીનો અર્થ થાય છે બીજાને લાભાર્થે તેની વહેચણી કરવી.
2. ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારીના સ્તર ચાર છે :

   (૧) આંતરરાષ્ટ્રીય

   (૨) રાષ્ટ્રીય

   (૩) વિભાગીય

   (૪) સ્થાનિક
3. ગ્રંથાલય આ સાથે જણાવેલ વિધિવિદ્યાઓ ,સેવાઓ અને પ્રવૃત્તિના ક્ષેત્રોમાં ભાગોદારી કરી શકે. (યાદી)

   (૧) ગ્રંથ પ્રાપ્તિ

(૨) પ્રસ્તુતિકરણ

(૩) ગ્રંથભંડાર

(૪)ગ્રંથવિનિમય

(૫) વાચનસામગ્રીની દુરસ્તી અને સાચવણી

(૬) આંતર ગ્રંથાલય લેવડ-દેવડ

(૭) આંતર ગ્રંથાલય સભ્યપદ ચિટિકા

(૮) સંદર્ભસેવા

(૯) પ્રલેખન અને માહિતીસેવા

(૧૦) પ્રચાર

(૧૧) વિસ્તરણ પ્રવૃત્તિ

(૧૨) વૈયક્તિક સેવા

(૧૩) ગ્રંથાલય પ્રશિક્ષણ

(૧૪) ઉપયોગકર્તાઓને પ્રશિક્ષણ

**4.** મુક્ત વિશ્વવિદ્યાલય ગ્રંથાલય મુખ્ય મથકમાં કાર્યરત હોય છે. જે મુક્ત શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓથી ઘણે દૂર હોય છે. જયારે સાર્વજનિક ગ્રંથાલય નજીકમાં જ હોય છે. જો મુક્ત વિશ્વવિદ્યાલય ગ્રંથાલય અને સાર્વજનિક ગ્રંથાલયો વચ્ચે સંપત્તિની ભાગીદારીમાં સહયોગ કેળવવામાં આવે તો દરેક સાર્વજનિક ગ્રંથાલય મુક્ત વિશ્વવિદ્યાલય ગ્રંથાલય બની રહે છે.

## 11.13 ચાવીરૂપ શબ્દો

- **આંતર ગ્રંથાલય લેવડ-દેવડ**

  **(Inter Library Loan)** — એક ગ્રંથાલય દ્વારા બીજા ગ્રંથાલયના ઉપભોક્તાને જરૂરી વાચનસામગ્રી લોન પર પૂરી પાડવી અને પોતાના ઉપભોક્તા માટે મેળવવી.

- **ગૂંથણી (Network)** ભૌતિક દ્રષ્ટીએ દૂરત્વ ધરાવતા ગ્રંથાલયો પણ સંદેશા વ્યવહારના માધ્યમથી જોડાયેલી કમ્પ્યુટર પદ્ધતિ .જેમાં પ્રત્યેક ભાગીદાર અન્યોન્યના સ્ત્રોતોને પોતાના કમ્પ્યુટર ઉપર જોઈ શકે અને તેનો ઉપયોગ કરી શકે.

## 11.14 સંદર્ભ અને વિશેષ વાંચન


- ભૈયા , છગન. ગ્રંથાલય સહકાર અને સંયોજન .અમદાવાદ : ગુર્જર ,1978
- ભૈયા,છગન.ગ્રંથાલય સંપત્તિમાં ભાગીદારી.,અમદાવાદ : ગુર્જર, 1995

# યુનિટ-12 તુલનાત્મક સાર્વજનિક ગ્રંથાલય

:: રૂપરેખા ::


**12.0** પ્રાસ્તાવિક

**12.1** ગ્રેટ બ્રિટનની ગ્રંથાલય પ્રવૃત્તિ

**12.1.1** 1950નો ગ્રંથાલયધારો

**12.1.2** ઉત્તરવર્તી સુધારાઓ

**12.1.3** પબ્લિક લાયબ્રેરીઝ એન્ડ મ્યુઝિયમ એક્ટ,1964

**12.2** યુ.એસ.એ.ની (અમેરિકા) ની સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિ

**12.2.1** કોલોનીઅલ સમય

**12.2.2** સામાજિક ગ્રંથાલયો

**12.2.3** સાર્વજનિક ગ્રંથાલય

**12.2.4** લાયબ્રેરી ઓફ કોંગ્રેસ

**12.3** ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિ

**12.3.1** પ્રાચીનકાળના ગ્રંથાલયો

**12.3.2** મધ્યયુગના ગ્રંથાલયો

**12.3.3** આધુનિક યુગના ગ્રંથાલયો

**12.3.3.1.**વર્તમાનયુગ (20 મી અને 21 મી સદી)

**12.3.3.1.1.** પ્રથમ તબક્કો (ઈ.સ.1901 થી 1947)

**12.3.3.1.2.** ઇન્ડિયન લાયબ્રેરી એસોસિએશન

**12.3.3.2.** દ્વિતીય તબક્કો

**12.4** ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિ

**12.4.1** પ્રાચીન કાળ

**12.4.2** મધ્યયુગ

**12.4.3** અર્વાચીન યુગ

**12.4.3.1.**અગાઉના મુંબઈ ઈલાકાનો વિસ્તાર

**12.4.3.2.** ભૂતપૂર્વ વડોદરા રાજ્ય

**12.4.3.3.** સૌરાષ્ટ્ર અને કચ્છ

**12.4.3.4.** અવિભક્ત ગુજરાત

**12.5 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**
**12.6 સારાંશ**
**12.7 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)**
**12.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**
**12.9 ચાવીરૂપ શબ્દો (Key Words)**
**12.10 સંદર્ભો અને વિશેષ વાંચન (References)**

## 12.0 પ્રાસ્તાવિક

ઈતિહાસ એ વાસ્તવિક ઘટનાઓ અને હકીકતો પર આધાર રાખે છે. કલ્પનાઓને ઇતિહાસમાં સ્થાન નથી હોતું. સાર્વજનિક ગ્રંથાલયોનો ઈતિહાસ (તુલનાત્મક અભ્યાસ) પણ તેમાંથી બાકાત ન હોઈ શકે એ સ્વાભાવિક છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના, વિશેષ કરીને કમ્પ્યુટર ટેકનોલોજીના આજના યુગમાં સાર્વજનિક ગ્રંથાલયોનો વિકાસને, તેની આકાર લેતી સંગ્રહ અને સેવાઓની પરિસ્થિતિને જાણવા અને માણવા ભિન્ન ભિન્ન દેશોના સાર્વજનિક ગ્રંથાલયોનો તુલનાત્મક અભ્યાસ આવશ્યક છે. તુલનાત્મક અભ્યાસ થકી જ સાર્વજનિક ગ્રંથાલયસેવા ક્ષેત્રે આપણે ક્યાં ઉભા છીએ, જ્યાં ઉભા છીએ તે સંતોષપ્રદ પરિસ્થિતિ છે કે કેમ? હવે પછીનો વિકાસપથ કંડારવા માટે શું કરવું આવશ્યક છે? તે જાણવાનું શક્ય બનાવી શકાય.

અર્વાચીનયુગમાં વિશ્વના લગભગ તમામ દેશોમાં સાર્વજનિક પ્રવૃત્તિની સુવાસ જોવા મળે છે. અલબત્ત, ક્યાંક આ પ્રવૃત્તિ સોળે કળાએ ખીલેલી જોવા મળે છે તો કયાંક તે ધીમી ગતિએ પ્રગતિ સાધી રહી છે. યુરોપિયન દેશો વિશેષ કરીને ગ્રેટ બ્રિટન તેમ જ અમેરિકામાં ગ્રંથાલય પ્રવૃત્તિ સોળે કળાએ ખીલેલી જોવા મળે છે. માત્ર એટલું જ નહીં તેની અસર વિશ્વના અન્ય દેશોમાં પણ જોવા મળે છે.

સાર્વજનિક ગ્રંથાલયના ઉત્કર્ષમાં ગ્રેટ બ્રિટનની ભૂમિકા સરાહનીય રહી છે. વિશ્વનો પ્રથમ ગ્રંથાલયધારો 1850માં અત્રે જ પસાર થયો હતો. વૈધાનિક દ્રષ્ટિએ પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય 1857માં અહીં જ સ્થપાયું હતું.

ગ્રંથાલય વિધિવિદ્યાની દ્રષ્ટિએ અમેરિકા અગ્રેસર રહ્યું છે. ગ્રંથાલય વર્ગીકરણની સૌ પ્રથમની વર્ગીકરણ પદ્ધતિ 'ડ્યુઈ ડેસીમલ ક્લાસીફિકેશન એન્ડ રીલેટીવ ઇન્ડેક્ષ' 1876માં મેલ્વિલ ડ્યુઈ દ્વારા શોધાઈ. સૂચીકરણ ક્ષેત્રે ચાર્લ્સ એમી કટરનું યોગદાન સૌ પ્રથમનું રહ્યું છે. લોકોમાં ગ્રંથાલય અને ગ્રંથાલયસેવા પ્રત્યે  જાગૃતિ લાવવા ગ્રંથાલય મંડળો પણ સૌ પ્રથમ અમેરિકા(1876) અને ગ્રેટ બ્રિટન(1877)માં રચાયાં.

ગ્રંથાલયસેવાને પ્રલેખનસેવામાં અને માહિતીસેવામાં પલોટવાનો યશ પણ આ બંને દેશોને છે. કમ્પ્યુટર ટેકનોલોજી અને તેનો માહિતીસેવામાં પ્રયોગ કરવાનું શ્રેય પણ આ બંને દેશોને છે.

આ જોતાં તે બંને દેશોના સાર્વજનિક ગ્રંથાલયો અને તેની ગ્રંથાલય પ્રવૃત્તિનું વિહંગાવલોકન કરવાનું આવશ્યક છે.

## 12.1 ગ્રેટ બ્રિટનની ગ્રંથાલય પ્રવૃત્તિ

વૈશ્વિક સ્તરે અર્વાચીન સંસ્કૃતિ પગરણ સૌ પ્રથમ યુરોપમાં મંડાયા. પરિવર્તન કાળના આ સમયમાં ગ્રેટ બ્રિટન અગ્રેસર હતું. 16મી સદીના અંતિમ દાયકાઓમાં બ્રિટીશ સમાજમાં નોંધપાત્ર પરિવર્તનનો પ્રારંભ થયો. આ પરિવર્તન એટલું તો પ્રભાવક હતું કે જીવનના દરેક ક્ષેત્રમાં તેની અસર જોવા મળી, 'બ્રિટીશ સામ્રાજ્યમાં સૂર્ય કદી આથમતો નથી'. તે વાસ્તવિકતા સાથે તેના પરિવર્તનની અસર સમગ્ર વિશ્વમાં, સમગ્ર આર્થિક અને સામાજિક પ્રવૃતિઓમાં જોવા મળી. ગ્રંથાલય જગત પણ તેમાંથી બાકાત ન હતું. વિશ્વસમાજને અનેકવિધ ગુલિસ્તાનોથી સુવાચિત બનાવનાર ગ્રેટ બ્રિટનની ભૂમિ પર જ વિશ્વના સૌ પ્રથમ ગ્રંથાલયધારાનું ગુલ ખીલ્યું.

1850માં ગ્રંથાલયધારો અસ્તિત્વમાં આવ્યો એ પહેલાં ગ્રેટ બ્રિટન ગ્રંથાલય પ્રવૃત્તિથી અજાણ ન હતું. ગ્રેટ બ્રિટનમાં ખ્રિસ્તી ધર્મના મઠ ગ્રંથાલયો કાર્યરત હતાં. ઇ.સ. 1700 સુધીમાં 500 ગ્રામશાળાઓ તથા 460 ચેરીટી શાળાઓ અધ્યાપન કાર્યમાં વ્યસ્ત હતી. સને 1800માં કામદાર વર્ગો શરૂ થયા. 1823માં મિકેનિકસ્ ઇન્સ્ટીટયુટની સ્થાપના થઇ.

આ બધાંને પરિણામે વાચકવર્ગ અસ્તિત્વમાં આવતાં લવાજમી ગ્રંથાલયો, ખાનગી લવાજામી ગ્રંથાલયો, બુક ક્લબો. તેમ જ ગ્રંથવિક્રેતાઓ દ્વારા ફરતાં ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં. બ્રિટીશ મ્યુઝિયમની સ્થાપના 1757માં કરવામાં આવી હતી.

### 12.1.1. 1850નો ગ્રંથાલયધારો

1850ના ગ્રંથાલયધારાનું શ્રેય બ્રિટીશ મ્યુઝિયમના સહાયક ગ્રંથપાલ એડવર્ડ્સ એડવર્ડને છે. આ ધારા અન્વયે મિલકતની આકરણી ઉપર ½ પેન્સ(પેની) ગ્રંથાલયકર ઉઘરાવવાની જોગવાઈ કરવામાં આવી. જો કે આ ગ્રંથાલયધારામાં ગ્રંથો માટે ખર્ચ કરવાની જોગવાઈ ન હતી.

### 12.1.2. ઉત્તરવર્તી સુધારાઓ

1850નો ગ્રંથાલયધારો ધાર્યા પરિણામો લાવવામાં નિષ્ફળ રહ્યો. પરિણામતઃ 1855, 1860, 1866, 1887, 1889, 1892, 1893, 1899 તેમજ 1901ના સુધારાઓ દ્વારા ગ્રંથાલયધારાને પરિણામદાયી બનાવવાના પ્રયત્નો કરવામાં આવ્યાં.

1919નો સુધારો બ્રિટીશ ગ્રંથાલય પ્રવૃતિ માટે સીમાચિહ્નરૂપ બની રહ્યો. આ ધારા અન્વયે 1 પેન્સની ગ્રંથાલયકરની મર્યાદા દૂર કરવામાં આવી તથા ગ્રંથાલયસત્તાઓને શિક્ષણ સમિતિ નીચે મૂકવામાં આવી.

**<u>ગ્રંથાલય સર્વેક્ષણ અને અહેવાલો</u>**

ગ્રંથાલયધારાની તથા તેમાં કરવામાં આવેલા અવારનવારનાં સુધારાઓ પછી પણ ગ્રંથાલય પ્રવૃતિને ધાર્યો વેગ ન મળતાં અનેક સર્વેક્ષણો અને અહેવાલો પ્રકાશિત થયાં. જેમાં આદમ્સ અહેવાલ, કેનિયન કમિટી

અહેવાલ, મેકકોલ્વિન અહેવાલ તેમજ રોબર્ટ્સ અહેવાલ મુખ્ય છે.

આ અહેવાલોમાં કેટલીક ભલામણો કરવામાં આવી. જેમાં વિભાગીય ગ્રંથાલયોની સ્થાપના, ગ્રંથાલય સહકાર, રાષ્ટ્ર વ્યાપી ગ્રંથાલયસેવાનું વિસ્તરણ, ગ્રંથાલયોના વિકાસ માટે અનુદાન, કેળવણીના પૂરક તરીકે ગ્રંથાલયોની મહત્તા, ગ્રંથાલય સલાહકાર સમિતિની રચના વગેરે ભલામણો કરી.

સાથે જ 1919માં યુનિવર્સિટી કોલેજ, લંડનમાં 'ગ્રંથશાસ્ત્ર ભવન'ની રચના કરવામાં આવી. 1916માં 'Central Library for Student'ની સ્થાપના કરવામાં આવી. આ અગાઉ 1877માં 'Library Association'ની સ્થાપના કરવામાં આવી હતી.

### 12.1.3 પબ્લિક લાયબ્રેરીઝ એન્ડ મ્યુઝિયમ એક્ટ, 1964

આ ધારા અન્વયે ગ્રંથાલયોને 'મિનિસ્ટર ઓફ એજ્યુકેશન એન્ડ સાયન્સ' હસ્તક મૂકવામાં આવ્યાં, બે ગ્રંથાલય સલાહકાર સમિતિ રચવામાં આવી , આંતર ગ્રંથાલય સહકારને ઉત્તેજન આપવામાં આવ્યું , ગ્રંથાલયસેવાઓને નિઃ શુલ્ક બનાવવામાં આવી તેમજ વિશેષ અનુદાનની જોગવાઈ કરવામાં આવી .

1973 માં ' બ્રિટીશ લાયબ્રેરી' ની સ્થાપના સાથે બ્રિટીશ રાષ્ટ્રીય ગ્રંથાલયનો સંકુલને વિશાળ અને વિવિધરંગી બનાવવામાં આવ્યું.

આમ , ગ્રેટ બ્રિટનમાં સાર્વજનિક ગ્રંથાલયોની એક સર્વાંગપૂર્ણ પદ્ધતિ કાર્યરત છે. સાર્વજનિક ગ્રંથાલય ગૂંથણી થકી ગ્રંથાલય સંગ્રહના ઉપયોગની સુવિધા , વૈશ્વિક માહિતી સ્ત્રોત માટે ડેટાબેઝની ઓનલાઇન પ્રાપ્તિની સુવિધા ,પ્રલેખ રવાનગી સેવા, પ્રલેખન અને માહિતીસેવાઓ થકી બ્રિટીશ ગ્રંથાલય પ્રવૃત્તિ સુવાસિત બની રહી છે.

## 12.2 યુ.એસ.એ. (અમેરિકા) ની સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિ

ગ્રંથાલયોનો બાગ ' નું બિરુદ પામી ગ્રંથાલયસેવા થકી અર્વાચીનયુગમાં અનુકરણીય બની રહેલ અમેરિકાની ગ્રંથાલય પ્રવૃતિનો પ્રારંભ નાના નાના ગ્રંથાલયોથી થયો હતો.

### 12.2.1. કોલોનીઅલ સમય

અમેરિકામાં પ્રારંભના સમયમાં મોટાભાગના ગ્રંથાલયો અંગત ગ્રંથાલયો હતાં. વૈધાનિક માન્યતા સાથેનું પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય 1848 માં બોસ્ટન શહેરમાં સ્થપાયું. 18 મી સદીની પૂર્વ સંધ્યાએ 70 જેટલા ગ્રંથાલયો થોમસ બ્રે નામના પાદરી દ્વારા શરુ કરવામાં આવ્યા હતાં.

### 12.2.2 સામાજિક ગ્રંથાલયો

બેન્જામીન ફ્રેકલીન દ્વારા 1793 માં 'લાયબ્રેરી કંપની ઓફ ફિલાડેલ્ફીઆ' નામક લાવાજમી ગ્રંથાલય સ્થાપવામાં આવ્યું. ત્યારબાદ નાનાં – મોટાં અનેક ગ્રંથાલયો સ્થપાયા અને લોકપ્રિય બન્યાં. સાથે જ કેટલાંક વ્યાપારી ગ્રંથાલયો પણ સ્થપાયા. અલબત્ત, સાર્વજનિક ગ્રંથાલયોના ઉદય સાથે સામાજિક ગ્રંથાલયો અસ્ત પામતાં રહ્યાં.

### 12.2.3 સાર્વજનિક ગ્રંથાલયો

અમેરિકાનું સૌ પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય પીટ્સબર્ગમાં 1833 માં સ્થાપવામાં આવ્યું. બોસ્ટન પબ્લિક લાયબ્રેરીની સ્થાપના 1848 માં થઇ. સાથે જ એન્ડ્રુ કાર્નેગીની ઉદાર સખાવતો સાથે અનેક સાર્વજનિક ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં.

બીજા વિશ્વયુદ્ધ પશ્ચાત ગ્રંથાલયોના વિકાસમાં તીવ્ર વેગ આવ્યો. ' ફાર્મિર્સ પ્લાન' જેવી યોજનાઓ થકી ગ્રંથાલયો સમૃદ્ધ બન્યાં.

સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના, નિભાવ અને વિકાસ માટે કેટલાંક વિશેષ કાયદાઓ પણ ઘડવામાં આવ્યાં. જેમાં ગ્રંથાલયકર સાથે રાજ્યના અનુદાનની પણ સુવિધા હતી.જેમાં The Library Service Act,1956 તથા શિક્ષણ સંબંધિત કેટલાંક કાયદાઓ પણ છે. આ કાયદાઓ થકી સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસને વેગ મળ્યો.આજે અમેરિકાનું કોઇપણ શહેર,નગર અને કસ્બો સાર્વજનિક ગ્રંથાલયસેવા સાથે મહેકતું જોવા મળે છે.

### 12.2.4 લાયબ્રેરી ઓફ કોંગ્રેસ

અમેરિકન કોંગ્રેસને આવશ્યક માહિતી પૂરી પાડવા અમેરિકાના રાષ્ટ્રીય ગ્રંથાલય તરીકે ઈ.સ.1800 માં વોશિંગ્ટનમાં 'લાયબ્રેરી ઓફ કોંગ્રેસ'ની સ્થાપના કરવામાં આવી. અંદાજે 71 એકર જેટલી વિશાલ જગામાં પથરાયેલ આ ગ્રંથાલય ત્રણ વિભિન્ન પ્રકારની સ્થાપત્યશૈલીમાં બંધાયેલ ત્રણ વિશાળ ભવનોમાં સ્થિત છે.તેના વિવિધ વાચનખંડોમાં એકસાથે 3000 વાચકો બેસી શકે તેવી સુવિધા છે.

21 જેટલાં વિભાગો, 12 કરોડથી વધુ વાચનસામગ્રી અને 4500 જેટલાં કર્મચારીગણ ધરાવતું વિશ્વનું આ સૌથી મોટું ગ્રંથાલય છે.

આ ગ્રંથાલયની સેવાઓ વિવિધરંગી, વ્યાપક અને વિશિષ્ટ છે. સાથે જ લાયબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસીફિકેશન, પ્રકાશાતર્ગત સૂચીકરણ પરિયોજના,માર્ક,મુદ્રિત સૂચિપત્રક વગેરે સહીત ગ્રંથાલય વિવિધવિદ્યા ક્ષેત્રે પણ તેનું પ્રદાન નોંધનીય રહ્યું છે.

## 12.3 ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિ

વૈશ્વિક સંસ્કૃતિ એ ભારતીય સંસ્કૃતિને સૌ પ્રથમની સંસ્કૃતિ લેખવામાં આવે છે. આર્યોના પૂર્વે જે સભ્યતાનો આ ધરતી પર વિકાસ થયો તેને આપણે સિંધુ સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ. મોહન-જો-દડો ,હડપ્પા ,લોથલ,ધોળાવીરા વગેરેમાં ખનન દરમિયાન મળી આવેલાં

અવશેષો ભારતીય સંસ્કૃતિની ગરિમાના પુરાવા છે. સિંધુઘાટીના નિવાસીઓ વ્યાપાર- વાણિજ્ય અર્થે વિશ્વના દૂર દૂરના દેશોમાં ગયા અને ઉદ્યોગ ,વ્યાપાર, કલાકારીગીરી અને સાહિત્ય-સંસ્કૃતિનો ફેલાવો કર્યો. આ નિવાસીઓએ જ ઈજિપ્ત,પર્શિયા ,દૂર પૂર્વ એશિયામાં પોતાના પરિવારોને વસાવ્યા અને વર્ષોના વહાણા વિત્યા બાદ આ પરિવારો આર્યો સ્વરૂપે વતન વાપસી કરી.

આર્યોના વ્યવહારની ભાષા સંસ્કૃત હતી. તેમના પવિત્ર ગ્રંથ વેદ ગણાતા. શિક્ષણ નિ : શુલ્ક હતું. વિદ્યાર્થીઓ ગુરુકુળ,ગુરુગૃહ કે આશ્રમમાં રહી શિક્ષણ મેળવતા. વૈદિક પરમ્પરા અનુસાર વેદોનું અધ્યયન શ્રુતિના માધ્યમથી કરવામાં આવતું. લેખન સામગ્રીના અભાવમાં લેખનકાર્ય તાડપત્રો, ભોજપત્રો અને વૃક્ષની છાલ ઉપર થતું.

ગ્રંથાલયો ગુરુકુળ સુધી જ સીમિત હતા. ગ્રંથો ગુરુની અમાનત ગણાતી.વિદ્યાર્થીઓ શ્રવણ કે વાચન દ્વારા તેને કંઠસ્થ કરતાં. વૈદિકકાળમાં વેદોની રચના થઈ.ઉપનિષદો લખાયા.સ્મૃતિકાલમાં આરણ્યક, કલ્પ, નિરુકત, વ્યાકરણ, ધર્મ,તત્વજ્ઞાન,રાજનીતિ વગેરે વિષયોના ગ્રંથો નિર્માણ પામ્યા.ગ્રંથોના વધારા સાથે ગ્રંથાલયોનો વિકાસ થતો રહ્યો.

ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિને આ મુજબ ચાર વિભાગોમાં વિભાજીત કરી શકાય.

1. પ્રાચીનકાળના ગ્રંથાલયો
2. મધ્યયુગના ગ્રંથાલયો
3. આધુનિકકાળના ગ્રંથાલયો
4. વર્તમાનકાળના ગ્રંથાલયો

### 12.3.1. પ્રાચીનકાળના ગ્રંથાલયો

વર્તમાનયુગ સાહિત્ય,કલા અને વિજ્ઞાનની દ્રષ્ટીએ આવિષ્કારોનો યુગ રહ્યો છે. પરંતુ ભૂતકાળ આ યુગથી અધિક ઉન્નત, વિકાસોન્મુખ અને સમૃદ્ધ હતો. તેવું પ્રતીત થાય છે. ખનન દરમિયાન મળેલાં પ્રમાણો તેના પુરાવા છે.

આધારભૂત અભિલેખોની દ્રષ્ટિએ સમ્રાટ અશોકનો સમય (ઈ.સ.પૂર્વે 272-232) સૌ પ્રથમનો છે. શિલાલેખો અને સ્તંભોના લખાણો એ સૌ પ્રથમનો છે. મુક્ત વચન સાથેના આ પ્રથમ સાર્વજનિક ગ્રંથાલય ગણાય.

ઇસુ ખ્રિસ્તના જન્મના 67 વર્ષ પશ્ચાત ચીની સમ્રાટ મીંગટોએ ભારતમાંથી બૌદ્ધ ભિક્ષુઓને બોલાવવા દૂત મોકલ્યા હતા. દૂત કશ્યપ માતંગ અને ધર્મરક્ષક નામક બે આચાર્યોને ચીન લઈ ગયા હતા. જેમણે બૌદ્ધ ધર્મના અનેક ગ્રંથોનો અનુવાદ ચીની ભાષામાં કર્યો. અને બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો.

બૌદ્ધધર્મથી પ્રભાવિત થઇ અનેક ચીની મુસાફરો ભારત આવ્યા. જેમાં ફાહિયાન, હ્યુ –એન- સંગ .ઇત-સિંગ ઉલ્લેખનીય છે. આ ચીની મુસાફરોની નોંધો પરથી જાણવા મળે છે કે તે સમયે ભારતમાં 5000 મઠ કે વિદ્યાલયો હતાં. જે ગ્રંથાલયો પણ ધરાવતાં હતાં.

પ્રાચીનકાળના કેટલાંક મહત્વના ગ્રંથાલયો આ મુજબ હતાં.

(1) નાલંદા વિશ્વવિદ્યાલય ગ્રંથાલય
(2) વિક્રમશીલા વિદ્યાપીઠ ગ્રંથાલય
(3) ઉદંતપૂરી વિદ્યાપીઠ ગ્રંથાલય
(4) વલભી વિદ્યાપીઠ ગ્રંથાલય
(5) ચાલુક્ય ગ્રંથાલય
(6) તક્ષશિલા વિશ્વવિદ્યાલય ગ્રંથાલય
(7) ભોજ વિદ્યાલય

આ તમામ ગ્રંથાલયો શૈક્ષણિક ગ્રંથાલયો હતાં.આ ગ્રંથાલયોના સંગ્રહો વિપુલ અને વૈવિધ્યભર્યા હતા. તેની ગ્રંથાલય સેવાની સુવાસ માત્ર ભારતમાં જ નહિ, વૈશ્વિક સ્તરે પણ વિસ્તરતી હતી. જો કે વિદેશી અક્રમણ સાથે આ તમામ ગ્રંથાલયો નાશ પામ્યાં.

### 12.3.2. મધ્યયુગના ગ્રંથાલયો

આ યુગ દરમિયાન મુસ્લિમ, મોગલ અને હિન્દુ રાજાઓ પૈકીના કેટલાંક કલાપ્રેમી અને સાહિત્યપ્રેમી હતા. જેમણે પોતાના અંગત ગ્રંથાલયોની વ્યવસ્થા પોતાના રાજમહેલમાં કરી હતી.

દિલ્હીની સલ્તનતના બાદશાહો, મુસ્લિમ સૂબાઓ તેમજ મુસ્લિમ સમાજની કેટલીક અગ્રગણ્ય વ્યક્તિઓએ મુસ્લિમ ધર્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા મક્તબા,મદરેસા અને મસ્જિદો તથા તેને સંલગ્ન ગ્રંથાલયો સ્થાપ્યાં હતાં. ખિલજી સલ્તનત દરમિયાન દિલ્હીમાં ઈમ્પિરીયલ લાયબ્રેરીની સ્થાપના કરવામાં આવી હતી. મહંમદ-બિન-તદાલઘ, ફિરોજશાહ, સિકંદર લોધી દ્વારા મહાવિદ્યાલયો અને મસ્જિદોની સ્થાપના સાથે ગ્રંથાલયો પણ રચવામાં આવ્યાં હતાં. વિજયનગર,વારંગલ અને ગુજરાતના સુલતાનોએ સંસ્કૃતને આશ્રય આપ્યો હતો. આ સમય દરમિયાન જૈન સાહિત્ય પણ વિકાસ પામ્યું હતું.

બંગાળ,જોધપુર, માળવા , ગોલકોંડા,અહમદનગર અને બીજાપુરના સુલતાનોનો ફાળો પણ અનન્ય રહ્યો હતો. ફિરોઝશાહના સમયમાં ગ્રંથાલયો માટે એક અલગ કિતાબખાના પણ હતું. પર્શિયન નિષ્ણાંત અમીર ખુસરો ઈમ્પિરિયલ ગ્રંથાલયના ગ્રંથપાલ હતા.

મોગલ શાસકોમાં બાબર, હુમાયુ ,અકબર ગ્રંથપ્રેમી અને વિદ્યાવ્યાસંગી હતાં. અકબરના ગ્રંથાલયમાં લગભગ 25,000 ગ્રંથો હતાં ,જેમાં વર્ગીકરણ અને સૂચીકરણની વ્યવસ્થા પણ હતી.

અમદાવાદમાં મદ્રેસાના ગ્રંથાલયો 'શામ –એ –બુરહાની' નામે ઓળખાતા.કાઠીયાવાડમાં શેખ ઈબ્રાહીમ મદરેસામાં સમૃદ્ધ ગ્રંથાલય હતું.

મુસ્લિમ યુગ દરમિયાન કેટલાંક ગ્રંથાલયો નાશ પામ્યાં તો નવાં ગ્રંથાલયો પણ સ્થપાયાં.જર્મન પ્રવાસી માંડસ્લોના જણાવ્યા અનુસાર શાહી ગ્રંથાલયોમાં ઉત્તમ બાંધણીવાળા 24000 ગ્રંથો હતાં.ગ્રંથાલયમાં ગ્રંથપાલોની

નિમણુંક કરવામાં આવતી હતી. જેઓ 'નાઝીમ' કે 'મુતામદ ' તરીકે ઓળખાતા.

દક્ષિણ ભારતમાં પણ હિંદુ રાજાઓના ઉત્તમ ગ્રંથાલયો હતાં. જેમાં તાંજોરમાં આવેલ 'સરસ્વતી મહલ' ગ્રંથાલય ઉલ્લેખનીય છે.

ટીપુ સુલતાનના સમયમાં ગ્રંથાલયોનો સારો એવો વિકાસ થયો હતો.1799 માં ટીપુ સુલતાનના પરાજય બાદ તેમનું સમૃદ્ધ ગ્રંથાલય અંગ્રેજોના હાથમાં આવતાં ,2000 જેટલાં ઉત્તમ ગ્રંથો લંડન લઇ જવામાં આવ્યાં.તે થકી 1809 માં 'ઇન્ડિયા ઓફીસ લાયબ્રેરી'શરૂ કરવામાં આવી. 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામ બાદ બે લાખ જેટલાં મુલ્યવાન ગ્રંથો ભારતમાંથી આ ગ્રંથાલયમાં મોકલી આપવામાં આવ્યાં. ભારતીય પાશ્ચાત્ય સંસ્કૃતિ અને સાહિત્યિક જ્ઞાન માટેનું વિશ્વનું આ સૌથી મોટું ગ્રંથાલય છે.

હિન્દુઓના વિદ્યાધામો બનારસ, મિથિલા ,ઉજ્જૈન વગેરેમાં પણ સમૃદ્ધ ગ્રંથાલયો સ્થપાયાં હતાં. વાસીઓએ જ ફ્રેકલીન દ્વારા 1793 માં 'લાયબ્રેરી કંપનીફિલાડેલ્ફીઆ' નામક લાવાજમી ગ્રંથાલય સ્થાપવામાં આવ્યું. ત્યારબાદ નાનાં – મોટાં અનેક ગ્રંથાલયો સ્થપાયા અને લોકપ્રિય બન્યાં. સાથે જ કેટલાંક વ્યાપારી ગ્રંથાલયો પણ સ્થપાયા. અલબત્ત, સાર્વજનિક ગ્રંથાલયોના ઉદય સાથે સામાજિક ગ્રંથાલયો અસ્ત પામતાં રહ્યાં.

### 12.3.3 <u>આધુનિકકાળના ગ્રંથાલયો</u>

16 મી સદીની પૂર્વસંધ્યાએ ભારત આ પ્રવૃત્તિથી અજાણ તો ન હતું. મોટાભાગના ગ્રંથાલયો 'અંગત ગ્રંથાલયો' હતાં. કેટલાંક સાર્વજનિક ગ્રંથાલયો યત્ર-તત્ર હતાં.

ભારતમાં મુદ્રણકાળનો પ્રારંભ 1556 માં ગોવામાં થયો. ત્યારબાદ 150વર્ષ પછી ભારતીય લીપીમાં મુદ્રણકાર્ય શરૂ થયું. તામિલ (1714), બંગાળી (1778), ગુજરાતી (1797), મરાઠી (1802), હિન્દી(1802), તેલુગુ(1817), કન્નડ (1832) અને ઓરિયા (1840)માં મુદ્રણકાર્ય શરૂ થયું. ભારતમાં સૌ

પ્રથમ મુદ્રિત ગ્રંથ ‘એપોસ્ટાઇલ્સ ક્રિડ’ તમીલ ભાષામાં 1714 માં પ્રકાશિત કરવામાં આવ્યું.

બ્રિટીશ વસાહતીઓ માટે સૌ પ્રથમ પરીક્રમિત ગ્રંથાલયો કલકત્તામાં સ્થાપવામાં આવ્યાં. જેમાં ફોર્ટ સેન્ટ જ્યોર્જ લાયબ્રેરી (1714),ઇસ્ટ ઇન્ડિયા કંપની લાયબ્રેરી (1770),જ્યોર્જ એન્ડ્રુઝ સરક્યુલેટીંગ લાયબ્રેરી,કલકત્તા (1770) , કલકત્તા સરક્યુલેટીંગ લાયબ્રેરી (1787),સોસાયટી લાયબ્રેરી , કલકત્તા (1818)તેમજ મદ્રાસ (1661)મુખ્ય ગણી શકાય.1784 માં સર વિલિયમ જોન્સ દ્વારા કલકત્તામાં રોયલ એશિયાટીક સોસાયટીની સ્થાપના કરવામાં આવી.

1781 માં કલકત્તા મદરેસા ,1791 માં બનારસ સંસ્કૃત કોલેજ તથા 1800 માં કલકત્તામાં ફોર્ટ વિલિયમ કોલેજની સ્થાપના કરવામાં આવી. તેને સંલગ્ન ગ્રંથાલયો પણ સ્થાપવામાં આવ્યાં.

19 મી સદી દરમિયાન ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિના મહત્વના બે બનાવો ઉલ્લેખનીય છે.ભારતીય ગ્રંથાલય પ્રવૃતિમાં ઈ.સ.1808 ના વર્ષને સીમાચિહ્ન સ્વરૂપ લેખવામાં આવે છે. આ વર્ષે મુંબઈ સરકારે ‘સાહિત્ય ઉત્કર્ષ ભંડોળ’દ્વારા જનસમાજમાં અંગ્રેજી સાહિત્ય પ્રત્યેની રૂચિમાં વૃદ્ધિ કરવાના હેતુસર ગ્રંથોની વિના મુલ્યે વહેચણી કરવા માટે ગ્રંથાલયોની નોંધણી કરવામાં આવી.

દ્વિતીય ઘટના તે 1867 માં અમલમાં આવેલ ગ્રંથસ્વામિત્વનો કાયદો છે. આ કાયદા અન્વયે દરેક પ્રકાશન ઉપર મુદ્રક અને પ્રકાશકનું નામ તથા સરનામું છાપવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું. તેમજ પ્રકાશનોની ત્રણ નકલ સરકારને વેચાણ આપવાનું ઠરાવવામાં આવ્યું. 1890 માં થયેલા સુધારા અન્વયે આ નકલો વિના મુલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ કાયદાને કારણે રાષ્ટ્રીય અને વિભાગીય ગ્રંથાલયોની રચનાને પ્રોત્સાહન મળ્યું.

સાથે જ અમદાવાદ, બેલગામ ,ધારવાડ વગેરે શહેરોમાં ‘નેટીવ ગ્રંથાલયો’ અસ્તિત્વમાં આવ્યાં. મહારાણી વિક્ટોરીયાના જ્યુબિલી મહોત્સવ દરમિયાન ઠેર ઠેર સાર્વજનિક

ગ્રંથાલયો સ્થાપવામાં આવ્યાં. સાથે જ ‘આસફિયા સ્ટેટ લાયબ્રેરી’, હૈદરાબાદ (1871), ‘ખુદાબક્ષ ઓરીયન્ટ પબ્લિક લાયબ્રેરી’ પટના (1888),તેમજ ‘કેનમેરા પબ્લિક લાયબ્રેરી’, મદ્રાસ (1896) ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં.

**12.3.3.1 વર્તમાનયુગના ગ્રંથાલયો (20 મી અને 21 સદી)**

ભારતમાં વર્તમાનયુગનો પ્રારંભ 20 મી સદીથી માનવામાં આવે છે. વિકાસની દ્રષ્ટીએ વર્તમાનયુગને બે તબક્કામાં વહેંચી શકાય :

**(1) ઈ.સ.1901 થી 1947**

**(2) ઈ.સ.1947 થી –**

**12.3.3.1.1. પ્રથમ તબક્કો (ઈ.સ.1901 થી 1947)**

20 મી સદીના પ્રથમ પાંચ દાયકા ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિએ સુવર્ણકાળ સમાં રહ્યાં છે. સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના શ્રીગણેશ ભૂતપૂર્વ વડોદરા રાજ્યથી થયા. ભારતના પ્રગતિશીલ રાજવીઓમાં પ્રથમ સ્થાન ધરાવતા વડોદરા નરેશ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા (1861-1939)દ્વારા રાજ્યમાં ફરજીયાત શિક્ષણની જોગવાઈ સાથે ગ્રંથાલય પ્રવૃત્તિના બીજ રોપાયા. 1910 માં ગ્રંથાલયખાતાની રચના કરવામાં આવી.1923 માં ‘વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ’ની રચના થઇ.

1835 માં કલકત્તામાં સ્થપાયેલ ‘કલકત્તા પબ્લિક લાયબ્રેરી’ તેમજ કલકત્તામાં આવેલ બ્રિટીશ સરકારના વ્યવસ્થાકીય ખાતાઓના ગ્રંથાલયો અને અન્ય ગ્રંથાલયોના સંયોજન સાથે 1891 માં ‘ઈમ્પિરીયલ લાયબ્રેરી એક્ટ’ પસાર થતાં કાયદાકીય રીતે 1903માં ‘ઈમ્પિરિયલ લાયબ્રેરી’ અસ્તિત્વમાં આવી.

ડો.રંગનાથન યુગના પ્રારંભ પૂર્વે પંજાબ (1915),મદ્રાસ (1928),કર્ણાટક(1929), બિહાર (1930),બંગાળ(1931)તથા

આંધ્ર પ્રદેશ (1931) માં ગ્રંથાલય મંડળો અસ્તિત્વમાં આવી ચુક્યા હતાં.

ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિના પિતામહનું બિરુદ પામેલ ડૉ. શિયાલી રામામૃત રંગનાથન પ્રણિત 'The Five Laws of Library Science' (1931) ના પ્રકાશન સાથે માત્ર ભારતમાં જ નહીં ,વૈશ્વિક ગ્રંથાલય પ્રવૃત્તિથી રંગનાથન યુગનો પ્રારંભ થયો. 'ગ્રંથાલય વિષય'ને 'ગ્રંથાલય વિજ્ઞાન'નું સ્વરૂપ મળ્યું.તેમના પ્રભાવમાં ભારતીય ગ્રંથાલય પ્રવૃતિમાં નવીન શક્તિનો સંચાર થયો.તેમના પ્રયત્નોથી મદ્રાસ (તમિલનાડુ)(1948) ,આંધ્ર પ્રદેશ (1960), કર્ણાટક (1965) તથા મહારાષ્ટ્ર (1967) માં સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમો અસ્તિત્વમાં આવ્યાં. સાથે જ અનેક રાજ્યોમાં સાર્વજનિક ગ્રંથાલય મુસદ્દાઓમાં માર્ગદર્શન મળ્યું.

### 12.3.1.1.2. ઇન્ડીયન લાયબ્રેરી એસોસિએશન (ILA)

1933 માં કલકત્તામાં મળેલ પ્રથમ 'અખિલ ભારતીય ગ્રંથાલય પરિષદ'ની ફલશ્રુતિએ 12 સપ્ટેમ્બર 1933માં 'ઇન્ડિયન લાયબ્રેરી એસોસિએશન'ની સ્થાપના કરવામાં આવી. આ સાથે જ આસામ (1938), કેરાલા (1942), મુંબઈ (1944),ઓરિસ્સા (1944),પુના (1945) તથા દિલ્હી (1946) માં ગ્રંથાલય મંડળો અસ્તિત્વમાં આવતાં ગ્રંથાલય પ્રવૃત્તિને વેગ મળ્યો.

1910 માં વડોદરામાં 'ગ્રંથપાલ તાલીમ વર્ગો' શરુ કરવામાં આવ્યા. 1915 માં પંજાબ વિશ્વવિદ્યાલય (લાહોર) દ્વારા 'ગ્રંથાલય વિજ્ઞાનનો ડીપ્લોમાં અભ્યાસક્રમ' શરુ કરવામાં આવ્યો. 1929 માં મદ્રાસ ગ્રંથાલય મંડળ દ્વારા 'ગ્રંથાલય વિજ્ઞાનની શાળા'નો પ્રારંભ થયો.

1939માં મુંબઈ ઇલાકાના ગ્રંથાલયોના વિકાસ માટે એ.એ.ફૈઝીની અધ્યક્ષતામાં ' ગ્રંથાલય વિકાસ સમિતિ'ની રચના કરવામાં આવી.

સમિતિએ સમગ્ર ગુજરાત રાજ્યને આવરી લેતી ગ્રંથાલય ગુંથણી માટે છ તબક્કામાં વહેચાયેલી વિકાસ રેખા સુચવી. સાથે જ ગ્રંથાલય મંડળોની રચના, કર્મચારીઓને તાલીમ આપવાની વ્યવસ્થા , પુસ્તકોની હેરફેર માટે રેલ્વેનુર તથા પોસ્ટના દરોમાં રાહત આપવા વગેરે ભલામણો કરી.

**12.3.3.2. દ્વિતીય તબક્કો (ઈ.સ. 1947 થી -)**

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સાથે ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિના ઉત્કર્ષ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો સતત પ્રયત્નશીલ રહ્યાં છે. આ પ્રયત્નો તે સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ , ગ્રંથાલય વિકાસ સબંધી યોજનાઓ અને નીતિઓ, સમિતિઓ અને તેની ભલામણો, શિક્ષણનીતિ તેમજ રાષ્ટ્રીય અને ક્ષેત્રિય આયોજનો છે.

ભારતીય બંધારણ અનુસાર ગ્રંથાલય અને ગ્રંથાલય સેવાનો વિષય રાજ્ય સરકારની બાબત છે. રાજ્ય સરકાર શાસિત ક્ષેત્રોમાં ગ્રંથાલય અધિનિયમ રચવાનું કામ રાજ્ય સરકારનું છે. આ પૂર્વે રાજ્ય સરકારોએ સાર્વજનિક ગ્રંથાલયો માટે નીતિ-નિર્ધારણ કરવું જોઈએ.

ડૉ.રંગનાથન દ્વારા તેમજ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને માર્ગદર્શન મળી રહે તે માટે કેટલાંક નમૂનારૂપ ગ્રંથાલય ખરડાઓ પ્રસ્તુત કરવામાં આવ્યાં, જે આ મુજબ છે. :

નમુનારૂપ યુનિયન લાયબ્રેરી એક્ટ,1951 તથા નમૂનારૂપ ગ્રંથાલય ખરડાઓ,1930 (સંશોધિત 1972), 1963 (શિક્ષણ મંત્રાલય અને પ્લાનિંગ કમીશન),1955.

જો કે રાજ્યોમાં આ ખરડાઓની ઝાઝી અસર જોવા મળી નથી.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ 17 રાજ્યોમાં 'સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ' પસાર થાય છે. જો કે તે પૈકી કેટલાંક રાજ્યોમાં તેનું અમલીકરણ 10-15 વર્ષો બાદ પણ કરવામાં આવ્યું નથી.

ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિને વધુ સુદ્રઢ બનાવવા ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના સાંસ્કૃતિક વિભાગ દ્વારા ‘ગ્રંથાલય અને માહિતી પદ્ધતિની રાષ્ટ્રીય નીતિ’ ઘડવા સમિતિ નીમવામાં આવી. સમિતિએ ભલામણ કરી કે :

(૧)ગ્રંથાલયો માટે રાષ્ટ્રીય પંચ નીમવું.,(૨) સાર્વજનિક ગ્રંથાલયોનો વિકાસ કરવો. (૩)શૈક્ષણિક ગ્રંથાલયના કર્મચારીઓને શિક્ષણ સમાજના સભ્ય સમકક્ષ માન્ય કરવા. (૪)રાષ્ટ્રીય ગ્રંથાલય સુદ્રઢ બનાવવું અને (૫)રાષ્ટ્રીય ગ્રંથાલય પદ્ધતિનો વિકાસ કરવો.

વળી, ગ્રંથાલયોના વિકાસ માટે ભારત સરકારે 1955 માં કે.પી.સિંહાના અધ્યક્ષપણા નીચે સમિતિ નીમી. જેની મુખ્ય ભલામણો આ મુજબ હતી. :
(૧)ગ્રંથાલય સેવા નિઃ શુલ્ક બનાવવી , (૨) સુદૃઢ ગ્રંથાલય પદ્ધતિની રચના કરવી.(3) ગ્રંથાલય સહકાર કેળવવો તેમજ (૪) ગ્રંથાલયના વિકાસ માટે લાંબા ગાળાનું આયોજન કરવું.

નવી શિક્ષણનીતિ (1996)માં ‘ગ્રંથાલયોના વિકાસ સાથે વર્તમાન ગ્રંથાલયોની સુધારણા કરવા તથા નવાં ગ્રંથાલયોની સ્થાપના માટે રાષ્ટ્ર વ્યાપી પ્રવૃત્તિ હાથ ધરવા સુચન કરવામાં આવ્યું હતું.

<u>પ્રથમ પંચવર્ષીય યોજના</u>થી જ ગ્રંથાલયોના વિકાસ માટે પુરતું ધ્યાન આપવામાં આવ્યું. નવમી પંચવર્ષીય યોજના (1997 -2002)થી સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ, ગ્રંથાલયોનું આધુનિકરણ, ડેટાબેઝ, માહિતી પ્રોદ્યોગિકી, પ્રવર્તમાન ગ્રંથાલય પદ્ધતિઓની સમીક્ષા, ડેટાબેંકનો વિકાસ વગેરે ઉપર પુરતું ધ્યાન આપવામાં આવ્યું.

ભારતમાં વિભિન્ન ક્ષેત્રોમાં નેટવર્કની સ્થાપનામાં નીસાત (NISSAT)નું યોગદાન મહત્વનું રહ્યું. નીસાત દ્વારા 12 વિભાગીય માહિતી કેન્દ્રો સ્થાપવામાં આવ્યા. અંદાજે 10 જેટલાં વિશિષ્ટ વિષયક્ષેત્રોમાં નેટવર્કની સાથે CALIBNET,DELNET, BONET,MALIBNET,HYLIBNET,ADINET જેવાં કેટલાંક

નેટવર્ક પણ અસ્તિત્વમાં આવ્યાં. સાથે જ INSDOC,NASSDOC ,DESIDOC જેવાં વિશિષ્ટ સંગઠનો પણ રચાયા.

યુનેસ્કોના પાયલોટ પ્રોજેક્ટ અન્વયે 1951 માં દિલ્હી પબ્લિક લાયબ્રેરીની સ્થાપના કરવામાં આવી.

1972 માં 'રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન'ની સ્થાપના સાથે મેચિંગ અને નોનમેચિંગ ગ્રાન્ટ સાથે સાર્વજનિક ગ્રંથાલયોનો સારો એવો વિકાસ થયો.

1903 માં આકાર પામેલ ' ઈમ્પિરિયલ લાયબ્રેરી' , ઈમ્પિરિયલ લાયબ્રેરી એક્ટ 1948 અનુસાર તે 'રાષ્ટ્રીય ગ્રંથાલય' પુનઃ નામાભિધાન પામી.1953 માં તે જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું. જેનું વ્યવસ્થાપન ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હસ્તક છે.

સાર્વજનિક ગ્રંથાલયોના પિરામીડના સર્વોચ્ચ બિંદુએ રહેલ ભારતીય રાષ્ટ્રીય ગ્રંથાલય કલકત્તામાં આવેલું છે. આજે તેનો ગ્રંથસંગ્રહ અંદાજે 30,00,000 થી વધુ છે. ગ્રંથાલયમાં 905 જેટલાં વર્તમાનપત્રો મંગાવવામાં આવે છે.

The Delivery of Books and Newspapers (Public Libraries) Act,1954 અનુસાર પ્રાપ્ત ગ્રંથોની સંખ્યા 12,00,000 થી વધુ છે.

ગ્રંથાલયના કુલ ગ્રંથ સંગ્રહમાં આસામી ,બંગાળી, ગુજરાતી, હિન્દી, કન્નડ, કાશ્મીરી , મલયાલમ ,મરાઠી, ઓરિયા, સંસ્કૃત, તમિલ, તેલુગુ અને ઉર્દૂ ભાષાના વિશેષ સંગ્રહોનો સમાવેશ થાય છે.

ગ્રંથ આપ-લે સહિત, વાઙ્મયસૂચિ, પ્રતિકૃતિ તેમજ પ્રલેખન અને માહિતી સેવાઓ આપવામાં આવે છે. અહી, બાળકો માટે અલગ વિભાગ પણ છે.

## 12.4 ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિ

ગુજરાતમાં ગ્રંથાલય અને ગ્રંથાલય પ્રવૃત્તિનું પ્રથમ બિંદુ ક્યારે મુકાયું તે જાણવાનું મુશ્કેલ છે.અલબત્ત, લોથલ અને ધોળાવીરાના ઉત્ખનનના આધારે એમ માનવાને કારણો મળે છે કે પ્રાચીન સમયમાં ગુજરાત ગ્રંથાલય અને ગ્રંથાલય પ્રવૃત્તિથી અજાણ તો ન હતું. પ્રાચીન સમયમાં ગુજરાતમાં લેખનકળાનો પણ સારો એવો વિકાસ થયો હતો.

ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસને આ મુજબ વિભાગીય શકાય. :

(1) પ્રાચીનયુગ
(2) મધ્યયુગ અને
(3) અર્વાચીનયુગ

જેની વિગતે માહિતી આ મુજબ છે. :

### 12.4.1. પ્રાચીન યુગ

આ સમયગાળામાં ગ્રંથાલય પ્રવૃત્તિએ સૌ પ્રથમનું સોપાન તે સમ્રાટ અશોક (ઈ.સ.પૂર્વે 293-237) દ્વારા જુનાગઢ-ગીરનાર માર્ગ ઉપર એક શિલા પર કોતરાવેલા 14 ધર્મલેખો (શિલાલેખો) છે.

વાસ્તવમાં ગ્રંથાલય અને ગ્રંથાલય પ્રવૃત્તિનું બિંદુ સૌરાષ્ટ્રમાં ભાવનગરથી 13 કિ.મી.દુર આવેલ વલભીપુરમાં ‘વલભી વિદ્યાપીઠ’ની મૈત્રકકાળ દરમિયાન મુકાયું. (ઈ.સ.480 થી 775). અલબત્ત, આ ગુજરાતનું પ્રથમ વિશ્વવિદ્યાલય હતું. જેના ગ્રંથાલયમાં વિપુલ પ્રમાણમાં હસ્તપ્રત સંગ્રહ હતા.

આ સમયે પાટણ,સુરત, ખંભાત, અમદાવાદ (કર્ણાવતી), ધોળકા, વિજાપુર વગેરે જૈનવિદ્યા અને જ્ઞાનોપાર્જનના મહત્વના કેન્દ્રો હતાં. ખંભાતમાં લખાયેલ હસ્તપ્રતોનો વિશાળ જથ્થો

એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી અને પીર મહંમદ શાહ મસ્જીદ (અમદાવાદ) માં સચવાયેલ છે.

મહારાજા સિદ્ધરાજ જયસિંહ (ઈ.સ.1104 થી 1133) જેઓ માત્ર વિદ્વાનોના ચાહક અને આશ્રયદાતા જ નહીં, પુસ્તક પ્રેમી પણ હતા. કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રે રચેલા વ્યાકરણના ગ્રંથ ‘સિદ્ધહેમ શબ્દાનુશાસન’ના વિમોચન પ્રસંગે હાથીની અંબાડી પર તે મૂકી આખા પાટણ નગરમાં ફેરવ્યું હતું. કવચિત, વિશ્વની આ પ્રથમ અને એકમાત્ર ઘટના છે.

કુમારપાળદેવ (ઈ.સ.1143 થી 1174) દ્વારા આ હસ્તપ્રતોનો વિશાળ સંગ્રહ સાચવણી અર્થે જેસલમેર (રાજસ્થાન) મોકલી અપાયો હતો. જે આજે પણ સચવાયેલ છે.

રજપૂતયુગ દરમિયાન પણ હસ્તપ્રતોના વિપુલ ગ્રંથભંડારો અસ્તિત્વમાં આવ્યાં.

### 12.4.2. મધ્ય યુગ

મુસ્લિમ યુગ દરમિયાન પ્રાચીન સંસ્કૃતિના આંશિક વિલય સાથે કલા, સાહિત્ય અને સ્થાપત્યનું ઉત્તમ સર્જન અને પોષણ થયું.સાથે જ શાહી ગ્રંથાલય સાથે અનેક અંગત ગ્રંથાલયો પણ અસ્તિત્વમાં આવ્યાં.

ગુજરાતમાં મુઘલ સલ્તનતની સ્થાપના સાથે અકબર બાદશાહ ઘણી બધી મૂલ્યવાન હસ્તપ્રતો પોતાની સાથે લઇ ગયો હતો.

### 12.4.3.અર્વાચીન યુગ

અર્વાચીનયુગની પૂર્વ સંધ્યાએ ગુજરાત પાશ્ચાત્ય સંસ્કૃતિ અને કેળવણીના રંગે રંગાતું જતું હતું. ઈ.સ.1820 માં મુંબઈ

સરકારે 'નેટિવ સ્કુલ બુક અને નેટિવ સ્કુલ સોસાયટી'ની સ્થાપના કરી હતી.જેના ઉપક્રમે ગુજરાતમાં અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયો.

કવિ દલપતરામ ,નર્મદાશંકર લાભશંકર ,નવલરામ પંડ્યા, રણજીતરામ, મહિપતરામ રૂપરામ, કરશનદાસ મુળજી જેવાં સાહિત્યકારોને ગુજરાતી સાહિત્યની કાયાપલટ કરવાન દિશા મળી. ઈ.સ.1850 માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' ; 'બુદ્ધિવર્ધક સભા' અને 'પ્રાર્થનાસભા', 1851 ; 'બ્રહ્મોસમાજ ', 1801 અને 'માનવ ધર્મ સભા' ની સ્થાપના સાથે જ્ઞાનપ્રાપ્તિની ઝંખનાને બળ મળ્યું.

આ પૂર્વભૂમિકા સાથે ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિની વિકાસગાથાના  આ મુજબ ભાગ પાડી શકાય.

(1) અગાઉના મુંબઈ ઈલાકાનો વિસ્તાર
(2) ભૂતપૂર્વ વડોદરા રાજ્ય
(3) સૌરાષ્ટ્ર
(4) કચ્છ

જેની વિગતે માહિતી આ મુજબ છે. :

**12.4.3.1.<u>અગાઉના મુંબઈ ઈલાકાનો વિસ્તાર</u>**

માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારતની સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિનું પ્રથમ સોપાન તે મુંબઈ સરકાર દ્વારા ઈ.સ.1808 માં 'સાહિત્ય ઉત્કર્ષ ભંડોળ' દ્વારા પ્રકાશિત પુસ્તકોની વહેચણી માટે સૌ પ્રથમ નોંધણી કરવામાં આવી. જે થાકી સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપનાને પ્રોત્સાહન મળ્યું.

બીજું સોપાન તે નેટિવ ગ્રંથાલયોની સ્થાપના છે. જેમાં અમદાવાદમાં 'હિમાભાઈ ઇન્સ્ટીટયુટ : લાયબ્રેરી અને વાચનાલય'1849 ; 'આપરવ ભોળાનાથ પુસ્તકાલય', 1870 ;

સુરતમાં ‘એન્ડ્રુઝ લાયબ્રેરી’, 1850 ; નડિયાદમાં ‘ડાહીલક્ષ્મી લાયબ્રેરી,1898 ; રાજકોટમાં ‘શ્રી અરવિંદભાઈ મણિયાર સાર્વજનિક પુસ્તકાલય (લેંગ લાયબ્રેરી),1856 મુખ્ય છે. આ સિવાય પણ અન્ય શહેરો-નગરો-કસ્બાઓમાં અનેક ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં.

1939 માં એ.એ.ફૈઝીના અધ્યક્ષપણા નીચે ‘ગ્રંથાલય વિકાસ સમિતિ’ની રચના કરવામાં આવી. જેણે સમગ્ર રાજ્યને ગ્રંથાલયસેવાઓમાં આવરી લેવા છ તબક્કા સાથેની વિકાસ યોજના સુચવી. જે પૈકીની કેટલીક ભલામણોનો સ્વીકાર થયો.

1920 માં ‘ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય’ તેમજ 1938 માં ‘માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય’ ની સ્થાપના થઇ.

**12.4.3.2.** <u>ભૂતપૂર્વ વડોદરા રાજ્ય</u>

ભારતીય પુસ્તકાલય પ્રવૃત્તિના ઇતિહાસમાં ભૂતપૂર્વ વડોદરા રાજ્યની ગ્રંથાલય પ્રવૃત્તિ થકી ગુજરાતનું નામ સુવર્ણાક્તિ  પામેલ છે. જેની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે. :

1. સાર્વજનિક ગ્રંથાલય ખાતાની રચના કરવામાં આવી.
2. બેનમૂન સ્થાપત્ય ધરાવતું (ગ્લાસ ફ્લોરિંગ) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય વડોદરામાં સ્થાપવામાં આવ્યું.
3. સાર્વજનિક ગ્રંથાલય સેવા મફત બનાવવામાં આવી.
4. ‘ગ્રંથાલય તાલીમ વર્ગો ‘ શરૂ કરવામાં આવી.
5. ગ્રંથાલય વિજ્ઞાનને સ્પર્શતું ‘લાયબ્રેરી મીસ્લેની’ સામયિક શરુ કરવામાં આવ્યું.(1912-1917)
6. ગુજરાતી મૂળાક્ષરો અને અંકોની સંજ્ઞા ધરાવતી ‘બોર્ડન વર્ગીકરણ પદ્ધતિ’ની રચના કરવામાં આવી.
7. ‘ગ્રામ ગ્રંથાલયો’ અને ‘ફરતાં પુસ્તકાલયો’ માટે  વિશેષ લક્ષ્ય આપવામાં આવ્યું.

આ પ્રવૃત્તિમાં એલિસ બોર્ડન ,મોતીભાઈ અમીનનું વિશેષ યોગદાન રહ્યું.

### 12.4.3.3. સૌરાષ્ટ્ર અને કચ્છ

ગુજરાતના આ વિસ્તારોમાં કેટલીક મીઠી વીરડીઓ બાદ કરતા ગ્રંથાલય પ્રવૃત્તિ શુષ્ક હતી. જો કે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી ,ગોંડલના મહારાજા ભગવતસિંહજી તેમજ દાનવીર મેદાજી પેથરાજના થકી સૌરાષ્ટ્રની ગ્રંથાલય પ્રવૃત્તિ કેટલેક અંશે યાદગાર બની રહી.

### 12.4.3.4. અવિભક્ત ગુજરાત

મે 1,1960 માં ગુજરાત રાજ્યનું અલગ એકમ અસ્તિત્વમાં આવ્યું.

સૌ પ્રથમ અગાઉના જુદા જુદા વિસ્તારોમાં પ્રવર્તમાન અનુદાનના અલગ અલગ નિયમોનું સુધારણા સાથે 1964 માં એકીકરણ કરવામાં આવ્યું. 2013 ના સાર્વજનિક ગ્રંથાલયોને અનુદાન આપવા માટેના નિયમો અનુસાર સાર્વજનિક ગ્રંથાલયોને નીચે મુજબ અનુદાન આપવામાં આવે છે.

| ક્રમ | ગ્રંથાલયની કક્ષા | સંખ્યા | અનુદાન |
|---|---|---|---|
| 1. | શહેર ગ્રંથાલયો | 52 | રૂ. 1,00,000/- |
| 2. | અંધજન ગ્રંથાલયો | 09 | રૂ. 1,00,000/- |
| 3. | શહેર શાખા ગ્રંથાલયો | 87 | રૂ. 50,000/- |
| 4. | નગર કક્ષા -1 | 109 | રૂ. 35,000/- |
| 5. | નગર કક્ષા -2 | 265 | રૂ. 30,000/- |
| 6. | મહિલા ગ્રંથાલય | 113 | રૂ. 20,000/- |
| 7. | બાળ ગ્રંથાલય | 98 | રૂ. 20,000/- |
| 8. | ગ્રામ ગ્રંથાલય | 3445 | રૂ. 10,000/- |
| 9. | ગ્રંથાલય મંડળ | 02 | રૂ. 50,000/- |

અનુદાનિત સાર્વજનિક ગ્રંથાલયો, અનુદાન ન મેળવતાં સાર્વજનિક ગ્રંથાલયો સહિત ગુજરાતમાં 126 જેટલાં સરકારી ગ્રંથાલયો પણ સેવારત છે. ગાંધીનગરમાં 1982 માં 'રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય'ની સ્થાપના કરવામાં આવી. આજે તે નોલેજ સેન્ટર' સ્વરૂપ ભૂમિકા ભજવી રહ્યું છે.

11 માં નાણાંકીય પંચ અન્વયે રૂપિયા 6 કરોડની નાણાંકીય સહાયથી સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે 'જાહેર ગ્રંથાલય વિકાસ નિધિ' ની રચના કરવામાં આવી છે. આ કોર્પસફંડના વ્યાજનો ઉપયોગ સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ માટે કરવામાં આવે છે.

સને 1974 થી 'શ્રી મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર યોજના' અન્વયે ઉત્તમ ગ્રંથાલય અને તેના ગ્રંથપાલોને રૂ.500 થી 10,000 જેવી રકમનું તથા ગ્રંથાલયોને રૂ.10,000/- થી રૂ. 50,000/- જેવી માતબર રકમ પારિતોષિક સ્વરૂપ આપવામાં આવે છે. જે દર બે વર્ષે એનાયત કરવામાં આવે છે.

'રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશન' દ્વારા દર વર્ષે રૂ.3 કરોડ જેટલી માતબર રકમના પુસ્તકો, સાધનસામગ્રી, કમ્પ્યુટર મળે છે. તેના જેટલી જ રકમ રાજ્ય સરકાર દ્વારા અનુદાન સ્વરૂપ ફાળવવામાં આવે છે.

વિશેષમાં , અટીરા , પીઆરએલ ,ઈસરો, સ્પીપા , સરદાર પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ ઇકોનોમિકસ એન્ડ રીસર્ચ જેવી વિખ્યાત સંસ્થાઓના ગ્રંથાલયો તથા 44 જેટલાં વિશ્વવિદ્યાલયોના ગ્રંથાલયો અને અંદાજે 2000 જેટલાં મહાવિદ્યાલયના ગ્રંથાલયો સમાજના વિશિષ્ટ વર્ગોને ગ્રંથાલય સેવા આપી રહ્યાં છે.

ઇન્ફ્લીબનેટનું મુખ્ય મથક ગાંધીનગરમાં છે. ૪ જેટલા વિશ્વવિદ્યાલયોમાં ગ્રંથાલય વિજ્ઞાનના ઉચ્ચ શિક્ષણની સુવિધા છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયનું મુખ્ય મથક તથા ઇગ્નુંનું કેન્દ્ર અમદાવાદમાં છે. 'નિકટાસ' અમદાવાદના અટીરામાં કાર્યરત છે.

સમગ્રતયા જોતાં ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિ ભારતના તમામ રાજ્યોની ગ્રંથાલય પ્રવૃત્તિએ પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે.

## 12.5 તમારી પ્રગતિ ચકાસો

1. ગ્રેટ બ્રિટનના 1850 ના સાર્વજનિક ગ્રંથાલયધારાના મુખ્ય લક્ષણો વર્ણવો.
2. પબ્લિક લાયબ્રેરીઝ એન્ડ મ્યુઝિયમ એકટ વિશે ટૂંકનોંધ લખો.
3. યુ.એસ.એ.ના સાર્વજનિક ગ્રંથાલયોનો ઈતિહાસ સંક્ષેપમાં જણાવો.
4. '1867 નો ગ્રંથસ્વામિત્વનો કાયદો' વિશે નોંધ લખો.
5. કે.પી.સિંહા સમિતિની મુખ્ય ભલામણો જણાવો.
6. ભૂતપૂર્વ વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિની મહત્વની લાક્ષણિકતા જણાવો.

## 12.6 સારાંશ

ગ્રેટ બ્રિટન અને યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા)ની ગ્રંથાલય પ્રવૃત્તિ વિશેષતઃ વૈયક્તિક પ્રયત્નોને આભારી છે. સાથે જ લવાજમી, વ્યાપારી અને મઠના ગ્રંથાલયોનો ફાળો પણ અનન્ય રહ્યો છે.

વિશેષમાં આ બંને દેશોમાં સાર્વજનિક ગ્રંથાલયના વિકાસનો પાયો ગ્રંથાલયધારાના કારણે નંખાયો.ગ્રંથાલય કર દ્વારા આવશ્યક નાણાભંડોળ પ્રાપ્ત થયું. ગ્રંથાલય સેવાની સુધારણા માટે અનેક સમિતિઓની રચના કરવામાં આવી. પરિણામતઃ આજે આ બંને દેશોની સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિ વૈશ્વિક સ્તરે અનુકરણીય બની છે.

ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિ અત્યંત પુરાણી માનવામાં આવે છે. અલબત્ત, મધ્યના કેટલાક સૈકાઓ બાદ કરતાં તે ઉજ્જવળ ઈતિહાસ ધરાવે છે. ભૂતપૂર્વ વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ, ભારતીય પુસ્તકાલય પ્રવૃત્તિનો સુવર્ણકાળ હતો. 'કર્ણાટક સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ' વિશ્વના તમામ ગ્રંથાલયધારાઓમાં એક આદર્શ ગ્રંથાલય ધારો ગણાય છે.

પંચવર્ષીય યોજનાઓ, ભિન્ન ભિન્ન સમિતિઓની ભલામણો, ગ્રંથાલયધારાઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિશેષ અનુદાનો તથા રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશનના અનુદાનો થકી ભારતીય સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિ દેદિપ્યમાન બની છે. તેમ છતાં ભારતની તમામ વસ્તીને સાર્વજનિક ગ્રંથાલય સેવામાં આવરી લેવા માટે લાંબી મંજિલ કાપવાની રહે છે.

## 12.7 બહુ વિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

1. વિશ્વનો પ્રથમ ગ્રંથાલય ધારો ગ્રેટ બ્રિટનમાં ક્યા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યો.?

   (A) 1848 (B) 1850 (C) 1851 (D) 1855

2. ક્યા વર્ષના સુધારા અન્વયે ગ્રંથાલય સત્તાઓને શિક્ષણ સમિતિ નીચે મૂકવામાં આવી.?

(A) 1919 (B) 1899 (C) 1892 (D)2001

3. Central Library for Students ની સ્થાપના ક્યાં વર્ષમાં કરવામાં આવી.?

(A) 1919 (B) 1916 (C) 1917 (D)1918

4. લાયબ્રેરી એસોસીએશનની સ્થાપના ક્યા વર્ષમાં થઇ ?

(A) 1875 (B) 1876 (C) 1874 (D)1877

5. 'બ્રિટીશ લાયબ્રેરી'ની સ્થાપના ક્યાં વર્ષમાં થઇ ?

(A) 1974 (B) 1970 (C) 1977 (D)1973

6. 'ગ્રંથાલયોના બાગ' નું બિરુદ ક્યા દેશને મળ્યું છે.?

(A) UK (B) UAE (C) USA (D)USSR

7. 'લાયબ્રેરી ઓફ કોંગ્રેસ'ની સ્થાપના ક્યાં વર્ષમાં થઇ?

(A) 1820 (B) 1801 (C) 1800 (D)1810

8. દિલ્હીમાં ઈમ્પિરિયલ લાયબ્રેરીની સ્થાપના ક્યારે થઇ ?

(A) મુસ્લિમ સલ્તનત (B) ખિલજી સલ્તનત

(C) એક પણ નહીં (D)મુઘલ સલ્તનત

9. 'સરસ્વતી મહાલ' ગ્રંથાલય ક્યાં આવ્યું.?

(A) મદ્રાસ (B) મિથિલા (C) તાંજોર (D)ઉજ્જૈન

10. કલકત્તામાં રોયલ એશિયાટીક સોસાયટીની સ્થાપના ક્યા વર્ષમાં થઈ.?

(A) 1784 (B) 1770 (C) 1715 (D) 1787

11. કલકત્તા પબ્લિક લાયબ્રેરી ક્યા વર્ષમાં સ્થપાઈ ?

(A) 1830 (B) 1835 (C) 1833 (D) 1834

12. ઇન્ડિયન લાયબ્રેરી એસોસિએશનની સ્થાપના વર્ષ ?

(A) 1931 (B) 1932 (C) 1933 (D) 1934

13. 'દિલ્હી પબ્લિક લાયબ્રેરી'ની સ્થાપના ક્યાં વર્ષમાં થઇ.?

(A) 1951 (B) 1948 (C) 1949 (D)1950

14. ભારતીય રાષ્ટ્રીય ગ્રંથાલય ક્યાં આવ્યું.?

(A) દિલ્હી (B)મુંબઈ (C) નવી દિલ્હી (D)કલકત્તા

15. 'ગુજરાત સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમ ક્યાં વર્ષમાં મંજુર થયું.?

(A) 2001 (B) 2005 (C) 2011 (D)2003

---

(1-B),(2–A),(3–B),(4–B),(5-D),(6-D),(7-C),

(8-B),(9-C), (10-A),(11-B),(12-C),(13–A),(14 –D),

(15 – A)

## 12.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. ગ્રેટ બ્રિટનમાં 1850 ના ગ્રંથાલયધારા દ્વારા મિલકતની આકારયેલી કુલ કિંમત ઉપર દર પાઉન્ડ ½ પેનીના દરથી 'લેવી'ની જોગવાઈ કરવામાં આવી. જો કે વાચનસામગ્રી માટે ખર્ચ કરવાની જોગવાઈ આ ધારામાં ન હતી.
2. 'પબ્લિક લાયબ્રેરી એન્ડ મ્યુઝિયમ એક્ટ' દ્વારા ગ્રંથાલયોને 'મિનિસ્ટર ઓફ એજ્યુકેશન એન્ડ સાયન્સ' નીચે મુકવામાં આવ્યા. આ રીતે ગ્રંથાલય અને શિક્ષણ વચ્ચેનો નાતો સ્પષ્ટ કરવામાં આવ્યો. તેમજ આંતર ગ્રંથાલય સહકારને ઉત્તેજન આપવામાં આવ્યું.
3. 'ગ્રંથાલયોના બાગ' નું બિરુદ પામેલ અમેરિકા સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિએ નેતૃત્વ કરી રહી છે. 'ફાર્મિંગટન પ્લાન'જેવી યોજનાઓ થાકી અમેરિકાના ગ્રંથાલયો આજે વિશ્વના તમામ દેશોના ,તમામ ભાષાના અને તમામ વિષયના મહત્વના

પ્રકાશનો ધરાવતાં થયાં છે. ઈ.સ.1800 માં અસ્તિત્વમાં આવેલ ‘લાયબ્રેરી ઓફ કોંગ્રેસ’ વિશ્વનું મોટામાં મોટું ગ્રંથાલય છે. તેની વાચનસામગ્રીની સંખ્યા 12 કરોડથી વધુ છે.

4. ગ્રંથસ્વામીત્વનો કાયદો 1867 માં અમલમાં આવ્યો. જે અનુસાર દરેક પ્રકાશન ઉપર મુદ્રક અને પ્રકાશકનું નામ તથા સરનામું છાપવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું, તેમજ પ્રકાશનની 3 નકલ સરકારને વેચાણ સુધારા અન્વયે આ નકલો વિનામૂલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું.
5. સિંહા સમિતિની મુખ્ય ભલામણો આ મુજબ છે.
   (1) ગ્રંથાલય સેવા નિઃ શુલ્ક બનાવવી.
   (2) સુદૃઢ ગ્રંથાલય પદ્ધતિની રચના કરવી.
   (3) ગ્રંથાલય સહકાર કેળવવો.
   (4) ગ્રંથાલયના વિકાસ માટે લાંબાગાળાનું આયોજન કરવું.
6. ભૂતપૂર્વ વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિની મહત્વની લાક્ષણિકતાઓ આ મુજબ છે.
   (1) રાજ્યમાં સ્વતંત્ર ગ્રંથાલય ખાતાની રચના કરવામાં આવી.
   (2) વડોદરામાં ગ્લાસ ફલોરિંગ ધરાવતા ગ્રંથભંડાર સાથેની ટી(T) આકારનું ગ્રંથાલય ભવન રચવામાં આવ્યું.
   (3) સાર્વજનિક ગ્રંથાલયસેવા નિઃશુલ્ક બનાવવામાં આવી.
   (4) 1911 થી ‘ગ્રંથપાલ તાલીમ વર્ગો’ શરુ કરવામાં આવ્યા.
   (5) ‘લાયબ્રેરી મિશેલની ‘નામક સામયિક એક સાથે ત્રણ ભાષામાં (અંગ્રેજી,ગુજરાતી અને મરાઠી)શરૂ કરવામાં આવ્યું.(1912 -1917)
   (6) ગુજરાતી મૂળાક્ષરોના અંકન સાથેની ‘બોર્ડન વર્ગીકરણ પદ્ધતિની રચના કરવામાં આવી.
   (7) ‘ગ્રામ ગ્રંથાલયો’ અને ‘ ફરતાં પુસ્તકાલયો’ પરત્વે વિશેષ લક્ષ આપવામાં આવ્યું.

## 12.9 ચાવીરૂપ શબ્દો

- **આયોજન (Planning) :** કોઈ કાર્ય કરવા માટેની વ્યવસ્થિતપણે નિશ્ચિત થયેલ પદ્ધતિ , યોજના, રૂપરેખા વગેરે.

- **કાર્યક્રમ (Programme) :** કોઈ કાર્ય પદ્ધતિને કાર્યાન્વિત કરવા માટે અપનાવવામાં આવેલી નિર્ધારિત ગતિવિધિ
- **ગ્રંથાલયકર (Library Cess)** : સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના , નિભાવ અને વિકાસ માટે જે તે વેરાઓ ઉપર સરચાર્જ સ્વરૂપ વસુલવામાં આવતો કર કે ઉપકર
- **ગ્રંથાલય ધારો (Library Legislation)** : સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના, નિભાવ અને વિકાસ માટે વૈધાનિક મંજુરી સાથેનો અધિનિયમ
- **સાર્વજનિક ગ્રંથાલય (Public Library)** : એવું ગ્રંથાલય જ્યાં સમાજની વ્યક્તિ માત્ર કોઇપણ ભેદભાવ વગર પ્રવેશી ગ્રંથાલય અને ગ્રંથાલયસેવાનો ઉપયોગ કરવા અધિકૃત હોય, જે લોકોનું , લોકો માટે અને લોકો વડે સંચાલિત હોય.

## 12.10 સંદર્ભો


1) ભૈયા ,છગન.ગ્રંથાલય અને સમાજ . ૪ થી આ .અમદાવાદ : ગૂર્જર , 1993
2) ભૈયા ,છગન. ગ્રંથાલય વ્યવસ્થા અને સંચાલન .૬ આ.અમદાવાદ : ગૂર્જર ,1993
3) ભૈયા ,છગન. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન : પ્રશ્નોત્તરી ,અમદાવાદ : પાર્શ્વ ,2010
4) Bostwick ,Arther B. Public Libraries in United States .Chaicago :ALA
5) India.Ministry of Education and Youth Affairs.Report of Advisory Committe for Libraries.Delhi ;1959
6) India : Ministry of Human Resource Development of Culture. National Policy on Library and Information System : A Presentation .New Delhi ,1986
7) Kaula ,P.N.ed. Library movement in india. Delhi : ILA ,1958
8) Kent ,Allen (et.al.) Encyclopedia of Library and Information Science.V45 –New York : Dekkar.
9) Ranganathan ,S.R.Public Library System etc. Benglore : SR , 1972

# યુનિટ-13 સાર્વજનિક ગ્રંથાલયની સ્થિતિ: ભારત, UK , USA, અને કેનેડાના પરિપ્રેક્ષ્યમાં

:: રૂપરેખા ::

**13.0** ઉદ્દેશો **(Objectives)**

**13.1** પ્રસ્તાવના **(Introduction)**

**13.2** જાહેર ગ્રંથાલય ભારતના પરિપ્રેક્ષમાં વિકાસ

**13.2.1** પ્રાચીન સમયગાળો (1200 AD)

**13.2.2** મધ્યકાલીન સમયગાળો (1200-1757)

**13.2.3** સ્વતંત્રતા પછીનો સમયગાળો (1947 પછી)

**13.2.4 RRRLF** નો જાહેર ગ્રંથાલય માં ફાળો

**13.2.5** ભારતમાં પબ્લિક લાઈબ્રેરીઓનું વર્તમાન સ્થિતિ

**13.2.6** ભારતમાં જાહેર ગ્રંથાલય ના વિકાસ માં સમસ્યા

**13.2.7** કમ્પ્યુટર – ટેકનોલોજી આધારિત સેવાઓ

**13.3** યુકે માં જાહેર ગ્રંથાલય પરિપ્રેક્ષ્ય

**13.3.1** યુકેમાં જાહેર પુસ્તકાલય અધિનિયમોનો વિકાસ

**13.3.2** સંસ્કૃતિ, મીડિયા અને રમતગમત વિભાગની ભૂમિકા **(DCMS)**

**13.3.3**સંગ્રહાલયો, પુસ્તકાલયો અને આર્કાઇવ્ઝ કાઉન્સિલ **(MLA)**

**13.3.4** બ્રિટિશ લાઇબ્રેરી

**13.4 USA** ના જાહેર ગ્રંથાલય પરિપ્રેક્ષ્ય

**13.4.1** યુએસએમાં અધિનિયમો અને જાહેર પુસ્તકાલયો

**13.4.2** પુસ્તકાલય સંગઠનો અને જાહેર પુસ્તકાલયો

**13.5** કેનેડામાં જાહેર ગ્રંથાલય વિકાસ પરિપ્રેક્ષ્ય

**13.6** સારાંશ **(Summary)**

**13.7** તમારી પ્રગતિ ચકાસો

**13.8** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**13.9** ચાવીરૂપ શબ્દો **(Key Words)**

13.10 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

13.11 સંદર્ભો અને વિશેષ વાંચન (References)

## 13.0 ઉદ્દેશો (Objectives)

- સરકારી અને સ્વાયત્ત એજન્સીઓ, બિન-સરકારીના યોગદાનને સમજવા માટે;
- ભારતમાં જાહેર પુસ્તકાલયોના પ્રચાર અને વિકાસમાં સંસ્થાઓ (એનજીઓ) અને કોર્પોરેટ યોગદાન;
- યુકેમાં જાહેર પુસ્તકાલયોની પ્રણાલીના વિકાસ અને પ્રચારમાં વિવિધ એજન્સીઓની ભૂમિકાને સમજવા માટે;
- યુકેમાં જાહેર પુસ્તકાલયોના સંચાલનને જાણવા માટે;
- યુએસએમાં જાહેર પુસ્તકાલયોના પ્રચારમાં પુસ્તકાલય સંગઠનોની ભૂમિકાની માહિતી લેવી;
- કેનેડામાં જાહેર પુસ્તકાલયોના પ્રચારમાં પુસ્તકાલય સંગઠનોની ભૂમિકાની માહિતી લેવી;
- કેનેડામાં જાહેર પુસ્તકાલયોનું સંચાલન માહિતી લેવી;

## 13.1 પ્રસ્તાવના (Introduction)

જાહેર પુસ્તકાલયોએ ભારતમાં શિક્ષણ અને સાક્ષરતાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જેઓ પુસ્તકો અથવા ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકતા નથી તેમના માટે આ સંસ્થાઓ ઘણીવાર માહિતીનો એકમાત્ર સ્રોત છે. ભારતમાં જાહેર પુસ્તકાલયો તેમના સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના જીવનના તમામ ક્ષેત્રોના લોકોને પુસ્તકો, સામયિકો અને અન્ય શિક્ષણ સંસાધનોની ઍક્સેસ પ્રદાન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

ભારત સરકારે દેશના સામાજિક-આર્થિક વિકાસમાં સાર્વજનિક પુસ્તકાલયોના મહત્વને ઓળખ્યું છે અને તેમની માળખાકીય સુવિધાઓ અને સેવાઓને સુધારવા માટે ઘણી પહેલ કરી છે. સરકારના પુસ્તકાલયો પરના રાષ્ટ્રીય મિશનનો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં જાહેર પુસ્તકાલયોને આધુનિક અને પુનઃજીવિત કરવાનો, વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને ડિજિટલ સંસાધનોની ઍક્સેસ પ્રદાન કરવાનો છે. આ પહેલ પુસ્તકાલયોના ભૌતિક માળખામાં સુધારો કરવા, પુસ્તકો અને અન્ય સામગ્રીઓની સંખ્યામાં વધારો કરવા અને ગ્રંથપાલોને તાલીમ અને સહાય પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પહેલો ના અમલીકરણ સાથે, ભારતમાં જાહેર પુસ્તકાલયો શિક્ષણ, સાક્ષરતા અને આજીવન શિક્ષણને પ્રોત્સાહન આપવામાં વધુ નોંધપાત્ર ભૂમિકા ભજવવા માટે સારી સ્થિતિમાં છે.

## 13.2 જાહેર ગ્રંથાલય ભારત ના પરિપ્રેક્ષમાં વિકાસ

માનવ સભ્યતાએ વિકાસના ઘણા તબક્કાઓ જોયા છે, જેમ કે: કૃષિ સમાજ, ઔદ્યોગિક સમાજ, માહિતી સમાજ, જ્ઞાન સમાજ અને શિક્ષણ સમાજ. દરેક તબક્કામાં, માહિતી અને જ્ઞાને જીવનના તમામ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હવે એવું અનુભવાય છે અને દૃઢ પણે માનવામાં આવે છે કે માહિતી અને જ્ઞાન એ લોકોના સામાજિક-આર્થિક વિકાસ માટે મૂળભૂત સ્રોત છે. જેમ કે સમાજ કુદરતી સંસાધનોના લોકશાહીકરણ અથવા કુદરતી સંસાધનોના સમાન વિતરણમાં અનુભવે છે અને માને છે, માહિતી અને જ્ઞાનને પણ કુદરતી સંસાધન તરીકે ગણવામાં આવે છે. આથી, દરેકને માહિતીની મફત અને ખુલ્લી પહોંચનો વિચાર આવ્યો અને ધીમે ધીમે તેને નાગરિક સમાજના દરેક ખૂણેથી સમર્થન અને તરફેણ મળી રહી છે. માહિતીને સમાજના સર્વસમાવેશક અને હોર્મોનલ વિકાસ માટેનું શસ્ત્ર માનવામાં આવે છે.

ભારતમાં, પુસ્તકાલયો હંમેશા શિક્ષણ પ્રણાલી અને સામાજિક જીવનનો અભિન્ન ભાગ રહ્યા છે. આ પ્રકરણમાં સાર્વજનિક પુસ્તકાલય ની સ્થિતિને જુદા જુદા સમયગાળા દરમિયાન દર્શાવવામાં આવી છે.

### 13.2.1 પ્રાચીન સમયગાળો (1200 AD)

પ્રાચીન ભારતમાં, સમાજમાં મૌખિક શિક્ષણ પ્રથા પ્રચલિત હતી, શિક્ષણ આપવા માટે ગુરુકુળ પદ્ધતિ પ્રચલિત હતી.

ભૂતકાળમાં ભારતમાં શિક્ષણની પ્રખ્યાત બેઠકો નીચે મુજબ હતી:

- તક્ષશિલા : એક પ્રાચીન હિન્દુ અને બૌદ્ધ શિક્ષણ કેન્દ્ર. પ્રખ્યાત મહાન ભારતીય વિદ્વાન ચાણક્ય આ શિક્ષણ કેન્દ્ર સાથે સંકળાયેલા હતા.
- નાલંદા (પટના નજીક, બિહાર), તે એક પ્રખ્યાત બૌદ્ધ શિક્ષણ કેન્દ્ર હતું. આ લર્નિંગ સેન્ટરમાં 'ધરમગંજ' તરીકે ઓળખાતું એક ભવ્ય પુસ્તકાલય સંકુલ હતું, જેમાં ત્રણ મોટી બહુમાળી ઇમારતો હતી અને તેને રત્નસાગર (ઝવેરાતનો મહાસાગર), રત્નોદધિ (રત્નોનો સમુદ્ર) અને રત્નરંજક (રત્નથી શણગારેલ) નામ આપવામાં આવ્યું હતું. રત્નોદધિ નવ માળની ઊંચી હતી અને તેમાં સૌથી પવિત્ર હસ્તપ્રતો રાખવામાં આવી હતી.
- વિક્રમશિલા (ભાગલપુર, બિહાર પાસે)માં પણ આઠમી સદીમાં એક ભવ્ય પુસ્તકાલય હતું.
- ઓદંતપુરી (કદાચ બિહાર શરીફની નજીક) પણ એક શિક્ષણ કેન્દ્ર હતું અને એક પુસ્તકાલય હતું.
- સોમાપુરી (ઉત્તર બંગાળ)માં પણ સારી પુસ્તકાલય હતી.
- જગ્ગાદલ (ઉત્તર બંગાળ) એ હસ્તપ્રતોના શિક્ષણ, લેખન અને અનુવાદમાં રોકાયેલ યુનિવર્સિટી હતી. લર્નિંગ સેન્ટરમાં સારી લાઇબ્રેરી હતી. શિક્ષણના અન્ય સ્થળો હતા: મિથિલા, વલ્લભી, કાન્હેરી વગેરે.

### 13.2.2 મધ્યકાલીન સમયગાળો (1200-1757)

મધ્યકાલીન સમયગાળા દરમિયાન કેટલાક સમ્રાટો/શાસકો, મંદિરો, બૌદ્ધ વિહારો, જૈન મંદિરો અને મદરસાઓમાં પુસ્તકાલયો હોવાનું કહેવાય છે. આ પુસ્તકાલયો સામાન્ય લોકો માટે ખુલ્લી ન હતી. માત્ર શાસક વર્ગના સભ્યો, શિક્ષણવિદો અને અમુક પસંદગીના લોકોને જ તેનો ઉપયોગ કરવાની છૂટ હતી.

**બ્રિટિશ સમય (1757-1947)**

જાહેર ગ્રંથાલય ની વિભાવના પશ્ચિમી વિશ્વમાં તેના મૂળિયા ધરાવે છે. બ્રિટિશ શાસકો અને વહીવટી માણસો સાથે જાહેર પુસ્તકાલયનો વિચાર પણ ભારતમાં ઉદ્ભવ્યો અને વિકસ્યો. આ સમયગાળાની કેટલીક મહત્વપૂર્ણ લાઇબ્રેરી પહેલ હતી:

1808માં બોમ્બે સરકારે (હવે મુંબઈ) નાણાકીય અનુદાન માટે પુસ્તકાલયોની નોંધણી કરવાની દરખાસ્ત શરૂ કરી. આ પુસ્તકાલયોને "ફંડો"માંથી પ્રકાશિત વાંચન સામગ્રીની મફત નકલો પ્રાપ્ત કરવાની હતી

“સાહિત્યનું પ્રોત્સાહન.” આ પગલું આધુનિક ભારતમાં પુસ્તકાલય ચળવળ તરફનું પ્રથમ પગલું હતું.

આ સમયગાળા દરમિયાન, રજવાડાઓની પુસ્તકાલયોમાં પુસ્તકો અને અન્ય સામગ્રીનો સારો સંગ્રહ હતો. મહત્વપૂર્ણ પુસ્તકાલયોમાં શામેલ છે:

- રામપુર ખાતે રામપુર રઝા પુસ્તકાલય
- મહારાજા સરફોજી (1798-1833)ની તંજાવુર ખાતેની સરસ્વતી મહેલ પુસ્તકાલય
- હૈદરાબાદ ખાતે સફદર જંગ સંગ્રહ
- પટના ખાતે ખુદા બક્ષ ઓરિએન્ટલ લાયબ્રેરી
- કલકત્તા ખાતે બુહાર પુસ્તકાલય

દેશના વિવિધ ભાગોમાં રજવાડાઓ, અંગ્રેજો, ધાર્મિક સંસ્થાઓ અને અન્ય પ્રભાવશાળી વ્યક્તિઓ દ્વારા જાહેર પુસ્તકાલયોની સ્થાપના કરવામાં આવી હતી. કેટલીક જાહેર ગ્રંથાલય ની નીચે પ્રમાણે છે.

- 1835 માં કલકત્તા પબ્લિક લાયબ્રેરી. ભારતમાં જાહેર પુસ્તકાલય ચળવળના ઇતિહાસમાં તે એક સીમાચિહ્નરૂપ વિકાસ હતો. 1948માં તે નેશનલ લાઈબ્રેરી બની. જોન મેકફાર્લેન ઈમ્પીરીયલ લાઈબ્રેરીના પ્રથમ લાઈબ્રેરીયન હતા.
- 1850માં અમદાવાદમાં મૂળ પુસ્તકાલય
- 1850માં સુરત ખાતે એન્ડ્રુઝ લાયબ્રેરી.

- મહારાજા તુકોજી રાવ હોલકર II દ્વારા 1854 માં સ્થાપવામાં આવેલી ઇન્દોર જનરલ લાઇબ્રેરી,
- બ્રોચ ખાતે રાયચંદ દીપચંદ પુસ્તકાલય, 1855
- રાજકોટ ખાતે લેંગ લાયબ્રેરી, 1856
- મદ્રાસ ખાતે કોનેમારા પબ્લિક લાઇબ્રેરીની શરૂઆત 1860માં નાના મ્યુઝિયમ તરીકે કરવામાં આવી હતી.
- દિલ્હી ખાતે સંસ્થા પુસ્તકાલય 1862 (હવે હરદયાલ મ્યુનિસિપલ પબ્લિક લાયબ્રેરી)
- ગોધરા ખાતે સ્ટુઅર્ટ લાઇબ્રેરી, 1866
- જૂનાગઢ ખાતે સરકારી પુસ્તકાલય, 1867
- રાજકોટ ખાતે ટાઉન લાખાજીરાજ પુસ્તકાલય, 1868
- અમદાવાદમાં અપ્પારો ભોલાનાથ પુસ્તકાલય, 1870
- પટના ખાતે ખુદા બક્ષ ઓરિએન્ટલ લાયબ્રેરી, 1876. 1891માં જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. તેની પાસે પ્રાચ્ય હસ્તપ્રતો પરનો સૌથી ધનાઢ્ય સંગ્રહ છે.
- ચેન્નાઈ ખાતે અદ્યાર લાઈબ્રેરી, 1876. લાઈબ્રેરી 28 ડિસેમ્બર, 1886ના રોજ જાહેર જનતા માટે ખોલવામાં આવી હતી.
- મહુવા ખાતે મહુવા પુસ્તકાલય,1877
- ભાવનગર ખાતે બાર્ટન લાયબ્રેરી, 1882
- ગોંડલ ખાતે ભગવતસિંહજી પુસ્તકાલય, 1884
- વાંકાનેર ખાતે વિક્ટોરિયા જ્યુબિલી લાઇબ્રેરી, 1891.
- નડિયાદ ખાતે દહી લક્ષ્મી પુસ્તકાલય, 1892
- બોડ ખાતે તિખ્તસિંહજી પુસ્તકાલય 1892
- જલાલપોર ખાતે વિક્ટોરિયા ડાયમંડ જ્યુબિલી લાઇબ્રેરી, 1897.
- પંજાબ પબ્લિક લાઇબ્રેરીની સ્થાપના 1900માં કરવામાં આવી હતી. તે પંજાબમાં પ્રથમ કેન્દ્રીય પુસ્તકાલય હતું.

બરોડાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ-III (1862-1939), તેમના રાજ્યમાં જાહેર પુસ્તકાલય વ્યવસ્થાને પ્રોત્સાહન આપ્યું.તેમણે માંડવી, બરોડા ખાતે કેન્દ્રીય પુસ્તકાલય સહિત જાહેર પુસ્તકાલયોની સંપૂર્ણ વ્યવસ્થા સ્થાપી.લગભગ 800 શાખા પુસ્તકાલયો અને મોબાઈલ લાઈબ્રેરીઓ. તેમણે 1910માં શ્રી વિલિયમ એલન્સન બોર્ડેન (એક

અમેરિકન ગ્રંથપાલ)ને રાજ્યમાં મફત જાહેર પુસ્તકાલય પ્રણાલી દાખલ કરવા આમંત્રણ આપ્યું.

**13.2.3 સ્વતંત્રતા પછીનો સમયગાળો (1947 પછી)**

સ્વતંત્રતા પછીના યુગમાં, ભારત સરકાર અને ભારતમાં જાહેર પુસ્તકાલયોના વિકાસમાં જોડાયેલી અન્ય એજન્સીઓએ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સંખ્યાબંધ પુસ્તકાલયોની સ્થાપના કરી છે. 1951માં યુનેસ્કોની મદદથી દિલ્હી પબ્લિક લાઇબ્રેરીની સ્થાપના કરવામાં આવી હતી. 1955માં કોલકાતા ખાતે સેન્ટ્રલ રેફરન્સ લાઇબ્રેરીની સ્થાપના કરવામાં આવી હતી. પુસ્તકોની ડિલિવરી એક્ટ 1954માં ઘડવામાં આવ્યો હતો. 1956માં અખબારો અને સામયિકોનો સમાવેશ કરવા માટે તેમાં વધુ સુધારો કરવામાં આવ્યો હતો.

આ સમયગાળા દરમિયાન વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ રાજ્ય કેન્દ્રીય પુસ્તકાલયોનો વિકાસ કર્યો છે. થોડાની યાદી પુસ્તકાલયો નીચે આપેલ છે

- હરેકૃષ્ણ મહતાબ સ્ટેટ લાયબ્રેરી, ઓરિસ્સા
- કેરળની સ્ટેટ સેન્ટ્રલ લાઇબ્રેરી (ત્રિવેન્દ્રમ પબ્લિક લાઇબ્રેરી)
- સ્ટેટ સેન્ટ્રલ લાઇબ્રેરી, બેંગ્લોર (કર્ણાટક)
- સ્વામી વિવેકાનંદ પુસ્તકાલય, ભોપાલ
- ટી.એસ. સેન્ટ્રલ સ્ટેટ લાઇબ્રેરી, ચંદીગઢ
- અન્ના સેન્ટેનરી લાઇબ્રેરી (ACL), ચેન્નાઈ

**13.2.4 RRRLF નો જાહેર ગ્રંથાલય માં ફાળો**

સાર્વજનિક પુસ્તકાલય ચળવળને પ્રોત્સાહન આપવા અને સમર્થન આપવા અને પુસ્તકાલય ચળવળને પાયાના સ્તરે લઈ જવા માટે ભારત સરકાર દ્વારા વર્ષ 1972માં નોડલ એજન્સી તરીકે રાજા રામમોહન રોય લાયબ્રેરી ફાઉન્ડેશનની રચના એ સરકાર દ્વારા અપનાવવામાં આવેલ નવીનતમ પગલું છે. માટે

દેશમાં જાહેર પુસ્તકાલય સેવાઓ પૂરી પાડે છે. ફાઉન્ડેશને આ ઉમદા કાર્ય કરવા માટે પોતાને સમર્પિત કર્યું છે અને "બુક્સ ધ

મિલિયન્સ એટ ઘેર ડોરસ્ટેપ્સ" ના સૂત્ર સાથે, મેચિંગ અને નોન-મેચિંગ સહાયની ઘણી યોજનાઓના સંચાલન કરવામાં આવે છે.

### 13.2.5 ભારતમાં પબ્લિક લાઈબ્રેરીઓનું વર્તમાન સ્થિતિ

સિંહા કમિટીના અહેવાલ (1959) મુજબ માર્ચ 1954માં ભારતમાં 32,000 પુસ્તકાલયો હતા. યુનેસ્કોના ડેટા મુજબ 1974માં ભારતમાં 28000 પુસ્તકાલયો હતા. “ભારતમાં જાહેર પુસ્તકાલયોની ડિરેક્ટરી” 1986માં RRRLF દ્વારા પ્રકાશિત 6149 પુસ્તકાલયોની યાદી આપે છે. આ પુસ્તકાલયોને ફાઉન્ડેશન તરફથી આર્થિક સહાય મળતી હતી. નેશનલ નોલેજ કમિશને પણ પુસ્તકાલયોની વસ્તી ગણતરીની જરૂરિયાત વ્યક્ત કરી છે, કમિશનનો અંદાજ છે કે ભારતમાં 54,000 પુસ્તકાલયો છે ડો. આર. રામાસામી તેમના સર્વેક્ષણમાં જણાવે છે કે 68,947 જાહેર પુસ્તકાલયો હતા. તેમના મતે ભારતમાં રાજ્યની જાહેર પુસ્તકાલયોની હાલની સ્થિતિ નીચે મુજબ છે.

| **રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશો** | | | |
|---|---|---|---|
| આંદામાન અને નિકોબાર | 33 | લક્ષદ્વીપ | 10 |
| આંધ્ર પ્રદેશ | 4,447 | મધ્યપ્રદેશ અને છત્તીસગઢ | 16,045 |
| અરુણાચલ પ્રદેશ | 83 | મહારાષ્ટ્ર | 6,640 |
| આસામી | 348 | મણિપુર | 127 |
| બિહાર અને ઝારખંડ | 4,566 | મેઘાલય | 5 |
| ચંડીગઢ | 9 | મિઝોરમ | 347 |
| દાદરા અને નગર હવેલી | 10 | નાગાલેન્ડ | 347 |

| | | | |
|---|---|---|---|
| દમણ અને દીવ | 2 | ઓરિસ્સા | 3,533 |
| નવી દિલ્હી | 105 | પોંડિચેરી | 74 |
| ગોવા | 131 | પંજાબ | 1,147 |
| ગુજરાત | 7,700 | રાજસ્થાન | 2,584 |
| હરિયાણા | 51 | સિક્કિમ | 4 |
| હિમાચલ પ્રદેશ | 460 | તમિલનાડુ | 2,743 |
| જમ્મુ અને કાશ્મીર | 85 | ત્રિપુરા | 45 |
| કર્ણાટક | 4,215 | ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ અને | 59 |
| કેરળ | 5,800 | પશ્ચિમ બંગાળ | 5,647 |

### 13.2.6 ભારત માં જાહેર ગ્રંથાલય ના વિકાસ માં સમસ્યા

ભારતીય સંદર્ભમાં સાર્વજનિક પુસ્તકાલયોની સ્થિતિ વિવિધ પરિમાણો ધરાવે છે. આ નીચેની લીટીઓ દ્વારા નક્કી કરી શકાય છે:

- જાહેર પુસ્તકાલયો રાજ્યનો વિષય છે (સહવર્તી સૂચિ)
- કેન્દ્ર અને રાજ્યો અલગ અલગ રીતે વ્યવહાર કરે છે.
- માત્ર 19 રાજ્યોએ સાર્વજનિક પુસ્તકાલય અધિનિયમ ઘડ્યો છે.
- જાહેર પુસ્તકાલય ના અધિનિયમ ની અરજી પણ રાજ્ય-રાજ્યમાં અલગ-અલગ હોય છે.

## 13.3 યુ.કે.માં જાહેર ગ્રંથાલય પરિપ્રેક્ષ્ય

યુ.કે.માં જાહેર પુસ્તકાલયની સ્થિતિનું વર્ણન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સાર્વજનિક પુસ્તકાલયો જ્ઞાન, સામાજિક ક્રિયાપ્રતિક્રિયા અને બૌદ્ધિક ઉત્તેજન મેળવવા માટેનું સામાન્ય સ્થળ છે. માનવ ઇતિહાસમાં સામાજિક-આર્થિક વિકાસની પરિપક્વતા સાથે, એવું લાગ્યું કે જ્ઞાન, ખાસ કરીને જાહેર જ્ઞાન એ સામાન્ય સંસાધન છે, અને તેથી તે જાતિ, સંપ્રદાય અથવા આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાજના તમામ સભ્યો માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ. કોઈપણ પ્રકારના વિકાસ માટે જ્ઞાનને મૂળભૂત સાધન ગણવામાં આવે છે. યુકેમાં પણ પબ્લિક લાયબ્રેરી એક્ટ 1850 ના અમલ સાથે જ્ઞાનની મફત ઍક્સેસનો વિચાર મજબૂત બન્યો. આ અધિનિયમે યુકેમાં સત્તાવાર રીતે જાહેર પુસ્તકાલયોની રજૂઆત કરી. તેના 162 વર્ષના ઈતિહાસ દરમિયાન આ પબ્લિક લાઈબ્રેરી એક્ટમાં અનેક સુધારા કરવામાં આવ્યા છે. બ્રિટિશ પબ્લિક લાઈબ્રેરી એક્ટ 1972, પબ્લિક લેન્ડિંગ રાઈટ એક્ટ 1979, લીગલ ડિપોઝીટ લાઈબ્રેરી એક્ટ 2003 અને લીગલ ડિપોઝીટ લાઈબ્રેરી (નોન પ્રિન્ટ વર્ક્સ) રેગ્યુલેશન્સ 2013 તેમાંના નવીનતમ છે.

યુ.કે.માં સદીઓથી સાર્વજનિક પુસ્તકાલયો અસ્તિત્વમાં છે અને ત્યાંના લોકો આ જાહેર સંસ્થાઓનો આનંદ માણી રહ્યા છે અને પોતાને સમૃદ્ધ બનાવી રહ્યા છે. તે 17મી સદીમાં હતું કે રાજ્યમાં ઘણી નોંધપાત્ર જાહેર પુસ્તકાલયોની સ્થાપના કરવામાં આવી હતી જેમ કે સેન્ટ વુલ્ફ્રામ ચર્ચની ફ્રાન્સિસ ટ્રિગ ચેઇન લાઇબ્રેરી, ગ્રાન્થમ લિંકનશાયર (1558માં સ્થપાયેલ), નોર્વિચ સિટી લાઇબ્રેરી (1608માં), બોડલિયન લાઇબ્રેરી, ચેથમ્સ લાઇબ્રેરી. 1653માં ખોલવામાં આવેલ), ઇપ્સવિચ (1612), બ્રિસ્ટોલ (1613માં સ્થપાયેલ). અગાઉ જો કે આમાંની મોટાભાગની લાયબ્રેરીઓ સામાન્ય લોકો માટે ખુલ્લી ન હતી પરંતુ સાર્વજનિક પુસ્તકાલયોનો ખ્યાલ આવી ગયો હતો.

તે 17મી સદીમાં પણ હતું કે જાહેર પુસ્તકાલયોની પ્રકૃતિ બંધ પેરોકિયલ લાઈબ્રેરીઓ માંથી ધિરાણ આપતી લાઈબ્રેરીઓમાં બદલાઈ ગઈ હતી. અગાઉ પુસ્તકાલયો બંધ પુસ્તકાલયો હતી અને મર્યાદિત

વપરાશકર્તાઓને પુસ્તકાલયોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી અને પુસ્તકોને ડેસ્ક સાથે સાંકળી લેવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય પુસ્તકાલય પણ લોકો માટે ખુલ્લું ન હતું. ઓપન અને ફ્રી એક્સેસનો ખ્યાલ નહોતો. માત્ર થોડીક લાઇબ્રેરીઓ જ લોકોને મફત એક્સેસ આપી રહી હતી, જેમ કે ચેથમની લાઇબ્રેરીની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો. 1790 માં, સ્ટીવન ફિશરે નોંધ્યું હતું કે, ત્યાં લગભગ ૬૦૦ પુસ્તકાલયો હતા.

### 13.3.1 યુ.કે.માં જાહેર પુસ્તકાલય અધિનિયમોનો વિકાસ

સાર્વજનિક પુસ્તકાલયો માહિતી અને જ્ઞાનના મહાન સ્ત્રોત છે. યુકે, વિશ્વની અગ્રણી શક્તિ અને અગ્રણી બૌદ્ધિક કેન્દ્ર, સ્વાભાવિક રીતે જાહેર પુસ્તકાલયોનું પણ આશ્રયદાતા હતું. યુકેમાં, જાહેર પુસ્તકાલયો લાંબા સમયથી નાગરિક જીવનનો એક ભાગ છે. યુકે પહેલો દેશ હતો, જેણે જાહેર પુસ્તકાલયોની સ્થાપના અને વિકાસ માટે કાનૂની વ્યવસ્થા રજૂ કરી હતી. તેઓ સાર્વજનિક પુસ્તકાલયોમાં મફત પ્રવેશની કલ્પના કરનાર પણ પ્રથમ હતા.

| **યુકેમાં જાહેર પુસ્તકાલય ને લગતા કાયદા અને નિયમો ની ઘટનાક્રમ** | |
|---|---|
| 1850 | સાર્વજનિક પુસ્તકાલય અધિનિયમ |
| 1853 | સ્કોટલેન્ડ સુધી વિસ્તૃત |
| 1866 and 1867 | સુધારેલ |
| 1887 | Replaced all previous acts |
| 1892 | સાર્વજનિક પુસ્તકાલય અધિનિયમ |
| 1893 | સુધારેલ |

| | |
|---|---|
| 1908 | સાર્વજનિક પુસ્તકાલય અધિનિયમ |
| 1919 | સાર્વજનિક પુસ્તકાલય અધિનિયમ |
| 1964 | જાહેર પુસ્તકાલયો અને સંગ્રહાલય અધિનિયમ |
| 1972 | બ્રિટિશ પબ્લિક લાયબ્રેરી એક્ટ |
| 1979 | જાહેર ધિરાણ અધિકાર અધિનિયમ |
| 2003 | લીગલ ડિપોઝીટ લાયબ્રેરી એક્ટ |
| 2013 | કાનૂની ડિપોઝિટ લાઇબ્રેરીઓ (નોન પ્રિન્ટ વર્ક્સ) નિયમો |

**13.3.2 સંસ્કૃતિ, મીડિયા અને રમતગમત વિભાગની ભૂમિકા (DCMS)**

યુકેમાં જાહેર પુસ્તકાલયોના વિકાસમાં સંસ્કૃતિ, મીડિયા અને રમતગમત વિભાગ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિભાગ ભંડોળની ફાળવણી અને જાહેર પુસ્તકાલયોની સતત વૃદ્ધિ અને ટકાઉપણું સુનિશ્ચિત કરતી નીતિઓની સ્થાપના માટે જવાબદાર છે. નાણાકીય સહાય પૂરી પાડવા ઉપરાંત, વિભાગ સ્થાનિક સમુદાયોની જરૂરિયાતોને સંતોષતા નવીન કાર્યક્રમો અને સેવાઓ વિકસાવવા માટે સ્થાનિક સત્તાવાળાઓ અને પુસ્તકાલય સેવાઓ સાથે નજીકથી કામ કરે છે. આ પ્રયાસોએ જાહેર પુસ્તકાલયોને ગતિશીલ સાંસ્કૃતિક કેન્દ્રોમાં પરિવર્તિત કરવામાં મદદ કરી છે જે શૈક્ષણિક અને મનોરંજન પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણી ઓફર કરે છે. એકંદરે, જાહેર પુસ્તકાલયો યુકેના સાંસ્કૃતિક અને શૈક્ષણિક લેન્ડસ્કેપનો અભિન્ન હિસ્સો બની રહે તે સુનિશ્ચિત કરવામાં સંસ્કૃતિ, મીડિયા અને રમતગમત વિભાગની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

1997માં, ડિપાર્ટમેન્ટ ઓફ નેશનલ હેરિટેજ, જે હવે ડીસીએમએસ તરીકે ઓળખાય છે, તેણે "રીડિંગ ફોર ફ્યુચરઃ એ રીવ્યુ ઓફ પબ્લિક

લાઈબ્રેરીઓ ઇન ઈંગ્લેન્ડ" અહેવાલ પ્રકાશિત કર્યો. આ અહેવાલમાં સાર્વજનિક પુસ્તકાલયોમાં ઇન્ટરનેટ સેવાઓની જોગવાઈની ભલામણ કરવામાં આવી હતી અને એક યોજનાની રજૂઆત તરફ દોરી હતી જેમાં દરેક જાહેર પુસ્તકાલય સત્તાધિકારી 1998 થી DCMSને વાર્ષિક યોજના સબમિટ કરશે. આ યોજનાઓમાં કાર્યક્ષમતા જેવા વિવિધ પ્રદર્શન સૂચકાંકોનો સમાવેશ કરવો જરૂરી હતો. અને ઉપયોગ. DCMS વરિષ્ઠ જાહેર ગ્રંથપાલોને પુસ્તકાલયો પરની સલાહકાર પરિષદમાં વૈધાનિક સલાહકાર તરીકે પણ નિયુક્ત કરે છે, જેની પુનઃ રચના 2003 માં કરવામાં આવી હતી. કાઉન્સિલ પુસ્તકાલયો પર વાર્ષિક અહેવાલ જારી કરે છે અને DCMS યોજના અને વ્યૂહરચના આગળ વધારામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

### 13.3.3 સંગ્રહાલયો, પુસ્તકાલયો અને આર્કાઇવ્ઝ કાઉન્સિલ (MLA)

તેની સ્થાપના 2000 માં પુસ્તકાલય અને માહિતી સેવા પરિષદને સમાવીને કરવામાં આવી હતી. તે DCMS દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. સંગ્રહાલયો, પુસ્તકાલયો અને આર્કાઇવ્ઝ કાઉન્સિલ એ બિન-વિભાગીય જાહેર સંસ્થા છે. DCMS 2010 ના પોલિસી સ્ટેટમેન્ટ મુજબ, £120 મિલિયન નેશનલ લોટરી ફંડનું છેલ્લા દસ વર્ષમાં પીપલ્સ નેટવર્કમાં રોકાણ કરવામાં આવ્યું હતું. યુકેમાં બ્રોડબેન્ડ ઉપયોગ અને સ્ટાફને ટ્રેનિંગ આપવા માટે ધારાસભ્ય દ્વારા ફંડ આપવામાં આવ્યું હતું.

### 13.3.4 બ્રિટિશ લાઇબ્રેરી

બ્રિટિશ લાઇબ્રેરી યુકેની નેશનલ ડિપોઝિટ લાઇબ્રેરી છે. લાઇબ્રેરીની સ્થાપના 1973માં ડેન્ટન રિપોર્ટની ભલામણો અને બ્રિટિશ પબ્લિક લાઇબ્રેરી એક્ટ 1972ના પાસ થવા પર કરવામાં આવી હતી. આ નેશનલ લાઇબ્રેરી ભૂતપૂર્વ બ્રિટિશ મ્યુઝિયમ લાઇબ્રેરી, નેશનલ લેન્ડિંગ લાઇબ્રેરી ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી, નેશનલ સેન્ટ્રલ લાઇબ્રેરી અને બ્રિટિશ નેશનલ ગ્રંથસૂચિને એકીકૃત કરીને રચવામાં આવી હતી. . આ રાષ્ટ્રીય પુસ્તકાલય યુકે સરકારના સંસ્કૃતિ, મીડિયા અને રમતગમત વિભાગ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. આ નેશનલ ડિપોઝિટ લાઇબ્રેરી છે અને તેને કોપીરાઇટ એક્ટ્સ હેઠળ ફાયદો થયો છે. પુસ્તકાલયને મુખ્ય કાર્યકારી અધિકારી હેઠળ છ

ડિરેક્ટોરેટમાં ગોઠવવામાં આવે છે. આ માનવ સંસાધન, સંચાલન અને સેવાઓ, નાણાં અને કોર્પોરેટ સંસાધન, વ્યૂહાત્મક માર્કેટિંગ અને સંચાર, શિષ્યવૃત્તિ અને સંગ્રહો અને ઇલેક્ટ્રોનિક માહિતી સેવાઓના નિર્દેશકો છે. આ પુસ્તકાલયમાં, એક વાચક 57 મિલિયન રેકોર્ડ્સ શોધી શકે છે. તે વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડે છે. આ વિશ્વની સૌથી મોટી પુસ્તકાલયોમાંની એક છે. પુસ્તકાલયમાં 400 ભાષાઓમાં 150 મિલિયનથી વધુ વસ્તુઓ છે. દર વર્ષે ત્રણ મિલિયન વસ્તુઓ ઉમેરવામાં આવે છે.

**યુકેમાં જાહેર પુસ્તકાલયોનું સંચાલન**

યુકેમાં, સ્થાનિક સત્તાવાળાઓ જાહેર પુસ્તકાલયોનું સંચાલન અને દેખરેખ કરે છે. આ તમામ સત્તાધિકારીઓને જાહેર પુસ્તકાલયો અને સંગ્રહાલય અધિનિયમ 1964 દ્વારા સત્તા આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર, યુકે જાહેર પુસ્તકાલયોને સમર્થન અને માર્ગદર્શન આપે છે. ડિપાર્ટમેન્ટ ફોર કલ્ચર, મીડિયા એન્ડ સ્પોર્ટ (DCMS) "આર્ટસ કાઉન્સિલ ઈંગ્લેન્ડ" ને ભંડોળ પૂરું પાડે છે, જે યુકેમાં સ્થાનિક પુસ્તકાલય સેવાઓને સમર્થન પૂરું પાડે છે. ઈંગ્લેન્ડમાં 151 લાઈબ્રેરી ઓથોરિટી છે. 2011 માં આર્ટ કાઉન્સિલે જાહેર પુસ્તકાલયો માટે "પુસ્તકાલયો વિકાસ પહેલ" શરૂ કરી. 2012/13 માં આર્ટસ કાઉન્સિલે એક મોટો સંશોધન પ્રોજેક્ટ હાથ ધર્યો, "ભવિષ્યની લાઇબ્રેરીની કલ્પના કરવી". આ પ્રોજેક્ટ પુસ્તકાલયોના ભવિષ્યને સમજવામાં મદદ કરશે. આર્ટ કાઉન્સિલ જાહેર પુસ્તકાલયોને વધારાની અનુદાન પણ આપે છે.

## 13.4 USA ના જાહેર ગ્રંથાલય પરિપ્રેક્ષ્ય

પ્રારંભિક પ્રયાસ

- યુ.એસ.એ.માં, પુસ્તકોને પ્રેમ કરતા લોકોએ સાર્વજનિક પુસ્તકાલયોની કલ્પના શરૂ કરી. અમેરિકન વસાહતોમાં, લોકોને જાહેર પ્રવેશ આપવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેમ કે:
- 1656 માં, કેપ્ટન રોબર્ટ કીને તેમના પુસ્તકોનો સંગ્રહ તેમના સમુદાયને સોંપ્યો. પુસ્તકો

- બોસ્ટન ટાઉન હોલમાં રાખવામાં આવેલી સોસાયટીની લાઇબ્રેરી તરીકે ગણવામાં આવતી હતી.
- 1698 માં, બોસ્ટનમાં કિંગ ચેપલ લાઇબ્રેરીની સ્થાપના કરવામાં આવી હતી.
- એસ્ટર લાઇબ્રેરીની સ્થાપના 1848 માં ન્યૂયોર્ક ખાતે કરવામાં આવી હતી અને તે યુએસએમાં પ્રથમ જાહેર પુસ્તકાલય હતી.
- લેનોક્સની સ્થાપના 1870 માં થઈ હતી.
- 1895 માં, એસ્ટોર લાઇબ્રેરી અને લેનોક્સ લાઇબ્રેરીને મર્જ કરીને ન્યૂ યોર્ક પબ્લિક લાઇબ્રેરીની રચના કરવામાં આવી હતી.
- ટીલ્ડેન ટ્રસ્ટે પુસ્તકાલય માટે $2.5 મિલિયન આપ્યા.
- 1854 માં, બોસ્ટન પબ્લિક લાઇબ્રેરી ખોલવામાં આવી હતી.
- શરૂઆતના દિવસોમાં, ન્યૂયોર્કે જાહેર પુસ્તકાલયોને ટેકસ વધારવા માટે ભંડોળ સાથે ટેકો આપવાનો નિર્ણય લીધો હતો.
- સ્થાનિક શાળા જિલ્લાઓ દ્વારા. આ સિસ્ટમ નિષ્ફળ ગઈ.
- મેલ્વિલ ડેવી એ ગ્રંથપાલને વ્યવસાય તરીકે વિકસાવવામાં મુખ્ય વ્યક્તિ હતા.
- નોંધનીય છે કે, અમેરિકન ઉદ્યોગપતિ અને પરોપકારી એન્ડ્રુ કાર્નેગીની નાણાકીય સહાયથી સંખ્યાબંધ જાહેર પુસ્તકાલયોની સ્થાપના કરવામાં આવી હતી.
- 20મી સદીમાં, જનરલ ફેડરેશન ઓફ વિમેન્સ ક્લબ (GFWC) એ યુએસએમાં 474 મફત જાહેર પુસ્તકાલયોની સ્થાપના કરી.

**13.4.1 યુએસએમાં અધિનિયમો અને જાહેર પુસ્તકાલયો**

અમેરિકન લાઇબ્રેરી એસોસિએશન (ALA) એ યુએસએમાં લાઇબ્રેરી એક્ટના વિકાસ અને અમલમાં મહત્વની ભૂમિકા ભજવી છે. અમેરિકન લાઇબ્રેરી ટ્રસ્ટી એસોસિએશનના ALA ના ડિવિઝનના પ્રયાસોથી, 1956માં લાઇબ્રેરી સર્વિસિસ એક્ટ ઘડવામાં આવ્યો હતો, જે પછી 1962માં લાઇબ્રેરી સર્વિસિસ એન્ડ કન્સ્ટ્રક્શન એક્ટ (LSCA) લાગુ કરવામાં આવ્યો હતો. આ LSCAને લાઇબ્રેરી સર્વિસિસ એન્ડ ટેક્નોલોજી એક્ટ દ્વારા બદલવામાં આવ્યો હતો. , 1996 (LSTA). આ અધિનિયમ ટેક્નોલોજીકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે ફેડરલ લાઇબ્રેરી ગ્રાન્ટ પ્રોગ્રામ માટે પ્રદાન કરે છે.

### 13.4.2 પુસ્તકાલય સંગઠનો અને જાહેર પુસ્તકાલયો

#### 1. American Library Association (ALA)

અમેરિકન લાઇબ્રેરી એસોસિએશન એ પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનના સૌથી જૂના, સૌથી મોટા અને અગ્રણી વ્યાવસાયિક સંગઠનોમાંનું એક છે. ALA ની સ્થાપના 1876 માં કરવામાં આવી હતી અને સ્થાપક સભ્યો હતા: મેલવિલ ડેવી, ચાર્લ્સ અમ્મી કટર, જસ્ટિન વિન્સર, સેમ્યુઅલ એસ. ગ્રીન, ફ્રેડ બી. પર્કિન્સ, ચાર્લ્સ ઇવાન્સ, થોમસ ડબલ્યુ. બિકનેલ અને જેમ્સ એલ. વ્હીટની. તેનું મુખ્ય મથક શિકાગો ખાતે છે. ALA નો હેતુ 'ગ્રંથાલય સેવા અને ગ્રંથપાલને પ્રોત્સાહન આપવાનો' છે.

ALA એ 1948માં 'એ નેશનલ પ્લાન ફોર પબ્લિક લાઇબ્રેરી સર્વિસ' એક દસ્તાવેજ પ્રકાશિત કર્યો. આ દસ્તાવેજ જાહેર પુસ્તકાલયો માટે નાણાકીય સહાયની હિમાયત કરે છે. ALA એ 1947 અને 1952 વચ્ચે ‘પબ્લિક લાઇબ્રેરી ઇન્ક્વાયરી’નો અભ્યાસ પણ હાથ ધર્યો હતો.

#### 2. પબ્લિક લાઇબ્રેરી એસોસિએશન (PLA)

પબ્લિક લાઇબ્રેરી એસોસિએશનની સ્થાપના 1944માં કરવામાં આવી હતી અને તે અમેરિકન લાઇબ્રેરી એસોસિએશનનો એક વિભાગ છે. PLA ના 9000 થી વધુ સભ્યો છે. PLA યુએસએમાં પબ્લિક લાઇબ્રેરી સ્ટાફ અને સેવાઓના વિકાસમાં સક્રિયપણે રોકાયેલ છે. PLA પાસે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ છે અને તે વિવિધ સમિતિઓ, ટાસ્ક ફોર્સ, સલાહકાર જૂથો અને એવોર્ડ જ્યુરીઓ દ્વારા કામ કરે છે. PLA વિવિધ પ્રકારના કાર્યક્રમો ચલાવે છે, જેમ કે સતત શિક્ષણ, હિમાયત, પ્રકાશનો વગેરે. અમેરિકન લાઇબ્રેરી એસોસિએશન, સ્ટેટ ઑફ અમેરિકા લાઇબ્રેરીઝ, એપ્રિલ 2009 દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા મુજબ, ત્યાં 16,600 જાહેર પુસ્તકાલય સ્થાનો છે અને 25 મિલિયનથી વધુ અમેરિકનો તેનો ઉપયોગ કરે છે. જાહેર પુસ્તકાલયો. લાઇબ્રેરી એસોસિએશનની સ્થાપના 1944માં

કરવામાં આવી હતી અને તે અમેરિકન લાઇબ્રેરી એસોસિએશનનો એક વિભાગ છે. PLA ના 9000 થી વધુ સભ્યો છે. PLA યુએસએમાં પબ્લિક લાઇબ્રેરી સ્ટાફ અને સેવાઓના વિકાસમાં સક્રિયપણે રોકાયેલ છે. PLA પાસે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ છે અને તે વિવિધ સમિતિઓ, ટાસ્ક ફોર્સ, સલાહકાર જૂથો અને એવોર્ડ જ્યુરીઓ દ્વારા કામ કરે છે. PLA વિવિધ પ્રકારના કાર્યક્રમો ચલાવે છે, જેમ કે સતત શિક્ષણ, હિમાયત, પ્રકાશનો વગેરે. અમેરિકન લાઇબ્રેરી એસોસિએશન, સ્ટેટ ઑફ અમેરિકા લાઇબ્રેરીઝ, એપ્રિલ 2009 દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા મુજબ, ત્યાં 16,600 જાહેર પુસ્તકાલય સ્થાનો છે અને 25 મિલિયનથી વધુ અમેરિકનો જાહેર પુસ્તકાલયો ઉપયોગ કરે છે.

PLA પુસ્તકાલય વ્યાવસાયિકોને સન્માનિત કરવા અને સહાય કરવા માટે વિવિધ પુરસ્કારો અને અનુદાન પણ આપે છે. આ છે:

- એલી બેથ માર્ટિન એવોર્ડ
- બેકર અને ટેલર એન્ટરટેઈનમેન્ટ ઑડિયો મ્યુઝિક/વિડિયો પ્રોડક્ટ પુરસ્કાર
- ચાર્લી રોબિન્સન એવોર્ડ
- ડેમ્કો ન્યૂ લીડર્સ ટ્રાવેલ ગ્રાન્ટ
- નાના અને/અથવા ગ્રામીણ જાહેર પુસ્તકાલય પુરસ્કારમાં EBSCO શ્રેષ્ઠતા
- ગોર્ડન એમ. કોનેબલ એવોર્ડ
- પોલારિસ ઇનોવેશન ઇન ટેકનોલોજી જ્હોન આઇઆઇએફ એવોર્ડ
- અમેરિકા લાઇબ્રેરી ગ્રાન્ટના રોમાંસ લેખક
- અપસ્ટાર્ટ ઇનોવેશન એવોર્ડ, અને
- સાર્વજનિક પુસ્તકાલયોની વિશેષતાઓ લેખ સ્પર્ધા

પીએલએ સંવર્ધન માટે પરિષદો, સિમ્પોઝિયમ, વેબિનાર, ઓનલાઈન અભ્યાસક્રમો વગેરેનું આયોજન કરે છે.

વ્યવસાય PLA વિવિધ કાર્યક્રમો દ્વારા ઓનલાઈન શિક્ષણ પ્રદાન કરવામાં સક્રિયપણે સંકળાયેલું છે, જેમ કે: લાઈવ વેબિનાર્સ, ઓન-

ડિમાન્ડ વેબિનાર્સ, ઓનલાઈન કોર્સીસ વર્ચ્યુઅલ કોન્ફરન્સ વગેરે. આ સાધનો શીખનારાઓને ઇન્ટરેક્ટિવ લર્નિંગ ટૂલ અને સ્વાયત્તતા પ્રદાન કરે છે.

**3. અર્બન લાઇબ્રેરી કાઉન્સિલ**

1971માં સ્થપાયેલ અર્બન લાઇબ્રેરી કાઉન્સિલ (યુએલસી) એ યુએસ અને કેનેડામાં અગ્રણી જાહેર પુસ્તકાલય પ્રણાલીઓનું સભ્યપદ એસોસિએશન છે. તે 40 વર્ષથી વધુ સમયથી યુએસ અને કેનેડાના નાગરિકોને સેવા આપી રહ્યું છે. ULC એ 2012 માં એજ અને લર્નિંગ લેબ્સમાં પહેલ કરી, નવી સેવા વિતરણ પ્રણાલીઓ, અને પુસ્તકાલયોના મૂલ્ય માટેના સાધનો તૈયાર કરવા ન ભંડોળ પૂરું પાડે છે. બિલ અને મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન ના પ્રયત્ન ને ભંડોળ પૂરું પાડે છે. ULC જાહેર પુસ્તકાલયોની ભૂમિકાને વિસ્તૃત કરીને અને જાહેર પુસ્તકાલયોની કામગીરીમાં નવીનતાઓ માટે પ્રયત્નશીલ બનીને સમાજના ભલા માટે કામ કરી રહી છે.

**4. પબ્લિક લાઇબ્રેરી ડેટા માટે ફેડરલ સ્ટેટ કોઓપરેટિવ સિસ્ટમ**

આ રાષ્ટ્રીય જાહેર પુસ્તકાલય આંકડાકીય એજન્સી છે જે નેશનલ સેન્ટર ફોર એજ્યુકેશન સ્ટેટિસ્ટિક્સ (NCES), યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, વોશિંગ્ટન, ડીસી હેઠળ કામ કરે છે. 1986 માં શરૂ કરાયેલ, NCES જાહેર પુસ્તકાલય સર્વેક્ષણ કરવા માટે FSCS ને ભંડોળ પૂરું પાડે છે. પબ્લિક લાઈબ્રેરી સર્વેના અમલીકરણ માટે નેશનલ કમિશન ઓન લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ (NCLIS) અને સેન્સસ બ્યુરો આ કાર્યક્રમમાં સહયોગ કરે છે. નોંધનીય છે કે સાર્વજનિક પુસ્તકાલયોના સર્વેક્ષણને હવે ઇન્સ્ટિટ્યૂટ ઓફ મ્યુઝિયમ એન્ડ લાઇબ્રેરી સર્વિસ (IMLS)માં ખસેડવામાં આવ્યું છે.

**5. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મ્યુઝિયમ એન્ડ લાઇબ્રેરી સર્વિસ (IMLS)**

ઇન્સ્ટિટ્યૂટ ઑફ મ્યુઝિયમ એન્ડ લાઇબ્રેરી સર્વિસિસ (IMLS)ની સ્થાપના 1996માં કરવામાં આવી હતી અને તે યુનાઇટેડ સ્ટેટ્સની સ્વતંત્ર એજન્સી છે. આ સંસ્થા રાષ્ટ્રીય સ્તરે કામ કરે છે અને પુસ્તકાલયો અને સંગ્રહાલયોને પ્રોત્સાહન આપે છે. સંસ્થા સંગ્રહાલયો,

પુસ્તકાલયો અને સંસ્થાઓને અનુદાન આપે છે. આ સંસ્થા 1988 થી વાર્ષિક સાર્વજનિક પુસ્તકાલય સર્વેક્ષણ કરે છે. તે યુએસએના 50 રાજ્યોમાં આશરે 17,000 વ્યક્તિગત જાહેર પુસ્તકાલય આઉટલેટ્સ સાથે લગભગ 9000 જાહેર પુસ્તકાલયોમાંથી ડેટા એકત્રિત કરે છે. સંસ્થાએ જાહેર પુસ્તકાલયોને પ્રોત્સાહન આપવા માટે પહેલ અને ભાગીદારી પણ કરી છે. IMLS અમેરિકન મ્યુઝિયમો અને પુસ્તકાલયોને સમુદાયમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે “નેશનલ મેડલ ફોર મ્યુઝિયમ એન્ડ લાઇબ્રેરી સર્વિસ” એવોર્ડ પણ આપે છે.

### 6. ન્યૂ યોર્ક પબ્લિક લાઇબ્રેરી

લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ પછી, ન્યૂ યોર્ક પબ્લિક લાઇબ્રેરી (NYPL) એ યુએસએમાં બીજી સૌથી મોટી જાહેર પુસ્તકાલય અને વિશ્વની ત્રીજી સૌથી મોટી લાઇબ્રેરી છે. NYPL ની સ્થાપના 1895 માં કરવામાં આવી હતી. અત્યારે લાઇબ્રેરીમાં 91 સ્થાનો છે અને તે તેના સંગ્રહો, પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિકની મફત ઍક્સેસ પ્રદાન કરે છે. NYPL 51 મિલિયનથી વધુ વસ્તુઓ ધરાવે છે. લગભગ 18 મિલિયન સમર્થકો વાર્ષિક પુસ્તકાલયની મુલાકાત લે છે. NYPL ઓનલાઈન સેવાઓ પ્રદાન કરે છે અને વપરાશકર્તા આ સેવાઓનો ઉપયોગ કરી શકે છે. તેની લોકપ્રિયતા અને મહત્વ આ હકીકત દ્વારા નક્કી કરી શકાય છે કે પુસ્તકાલયની વેબસાઇટને 200 થી વધુ દેશોમાંથી વાર્ષિક 32 મિલિયન મુલાકાતો મળે છે.

યુએસએની અન્ય મોટી જાહેર પુસ્તકાલયો છે:

- બોસ્ટન પબ્લિક લાઇબ્રેરી
- સિનસિનાટી અને હેમિલ્ટન કાઉન્ટીની જાહેર પુસ્તકાલય
- ડેટ્રોઇટ પબ્લિક લાઇબ્રેરી
- લોસ એન્જલસ પબ્લિક લાઇબ્રેરીનો દેશ
- શિકાગો પબ્લિક લાઇબ્રેરી
- સાન ડિએગો પબ્લિક લાઇબ્રેરી
- ફિલાડેલ્ફિયાની મફત પુસ્તકાલય
- ડલ્લાસ પબ્લિક લાઇબ્રેરી
- ક્લેવલેન્ડ પબ્લિક લાઇબ્રેરી

- કિંગ કાઉન્ટી લાઇબ્રેરી સિસ્ટમ
- હાવજી સ્ટેટ પબ્લિક લાઇબ્રેરી સિસ્ટમ
- મધ્ય-ખંડી જાહેર પુસ્તકાલય
- એલન કન્ટ્રી પબ્લિક લાઇબ્રેરી
- હ્યુસ્ટન પબ્લિક લાઇબ્રેરી

## 13.5 કેનેડામાં જાહેર ગ્રંથાલય વિકાસ પરિપ્રેક્ષ્ય

કેનેડામાં સાર્વજનિક પુસ્તકાલય પ્રણાલીની શરૂઆત 1779 થી થઈ શકે છે, જ્યારે ગવર્નર ફ્રેડ્રિક હલ્દીમંડે ક્વિબેક શહેરમાં એક પુસ્તકાલયની સ્થાપના કરી હતી. આ પુસ્તકાલય પ્રથમ સબ્સ્ક્રિપ્શન પુસ્તકાલય હતું. આ હલ્દીમંડની લાઇબ્રેરીને લિટરરી એન્ડ હિસ્ટોરિકલ સોસાયટી ઓફ ક્વિબેક સાથે મર્જ કરવામાં આવી હતી. ધાર્મિક સંસ્થાઓ, શ્રીમંત અને શક્તિશાળી પરિવારો સાથે સંકળાયેલી કેટલીક નાની લાઇબ્રેરીઓ તે સમયે ત્યાં હતી પરંતુ સામાન્ય જાહેર પુસ્તકાલયોનો ખ્યાલ આવ્યો ન હતો. મફત જાહેર પુસ્તકાલયોનો ખ્યાલ પાછળથી અસ્તિત્વમાં આવ્યો અને વર્ગ અથવા ધર્મને ધ્યાનમાં લીધા વિના સભ્યપદ આપવામાં આવ્યું. કેનેડામાં આવા પ્રથમ જાહેર પુસ્તકાલયની સ્થાપના મોન્ટ્રીયલમાં 1796 માં કરવામાં આવી હતી. 1800 માં કિંગ્સ કોલેજ, નોવા સ્કોટીયા અને નાયગ્રા જેવી ઘણી પુસ્તકાલયોની સ્થાપના કરવામાં આવી હતી.

કેનેડા દેશના વિશાળ ફેલાવામાં વિવિધ લોકો દ્વારા પાતળી વસ્તી ધરાવે છે. તેના પ્રાંતો અને પ્રદેશોમાં વિશિષ્ટ વસ્તી વિષયક, સાંસ્કૃતિક અને આર્થિક લાક્ષણિકતાઓ છે. દેશના વિશાળ ફેલાવા અને વિવિધતાને પરિણામે જાહેર પુસ્તકાલયોનો વિકાસ ધીમો રહ્યો છે.

કેનેડામાં 10 પ્રાંતો છે, જેમ કે: બ્રિટિશ કોલંબિયા, આલ્બર્ટા, સાસ્કાચેવાન, મેનિટોબા, ઑન્ટારિયો, ક્વિબેક, ન્યૂ બ્રુન્સવિક, પ્રિન્સ એડવર્ડ આઇલેન્ડ, નોવા સ્કોટીયા, ન્યૂફાઉન્ડલેન્ડ/લેબ્રાડોર. આ પ્રાંતોમાં પુસ્તકાલય પ્રણાલીનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે.

**1. બ્રિટિશ કોલંબિયા (BC)**

આ પ્રાંતમાં, પુસ્તકાલય અધિનિયમના છ ભાગો છે: પ્રારંભિક જોગવાઈઓ, મ્યુનિસિપલ પુસ્તકાલયો, પ્રાદેશિક પુસ્તકાલય જિલ્લાઓ, જાહેર પુસ્તકાલય સંગઠનો, સામાન્ય અને સંક્રમણિક જોગવાઈઓ. બ્રિટિશ કોલંબિયા લાઇબ્રેરી એક્ટમાં પાંચ પ્રકારની લાઇબ્રેરીઓ છે, જેમ કે: મ્યુનિસિપલ લાઇબ્રેરીઓ, પ્રાદેશિક લાઇબ્રેરી ડિસ્ટ્રિક્ટ્સ, પબ્લિક લાઇબ્રેરી એસોસિએશન, ઇન્ટિગ્રેટેડ પબ્લિક લાઇબ્રેરી સિસ્ટમ્સ અને ફેડરેટેડ પબ્લિક લાઇબ્રેરી સિસ્ટમ્સ. પ્રાંતીય સરકાર મ્યુનિસિપલ યોગદાન મુજબ જાહેર પુસ્તકાલય પ્રણાલીઓને માથાદીઠ અનુદાન પ્રદાન કરે છે.

1891, પ્રથમ પુસ્તકાલયની સ્થાપના બીસીમાં કરવામાં આવી હતી. હવે BC માં 243 જાહેર પુસ્તકાલયો છે અને આ જાહેર પુસ્તકાલયોમાં 16 મિલિયન વસ્તુઓ ઉપલબ્ધ છે.

**2. આલ્બર્ટા**

આલ્બર્ટા પબ્લિક લાયબ્રેરી એક્ટ 15 માર્ચ, 1907માં પસાર કરવામાં આવ્યો હતો. આ એક્ટને માર્ચ 2007માં 100 વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ કાયદા હેઠળ, લાઇબ્રેરીઓ વપરાશકર્તાઓ પાસેથી વાર્ષિક ફી વસૂલ કરી શકે છે. મ્યુનિસિપલ લાઇબ્રેરીઓ, કોમ્યુનિટી લાઇબ્રેરીઓ, લાઇબ્રેરી સિસ્ટમ્સ અને ફેડરેશન્સ છે. લાઇબ્રેરી બોર્ડ સમુદાય વિકાસ અનુદાન અને ફ્લેટ અનુદાન મેળવે છે. આલ્બર્ટા સરકાર મ્યુનિસિપલ અને લાઇબ્રેરી સિસ્ટમ બોર્ડને અનુદાન પ્રદાન કરે છે. આલ્બર્ટા મ્યુનિસિપલ અફેર્સે 2013-14માં પ્રાંતીય જાહેર પુસ્તકાલય નેટવર્કને મદદ કરવા $31 મિલિયનની ફાળવણી કરી.

**3. સાસ્કાચેવન**

સાસ્કાચેવનમાં સાર્વજનિક પુસ્તકાલયોની સ્થાપના અને નિયંત્રણ પબ્લિક લાઈબ્રેરી એક્ટ્સ અને લાઈબ્રેરી કોઓપરેશન એક્ટ દ્વારા કરવામાં આવે છે. ત્યાં સ્થાનિક પુસ્તકાલયો, પ્રાદેશિક પુસ્તકાલય પ્રણાલી, ઉત્તરીય પુસ્તકાલય વ્યવસ્થા છે. ત્યાં પ્રાંતીય ભંડોળ પૂલની જોગવાઈ છે. જાહેર પુસ્તકાલયો મ્યુનિસિપાલિટીઝ દ્વારા ચૂકવવામાં

આવતી વસૂલાત અને પ્રાંતીય સરકારની અનુદાનમાંથી ભંડોળ મેળવે છે. ત્યાં દસ જાહેર પુસ્તકાલય પ્રણાલીઓ છે. આ તમામ 10 જાહેર પુસ્તકાલય પ્રણાલીઓ અને પ્રાંતીય પુસ્તકાલય પ્રણાલી SILS કન્સોર્ટિયમ (સાસ્કાચેવાન ઈન્ફોર્મેશન એન્ડ લાઈબ્રેરી સર્વિસીસ કન્સોર્ટિયમ) ના સભ્યો છે. તે પ્રાંતમાં જોઈન્ટ પ્રોજેક્ટ્સ અને ખરીદી પર સહયોગ કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

**4. મેનિટોબા**

પબ્લિક લાયબ્રેરી એક્ટ મેનિટોબા પ્રાંતમાં પુસ્તકાલયો માટે કાનૂની માળખું પૂરું પાડે છે. સાર્વજનિક પુસ્તકાલય સેવાઓ સુનિશ્ચિત કરે છે કે તમામ મેનિટોબનોને જાહેર પુસ્તકાલય સેવાઓની ઍક્સેસ હોવી જોઈએ

ઑન્ટેરિયો

ઑન્ટારિયો પબ્લિક લાઇબ્રેરી એક્ટ ઑન્ટારિયો પ્રાંતમાં જાહેર પુસ્તકાલયોની મફત અને સમાન ઍક્સેસની ખાતરી કરવા માટે કાનૂની માળખું પૂરું પાડે છે.

જાહેર પુસ્તકાલયો, સંઘ પુસ્તકાલયો અને દેશ પુસ્તકાલયો. પ્રાંતીય સંચાલન અનુદાન, મ્યુનિસિપલ અનુદાન અને પ્રથમ રાષ્ટ્ર પુસ્તકાલય અનુદાન માટે જોગવાઈઓ છે. સાર્વજનિક પુસ્તકાલય અધિનિયમ નગરપાલિકાઓને જાહેર પુસ્તકાલય બોર્ડ સ્થાપવાની સત્તા આપે છે. જાહેર પુસ્તકાલયો આ જાહેર પુસ્તકાલય બોર્ડ દ્વારા સંચાલિત થાય છે.

1983, ઑન્ટારિયોની પ્રથમ મફત જાહેર પુસ્તકાલયની સ્થાપના ટોરોન્ટો અને ગ્યુલ્ફ શહેરોમાં કરવામાં આવી હતી. 5 મિલિયનથી વધુ ઓન્ટેરિયન્સ (એટલે કે વસ્તીના લગભગ 40 ટકા), જાહેર પુસ્તકાલય કાર્ડ ધરાવે છે. નોંધનીય છે કે, 1903-1922 ની વચ્ચે, અમેરિકન ઉદ્યોગપતિ કાર્નેગી અને એન્ડ્રયુની નાણાકીય સહાયથી 111 ઓન્ટેરિયન પુસ્તકાલયોની સ્થાપના કરવામાં આવી હતી.

## 13.6 સારાંશ

ભારત, યુકે, યુએસએ અને કેનેડામાં જાહેર પુસ્તકાલયોની સ્થિતિ તેના સામાજિક-આર્થિક સંજોગોના આધારે જોઈ શકાય છે. ભારતમાં હાલની સ્થિતિ યુકે જેવા વિકસિત દેશો કરતાં તદ્દન અલગ છે. યુએસએ અને કેનેડા. આ વ્યાપક અસમાનતાનું મુખ્ય કારણ માહિતી અને સંચાર તકનીકોનો ઉપયોગ છે. , જાહેર પુસ્તકાલયો આ દેશોમાં સારી રીતે મૂકવામાં આવે છે, આ દેશોમાં જાહેર જનતાને માહિતીની ઍક્સેસ પ્રદાન કરીને, મૂળભૂત કોમ્પ્યુટર કૌશલ્યો શીખવીને અને નિરક્ષરતા સામે લડવા માટેના કાર્યક્રમોમાં ભાગ લઈને "ડિજીટલ વિભાજન Digital Device" કરવામાં મદદ મળે છે. માહિતી અને જ્ઞાનનું પ્રવેશદ્વાર બનવામાં, જાહેર પુસ્તકાલયો હજુ પણ તેમની સેવાઓ ચાલુ રાખવા માટે મોટા પડકારોનો સામનો કરી રહી છે.

## 13.7 તમારી પ્રગતિ ચકાસો

❖ **નીચે આપેલ બધા પ્રશ્નોના જવાબ આપો.**

1. ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ વિશે વિસ્તૃતમાં માહિતી આપી ચર્ચા કરો.
2. યુ.એસ.એ.માં સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ વિશે વિસ્તૃત માહિતી આપી ચર્ચા કરો.
3. યુ.કે.માં સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ વિશે વિસ્તૃત માહિતી આપી ચર્ચા કરો.
4. કેનેડામાં સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ વિશે વિસ્તૃત માહિતી આપી ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

………………………………………………………………..

## 13.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**જવાબ:-**

ભારતના સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ ને નીચે પ્રમાણે ત્રણ ભાગમાં વિભાજિત કરી શકાય.

**૧. પ્રાચીન સમય**

પ્રાચીન ભારતમાં, સમાજમાં મૌખિક શિક્ષણ પ્રથા પ્રચલિત હતી. શિક્ષણ આપવા માટે ગુરૂકુળ પદ્ધતિ પ્રચલિત હતી.

- ભૂતકાળમાં ભારતમાં શિક્ષણની પ્રખ્યાત સંસ્થા નીચે મુજબ હતીઃ
- તક્ષશિલા : એક પ્રાચીન હિન્દુ અને બૌદ્ધ શિક્ષણ કેન્દ્ર હતું. પ્રખ્યાત મહાન ભારતીય વિદ્વાન ચાણક્ય આ શિક્ષણ કેન્દ્ર સાથે સંકળાયેલા હતા.
- નાલંદા (પટના નજીક, બિહાર)થ તે એક પ્રખ્યાત બૌદ્ધ શિક્ષણ કેન્દ્ર હતું. આ સંસ્થા (લર્નિંગ સેન્ટર) માં 'ધરમગંજ' તરીકે ઓળખાતું એક ભવ્ય પુસ્તકાલય સંકુલ હતું. જેમાં ત્રણ મોટી બહુમાળી ઇમારતો હતી અને તેને રત્નસાગર (ઝવેરાતનો મહાસાગર), રત્નોદધિ (રત્નોનો સમુદ્ર) અને રત્નરંજક (રત્નથી

શણગારેલ) નામ આપવામાં આવ્યું હતું. રત્નોદધિ નવ માળની ઊંચી હતી અને તેમાં સૌથી પવિત્ર હસ્તપ્રતો રાખવામાં આવી હતી.

- વિક્રમશિલા (ભાગલપુર, બિહાર પાસે)માં પણ આઠમી સદીમાં એક ભવ્ય પુસ્તકાલય હતું.
- ઓદંતપુરી પણ એક શિક્ષણ કેન્દ્ર હતું અને એક પુસ્તકાલય હતું.
- સોમાપુરી (ઉત્તર બંગાળ)માં પણ સારી પુસ્તકાલય હતી

**૨. મધ્યકાલીન સમય**

મધ્યકાલીન સમયગાળા દરમિયાન મંદિરો, બૌદ્ધ વિહારો, જૈન મંદિરો અને મદરેસાઓમાં પુસ્તકાલયો હોવાનું પુરાવા મળ્યા છે. આ પુસ્તકાલયો સામાન્ય લોકો માટે ખુલ્લી ન હતી. માત્ર શાસક વર્ગના સભ્યો, શિક્ષણવિદો અને અમુક પસંદગીના લોકોને જ તેનો ઉપયોગ કરવાની છૂટ હતી. જાહેર ગ્રંથાલય ની વિભાવના પશ્ચિમી વિશ્વમાં તેના મૂળિયા ધરાવે છે. બ્રિટિશ શાસકો અને વહીવટી માણસો સાથે જાહેર પુસ્તકાલયનો વિચાર પણ ભારતમાં ઉદ્‌ભવ્યો અને વિકસ્યો.

આ સમયગાળાની કેટલીક મહત્વપૂર્ણ લાઇબ્રેરી પહેલ હતીઃ

૧૮૦૮માં બોમ્બે સરકારે (હવે મુંબઈ) નાણાકીય અનુદાન માટે પુસ્તકાલયોની નોંધણી કરવાની દરખાસ્ત શરૂ કરી. આ પુસ્તકાલયોને "ફંડો"માંથી પ્રકાશિત વાંચન સામગ્રીની મફત નકલો પ્રાપ્ત કરવાની હતી. સાહિત્યનું પ્રોત્સાહન. આ પગલું આધુનિક ભારતમાં પુસ્તકાલય ચળવળ તરફનું પ્રથમ પગલું હતું.

આ સમયગાળા દરમિયાન, રજવાડાઓની પુસ્તકાલયોમાં પુસ્તકો અને અન્ય સામગ્રીનો સારો સંગ્રહ હતો. મહત્વપૂર્ણ પુસ્તકાલયોમાં સામેલ છેઃ

- રામપુર ખાતે રામપુર રઝા પુસ્તકાલય
- મહારાજા સરફોજી (૧૭૯૮-૧૮૩૩)ની તંજાવુર ખાતેની સરસ્વતી મહેલ પુસ્તકાલય
- હૈદરાબાદ ખાતે સફદર જંગ સંગ્રહ
- પટના ખાતે ખુદા બક્ષ ઓરિએન્ટલ લાયબ્રેરી
- કલકત્તા ખાતે બુહાર પુસ્તકાલય

દેશના વિવિધ ભાગોમાં રજવાડાઓ, અંગ્રેજો, ધાર્મિક સંસ્થાઓ અને અન્ય પ્રભાવશાળી વ્યક્તિઓ દ્વારા જાહેર પુસ્તકાલયોની સ્થાપના કરવામાં આવી હતી. તેમાંથી કેટલાક જાહેર ગ્રંથાલય ની નીચે પ્રમાણે છે.

૧૮૩૫ માં કલકત્તા પબ્લિક લાયબ્રેરી. ભારતમાં જાહેર પુસ્તકાલય ચળવળના ઇતિહાસમાં તે એક સીમાચિહ્નરૂપ વિકાસ હતો. ૧૯૪૮માં તે નેશનલ લાઈબ્રેરી બની. જોન મેકફાર્લેન ઈમ્પીરીયલ લાઈબ્રેરીના પ્રથમ લાઈબ્રેરીયન હતા.

- ૧૮૫૦માં અમદાવાદમાં મૂળ પુસ્તકાલય
- ૧૮૫૦માં સુરત ખાતે એન્ડ્રુઝ લાયબ્રેરી.
- મહારાજા તુકોજી રાવ હોલકર બે દ્વારા ૧૮૫૪ માં સ્થાપવામાં આવેલી ઇન્દોર જનરલ લાઇબ્રેરી,બ્રોચ ખાતે રાયચંદ દીપચંદ પુસ્તકાલય, ૧૮૫૫
- રાજકોટ ખાતે લેંગ લાયબ્રેરી, ૧૮૫૬
- મદ્રાસ ખાતે કોનેમારા પબ્લિક લાઇબ્રેરીની શરૂઆત ૧૮૬૦માં નાના મ્યુઝિયમ તરીકે કરવામાં આવી હતી.
- દિલ્હી ખાતે સંસ્થા પુસ્તકાલય ૧૮૬૨ (હવે હરદયાલ મ્યુનિસિપલ પબ્લિક લાયબ્રેરી)
- ગોધરા ખાતે સ્ટુઅર્ટ લાઇબ્રેરી, ૧૮૬૬
- જૂનાગઢ ખાતે સરકારી પુસ્તકાલય, ૧૮૬૭
- રાજકોટ ખાતે ટાઉન લાખાજીરાજ પુસ્તકાલય, ૧૮૬૮
- અમદાવાદમાં અપ્પારો ભોલાનાથ પુસ્તકાલય, ૧૮૭૦

- પટના ખાતે ખુદા બક્ષ ઓરિએન્ટલ લાયબ્રેરી, ૧૮૭૬. ૧૮૯૧માં જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. તેની પાસે પ્રાચ્ય હસ્તપ્રતો પરનો સૌથી ધનાઢ્ય સંગ્રહ છે.
- ચેન્નાઈ ખાતે અદ્યાર લાઈબ્રેરી, ૧૮૭૬. લાઈબ્રેરી ૨૮ ડિસેમ્બર, ૧૮૮૬ના રોજ જાહેર જનતા માટે ખોલવામાં આવી હતી.
- મહુવા ખાતે મહુવા પુસ્તકાલય,૧૮૭૭
- ભાવનગર ખાતે બાર્ટન લાયબ્રેરી, ૧૮૮૨
- ગોંડલ ખાતે ભગવતસિંહજી પુસ્તકાલય, ૧૮૮૪
- વાંકાનેર ખાતે વિક્ટોરિયા જ્યુબિલી લાઇબ્રેરી, ૧૮૯૧.
- નડિયાદ ખાતે દહી લક્ષ્મી પુસ્તકાલય, ૧૮૯૨
- જલાલપોર ખાતે વિક્ટોરિયા ડાયમંડ જ્યુબિલી લાઇબ્રેરી, ૧૮૯૭.
- પંજાબ પબ્લિક લાઇબ્રેરીની સ્થાપના ૧૯૦૦માં કરવામાં આવી હતી. તે પંજાબનું પ્રથમ કેન્દ્રીય પુસ્તકાલય હતું.

### ૩. અર્વાચીન સમય

સ્વતંત્રતા પછીના સમયમાં, ભારત સરકાર અને ભારતમાં જાહેર પુસ્તકાલયોના વિકાસમાં જોડાયેલી અન્ય એજન્સીઓએ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સંખ્યાબંધ પુસ્તકાલયોની સ્થાપના કરી છે. ૧૯૫૧માં યુનેસ્કોની મદદથી દિલ્હી પબ્લિક લાઇબ્રેરીની સ્થાપના કરવામાં આવી હતી. ૧૯૫૫માં કોલકાતા ખાતે સેન્ટ્રલ રેફરન્સ લાઇબ્રેરીની સ્થાપના કરવામાં આવી હતી. પુસ્તકોની ડિલિવરી એક્ટ ૧૯૫૪માં ઘડવામાં આવ્યો હતો. ૧૯૫૬માં અખબારો અને સામયિકોનો સમાવેશ કરવા માટે તેમાં વધુ સુધારો કરવામાં આવ્યો હતો.

આ સમયગાળા દરમિયાન વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ રાજ્ય કેન્દ્રીય પુસ્તકાલયોનો વિકાસ કર્યો છે. જે પૈકી પુસ્તકાલયો ની યાદી નીચે આપેલ છે :

- હરેકૃષ્ણ મહતાબ સ્ટેટ લાયબ્રેરી, ઓરિસ્સા
- કેરળની સ્ટેટ સેન્ટ્રલ લાઇબ્રેરી (ત્રિવેન્દ્રમ પબ્લિક લાઇબ્રેરી)
- સ્ટેટ સેન્ટ્રલ લાઇબ્રેરી, બેંગ્લોર (કર્ણાટક)
- સ્વામી વિવેકાનંદ પુસ્તકાલય, ભોપાલ
- ટી.એસ. સેન્ટ્રલ સ્ટેટ લાઇબ્રેરી, ચંદીગઢ
- અન્ના સેન્ટેનરી લાઇબ્રેરી ચેન્નાઈ

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય માં વિકાસ માં સૌથી મહત્વનો ફાળો RRRLF નો રહેલ છે.

૨. યુ.એસ.એ.માં, પુસ્તકોને પ્રેમ કરતા લોકોએ સાર્વજનિક પુસ્તકાલયોની કલ્પના શરૂ કરી. અમેરિકન વસાહતોમાં, લોકોને જાહેર પ્રવેશ આપવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેમ કેઃ

- ૧૬૫૬ માં, કેપ્ટન રોબર્ટ કીને તેમના પુસ્તકોનો સંગ્રહ તેમના સમુદાયને સોંપ્યો. પુસ્તકો
- બોસ્ટન ટાઉન હોલમાં રાખવામાં આવેલી સોસાયટીની લાઇબ્રેરી તરીકે ગણવામાં આવતી હતી.
- ૧૬૯૮ માં, બોસ્ટનમાં કિંગ ચેપલ લાઇબ્રેરીની સ્થાપના કરવામાં આવી હતી.
- એસ્ટર લાઇબ્રેરીની સ્થાપના ૧૮૪૮ માં ન્યૂયોર્ક ખાતે કરવામાં આવી હતી અને તે યુએસએમાં પ્રથમ જાહેર પુસ્તકાલય હતી.
- લેનોક્સની સ્થાપના ૧૮૭૦ માં થઈ હતી.
- ૧૮૯૫ માં, એસ્ટોર લાઇબ્રેરી અને લેનોક્સ લાઇબ્રેરીને મર્જ કરીને ન્યૂ યોર્ક પબ્લિક લાઇબ્રેરીની રચના કરવામાં આવી હતી.
- ટીલ્ડેન ટ્રસ્ટે પુસ્તકાલય માટે ઇ૨.૫ મિલિયન આપ્યા.
- ૧૮૫૪ માં, બોસ્ટન પબ્લિક લાઇબ્રેરી ખોલવામાં આવી હતી.
- શરૂઆતના દિવસોમાં, ન્યૂયોર્કે જાહેર પુસ્તકાલયોને ટેકસ વધારવા માટે ભંડોળ સાથે ટેકો આપવાનો નિર્ણય લીધો હતો
- સ્થાનિક શાળા જિલ્લાઓ દ્વારા. આ સિસ્ટમ નિષ્ફળ ગઈ.

- મેલ્વિલ ડેવી એ ગ્રંથપાલને વ્યવસાય તરીકે વિકસાવવામાં મુખ્ય વ્યક્તિ હતા.
- નોંધનીય છે કે, અમેરિકન ઉદ્યોગપતિ એન્ડ્રુ કાર્નેગીની નાણાકીય સહાયથી સંખ્યાબંધ જાહેર પુસ્તકાલયોની સ્થાપના કરવામાં આવી હતી.
- ૨૦મી સદીમાં, જનરલ ફેડરેશન ઓફ વિમેન્સ ક્લબ (ય્ખઉભ) એ યુએસએમાં ૪૭૪ મફત જાહેર પુસ્તકાલયોની સ્થાપના કરી.

## 13.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **ઑન્ટારિયો:-** ઑન્ટારિયો એ કેનેડા સ્થિત એક રાજ્ય છે. જેનો કેનેડામાં સાર્વજનિક ગ્રંથાલય વિકાસ માં મહત્વ ફાળો છે.
- **Digital Divide;-** ડિજીટલ વિભાજન એટલે એવી પરિસ્થિતી જયારે જેને ટેકનૉલોજી વિષે સારી માહિતી છે અને જેને ટેક્નોલોજી વિશે કશું અથવા માહિતી નથી.જેથી સમાજ માં એક વિભાજન પડી જવાની ઘટના ને ડિજિટલ વિભાજન કહેવામા આવે છે.
- **RRRLF** :- રાજારામ લાઇબ્રેરિ ફાઉંડેશન કે જે ભારત સરકાર ના મિનિસ્ટ્રી ઓફ કલ્ચર ના નેજા હેઠળ સાર્વજનિક ગ્રંથાલય કામ કરી રહ્યા છે.

## 13.10 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

❖ **નીચે આપેલ બહુવિકપીય પ્રશ્નનો જવાબ આપો.**

૧.ચાણક્ય નું નામ ભારતના ક્યાં પ્રાચીન ગુરુકુળ સાથે જોડાયેલુ છે?

A. વલભી

B. નાલંદા

C. વિક્રમસિલા

D. તક્ષશિલા

**બહુવિક્લ્પીય પ્રશ્નનો જવાબ**

1. D

## 13.11 સંદર્ભો અને વિશેષ વાંચન (References)


- IGNOU. (n.d.). UNIT 17 PUBLIC LIBRARY SCENARIO IN INDIA, UK, U.S.A. AND CANADA.
- https://www.egyankosh.ac.in/bitstream/123456789/77075/1/Unit-17.pdf
- Raja ram rohanroy librray foundation. (n.d.). Public Library Status. Raja Ram Rohanroy Library Foundation. Retrieved May 5, 2023, from https://rrrlf.nic.in/
- https://www.nypl.org/ Retrieved May 5, 2023
- https://epgp.inflibnet.ac.in/ Retrieved May 5, 2023


●●●

# યુનિટ-14

# ગ્રંથાલયોમાં માહિતી ટેકનોલોજીનો ઉપયોગ

:: રૂપરેખા ::

**14.0** ઉદ્દેશો **(Objectives)**

**14.1** પ્રસ્તાવના **(Introduction)**

**14.2** સાર્વજનિક ગ્રંથાલયોમાં **ICT** નાં ઘટકો

**14.3** સાર્વજનિક ગ્રંથાલયોમાં **ICT** ની આવશ્યકતા

**14.4** ગ્રંથાલયમાં થતા નિયમિત કાર્યોમાં **ICT** ની અસર

**14.5** સાર્વજનિક ગ્રંથાલયોમાં **ICT** ના ફાયદા

**14.6** **ICT** આધારિત સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિના કાર્યો.

**14.7** સાર્વજનિક ગ્રંથાલયોમાં **ICT** : વિવિધ સમસ્યાઓ

**14.8** સાર્વજનિક ગ્રંથાલય : **ICT** વિવિધ સમસ્યાઓનું સમાધાન

**14.9** તમારી પ્રગતિ ચકાસો

**14.10** સારાંશ.

**14.11** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર

**14.12** ચાવીરૂપ શબ્દો **(Key Words)**

**14.13** સંદર્ભ અને વિશેષ વાંચન

## 14.0 ઉદ્દેશો (Objectives)

➢ સાર્વજનિક ગ્રંથાલયોમાં ઉપયોગમાં આવતા માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજી (ICT- Information and Communication Technology) ના વિવિધ ઘટકોની માહિતી
➢ જૂની અને નવી પધ્ધતિ અને ટેકનોલોજી વચ્ચે તુલના કરવી
➢ ICT આધારિત ગ્રંથાલય સેવાઓ, કાર્યો, તેની અસર અને સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત કરવી.

## 14.1 પ્રસ્તાવના (Introduction)

માહિતી ક્રાંતિના આજના યુગમાં ગ્રંથાલયોની ભૂમિકાને નકારી શકાય તેમ નથી. વર્તમાન સમયને માહિતી ટેકનોલોજીના યુગથી ઓળખવામાં આવે છે. માહિતી ટેકનોલોજીના ક્ષેત્રમાં છેલ્લા ઘણા દશકાઓથી તીવ્ર ગતિથી વિકાસ થઈ રહેલ છે. માહિતી ટેકનોલોજી મનુષ્યના વિચારને પ્રત્યાયિત કરવાની સહાયતા ઉપલબ્ધ કરાવે છે. માહિતી ટેકનોલોજી અંતર્ગત કમ્પ્યુટરની સાથે સાથે માઈક્રો ઈલેક્ટ્રોનિક્સ અને પ્રત્યાયન ટેકનોલોજી પણ સામેલ છે અને તેના વિકાસનું નવીનતમ સ્વરૂપ આપણને ઈન્ટરનેટ, મોબાઈલ, રેડિયો, ટેલિફોન, ટેલિવિઝન, ઉપગ્રહ પ્રસારણ, કમ્પ્યુટર વગેરેના સ્વરૂપમાં જોવા મળે છે. આ તમામ ઉપકરણોનો ઉપયોગ માહિતી ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રને અસ્પર્શય રાખેલ નથી.

## 14.2 સાર્વજનિક ગ્રંથાલયોમાં ICT નાં ઘટકો

સાર્વજનિક ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોમાં વધારે ઉપયોગી માહિતી ટેકનોલોજીનાં ઘટકો નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

- કોમ્પ્યુટર ટેક્નોલોજી
- પ્રત્યાયન ટેક્નોલોજી

- રિપ્રોગ્રાફિક, માઈક્રોગ્રાફિક અને પ્રિન્ટીંગ ટેકનોલોજી

ICT એ ઈલેક્ટ્રોનિક્સ અને પ્રત્યાયન એ બે મહત્તવની ટેક્નોલોજીના સંમિશ્રણનું પરિણામ છે.

સાર્વજનિક ગ્રંથાલયોમાં ICT માં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

**કોમ્પ્યુટર ટેક્નોલોજી**: જેમાં કોમ્પ્યુટર હાર્ડવેર ,સોફ્ટવેર, નિવેશ તથા નિર્ગમનના સાધનો, સંગ્રહના સાધનો .

**પ્રત્યાયન ટેકનોલોજી**: ઈન્ટરનેટ, નેટવર્કિંગ, ટેલિફોન, મોબાઈલ, રેડિયો, માઈક્રોવેવ ટેકનોલોજી, સેટેલાઈટ પ્રત્યાયન, ટેલિટેક્ષ, વિડીયોટેક્ષ, ટેલિકોન્ફરન્સવેબ, ઈ-મેલ, ફેક્સ ,ટીવી, ઓડિયો – વિડીયો ટેકનોલોજી.

**રિપ્રોગ્રાફિક, માઈક્રોગ્રાફિક અને પ્રિન્ટીંગ ટેકનોલોજી** : ફોટોકોપી, માઈક્રોફિલ્મીંગ ,સ્કેનીંગ, પ્રિન્ટર, વિડીયોગ્રાફી,RFID વગેરે.

સાર્વજનિક ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોમાં ICTની ઉપયોગિતા અને મહત્વ ગ્રંથાલય સેવાઓ અને ઉપભોક્તાઓનાં અનુસંધાનમાં ખૂબ જ વિશેષ છે, જે નીચે મુજબ છે :

1. ખૂબ જ ઝડપથી, ચોકસાઈથી અને વિશ્વસનીયતાથી માહિતી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે
2. ભાવિ પેપરલેસ સોસાયટીમાં ઇલેક્ટ્રોનિક સ્વરૂપના પ્રલેખો અસ્તિત્વ ધરાવતા હશે તેવા સમયે ગ્રંથપાલ માટે ICT નું જ્ઞાન અનિવાર્ય પૂર્વ શરત બની રહેશે.
3. વિશ્વનાં ઘણા મહત્વનાં ડેટાબેઝીસ જેવાં કે DIALOG, MEDLARS, AGRIS વગેરે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં માહિતીનું પ્રસારણ કરે છે. આથી જો સાર્વજનિક ગ્રંથાલય યાંત્રિકીકરણ ન કરેલ હોય તો આવા મહત્વનાં ડેટાબેઝોનાં ઉપયોગથી વંચિત જ રહેવું પડે છે.

4. હાલના સમયમાં ગ્રંથો અને સામયિકોની કિંમતમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થઈ રહેલ છે. આથી કોઈપણ ગ્રંથાલય માટે આ તમામ પ્રકાશનો પ્રાપ્ત કરવા મુશ્કેલ છે. જો કે આ સમસ્યાનો હલ એક માત્ર સહકાર,ભાગીદારી અને નેટવર્કીંગ છે. જો કે તે માટે સાર્વજનિક ગ્રંથાલય યાંત્રિકીકરણ એ નેટવર્કીંગની પૂર્વશરત છે.
5. આજના સમયમાં જ્ઞાનવિશ્વનાં તમામ વિષયોમાં અનેક રીતે માહિતીનું પ્રકાશન થઈ રહેલ છે. જેનું વાઙ્મયાત્મક નિયંત્રણ ICT ના ઉપયોગ વિના શક્ય નથી.
6. ICTના ઉપયોગથી ગ્રંથાલય સેવાઓની ગુણવત્તા, અસરકારકતા, વિશ્વસનીયતા અને તેની નિયમિતતામાં સુધારો આવે છે.
7. ICTના ઉપયોગથી કોઈપણ ગ્રંથાલયની સ્થાનિક તેમજ રાષ્ટ્રિય સ્તરે પ્રસિધ્ધિ વિસ્તરે છે.
8. વિકસતા જતા ઈલેક્ટ્રોનિક માહિતી સ્રોતો દુનિયામાં ઉપયોગ માટે ICT એ એક અનિવાર્ય શરત છે.

## 14.3 સાર્વજનિક ગ્રંથાલયોમાં ICT ની આવશ્યકતા:

સાર્વજનિક ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો માટે ICT નો ઉપયોગ ખૂબ જ જરૂરી છે. જે ગ્રંથાલય ઉપયોગકર્તાઓ માટે સારી ગ્રંથાલય સેવા પૂરી પાડવા પ્રતિબધ્ધ છે અને ખૂબ જ મહત્વની છે.

1. માહિતીની ઝડપી પ્રક્રિયા, વિશ્વસનીયતા અને ચોકસાઈ જેવા ઘણા ફાયદાઓ છે.
2. ભવિષ્યમાં પ્રલેખોની સોફ્ટકોપી ઉપલબ્ધ કરાવવાનો ભય રહેલો છે. જે ખાસ કરીને દ્વિતિય કક્ષાનાં સ્રોત તરીકે ફક્ત CD-ROM પર જ પ્રાપ્ત થશે. માટે સાર્વજનિક ગ્રંથાલય માટે ICT નું વ્યવસ્થિત માળખું જરૂરી છે.

3. ભવિષ્યમાં પ્રલેખોની સોફ્ટકોપી ઉપલબ્ધ કરાવવાનો ભય રહેલો છે. જે ખાસ કરીને દ્વિતિય કક્ષાનાં સ્રોત તરીકે ફક્ત CD-ROM પર જ પ્રાપ્ત થશે. માટે સાર્વજનિક ગ્રંથાલય માટે ICT નું વ્યવસ્થિત માળખું જરૂરી છે.
4. સામયિકો અને પુસ્તકોમાં ભાવમાં વધારાનાં કારણે સાર્વજનિક ગ્રંથાલયો માટે દરેક સક્રિય સ્રોતો અને પ્રકાશનો નેટવર્ક શેરીંગ મારફતે જ મેળવી આપવા પરવડે તેમ જ તે માટે સાર્વજનિક ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરાઈઝેશન અને નેટવર્કમાં ભાગીદારી એ પ્રાથમિક આવશ્યકતા છે.
5. MEDLARS, DIALOG, INIS, AGRIS જેવી ઘણી વૈશ્વિક ડેટાબેઝ ઈલેક્ટ્રોનિક માહિતીનું વિતરણ કરવામાં આવે છે. જ્યાં સુધી લાઈબ્રેરીમાં ઓટોમેશન લાગુ ન થાય ત્યાં સુધી આ વૈશ્વિક સ્તરે ડેટાબેઝમાંથી માહિતી એક્સેસ કરવી શક્ય નથી.
6. લગભગ તમામ ક્ષેત્રોમાં સાહિત્યમાં બહોળા પ્રમાણમાં વૃધ્ધિ થઈ રહી છે. તેની જાતે ગ્રંથસુચિ નિયંત્રણ શક્ય નથી. તેના માટે ICT જરૂરી છે.
7. સાર્વજનિક ગ્રંથાલયોના સંગ્રહમાં આપણી સંસ્કૃતિના વારસા સમા ઘણાં સાહિત્યોનો સંગ્રહ છે જે વર્ષો જૂના હોવાથી જર્જરિત થયેલ છે. આ સાહિત્યનું ડીજીટલાઈઝેશન દ્વારા તેને ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં સંગ્રહી શકાય તેમજ લોકોને ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવી શકાય છે.

## 14.4 ગ્રંથાલયમાં થતા નિયમિત કાર્યોમાં ICT ની અસર

| ક્રમ | નિયમિત કાર્યો | પરંપરાગત પધ્ધતિએ જરૂરી પ્રક્રિયા અને તેમાં લાગતો સમય | ICT ના ઉપયોગ માટે જરૂરી પ્રક્રિયા અને તેમાં લાગતો સમય |
|---|---|---|---|
| 1 | પુસ્તકો અંગે માહિતી એકત્રિત કરવી | જુદા જુદા પ્રકાશકો કે વિક્રેતાઓને પત્ર વ્યવહાર કરી તેની પાસેથી કેટલોગ(પ્રકાશન સુચિ) મંગાવવા(અંદાજે 10 દિવસ) | પ્રકાશકો/વિક્રેતાઓની વેબ સાઈટ પરથી ઈન્ટરનેટની મદદથી પ્રકાશન સૂચિ ડાઉનલોડ કરી શકાય છે(મીનીટો કે કલાકોમાં કાર્ય પૂર્ણ કરી શકાય છે) |
| 2 | પુસ્તકોનું ઓર્ડર લીસ્ટ તૈયાર કરવું | વિવિધ કેટલોગમાં જરૂરિયાતનાં પુસ્તકો શોધી અલગ લીસ્ટ તૈયાર કરવું અને નોંધ કરવી(અંદાજે એક સપ્તાહ) | જરૂરિયાતનાં પુસ્તકોને કેટલોગમાં સર્ચ કરતાની સાથે તુરંત લીસ્ટ મળી આવશે. તેમાંથી પસંદ કરી ટીક કરવાથી અથવા કોપી પેસ્ટ કરવાથી લીસ્ટ તૈયાર થશે. (એક કે બે દિવસ) |
| 3 | પુસ્તકો ઓર્ડર કરવા | પસંદગીના પુસ્તકોનું લીસ્ટ તૈયાર કરી ઓર્ડર પત્રકમાં લખી તેને ટપાલ મારફતે જે તે પ્રકાશક અથવા વિક્રેતાને મોકલવામાં આવે છે (જે પહોંચતા અંદાજે 3-4 દિવસ લાગે છે) | અહીં ટીક કરીને સેન્ડ બટન પર ક્લીક કરવાથી કે સોફ્ટવેરમાંથી લીસ્ટ મેળવીને અથવા તૈયાર લીસ્ટને પ્રકાશક/વિક્રેતાને મેઈલ કરવાથી મીનીટોમાં ઓર્ડર આપવાનું કાર્ય પૂર્ણ કરી શકાય છે. |
| 4 | પુસ્તકોની એક્સેશન રજીસ્ટરમાં | મેળવેલ પુસ્તકોને એક્સેશન રજીસ્ટરમાં લખીને નોંધણી | સોફ્ટવેરમાં એક ટાઈટલનાં એકથી વધારે પુસ્તકો હોય તો ફક્ત add |

| | | | |
|---|---|---|---|
| | નોંધણી કરવી | કરવામાં આવે છે. જો એક ટાઈટલમાં એક કરતાં વધારે પુસ્તકો હોય તો તેને નોંધવામાં વધારે સમય લાગે છે. | બટન પર ક્લીક કરતા તે બુકની તમામ વિગત સીધી જ (નોંધ્યા વગર) નોંધણી થઈ જતા સમય બચે છે. |
| 5 | પુસ્તક આપ-લે | રજીસ્ટર કે કાર્ડ પધ્ધતિ દ્વારા આપ-લે કરવામાં પુસ્તકની વિગતો નોંધવાની તથા લેનારની સહી લેવાની રહે છે, આપ-લે કરવામાં વધારે સમય લાગે છે. | સોફ્ટવેર દ્વારા પુસ્તક આપ-લે કરતા આ કામ બટન ક્લીક કરતા અથવા બાર કોડથી ક્લીક કરતા રીડર મારફતે ઝડપથી પ્રક્રિયા પૂર્ણ થાય છે. |
| 6 | ઉપયોગકર્તાને જોઈતી માહિતી પૂરી પાડવા | ઉપયોગકર્તાની જરૂરિયાતને શોધવામાં સમય વ્યતીત થાય છે તેને જોઈતુ પુસ્તક ક્યા રેક / કબાટમાં છે? ગ્રંથાલયમાં છે કે નહી? કોને ઈશ્યુડ છે? ક્યારે પરત થશે? વગેરે જાણતા ઘણો સમય લાગે છે. | સોફ્ટવેર દ્વારા OPAC ની સુવિધાથી પોતાનું પુસ્તક Author/Title/subject/ Publisher/Acc.No. થી તુરંત Search કરી શકાય છે. જો ઈશ્યુડ હોય તો કોની પાસે છે અને ક્યારે પરત થશે તે પણ તુરંત જાણી શકાય છે. |
| 7 | વર્ષનાં અંતે પુસ્તક મેળવણી | ગ્રંથપાલે વર્ષના અંતે પુસ્તક મેળવણીનું કાર્ય કરવું અત્યંત જરૂરી છે. સાથે સાથે તેને કંટાળાજનક કાર્ય પણ માનવામાં આવે છે. જેમ જેમ પુસ્તકોની સંખ્યા | બારકોડ કે RFID રીડરની મદદથી આ કાર્ય ખૂબ ઝડપી અને સરળ બન્યું છે. જેથી જે ગ્રંથાલયો ટેકનોલોજીનો ઉપયોગ કરે છે તેવા ગ્રંથાલયોમાં આ કાર્ય નિયમિત થવા લાગ્યું છે. |

| | | | |
|---|---|---|---|
| | | વધુ તેમ તેમ આ કાર્ય વધુ સમય માંગી લે છે. આ જ કારણસર લગભગ ગ્રંથાલયોમાં આ કાર્ય થતું નથી. | |
| 8 | રીપોર્ટ જનરેટ કરવા | વર્ષના અંતે કે ગમે તે સમયે ગ્રંથાલય અંગે કેટલાક રીપોર્ટ જેવા કે ગ્રંથાલયમાં કેટલા પુસ્તકો છે? કેટલા સંદર્ભ પુસ્તકો છે? દરરોજ કેટલા પુસ્તકની આપ-લે થાય છે? ક્યા પુસ્તકનો વધુ ઉપયોગ થયો છે? ક્યા ઉપયોગકર્તાએ ગ્રંથાલયની સેવાઓનો વધુ ઉપયોગ કર્યો છે? કોની પાસે કેટલા પુસ્તકો છે? ક્યું પુસ્તક કોની પાસે છે? ક્યારે પરત આવશે? આવા અનેક પ્રશ્નોના ઉત્તર પારંપરિક પધ્ધતિમાં મેળવવા મુશ્કેલ છે તેમજ લાંબો સમય માંગી લે છે. | જ્યારે ICT ના ઉપયોગથી આ તમામ પ્રશ્નોના ઉત્તર મીનીટોમાં મળી શકે છે જેથી ઉપયોગકર્તાનો ઘણો સમય બચાવી શકાય છે. તેમજ ગ્રંથાલય સંગઠન અધિકારીઓને જોઈતા રીપોર્ટ ત્વરિત મેળવી શકાય છે. |

## 14.4 સાર્વજનિક ગ્રંથાલયોમાં ICT ની આવશ્યકતા:

ICT નાં ઉપયોગને કારણે ગ્રંથાલયનો વિવિધ પ્રકારે અને વિવિધ રીતે વિકાસ થતો જોવા મળે છે.

1. સાર્વજનિક ગ્રંથાલયની વિવિધ પ્રવૃત્તિઓનું સંકલન કરવાની સરળતા પૂરી પાડે છે.
2. સાર્વજનિક ગ્રંથાલય નેટવર્કની રચનામાં વિવિધ પ્રકારની સહાયતા અને સુવિધાઓ પૂરી પાડે છે.
3. નેટવર્કમાં જોડાયેલ ગ્રંથાલયોમાં માહિતીના પ્રાપ્તિ / ખરીદ બાબતમાં પુનરાવર્તન અટકાવવામાં મદદરૂપ થાય છે.
4. ગ્રંથપાલને કેટલાક પુનરાવર્તિત કાર્યોનાં ભારણમાંથી મુક્ત કરે છે. જેમ કે, ડેટાબેઝનું નિર્માણ અને તેની અદ્યતનતા તેમજ બિનજરૂરી માહિતીનો નિકાલ.
5. ગ્રંથાલય સેવાઓના માર્કેટીંગ માટેની તક પૂરી પાડે છે.
6. ગ્રંથાલય સેવાઓની ગુણવત્તા વધારવામાં મદદરૂપ થાય છે.
7. કાર્યક્ષમતામાં વધારો કરે છે.
8. સમયની બચત થાય છે તથા ગ્રંથાલય અન્વયે એક આવકનાં સ્રોત તરીકે પણ કાર્ય કરે છે.
9. ગ્રંથાલયોની ઉપભોક્તા કેન્દ્રિત સેવાઓના અભિગમને ફળીભૂત કરવામાં સહાયક બને છે.
10. સાર્વજનિક ગ્રંથાલયોમાં રહેલ અમૂલ્ય હસ્તપ્રતો તેમજ જૂના સાહિત્યની પ્રતોનું ડીજીટલાઈઝેશન કરી તેને સરળતાથી લોકોના ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવી શકાય છે.

## 14.6 ICT આધારિત સાર્વજનિક ગ્રંથાલય પધ્ધતિનાં કાર્યો:

સાર્વજનિક ગ્રંથાલયોમાં ICT નો ઉપયોગ રોજબરોજનાં કાર્યોમાં થાય છે આ કાર્યો નીચે પ્રમાણે વર્ણવી શકાય છે :

- **Acquisition :**

  ગ્રંથપ્રાપ્તિ, પરિગ્રહણ પત્રક, ગ્રંથ આદેશ, રિપોર્ટ વગેરે.

- **Serials Management :**

  સામયિક પસંદગી, આદેશ, પ્રાપ્તિ વગેરે.

- **Cataloguing / Classification :**

  ગ્રંથોનુ સૂચીકરણ, સૂચી પત્રકોનું નિર્માણ, ઓન લાઈન કેટલોગ, વર્ગીકરણ, વગેરે.

- **Circulation:**

  ગ્રંથ આપ-લે, ઈન્ટર લાઈબ્રેરી લોન, ઓવર ડ્યૂ ચાર્જીસ, અનામત વગેરે.

- **Audio-Visual Management :**

  ઓડિયો વિઝ્યુઅલ સામગ્રીની પ્રાપ્તિ અને તેનું સૂચિકરણ

- **Management :**

  બજેટની જોગવાઈ, નાણાંની ફાળવણી, પત્ર વ્યવહાર, નિયમોનું પાલન, આંકડાઓ, અહેવાલો વગેરે.

- **Information Storage & Retrieval :**

  ડેટાબેઝ વ્યવસ્થાપન, ઓનલાઈન ડેટાબેઝ શોધ, અનુક્રમણિકરણ, સારાંશીકરણ, ડાઉનલોડ, અપલોડ વગેરે.

- **Reference / Information Service :**

  વાઙ્મયસૂચિ, ઉપભોક્તા શિક્ષણ, કમ્પ્યુટર સાક્ષરતા, મુક્ત પ્રવેશ, વગેરે.

નવા વાતાવરણના સ્વરૂપમાં ICT નાં ઉપયોગ દ્વારા આપવામાં આવતી સેવાઓ :

1. આપ-લે સેવા
2. તકનીકી સેવા
3. સારકરણ
4. નેટવર્કિંગ
5. રિઝર્વેશન સેવાઓ

6. ફ્રી ઓનલાઈન બુક અને જર્નલ્સ
7. ઈન્ટરનેટ સેવા
8. આંતર ગ્રંથાલય લેવડ દેવડ
9. સંઘ સૂચિ
10. અનુવાદ સેવા
11. CAS / SDI સેવા
12. રિપ્રોગ્રાફી સેવા
13. સંદર્ભ સેવા
14. ઓનલાઈન ડેટાબેઝ શોધ સેવાઓ
15. બારકોડ અને RFID સેવા

## 14.7 સાર્વજનિક ગ્રંથાલયોમાં ICT : વિવિધ સમસ્યાઓ :

સાર્વજનિક ગ્રંથાલયોમાં ICT નાં ઉપયોગને કારણે વિવિધ પ્રકારની સમસ્યાઓ અને પડકારોનો સામનો કરવો પડે છે. જેમાંના કેટલાક આ પ્રમાણે વર્ણવી શકાય:

1. વહીવટી સમસ્યા
2. ભાગીદારી પહેલનો અભાવ
3. નાણાકીય સમસ્યાઓ
4. યોગ્ય માળખાકીય સુવિધાઓનો અભાવ
5. ICT અનુસંગીક વિવિધ પ્રકારની સાધન સામગ્રીનો અભાવ
6. યોગ્ય પ્રશિક્ષિત કર્મચારીઓનો અભાવ
7. લાંબા ગાળાના આયોજનનો અભાવ
8. માનસિક તફાવતો
9. ઈલેક્ટ્રોનિક સ્રોતોની પસંદગીનો અભાવ
10. ICT અંગેના પ્રશિક્ષણ કાર્યક્રમોનો અભાવ
11. ગ્રંથાલયો અને ગ્રંથપાલની ભૂમિકામાં વિવિધ પ્રકારનાં ફેરફારો

## 14.8 સાર્વજનિક ગ્રંથાલયોમાં/ICT સંબંધિત વિવિધ સમસ્યાઓનું સમાધાન :

1. વહીવટી સમસ્યાઓનાં ઉકેલ માટે યોગ્ય રજૂઆત કરવી અને સરકારી નીતિ નિર્ધારકોને ગ્રંથાલયમાં માહિતી ટેકનોલોજીનો ઉપયોગ અને તેના ફાયદાઓથી માહિતગાર કરાવવા
2. યોગ્ય પ્રશિક્ષણ પામેલા કુશળ કર્મચારીઓ ગ્રંથાલયમાં ICT ના ઉપયોગ માટે એક આવશ્યક ઘટક છે. આથી કર્મચારીઓને યોગ્ય પ્રશિક્ષણ આપવું તેમજ તે માટે પ્રોત્સાહિત કરવા.
3. ભાગીદારીની ભાવનાનાં વિકાસ માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવું અને તે માટે શુભ શરૂઆત કરવી.
4. ગ્રંથાલયોમાં ICT ના અમલીકરણ માટે નાણાં એક મહત્વની બાબત છે. જે તે સ્થાનિક સરકાર કે કેન્દ્ર સરકાર પાસેથી આર્થિક સહાય મેળવી શકાય છે.
5. નવી ટેકનોલોજીનાં અમલીકરણ અને તેના સ્વીકાર માટે ગ્રંથાલય કર્મચારીઓને માનસિક રીતે તૈયાર કરવા તેમજ તેમને કમ્પ્યુટર અંગેનું પ્રશિક્ષણ આપવું.
6. માહિતી ટેકનોલોજી ક્ષેત્રે કુશળ વ્યક્તિના માર્ગદર્શન હેઠળ યોગ્ય માળખાકીય સુવિધાનો વિકાસ કરવો જોઈએ.
7. સમયાંતરે સાધનસામગ્રીની જાળવણી/ મરામત માટેની યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

## 14.9 તમારી પ્રગતિ ચકાસો

1. **ગ્રંથાલયમાં ICT નાં ઘટકો જણાવો.**
2. **સાર્વજનિક ગ્રંથાલયોમાં ICT ની જરૂરિયાતો વર્ણવો.**
3. **સાર્વજનિક ગ્રંથાલયોના કાર્યોમાં ICT ની અસર જણાવો.**
4. **ICT નાં અમલીકરણ માટે આવનાર સમસ્યાની ચર્ચા કરો.**

**નોંધ: -**

**(i) નીચે આપેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.**

**(ii)આ એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારા ઉત્તર ચકાશો.**

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

## 14.10 સારાંશ (Summary)

આજે માહિતી પ્રત્યાયન પ્રૌદ્યોગિકી (ICT) એ ગ્રંથાલય માટે એક અનિવાર્ય અંગ બની રહ્યું છે. ગ્રંથાલયોમાં યાંત્રિકીકરણની સાથે સાથે ICT ના અન્ય લાભો મેળવવા પણ શક્ય બન્યા છે. પરિણામે ગ્રંથાલયો પોતાના મર્યાદિત સ્ત્રોતોમાંથી તેમજ મર્યાદિત નાણાંમાંથી ઉપયોગકર્તાઓને મહત્તમ લાભ પ્રદાન કરી રહ્યા છે. સાર્વજનિક ગ્રંથાલયોની વાંચનસામગ્રીનો ICT ના સાધનો દ્વારા મહત્તમ રીતે ઉપયોગ થાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે. ગ્રંથપાલ સમયની ઝડપે ચાલી પોતાના કાર્યને વધુ ચોકસાઈપૂર્વક, નિયમિત અને સમયસર કરી પોતાનો પણ વિકાસ થાય તે રીતે કાર્ય કરી શકે તે માટે ICT ખૂબ ખૂબ ઉપયોગી અને આશીર્વાદરૂપ નીવડે છે.

## 14.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1. સાર્વજનિક ગ્રંથાલયોને અને માહિતી કેન્દ્રોમાં વધારે ઉપયોગી માહિતી ટેકનોલોજીના ઘટકો કોમ્પ્યુટર ટેકનોલોજી; પ્રત્યાયન ટેકનોલોજી; રિપ્રોગ્રાફિક, માઈક્રોગ્રાફિક અને પ્રિન્ટિંગ ટેકનોલોજી તરીકે વર્ગીકૃત કરી શકાય છે.

2. ત્વરિત, ચોકસાઈ અને વિશ્વસનીયતાથી માહિતી પ્રક્રિયા માટે; ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખી, વિશ્વના મહત્વના ડેટાબેઝના લાભ લેવા માટે; ICT ટેકનોલોજીના ઉપયોગથી સ્થાનિક, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય માહિતી પ્રાપ્ત કરવા માટે તેમજ ગ્રંથાલયોની સેવાઓની ગુણવત્તા અને ઉપયોગીતા વધારવા માટે ICT ની જરૂરિયાત અગત્યની છે.
3. લાઈબ્રેરીનાં નિયમિત કાર્યો જેવા કે નવા પ્રકાશિત પુસ્તકો અંગે માહિતી એકત્ર કરવી, પુસ્તકો ઓર્ડર કરવા, પુસ્તકોનું એક્સેશનિંગ કરવું, પુસ્તક આપ-લે પ્રક્રિયા માટે, ઉપયોગકર્તાને જોઈતી માહિતી પૂરી પાડવા, પુસ્તક મેળવણી અને રિપોર્ટ જનરેટ કરવા વગેરે લાયબ્રેરીના નિયમિત કાર્યોમાં ICT ની મદદથી ખૂબ ઝડપથી કાર્યો કરી શકાય છે.
4. ICT ના અમલીકરણ બાબતે આવનાર સમસ્યાઓમાં વહીવટી સમસ્યા, ભાગીદારીની પહેલનો અભાવ, નાણાકીય સમસ્યા, યોગ્ય માળખાકીય સુવિધાનો અભાવ,પ્રશિક્ષિત કર્મચારીઓનો અભાવ, યોગ્ય આયોજનનો અભાવ વગેરેનો સમાવેશ થાય છે.

## 14.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **Information Communication Technology (ICT)**

  કોમ્પ્યુટર અને પ્રત્યાયનનાં ઉપકરણોની મદદથી માહિતી પ્રાપ્તિ, પ્રક્રિયા, સંગ્રહ અને પ્રસારણ

- **પારંપરિક ગ્રંથાલય કાર્યો**

  પારંપરિક પધ્ધતિ મુજબ કરવામાં આવતા લાયબ્રેરીના કાર્યો જેમાં કોઈપણ ICT ઉપકરણનો ઉપયોગ કરવામાં આવતો ન હોય.

## 14.13 સંદર્ભો અને વિશેષ વાંચન (References)


- Hussain, Akhtar (2013), ICT based Library and Information Services. New Delhi : ESS – ESS Publication.
- પટેલ મનુભાઇ (2011), ગ્રંથાલયમાં માહિતી પ્રત્યાયન ટેકનોલોજી. અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન
- કાનડિયા, પ્રયતકર ખીમજીભાઈ (2013), માહિતી અને પ્રત્યાયન. અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન

# યુનિટ-15

# જાહેર ગ્રંથાલયોનું નેટવર્કિંગ

:: રૂપરેખા ::

15.0 ઉદ્દેશો **(Objectives)**

15.1 વ્યાખ્યા

15.2 પ્રસ્તાવના **(Introduction)**

15.3 જાહેર ગ્રંથાલયોમાં નેટવર્કીંગ માટે જરૂરી પરિબળો

15.4 રાષ્ટ્રીય પ્રયાસો

15.5 યોજના આયોગના પ્રયત્નો

15.6 નેટવર્કનું વર્ગીકરણ

15.7 ભારતમાં ગ્રંથાલય નેટવર્ક

15.8 વિસ્તાર આધારિત નેટવર્ક

15.9 જાહેર ગ્રંથાલયોનું નેટવર્કિંગ

15.10 ભારતમાં જાહેર ગ્રંથાલયોના ઓટોમેશન અને નેટવર્કિંગના ફાયદાઓ

15.11 તમારી પ્રગતિ ચકાસો

15.12 સારાંશ **(Summary)**

15.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

15.14 ચાવીરૂપ શબ્દો **(Key Words)**

15.15 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

15.16 સંદર્ભો અને વિશેષ વાંચન **(References)**

## 15.0 ઉદ્દેશો (Objectives)

- ભારતમાં જાહેર ગ્રંથાલયોનું નેટવર્ક ઊભું કરવામાં જરૂરી પરિબળોની ચર્ચા કરવી.
- ભારતમાં જાહેર ગ્રંથાલયોના નેટવર્કની ઉપયોગીતા અને ફાયદાઓની ચર્ચા કરવી.
- નેટવર્કના જુદા જુદા પ્રકારોની ચર્ચા કરવી.
- ભારતમાં હાલમાં અસ્તિત્વ ધરાવતા વિવિધ નેટવર્કની ઓળખ

## 15.1 વ્યાખ્યા :

જુદા જુદા ગ્રંથાલયો કોઈ એક કરાર કે સમજૂતી હેઠળ એકઠાં થઈને તેમનાં ઉપભોક્તાઓની જરૂરિયાતો સંતોષવા કોઈ સામાન્ય મુદ્દાઓ પર સહમત થઈને કાર્ય કરવું.

- યુનિસિસ્ટ II નાં દસ્તાવેજમાં આપેલ નેટવર્કની વ્યાખ્યા: 'નેટવર્ક એટલે આંતરિક રીતે સંકળાયેલાં અને સહકારની ભાવના સાથે સામાન્ય કરાર હેઠળ આંતરિક પ્રત્યાયનથી જોડાઈને તેમના ઉપભોક્તાઓ માટે માહિતીનું આદાન પ્રદાન કરે છે.'
- ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં રાષ્ટ્રીય કમિશને તેનાં રાષ્ટ્રીય કાર્યક્રમનાં દસ્તાવેજ (1975) માં આપેલ નેટવર્કની વ્યાખ્યા મુજબ 'બે અથવા વધુ ગ્રંથાલયો સમાન હેતુઓ માટે માહિતીના આદાન પ્રદાન માટે પ્રત્યાયનથી જોડાય છે.'

## 15.2 પ્રસ્તાવના

ગ્રંથાલયો ઘણાં પ્રકારનાં હોય છે, જેમાં મુખ્યત્વે શૈક્ષણિક, જાહેર અને વિશિષ્ટ ગ્રંથાલયો મુખ્ય છે. જાહેર ગ્રંથાલયો સમાજનાં તમામ પ્રકારનાં વાચકોની જરૂરિયાત સંતોષે છે. જેમ કે, બાળકોથી લઈને વૃધ્ધ

નાગરિકો, ખેડૂતોથી લઈને ઉચ્ચ સરકારી અમલદારો અને ગૃહિણીઓથી માંડીને સંશોધનકર્તાઓ સુધીનાં લોકોની વાચનની જરૂરિયાત સંતોષે છે. શૈક્ષણિક અને વિશિષ્ટ ગ્રંથાલયો કોઈ ચોક્કસ સંસ્થા જેવી કે વિશ્વવિદ્યાલય, સંશોધન સંસ્થા કે ઉદ્યોગોનાં ઉપભોક્તાઓને ચોક્કસ વિષય કે ક્ષેત્રની માહિતી આપતાં હોય છે. જાહેર ગ્રંથાલયોને વૈશ્વિક સ્તરે જ્ઞાનનાં દરવાજા તરીકે ઓળખવામાં આવે છે. યુનેસ્કોનાં જાહેરનામા પ્રમાણે સ્વતંત્રતા, વિકાસ અને પ્રગતિ એ કોઈપણ સમાજ કે વ્યક્તિનાં મૂળભૂત મુખ્ય માનવીય મૂલ્યો છે.

માહિતીનાં વિસ્ફોટની સાથે ગ્રંથપાલો અને માહિતી નિષ્ણાતોએ દરેક વિષયનાં ઉપલબ્ધ સાહિત્યમાંથી જરૂરી માહિતી શોધી કાઢવા માટે નવી પધ્ધતિઓનો ઉપયોગ કરવો જરૂરી બન્યો. મુખ્યત્વે દરેક ક્ષેત્રમાં દસ્તાવેજોનાં પ્રકાશનમાં ખૂબ જ વૃધ્ધિ થઈ. માહિતીના આ ખૂબ મોટા જથ્થાને એકત્રિત કરીને તેને સુઆયોજિત કરવી. જેથી ઉપભોક્તાઓ તેનો મહત્તમ ઉપયોગ કરી શકે તે ખૂબ પડકારરૂપ કાર્ય બની ગયું. આથી માહિતી પ્રત્યાયનની નવી નવી તકનીકો અને ખાસ ઈલેક્ટ્રોનિક માહિતી પ્રક્રિયાઓ થકી માહિતી વ્યવસ્થાપનની કામગીરી અનિવાર્ય બની. ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોમાં હવે કોમ્પ્યુટર અને તેને આધારિત બીજી સેવાઓ માહિતીનાં ચોક્કસ સંગ્રહ, પ્રક્રિયાઓ, પુન:પ્રાપ્તિ અને પ્રસારણ માટે જરૂરી બની ગઈ. ઉપરાંત બીજાં ગ્રંથાલયો સુધી માહિતીનાં વિસ્તરણ માટે પણ જરૂરી બની ગઈ.

ગ્રંથાલયો માટે ઉપલબ્ધ સ્રોતોનો ઉપભોક્તાઓ સશક્ત રીતે અસરકારક ઉપયોગ કરી શકે તે મહત્વનું કાર્ય બની ગયું. આ કાર્ય મુખ્યત્વે સ્રોતોની સહભાગીતા અને ગ્રંથાલયોમાં સહકાર કેળવીને અસરકારક રીતે થઈ શકે. જેના માટે ગ્રંથાલયોમાં નેટવર્કીંગ તેમજ અદ્યતન તકનીકોનો ઉપયોગ જરૂરી બની ગયો છે.

## 15.3 જાહેર ગ્રંથાલયોમાં નેટવર્કીંગ માટે જરૂરી પરિબળો :

વિકસિત રાષ્ટ્રોની સાપેક્ષમાં ભારતમાં ગ્રંથાલયોનું નેટવર્કીંગ વિશેષ જરૂરી છે.

નેટવર્કીંગના પરિબળોમાં ઉપલબ્ધ સ્રોતો (ગ્રંથાલયોમાં ઉપલબ્ધ સ્રોતો)નું નેટવર્કીંગ અગત્યનું છે.

1) દરેક સંસ્થા માટે તેના ઉપભોક્તાને જરૂરી પધ્ધતિની રચના (ડીઝાઈન) કરવાનું શક્ય નથી કેમકે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્રોતોની માહિતી પૂરી પાડવાનું છે નહીં કે ડીઝાઈન બનાવવાનું. આથી તેમણે ઉપભોક્તાની જરૂરિયાત મુજબ પધ્ધતિ ખરીદવી પડે છે. સામાન્ય રીતે તે મુશ્કેલ જ નહીં પણ અશક્ય છે કે જે તેમની સંપૂર્ણ જરૂરિયાત સંતોષી શકે. ભારતમાં સામાન્ય રીતે આવી ટેકનોલોજી વિદેશથી ખરીદવામાં આવે છે અને ત્યારબાદ લોકો તેના નિભાવ માટે ખૂબ પ્રશ્નોનો સામનો કરે છે. આથી નેટવર્કીંગ શરૂ કરતાં પહેલાં, વાર્ષિક હાર્ડવેર નિભાવ વગેરે માટે શરૂઆતની તાલીમ અનિવાર્ય છે.
2) ભારતમાં વિજ્ઞાનનાં સામયિકોના સંગ્રહનો વિચાર કરીએ જેવાં કે તો વિકસિત રાષ્ટ્રો યુએસએ, યુકે ની સાપેક્ષમાં ખૂબ જ ઓછો છે. કેટલાક ગ્રંથાલયોમાં ખૂબ સારો સંગ્રહ છે જ્યારે મોટા ભાગના ગ્રંથાલયોમાં પૂરતો સંગ્રહ નથી. સમગ્ર સ્રોતો જે દેશની વિવિધ લાઈબ્રેરીઓમાં છે તેને એક જ સ્રોત ગણવાની ખૂબ તાતી જરૂરિયાત છે અને તે ભારતની સમગ્ર જનતા માટે ઉપલબ્ધ કરાવી શકાય.

   ગ્રંથાલયોનું નેટવર્કીંગ (જોડાણ) એ સ્રોતોની સહભાગીતા માટેનો શ્રેષ્ઠ રસ્તો છે. જેના થકી જરૂરી માહિતી અસરકારક રીતે દરેક માટે ઉપલબ્ધ કરાવી શકાય છે.
3) સંશોધન મારફતે જે સાહિત્ય ઉપલબ્ધ થાય છે તે દર પાંચ વર્ષે સામાન્ય રીતે બેવડાઈ જતું હોય છે. લગભગ દસ લાખથી વધુ

સંશોધન લેખો દર વર્ષે પ્રકાશિત થતા હોય છે. આ ઉપરાંત નવી વિગતો, તંત્રી લેખો અને કેટલાક મુદ્રિત સામગ્રીમાં પણ પ્રકાશિત થતાં હોય છે. કોઈપણ એક ગ્રંથાલય માટે આ સમગ્ર સંદર્ભ સામગ્રી મેળવવી પણ મુશ્કેલ છે અને તેને સંગ્રહ કરવી તે તેનાથી પણ વધુ મુશ્કેલ છે. તે માટે જરૂરી નાણાંની વ્યવસ્થા પણ કરવી ખૂબ મુશ્કેલ પડે છે. કોઈ પણ ગ્રંથાલય માટે રિપોર્ટ્સ, પુસ્તકો અને સામયિકોને મેળવવા માટેનું એક સામાન્ય સ્તર જાળવવા માટે પણ ઘણાં નાણાંની જરૂર પડે છે. આથી અન્ય ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો સાથેનું જોડાણ ખૂબ જરૂરી બને છે. કેમકે કોઈ એક ગ્રંથાલય સ્વતંત્ર રીતે આટલી મોટી સંખ્યામાં પુસ્તકો, સામયિકો મેળવવા સમર્થ નથી.

4) ભારત એક ખૂબ વિશાળ દેશ છે. જેમાં જાતિ, સંસ્કૃતિ અને ભાષાની વિવિધતા જોવા મળે છે. આવા વિશાળ દેશના વિકાસનું વ્યવસ્થાપન ફક્ત કેન્દ્રિય ધોરણે શક્ય બને છે. દેશની રાજધાનીમાં બેસીને આવા વિશાળ દેશનાં વિકાસ માટેનું આયોજન કરવા માટે દેશના દરેક ભાગમાંથી માહિતીનો પ્રવાહ ખૂબ જ ઝડપથી કેન્દ્રમાં જવો જોઈએ. જેને અસરકારક રીતે પાર પાડવા માટે રાજ્યમાંનાં દરેક માહિતીકેન્દ્રોનું જોડાણ (નેટવર્કિંગ) કરીને તેમને કેન્દ્ર સાથે જોડવા ખૂબ જ જરૂરી છે. જેમાં મુખ્ય અવરોધ ખૂબ નબળી કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. પ્રત્યાયનની જરૂરી સગવડતાઓ વિકસાવીને જેમકે, ઓપ્ટીકલ ફાઈબર, સેટેલાઈટ કોમ્યુનિકેશન, ખૂબ જ શક્તિશાળી કોમ્પ્યુટર વગેરેનો ઉપયોગ કરીને એક ખૂબ શક્તિશાળી અને અસરકારક લાઈબ્રેરી નેટવર્ક ઉભું કરી શકાય.

**લાઈબ્રેરી નેટવર્કનાં હેતુઓ :**

- ઉપભોક્તાઓની માહિતી જરૂરિયાત પૂરી કરવી.
- રાજ્ય ગ્રંથાલયોને તકનીકી સહાય પૂરી પાડવી
- નેટવર્ક વ્યવસ્થાપનનું સંચાલન

## 15.4 રાષ્ટ્રીય પ્રયાસો

છેલ્લા વીસ વર્ષોમાં ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રોમાં કોમ્પ્યુટરની ઉપયોગીતાનાં ઘણાં પ્રયત્નો કરવામાં આવ્યા છે. છેલ્લા ઘણાં વર્ષોથી ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રોએ તેમનાં ઘણાં કાર્યો અને સેવાઓમાં કોમ્પ્યુટરનો ઉપયોગ વ્યાપક પણે કરવા માંડ્યો છે. NISSAT (નેશનલ ઈન્ફર્મેશન સીસ્ટમ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી) એ દેશનાં ગ્રંથાલયોનાં સ્વચાલન માટે એક સંકલિત પ્રયાસ કરેલ છે. આ પ્રયત્નો મોટે ભાગે રાષ્ટ્રીય સ્તરે કરવામાં આવ્યાં છે. જેમાંની કેટલીક સંસ્થાઓ જે કોમ્પ્યુટરાઈઝ્ડ માહિતી વ્યવસ્થાપનનું કાર્ય કરે છે. તેમાં :

* BARC -ભાભા એટમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ
* DESIDOC – ડિફેન્સ સાયન્ટિફિક ઈન્ફર્મેશન એન્ડ ડોક્યુમેન્ટેશન સેન્ટર
* DRTC - ડોક્યુમેન્ટેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ સેન્ટર
* IISc - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ, બેંગલોર
* IIT - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી (દિલ્હી, ચેન્નઈ, કાનપુર)
* INSDOC - ઈન્ડિયન નેશનલ સાયન્ટિફિક ડોક્યુમેન્ટેશન સેન્ટર, ન્યુ દિલ્હી
* NIC - નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર, ન્યુ દિલ્હી
* NISSAT - નેશનલ ઈન્ફર્મેશન સીસ્ટમ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી, ન્યુ દિલ્હી
* PRL - ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ
* TIFR - ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈ

ભારતીય ગ્રંથાલયોના છેલ્લા 40 વર્ષનો 'નેટવર્કિંગનો વિકાસ' કાળાનુક્રમ અનુસાર નીચે મુજબ દર્શાવી શકાય:

1958 : વૈજ્ઞાનિક યોજના ઠરાવ જે પંડિત જવાહરલાલ નહેરુનાં સમય દરમ્યાન સ્વીકારાયો, જે લોકોમાં વૈજ્ઞાનિક સમજ કેળવવાનું કાર્ય કરે છે. આ મુસદ્દાને આધીન વિવિધ

કમિટિઓ અને કમિશનોની રચના કરવામાં આવી, જે ચોક્કસ મુદ્દાઓની તપાસ કરીને તેના માટે જરૂરી સૂચનો કરશે.

1959 : સિંહા કમિટિનો અહેવાલ

1965 : રંગનાથનનો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ને અહેવાલ

1972 : વી. એ. કામથનો અહેવાલ

1977 : NICNET ની સ્થાપના નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (1975) દ્વારા કરવામાં આવી.

1983 : તકનિકી માહિતી પરિયોજના જે તકનિકી માહિતી માટેની જરૂરિયાતોનો આધાર તૈયાર કરે છે.

1984 : શેષાગિરીની અધ્યક્ષતામાં પ્લાનિંગ કમિશનનાં એક કાર્યકારી સમૂહે સરકારને 7મી પંચવર્ષિય યોજના (1985-90) માં ગ્રંથાલયો અને માહિતી સેવાઓનાં આધુનિકીકરણ પર ભાર મૂક્યો.

1986 : NISSAT દ્વારા કલકત્તા ખાતે CALIBNET ની સ્થાપના કરવામાં આવી.

1988 : ગ્રંથાલયો અને માહિતી પધ્ધતિ માટેની રાષ્ટ્રિય પોલિસી સુપરત કરવામાં આવી. જેમાં માહિતી ટેકનોલોજીનો ઉપયોગ રાષ્ટ્રિય સ્તરે કરવા માટે સૂચવવામાં આવેલું.

1988 : યુજીસી દ્વારા ઈન્ફ્લીબનેટની સ્થાપના

1992 : NISSAT એ DELNET, દિલ્હીની સ્થાપના માટે સહકાર આપ્યો.

1993 : NISSAT એ ADINET, અમદાવાદની સ્થાપનામાં સહકાર આપ્યો.

1993 : NISSAT એ MALIBNET, ચેન્નાઈની સ્થાપનામાં સહકાર આપ્યો.

1994 : NISSAT એ MYLIBNET, મૈસૂરની સ્થાપનામાં સહકાર આપ્યો.

1995 : NISSAT એ BALNET, બેંગલોરની સ્થાપનામાં સહકાર આપ્યો.

## 15.5 યોજના આયોગનાં પ્રયત્નો

- ભારત સરકારનાં આયોજન પંચ દ્વારા ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોના સ્રોતોની સહભાગીતા તેમજ તેનાં જોડાણ માટે ખૂબ રસ લેવામાં આવ્યો છે.
- 1985-90 ની સાતમી પંચવર્ષિય યોજનાથી આ પ્રયત્નો ખૂબ વધારવામાં આવેલ છે. નવેમ્બર 1983 માં તેમણે એક કાર્યકારી જૂથની રચના લાઈબ્રેરી સેવાઓ અને ઈન્ફોર્મેટિક્સનાં આધુનિકીકરણ માટે કરી. આ કાર્યકારી જૂથે જુલાઈ 1984માં તેનો અહેવાલ સુપરત કર્યો. તેમણે ગ્રંથાલયોનું આંતરિક જોડાણ તેમજ લાઈબ્રેરી નેટવર્ક માટેનાં સૂચનો કર્યા. આ રિપોર્ટ 7મી પંચવર્ષિય યોજનામાં વિચારણા હેઠળ લેવાવાનો હતો.
- આયોજન પંચે એક બીજા કાર્યકારી જૂથની રચના કરી જેણે તેનો અહેવાલ મે-1989 માં રજૂ કર્યો. તેણે ફરીને દેશનાં ગ્રંથાલયોનાં નેટવર્કિંગ પર ભાર મૂક્યો.
- આયોજન પંચે ફેબ્રુઆરી 1995માં એક કોર કાર્યકારી જૂથની, જે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ગ્રંથાલયોનાં સ્રોતોની સહભાગીતા માટે રિપોર્ટ તૈયાર કરવા માટે રચના કરી.
- 1997-2002માં આયોજન પંચે ફરીને ગ્રંથાલય અને ઈન્ફોર્મેટિક્સ માટે એક કાર્યકારી જૂથની રચના, સંસ્કૃતિ અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનાં નેજા હેઠળ કરી. જેણે તેનો અહેવાલ નવમી પંચવર્ષિય યોજનામાં વિચારણા માટે રજૂ કર્યો. આ અહેવાલમાં ભારતનાં તમામ ગ્રંથાલયોનાં નેટવર્કિંગ માટે ખૂબ મહત્વનાં સૂચનો કરવામાં આવ્યાં.

જુદા જુદા વિભાગો જેમ કે, NISSAT, UGC, આયોજન પંચ તેમજ અન્ય વિભાગોનાં પ્રયાસોને કારણે ગ્રંથાલયોમાં સ્વચાલન અને નેટવર્કિંગમાં ખૂબ વધારો થયો.

## 15.6 નેટવર્કનું વર્ગીકરણ :

1. **નેટવર્કનું વર્ગીકરણ તેના ઉપયોગના આધારે :-**

   **સ્રોતોની સહભાગીતા નેટવર્ક** : જે નેટવર્કિંગનો મુખ્ય ઉદ્દેશ્ય સ્રોતોની સહભાગીતા હોય અને બીજાં ઉદ્દેશ્યો ગૌણ હોય તો આ નેટવર્કને સ્રોતોની સહભાગીતા નેટવર્ક ગણી શકાય.

   **માહિતી (ડેટા) ભાગીદારી નેટવર્ક** : આ પ્રકારનાં નેટવર્ક ચોક્કસ પ્રકારનાં ડેટાબેઝનો એક્સેસ દૂર સુદૂરનાં અંતરે આપે છે. દા.ત., સ્ટોક એક્સચેન્જ ડેટા, હોટલ કે એરલાઈન્સની માહિતીનો રિમોટ એક્સેસ.

   **પ્રત્યાયન અને માહિતી આદાન-પ્રદાન નેટવર્ક** : આ નેટવર્ક દ્વારા ઉપભોક્તાને ઈલેક્ટ્રોનિક મેઈલ કે બુલેટીન બોર્ડ દ્વારા ડેટા, ગ્રાફ કે દસ્તાવેજોના આદાન-પ્રદાન કરી શકાય છે.

2. **નેટવર્કનું વર્ગીકરણ ઉપભોક્તાના આધારે :-**

   **ખાનગી નેટવર્ક** : આ નેટવર્ક સામાન્ય રીતે કોઈ કંપનીનું પોતાની માલિકીનું હોય છે. જે પોતાના સ્ટાફ પૂરતું આ નેટવર્કનો ઉપયોગ અને નિયંત્રણ કરે છે.

   **જાહેર નેટવર્ક** : આ નેટવર્ક જાહેર જનતાને નેટવર્કીંગ ઓફર કરે છે. એટલે કે કોઈ વ્યક્તિગત કે સંસ્થાકીય રીતે જે તેનો સભ્ય હોય અથવા તેનું લવાજમ ભરતા હોય.

   **સહકારી નેટવર્ક** : આ નેટવર્કનું સંચાલન અને તેનું નિયંત્રણ સભ્યો દ્વારા થાય છે.

3. **નેટવર્કનું વર્ગીકરણ નેટવર્ક બંધારણ અને તેના પ્રોટોકોલ દ્વારા :-**

**<u>સ્વીચ્ડ નેટવર્ક</u> :** આ પ્રકારનાં નેટવર્કમાં ઉદ્દગમ સ્થાન અને અંતિમ સ્થાન વચ્ચેનો ભૌતિક રસ્તો માહિતી તબદીલ કરતાં પહેલાં સ્થાપવામાં આવે છે.

**<u>બ્રોડકાસ્ટ નેટવર્ક</u> :** બ્રોડકાસ્ટ પધ્ધતિમાં વચ્ચે સ્વીચીંગ પોઈન્ટ નથી હોતાં. બધાં જ સ્ટેશનો એક જ પ્રત્યાયન ચેનલમાં ભાગીદારી કરતાં હોય છે. એક સ્ટેશન દ્વારા પ્રત્યાયિત કરવામાં આવતા પેકેટ્સ બધાં સ્ટેશન દ્વારા મેળવવામાં આવે છે.

4. **નેટવર્કનું વર્ગીકરણ નેટવર્ક ટોપોલોજીના આધારે :**

**<u>પોઈન્ટ -ટુ- પોઈન્ટ નેટવર્ક</u> :** આ ખૂબ સરળ નેટવર્ક ટોપોલોજી છે. જેમાં બે પોઈન્ટ વચ્ચે કાયમી જોડાણ હોય છે. આ ટોપોલોજીએ પરંપરાગત ટેલિફોનીનું મૂળભૂત મોડેલ છે. ઘણાં સ્વીચ્ડ ટેલીકોમ્યુનિકેશન પદ્ધતિઓમાં કાયમી સર્કિટ સ્થાપવી શકય છે.

**<u>બસ નેટવર્ક</u> :** આ એક પ્રકારનું નેટવર્ક આર્કિટેક્ચર છે. જેમાં ક્લાયન્ટોનો સમૂહ શેર કરાયેલ કોમ્યુનિકેશનની લાઈન મારફત જોડાયેલ હોય છે. તેને બસ કહેવાય છે. લોકલ એરિયા નેટવર્ક જ્યાં બસ ટોપોલોજી વપરાય છે, તેમાં દરેક નોડ એક કેબલ સાથે ઇન્ટરફેસ કનેક્ટરની મદદથી જોડાયેલ હોય છે. આ સેન્ટ્રલ કેબલ એ નેટવર્કના કરોડરજ્જુ સમાન છે.

**<u>સ્ટાર નેટવર્ક</u> :** સ્ટાર ટોપોલોજી સાથે લોકલ એરિયા નેટવર્કમાં, દરેક નેટવર્ક યજમાન પોઈન્ટ-ટુ-પોઈન્ટ જોડાણ સાથે કેન્દ્રિત મધ્યબિંદુ સાથે જોડાયેલ હોય છે. તેથી કહી શકાય કે , દરેક કોમ્પ્યુટર આડકતરી રીતે કેન્દ્રની મદદથી અન્ય નોડ સાથે જોડાયેલ હોય છે. આ ટોપોલોજીમાં દરેક નોડ (કોમ્પ્યુટર વર્ક સ્ટેશન) મધ્યબિંદુ , રાઉટર કે સ્વીચ તરીકે ઓળખાતાં કેન્દ્રીય નોડ સાથે જોડાયેલ હોય છે.

**રીંગ નેટવર્ક :** રીંગ નેટવર્ક સ્ટ્રકચરમાં દરેક નોડ બીજા નોડ સાથે જોડાયેલ હોવાથી રીંગ બનાવી શકાય છે. જયારે માહિતી ફક્ત એક જ દિશામાં પસાર થાય છે.જયારે કોમ્પ્યુટર માહિતી મોકલે ત્યારે તે કોમ્પ્યુટરનાં સ્થાન પછીના સ્થળે તે માહિતી ટ્રાન્સફર કરે છે. દરેક ઉપકરણમાં આવતાં સિગ્નલ માટે રીસીવર અને રીંગમાં રહેલ પછીના ઉપકરણને ડેટા મોકલવા ટ્રાન્સમીટર હોય છે.

**રીંગ નેટવર્ક :** આ નેટવર્ક ટોપોલોજીમાં નેટવર્કનાં દરેક નોડ ઈ પોઈન્ટ-ટુ-પોઈન્ટ લીંક વડે એકબીજા નોડ સાથે જોડાયેલ હોય છે. આ નેટવર્કમાં કોઈપણ સીંગલ નોડથી અન્ય બધાં નોડને એક સાથે ડેટા મોકલી શકાય છે.

**ટ્રી નેટવર્ક :** ટ્રી ટોપોલોજીએ બસ ટોપોલોજી અને સ્ટાર ટોપોલોજીનું સંયોજન છે. તેમાં રુડનોડ, ઇન્ટરમિડિએટ નોડ અને અલ્ટીમેટ નોડ હોય છે. આ માળખું અધિક્રમિક (Hierarchical) સ્વરૂપમાં ગોઠવાયેલ હોય છે. તેથી આ નેટવર્ક સ્ટ્રકચરને હાયરાર્ચિકલ નેટવર્ક તરીકે પણ ઓળખવામાં આવે છે.

**હાઈબ્રિડ નેટવર્ક :** હાઈબ્રિડનેટવર્ક રીંગ, સ્ટાર અને બસ જેવા જુદાં જુદાં પ્રકારના ટોપોલોજીઓનું બનેલું છે. વાઈડ એરિયા નેટવર્ક એ સામાન્ય રીતે હાઈબ્રિડ નેટવર્ક છે.

**5. નેટવર્કનું વર્ગીકરણ ભૌગોલિક વિસ્તારના કવરેજના આધારે :**

**લોકલ એરિયા નેટવર્ક (LAN) :** LAN એ પ્રત્યાયિત માધ્યમની ભાગીદારી LAN માં રહેલાં (જોડાયેલાં) તમામ કોમ્પ્યુટર્સ અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ કરે છે. LAN નો મુખ્ય ઉપયોગ ઓફીસમાં રહેલાં તમામ કોમ્પ્યુટર્સને LAN માં જોડીને તે તમામ એક જ પ્રિન્ટર તેમજ ફાઈલ સર્વરનો ઉપયોગ કરી શકે તે રીતે જોડવામાં થાય છે. LAN એ કોઈપણ મકાનમાં અથવા કેમ્પસમાં હોઈ શકે.

**મેટ્રોપોલિટન એરિયા નેટવર્ક (MAN) :** દિલ્હી, કલકત્તા, ચેન્નઈ અને બેંગલોરના મેટ્રોપોલિટન વિસ્તારમાં આવાં નેટવર્ક વિકસાવવા પ્રયાસ થયેલ છે.

**વાઈડ એરિયા નેટવર્ક (WAN) :** મોટાં નેટવર્ક જે જુદાં જુદાં શહેરોમાં જુદી જુદી ઓફીસોનું નેટવર્કિંગ થયેલ હોય. જે માહિતીના આદાનપ્રદાન માટે જોડાયેલાં હોય અને માહિતી પ્રત્યાયન સેવાઓ વિસ્તૃત ભૌગોલિક વિસ્તાર સુધી આપતાં હોય.

## 15.7 ભારતમાં ગ્રંથાલય નેટવર્ક :

**ભારતમાં સામાન્ય નેટવર્ક : - NICNET**

| | |
|---|---|
| ટાઈટલ : | નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર નેટવર્ક |
| સ્પોન્સર : | આયોજન પંચ, ભારત સરકાર |
| સભ્યો : | ચાર રાષ્ટ્રીય અને પ્રાદેશિક નોડ, 32 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો, 70 શહેરો અને ગામો |
| સેવાઓ : | વિશાળ જથ્થામાં ફાઈલ ટ્રાન્સફર, ટેલિકોન્ફરન્સિંગ, બિબ્લિઓગ્રાફિક સેવાઓ |
| એપ્લિકેશન : | ICMR NIC Centres, MEDLARS in India, Chemical Abstracts Database |

**INDONET**

| | |
|---|---|
| ટાઈટલ : | ઈન્ડોનેટ ડેટા નેટવર્ક |
| સ્પોન્સર : | CMC (1986) India Ltd. = Informatics India Ltd. |
| સભ્યો : | Commercial Computer Network |
| સેવાઓ : | ડેટાબેઝ સેવાઓ જેવી કે Compuserve, IP, DIALOG SHARP |
| એપ્લિકેશન : | ACME, ફાઈલ ટ્રાન્સફર, ઈન્ટરનેશનલ ગેટવે |

**INET (VIKRAM) :**

| | |
|---|---|
| ટાઈટલ : | INET |
| સ્પોન્સર : | ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકમ્યુનિકેશન, ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા |
| કનેક્ટીવીટી : | નવ શહેરોને પેકેજ્ડ સ્વીચ્ડ પબ્લીક ડેટા નેટવર્ક મારફતે જોડે છે. |
| સેવાઓ : | માહિતીનું આદાનપ્રદાન ઈમેઈલ/FTP મારફતે અને બિબ્લિઓગ્રાફિક ડેટાબેઝ |

<u>સ્પેશ્યલાઈઝ્ડ નેટવર્ક</u> :

મેટ્રોપોલિટન નેટવર્ક : - CALIBNET (www.lisgateway.com)

| | | |
|---|---|---|
| ટાઈટલ | : | કલકત્તા લાઈબ્રેરીઝ નેટવર્ક |
| સ્પોન્સર | : | નિસાત, ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા |
| ઉપયોગિતા | : | કેટલોગીંગ, સામયિક નિયંત્રણ, પુસ્તક પ્રાપ્તિ, આદાન પ્રદાન, CAS / SDI સેવાઓ, સંઘ સૂચિ, ડેટાબેઝ એડીટીંગ અને પુનઃપ્રાપ્તિ, વૈશ્વિક માહિતી શોધ, ફુલટેક્સ્ટ ડોક્યુમેન્ટ ડિલીવરી, લાઈબ્રેરી ઓટોમેશન, CALIBNET માહિતી સેવાઓ |

**BONET**

| | | |
|---|---|---|
| ટાઈટલ | : | બોમ્બે લાઈબ્રેરી નેટવર્ક |
| સ્પોન્સર | : | NISSAT અને NCST (1994) |
| હેતુઓ | : | મુંબઈના ગ્રંથાલયોમાં સહકારને ઉત્તેજન આપવું |
| સેવાઓ | : | ઓનલાઈન કેટલોગ, ઓનલાઈન ડોક્યુમેન્ટ ડીલીવરી, IRS, આંતર-ગ્રંથાલય લેવડ-દેવડ, માહિતીનું પ્રસારણ |

**DELNET (delnet.nic.in)**

| | | |
|---|---|---|
| ટાઈટલ | : | ડેવલપીંગ લાઈબ્રેરી નેટવર્ક |
| સ્પોન્સર | : | NISSAT અને NIC (1988) |
| હેતુઓ | : | સ્રોતોની સહભાગીતાને ઉત્તેજન આપવું, ગ્રંથાલયોનું |

નેટવર્ક વિકસાવવું, માહિતી એકઠી કરવી, સંગ્રહ કરવી અને પ્રસારણ કરવું

સભ્યો : રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગ્રંથાલયો - 5000 થી વધુ

**એડીનેટ (http://alibnet.org)**

ટાઈટલ : અમદાવાદ લાઈબ્રેરી નેટવર્ક

સ્પોન્સર : NISSAT, DSIR (1994) અને ઈન્ફ્લિબનેટ

હેતુઓ : પ્રાદેશિક ગ્રંથાલયોમાં સહકાર કેળવવો, ડેટાબેઝનું નિર્માણ કરવું અને વિજ્ઞાન અને તકનિકી માહિતી પધ્ધતિને સંકલિત કરવી

સભ્યો : નવ ગ્રંથાલયો

સેવાઓ : ગ્રંથાલય સ્વચાલન, ગ્રંથાલય સંગ્રહ અને ડેટાબેઝનું કાર્ય ચાલુ છે.

**માયલિબનેટ (www.mylibnet.org)**

ટાઈટલ : મૈસૂર લાઈબ્રેરી નેટવર્ક

સ્પોન્સર : NISSAT (1994)

હેતુઓ : સોફ્ટવેર ટૂલ્સ વિકસાવવા, સેમિનાર/વર્કશોપ/ટ્રેનિંગ કાર્યક્રમોનું આયોજન કરવું અને સર્વે તૈયાર કરવા

સાઈટ : CFTRI, Mysore

સેવાઓ : Mylib ડેટાબેઝ, ઈ-જર્નલ્સ, ફુડ પેટન્ટ, CFTRI, લાઈબ્રેરી બુલેટીન, જાહેર સેવાઓ

## 15.8 વિસ્તાર આધારિત નેટવર્ક :-

**DESINET :**

ટાઈટલ : ડીફેન્સ સાયન્સ ઈન્ફર્મેશન નેટવર્ક

સ્પોન્સર : ડેસીડોક, દિલ્હી

કાર્ય : વૈજ્ઞાનિક સંશોધનો જે સંરક્ષણ આધારિત હોય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું

**ERNET**

| | | |
|---|---|---|
| ટાઈટલ | : | Education and Research Network |
| સ્પોન્સર | : | ડિપાર્ટમેન્ટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ, ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા, યુનેસ્કો (ફાઈનાન્શીઅલ મદદ UNDP તરફથી) |
| સભ્યો | : | IIT, IISc, નેશનલ સેન્ટર ફોર સોફ્ટવેર ટેકનોલોજી, મુંબઈ, CCI - Dept. of Electronics |
| સેવાઓ | : | પ્રત્યાયન સેવાઓ જેવી કે ઈ-મેઈલ, ફાઈલ ટ્રાન્સફર, રીમોટ લોગ ઓન, ડેટાબેઝ એક્સેસ, બુલેટીન બોર્ડ વગેરે. |

**SIRNET**

| | | |
|---|---|---|
| ટાઈટલ | : | સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ રિસર્ચ નેટવર્ક |
| સ્પોન્સર | : | CSIR (NCST - Bombay) |
| સભ્યો | : | લેબોરેટરીઝ અને સંશોધન અને વિકાસ સંસ્થાઓ |
| ઉપયોગો | : | વૈજ્ઞાનિક પ્રત્યાયન, લેધર ટેકનોલોજી, ફૂડ પ્રોડક્ટ્સ, નેચરલ પ્રોડક્ટ્સ, મેડીસીન્સ |

**VIDYANET**

| | | |
|---|---|---|
| ટાઈટલ | : | VIDYANET ( Communication Comfort Net ) |
| સ્પોન્સર | : | ટાટા ઈન્સ્ટી. ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ, મુંબઈ |
| હેતુઓ | : | ઝડપી પ્રત્યાયન સેવાઓ પૂરી પાડવા દેશમાં વિવિધ સ્થળોએ રહેલા કોમ્પ્યુટર્સનું જોડાણ કરી નેટવર્ક બનાવીને તેનું વિવિધ દેશોના સરખા પ્રકારનાં નેટવર્ક સાથે જોડાણ કરવું, કંપનીઓના સંશોધનને મહત્વ આપવું, સંશોધન માહિતીનું રોજબરોજ આદાનપ્રદાન કરવું અને સામૂહિક પ્રોજેક્ટ બનાવીને તેનું પ્રકાશન કરવું, ફાઈલ ટ્રાન્સફર પધ્ધતિ, કોમ્પ્યુટરનાં સ્રોતોની સહભાગીતા, રિમોટ એક્સેસ, ડેટાબેઝ અને ગ્રંથાલયોનાં સ્રોતોનો એક્સેસ મેળવવો |

**BTISNET (www.btisnet.nic.in)**

ટાઈટલ : BTISNET ( સ્પેશ્યલાઈઝ્ડ માહિતી નેટવર્ક )

સ્પોન્સર : ડિપાર્ટમેન્ટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ, ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા

કનેક્ટીવીટી : 10 સ્પેશ્યલાઈઝ્ડ માહિતી કેન્દ્રો જે જીનેટિક એન્જિનિઅરીંગ, પ્લાન્ટ ટીશ્યુ કલ્ચર, ફોટોસિન્થેસિસ અને પ્લાન્ટ મોલેક્યુલર બાયોલોજી, સેલ ટ્રાન્સફોર્મેશન, બાયો-પ્રોસેસીંગ એન્જીનિઅરીંગ

સેવાઓ : ડેટા પ્રોસેસિંગ, ઓનલાઈન કોમ્યુનિકેશન, ફેસીમાઈલ સેવાઓ

**ઈન્ફ્લીબનેટ (www.inflibnet.ac.in)**

ટાઈટલ : ઈન્ફર્મેશન લાઈબ્રેરી નેટવર્ક

સ્પોન્સર : યુજીસી (1991)

કનેક્ટીવીટી : કોમ્પ્યુટર કોમ્યુનિકેશન નેટવર્ક યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ માટેનું, લાઈબ્રેરી અને દેશભરનાં તમામ બિબ્લીઓગ્રાફિક માહિતી કેન્દ્રો

સેવાઓ : કેટલોગ સેવાઓ, ડેટાબેઝ સેવાઓ, ડોક્યુમેન્ટ ડિલીવરી, ઈ-મેઈલ, BBS, ઓડિયો અને વિડિયો કોન્ફરન્સિંગ વગેરે.

**BALNET**

ટાઈટલ : બેંગલોર લાઈબ્રેરી નેટવર્ક

સ્પોન્સર : જે આર ડી ટાટા મેમોરિઅલ લાઈબ્રેરી (1995)

**MALIBNET**

ટાઈટલ : મદ્રાસ લાઈબ્રેરી નેટવર્ક

સ્પોન્સર : ઈન્સડોક અને NISSAT (1993)

કાર્ય : બે અગત્યનાં ડેટાબેઝ , મદ્રાસમાં ઉપલબ્ધ સામયિકોની ડિરેક્ટરી અને મદ્રાસમાં ઉપલબ્ધ 300 સામયિકોમાં ઉપલબ્ધ આર્ટીકલ્સની અનુક્રમણિકા (કન્ટેન્ટ) પ્રકાશિત કરવી.

## 15.9 જાહેર ગ્રંથાલયોનું નેટવર્કિંગ :-

જાહેર ગ્રંથાલયોનું ઓટોમેશન અને નેટવર્કિંગ કરીને તેમને ખરા અર્થમાં સામાજીક માહિતી (કોમ્યુનિટી) અને સંદર્ભ કેન્દ્રો તરીકે વિકસાવી શકાય, કે જેનાં મારફતે સામાન્ય માણસોને જોઈતી માહિતી જેવી કે, મકાન, સામાજીક સુરક્ષા, આરોગ્ય, કાયદાકીય, હવામાન અને ટ્રાવેલ શીડ્યુલ વગેરે માહિતી ઉપલબ્ધ કરાવી શકાય.

ભારતમાં જાહેર ગ્રંથાલયોની પ્રાથમિકતા પર પૂરતું લક્ષ્ય આપવામાં આવેલ નથી. જેથી તેનો વિકાસ અસમાન રીતે થયેલ છે. જાહેર ગ્રંથાલયો કે જે સાક્ષરતા મિશન માટે કરોડરજ્જુ સમાન કાર્ય કરી શકે તેમ છે, તે જરૂરી ફંડ, પૂરતો સ્ટાફ, અદ્યતન સાધનો, પૂરતો પુસ્તક સંગ્રહ, જરૂરી વાંચન ખંડ માટેની જગ્યા અને ઉપભોક્તા માટે જરૂરી સગવડોનાં અભાવથી અસરગ્રસ્ત છે. જાહેર જનતાને અદ્યતન માહિતી પૂરી પાડવા તેમજ તેમને પૂરતું શિક્ષણ આપવા માટે જાહેર ગ્રંથાલયોને તકનીકી રીતે અદ્યતન બનાવવા જરૂરી છે. જેના માટે તેમને ઈન્ટરનેટનો એક્સેસ આપીને આંતરરાષ્ટ્રીય ડેટાબેઝ અને નેટવર્કનો એક્સેસ આપી શકાય.

યુનેસ્કોના જાહેર ગ્રંથાલયોના જાહેરનામા પ્રમાણે -
“જાહેર ગ્રંથાલયો શિક્ષણ, સંસ્કૃતિ અને માહિતીનાં જીવંત શક્તિ સમાન છે અને તે શાંતિ અને ધાર્મિક સંવાદિતા માટે અગત્યનાં ઘટક તરીકે પુરુષોનાં અને સ્ત્રીઓનાં મગજ મારફતે કાર્ય કરે છે”.

આ જાહેરનામું વધુ સૂચવે છે કે,

“જાહેર ગ્રંથાલય નેટવર્ક રાષ્ટ્રીય, પ્રાદેશિક, સંશોધન અને ખાસ ગ્રંથાલયોનાં સંદર્ભમાં શાળા, કોલેજ અને યુનિવર્સિટી લાઈબ્રેરીઓના સંદર્ભમાં ડીઝાઈન કરવું જોઈએ.”

આથી બીજા દેશોનાં આવા નેટવર્કની સાપેક્ષમાં પણ ભારતમાં આવું નેટવર્ક ઉભું કરવાની તાતી જરૂરિયાત છે. ચોક્કસ માહિતીનાં અભાવે ભારતમાં જાહેર ગ્રંથાલયોની સંખ્યા ઉપલબ્ધ નથી. આમ છતાં

લગભગ 60000 થી વધુ જાહેર ગ્રંથાલયો છે. તે બધાંને ખરા અર્થમાં ગ્રંથાલયો ન કહી શકાય કેમ કે તેમાંના મોટા ભાગનાં વાંચન ખંડ છે. તેમાંના મોટા ભાગનાં કોમ્પ્યુટર્સ વગરનાં અને ગ્રંથપાલ ખૂબ દૂરથી આવતા હોય તેવાં ગ્રંથાલયો છે, ટૂંકમાં,કોમ્પ્યુટર્સનો ઉપયોગ કરી શકે તેવી સ્થિતિમાં નથી. ગ્રંથાલયોના સ્વચાલન અને નેટવર્કિંગ માટે ગ્રંથાલય સ્ટાફની તાલીમ કોમ્પ્યુટરની ઉપયોગીતા અને સેવાઓની તાલીમ ખૂબ જ મહત્વની મૂળભૂત જરૂરિયાત બની ગઈ છે.

ગ્રામ્ય વિસ્તારોમાં, ગ્રામ્ય વિસ્તારોની સ્થાયિતા મુજબ, વિવિધ અંતરે આવેલ હોવાથી ત્યાંની લાઈબ્રેરીઓમાં નથી પૂરતા સાધનો કે નથી પૂરતો સ્ટાફ. ઉપરાંત, ત્યાંના ઉપભોક્તાઓનું સ્તર પણ ખૂબ ઉંચુ ન હોવાને કારણે માહિતીના બંધારણમાં પણ ઘણા પ્રકારની મુશ્કેલીઓ અનુભવાય છે. પહેલા તબક્કામાં ગ્રામ્ય ગ્રંથાલયોને જાહેર ગ્રંથાલય નેટવર્કમાં જોડવા મુશ્કેલ છે. આમ છતાં, પ્રત્યાયન ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ થકી દૂર સુદૂરનાં અંતરે રહેલા ગ્રામ્ય ગ્રંથાલયોને જાહેર ગ્રંથાલય નેટવર્કમાં જોડી શકાય છે.

આથી આપણે નોંધીએ છીએ કે જાહેર ગ્રંથાલયોને જો ખરા અર્થમાં જાહેર જનતા સુધી પહોંચવું હોય અને રાષ્ટ્રીય નેટવર્ક પધ્ધતિ તરીકે સ્થાન મેળવવું હશે તો, નવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ એ ફક્ત જરૂરી નહી પરંતુ પ્રાથમિક અગત્યતા પણ છે. સમય પરિવર્તન સાથે આપણે પણ બદલાવ લાવવો જોઈએ અને પશ્ચિમના દેશોમાં જે અદ્યતનતાનો પ્રવાહ વહી રહ્યો છે તેમાંથી શીખીને તાલમેલ મેળવવો જોઈએ. જેના માટે આપણે જાહેર ગ્રંથાલયોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કરવું જોઈએ અને માનવશક્તિનાં વિકાસ પર ધ્યાન આપવું જોઈએ, તેમને કોમ્પ્યુટરના ઉપયોગની તાલીમ આપવી જોઈએ. AACR-II તેમજ MARC ફોર્મેટ, વિષય મથાળા, વર્ગીકરણ, સોફ્ટવેરની ઉપયોગીતા વગેરેના ઉપયોગની તાલીમ આપવી જોઈએ ઉપરાંત ઈ-મેઈલના ઉપયોગની અને ઈન્ટરનેટની તાલીમ આપવી જોઈએ.

## 15.10 ભારતમાં જાહેર ગ્રંથાલયોના ઓટોમેશન અને નેટવર્કિંગના કાયદાઓ :

- મશીન રીડેબલ રેકોર્ડ એક સાથે ઘણા લોકો દ્વારા એકથી વધુ સ્થળેથી વાંચી શકાય છે. દા.ત., પુસ્તક પ્રાપ્તિ માટે જે રેકોર્ડ બનાવવામાં આવે છે તે સરક્યુલેશન તેમજ એક્સેશનીંગમાં વાપરી શકાય છે જેથી લાઈબ્રેરી સ્ટાફનો સમય બચાવી શકાય છે.
- પુસ્તક પ્રાપ્તિ, એક્સેશનીંગ, વર્ગીકરણ, કેટલોગીંગ, સરક્યુલેશન, સામયિક નિયંત્રણ, માહિતી સંગ્રહ અને પુન:પ્રાપ્તિ અને ઈન્ડેક્સીંગ વગેરે પ્રક્રિયાઓને ગ્રંથાલય સોફ્ટવેર વડે સ્વચાલિત કરી શકાય. ગ્રંથાલય સ્વચાલન ગ્રંથાલય સ્ટાફને પુનરાવર્તિત કામોમાંથી મુક્તિ આપે છે અને સમય બચાવે છે તેમજ લાઈબ્રેરીના રૂટિન કામોમાં પણ સમય બચાવે છે.
- ચોકસાઈ અને ઝડપ વધારે છે
- ગ્રંથાલયનાં કાર્યોમાં કરકસરતા આવે છે અને ત્વરિત લાઈબ્રેરી સેવા આપી શકાય છે.
- મેન્યુઅલ કાર્યો કરતાં ટેકનીકલ કાર્યોમાં કાર્યક્ષમતા વધે છે.
- સ્વચાલનને કારણે આર્થિક બચત થાય છે
- ઉપભોક્તાને વધુ સારી રીતે ગ્રંથાલય અને માહિતી સેવાઓ આપી શકાય છે
- ગ્રંથાલયની કાર્યક્ષમતા વધારી શકાય છે
- બધાં જાહેર ગ્રંથાલયોને નેટવર્ક દ્વારા જોડી શકાય છે.
- નેટવર્કિંગ સામુહિક સહકારી ગ્રંથભંડારને વિકસાવે છે
- બિબ્લિઓગ્રાફી / તમામ ગ્રંથાલયોના ડેટાબેઝની સંઘસૂચી એક જ જગ્યાએ વિકસાવવી શક્ય બને છે.
- ખાસ પ્રકારનાં ઉપભોક્તાની જરૂરિયાતોને પહોંચી શકાય છે
- આર્થિક મુશ્કેલીઓ અનુભવાતી નથી.

- જરૂરિયાત વગરનું કાર્યોનું પુનરાવર્તન (ડુપ્લીકેશન) ઘટાડે છે
- ભારતમાં લાઈબ્રેરી નેટવર્કિંગને કારણે સ્થળ, સમય અને ગ્રંથાલય સ્રોતોની ભૌતિક હલનચલન નિવારી શકાય છે.
- હાર્ડવેર સ્રોતોની સહભાગીતા :
  હાર્ડવેર જેવાં કે કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર વગેરે નેટવર્કિંગ ગ્રુપ મારફતે બીજાં ગ્રંથાલયોના ફાયદા માટે મેળવી શકાય છે
- સોફ્ટવેરની સહભાગીતા :
  વ્યક્તિગત કોઈ એક ગ્રંથાલય ખર્ચાળ સોફ્ટવેર ખરીદવા સમર્થ ન હોય તો, દરેક ગ્રંથાલય વતી સમૂહમાં એક સોફ્ટવેરની ખરીદી કરી શકાય.જેનાથી સોફ્ટવેર માટે થતો ખર્ચ ઘટાડી શકાય છે અથવા તો કોઈ એક સોફ્ટવેર ખરીદીને બીજા ગ્રંથાલયો તેને નેટવર્કિંગમાં મૂકીને તેનો સર્વર કે ઉપભોક્તા મશીન તરીકે ઉપયોગ કરી શકે છે.
- ડોક્યુમેન્ટ ડિલીવરી સેવાઓ આપી શકાય છે
- જાહેર ગ્રંથાલયોમાં રહેલા રેકોર્ડની માહિતી ઈન્ટરનેટ પર વેબસાઈટ બનાવીને વેબસાઈટ પર રાખી શકાય છે. વેબસાઈટ મારફતે જુદાં જુદાં પ્રકારની માહિતી જેવી કે ઉદ્યોગો, ખેતી વિષયક, ઈન્ફર્મેશન ટેકનોલોજી વગેરે શોધી શકાય તેમ મૂકી શકાય છે અને આજ માહિતી ઈ-મેઈલ અને સોશીઅલ નેટવર્કિંગ સાઈટ મારફતે મોકલી પણ શકાય છે.
- લોકો વૈશ્વિક રીતે જોડાઈ શકે છે અને માહિતી દુનિયાના કોઈ પણ ખૂણેથી એક્સેસ કરી શકે છે.
- ICT ના અમલીકરણ સાથે જાહેર ગ્રંથાલયો સામુદાયિક માહિતી કેન્દ્રો તરીકે કાર્ય કરી શકે છે.

## 15.11 તમારી પ્રગતિ ચકાસો

1. નેટવર્કનાં પ્રકારો જણાવો.
2. ભારતમાં જુદાં જુદાં પ્રકારનાં ગ્રંથાલય નેટવર્કનાં નામ આપો.
3. નેટવર્કિંગના ફાયદાઓની ચર્ચા કરો.

નોંધ: -

(i) નીચે આપેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(ii) આ એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારા ઉત્તર ચકાશો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 15.12 સારાંશ (Summary)

ગ્રંથાલયોનું નેટવર્કિંગ, તેનો વિકાસ અને વ્યવસ્થાપન એ એક ઉચ્ચ પ્રકારની પ્રતિબધ્ધતા માંગી લે છે, ખાસ કરીને ભારતમાં કેમકે જ્યાં મોટા ભાગના ગ્રંથાલયોમાં નિપૂણ સ્ટાફ, મેન પાવરનો અભાવ હોય છે અને નાણાંકીય અભાવ પણ પુષ્કળ છે આથી સ્વચાલન અને ICT નું અમલીકરણ ખૂબ મુશ્કેલ કાર્ય છે. ફક્ત ગ્રંથાલયોનો સહકાર તો જરૂરી છે જ ઉપરાંત બીજા નેટવર્ક્સ સાથેનો સહકાર પણ તેટલો જ મહત્વનો છે. અને તો જ ભારતમાં આવું નેટવર્ક સફળતાપૂર્વક સ્થાપી શકાય. નેટવર્કના વ્યવસ્થાપન માટે તેનું વ્યવસ્થિત આયોજન પણ વિચારણા માગી લે છે, ત્યારબાદ તેનું અમલીકરણ અને તેને કાર્યરત રાખવા માટે પણ ખુબજ આયોજન કરવુ પડે છે. જેના માટે પૂરો સમય

ફાળવી  પ્રયાસો કરવા પડે, પાર્ટ ટાઇમ પ્રયાસોથી ગુણવત્તાને તો અસર થાય છે જ ઉપરાંત નેટવર્ક નાં અમલીકરણ માં પણ વિલંબ થાય છે.

## 15.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1) નેટવર્કનું વર્ગીકરણ તેની ઉપયોગીતાનાં આધારે
   નેટવર્કનું વર્ગીકરણ તેના ઉપભોક્તાના આધારે
   નેટવર્કનું વર્ગીકરણ તેના બંધારણ અને પ્રોટોકોલનાં આધારે
   નેટવર્કનું વર્ગીકરણ નેટવર્ક ટોપોલોજીના આધારે
   ભૌગોલિક વિસ્તારનાં કવરેજને આધારે નેટવર્કનું વર્ગીકરણ
2) NICNET, INDONET, I-NET (VIKRAM), CALIBNET, BONET, DELNET, ADINET, DESINET, ERNET, SIRNET, VIDYANET, BTISNET, BALNET, INFLIBNET
3) નેટ વર્કિંગના ફાયદાઓ : ગ્રંથાલયના કાર્યોમાં ચોકસાઈ અને ઝડપ લાવવા, કાર્યમાં કરકસરતા અને ઝડપી લાઈબ્રેરી સેવાઓ આપવા, મેન્યુઅલ કાર્યો કરતાં ટેકનિકલ કાર્યોમાં કાર્યક્ષમતા વધારવા, ઓટોમેશનથી નાણાકીય બચત વધારવા, ઉપભોક્તાઓ માટે ગ્રંથાલય અને માહિતી સેવાઓ સુધારવા, લાઈબ્રેરી નેટવર્કિંગની કાર્યક્ષમતા વધારવા કે જેથી સહકારી ધોરણે ગ્રંથસંગ્રહ વિકસાવી શકાય. બિબ્લિઓગ્રાફિક ડેટાબેઝ તેમજ તમામ ગ્રંથાલયોની સંઘસૂચિ બનાવીને કોઈ એક જગ્યાએ રાખીને તમામ ગ્રંથાલયોને ઉપલબ્ધ બનાવી શકાય, નાણાંકીય મુશ્કેલીઓ દૂર કરી શકાય બિન જરૂરી કાર્યોનું ડુપ્લીકેશન અટકાવી શકાય. તેમજ ડોક્યુમેન્ટ ડિલીવરી સેવાઓ આપી શકાય.

## 15.14 ચાવીરૂપ શબ્દો (Key Words)

- ગ્રંથાલય નેટવર્ક :

  ગ્રંથાલય નેટવર્કને વ્યાપક રીતે વર્ણવીએ તો, ગ્રંથાલયોનો એક સમૂહ એક કરાર આધારિત સમજૂતી થકી ભેગા થઈને તેમના ઉપભોક્તાઓને માહિતીની જરૂરિયાતો સંતોષવા એકબીજાને મદદ કરવા એકઠા થાય છે.

- જાહેર ગ્રંથાલય :

  જાહેર ગ્રંથાલય એ છે કે જે રાજ્ય આધારિત કાયદાથી સમુદાય, પ્રદેશ અને જીલ્લાની વ્યક્તિની ગ્રંથાલય આધારિત સેવાઓ આપે છે

- નેટવર્કનું વર્ગીકરણ :

  નેટવર્કનાં જુદાં જુદાં માનકો આધારિત જુદાં જુદાં પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

## 15.15 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

1. ભારતમાં NICNET ની સ્થાપના કઈ સાલમાં કરવામાં આવી.?

   (A) 1950 (B) 1952 (C) 1977 (D) 1987

2. ભૌગોલિક વિસ્તારનાં કવરેજના આધારે નેટવર્કનાં કુલ પ્રકાર કેટલાં છે.?

   (A) 4 (B) 3 (C) 2 (D) 6

3. DELNET ની સ્થાપના કઈ સાલમાં કરવામાં આવી.?

   (A) 1980 (B) 1992 (C) 1988 (D) 1970

4. શિક્ષણ અને સંશોધન માટે ભારત સરકારે કયા નેટવર્કની સ્થાપના કરેલ છે.?

   (A) VIDYANET (B) ERNET (C) DESINET (D) DELNET

5. બ્રિટીશ હકુમત હેઠળના કયા રાજ્યોએ ફરજીયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરેલ છે.?

(A) હૈદ્રાબાદ (B) મહારાષ્ટ્ર (C) વડોદરા (D) ઉત્તર પ્રદેશ

(1 – C) , (2 – B) , (3 –C) , (4 – B), (5 - C)

## 15.16 સંદર્ભો અને વિશેષ વાંચન (References)


1. Jebraj, V Franklin David and Devadoss, Franklin Robert, (2005)., Library and Information Networks in India, Library Philosophy and Practice (e-journal) Paper 29.
2. Singh Joteen (2010) Information and Library Networking Programme in 21st century, Delhi:B R Publishing
3. Satyanarayan R (1996). Information Technology and its Facets, New Delhi: Manek Publication.

# યુનિટ-16 ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ અને વૃદ્ધિ

:: રૂપરેખા ::

**16.0 ઉદ્દેશો (Objectives)**

**16.1 પ્રસ્તાવના (Introduction)**

**16.2 સાર્વજનિક ગ્રંથાલયનો ઉદ્દભવ અને વિકાસ**

**16.3 સાર્વજનિક ગ્રંથાલય ધારો, ગુજરાત 2001**

**16.4 ગુજરાતના સાર્વજનિક ગ્રંથાલયોનું યાંત્રિકીકરણ**

**16.5 સારાંશ**

**16.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર**

**16.7 ચાવીરૂપ શબ્દો**

**16.8 સંદર્ભ અને વિશેષ વાંચન**

## 16.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચેની બાબતોથી જાણકાર બનશો

- સાર્વજનિક ગ્રંથાલયનો અર્થ, વ્યાખ્યા, વિભાવના અને વિકાસની જાણકારી મેળવી.
- સાર્વજનિક ગ્રંથાલય ધારાના વિકાસથી પરિચિત થઇ શકશો
- ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલયધારાનો ઉદ્દભવ અને વિકાસની જાણકારી મેળવશો.
- ગુજરાત સ્ટેટ પબ્લિક લાયબ્રેરી ડેવલોપમેન્ટ ફંડ સ્કીમ વિષે જાણકારી મેળવી શકશો.

- ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલયોમાં યાંત્રિકીકરણના અમલીકરણની માહિતી મેળવશો.

## 16.1 પ્રસ્તાવના (Introduction)

સામાન્ય જીવનથી માંડીને શૈક્ષણિક જીવનમાં ગ્રંથાલયોની મહત્તવ ખૂબ વધ્યું છે. કોઈપણ રાજયની સંસ્કૃતિ પુસ્તકો અને ગ્રંથાલયમાં સચવાયેલી રહે છે. સાર્વજનિક ગ્રંથાલય એક એવું ગ્રંથાલય છે જે સામાન્ય નાગરિકથી લઇને બધા જ એટલે કે જાહેર જનતાને સમાન રીતે તેના સ્રોત અને સેવાઓનો ઉપયોગ કરવાની તક આપે છે. ગ્રંથાલયો ભૂતકાળથી લઈને વર્તમાન તેમજ ભવિષ્યની બધી જ માહિતીઓ યોગ્ય રીતે સંગ્રહ કરે છે તેમજ માહિતીને વિવિધ સ્ત્રોતો જેવા કે વાર્તાઓ, પુસ્તકો, સંદર્ભ સ્ત્રોતો, ભાષાકીય પુસ્તકો, શૈક્ષણિક સ્ત્રોતોમાં સમાવેશ કરે છે. આ પ્રકારના સ્ત્રોતોમાં પુસ્તકો, ન્યૂઝપેપર, ફિલ્મ્સ, ફોટોગ્રાફ્સ, નકશાઓ, ઓડિયો અને વિઝીયુઅલ કન્ટેન્ટ, કમ્પ્યુટર, ઈન્ટરનેટ અને પ્રેઝેન્ટેશન ટુલ્સનો સમાવેશ થાય છે. ગ્રંથાલયો પણ આજની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને માહિતીને ઉપભોક્તા સુધી પોંહચાડવા વિવિધ માધ્યમો વિકસાવવા તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કરવો જરૂરી બન્યો છે.

બદલાતી ટેકનોલોજી તેમજ ઉપભોકતાની બદલાતી માંગમાં સાર્વજનિક ગ્રંથાલયએ પેપર મટિરિયલ અને નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને જાહેર જનતામાં અને ગ્રામીણ વિસ્તારમાં સાક્ષરતાનું પ્રમાણ અને જાગરૂકતા વધારવા પ્રયત્ન કરી શકે છે. લોકોમાં વાંચન રસ એ મેમ્બરશિપ દ્વારા અને સબસ્ક્રિપ્શનના આધારે લઇ શકે છે. લોકોમાં સાક્ષરતાનું પ્રમાણ વધારવા સાર્વજનિક ગ્રંથાલયો સાંસ્કૃતિક માધ્યમો જેવા કે ડીબેટ, પુસ્તક વાચન, વિવિધ સ્પર્ધાઓ, ઓડિયો-વિઝીયુઅલ શો નું આયોજન કરી શકે છે. ગુજરાતમાં ઈ-લાયબ્રેરી દ્વારા સંદર્ભ પુસ્તકો, સીડી-ડિવીડી સંગ્રહ, શૈક્ષણિક પુસ્તકો, મેગેઝિન,

ઈન્ટરનેટ સર્ફિંગ અને ડાઉનલોડની સુવિધા તેમજ બાળકો, મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટે અલગ થી સુવિધા પૂરી પાડવામાં આવે છે.

ગ્રંથાલયોમાં ઉપભોકતાઓની માંગને પૂરી કરવા માટે સ્ત્રોતની સહભાગીદારી જરૂરી છે. સાર્વજનિક ગ્રંથાલયો અમુક સત્તાની વહેંચણી કરે ત્યારે સેવાઓ વધે છે, ત્યારે સાર્વજનિક ગ્રંથાલયએ સ્ત્રોતની સહભાગીદારી કરવાની જરૂર પડે છે. આવી સેવા માટે નેટવર્કિંગ એ સાર્વજનિક ગ્રંથાલય માટે અગત્યનું છે. લાયબ્રેરી નેટવર્કએ સામાન્ય ગ્રંથાલય ઓટોમેશનમાં બહોળો વિકાસ કરે છે.

## 16.2 સાર્વજનિક ગ્રંથાલયનો ઉદ્ભવ અને વિકાસ

સાર્વજનિક ગ્રંથાલયો એ સામાજિક સંસ્થા છે કે જે ભિન્ન ભિન્ન પ્રકારના જનસમૂહો માટેના સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક તથા અન્ય વિષયોની સાથે સંબંધિત જ્ઞાનને આધારે માહિતીના પ્રસારથી સેવાઓ પૂરી પાડે છે. સાર્વજનિક ગ્રંથાલય એ સૌના માટેનું એટલે કે સમાજના બધા જ લોકો માટેનું ગ્રંથાલય, એટલે સમાજના બધા જ સ્તર અને કક્ષાના લોકો માટેનું ગ્રંથાલય. પરંતુ ટેકનોલોજીના ઉદ્ભવ પહેલા સમાજના દરેક લોકોને ગ્રંથાલયનું પુરતું જ્ઞાન ન હતું. સમાજના અમુક વર્ગ ગ્રંથાલયનો ઉપયોગ કરતા હતા અને ગ્રંથાલયનો અમુક વર્ગ એટલે કે સામાન્ય પ્રજા કરી શકતી ન હતી. સમયના પરિવર્તન સાથે સમાજમાં જુદાં-જુદાં પ્રકારની જુદાં જુદાં વિષયોની માહિતીની જરૂરિયાત ઉપસ્થિતિ થઇ તેથી ધીમે ધીમે જાહેર ગ્રંથાલયો બનતા ગયા અને હોદેદારો દ્વારા સાર્વજનિક ગ્રંથાલયો ખોલવામાં આવ્યા. સાર્વજનિક ગ્રંથાલય એ સર્વ માટેનું ગ્રંથાલય હોવાથી અપવાદ સિવાય કોઈ પણ વ્યક્તિ નિયમોને અધીન રહીને તેનો સભ્ય બની શકે છે, અને તેની સેવાઓ મેળવી શકે છે. આ ગ્રંથાલયનો ઉપયોગ કરી વ્યક્તિ પોતાનો અને સમાજનો વિકાસ કરી શકે છે. લોકોના આર્થિક, સાંસ્કૃતિક તેમજ શિક્ષણ સબંધી વિકાસ બાબતમાં પોતાનો ફાળો આપતી એક સંસ્થા

એટલે સાર્વજનિક ગ્રંથાલય છે. સાર્વજનિક ગ્રંથાલય વ્યક્તિ અને સમાજના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

સાર્વજનિક ગ્રંથાલય એ નોન-પ્રોફિટ ગ્રંથાલય છે, જે જાહેર જનતાના ઉપયોગ માટે જાળવી રાખ્યું છે, જેને સરકાર અને અન્ય જાહેર સ્રોત દ્વારા ફંડ મળતો હોય છે. અન્ય ગ્રંથાલયોની જેમ જ સાર્વજનિક ગ્રંથાલયો જાહેર જનતાને વિવિધ સ્ત્રોત અને સેવાઓ દ્વારા લોકોની માહિતીની જરૂરિયાત પૂરી કરે છે. સમાજ અને સોસાયટીમાં દેશ, ધર્મ, ભાષા, અર્થતંત્ર અને રોજગારને લાગતો માહિતી અને જ્ઞાનને પ્રસારિત કરે છે. આ સિવાય બાળકોમાં વાર્તાઓ, ભાષા શીખવવી, સ્કુલ પ્રોગ્રામ, સેમીનાર, વર્કશોપ અને અન્ય કમ્યુનિટી સેવાઓ પણ આપવામાં આવે છે. સાર્વજનિક ગ્રંથાલયોની પ્રાથમિક ભૂમિકા સરકારને તેમજ સરકારી ખાતાઓ સુધી માહિતી  વિવિધ ફોરમેટમાં પોંહચાડવી. જેમના ઉપભોક્તાઓ ઈલેકટિવ પ્રોક્ષી, મિનિસ્ટર, એડમિનિસ્ટ્રેટર સંશોધકો અને સામાન્ય જનતા હોય છે. સરકારી ગ્રંથાલયોને તેમની સાથે  કાર્યકર સંસ્થાઓને મદદ કરવાની અને સહકારની જવાબદારી રહેલી હોય છે. સરકારી ગ્રંથાલયો પોતીકી સંસ્થાઓના અમુક કાર્યોમાં મદદ કરી હોય છે જેવા કે પ્રોગ્રામ અને પોલિસી તૈયાર કરવી, વહીવારી કાર્યો, સલાહકારી અને સંશોધક કાર્યો વગેરે. સરકારી ખાતાઓમાં સરકારી ગ્રંથાલયો સેવાઓ અને સ્ત્રોતની વહેંચણી કરે છે.

રોનાલ્ડ બેન્ઝના જણાવ્યા મુજબ સાર્વજનિક ગ્રંથાલયમાં મુખ્ય નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈ.

- સાર્વજનિક ગ્રંથાલય તમામ નાગરિકને વાચન સુવિધા તથા જરૂરી સંદર્ભો પુરા પાડે છે.
- તેનો નિભાવ મહદઅંશે સ્થાનિક કે રાષ્ટ્રીય કક્ષાના ફંડમાંથી થાય છે.
- દરેક ઉપભોકતાઓ સુધી નિ:શુલ્ક સેવાઓ પહોંચવી જોઈએ.

- બધી જ વાચનસામગ્રી મેળવવાનો અધિકાર હોવો જોઈએ.

વિલિયમ ઈવાટના મત મુજબ સાર્વજનિક ગ્રંથાલય એટલે એ ગ્રંથાલય જે લોકો દ્વારા સમર્પિત, લોકોના મનોરંજન માટે, નિશ્ચિત નિયમ દ્વારા સ્થાપિત લોકોના જાહેર ફંડમાંથી ચાલતું હોય તે સાર્વજનિક ગ્રંથાલય છે.

યુનેસ્કોના મત મુજબ સાર્વજનિક ગ્રંથાલય એ છે કે સમાજ કે કોઈ ક્ષેત્રમાં લોકોને નિઃશુલ્ક કે ઉચિત શુલક પર સેવા પ્રદાન કરે છે, જાતિ, લિંગ, સબંધ, રાષ્ટ્રીયતા, ભાષા કે સામાજિક મોભાના કોઈ પણ ભેદભાવ વગર બધાને એક સમાન સેવા આપે છે.

**સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો**:

- **જ્ઞાન અને આવડતનો વિકાસ**: જ્ઞાનએ માહિતી મેળવીને સમજી લેવામાં આવતી કળા છે, જેમકે વાચવું, જોવું, સંભાળવું વગેરે. જ્ઞાનનો વિચાર સૈધાંતિક અને આંકડાકીય માહિતી સાથે સંકળાયેલો છે.
- **બાળકો માટે લાઈફલોંગ લર્નિંગની શક્યતાઓ આપવી**: બાળકોને તેમની પસંદ આપવાથી તેમની આવડતમાં વધારો થાય છે તેમજ તેઓ પોતાની જાતે વિકાસની પ્રક્રિયામાં ભાગ લઇ શકે છે. લાઈફ લોંગ લર્નિંગ સક્ષારતા વગર શક્ય નથી કારણકે લર્નિંગ માટે વાંચવું અને લખવું જરૂરી છે.હાલના બદલાતા આઇ.ટી. વાતાવરણમાં દરેક વ્યક્તિએ અલગ અલગ આવડત અને જ્ઞાનને મેળવવાની જરૂર છે જેમાં વ્યક્તિની ઉમર, સામાજિક પરિસ્થિતિ, રાજકીય કે આર્થિક પરિસ્થિતિ ધ્યાને લેવાતી નથી.
- **શિક્ષણને પ્રોત્સાહન આપવું**: સાર્વજનિક ગ્રંથાલયોનો સૌથી મહત્ત્વની ભૂમિકા શિક્ષણમાં હોય છે. સાર્વજનિક ગ્રંથાલય જાહેર જનતાને પુસ્તકો અને અન્ય મટિરીયલ વાચવા અને ઉપયોગ માટે આપે છે. આ પ્રકારના સ્રોત સામાન્ય સક્ષારતા આવડત

વધારવામાં મદદ કરે છે. સાર્વજનિક ગ્રંથાલય સમય લોકોને શિક્ષિત કરવા માટે તેમના વિવિધ સ્રોત પુરા પાડે છે.

- **નવીનીકરણ અને આર્થિક વિકાસ કરવો**: સાર્વજનિક ગ્રંથાલય શૈક્ષણિક ભૂમિકા અને કાર્યોની સાથે દેશની આર્થિક નવીનીકરણ માં પણ મદદ કરે છે. જ્યાં ગ્રંથપાલની ભૂમિકા બદલાય છે, જેમાં વાચનની પ્રવૃત્તિઓથી આર્થિક વિકાસમાં મદદનીશ તરીકે કાર્ય કરવાનું થાય છે. આર્થિક વિકાસના કારણે સાર્વજનિક ગ્રંથાલયોએ પોતાની સેવાઓ, સ્રોત અને સક્ષારતા પ્રોગ્રામની મદદથી ધંધા-રોજગારી અને આર્થિક વિકાસમાં જોડવાની જરૂર છે.
- **સ્વાસ્થ્ય સમૃદ્ધિને પ્રોત્સાહન**: ગ્રંથાલય ત્રણ રીતે સ્વાસ્થ્ય સંભાળમાં પ્રોત્સાહન આપી શકે છે જેમ કે સીધી રીતે સ્વાસ્થ્ય સંભાળ સેવા આપવી, સ્વાસ્થ્યને લગતી માહિતી આપવી અને આપની સેવા સાથે તેને જોડવી. ગ્રંથાલય એક એવી જગ્યા છે જ્યાં જાહેર જનતાને ધ્યાને રાખી જાહેર સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા સાર્વજનિક ગ્રંથાલય, યુનિવર્સિટી, કમ્યુનિટી અને સામાન્ય સરકાર સાથે ભાગીદારી કરે છે.
- **મહિલાઓને પ્રોત્સાહન**: સાર્વજનિક ગ્રંથાલય વિવિધ સેવાઓ પૂરી પાડે છે જેવી કે સાંસ્કૃતિક પ્રોગ્રામ, સેમિનાર, ભાષણ વગેરે. મહિલા સશક્તિકરણમાં મહત્તવનો ભાગ ભજવે છે. અને આવા પ્રોગ્રામ મહિલાઓને તેમના શિક્ષણ, સાંસ્કૃતિક અને સામાજિક-રાજકીય વિકાસમાં મદદ કરે છે.
- **ઈન્ટરનેટ એક્સેસ પોઈન્ટ અને ટ્રેનિંગ**: સરકાર દ્વારા સાર્વજનિક ગ્રંથાલયમાં આદેશથી મફત ઈન્ટરનેટ સેવા આપવાનું અને ગ્રંથાલય બ્રાંચને ઈન્ટરનેટ સેવા વિતરકો સાથે ભાગીદારી કરાવવી જરૂરી છે. દરેક દેશ અને રાજયમાં સાર્વજનિક ગ્રંથાલય વિવિધ માહિતીઓ આપવા માટે હોવી જરૂરી છે અને યોગ્ય પોલીસી અને સહાયથી યુનિવર્સલ ઈન્ટરનેટ આપી શકાય છે. સાર્વજનિક ગ્રંથાલયની મદદથી ઈન્ટરનેટ સેવા વિકસાવવામાં

આવે તો દરેક વ્યક્તિ પોતાની આર્થિક પરિસ્થિતિ અને અન્ય જરૂરી માહિતી મેળવી અને જાણી શકે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**પ્રશ્ન ૧ સાર્વજનિક ગ્રંથાલયના ઉદ્દભવ અને વિકાસની ચર્ચા કરો.**

______________________________________________

______________________________________________

______________________________________________

## 16.3 સાર્વજનિક ગ્રંથાલય ધારો, ગુજરાત 2001

ગુજરાત એક વિકાસશીલ રાજય છે, જેમાં વિવિધ ક્ષેત્રે અલગ અલગ કાર્યો અને વિકાસ થતા રહે છે એમાંથી એક ખૂબ જ મહત્તવનું ક્ષેત્ર એટલે શિક્ષણ. આ ક્ષેત્રમાં રોજ-બરોજ નવા નવા વિકાસ થતા રહે છે, ગ્રંથાલય પણ શિક્ષણનું એક એવું ક્ષેત્ર છે જેમાં વિવિધ ટેકનોલોજી અને બદલાવની જરૂર છે. ગુજરાત એક એવું રાજય છે જેમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિને વિકસિત કરવામાં આવી જેમાં જૂના સ્રોતથી શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલયને પ્રોત્સાહન મળે તે માટે સ્ટેટ લાયબ્રેરી ડેવલોપમેન્ટ કાઉન્સિલની રચના કરવામાં આવી. આ એક્ટની અમુક ખાસિયતો  નીચે મુજબ છે.

- સ્ટેટ લાયબ્રેરી ડેવલોપમેન્ટ કાઉન્સિલની રચના મિનિસ્ટર ચાર્જ સાથે.
- એક્ષ-ઓફિસ પ્રેસિડેન્ટ તરીકે ગ્રંથાલયનો ચાર્જ.
- સાર્વજનિક ગ્રંથાલયની પદ્ધતિને માર્ગદર્શન કરવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવી.
- જીલ્લાના બંધારણની સાથે, જીલ્લા અને તાલુકા ગ્રંથાલયની રચના કરવી.
- તાલુકા લાયબ્રેરી એડવાઇઝરી કમિટીની પણ રચના કરવી.

- સ્ટેટ લાયબ્રેરી ડેવલોપમેન્ટ ફંડની વ્યવસ્થા રાજય આવકમાંથી કરવી.
- કન્સોલિડેટ ફંડ
- પબ્લિક લાયબ્રેરી અને પબ્લિક લાયબ્રેરી એસોસિયેશનની રચના કરવી.

**16.3.1 ગુજરાત રાજયમાં સરકારી ગ્રંથાલયો**

ગુજરાતમાં ગામડાના લોકો સુધી ગ્રંથાલયની સેવા પૂરી પાડવા માટે સરકાર દ્વારા સ્વતંત્ર ગ્રંથાલય વિભાગ તૈયાર કરવામાં આવ્યું જે ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત કાર્યરત છે.

| SI. No | List of Libraries | No. of Libraries |
|---|---|---|
| 1 | State central libraries, Gandhinagar, Vadodara | 2 |
| 2 | State central reserve book store Mehsana | 1 |
| 3 | State art library, Ahmedabad | 1 |
| 4 | District Libraries | 26 |
| 5 | Taluka Libraries | 84 |
| 6 | Women's Libraries | 2 |
| 7 | Swarnim Libraries | 32 |
| 8 | Village library co-cultural centres | 142 |
| 9 | Mobile Libraries | 8 |
| | Total | 298 |

સાર્વજનિક ગ્રંથાલયોમાં કમ્પ્યુટરાઈઝેશનના ભાગરૂપે ૧૨ સરકારી સાર્વજનિક ગ્રંથાલયો, ૨૧૩ સબસાઈઝેડ સાર્વજનિક ગ્રંથાલયો, ૧૨ ગ્રામીણ ગ્રંથાલયો અને સાંસ્કૃતિક વિભાગ સરકાર દ્વારા સેવા આપવા માટે એક મુખ્ય કાર્ય તરીકે લીધું છે. કમ્પ્યુટરાઈઝેશન સેવા કાર્યમાં રવિ શંકર રાવલ આર્ટ ગેલેરી અને ૨૦ સરકારી તાલુકા ગ્રંથાલયના કાર્ય પૂર્ણ કરવામાં આવ્યા. આ ગ્રંથાલય વિભાગ દ્વારા ગુજરાતના એવા વિસ્તારમાં સેવા આપવાનું શરૂ કર્યું જ્યાં ગ્રંથાલયની સેવાઓ પહોંચતી નથી.

### 16.3.2 ગુજરાત સ્ટેટ પબ્લિક લાયબ્રેરી ડેવલોપમેન્ટ ફંડ સ્કીમ

રાજયમાં સાર્વજનિક ગ્રંથાલયની પ્રવૃત્તિઓના વિકાસ અને રાજય સાર્વજનિક ગ્રંથાલયના ઉપલબ્ધ સાહિત્યોના ઉપયોગથી માહિતી અને જ્ઞાનને લોકો સુધી પહોંચાડવું મહત્તવનું છે. ગ્રંથાલયના અસરકારક વિકાસને ધ્યાને રાખીને ઘણા બધા ફંડ્સ માંથી ગ્રંથાલય માટે પણ ખાસ પ્રકારના ફંડને રાખવામાં આવે છે. ગ્રંથાલયની ઉપયોગીતાની માહિતી અને જાગરૂકતા વધવાને લીધે કોપેર ફંડના નામે ૫૦૦ લાખ ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ સર્વિસ લિમિટેડ અમદાવાદમાં ફિક્સ ડિપોઝીટ તરીકે મૂકવામાં આવ્યા.

૧૦૦ વર્ષ જૂના સાર્વજનિક ગ્રંથાલયોની યાદી

| SI. No | Name of Libraries | City | Establishment Year |
|---|---|---|---|
| 1 | Shri. Mo. Amin Public Library, Vaso | Kheda | 1814 |
| 2 | Shri Arvindbhai Maniyar Library, Rajkot | Rajkot | 1856 |
| 3 | Himabhai Institute Ahmedabad | Ahmedabad | 1857 |
| 4 | Lilaghar Public Library, Dholka | Ahmedabad | 1857 |
| 5 | Raichand Deepchand Library, Bharuch | Bharuch | 1858 |
| 6 | Government District Library, Junagadh | Junagadh | 1856 |
| 7 | Stuart Library Trust, Godhra | Panchmahal | 1856 |
| 8 | Barodell Public Library, Dhandhuka | Ahmedabad | 1867 |
| 9 | Maharoshree Vijayrajji Public Library, Bhuj | Kutch | 1868 |
| 10 | Ghee Victoria Jubilee Institute Library (Trust) Palanpur | Banaskantha | 1872 |
| 11 | Parikh CK Public library petlad | Anand | 1872 |

| | | | |
|---|---|---|---|
| 12 | Shethshree Harilal Narottamdas Bhavnabhai Library, Mahuva | Bhavnagar | 1877 |
| 13 | Parekh VH General Library, Visnagar | Mehsana | 1878 |
| 14 | Public Raman Library, Prantij | Sabarkantha | 1881 |
| 15 | Barton Public Library, Bhavnagaer | Bhavnagar | 1882 |
| 16 | Ghee J B pitt public library and free reading room, Billimora | Valsad | 1882 |
| 17 | Public library Padra | Vadodara | 1883 |
| 18 | Patel Lallubhai Narayandas Public Library, Valam | Mehsana | 1885 |
| 19 | Hood House Library, Idar Dist. Sabarkantha | Sabarkantha | 1886 |
| 20 | Desai Nanjigokulji and Seth Z.H. Library Porbandar | Porbandar | 1886 |
| 21 | The J N Pitt Library, Ankeshwar | Bharuch | 1888 |
| 22 | Shri Sayaji Public Library, Dabhoi | Vadodara | 1889 |
| 23 | Manibhai Public Library, Damnagar | Amreli | 1890 |
| 24 | Shrimant Fateh Singh Saav Public Library, Patan | Patan | 1890 |
| 25 | Victoria Jubilee Library, Jalalpore | Navsari | 1897 |
| 26 | Mrs. Dahilakshmi Library, Nadiad | Kheda | 1898 |
| 27 | Shri Sayaji Vaibhav Public Library, Navsari | Navsari | 1898 |

| | | | |
|---|---|---|---|
| 28 | Shri CS Butala and Brotherhood Library, Modasa | Sabarkantha | 1900 |
| 29 | Jafrabadkelvani Mandal managed by Tri. Ma. Library, Jafrabad | Amreli | 1902 |
| 30 | Bismillakhanji Public Library Radhanpur | Patan | 1903 |
| 31 | Aloni Public Library, Savli | Vadodara | 1904 |
| 32 | Seth Bhogilal Chakulal Vidhyavardhak Public Library, Vadnagar | Mehsana | 1905 |
| 33 | Shri Chhaganlal Galiyara Public Library, Rigid | Surat | 1905 |
| 34 | Public Library managed by shri suryapur Sanskrit pathshala mandal Amliran | Surat | 1905 |
| 35 | Public Library Palana Ta. Nadiad Dist. Kheda | Kheda | 1906 |
| 36 | Public Library, Bhayali | Vadodara | 1907 |
| 37 | Shri Sayaji Golden Jubilee Public library Vijapur | Mehsana | 1909 |
| 38 | Shethshree, M.R.Public Library Unjha | Mehsana | 1909 |
| 39 | Shri Umedbhai Savjibhai Mahila Pustakalaya, Shertha | Gandhinagar | 1911 |
| 40 | Vaidya AS Public Liibrary Sankheda | Vadodara | 1912 |
| 41 | Shri Maganbhai Lallubhai Public Library, Sokhada | Vadodara | 1912 |

| | | | |
|---|---|---|---|
| 42 | Public Library, Pij | Kheda | 1913 |
| 43 | Public Library, Veda | Gandhinagar | 1914 |
| 44 | Seth Gopaldas Ukaram Public Library Sundhiya | Mehsana | 1914 |

### તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન ૨ સાર્વજનિક ગ્રંથાલયધારાની માહિતી આપી, ગુજરાતના સાર્વજનિક ગ્રંથાલય ધારાની ટૂંકી સમજણ આપો.**

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન ૩ સરકારી પુસ્તકાલય એટલે શું? ગુજરાત સ્ટેટ પબ્લિક લાયબ્રેરી ડેવલોપમેન્ટ ફંડ સ્કીમની ચર્ચા કરો.**

______________________________________________

______________________________________________

______________________________________________

## 16.4 ગુજરાતના સાર્વજનિક ગ્રંથાલયોનું યાંત્રિકીકરણ

આજની બદલાતી સદીમાં ટેકનોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે, રોજ-બરોજની ઉપયોગીતામાં ટેકનોલોજીની મદદથી માહિતીને મેળવવામાં આવે છે. માહિતી કેન્દ્રો અને ગ્રંથાલયો પણ ઉપભોક્તાની માંગને ધ્યાને રાખી પોતાના કાર્યો, સંસાધનો, સેવાઓ, સ્રોત વગેરેમાં બદલાવવા લાવવાનો પ્રયતન કરે છે. ગ્રંથાલયો પોતાના કાર્યોને ઓટોમેટેડ કરવા ગ્રંથાલય યાંત્રિકીકરણ સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. ગુજરાતમાં ઘણી શૈક્ષણિક, સંશોધન, યુનિવર્સિટી અને સાર્વજનિક ગ્રંથાલયો પણ સોફ્ટવેરની મદદથી ગ્રંથાલય યાંત્રિકીકરણને પ્રોત્સાહન

આપે છે. નીચે મુજબના ગ્રંથાલયો SOUL ૨.૦ સોફ્ટવેરનો ઉપયોગ કરીને ગ્રંથાલયના સ્રોતની સાચવણી કરે છે.

| SI No. | Name of Libraries | City |
|---|---|---|
| 1 | Palitana Govt Taluka Library | Bhavnagar |
| 2 | Dhandadhra Govt Taluka Library | Surendranagar |
| 3 | Bayad Govt Taluka Library | Sabarkantha |
| 4 | Vadgam Govt Taluka Library | Banaskantha |
| 5 | Vadgam Govt Taluka Library | Mehsana |
| 6 | Morbi Govt Taluka Library | Rajkot |
| 7 | Sanand Govt Taluka Library | Ahmedabad |
| 8 | Meghraj Govt Taluka Library | Sabarkantha |
| 9 | Prantij Govt Taluka Library | Sabarkantha |
| 10 | Maneklal Jethabhai Pustakalaya | Ahmedabad |
| 11 | Daman Road Nagarpalika Library | Vapi |
| 12 | Gandhinagar Municipal Coorporation | Gandhinagar |
| 13 | Government Taluka Library, Lakhtar | Surendranagar |
| 14 | Surat Regional Training Centre | SPIPA |
| 15 | Vadodara Regional Training Centre | SPIPA |
| 16 | Vapi Nagarpalika | Vapi |
| 17 | Ahmedabad Regional Training Centre | SPIPA |
| 18 | Govt. Taluka Library, Vijaynagar | Sabarkantha |

| | | |
|---|---|---|
| 19 | Govt. Taluka Library, Dharampur | Valsad |
| 20 | Govt. Taluka Library, Kwant | Chhota Udepur |
| 21 | Nizar Govt District Library | Tapi |
| 22 | Mansa Govt District Library | Gandhinagar |
| 23 | Waghodia Govt District Library | Vadodara |
| 24 | Vansda Govt District Library | Dang |
| 25 | Dahegam Govt District Library | Ahmedabad |
| 26 | Tara Laxmi Bai Mahila Pustakalaya | Petlad |
| 27 | Government Taluka Library | Jamkhambhadiya |
| 28 | Government Taluka Library | Naliya |
| 29 | Institute for Social Action & Research | Ahmedabad |
| 30 | Gandhi Smruti Trust | Bhavnagar |
| 31 | Victoriya Jubeely Library | Banaskantha |
| 32 | A.S. Dahilaxmi Library | Nadiad |
| 33 | Shihori Govt. Taluka Library | Banaskantha |
| 34 | Deesa Govt. Taluka Library | Banaskantha |
| 35 | Umargam Govt. Taluka Library | Valsad |
| 36 | Vaghai Govt. Taluka Library | Dang |
| 37 | Netrang Govt. Taluka Library | Bharuch |
| 38 | Wav Govt. Taluka Library | Banaskantha |
| 39 | Killaparadi Govt. Taluka Library | Valsad |
| 40 | Olpad Govt. Taluka Library | Surat |
| 41 | Limkheda Govt. Taluka Library | Dahod |
| 42 | Shri Vidyamrut Varshini Pathshala | Valsad |

| | | |
|---|---|---|
| 43 | Anand Sarvajanik Pustkalay | Anand |
| 44 | shree Shivaji Sarvajanik Pustakalaya | Tapi |
| 45 | Shree Lalsinhji Pustakalaya | Punchmahal |
| 46 | Sarvajanik Pustakalaya | Mehsana |
| 47 | Lukagachha Thanakmargi Jain Pustkalay Trust | Palanpur |
| 48 | Maharaoshri Vijayrajji Sarvajanik Pustakalaya | Bhuj |
| 49 | District Library Fort | Moti Daman |
| 50 | S.S. Agrawal Sarvajanik Pustakalaya | Navsari |
| 51 | Public Library Mahatma Gandhi Marg | Anand |
| 52 | Sir Lakhajiraj Public Library &<br>Reading | Rajkot |
| 53 | Parikh Chandulal Keshavlal Public<br>Library | Petlad |
| 54 | Patel Maganbhai Vaghjibhai Nairobiwala Library | Dharmaj |

## તમારી પ્રગતિ ચકાશો

પ્રશ્ન ૪ ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલયોના યાંત્રિકીકરણની માહિતી આપી, કોઈ પણ પાંચ સાર્વજનિક ગ્રંથાલયોના નામ જણાવો જેમણે યાંત્રિકીકરણનું અમલીકરણ કર્યું છે.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 16.5 સારાંશ

આ એકમમાં આપણે સાર્વજનિક ગ્રંથાલયની માહિતી મેળવી, સાર્વજનિક ગ્રંથાલય એ નોન-પ્રોફિટ ગ્રંથાલય છે, જે જાહેર જનતાના ઉપયોગ માટે જાળવી રાખ્યું છે, જેને સરકાર અને અન્ય જાહેર સ્રોત દ્વારા ફંડ મળતો હોય છે. અન્ય ગ્રંથાલયોની જેમ જ સાર્વજનિક ગ્રંથાલયો જાહેર જનતાને વિવિધ સ્રોત અને સેવાઓ દ્વારા લોકોની માહિતીની જરૂરિયાત પૂરી કરે છે. ઉપરાંત સાર્વજનિક ગ્રંથાલય ધારો, ગુજરાત 2001 અને ગુજરાતના સાર્વજનિક ગ્રંથાલયોનું યાંત્રિકીકરણની માહિતી મેળવી. આમ સાર્વજનિક ગ્રંથાલયનો વિકાસ થતો રહે અને સમાજના દરેક લોકોને માહિતીનો લાભ મળે તેવો દરેક ગ્રંથાલયનો પ્રયત્ન રહેશે. સાર્વજનિક ગ્રંથાલયનું યાંત્રિકીકરણએ ઉપભોક્તાઓને સરળ અને સજ્જ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મદદ કરે છે.

## 16.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર

**ઉત્તર. ૧** . સાર્વજનિક ગ્રંથાલય એ સૌના માટેનું એટલે કે સમાજના બધા જ લોકો માટેનું ગ્રંથાલય, એટલે સમાજના બધા જ સ્તર અને કક્ષાના લોકો માટેનું ગ્રંથાલય. પરંતુ ટેકનોલોજીના ઉદ્ભવ પહેલા સમાજના દરેક લોકોને ગ્રંથાલયનું પુરતું જ્ઞાન ન હતું. સાર્વજનિક ગ્રંથાલય એ નોન-પ્રોફિટ ગ્રંથાલય છે, જે જાહેર જનતાના ઉપયોગ માટે જાળવી રાખ્યું છે, જેને સરકાર અને અન્ય જાહેર સ્રોત દ્વારા ફંડ મળતો હોય છે. અન્ય ગ્રંથાલયોની જેમ જ સાર્વજનિક ગ્રંથાલયો જાહેર જનતાને વિવિધ સ્રોત અને સેવાઓ દ્વારા લોકોની માહિતીની જરૂરિયાત પૂરી કરે છે. સમાજ અને સોસાયટીમાં દેશ, ધર્મ, ભાષા, અર્થતંત્ર અને રોજગારને લાગતો માહિતી અને જ્ઞાનને પ્રસારિત કરે છે. આ સિવાય બાળકોમાં વાર્તાઓ, ભાષા શીખવવી, સ્કૂલ પ્રોગ્રામ, સેમિનાર, વર્કશોપ અને અન્ય કમ્યુનિટી સેવાઓ પણ આપવામાં આવે છે.

**સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો:**

- જ્ઞાન અને આવડતનો વિકાસ
- બાળકો માટે લાઈફલોંગ લર્નિંગની શક્યતાઓ આપવી
- શિક્ષણને પ્રોત્સાહન આપવું
- નવીનીકરણ અને આર્થિક વિકાસ કરવો
- સ્વાસ્થ્ય સમૃદ્ધિને પ્રોત્સાહન
- મહિલાઓને પ્રોત્સાહન
- ઈન્ટરનેટ એક્સેસ પોઈન્ટ અને ટ્રેનિંગ

**ઉત્તર. ૨** ગુજરાત એક એવું રાજય છે જેમાં સાર્વજનિક ગ્રંથાલય પદ્ધતિને વિકસિત કરવામાં આવી જેમાં જૂના સ્રોતથી શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલયને પ્રોત્સાહન મળે તે માટે સ્ટેટ લાયબ્રેરી ડેવલોપમેન્ટ કાઉન્સિલની રચના કરવામાં આવી. આ એક્ટની અમુક ખાસિયતો  નીચે મુજબ છે.

- સ્ટેટ લાયબ્રેરી ડેવલોપમેન્ટ કાઉન્સિલની રચના મિનિસ્ટર ચાર્જ સાથે.
- એક્ષ-ઓફિસ પ્રેસિડેન્ટ તરીકે ગ્રંથાલયનો ચાર્જ.
- સાર્વજનિક ગ્રંથાલયની પદ્ધતિને માર્ગદર્શન કરવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવી.
- જીલ્લાના બંધારણની સાથે, જીલ્લા અને તાલુકા ગ્રંથાલયની રચના કરવી.
- તાલુકા લાયબ્રેરી એડવાઇઝરી કમિટીની પણ રચના કરવી.
- સ્ટેટ લાયબ્રેરી ડેવલોપમેન્ટ ફંડની વ્યવસ્થા રાજય આવક માંથી કરવી.
- કન્સોલીડેટ ફંડ
- પબ્લિક લાયબ્રેરી અને પબ્લિક લાયબ્રેરી એસોસિયેશનની રચના કરવી.

**ઉતર. ૩** રાજયમાં સાર્વજનિક ગ્રંથાલયની પ્રવૃતિઓના વિકાસ અને રાજય સાર્વજનિક ગ્રંથાલયના ઉપલબ્ધ સાહિત્યોના ઉપયોગથી માહિતી અને જ્ઞાનને લોકો સુધી પહોંચાડવું મહત્તવનું છે. ગ્રંથાલયના અસરકારક વિકાસને ધ્યાને રાખીને ઘણા બધા ફંડ્સ માંથી ગ્રંથાલય માટે પણ ખાસ પ્રકારના ફંડને રાખવામાં આવે છે. ગ્રંથાલયની ઉપયોગિતાની માહિતી અને જાગરૂકતા વધવાને લીધે કોપેર ફંડના નામે ૫૦૦ લાખ ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ સર્વિસ લિમીટેડ અમદાવાદમાં ફિક્સ ડીપોઝીટ તરીકે મુકવામાં આવ્યા.

**ઉતર. ૪** માહિતી કેન્દ્રો અને ગ્રંથાલયો પણ ઉપભોક્તાની માંગને ધ્યાને રાખી પોતાના કાર્યો, સંસાધનો, સેવાઓ, સ્ત્રોત વગેરેમાં બદલાવવા લાવવાનો પ્રયતન કરે છે. ગ્રંથાલયો પોતાના કાર્યોને ઓટોમેટેડ કરવા ગ્રંથાલય યાંત્રિકીકરણ સોફ્ટવેરનો ઉપયોગ કરે છે. ગુજરાતમાં ઘણી શૈક્ષણિક, સંસોધન, યુનિવર્સિટી અને સાર્વજનિક ગ્રંથાલયો પણ સોફ્ટવેરની મદદથી ગ્રંથાલય યાંત્રિકીકરણને પ્રોત્સાહન આપે છે. નીચે મુજબના ગ્રંથાલયો SOUL ૨.૦ સોફ્ટવેરનો ઉપયોગ કરીને ગ્રંથાલયના સ્ત્રોતની સાચવણી કરે છે.

| SI No. | Name of Libraries | City |
|---|---|---|
| 1 | Palitana Govt Taluka Library | Bhavnagar |
| 2 | Dhandadhra Govt Taluka Library | Surendranagar |
| 3 | Bayad Govt Taluka Library | Sabarkantha |
| 4 | Vadgam Govt Taluka Library | Banaskantha |
| 5 | Vadgam Govt Taluka Library | Mehsana |

## 16.7 ચાવીરૂપ શબ્દો

- **સાર્વજનિક ગ્રંથાલય:** યુનેસ્કોના મત મુજબ સાર્વજનિક ગ્રંથાલય એ છે કે સમાજ કે કોઈ ક્ષેત્રમાં લોકોને નિઃશુલ્ક કે ઉચિત શુલક

પર સેવા પ્રદાન કરે છે, જાતિ, લિંગ, સબંધ, રાષ્ટ્રીયતા, ભાષા કે સામાજિક મોભાના કોઈ પણ ભેદભાવ વગર બધાને એક સમાન સેવા આપે છે.

- **GPLA**: GPLAનું પૂરું નામ ગુજરાત પબ્લિક લાયબ્રેરી એક્ટ છે, આ એક્ટને 2001માં બહાર પાડવામાં આવ્યો હતો જેમાં ગુજરાતના સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ અને વૃદ્ધિ તેમજ સાર્વજનિક ગ્રંથાલયોના સ્ત્રોત અને સેવાઓમાં યોગ્ય ગુણવતા જળવાઈ રહે, તેની સાથે બજેટ અને સમિતિ રચનાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- **SOUL**: SOULનું પૂરું નામ સોફ્ટવેર ફોર યુનિવર્સિટી લાયબ્રેરી છે. જે ઈન્ફલીબનેટ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

## 16.8 સંદર્ભ અને વધુ વાંચન


- Hugar, J., & Faras, A. (n.d.). Public library system in india. Creative Books.
- Dr. Priyanki and Gunjan Patani, Use of Digital Talking Books by Visually Impaired Peoples at Public Library: Ahmedabad, International Journal of Creative Research Thoughts (IJCRT), Vol. 9 Issue 3, March-2021. ISSN: 2320-2882.
- Dr. Priyanki and Gunjan Patani, Developing Special Information Services of Public Library, International Journal of Research and Analytical Reviews (IJRAR), Vol. 8 Issue 1, March-2021. E-ISSN: 2348-1269.
- https://gujaratindia.gov.in/about-gujarat/libraries.htm
- http://rrrlf.gov.in/Docs/ActsRules/gujrat.pdf
- https://pib.gov.in/newsite/PrintRelease.aspx?relid=98125
- જાની કનકબાળા એ., સાર્વજનિક ગ્રંથાલય વિકાસરેખા અને ભારતનાં વિવિધ રાજ્યોના ગ્રંથાલય ધારાઓ

# યુનિટ-17 સંસ્થાઓનું પ્રદાન

:: રૂપરેખા ::


17.0 ઉદ્દેશો (Objectives)

17.1 પ્રસ્તાવના (Introduction)

17.2 યુનેસ્કો

17.2.1 સંગઠન

17.2.2 ઉદ્દેશો

17.2.3 ગ્રંથાલય ક્ષેત્રે યુનેસ્કોના કાર્યો

17.2.4 ગ્રંથાના વિકાસમાં યુનેસ્કોનો ફાળો

17.3 રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન (રારારાલાફા)

17.3.1 ઉદ્દેશો

17.3.2 પ્રવૃત્તિઓ

17.3.2.1. સહાયક કાર્યક્રમ

17.3.2.2. પ્રોત્સાહક પ્રવૃત્તિઓ

17.3.2.3. સંશોધન યોજના

17.3.2.4. પ્રકાશન

17.3.2.5. આધુનિકીકરણ

17.3.3 સિદ્ધિઓ કાર્યક્રમ

17.4 સારાંશ (Summary)

17.5 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

17.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

17.7 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

17.8 સંદર્ભો અને વિશેષ વાંચન (References)


## 17.0 ઉદ્દેશો (Objectives)

સાર્વજનિક ગ્રંથાલયોએ જ્ઞાન અને માહિતીના વિતરણ કેન્દ્રો છે. કોઇપણ દેશની સભ્યતા અને સંસ્કૃતિનું મૂલ્યાંકન તે દેશના ગ્રંથાલયોની

સમૃદ્ધિ પરથી થાય છે. સાર્વજનિક ગ્રંથાલયો જીવનપર્યંત શિક્ષણ આપતી સેવાભાવી સંસ્થા છે. આ એકમમાં ગ્રંથાલયોની સ્થાપના તેમજ અવિરત વિકાસ માટે આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય સ્તરે સેવાઓ આપતી સંસ્થાઓની માહિતી આપવામાં આવેલ છે.

આ એકમના અધ્યયન પછી તમે આ બાબતોથી સક્ષમ બનશો :

- સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસમાં સહયોગી આંતરરાષ્ટ્રીય સંસ્થા – 'યુનેસ્કો' નાં ઉદ્દેશો તથા ગ્રંથાલય ક્ષેત્રે તેના કાર્યો જાણવામાં ;
- ગ્રંથાલયોના વિકાસમાં યુનેસ્કોના યોગદાનની સમજણ મેળવવામાં ;
- ભારતના સાર્વજનિક ગ્રંથાલયનાં વિકાસમાં યુનેસ્કોનાં ફાળાની જાણકારી મેળવવામાં ;
- ભારતના સાર્વજનિક ગ્રંથાલયનાં વિકાસમાં મહત્વનો ફાળો આપનાર રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશનનાં ઉદ્દેશો તેમજ તેની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી મેળવવામાં ;
- રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન દ્વારા સાર્વજનિક ગ્રંથાલયોને અપાતી વિવિધ નાણાંકીય તેમજ બિનનાણાંકીય સહાયો અંગેની માહિતી મેળવવામાં ; અને
- રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન દ્વારા સાર્વજનિક ગ્રંથાલય સેવાઓના વિકાસ માટે અપાયેલ યોગદાન વિશે વિગતવાર જાણકારી મેળવવામાં .

## 17.1 પ્રસ્તાવના (Introduction)

સાર્વજનિક ગ્રંથાલયોનો મુખ્ય ઉદ્દેશ દેશના નાગરિકોને પ્રશિક્ષિત થવા પ્રોત્સાહિત કરવા,તેમની ઉન્નતિ માટે જરૂરી વાચનસામગ્રી એકત્રિત કરવી,તેનું સંરક્ષણ અને સંગ્રહ કરવો તથા યોગ્ય સમયે, યોગ્ય રીતે વિતરણ કરવાનો છે.સાર્વજનિક ગ્રંથાલય એ દેશની સમૃદ્ધિ માટેનું મહત્વપૂર્ણ સાધન છે તથા સમાજની સભ્યતા અને શૈક્ષણિક પ્રગતિ માટે આવશ્યક અંગ છે. નિરક્ષરોને સાક્ષર બનાવવા, સાક્ષરોમાં જ્ઞાનની વૃદ્ધિ કરવા, બાળકોની અધ્યયન પ્રવૃતિને જાગૃત કરવા, પ્રૌઢ  માટે શિક્ષણ કેન્દ્ર , મહિલાઓ માટે જ્ઞાનવૃદ્ધિ કેન્દ્ર અને તે જ રીતે સર્વ લોકો માટે વિશ્વવિદ્યાલય તરીકે કાર્ય કરતાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના અને વિકાસ દરેક દેશ માટે અનિવાર્ય છે.કોઇપણ દેશની સાંસ્કૃતિક, શૈક્ષણિક ,

રાજનૈતિક, ટેકનીકલ તેમજ વૈજ્ઞાનિક પ્રગતિ માટે સમૃદ્ધ અને સુસજ્જ સાર્વજનિક ગ્રંથાલય સેવાઓનો વિકાસ એ પ્રાથમિક જરૂરિયાત છે.

સાર્વજનિક ગ્રંથાલયોએ લોકોની  વિદ્યાપીઠ છે.અવિરત શિક્ષણ આપતી સેવાભાવી સંસ્થા છે. દેશમાં પ્રગતિશીલ અને કાયમી ધોરણે રાષ્ટ્રવ્યાપી ગ્રંથાલય સેવાઓ સ્થપાય અને તેના વિકાસના સંદર્ભમાં યોગ્ય આયોજન, વ્યવસ્થાપન ,નાણાંકીય વ્યવસ્થા તથા નિયંત્રણ થાય તે જરૂરી છે. આ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે યુનેસ્કો તેમજ રાષ્ટ્રીય સ્તરે ભારતમાં રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન (રારાલાફા) જેવી સંસ્થાઓનો ફાળો અનન્ય છે.

## 17.2 યુનેસ્કો (UNESCO)

‘યુનેસ્કોએ (UNESCO : United Nations Educational Scientific and cultural Organization) એ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) ની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.આ સંસ્થાની સ્થાપના 4 નવેમ્બર ,1946માં કરવામાં આવેલ છે. સંયુક્ત રાષ્ટ્રોના તમામ રાષ્ટ્રસભ્યો આ સંસ્થાના સભ્ય છે. આ સંગઠન શિક્ષણ, વિજ્ઞાન તેમજ સંસ્કૃતિનાં ક્ષેત્રમાં રાષ્ટ્રોના અરસપરસના સહયોગના માધ્યમથી શાંતિ તેમજ સુરક્ષાને પ્રોત્સાહન આપે છે. આ ઉપરાંત, વિવિધ દેશો વચ્ચે સાંસ્કૃતિક કાર્યોના અદાન – પ્રદાન માટે અનુદાન પણ આપે છે.સભ્ય દેશોમાં પ્રલેખન કેન્દ્રો અને ગ્રંથાલયોની સ્થાપના તેમજ તેના વિકાસમાં યુનેસ્કોએ મહત્વની ભૂમિકા નિભાવેલ  છે.

### 17.2.1 સંગઠન (Organization)

યુનેસ્કોનું મુખ્ય અંગ સાધારણ સભા છે. તેની રચના પ્રત્યેક સભ્ય રાષ્ટ્રોના પ્રતિનિધિઓ દ્વારા થાય છે. પ્રત્યેક સભ્ય રાષ્ટ્ર સાધારણ સભા માટે પાંચ સભ્યોને શિષ્ટ મંડળનાં રૂપમાં મોકલે છે. આ સભા યુનેસ્કોની નીતિ નિર્ધારણની કામગીરી કરે છે. યુનેસ્કોના કાર્યકારી બોર્ડના સભ્યોની નિમણુંક સાધારણ સભા દ્વારા તમામ સભ્ય રાષ્ટ્રોમાંથી કરવામાં આવે છે. આ બોર્ડ દ્વારા યુનેસ્કોની નીતિઓ તથા

કાર્યક્રમોને કાર્યાન્વિત કરવાની જવાબદારી નિભાવવામાં આવે છે. આ ઉપરાંત, યુનેસ્કોના સચિવાલયના પ્રમુખ, મહાનિર્દેશક (Director General) હોય છે. તેની નિમણુંક સાધારણ સભા દ્વારા કાર્યકારી બોર્ડ દ્વારા નામાંકિત સભ્યોમાંથી થાય છે.

**17.2.2 <u>ઉદ્દેશો</u>**

યુનેસ્કોની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ વિકાસશીલ દેશોના શૈક્ષણિક , વૈજ્ઞાનિક તેમજ સાંસ્કૃતિક વિકાસ માટે મદદરૂપ થવું તથા તેમને પ્રોત્સાહિત કરવાનો છે.

આ સંગઠન શિક્ષણ, વિજ્ઞાન તેમજ સંસ્કૃતિ ક્ષેત્રમાં રાષ્ટ્રોના અરસપરસના સહયોગના માધ્યમથી શાંતિ તેમજ સુરક્ષાને પ્રોત્સાહન આપે છે. આ ઉપરાંત ,વિવિધ દેશો વચ્ચે સાંસ્કૃતિક કાર્યોના અદાન-પ્રદાન માટે અનુદાન પણ આપે છે.

**17.2.3. <u>ગ્રંથાલય ક્ષેત્રે યુનેસ્કોનાં કાર્યો</u>**

યુનેસ્કો તેના વિવિધ કાર્યક્રમો દ્વારા સભ્ય રાષ્ટ્રોમાં ગ્રંથાલય સેવાઓની સ્થાપના તેમજ તેના સર્વાંગી વિકાસ માટે સહયોગ પૂરો પાડે છે. ખાસ કરીને શૈક્ષણિક કાર્યક્રમોની ઉન્નતિ હેઠળ સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના તેમજ વિકાસ પર વિશેષ ભાર મુકવામાં આવેલ છે. જેના દ્વારા પ્રૌઢશિક્ષણ ,સાક્ષરતા કાર્યક્રમ વિદ્યાલય તેમજ વિશિષ્ટ ગ્રંથાલયોને પ્રોત્સાહન મળી શકે.

ગ્રંથાલય ક્ષેત્રે યુનેસ્કોનું કાર્ય મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેચાયેલ છે. :

1. ઉપર્યુક્ત કલા,સામાજિકશાસ્ત્રો અને વિજ્ઞાનક્ષેત્રે વાડ્મયસુચિ અને પ્રલેખન સેવાઓની પ્રવૃતિને પ્રોત્સાહન.
2. ગ્રંથાલયોનો સર્વાંગી વિકાસ અને પ્રકાશનોનું આંતરરાષ્ટ્રીય આદાન- પ્રદાન (વિનિમય).

૩. વિવિધ દસ્તાવેજોનું સંરક્ષણ અને તેનો યોગ્ય ઉપયોગ.

### 17.2.4 <u>ગ્રંથાલયોના વિકાસમાં યુનેસ્કોનો ફાળો</u>

યુનેસ્કો તેના સભ્ય રાષ્ટ્રોમાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના, ગ્રંથાલય સેવાઓનો વિકાસ તથા ગ્રંથાલયીત્વના ક્ષેત્રમાં વિકાસ માટે યોગ્ય સહાયતા પૂરી પાડે છે. જેમાં નીચે જણાવેલ ક્ષેત્રોમાં યુનેસ્કોનો ફાળો ઉલ્લેખનીય છે.

- યુનેસ્કો દ્વારા પ્રૌઢશિક્ષણ અને સાક્ષરતા કાર્યક્રમોમાં સહયોગ આપવા સાર્વજનિક ગ્રંથાલય સેવાઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મુકવામાં આવેલ છે. યુનેસ્કો દ્વારા વર્ષ 1948 માં સાર્વજનિક ગ્રંથાલય ઘોષણાપત્ર (Public Library Manifesto) પ્રકાશિત થયેલ. વર્ષ 1972 માં આ ઘોષણાપત્રનું નવીનીકરણ કરવામાં આવેલ.આ ઘોષણાપત્રમાં સાર્વજનિક ગ્રંથાલયોના કર્યો અને હેતુઓ સ્પષ્ટ કરવામાં આવેલ. જેની સહાયથી સાર્વજનિક ગ્રંથાલયો – દિલ્હી (ભારત ,1951 ) મૈડલીન (કોલમ્બિયા ,1954) અને એનુગું (નાઇજીરીયા ,1959)ખાતે સ્થપાયેલ.
- યુનેસ્કો દ્વારા થાઇલેન્ડ અને ટ્યુનેશીયાના રાષ્ટ્રીય ગ્રંથાલયોની સંઘસુચિ તૈયાર કરવા માટે કોમ્પુટર સહાય આપવામાં આવે છે.
- 1971માં પનામા સેમિનારમાં ગ્રામીણ શિક્ષા સંબંધિત સિદ્ધાંતોને UNDP (United Nations Development Programme) દ્વારા કાર્યાન્વિત કરવામાં આવેલ.
- લેટીન અમેરિકાના વિશ્વવિદ્યાલયોનાં વિકાસ પર આયોજિત ક્ષેત્રીય સેમીનાર (Regional Seminar) માં કરવામાં આવેલ ભલામણોના આધારે લેટીન અમેરિકાના ગ્રંથાલયોમાં ઘણો સુધારો થયેલ છે.
- યુનેસ્કોએ રાષ્ટ્રીય ગ્રંથાલયોના વિકાસમાં પણ મહત્વની ભૂમિકા નિભાવેલ છે. રાષ્ટ્રીય ગ્રંથાલયોના ઉદ્દેશો તેમજ સંગઠનનાં વિશ્લેષણ વિશેષજ્ઞ દ્વારા કરવામાં આવેલ સેમિનારો, સંમેલનો

અને વિવિધ પ્રકાશનોમાં પ્રકાશિત કરવામાં આવેલ. સંમેલનોમાં થયેલ ભલામણ મુજબ દરેક સભ્ય રાષ્ટ્રમાં રાષ્ટ્રીય ગ્રંથાલયની સ્થાપના, ગ્રંથાલય સંઘોનો વિકાસ, સરકારી પ્રકાશનો તેમજ પ્રલેખનોનો આંતરરાષ્ટ્રીય વિનિમય અને આંતરરાષ્ટ્રોય કોપીરાઇટ કાયદો લાગુ કરવા માટેની દરખાસ્તો કરવામાં આવી.

- વિશ્વનાં કોઈપણ ભાગમાં પુસ્તકોના વિતરણને સહજ બનાવવાના હેતુથી યુનેસ્કો ગ્રંથ કુપન પદ્ધતિ વ્યવસ્થા કરે છે. જેથી વિદેશી ચલણના વિનિમયની સમસ્યા દુર થઈ શકે.
- વર્ષ 1951 થી યુનેસ્કો તેના સભ્ય દેશોમાં વૈજ્ઞાનિક તેમજ ટેકનીકલક્ષેત્રમાં વાડ્મયમયસુચિ સેવાઓ (Bibliography) પૂરી પાડવા રાષ્ટ્રીય પ્રલેખન કેન્દ્રોની સ્થાપના અને વિકાસ માટે સહાયતા પૂરી પાડે છે. ભારતમાં પણ ઇન્સ્ડોક (Indian National Scientific Documentation centre ) ની સ્થાપના યુનેસ્કોની સહાયતાથી કરવામાં આવે છે.
- ફીડ (FID) ની સહાયથી વર્ષ 1972માં આઈસોરીડ (ISORID – International Information System on Research in Documentation )ની સ્થાપના કરવામાં આવી. જેનું મુખ્ય કાર્ય માહિતી, પ્રલેખન, ગ્રંથાલયો અને પ્રલેખાગાર (Archives) નાં ક્ષેત્રમાં સંશોધન તેમજ વિકાસ સંબંધિત માહિતીનો સંગ્રહ કરવો, તેનું વ્યવસ્થાપન ,વિશ્લેષણ કરી અને તેનું વિતરણ કરવાનું છે.
- પેરિસમાં વર્ષ 1974માં રાષ્ટ્રીય પ્રલેખન ,ગ્રંથાલય તેમજ પ્રલેખાગારની રચના પર આંતર સરકારી સંમેલનનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાટિસ (NATIS- National Information Systems)ની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ. નાટિસ અંતર્ગત સભ્ય દેશોના રાષ્ટ્રીય ગ્રંથાલયોએ મહત્વની ભૂમિકા ભજવેલ છે.
- ગ્રંથાલયિત્વના વ્યવસાયિક શિક્ષણ અને પ્રશિક્ષણક્ષેત્રે પણ યુનેસ્કોનું અનોખું પ્રદાન છે. ગ્રંથાલય ક્ષેત્રે કાર્યરત

વ્યાવસાયિકોને શિક્ષણ તેમજ તાલીમ આપવા માટે પરિષદો, પરિસંવાદો અને કાર્યશિબિરોનું આયોજન કરવામાં આવે છે. તે માટે સભ્ય દેશોમાં પ્રશિક્ષણ કેન્દ્રો પણ ખોલવામાં આવેલ છે.

- સભ્ય દેશોમાં ગ્રંથાલયોના વિકાસ અર્થે નિષ્ણાતોની સેવાઓ પણ પૂરી પાડવામાં આવે છે.
- યુનેસ્કો દ્વારા 'બુલેટીન ફોર લાયબ્રેરીઝ' નામના સામયિકનું પ્રકાશન પણ કરવામાં આવે છે.આ ઉપરાંત ,વિવિધ વિષયોમાં વાઙ્મયસૂચિઓ પણ પ્રકાશિત કરવામાં આવે છે.
- સાર્વજનિક ગ્રંથાલયોની સમસ્યાઓના ઉકેલ માટે આંતરરાષ્ટ્રીય પરિસંવાદો અને સંમેલનોનું આયોજન પણ કરવામાં આવે છે.
- યુનેસ્કો દ્વારા યોજાયેલ વિવિધ સેમિનારો તેમજ પરિસંવાદોમાં નીચે મુજબની ભલામણો કરવામાં આવેલ છે.
  - સાર્વજનિક ગ્રંથાલયો અને તેના વિકાસ માટે ગ્રંથાલયધારાની આવશ્યકતા.
  - સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે સ્થાનિક, રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ જરૂરી નાણાંકીય ભંડોળની બાંહેધરી.
  - વાચકોની નજીકમાં જ સેવા કેન્દ્રોનું આયોજન.
  - યોગ્ય શિક્ષિત ગ્રંથાલય વ્યવસાયિકો
  - ગ્રંથપાલનાં મોભાનો સ્વીકાર .
  - ગ્રંથાલય સર્વેક્ષણ

યુનેસ્કો સાર્વજનિક ગ્રંથાલયોના સર્વાંગી વિકાસ માટે સતત જાગૃત છે અને તે માટે ગ્રંથાલયોને જરૂરી આર્થિક સહાય પૂરી પાડે છે. આ ઉપરાંત, ગ્રંથાલય વિકાસને પ્રાધાન્ય આપીને તેને વિષયક પરિસંવાદો, સંમેલનો ,પ્રદર્શનો તથા કાર્ય શિબિરોનું આયોજન પણ કરે છે.ગ્રંથાલયોમાં કાર્યરત વ્યવસાયિકોનાં જ્ઞાનમાં વૃદ્ધિ થાય અને તેમને યોગ્ય તાલીમ મળી રહે તે હેતુથી તાલીમી કાર્યક્રમોનું આયોજન પણ કરે છે.વિકાસશીલ દેશોમાં ગ્રંથાલય વિશેષજ્ઞનોની સેવા અને પ્રશિક્ષણ જેવી સુવિધાઓ દ્વારા ગ્રંથાલય સેવાઓને પ્રોત્સાહિત કરે છે અને સાથે સાથે ગ્રંથાલય અધિનિયમ અને ગ્રંથાલય સંઘ વગેરે

માટે પુરતી સહાય પૂરી પાડે છે. આમ, યુનેસ્કો દ્વારા આંતર રાષ્ટ્રીય સ્તર પર સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના અને વિકાસ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

<u>**તમારી પ્રગતિ ચકાસો.**</u>

**1) ગ્રંથાલયોના વિકાસમાં યુનેસ્કોનો ફાળો જણાવો.**

**નોંધ : i) નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 17.3 રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન (રારારાલાફા)

આ ભારત સરકારના સાંસ્કૃતિક ખાતા દ્વારા પુરસ્કૃત સ્વાયત્ત સંસ્થા છે.આ લાયબ્રેરી ફાઉન્ડેશનની રચના રાજા રામમોહનરાયના દ્વિશતાબ્દીની સ્મૃતિ સ્વરૂપે 20 મી મે ,1972 નાં રોજ કરવામાં આવી. જેનો મુખ્ય હેતુ પૂર્ણ ગ્રંથાલય સેવા અને વાંચન રસ કેળવવા અને વિશેષ કરીને અભણ તેમજ ઓછું ભણેલા લોકોને માહિતી સભર બનાવવા રાજ્ય સરકારોના સહયોગમાં રહીને દેશની ગ્રંથાલય પ્રવૃત્તિને ઉત્તેજન આપવાનો છે. આ ફાઉન્ડેશનનું મુખ્ય કાર્યાલય કોલકત્તા ખાતે આવેલ છે. આ ઉપરાંત તેની ચાર વિભાગીય કચેરીઓ છે. જેમાં પૂર્વીય વિભાગીય કચેરી મુખ્યાલય સાથે જોડાયેલ છે. પશ્ચિમી વિભાગીય કચેરી મુંબઈ ખાતે, ઉત્તરીય વિભાગીય કચેરી નવી દિલ્હી ખાતે તેમજ દક્ષિણી વિભાગીય કચેરી ચેન્નાઈ ખાતે આવેલ છે. આ સંસ્થા રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન તેમજ આ ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થાઓના સહયોગથી કાર્ય કરે છે.

આ ફાઉન્ડેશનમાં ભારત સરકાર દ્વારા નિમાયેલ 22 સભ્યો હોય છે. આ સભ્યોની નિમણુંક વિદ્વાન, શિક્ષણવિદો, ગ્રંથપાલો, સંચાલકો અને ઉચ્ચ અધિકારીઓમાંથી થાય છે. આ ફાઉન્ડેશનને તમામ નાણાંકીય સુવિધા ભારત સરકાર પૂરી પાડે છે.

દરેક રાજ્યમાં ફાઉન્ડેશન હેતુઓને પરિપૂર્ણ કરવા માટે રાજ્ય ગ્રંથાલય આયોજન સમિતિની રચના કરવામાં આવેલ છે. ફાઉન્ડેશનનાં કાર્યક્રમોમાં ભાગ લેવા, રાજ્ય સરકાર/ કેન્દ્રશાસિત પ્રદેશોએ ફાઉન્ડેશન દ્વારા નિશ્ચિત કરાયેલ રકમનો ફાળો આપવાનો હોય છે.

**17.3.1 ઉદ્દેશો**

આ ફાઉન્ડેશન ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે પ્રોત્સાહક એજન્સી,સલાહકાર અને પરામર્શક સંગઠન,નાણા આપતી સંસ્થા તરીકે કાર્ય કરે છે. જેના મહત્વનાં ઉદ્દેશો નીચે મુજબ છે.

- દેશમાં ગ્રંથાલય ચળવળને પ્રોત્સાહન આપવું.
- રાષ્ટ્રીય ગ્રંથાલયનીતિ જાહેર કરવી અને રાષ્ટ્રીય ગ્રંથાલય પદ્ધતિની સ્થાપના અંતે મદદ કરવી.
- ગ્રંથાલયોને નાણાંકીય તેમજ ટેકનીકલ સહાય પૂરી પાડવી.
- ગ્રંથાલય વિકાસને ઉત્તેજન આપતાં રાષ્ટ્રીય કે પ્રાદેશિક સંસ્થાઓને નાણાંકીય સહાય પૂરી પાડવી.
- યોગ્ય સાહિત્ય પ્રકાશિત કરવા અને ભારત તેમજ વિદેશોમાં ગ્રંથાલય વિકાસ પરના વિચારો અને માહિતીના ક્લીયરીંગ હાઉસ તરીકે કાર્ય કરવું.
- ગ્રંથાલય વિકાસની સમસ્યાઓમાં સંશાધનને ઉત્તેજન આપવું.
- દેશમાં ગ્રંથાલય વિકાસ સંબંધિત તમામ બાબતોમાં સરકારને સલાહ આપવી.

## 17.3.2. પ્રવૃત્તિઓ

ફાઉન્ડેશનની મુખ્ય પ્રવૃત્તિઓ નીચેની કક્ષાઓમાં વહેચાયેલ છે. :

(1) સહાયક કાર્યક્રમ (Assistance Programme)

(2) પ્રોત્સાહક પ્રવૃત્તિઓ (Promotional Activities)

(3) સંશોધન યોજના (Research Project)

(4) પ્રકાશન (Publication) અને

(5) આધુનિકીકરણ કાર્યક્રમ (Modernization Programme)

### 17.3.2.1. સહાયક કાર્યક્રમ (Assistance Programme)

દેશમાં ગ્રંથાલય સુવિધાઓ માટે આ ફાઉન્ડેશને કેટલીક મેચિંગ અને નોન –મેચિંગ યોજનાઓ અપનાવી છે. આ યોજનાઓ અંતર્ગત પુસ્તકો – વાચન સાહિત્ય અને નાણાંકીય સહાય દ્વારા સાર્વજનિક ગ્રંથાલયોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

**(1) મેચિંગ યોજનાઓ**

આ યોજનાં અંતર્ગત અપાતી સહાય રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશોનાં સહયોગથી ઉપલબ્ધ સ્રોતમાંથી આપવામાં આવે છે. વિકસિત રાજ્યો માટે આ ફાળો 50 : 50 , વિકાસશીલ અને પછાત રાજ્યો માટે 60 : 40 અને ઉત્તર – પૂર્વીય રાજ્યો માટે 90 : 10 છે. આ યોજના હેઠળ નીચે મુજબની સહાય આપવામાં આવે છે.

- પુસ્તકો અને વાચનસાહિત્યનો પર્યાપ્ત જથ્થો ઊભો કરવા માટે સહાયગ્રામીણ પુસ્તક જમા કેન્દ્રો અને મોબાઈલ ગ્રંથાલય સેવાઓના વ્યવસ્થાપન અને વિકાસ માટે સહાય.
- ગ્રામીણ પુસ્તક જમા કેન્દ્રો અને મોબાઇલ ગ્રંથાલય સેવાઓના વ્યવસ્થાપન અને વિકાસ માટે સહાય.

- ગ્રંથાલય મકાનના બાંધકામ / નવીનીકરણ માટે સાર્વજનિક ગ્રંથાલયયોને સહાય.
- તાલીમ, પરિસંવાદો,કાર્યશિબિરો,ગ્રંથાલય જાગૃતિ કાર્યક્રમ અને પુસ્તક પ્રદર્શનો માટે સહાય.
- સંગ્રહ, સામગ્રીઓ ,વાચન રૂમનું ફર્નિચર તેમજ કાર્ડ કેબીનેટ, અગ્નિશામક સાધનો, જનરેટર,વોટરકુલર ,ફોટોકોપીકર વગેરે. જેવા ગ્રંથાલય સાધનોની ખરીદી માટે સહાય.
- આધુનિકીકરણ ,ગ્રંથાલય કાર્યો માટે કોમ્પ્યુટર તથા જરૂરી સાધનો ઊભા કરવા અને શૈક્ષણિક હેતુઓ માટે ટીવી, સીડી /ડીવીડી પ્લેયર માટે સહાય.
- ત્રિમૂર્તિની એક મૂર્તિ. ઉપયોગકર્તા પરત્વે ઝાઝું ધ્યાન આપવામાં આવ્યું ન હતું. ઉપયોગના બદલે તેની જાળવણી અને સાચવણીને વિશેષ મહત્વ આપવામાં આવતું હતું. વળી, તેનો સંગ્રહ પણ માત્ર હસ્તલિખિત કે મુદ્રિત સામગ્રી પુરતો મર્યાદિત હતો. ઉપયોગના બદલે ગ્રંથોની સંખ્યાને આધારે તેનું મૂલ્ય આકવામાં આવતું હતું.

## (2) નોન – મેચિંગ યોજનાઓ

આ યોજના અંતર્ગત સહાય સંપૂર્ણપણે ફાઉન્ડેશનનાં પોતાના નાણાંકીય સ્રોતમાંથી અપાય છે. આ યોજના અંતર્ગત સહાય 75 : 25 નાં ફાળાથી (75 % ફાઉન્ડેશનનો ફાળો) અપાય છે. આ યોજના હેઠળ નીચે મુજબની સહાય આપવામાં આવે છે. :

- રાજ્ય કેન્દ્રિત ગ્રંથાલયો અને જીલ્લા ગ્રંથાલયો માટે પુસ્તકો (હિન્દી અને અંગ્રેજી) ની કેન્દ્રિત પસંદગીની સહાય.
- જાહેર ગ્રંથાલયોમાં RRRLF Children’s Corner ની સ્થાપના માટે સહાય.

- સ્વૈછિક સંસ્થાઓ (NGOs) દ્વારા ચલાવવામાં આવતાં ગ્રંથાલયોને સહાય.
- બાળ ગ્રંથાલયો,મહિલા, વરિષ્ઠ નાગરિક વિભાગ,સાક્ષર વિભાગ અને કારકિર્દી માર્ગદર્શન વિભાગ માટે સહાય.
- સાર્વજનિક ગ્રંથાલયોને 50/75/100/૧૨૫ વર્ષોની ઉજવણી માટે સહાય.
- પરિસંવાદો,કાર્યશિબિરો વગેરેનાં આયોજન માટે સહાય.
- ગ્રંથાલય આંકડાઓના સંગ્રહ અને સંકલન માટે સહાય.
- ગ્રંથાલયોમાં વિકલાંગ વાચકો માટે સુવિધા પૂરી પાડવા માટે સહાય.

**17.3.2.2.પ્રોત્સાહક પ્રવૃત્તિઓ (Promotional Activities)**

આ ફાઉન્ડેશન દ્વારા ગ્રંથાલય સેવાઓમાં ગુણાત્મક સુધારણા માટે અનેક પ્રોત્સાહક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. ઘણાં પરિસંવાદો અને પરિષદો યોજવાની સાથે સાથે ફાઉન્ડેશને ગ્રંથાલય અને માહિતી પદ્ધતિ પર રાષ્ટ્રીય નીતિની તૈયારીમાં મહત્વની ભૂમિકા ભજવી છે. ફાઉન્ડેશને જાહેર ગ્રંથાલય પદ્ધતિ અને સેવાઓ પર માર્ગદર્શિકા પણ બહાર પાડી છે. પ્રતિષ્ઠિત વિદ્વાનો દ્વારા જયંતિની ઉજવણી રૂપે રાજા રામમોહન રાય મોમોરીયલ લેકચર આપવામાં આવે છે જે ફાઉન્ડેશનની અનેરી સિદ્ધિ છે. આ ફાઉન્ડેશન ઘણાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય વ્યવસાયિક સંગઠનો જેવાં કે – IFLA, ILA , IASLIC તેમજ વિવિધ રાજ્ય કક્ષાના ગ્રંથાલય સમિતિઓ સાથે સંકળાયેલ છે.

સંશોધનલક્ષી પ્રવૃતિઓ દ્વારા દેશમાં જાહેર ગ્રંથાલય સેવાઓ અને પદ્ધતિઓનાં વિકાસ માટે નવીન વિચારો કે ખ્યાલોનો પ્રસાર કરવા, ફાઉન્ડેશન

દ્વારા જાહેર ગ્રંથાલય પદ્ધતિ અને સેવાઓના વિકાસ સંબંધિત શ્રેષ્ઠ લેખ લખનારને વાર્ષિક રાજારામમોહનરાય એવોર્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત, ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષ 7 એવોર્ડ આપવામાં આવે છે. જેમાં એક એવોર્ડ શ્રેષ્ઠ રાજ્ય કેન્દ્રિત ગ્રંથાલય માટે અને છ એવોર્ડ દેશના છ વિસ્તારોની શ્રેષ્ઠ જીલ્લા ગ્રંથાલયો માટે આપવામાં આવે છે. 2005 થી ફાઉન્ડેશન દ્વારા દરેક રાજ્ય દીઠ એક ' RRRLF Rural Library Awards'(રારારાલાફા શ્રેષ્ઠ ગ્રામીણ ગ્રંથાલય એવોર્ડ) પણ આપવામાં આવે છે.

દેશમાં ગ્રંથાલય ચળવળ માટે સક્રિય રહીને ફાળો આપનાર, ગ્રંથાલય સેવાઓના ક્ષેત્રમાં વિખ્યાત એવાં પાંચ પુરુષો અને સ્ત્રિઓને ફાઉન્ડેશન દ્વારા 'RRRLF Fellowship' (રારારાલાફા ફેલોશિપ) પ્રદાન કરવામાં આવે છે.

**17.3.2.3 સંશોધન યોજના (Research Project)**

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પર ખાસ ગ્રંથાલય અને કોમ્પ્યુટર એકમ દ્વારા આધારભૂત આંકડાકીય એકમ સાથેનો સંશોધન વિભાગ વિવિધ પ્રવૃત્તિઓ માટે જરૂરી માહિતી પૂરી પાડે છે. ગ્રંથાલયમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન તેમજ તેને સંલગ્ન વિષયો પરના લગભગ 5000 જેટલા મહત્વના પુસ્તકો અને જર્નલો ઉપલબ્ધ છે. જાહેર ગ્રંથાલયો અને તેના વિકાસ સંબંધિત વિષયો પર સંશોધન યોજનાઓ માટે સંશોધન વિભાગ જરૂરી સલાહ અને માર્ગદર્શનની સેવાઓ પણ પૂરી પાડે છે.

તેણે ભારત સરકાર માટે ગ્રંથાલયોમાં પુસ્તકોની નુકશાની પર અહેવાલ પણ પ્રકાશિત કરેલ છે.

### 17.3.2.4. પ્રકાશન (Publication)

ફાઉન્ડેશન દ્વારા ગ્રંથાલય અને વિકાસ માટે વિવિધ સાહિત્યોનું પ્રકાશન પણ કરવામાં આવેલ છે.જેમ કે,

(1) Indian Libraries : Trends and Perpectives.

(2) Directory of Public Libraries

(3) Annual Report

(4) Raja Ram Mohan Ray and the new Learning .

(5) RRRLF News letter (Quarterly)

(6) Granthana ,Indian Journal of Library Studies (bi-annual)

(7) Books for the Millions at their Doorsteps (Information Manual)

### 17.3.2.5 આધુનિકીકરણ કાર્યક્રમ (Modernization Programme)

સમગ્ર દેશ માટે જાહેર ગ્રંથાલયોની ડેટા બેંક તૈયાર કરવા માટે કોમ્પ્યુટરો સહિત કોમ્પ્યૂટર વિભાગ ફાઉન્ડેશન દ્વારા ઊભો કરવામાં આવે છે. આ કોમ્પ્યુટરોને ઇન્ટર ઓફીસ લેન દ્વારા સાંકળવામાં આવેલ છે. નેશનલ ઇન્ફરમેટીક સેન્ટર દ્વારા ફાઉન્ડેશનની ઓફીસમાં ઈન્ટરનેટર કનેકટીવીટી તથા ઈ-મેઈલ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. કેન્દ્રીય પસંદગીની યોજનાનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન થયેલ છે. જયારે અન્ય કાર્યો માટેના કોમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા ચાલુ છે.

### 17.3.3 સિધ્ધિઓ

ફાઉન્ડેશને નીચે મુજબની સિદ્ધિઓ હાંસલ કરી છે. :

- રારારાલાફા ડીઝીટલ લાયબ્રેરી પહેલ (RRRLF Digital Library Initiative)

  ભારતના સાર્વજનિક ગ્રંથાલયોમાં ઉપલબ્ધ દુર્લભ પુસ્તકો, સ્વત્રંતા પૂર્વેના સમાચારપત્રો,જર્નલો, કોપીરાઇટ મુક્ત સાહિત્યો,ચિત્રો ,ફોટોગ્રાફ્સ ,હસ્તપત્રો વગેરેની એક રાષ્ટ્રીય ડીઝીટલ રીપોઝીટરી તૈયાર કરવા અમિત ડીજીટલાઈઝેશનનું કાર્ય હાથ ધરવામાં આવેલ અને તે જાહેર જનતાનાં ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- કૌશલ્ય વિકાસ કાર્યક્રમ ( Skill Development Programme)

  ફાઉન્ડેશન દ્વારા સાર્વજનિક ગ્રંથાલયોમાં કાર્યરત ગ્રંથાલયોના કૌશલ્ય સુધારવા માટે વિવિધ પ્રકારના તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

- ગ્રંથાલયો પર રાષ્ટ્રીય મિશન

  ગ્રંથાલયો પર રાષ્ટ્રીય મિશન માટે વહીવટી, પરિવહન,આયોજન તથા અંદાજપત્ર હેતુઓ માટે રારારાલાફાને નોડલ એજન્સી તરીકે જાહેર કરવામાં આવેલ છે. ગ્રંથાલયો પર રાષ્ટ્રીય મિશન નીચેની ત્રણ યોજનાઓ પર કાર્ય કરે છે. :

  - NML મોડેલ લાયબ્રેરીઓની રચના
  - ગ્રંથાલયોની પરિણાત્મક અને ગુણાત્મક મોજણી
  - ક્ષમતા નિર્માણ

  ભારતનાં જાહેર ગ્રંથાલયોના વિકાસમાં રાજારામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશનનો ફાળો અનન્ય છે. આજે જાહેર ગ્રંથાલય સેવાઓ ભારતમાં ટકી રહી છે તેનો ખરો શ્રેય આ ફાઉન્ડેશન દ્વારા અપાતી નાણાંકીય તેમજ અન્ય સહાયો છે.

## તમારી પ્રગતિ ચકાસો

**2) રાજારામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ જણાવી અને સહાયક કાર્યક્રમ અંતર્ગત અપાતી વિવિધ સહાયો વિશે જણાવો.**

**નોંધ :**

i) **નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

ii) **એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.**

______________________________________

______________________________________

______________________________________

______________________________________

______________________________________

## 17.4. સારાંશ (Summary)

આ એકમમાં આપણે સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના તેમજ વિકાસ માટે સતત પ્રયત્નશીલ સંસ્થાઓ અને તેમની કાર્યવાહી વિશે વિસ્તૃત જાણકારી મેળવી. યુનેસ્કોએ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) ની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. આ સંસ્થા પોતાના સભ્ય દેશોમાં પ્રલેખન કેન્દ્રો તેમજ ગ્રંથાલયોની સ્થાપના તેમજ તેના વિકાસ માટે મહત્વની ભૂમિકા ભજવે છે.સંસ્થા દ્વારા વર્ષ 1948 માં સાર્વજનિક ગ્રંથાલય ઘોષણાપત્ર પ્રકાશિત કરવામાં આવેલ. જેમાં સાર્વજનિક ગ્રંથાલયો નાં કાર્યો તથા હેતુઓ સ્પષ્ટ કરવામાં આવેલ. વિશ્વના કોઇપણ દેશમાં પુસ્તક વિતરણને સરળ બનાવવા યુનેસ્કો દ્વારા ગ્રંથકુપન પદ્ધતિની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સંસ્થા દ્વારા ગ્રંથાલયોમાં કાર્યરત વ્યવસાયિકોનાં શિક્ષણ તથા તાલીમ માટે પરિષદો,પરિસંવાદો અને કાર્યશિબિરોનું આયોજન કરવામાં આવે છે. આમ, સાર્વજનિક ગ્રંથાલયોના સર્વાંગી વિકાસ માટે આ સંસ્થા સતત જાગૃત છે તેમજ તે ગ્રંથાલયોને જરૂરી આર્થિક સહાય પણ પૂરી પાડે છે.

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના તેમજ તેના સર્વાંગી વિકાસમાં રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશનનો ફાળો અમુલ્ય છે. આ સંસ્થા સાર્વજનિક ગ્રંથાલયોને નાણાંકીય તેમજ બિનનાણાંકીય સહાય આપી તેના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. સાર્વજનિક ગ્રંથાલયોમાં વાંચનસાહિત્યનો પર્યાપ્ત જથ્થો ઊભો કરવા, મોબાઇલ ગ્રંથાલય સેવા, ગ્રામીણ પુસ્તક જમા કેન્દ્રો, ગ્રંથાલય મકાન બાંધકામ તેમજ નવીનીકરણ ,સાધન- સામગ્રીઓની ખરીદી તથા ગ્રંથાલય આધુનિકરણ માટેની તપાસ સુવિધાઓ આ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે. સંસ્થા દ્વારા વિવિધ કક્ષાનાં સાર્વજનિક ગ્રંથાલયોમાં કાર્યરત વ્યવસાયિકોને વિવિધ તાલીમી કાર્યક્રમો, શિબિરો, પરિસંવાદો વગેરે દ્વારા પ્રશિષ્ટ કરવામાં આવે છે. સાર્વજનિક ગ્રંથાલયોને પ્રતિ વર્ષ ભેટ પુસ્તકો પણ સંસ્થા દ્વારા આપવામાં આવે છે. સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ છે. ફાઉન્ડેશન દ્વારા દેશમાં ઉત્તમ સેવાઓ પૂરી પાડનાર સાર્વજનિક ગ્રંથાલયોને શ્રેષ્ઠ ગ્રંથાલય એવોર્ડ આપીને તેમને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવે છે.

## 17.5 તમારી પ્રગતિ ચકાસો' નાં ઉત્તરો

**(1) ગ્રંથાલયોના વિકાસમાં યુનેસ્કોનો ફાળો** :

યુનેસ્કો તેના વિવિધ કાર્યક્રમો દ્વારા સભ્ય રાષ્ટ્રોમાં ગ્રંથાલયો અને તેની પ્રગતિ માટે સહયોગ પૂરો પાડે છે. ખાસ કરીને શૈક્ષણિક કાર્યક્રમોની ઉન્નતિ હેઠળ સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના તેમજ વિકાસ પર વિશેષ ભાર મુકવામાં આવેલ છે. વર્ષ 1948 માં સાર્વજનિક ગ્રંથાલય ઘોષણાપત્ર પ્રકાશિત કરવામાં આવેલ. જેમાં સાર્વજનિક ગ્રંથાલયોના કાર્યો, હેતુઓ તથા શિક્ષણ ,સંસ્કૃતિ અને માહિતી ક્ષેત્રે તેની મહત્વની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવેલ. સંસ્થાની સહાયથી દિલ્હી (ભારત), મૈડલીન (કોલમ્બિયા) અને એનુગું (નાઇજીરીયા) માં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના થયેલ.થાઇલેન્ડ અને ટયુનેશિયાનાં રાષ્ટ્રીય ગ્રંથાલયોની સંઘસુચિ તૈયાર કરવા સંસ્થા દ્વારા કોમ્પ્યુટર સહાય આપવામાં આવેલ છે. લેટીન અમેરિકાના ગ્રંથાલયોના વિકાસમાં પણ સંસ્થાનો ફાળો

અનન્ય છે. દરેક સભ્ય રાષ્ટ્રોમાં રાષ્ટ્રીય ગ્રંથાલયની સ્થાપના ,ગ્રંથાલય સંઘોનો વિકાસ,સરકારી પ્રકાશનો તેમજ પ્રલેખનોનો આંતરરાષ્ટ્રીય વિનિમય અને આંતરરાષ્ટ્રીય કોપીરાઇટ કાયદો લાગુ કરવાની કામગીરીમાં પણ તેની મહત્વની ભૂમિકા રહેલ છે. વિશ્વના કોઇપણ ભાગમાં ગ્રંથકુપન પદ્ધતિની વ્યવસ્થા કરે છે. ભારતમાં ઈ.સ.1952 માં ઇન્સ્ડોકની સ્થાપના પણ યુનેસ્કોની સહાયતાથી કરવામાં આવેલ. વર્ષ 1971 થી કોમ્પ્યુટર આધારિત પ્રલેખન સેવાઓ પણ પૂરી પાડવામાં આવે છે. ગ્રંથાલય ક્ષેત્રે કાર્યરત વ્યવસાયિકોને શિક્ષણ તેમજ તાલીમ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.આ ઉપરાંત , સભ્ય દેશોમાં ગ્રંથાલયોના વિકાસ અર્થે નિષ્ણાંતોની સેવાઓ પણ પૂરી પાડવામાં વે છે. સંસ્થા દ્વારા વિવિધ વિષયોની વાઙ્મયસુચિઓ પણ પ્રકાશિત કરવામાં આવે છે. સભ્ય રાષ્ટ્રોમાં ગ્રંથાલય અધિનિયમ માટે પુરતી સહાય પૂરી પાડે છે.

**(2) રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ** :

ફાઉન્ડેશન દ્વારા થતી મુખ્ય પ્રવૃત્તિઓ નીચેની કક્ષાઓમાં વહેચાયેલ છે. :

(1) સહાયક કાર્યક્રમ (Assistance Programme)

(2) પ્રોત્સાહક પ્રવૃત્તિઓ (Promotional Activities)

(3) સંશોધન યોજના (Research Project)

(4) પ્રકાશન (Publication) અને

(5) આધુનિકીકરણ કાર્યક્રમ (Modernization Programme)

સહાયક કાર્યક્રમ અંતર્ગત ફાઉન્ડેશન દ્વારા મેચિંગ અને નોન- મેચિંગ યોજનાઓ હેઠળ વિવિધ સહાયો આપવામાં આવે છે.

(1) **મેચિંગ યોજનાઓ** : આ યોજના હેઠળ નીચે મુજબની સહાયો આપવામાં આવે છે.

- પુસ્તકો અને વાચનસાહિત્યનો પર્યાપ્ત જથ્થો ઊભો કરવા માટે સહાય.
- ગ્રામીણ પુસ્તક જમા કેન્દ્રો અને મોબાઇલ ગ્રંથાલય સેવાઓના વ્યવસ્થાપન અને વિકાસ માટે સહાય.
- ગ્રંથાલય મકાનના બાંધકામ / નવીનીકરણ માટે સાર્વજનિક ગ્રંથાલયયોને સહાય.
- તાલીમ, પરિસંવાદો, કાર્યશિબિરો, ગ્રંથાલય જાગૃતિ કાર્યક્રમ અને પુસ્તક પ્રદર્શનો માટે સહાય.
- સંગ્રહ, સામગ્રીઓ, વાચન રૂમનું ફર્નિચર તેમજ કાર્ડ કેબીનેટ, અગ્નિશામક સાધનો, જનરેટર, વોટરકુલર , ફોટોકોપીકર વગેરે. જેવા ગ્રંથાલય સાધનોની ખરીદી માટે સહાય.
- આધુનિકીકરણ,ગ્રંથાલય કાર્યો માટે કોમ્પ્યુટર તથા જરૂરી સાધનો ઊભા કરવા અને શૈક્ષણિક હેતુઓ માટે ટીવી, સીડી /ડીવીડી પ્લેયર માટે સહાય.

(2) **નોન – મેચિંગ યોજનાઓ** : આ યોજના હેઠળ નીચે મુજબની સહાય આપવામાં આવે છે. :

- રાજ્ય કેન્દ્રિત ગ્રંથાલયો અને જીલ્લા ગ્રંથાલયો માટે પુસ્તકો (હિન્દી અને અંગ્રેજી) ની કેન્દ્રિત પસંદગીની સહાય.
- જાહેર ગ્રંથાલયોમાં RRRLF Children’s Corner ની સ્થાપના માટે સહાય.
- સ્વૈછિક સંસ્થાઓ (NGOs) દ્વારા ચલાવવામાં આવતાં ગ્રંથાલયોને સહાય.
- બાળ ગ્રંથાલયો,મહિલા, વરિષ્ઠ નાગરિક વિભાગ,સાક્ષર વિભાગ અને કારકિર્દી માર્ગદર્શન વિભાગ માટે સહાય.

- સાર્વજનિક ગ્રંથાલયોને 50/75/100/૧૨૫ વર્ષોની ઉજવણી માટે સહાય.
- પરિસંવાદો,કાર્યશિબિરો વગેરેનાં આયોજન માટે સહાય.
- ગ્રંથાલય આંકડાઓના સંગ્રહ અને સંકલન માટે સહાય.
- ગ્રંથાલયોમાં વિકલાંગ વાચકો માટે સુવિધા પૂરી પાડવા માટે સહાય.

## 17.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **યુનેસ્કો (UNESCO)** : યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન – પેરીસ ખાતે આવેલ સંયુક્ત રાષ્ટ્ર સંઘની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા.
- **સાર્વજનિક ગ્રંથાલય ઘોષણાપત્ર (Public Library Manifesto)**: સાર્વજનિક ગ્રંથાલયોનો જ્ઞાનના દ્વાર તરીકે સર્વાંગી થાય તે માટે બહાર પડતું જાહેરનામું.જેમાં તેના કાર્યો અને હેતુઓ દર્શાવેલ હોય.
- **ઇન્સ્ડોક (INSDOC)** : ઇન્ડિયન નેશનલ સાયન્ટિફિક ડોકયુમેનશન સેન્ટર – ભારતમાં યુનેસ્કોની ટેકનીકલ સહાયથી સ્થપાયેલ માહિતી કેન્દ્ર .જેનો મુખ્ય હેતુ સંશોધન સંસ્થાઓમાં સંકળાયેલ વૈજ્ઞાનિકોને માહિતી પૂરી પાડવાનો છે.
- **ફીડ (FID)** : ઇન્ટરનેશનલ ફીડરેશન ફોર ઇન્ફર્મેશન એન્ડ ડોકયુમેન્ટેશન .આ જ્ઞાનના સાર્વત્રિક વપરાશ માટે પ્રોત્સાહન પૂરી પ[પાડતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જે દસ્તાવેજીકરણ અને વૈજ્ઞાનિક –માહિતી પ્રવૃત્તિ ક્ષેત્રે સંકળાયેલ અગ્રણી દસ્તાવેજીકરણ કેન્દ્રો અને ગ્રંથાલયોનો સમાવેશ કરતી સંસ્થા છે.
- **વાઙ્મયસુચિગત સેવાઓ (Bibliographical Services)** : જેમાં ઉપભોક્તાને કોઈ ચોક્કસ વિષય પરના સામયિક લેખો અથવા પુસ્તકોના માત્ર સંદર્ભો અથવા સંદર્ભયાદી આપવામાં આવે

એટલે કે મૂળ દસ્તાવેજના બદલે માત્ર તેનો સંદર્ભ આપવામાં આવે.

- **પ્રલેખાગાર (Archives)** : જાહેર રેકોર્ડ અથવા ઐતિહાસિક દસ્તાવેજો જ્યાં રાખવામાં આવે છે તે સ્થળ.
- **ઇફ્લા (IFLA)** : ઇન્ટરનેશનલ ફીડરેશન of લાયબ્રેરી ઓસોશિયેશન એન્ડ ઇન્સ્ટીટયુટશન્સ ગ્રંથાલય સંગઠનો, ગ્રંથાલયો અને તેને સંબંધિત સંસ્થાઓની આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંસ્થા છે. જે ગ્રંથાલય વિજ્ઞાન અને ગ્રંથાલયિત્વ ક્ષેત્રે વૈશ્વિક સહકાર, પ્રત્યાયન અને સંસોધાનને પ્રોત્સાહન આપે છે.
- **આઈ.એલ.એ.(ILA)** : ભારતીય લાયબ્રેરી એસોસિએશન. જે ભારતીય ગ્રંથાલયોમાં કાર્ય કરતાં વ્યવસાયિકોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાં રહેલ સભ્યો દેશનાં વિવિધ ગ્રંથાલયો જેવાં કે, કોલેજ ,યુનિવર્સીટી ,જાહેર વિશિષ્ટ કે શાળા ગ્રંથાલયોમાં કાર્ય કરે છે. જે ભારતમાં ગ્રંથાલય ચળવળ, ગ્રંથાલયોને તાલીમ તથા ગ્રંથાલયોની ગરિમા વધારવા માટે સતત કાર્યરત છે.
- **આસ્લીક (IASLIC)** : ઇન્ડિયન એસોસીએશન ઓફ સ્પેશિયલ લાયબ્રેરીઝ એન્ડ ઇન્ફર્મેશન સેન્ટર્સ.જે એક બિનનફાકારક વ્યવસાયિક સંસ્થા છે. જે ગ્રંથાલય અને માહિતી સેવાઓની ગુણવત્તા વધારવા , ગ્રંથાલયો વચ્ચે સહકાર કેળવવા તથા વ્યવસાયિકોની ટેકનીકલ ક્ષમતા વધારવા કાર્યરત છે.

## 17.7 બહુવિકલ્પીય પ્રશ્નો (MULTIPLE CHOICE QUESTIONS)

❖ **નીચે આપેલ બહુવિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ શોધી કાઢો અથવા ખાલી જગ્યા પૂરો. (યોગ્ય વિકલ્પ સામે ખરાંની નિશાની કરો.)**

(1) યુનેસ્કોનું મુખ્ય કાર્યાલય ક્યાં આવેલું છે. ?

(અ) અમેરિકા [ ]     (બ) લંડન [ ]

(ક) ભારત [ ]     (ડ) પેરીસ [ ]

(2) યુનેસ્કો દ્વારા સાર્વજનિક ગ્રંથાલય ઘોષણાપત્ર વર્ષ _______માં પ્રકાશિત થયેલ.

(અ) 1948 [ ] (બ) 1962 [ ]

(ક) 1966 [ ] (ડ) 1950 [ ]

(3) યુનેસ્કોની સહાયથી ભારતમાં ______ ખાતે સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના થયેલ.

(અ) મુંબઈ [ ] (બ) ચેન્નાઈ [ ]

(ક) દિલ્હી [ ] (ડ) કોલકત્તા [ ]

(4) વિશ્વના કોઇપણ ભાગમાં પુસ્તકોના વિતરણને સહજ બનાવવા યુનેસ્કોએ કઈ પદ્ધતિની વ્યવસ્થા કરેલ.?

(અ) ગ્રંથ આપ-લે [ ] (બ) ગ્રંથ કુપન [ ]

(ક) ગ્રંથ વિતરણ [ ] (ડ) ગ્રંથ વિસ્તરણ [ ]

(5) યુનેસ્કો દ્વારા ક્યાં સામયિકનું પ્રકાશન કરવામાં આવે છે.?

(અ) પબ્લિક લાયબ્રેરી ન્યુઝ [ ]

(બ) લાયબ્રેરી બુલેટીન [ ]

(ક) લાયબ્રેરી ન્યુઝલેટર [ ]

(ડ) બુલેટીન ફોર લાયબ્રેરીઝ [ ]

(6) રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશનનું મુખ્ય કાર્યાલય ક્યાં આવેલું છે.?

(અ) મુંબઈ [ ] (બ) ચેન્નાઈ [ ]

(ક) કોલકત્તા [ ] (ડ) નવી દિલ્હી [ ]

(7) રારારાલાફા તેની મેચિંગ અને નોન-મેચિંગ યોજના હેઠળની શાયો ક્યા કાર્યક્રમ અંતર્ગત આપે છે.?

(અ) આધુનિકરણ કાર્યક્રમ [ ]

(બ) સહાયક કાર્યક્રમ [ ]

(ક) પ્રોત્સાહક કાર્યક્રમ [ ]

(ડ) સંશોધન કાર્યક્રમ [ ]

(8) રારારાલાફા સાર્વજનિક ગ્રંથાલયોને 50/75/100/125 વર્ષોની પૂર્તિ માટે ઉજવણીની સહાય _______ યોજના અંતર્ગત આપે છે.

(અ) નોન- મેચિંગ યોજના [ ]

(બ) મેચિંગ યોજના [ ]

(ક) પ્રોત્સાહક યોજના [ ]

(ડ) આધુનિકરણ યોજના [ ]

(9) રારારાલાફા દેશમાં ગ્રંથાલય ચળવળ માટે સક્રિય ફાળો આપનાર વ્યક્તિઓને કઈ ફેલોશીપ આપે છે. ?

(અ) રારારાલાફા લાયબ્રેરીન ફેલોશીપ [ ]

(બ) રારારાલાફા શ્રેષ્ઠ ફેલોશીપ [ ]

(ક) રારારાલાફા ફેલોશીપ [ ]

(ડ) રારારાલાફા રૂરલ ફેલોશીપ [ ]

(10) રારારાલાફા દ્વારા _______ નું પ્રકાશન કરવામાં આવે છે.

(અ) ડિરેક્ટરી ઓફ પબ્લિક લાયબ્રેરીઝ [ ]

(બ) પબ્લિક લાયબ્રેરી બુલેટીન રારારાલાફા શ્રેષ્ઠ ફેલોશીપ [ ]

(ક) પબ્લિક લાયબ્રેરી ન્યુઝલેટર [ ]

(ડ) પબ્લિક લાયબ્રેરી ફોર ઓલ. [ ]

## ❖ બહુ વિકલ્પીય પ્રશ્નોના ઉત્તરો

(1) [ડ] પેરીસ

(2) [અ] 1948

(3) [ક] દિલ્હી

(4) [બ] ગ્રંથકુપન

(5) [ડ] બુલેટીન ફોર લાયબ્રેરીઝ

(6) [ક] કોલકત્તા

(7) [બ] સહાયક કાર્યક્રમ

(8) [અ] નોન-મેચિંગ યોજના

(9) [ક] રારારાલાફા ફેલોશીપ

(10) [અ] ડિરેક્ટરી ઓફ પબ્લિક લાયબ્રેરીઝ

## 17.8 સંદર્ભો અને વિશેષ વાંચન (References)


- Kumar ,P.S.G.(2004). Information Sources and Services : Theory and Practice .Paper VI and VII of UGC Model Curriculum .Kumar's Curriculum Serivices in Library and Inforamtion Science ,6. Delhi : B.R.Publishing Corporation.
- Raja Ramamohan Roy Library Foundation. http :// rrrlf .nic.in
- UNESCO .www.en.unseco.org
- सूद ,एस.पी.(2004) .प्रलेखन एवं सूचना विज्ञान.तृतीय पुनमुद्रित संस्करण.जयपुर : राज पब्लिशिंग हाउस.


● ● ●

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**